# c [¼shr^ "u

## વ્યાખ્યાતા :
## *ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી (કિશનગઢ-પાર્લા)*
## *સ્થળ : પીપરીયા (મધ્યપ્રદેશ)*

**ભક્તિવર્ધિની પ્રકટ થવાનું કારણ-શ્રીપુરુષોત્તમ જોષીનો પ્રશ્નઃ**

શ્રીમહાપ્રભુજી એક વખત ગુજરાતના એક ગામમાં પધાર્યા હતા. ત્યાં તળાવ ઉપર મૂકામ કરી, આપશ્રી સંધ્યાવંદન કરતા હતા. ત્યારે તે ગામના વતની, પુરુષોત્તમ જોષી નામના એક સાંચોરા કર્મકાંડી બ્રાહ્મણ ત્યાં આવ્યા. તેમણે શ્રીમહાપ્રભુજીનાં દર્શન કર્યા. તેમને લાગ્યું કે આ કોઈ વિદ્વાન મહાપુરુષ છે. પુરુષોત્તમ જોષીના મનમાં ઘણા વખતથી એક પ્રશ્ન મૂંઝવતો હતો. તેમણે શ્રીમહાપ્રભુજીને તે પ્રશ્ન પૂછ્યો ''મહારાજ! જ્ઞાનમાર્ગ શ્રેષ્ઠ કે કર્મમાર્ગ શ્રેષ્ઠ?''

ભગવાને મનુષ્યને ઘડ્યો છે. ભગવાને મનુષ્યમાં ક્રિયાશક્તિ, જ્ઞાનશક્તિ અને સ્નેહશક્તિ આમ ત્રણ શક્તિઓ પણ મૂકી છે. દરેક વસ્તુના જેમ ત્રણ પરિમાણો (થ્રી ડાયમેન્શન્) હોય છે તેમ મનુષ્યના વ્યવહારમાં પણ ત્રણ પરિમાણો જોવા મળે છે. તે છે ક્રિયા જ્ઞાન અને સ્નેહ. મનુષ્ય ક્રિયા કરે છે, મનુષ્ય અનેક વાતો જાણવા ઈચ્છે છે, મનુષ્ય કોઈકને સ્નેહ પણ કરે છે. મનુષ્યની ક્રિયા, જ્ઞાન અને સ્નેહ ના હેતુઓ જુદા-જુદા હોઈ શકે છે, તેમના વિષયો પણ જુદા-જુદા હોઈ શકે છે; પરન્તુ દરેક મનુષ્યમાં આ ત્રણ શક્તિઓ તો રહેલી છે જ.

શ્રીગુંસાઈજીના પંચમ કુમાર શ્રીરઘુનાથજી કહે છે ''ગતિર્વિટ્ઠલેશે મતિર્વિટ્ઠલેશે રતિર્વિટ્ઠલેશે સદા વૈ મમાસ્તુ''. અર્થાત્, મારી જે કંઈ ગતિ છે, મતિ છે અને રતિ છે તે શ્રીવિટ્ઠલેશજીમાં જ હમેંશા થાઓ.

અહીં ગતિ-મતિ-રતિ દ્વારા કર્મ, જ્ઞાન અને ભક્તિ નું જ નિરૂપણ કરવામાં આવ્યું છે. ગતિ એ ક્રિયાનું સ્થૂળ ઉદાહરણ છે. 'ગતિ' શબ્દનો સાચો અર્થ કૃતિ છે.



શ્રીમહાપ્રભુજીએ પુરુષત્તમ જોષીના પ્રશ્નનો બહુ સુંદર જવાબ આપ્યો. આપે કહ્યું ''જે વ્યક્તિ જે માર્ગે ચાલી શકે, તે માર્ગ તેના માટે શ્રેષ્ઠ છે''. વ્યક્તિ જે માર્ગ પર ન ચાલી શકે તે માર્ગ તેના માટે કનિષ્ઠ છે. આમ તો દરેક માર્ગ પોતપોતાની રીતે શ્રેષ્ઠ જ છે; પરન્તુ આપણા માટે આવશ્યકતા એ છે કે પહેલાં આપણે આપણી જાતને ઓળખીએ અને નક્કી કરીએ કે આપણે કયા માર્ગે ચાલી શકીશું? આપણે જે માર્ગે ચાલી જ ન શકીએ તે માર્ગની શ્રેષ્ઠતા કે કનિષ્ઠતા નો પ્રશ્ન જ ઉદ્ભવતો નથી. માટે, જે માર્ગ પર ચાલવાનો આપણો અધિકાર-શક્તિ છે તે માર્ગ આપણામાટે શ્રેષ્ઠ છે.

શ્રીમહાપ્રભુજીએ પુરુષોત્તમ જોષીને બીજો ઉત્તર આપતાં આજ્ઞા કરી કે ''તમે મને પૂછો તો હું એમ કહીશ કે ભક્તિમાર્ગ સર્વશ્રેષ્ઠ છે.''

આ એક વિચિત્ર વાત થઈ. કારણ કે એક બાજુ આપ એમ કહે છે કે ''જે માર્ગે ચાલી શકાય તે માર્ગ શ્રેષ્ઠ છે'' અને બીજી બાજુ આપ એમ કહે છે કે ''ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે.'' શું આ જવાબમાં આપની કોઈ ચાલાકી છે? શું સાંભળનારને ખુશ કરવાની તેમાં વાત છે? એક-બીજાના વિરોધાભાસી એવા બંને ઉત્તરો આપી, આખરે શ્રીમહાપ્રભુજી શું કહેવા માંગે છે?

આપણને પ્રથમ નજરે એમ લાગશે કે શ્રીમહાપ્રભુજીએ શ્રીપુરુષોત્તમ જોષી માટે કયો માર્ગ યોગ્ય છે તે જાણી લીધું હશે; માટે આજ્ઞા કરી હશે કે ''ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે''. જેમ કોઈ દર્દી ડોકટર પાસે જાય ત્યારે ડોકટર દર્દીના લક્ષણો તપાસે છે, લક્ષણો જોઈને દર્દીના રોગનું નિદાન કરે છે. તેવી રીતે શ્રીમહાપ્રભુજીએ પણ પુરુષોત્તમ જોષીની શક્તિઓ પિછાણી તેમની સમસ્યાનું નિદાન કર્યું હશે.

ડોકટર દર્દીના દર્દનાં લક્ષણો જોયા વગર જો નિદાન કરે અને તે પ્રમાણે તેની સારવાર કરવા જાય તો મોટો ગોટાળો થઈ જવાનો સંભવ રહે.

એક વખત પ્રવાસમાં મને પણ આવો જ અનુભવ થયો હતો. એક ગામમાં કોઈ ભાઈ પોતે હતા કંપાઉન્ડર પણ કામ ડોકટર તરીકે કરતા હતા. હું

બીમાર પડ્યો ત્યારે મારા કમ નસીબે મારે એમના પનારે પડવું પડ્યું. તેમણે મને તપાસ્યો. મેં મારા રોગ વિશે તેમને પૂછ્યું તો તેઓ મણે કહ્યું કે ''તમને ટાઈફોઈડ પણ હોઈ શકે, ન્યૂમોનિયા પણ હોઈ શકે અને મેલેરિયા પણ હોઈ શકે.'' મેં તેમને પૂછ્યું ''શું આટલા બધાં રોગો એક સાથે થઈ શકે? તેમણે મને જવાબ આપ્યો કે ''કેમ ન થઈ શકે!''. તેમણે મને બધી જાતની દવા આપી દીધી. દવા લીધા પછી મારો તાવ તો ઉતરી ગયો; પણ આખા શરીરે ખંજવાળ શરુ થઈ ગઈ, મારા કાન અને હાથ પર સોજા ચડી ગયા. મેં પાછો તેમનો સમ્પર્ક કર્યા અને કહ્યું કે ''ડોકટર સાહેબ! મારા શરીરની ચામડી ખરવા લાગી છે'' તો તેમણે ઠંડે કલેજે કહ્યું ''ઠંડીમાં આવું જ થાય''. મારી ધીરજ પરન્તુ ખૂટી ગઈ. મને થયું કે આ દવાનું કોઈક જાતનું રિએકશન્ આવ્યું લાગે છે. હું ત્યાંથી ભાગીને મુંબઈ આવ્યો. મુંબઈમાં નિષ્ણાત ડોકટરને બતાવ્યું ત્યારે તેમણે કહ્યું કે ''સારું થયું, તમે મુંબઈ આવ્યા. તમને દવાઓનું ગંભીર રિએકશન્ આવ્યું છે. તમને જે રોગ નથી તેને મટાડવાની દવા પણ તમે ખાધી છે. એકાદ રોગની દવા ખાધી હોત તો તમારો રોગ મટત. પણ તમારા પ્રાણ નીકળી જાય એટલી દવા તમે ખાધી છે.''

આમ, નિદાન કર્યા વગર દવા આપવાથી ભારે ગરબડ થઈ જતી હોય છે. કંપાઉન્ડર બીજું શું કરે! એનું કામ ડોકટરે લખેલી દવાઓ આપવાનું છે, તેને નિદાન કરતાં ક્યાંથી આવડે! તેથી આવા ડોકટરોથી બધાએ બચવું જોઈએ. માટેજ કદાચ કહ્યું હશે કેઃ ''વૈદ્યરાજ! નમસ્તુભ્યં યમરાજ સહોદરઃ.''

આવા ગોટાળા ઘણા આધ્યાત્મિક ચિકિત્સકો (ગુરુઓ) પણ કરતા હોય છે. તેઓ થોડું કર્મ બતાવે, થોડું જ્ઞાન બતાવે, થોડી ભક્તિ બતાવે, થોડી ઉપાસના પણ બતાવે ... આ બધી વસ્તુઓની ભેળસેળ કરી, તેનો મુરબ્બો બનાવી આપે. પછી તેનો ઉપયોગ કરનારનું જે થવાનું હોય તે થાય. મોટી મોકાણ એ છે કે આવા ચિકિત્સકોને નિદાન કરતા આવડે નહીં અને સારવાર કરવી શરૂ કરી દે છે. આવા ગુરુઓની હડફેટમાં ચઢી જનારા શિષ્યોને રિએક્શન્ આવ્યા વિના રહેતું નથી.

શ્રીમહાપ્રભુજીએ જો કે ફક્ત આટલા સીમિત અર્થમાં પુરુષોત્તમ જોષીનું નિદાન કરીને તેમને કહ્યું નહીં જ હોય કે ''ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે.'' આપનું તાત્પર્ય



આટલું સીમિત નથી. આપ વિશેષ ગંભીરતાથી કહી રહ્યા છે કે ''જેને જે માર્ગમાં રુચિ હોય તેના માટે તે માર્ગ શ્રેષ્ઠ છે; પણ મને પૂછો તો ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે.''

અર્જુને પણ ભગવાનને શ્રીમદ્ ભગવદ્ગીતામાં આ જ વાત પૂછી હતીઃ ''મહારાજ! આ બધું આપ શું કહી રહ્યા છો? કયારેક તમે કહો છો કે કર્મ ઉત્તમ છે, કયારેક તમે કહો છો કે જ્ઞાન ઉત્તમ છે.'' ભગવાને અર્જુનને જવાબ આપ્યો હતો કે ''હા, બંને વાત બરાબર છે. જે ફળ કર્મથી મળે છે તે જ ફળ જ્ઞાનથી પણ મળે છે. અને જે ફળ જ્ઞાનથી મળે છે તે ફળ કર્મથી પણ મળે છે. પહેલાં તું નક્કી કર કે તારે કયા માર્ગે સિદ્ધિ મેળવવી છે? તું કયા માર્ગપર ચાલવા તૈયાર છે? આમ તો બધા જ માર્ગ શ્રેષ્ઠ છે; પરંતુ જો કોઈ એક માર્ગ ઉપર ચાલવાની તારી તૈયારી નથી તો વાત કરવી બંધ કર. કારણ કે કયો માર્ગ શ્રેષ્ઠ છે તે કેવલ જાણી લેવાથી તને કશો ફાયદો થવાનો નથી. પહેલાં તું બતાવ કે કયા માર્ગે ચાલવાની તારી તૈયારી છે? પછી હું તારી બધી મુશ્કેલીઓનું સમાધાન કરીશ.''

એક વખત હું 'અન્યાશ્રય' વિષય ઉપર પ્રવચન કરતો હતો. પ્રવચન પછી એક શ્રોતાએ આવીને મને કહ્યું કે ''આપ કહેતા હતા કે અન્યાશ્રય ન કરવો જોઈએ. પણ હું શિવભક્તિ કરું છું.'' મેં તેમને કહ્યું ''તમે જરૂર શિવભક્તિ કરો.'' તેમણે પાછું કહ્યું કે ''આપે તો અન્યાશ્રય કરવાની ના પાડી છે અને હવે કહો છો કે શિવભક્તિ કરો!''. મેં કહ્યું ''મેં તમને ના નથી કહી, જે કૃષ્ણભક્તિ કરી રહ્યા છે તેમને મેં ના પાડી છે. તમે શિવભક્તિ કરી રહ્યા છો તો હું તમને કૃષ્ણભક્તિ કરવાની ના પાડું છું''. કારણ કે ભકિતમાં મનને ચોંટાડવાની વાત છે, બધાની પૂજા કરવાની વાત નથી. તેથી જો આપણે ભક્તિનો અર્થ ફક્ત પૂજા જ ન સમજતા હોઈએ તો, પંચદેવની પૂજા થઈ શકે, પણ પંચદેવની ભક્તિ ન થઈ શકે. કોઈ બધા દેવો ઉપર ફૂલ ચઢાવી શકે, પણ બધા દેવોની ભક્તિ કરી ન શકે.

હોસ્પિટલમાં એક નર્સ તેના વોર્ડમાં જેટલા બાળકો જન્મે છે તે બધાની દેખભાળ કરતી હોય છે, પરંતુ એક માતા તેના બાળકને જેવો પ્રેમ કરે છે તેવી રીતે નર્સ બધા બાળકોને પ્રેમ કરી શકશે ખરી? નર્સ બાળકોની દેખભાળ કરવામાં ગમે તેટલી હોંશિયાર હશે, તો પણ, માંનો પ્યાર નહીં આપી શકે. જ્યારે માં ગમે તેવી

ગમાર હશે, પોતાના બાળકની દેખભાળ કરવાનું જાણતી નહીં હોય; છતાં તે તેના બાળકને પ્રેમ આપશે.

આનું કારણ એ છે કે સ્નેહને પોતાની એક મર્યાદા હોય છે. જેમ સ્નેહને મર્યાદા છે, તેમ ભક્તિને પણ મર્યાદા હોય છે. તેથી બધા દેવરૂપોની ભક્તિ ન થઈ શકે, બધા દેવરૂપોને આદર આપી શકાય. જો આપણે બ્રહ્મજ્ઞાનની ઉચ્ચ સ્થિતિએ પહોંચ્યા હોઈએ તો આપણે કેવળ દેવોને જ નહીં, પ્રાણીમાત્રને પણ આદર આપવો જોઈએ.

શાસ્ત્રો તો એટલે સુધી કહે છે કે જડ વસ્તુઓને પણ આદર આપવો જોઈએ. કારણ કે ઘટ-ઘટમાં બ્રહ્મ (ઈશ્વર) વ્યાપ્ત છે. જો ઘટ-ઘટમાં ઈશ્વર હોય તો આપણે કઈ વસ્તુનો અનાદર કરી શકીએ? આમ જ્ઞાનદષ્ટિથી જોઈશું તો જગતની પ્રત્યેય વસ્તુ આદરણીય છે.

પરંતુ આવું બ્રહ્મજ્ઞાન થયું ન હોય અને આપણે કહીએ કે પ્રત્યેક વસ્તુ આદરણીય છે તો આપણા વિચાર અને વ્યવહાર માં એક પ્રકારનો ભેદ ઉભો થશે. લાડકાની એક ચોકીને આપણે 'બ્રહ્મ' કહીશું પરંતુ તેને આપણે દંડવત પ્રણામ કરીશું નહીં. તેને 'બ્રહ્મ' કહીને પણ આપણે તેનાપર પગ મૂકીને બેસી જઈશું. આપણે તેની સાથે બ્રહ્મને લાયક વ્યવહાર કર્યો નથી. ''બધું જ બ્રહ્મ છે'' એમ કહેવું બહુ સરળ છે પરંતુ તેને આચરણમાં મૂકવું ઘણું અઘરું છે. કોઈ વ્યક્તિ આપણને ગલીચ ગાળ આપે ત્યારે શું આપણા મનમાં એવો ભાવ આવશે કે તે પણ બ્રહ્મ છે? ના. આપણને તેવો બ્રહ્મભાવ નહીં થાય. જ્યાં સુધી આવો બ્રહ્મભાવ ન થાય ત્યાં સુધી બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કરવાનો આપણને અધિકાર નથી. બ્રહ્મજ્ઞાનનો સિદ્ધાંત સાચો છે. પણ દરેક વ્યક્તિ આ વાત કહી શકતી નથી. ''દરેક વસ્તુ બ્રહ્મ છે'' એવો બ્રહ્મભાવ વ્યક્તિમાં દઢતર થયો છે કે નહીં તેની કસોટી શી? તેની સામે મીઠો રસ ધરવામાં આવે તેને તો તે ગટગટાવી જાય અને કડવો રસ થૂંકી દે તો માનવું કે તેની સ્થિતિ બ્રહ્મજ્ઞાનની થઈ નથી. જ્યારે ગળ્યા અને કડવાનો ભેદ નાશ પામે, બધું જ બ્રહ્માત્મક લાગે ત્યારે બ્રહ્મજ્ઞાન સિદ્ધ થયું છે એમ કહી શકાય.

એક સરદારજી એક જગ્યાએ ભાષણ કરતા હતા. તેમની પત્ની પણ ત્યાં



એક ખૂણામાં બેઠી હતી. તેમણે ભાષણની શરુઆતમાં સંબોધન કરતાં કહ્યું : ''પેલો ખૂણો છોડીને ભાઈઓ! તથા બહેનો!''આ તો એક ટુચકો છે, પરંતુ બ્રહ્માંડમાં આવો કોઈ ખૂણો નથી કે જેને છોડીને બાકીની બધી વસ્તુઓ બ્રહ્માત્મક છે તેમ કહી શકાય. બ્રહ્માંડમાં ગાયથી માંડી ભુંડ સુધી, જ્ઞાનીથી અજ્ઞાની સુધી, પાપીથી પુણ્યાત્મા સુધી અને પત્થરથી પ્રાણી સુધી બધું જ બ્રહ્માત્મક છે. શાસ્ત્ર કહે છે કે આ આખું જગત બ્રહ્મ છે. જો તમે આ જગતમાં બ્રહ્મ સિવાયનું કંઈ જુઓ તો તે તમારો પરાજય છે. શાસ્ત્રની વાત બિલકુલ સાચી છે પરંતુ આ વાત કહેવાનો અધિકાર કોનો? શું દરેક વ્યક્તિ આ વાત કહી શકે ખરી? ના. દરેક વ્યક્તિ આ વાત જાણી તો શકશે પણ કહી નહીં શકે. કારણ કે જો આપણામાં આવું બ્રહ્મજ્ઞાન છે તો આપણે પૂરેપૂરા જ્ઞાનીની માફક જગતમાં વ્યવહાર કરવો પડશે. જો આપણામાં બ્રહ્મજ્ઞાન નથી તો આપણને વ્યવહારની મર્યાદામાં રહેવું પડશે. જેમ સ્નેહને મર્યાદા છે તેમ વ્યવહારને પણ પોતાની મર્યાદાઓ છે.

સ્નેહ બધાં સાથે થઈ શકતો નથી, સ્નેહ કોઈ એકની સાથે જ થઈ શકે છે. બધાની સાથેનો સ્નેહ એ સ્નેહ નથી; તે બધા પ્રયત્નો સદ્‌ભાવ છે, અથવા સદ્‌વ્યવહાર છે, અથવા આદર છે.

એક દુકાનદાર તેની દુકાનમાં બેસીને બધા ઘરાકોને હસતાં-હસતાં આવકાર આપે છે. શું તે બધાને સ્નેહ કરે છે ખરો? દુકાનદાર પણ જાણે કે તે શા માટે આવકાર આપે છે. આવકાર આપવામાં તેનો સ્વાર્થ છે. આમ સ્વાર્થના લીધે દરેક વ્યક્તિને તેના વ્યવહારની મર્યાદા હોય છે. વ્યવહારની મર્યાદા નીચી હોય છે, સ્નેહની મર્યાદા ઉંચી હોય છે; પરંતુ સ્નેહને મર્યાદા તો હોય જ છે. મર્યાદા વગરનો સ્નેહ હોઈ શકે નહીં. જે વખતે સ્નેહ તેની મર્યાદા છોડી દે, તે વખતે તે જ્ઞાન બની જાય છે અને જ્યારે જ્ઞાન પોતાની મર્યાદા સ્વીકારી લે ત્યારે તે સ્નેહ બની જાય છે. એક ઉર્દૂ શાયરે કહ્યું છે :

*એક લબ્જે મોહોબ્બતકા અદના સા ફસાના હૈ,*
*સિમટે તો દિલે આશિક ફૈલે તો જમાના હૈ.*

અર્થાત, સ્નેહની કથા ખૂબ જ ટૂંકી છે. સ્નેહ એક જ જગ્યાએ સંકેલાઈ

જાય તો તે સ્નેહીનું હૃદય બની જાય છે અને ફેલાઈ જાય તો બધા જગતને આવરી લે છે.

આમ, જ્ઞાન જ્યારે સીમિત થઈ જાયદ્ભસંકોચાઈ જાય ત્યારે તે ભક્તિ બની જાય છે અને ભક્તિ જ્યારે ફેલાવાની શરૂઆત કરે ત્યારે તે ભક્તિ રહેતી નથી, તે જ્ઞાન, પૂજા, ઉપાસના કે આદર બની જાય છે. આપણે બધા સાથે આદર રાખી શકીએ, બધા સ્નેહ કરી શકતા નથી. સ્નેહ તો એકની સાથે જ થાય.

તેથી મેં પેલા શિવભક્ત શ્રોતાને સમજાવ્યું હતું કે ભક્તિમાર્ગમાં અન્યાશ્રય ન ચાલે. જ્ઞાનમાં તો અન્ય જેવી કોઈ બાબત જ નથી, એટલે ત્યાં અન્યાશ્રયનો પ્રશ્ન નથી. ભક્તિમાર્ગમાં અન્ય ચીજો ઘણી છે, એટલે ભક્તિમાર્ગમાં અન્યાશ્રય પણ છે. જ્યારે તે વ્યક્તિએ મને શિવભક્તિ વિષે પૂછ્યું ત્યારે મેં તેને કૃષ્ણભક્તિ ન કરવા કહ્યું પરંતુ તે ઝઘડવાના મૂડ સાથે આવેલો હતો તેથી તેણે કહ્યું ‘‘હું તો બંનેની ભક્તિ કરીશ. મારો ઉદ્ધાર થશે કે નહીં?’’ મેં કહ્યું ‘‘ભાઈ, અહીં ઉદ્ધારની ચર્ચા નથી, છતાં એક શરત સ્વીકારો તો બતાવું. મારી વાત તમારે પૂરેપૂરી માનવી પડશે. તેણે સ્વીકાર્યું. મેં તેને કહ્યું કે ‘‘તમે અહીંથી સીધા કૈલાશ પર જાઓ અને શિવજીનું ધ્યાન ધરો. તમારો ઉદ્ધાર થશે.’’ પરંતુ તે તો સીધો ઘેર ગયો. કારણ કે તેને સિદ્ધાંતની વાત કરવી નહોતી, ઝઘડાની વાત કરવી હતી.

આમ, માણસ કયારેક જ્ઞાનને લઈને, કયારેક કર્મને લઈને તો કયારેક ભક્તિને લઈને ઝઘડતો હોય છે. જેને કંઈ કરવું નથી હોતું તેને ઝઘડવાનું જ બાકી રહે છે; પરંતુ જેને કંઈક કરવું છે તેને શ્રીમહાપ્રભુજી માર્ગ બતાવે છે કે જો તમારી નિષ્ઠા કોઈ એક માર્ગમાં હશે તો એ નિષ્ઠા જ તમને તે માર્ગ દ્વારા તમારા લક્ષ્ય સુધી પહોંચાડી દેશે. કારણ કે માર્ગ એવો હોઈ ન શકે કે જે લક્ષ્ય સુધી લઈ ન જાય.

આપણા શાસ્ત્રોનો એ ચોક્કસ સિદ્ધાંત છે કે બધી નદીઓ સમુદ્રને મળે છે. સમુદ્રમાં કોઈ જાતનો ભેદ નથી. સમુદ્ર બધે એક જ છે; પરંતુ પ્રશ્ન એ છે કે નદીની જેમ આપણામાં કોઈ એક માર્ગે ચાલવાની નિષ્ઠા છે કે નહીં? નદીને



પોતાની દિશા છે. નદીને પોતાનો પ્રવાહ છે, નદી પોતાની દિશામાં જ વહે છે. તે દિશામાં વહેવામાં જ નદીને તેની મસ્તી પણ છે. મહારાષ્ટ્રના પર્વતમાંતી કૃષ્ણા નદી નીકળે છે. તે જ્યાંથી નીકળે છે ત્યાંથી જો સીધી ૫૦ માઈલ નીચે ઉતરી જાય તો તે સમુદ્રને મળી શકે; પરંતુ કોણ જાણે કેમ, કૃષ્ણા નદી તેમ ન કરતાં, સેંકડો માઈલના ફેરમાં વહીને સમુદ્રને મળે છે. એવી જ સ્થિતિ ગોદાવરી નદીની પણ છે. તે પણ જો કૃષ્ણા નદીની જેમ પશ્ચિમ દિશામાં નીચે ઉતરી જાય તો ૭૦ માઈલ વહીને સમુદ્રને મળી શકે; પરંતુ ગોદાવરી નદી આમ ૭૦ માઈલ વહેવાને બદલે બીજી તરફ પૂર્વ દિશામાં ૫૦૦ થી ૬૦૦ માઈલ વહીને બંગાળના ઉપસાગરને મળે છે. આમ દરેક નદીને તેની ચોક્કસ દિશા છે. તે દિશામાં જ તે વહે છે. નદી ક્યારેય મનુષ્યની જેમ કરકસરનો વિચાર કરી, ટૂંકો રસ્તો લેવાનું પસંદ કરતી નથી. તે લાંબા રસ્તે ન જતાં ટૂંકા રસ્તે જાય તો દરિયાને તરત મળી શકે; પરંતુ નદી કદી આવી વાત વિચારતી નથી. પોતાની મસ્તીમાં વહેતાં-વહેતાં તે પોતાની દિશા નક્કી કરી લે છે.

આવી જ રીતે દરેક માર્ગને પણ પોતાની એક દિશા હોય છે અને તે દિશાની એક અનોખી મસ્તી હોય છે. જ્યાં સુધી આપણે તે મસ્તીને સમજી શકતા નથી. ત્યાં સુધી આપણે ખોટા ઝઘડા કરતા રહીએ છીએ.

તમે કૃષ્ણા અને ગોદાવરી પાસે જઈને તેની સાથે વિવાદ કરો કે તમે મોટી ભૂલ કરી છે. તમને આ બાજુ ૨૫-૫૦ માઈલ પર સમુદ્ર મળતો હતો ત્યારે તમે બીજી બાજુ વ્યર્થ ૬૦૦ માઈલ સુધી શા માટે વહો છો? પરંતુ, કૃષ્ણા અને ગોદાવરી ને પૂછનારા આપણે કોણ? તેમને જે દિશામાં વહેવું હશે તે દિશામાં જ વહેશે. જ્યાં સુધી આપણે તેમની જેમ વહીએ નહીં ત્યાં સુધી આપણે તેમની વહેવાની મસ્તીને સમજી શકીએ નહીં.

આપણા ચાલવાની એક દિશા હોય છે. જ્યાં સુધી તે માર્ગે આપણે ચાલીએ નહીં. ત્યાં સુધી તે માર્ગ પર ચાલનારની મસ્તીને આપણે માણી શકીએ નહીં. તેથી જ, ત્યાં સુધી આપણે કેવળ ઝઘડો જ કર્યા કરીએ કે આ માર્ગમાં ખરાબી છે, તે માર્ગમાં ખરાબી છે, આ બધા માર્ગો કેમ એક થઈ જતા નથી? વગેરે.

શ્રીમહાપ્રભુજી આપણને સમજાવે છે કે જો આપણામાં કોઈ એક માર્ગ પર ચાલવાની નિષ્ઠા છે, તો પછી ભલે તે કર્મમાર્ગ હોય, જ્ઞાનમાર્ગ હોય, ભક્તિ માર્ગ હોય, શિવજીનો માર્ગ હોય, વિષ્ણુનો માર્ગ હોય, રામનો માર્ગ હોય કે કૃષ્ણનો માર્ગ હોય આપણે તે માર્ગ પર જરૂર ચાલી શકીશું. તે માર્ગ આપણા માટે શ્રેષ્ઠ હશે. પરંતુ જો આપણામાં નિષ્ઠા જ નથી તો કોઈ પણ માર્ગ શ્રેષ્ઠ નથી. શ્રેષ્ઠતા આપણી નિષ્ઠાની છે. માર્ગમાં આપણી નિષ્ઠા છે માટે માર્ગ આપણા માટે શ્રેષ્ઠ છે.

નદીને પોતાની નિષ્ઠા છે, માટે તે વહી રહી છે. તે ૬૦૦ માઈલ સુધી વહેવાનું પસંદ કરે છે. તેમાં તેની શોભા છે. એક વખત નદી સમુદ્રમાં ભળી જાય, પછી નદીની શોભા રહેતી નથી. સમુદ્ર તો સદાય લહેરાયા કરે છે, તે વહેતો નથી. સમુદ્રને પોતાની કોઈ દિશા નથી, સમુદ્રને પોતાનું કોઈ લક્ષ્ય પણ નથી. સમુદ્ર તો ભર્યો-ભર્યો છે, તે શું વહેવાનો. જો સમુદ્ર થોડો પણ વહેવા લાગે તો બધાનો નાશ થાય. લહેરાવાની મસ્તી જુદી છે, વહેવાની મસ્તી જુદી છે. એક વસ્તુની મસ્તીને આપણે બીજી વસ્તુની મસ્તીથી માપવા જઈએ તો ગરબડ થઈ જાય. આપણે નક્કી ન કરી શકીએ કે કોણ શ્રેષ્ઠ છે અને કોણ શ્રેષ્ઠ નથી.

ઘરમાં ગૃહિણી ૫-૧૦ પ્રકારની ગળી, ખાટી, ખારી, તીખી વાનગીઓ બનાવે. જો કોઈ વિરકત માણસ ભોજન કરવા આવે અને તે બધી વાનગીઓને ભેગી કરી ખાઈ જાય તો રસોઈ બનાવનારની બધી મહેનત નકામી જાય. જ્યારે આ ૫-૧૦ વાનગીઓના સ્વાદ જુદા-જુદા છે ત્યારે દરેકનો અલગ-અલગ સ્વાદ ચાખવો જોઈએ. અથવા તો આવનારે પહેલાંથી જ ખુલાસો કરી દેવો જોઈએ કે મારું સ્વરૂપ ગાય જેવું વિચારીને તમે મને પીરશજો. મારે માટે સ્વાદનો પ્રશ્ન નથી, પેટ ભરવાનો જ સવાલ છે. હું ગો ગ્રાસની માફક બધું ભેગું કરીને જમીશ. તો જુઓ, પેટ ભરવાની મસ્તી અલગ છે. આ બંને મસ્તીને એક સમજીએ તો ઘણી ગરબડ થાય.

શાસ્ત્રકારોએ રસના દસ-દસ પ્રકારો બતાવ્યા છે, તેમણે રસનો એક જ પ્રકાર કહ્યો નથી. શૃંગાર, હર્ષ, રૌદ્ર, બીભત્સ, ભયાનક, શાંત વગેરે જુદા-જુદા રસો છે. બ્રહ્મ (ઈશ્વર) આ બધા રસરૂપ છે. બ્રહ્મને આપણે કોઈ એક રસરૂપ માનતા



નથી, બ્રહ્મમાં બધા રસ છે. આપણા હૃદયમાં જે રસને માણવાની ઈચ્છા હશે તે રસનો સ્વાદ આપણને બ્રહ્મમાંથી મળશે. માટે, આપણે આપણા હૃદયને પૂછવું પડે કે બ્રહ્મમાંથી આપણને કયો રસ ચાખવો છે? જો આપણે બ્રહ્મને ભયથી જોઈશું તો જેમ કંસને ભય લાગ્યો તેમ ભગવાન્ આપણને ભયાનક લાગશે. જો આપણે કામભાવથી જોઈશું તો ભગવાન્ કામદેવ કરતાંય વધારે કામણગારા લાગશે. જે મુનિઓને અપ્સરાઓ પણ પોતાના હાવ-ભાવ અને ચેષ્ટાઓ થી મોહ ન પમાડી શકી એવા મુનિઓનું ધ્યાન પણ ભગવાનના સ્વરૂપનું દર્શન થતાં છૂટી ગયું. આવા કમનીય પ્રભુને જો આપણે કામભાવથી જોઈએ તો પ્રભુના આવા સ્વરૂપનાં દર્શન થાય. આપણે ભગવાનને દ્વેષથી જોવા જઈશું તો તે એવા કપટી બનીને આવશે કે આપણી દ્વેષવૃત્તિનો અંત જ નહીં આવે. ભગવાને જરાસંધ સાથે છળ-કપટ કર્યું તેમ ભગવાન્ આપણને પણ દ્વેષ કરવાનો પૂરો અવકાશ આપશે અને તેઓ પણ દિલ ભરીને આપણી સાથે કપટ કરતા રહેશે. ભગવાન્ સાથે દ્વેષ કરવો હશે તો આપણને અનંતકાળ સુધી દ્વેષ કરવો પડશે. આમ ભગવાન્ સાથે આપણે જેવો સમ્બન્ધ બાંધવો હોય તેવા તેઓ બની શકે છે. પ્રેમ કરવો હોય તો તેઓ પ્રિયતમ બની શકે છે, ભક્તિ કરવી હોય તો તેઓ ભજનીય બની શકે છે, સ્નેહ કરવો હોય તો તેઓ સ્નિગ્ધ બની શકે છે. આપણે તેમની જેવી ઉપાસના કરવા ઈચ્છીશું તેવું રૂપ ધારણ કરવા ભગવાન્ સમર્થ છે. આપણે જે માર્ગે ચાલવા તૈયાર થઈએ તે માર્ગે આપણને મળવા ભગવાન્ તૈયાર છે. તે-તે માર્ગે આવતા પ્રત્યેય વળાંક ઉપર તેઓ આપણી સાથે સંતાકૂકડી રમવા તૈયાર છે. પણ પ્રશ્ન એક જ છેદ્ગઆપણે એક માર્ગ ઉપર ચાલવાની નિષ્ઠા પાકી કરી છે ખરી? એક વખત આપણે દિશા નક્કી કરીએ, પછી બધી વાત નક્કી થશે. જ્યાં સુધી દિશા નક્કી નહીં થાય ત્યાં સુધી બધી ગરબડ ચાલતી રહેશે. એક કવિએ સાચું કહ્યું છેઃ ''મેરે મનકે બહનેકી દિશા તેરે તરફ હોગી, બસ ફિર સારી બાત બન જાયેગી.''

એક ભાઈને હું સેવાનો સિદ્ધાન્ત સમજાવતો હતો. એવામાં બીજા ભાઈએ આવીને કહ્યુંઃ ''મહારાજ! અમને પણ સેવાનો સિદ્ધાન્ત સાંભળી બહુ આનંદ આવ્યો. હવે અમે પણ સેવા પધરાવીશું.'' તે ભાઈને બ્રહ્મસમ્બન્ધ મેં આપેલું. મેં તેમને કહ્યુંઃ ''મેં તમને બ્રહ્મસમ્બન્ધ આપ્યું ત્યારે તમને એ પૂછવાની મારી ફરજ હતી કે તમે સેવા કરશો કે નહીં? તમે સેવા કરવાના નહોતા તો મારે તમને

બ્રહ્મસમ્બન્ધ આપવું જોઈતું નહોતું; પરંતુ હવે તમારા મનમાં સેવા કરવાની ઇચ્છા થઈ છે, તો જરૂર સેવા કરો.''

મેં તેમને શ્રીઠાકોરજી પધરાવી આપ્યા. તે બહુ રાજી થયા. બે-ચાર મહિના પછી મેં તેમને પૂછ્યુંઃ ''ભાઈ, સેવા કેમ ચાલે છે?''

તેમણે કહ્યુંઃ ''આપની કૃપાથી સારી રીતે ચાલે છે.''

મેં પૂછ્યુંઃ ''સેવામાં શું કરો છો?''

તેમણે કહ્યુંઃ ''મહારાજ! હું એક વેપારી છું. વધારે તો શું કરી શકું? શ્રીઠાકોરજી જગતને જગાડનાર અને સુવાડનાર છે, તેમને હું કોણ જગાડનાર અને સુવાડનાર! શ્રીઠાકોરજી બ્રહ્મસ્વરૂપ છે. તેઓ કદી અશુદ્ધ થાય નહીં, એટલે સ્નાન કરાવી તેમને શુદ્ધ કરવાની પણ શી જરૂર! તેઓ વિશ્વંભર છે, તેમને ભોગ ધરનાર હું કોણ!''

મેં તેમને પૂછ્યુંઃ ''ત્યારે તમે સેવાને નામે કરો છો શું?''

તેમણે કહ્યુંઃ ''બસ, હું તા બે હાથ જોડીને દર્શન કરું છું.''

મેં કહ્યુંઃ ''ભાઈ, જો તમારે ફકત દર્શન જ કરવાં હતાં તો તમારા ઘરમાં ચિત્રજી હતાં. તમે શ્રીઠાકોરજીને પધરાવી લઈ ગયા, પછી તેમને જગાડો નહીં, સ્નાન ન કરાવો, ભોગ ન ધરો તો તમારી સેવા કેવી રીતે થાય? તમારે કંઈ કરવું જ નહોતું તો સેવા પધરાવવાની જરૂર શી હતી?''

વાત આટલી છે. મનુષ્યમાં કોઈ એક માર્ગપર ચાલવાની નિષ્ઠા નથી. તેને બધી વાત સુંદર લાગે છે, રોચક લાગે છે; પણ તેનું આચરણ તેને ગમતું નથી. આપણે ક્યારેક જ્ઞાનમાર્ગની કથા સાંભળીશું તો તેમાં જ્ઞાનમાર્ગની રોચકતા જણાશે, કર્મમાર્ગની કથામાં કર્મમાર્ગની રોચકતા જણાશે, ભક્તિમાર્ગની કથામાં ભક્તિમાર્ગની રોચકતા જણાશે. દરેક માર્ગની કથા રોચક છે. દુનિયામાં ઘણી બાબતો સુંદર છે.

આપણે કહી શકીએ કે તાજમહાલ ઘણો સુંદર છે; પરંતુ તે રહેવાના ઘરના રૂપમાં સુંદર નથી, કબ્રસ્તાનના રૂપમાં સુંદર છે. એવું કબ્રસ્તાન દુનિયાભરમાં નથી. તાજમહાલ કરતાં રહેવા માટે પૂરી વ્યવસ્થાવાળી એક પર્ણકૂટિ વધારે સુંદર હોઈ શકે. આમ દરેક વસ્તુ પોત-પોતાની રીતે સુંદર છે. પ્રશ્ન એ છે કે તેની સુંદરતા માણવામાટે આપણા મનની તૈયારી ક્યાં સુધીની છે? એવી જ રીતે, દરેક માર્ગ સુંદર છે, દરેક માર્ગ શ્રેષ્ઠ છે; પરંતુ પ્રશ્ન એ છે કે ચાલવાની આપણી નિષ્ઠા કેટલી છે?



આમ, શ્રીમહાપ્રભુજીએ પુરુષોત્તમ જોષીને તેમના પ્રશ્નના ઉત્તરનો પૂર્વાર્ધ સમજાવ્યો કે કર્મમાર્ગ પણ ઉત્તમ છે અને જ્ઞાનમાર્ગ પણ ઉત્તમ છે, બધા જ માર્ગો ઉત્તમ છે. પ્રશ્ન માર્ગની ઉત્તમતાનો નથી, પ્રશ્ન આપણી તે માર્ગઉપર ચાલવાની નિષ્ઠાનો છે.

**શ્રીમહાપ્રભુજીના ઉત્તરનો ઉત્તરાર્ધઃ ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છેઃ**

હવે શ્રીમહાપ્રભુજી પુરુષોત્તમ જોષીને તેમના પ્રશ્નના જવાબનો ઉત્તરાર્ધ સમજાવે છે. આપ આજ્ઞા કરે છેઃ ''મને પૂછો તો ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે.''

શ્રીમહાપ્રભુજીએ ભક્તિમાર્ગને શ્રેષ્ઠ કેમ કહ્યો? એનું કારણ એ છે કે જે બધી બાબતો કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગ માં છે તે બધી બાબતો ભક્તિમાર્ગમાં પણ છે. અને વળી કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગ કરતાં કેટલીક વધારાની બાબતો પણ ભક્તિમાર્ગમાં છે.

ઉપનિષદ્ સૃષ્ટિની ઉત્પત્તિ બ્રહ્મમાંથી કેવી રીતે થઈ તે બતાવતાં કહે છે ''સ એકાકી ન રમતે, સ દ્વિતીયમ્ ઐચ્છત્''. જગત્‌ની ઉત્પત્તિની બાબતમાં કેટલાક લોકો કહે છે કે તે પરમાણુમાંથી થઈ છે. કેટલાક લોકો કહે છે કે તે પ્રકૃતિમાંથી થઈ છે. કેટલાક લોકો કહે છે કે તે કાળ અને કર્મ માંથી થઈ છે. કેટલાક માને છે કે જગત્‌ની ઉત્પત્તિ માયામાંથી થઈ છે. આમ બધા તત્ત્વદર્શનો દ્વ બધા ધર્મો પોત-પોતાના કારણોની કલ્પના રજૂ કરે છે.

ઉપનિષદ્‌નો આ બાબતમાં સિદ્ધાન્ત સ્પષ્ટ છે કે જેમાંથી જગત્ ઉત્પન્ન થયું છે, જેમાં જગત્ સ્થિત છે અને જેમાં જગત્ લીન થશે તે તત્વ 'બ્રહ્મ' છે.

જગત્‌ની ઉત્પત્તિના કારણ રૂપ તત્વને 'બ્રહ્મ' કહેવું કોઈને ઠીક ન લાગે તો ભલે તે તેને 'માયા' કહે. 'માયા' શબ્દ ઠીક ન લાગે તો પરમાણુ કહે અથવા 'પ્રકૃત્તિ' 'કાળ' 'કર્મ' કે 'સ્વભાવ' કહે. તે તત્ત્વને જે નામ આપવું હોય તે આપી શકાય. કારણ કે બ્રહ્મ આ બધાં નામોને ધારણ કરવા સમર્થ છે. આમાં, પરન્તુ, સમજવાની વાત એ છે કે પ્રકૃત્તિ કદિ પરમાણુ બની નથી શકતી, પરમાણુ કદિ

માયા નહીં બની શકે. કારણ કે પરમાણુ, પ્રકૃત્તિ અને માયા ના સ્વભાવ અલગ-અલગ છે. બ્રહ્મના સ્વરૂપનો વિચાર કરીશું તો સમજાશે કે બ્રહ્મે તે-તે રૂપો ધારણ કરેલાં છે તેથી જુદા-જુદા દાર્શનિકો જગત્‌ની વ્યાખ્યા જેવી રીતે કરવી હોય તેવી રીતે કરી શકે છે. ભાગવત કહે છે કે પ્રત્યેક વાદીની બુદ્ધિને અનુસરવાનું સામર્થ્ય બ્રહ્મમાં છે. શ્રીમહાપ્રભુજી તો ત્યાં સુધી કહે છે કે બ્રહ્મ શૂન્ય પણ હોઈ શકે; પરન્તુ શૂન્ય કદિ બ્રહ્મ બની શકતું નથી. બ્રહ્મ જ્યારે નિગુર્ણ, નિરાકાર, નિર્વિશેષ રૂપને ધારણ કરે છે ત્યારે તે શૂન્ય બની જાય; પરન્તુ કોઈ શૂન્યની શક્તિ નથી કે જે બ્રહ્મ બની શકે. કોઈ શૂન્યમાં શક્તિ નથી કે તે બધાં રૂપ, રસ, ગંધ, સૌષ્ઠવ અને આકાર પ્રગટ કરી શકે. બ્રહ્મમાં વિવિધ રૂપ, રસ, ગંધ, આકાર પ્રકટ કરવાની અને તેમને પાછા પોતાનામાં તિરોહિત કરવાની શક્તિ છે. જો કોઈ ઈશ્વરમાં ન માનનાર એમ કહે કે આખું જગત્ શૂન્યમાંથી ઉત્પન્ન થયું છે તો બ્રહ્મમાં તેવા શૂન્ય બનવાનું પણ સામર્થ્ય છે; પરન્તુ શૂન્યમાં બ્રહ્મ બનવાનું સામર્થ્ય થી જ. શૂન્ય કદિ પ્રકૃત્તિ કે પરમાણુ બની શકતું નથી. કેવળ બ્રહ્મ જ અણુથી પણ અણુ અને મહાનથી પણ મહાન થઈ શકે છે. જે વાદી બ્રહ્મનું જે સ્વરૂપથી ચિંતન કરશે તેનું તે ચિંતન વિફળ નહીં જાય.

વાચસ્પતિ મિશ્ર નામના એક મોટા વિદ્વાન્ થઈ ગયા. તેમણે છયે દર્શન ઉપર પોતાની ટીકાઓ લખી. તેમણે 'સાંખ્યદર્શન'ની ટીકામાં સાંખ્ય સિવાયના બાકીના દર્શનોનું ખણ્ડન કર્યું. 'મિમાંસા'ની ટીકામાં મિમાંસા સિવાયના બાકીના દર્શનોનું ખણ્ડન કર્યુ. આમ, દરેક ગ્રન્થમાં બાકીના પાંચ ગ્રન્થોના સિદ્ધાન્તોનું તેમણે એવું ખણ્ડન કર્યુ કે જ્યારે સામાન્ય મનુષ્ય એમનો એક ગ્રન્થ વાંચે ત્યારે તેને તે ગ્રન્થનો સિદ્ધાન્ત જ સાચો લાગે. એક વખત એક બૌદ્ધ સાધુ વાચસ્પતિ મિશ્ર પાસે આવ્યા. ત્યારે તેઓ ગંગામાં સ્નાન કરી રહ્યા હતા. બૌદ્ધ સાધુએ તેમને પૂછ્યુંઃ ''તમે દરેક ગ્રન્થમાં બાકીના ગ્રન્થોના સિદ્ધાન્તોનું ખણ્ડન કર્યું છે. તમે અત્યારે ગંગાસ્નાન કરો છો ત્યારે સાચું કહો કે આ છ દર્શનમાં તમે સાચું દર્શન કોને ગણો છો? તમે ઓછામાં ઓછા પાંચ વખત તો અસત્ય બોલવાનો દોષ કર્યો છે, એકમાં તો તમે સાચું કહ્યું હોવું જ જોઈએ.'' 'વાચસ્પતિ' એટલે વાણીના પતિ. વાણીના પતિ ઉપર પાંચ વખત જૂઠું બોલવાનો બૌદ્ધ સાધુએ આરોપ મૂક્યો. વાચસ્પતિ પણ વિચારમાં પડી ગયા. તેઆ ગંગાજીમાંથી બહાર આવી કહેવા લાગ્યાઃ



''મેં જે કંઈ લખ્યું છે તે સાચું લખ્યું છે.'' બૌદ્ધ સાધુએ કહ્યુંઃ ''અહીં ગંગાજીના કિનારે ઉભા રહી તમે જે જવાબ આપો છો તે મારે જોઈતો નથી. તમે ગંગાજીમાં ઉભા રહીને જવાબ આપો.''

આ બુદ્ધિનો ખેલ છે. બુદ્ધિનો ખેલ એટલો ખરાબ છે કે કોઈ પણ વાત સત્ય સિદ્ધ થઈ શકે અને કોઈ પણ વાતને મિથ્યા સાબિત કરી શકાય છે.

શ્રીમહાપ્રભુજી બ્રહ્મના વિષયમેં એક બહું સુંદર વાત સમજાવે છેઃ ''સર્વવાદાનવસરં નાનાવાદાનુરોધિ તત્'' બ્રહ્મનું નિરૂપણ કરનારા મોહિત થયા છે છતાંય કોઈની પણ વાણી મિથ્યા બાબતનું નિરૂપણ કરતી નથી. અંધહસ્તિ ન્યાયથી દરેક વાણી બ્રહ્મના એકાદ પાસાનું તો નિરૂપણ કરે જ છે. બ્રહ્મનું સ્વરૂપ એટલું વિશાળ છે કે કોઈ પણ વ્યક્તિ ક્યારેય એવો દાવો ન કરી શકે કે ''હું બ્રહ્મનું સાંગોપાંગ વર્ણન કરું છું.'' જો આપણે સાંગોપાંગ વર્ણનનો દાવો કરીએ છીએ તો માનવું કે આપણે મોહિત થયા છીએ. બાકી, બ્રહ્મનું વર્ણન પ્રકૃતિના રૂપમાં, પરમાણુના રૂપમાં, કાળના રૂપમાં કે સ્વભાવના રૂપમાં પણ થઈ શકે. આપણે જે રૂપમાં પણ વર્ણન કરીએ તે બ્રહ્મનું કોઈ એક પાસું તો છે જ. જો તે બ્રહ્મનું પાસું ન હોય તો આપણી બુદ્ધિ તે તરફ દોરાય જ નહીં. આપણી વાણીથી તેનું નિરૂપણ સંભવે જ નહીં. પ્રત્યેક વાણીમાં એક પ્રકારની સુસંવાદિતા છે, કારણ કે પ્રત્યેક વાણીમાં નિરૂપેલ પ્રકાર પ્રભુનું એક રૂપ છે. પણ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે પ્રભુનું રૂપ તેટલું જ નથી. ફેર એટલો જ છે કે પ્રભુનું રૂપ તે પ્રકારનું પણ છે અને અન્ય પ્રકારનું પણ છે. જો આપણે આ વાત સમજી જઈએ કે બ્રહ્મના અનેક રૂપોમાં શૂન્ય પણ એક તેનું રૂપ છે; માયા, પ્રકૃત્તિ, પરમાણું, શેતાન, ખૂદા સૌ બ્રહ્મના જ રૂપો છે તો બધી વાત સ્પષ્ટ થઈ જાય છે. જે કંઈ છે તે બધું જ બ્રહ્મ છે. ઉપનિષદ્‌ની આ દષ્ટિ બધાના સમાહારની દષ્ટિ છે, એકાંગી દષ્ટિ નથી; તે ઘણી વ્યાપક દષ્ટિ છે. આ વ્યાપક દષ્ટિને અનુસરીને શ્રીમહાપ્રભુજીએ 'બ્રહ્મવાદ'નો આવિષ્કાર કર્યો છે. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે જગત્‌માં જેટલી વિવિધતા પ્રકટ થઈ છે તે બહારથી લાવેલી નથી, બ્રહ્મના પોતાના સ્વરૂપમાં રહેલી સંભાવનાઓ જ પ્રત્યક્ષ થઈને આપણી સામે આવી છે.

એક આંબાનું વૃક્ષ હોય, તેની કેરી ખાઈએ તો કેટલી મીઠી લાગે! પરન્તુ તે જ વૃક્ષની જો ગોટલી ખાઈએ તો કડવી લાગશે, તેનાં પાન ખાઈએ તો તે પણ કડવાં લાગશે. આંબાના વૃક્ષમાં જો કડવાશ જ હોય, તો પછી તેના ફળમાં મીઠાશ આવી ક્યાંથી? કેટલાક લોકા એમ કહેશે કે જરૂર તેમાં કોઈને કોઈ મિથ્યા માયાનું ચક્કર હશે. ફળમાં મીઠાશ ક્યાંથી આવી તેની સમજ ન પડી એટલે કહી દીધું કે તે માયા છે. એમ પણ કહી શકાય કે બીજમાં મીઠાશ હતી એટલે તે મીઠાશ ફળમાં પ્રગટ થઈ. એવી જ રીતે, બીજમાં સૌન્દર્ય હતું તે પુષ્પમાં આવીને વ્યક્ત થયું. તેથી બીજમાં જે કંઈ સૂક્ષ્મ રૂપે હોય છે તે પુષ્પમાં, ફળમાં, પત્રમાં અને વૃક્ષમાં વ્યક્ત થાય છે.

એવી જ રીતે આખા જગતનું એક બીજ છે, તે બ્રહ્મ છે. તેમાં બધી સંભાવનાઓ રહેલી છે. તેમાં સંભાવનાઓ છે, માટે તો તે પ્રગટ થઈ રહી છે.

કોઈને વૃક્ષનું પુષ્પ પસંદ આવે, કોઈને તેનાં પાન પસંદ આવે તો કોઈને તેનું મૂળ પણ પસંદ આવે. કોઈને શું પસંદ આવશે તેમાં નિયામક તે વ્યક્તિ હોઈ શકે? તેનો નિયામક બીજી વ્યક્તિ હોઈ ન શકે. સૌને પોતાની જરુરિયાત પ્રમાણે આનન્દની સનુભૂતિ થાય છે, તે બ્રહ્મને કારણે જ થઈ રહી છે. આપણે એવું ન કહી શકીએ કે બ્રહ્મમાં જે છે તે કેવળ પુષ્પમાં છે અને બીજમાં નથી, કેવળ ફળમાં છે અને વૃક્ષમાં નથી, કેવળ ડાળીમાં છે અને પાનમાં નથી. આપણને પુષ્પ સુંદર લાગે અને ફળ સુંદર ન લાગે એવું બને. સુંદરતા અને અસુદરતા નું આપણે જે વિભાજન કરીએ છીએ તે બ્રહ્મને લાગુ કરી શકાય નહીં, કારણ કે બ્રહ્મ આ બધી સંભાવનાઓને પોતાનામાં સમાવીને જગતના સ્વરૂપે આવી લીલા કરે છે.

બ્રહ્મ જે વખતે આવી લીલા કરે છે ત્યારે જીવે શું કરવું? જીવે પણ થોડી લીલ કરવી. જ્યારે એક લીલા ચાલતી હોય ત્યારે તે લીલામાં સહભાગી ન બનીએ તો માણસ જ્ઞાની બની જાય.

મારા એક ઓળખિતા હરિશરણ થયા. હું તેમને ત્યાં શોક પ્રદર્શિત કરવા ગયો. એમના પુત્ર રડતા હતા. તેઓ જોર-જોરથી રડતા હતા. ત્યારે ત્યાં તેમના



બનેવી પણ શોક પ્રદર્શિત કરવા આવ્યા હતા. તે દિવસે અચાનક તેમનામાં રહેલો જ્ઞાની જાગૃત થયો. તેમણે સાળાને જ્ઞાનોપદાશ આપવાની શરૂઆત કરી. તેમણે કહ્યું ''આમાં રડવા જેવું શું છે? પિતાજી ગયા, તમે પણ જશો, બધા જવાના છે. અહીં કોણ રહેવાનું છે.''

જ્યારે એક આદમી આમ રડી રહ્યો હોય ત્યારે તેના રુદન સાથે આપણી સંવેદના આપણે પ્રગટ ન કરીએ અને આપણું જ્ઞાન પ્રગટ કરીને, આવી સ્પષ્ટ વાણીમાં તેને કહીએ કે ''તારા પિતા ગયા, તું પણ જઈશ'' તો એ વાત કાંઈ ખોટી નથી. દરેક વ્યક્તિ જવાની જ છે. પરન્તુ જ્યારે એક વ્યક્તિ રડે છે, રડવાની એક લીલા ચાલે છે ત્યારે સંવેદના પ્રગટ કરવાની પણ એક લીલા હોવી જોઈએ. આવા સમયે તેને આશ્વાસન આપવું જોઈએ, તે સમયે જ્ઞાની બની જવું જોઈએ નહીં. શું રડનારને ખબર નથી કે પિતાજીની જેમ હું પણ જઈશ? દરેક વ્યક્તિ સત્ય જાણે છે. છતાં દરેક વ્યક્તિ રડે પણ છે. આ તેની લીલા છે. તે લીલામાં આપણે જ્ઞાની બની જઈએ તો રસાભાસ થાય; પરન્તુ સંવેદના પ્રગટ કરીએ તો લીલા ચાલુ રહે.

આવી જ રીતે, બ્રહ્મ પણ જે વખતે જગતમાં વિવિધ નામ-રૂપે લીલા કરી રહ્યો છે, ત્યારે આપણે જ્ઞાની બનીને બેસીએ અને કહીએ કે ''આ રૂપ મિથ્યા છે, નામ મિથ્યા છે, જગત્ મિથ્યા છે, હું મિથ્યા છું, તમે મિથ્યા છો, બધું મિથ્યા છે'' તો તે ઉચિત નથી. બધું મિથ્યા છે કે સત્ય છે તે વાત પછી વિચારી શકાશે; પરન્તુ અત્યારે બ્રહ્મની જે લીલા ચાલી રહી છે તેની પ્રશંસા કરવી જોઈએ.

એક વખત મારે ત્યાં એક ચોબાજી આવ્યા. તે વખતે હું કોઈ કવિતા સંભળાવી રહ્યો હતો. તેમણે કહ્યુંઃ ''મહારાજ! તમે ખાટું બોલી રહ્યા છો.''
મેં કહ્યંઃ ''હું ખોટું બોલતો નથી, આ રૂપક અલંકાર છે.''
તેમણે કહ્યુંઃ ''રૂપક અલંકાર વળી કેવો! આ બધું મિથ્યા છે. તે અલંકાર હોય તો પણ મિથ્યા છે.''
મેં કહ્યુંઃ ''ચોબેજી! કાવ્યની વાત અગલ છે અને તર્કશાસ્ત્રની વાત અલગ છે.''
ચોબેજીને ભારે ગુસ્સો આવ્યો. તેમણે પોતાની ટોપી ઉતારીને મારી સામે મૂકી.

તેમણે મને પૂછ્યુંઃ ''મહારાજ! આપ આ ટોપીને 'હેટ' કહી શકશો?''
મેં કહ્યુંઃ ''તમે તર્ક જ કરતા હો તો હું તમારી ટોપીને હેટ તો શું ગધેડો પણ સિદ્ધ કરી આપું.''

મેં ખટ-પટ કરીને ટોપી અને ગધેડો એક છે એવું સિદ્ધ કરીને તેમને નિરુત્તર કરી દીધા. ચોબાજી બિચારા એટલા ગભરાઈ ગયા કે તેમણે તેમની ટોપી માથા ઉપર મૂકવાને બદલે ખિસ્સામાં મૂકી દીધી. એમને એટલો ગભરાટ થઈ ગયો કે શું ખરેખર ટોપી ગધેડો બની ગઈ હશે! તર્કની વાતોને વ્યવહારથી શું સમ્બન્ધ? ટોપી એ ટોપી જ રહેવાની છે, હેટ થવાની નથી. કોઈ વસ્તુને એક કાવ્યમય રૂપક કે ઉપમા આપવી તે એક લીલા છે. તે લીલાનું રહસ્ય ન સમજો તો એ કવિ કહેવાનોઃ ''અરસિકેષુ કવિત્વનિવેદનં શિરસિ મા લિખ મા લિખ મા લિખ''. જો તમારામાં કાવ્યને માણવાની શક્તિ જ નથી તો તમને કેવી રીતે સમજાવી શકાય? આ રૂપકનું સૌન્દર્ય છે. વસ્તુ એવી નથી અને તેને રૂપક આપવામાં આવ્યું છે. જો તેનું સૌન્દર્ય માણવું હોય તો તે ઘણી સુંદર વાત છે; પરન્તુ જો તેમાં તમને સૌન્દર્ય ન જણાય તો બધું મિથ્યા છે. શું સત્ય છે અને શું મિથ્યા છે એ પ્રશ્ન તો પછીનો છે; પહેલો પ્રશ્ન એ છે કે તેમાં આપણને રસ છે કે નહીં, તેના સૌંદર્યની અનુભૂતિ કરવાની ક્ષમતા છે કે નહીં. મિથ્યા અને સત્ય ના પ્રશ્નો તો ગૌણ છે.

જે જેને મિથ્યા કહે છે, તે પણ તેની સાથે મિથ્યા તરીકે વ્યવહાર કરતો નથી. જે જેને સત્ય કહે છે, તે પણ તેની સાથે ચોંટી રહેતો નથી. ક્રિયા તો બધાની સમાન જ હોય છે.

''બધું મિથ્યા છે'' એવું કહેનારને કોઈ તમાચો મારી દે તો તે એમ નથી કહેતો કે ''તમાચો મિથ્યા છે''. જગત્ મિથ્યા છે, મારા-તમારા ભેદ મિથ્યા છે આમ છતાં તેને વાગેલો તમાચો તેને મિથ્યા લાગશે નહીં; તે સત્ય જ લાગશે. જગત્ને જે સત્ય કહે છે તેને તો તમાચો સત્ય લાગે જ છે. આમ છતાં તે તમાચાને કારણે કેટલા દિવસ સુધી રડશે? ગાલ ઉપર એક તમાચો લાગવાથી શું તે આખી જિંદગી રડ્યા કરશે? ના, બે-ચાર દિવસમાં તે ભૂલી જશે. તો જુઓ કે જગત્ને સત્ય માનનારા અને મિથ્યા માનનારા, બધાની ગતિ એક સરખી જ છે. માટે પ્રશ્ન એ છે કે જે કંઈ બની રહ્યું છે તેનો અનુભવ કરવાની આપણામાં ક્ષમતા છે કે નહીં?



જો અનુભવ કરવાની ક્ષમતા છે તો બરોબર છે, પણ જો અનુભવ કરવાની ક્ષમતા નથી તો એક ગુલાબને સામે રાખી, તેની એકે-એક પાંખડી તોડતા જાઓ અને પૂછતા જાઓ કે ''શું આ પાંદડીને તમે ગુલાબ કહો છો?''. પાંદડી તો ગુલાબ નથી. બધી પાંદડીઓ નિકળી જાય પછી પૂછો કે ''જેમાં પાંદડી જોડાયેલી હતી તે ગુલાબ છે?''. ગુલાબ તો એ પણ નથી. તો પછી ગુલાબ ક્યાં ગયું? ગુલાબ ગયું ક્યાંય નથી, ગુલાબ ખતમ થઈ ગયું. ફૂલને આપણે મસળી નાખીશું તો તે ચીમળાઈ જશે. તેનું સૌદર્ય ક્યાં ગયું? તેનું સૌંદર્ય ખતમ થઈ ગયું. સૌંદર્યને જોવાની દૃષ્ટિ છે તો સૌંદર્ય હાજર છે, સૌંદર્યને જોવાની દૃષ્ટિ નથી તો સૌંદર્ય ક્યાંય નથી.

કોઈ ખુશીના પ્રંસગે એક વેપારી પોતાના ભાગીદારને ફેરવવામાટે મહાબળેશ્વર લઈ ગયો. ત્યાં પહોંચીને પેલા ભાગીદારે વેપારીને કહ્યું ''અરે! તુ મને ક્યાં લઈ આવ્યા! અહીં ઉપરની બાજુ એક ટેકરો છે અને નીચે એક મોટો ખાડો છે. આમાં જોવા જેવું શું છે!'' જેને હિલસ્ટેશનમાં માત્ર ખાડા-ટેકરા જ દેખાય છે, તેને માટે ખરેખર ત્યાં જોવા જેવું કંઈ નથી. ત્યાં ખાડા-ટેકરા છે તે વાત સાચી છે. જેનામાં સૌંદર્યદૃષ્ટિ નથી તેને માટે ખાડા-ટેકરા જ છે; પરન્તુ જેને સૌંદર્યદૃષ્ટિ છે તેના માટે તે હીલસ્ટેશન છે.

બ્રહ્મ પણ જગત્ સ્વરૂપે લીલા કરી રહ્યો છે. બ્રહ્મની લીલાને નિરખવા, અનુભવવા આપણામાં થોડી સૌન્દર્યદૃષ્ટિ અને ભક્તિ ની આવશ્યકતા છે. જો આપણામાં સૌન્દર્યદૃષ્ટિ નથી તો વાત અહીં જ પૂરી કરી દેવી જોઈએ. જે વખતે બ્રહ્મ વિવિધ નામ-રૂપોને ધારણ કરીને લીલા કરી રહ્યો છે ત્યારે તે આપણી પાસેથી શી અપેક્ષા રાખે છે? બ્રહ્મ જ્યારે કમનીય બનીને આપણી સમક્ષ આવે છે તે વખતે તેના પ્રત્યે આપણામાં જો કામ ન જાગે, જે વખતે તે ભયંકર બનીને આવે તે વખતે જો આપણામાં ભય ન જાગે, જે વખતે તે શાંત રસ બનીને આવે તે વખતે આપણામાં સર્વ વસ્તુઓ તરફ નિર્વેદ ન જાગે તો બ્રહ્મ પણ કહેતો હશે ''અરસિકેષુ કવિત્વનિવેદનં શિરસિ મા લિખ મા લિખ મા લિખ''. અરે ભાઈ! હું જ્યારે જે રૂપ લઈને આવું ત્યારે તમારામાં જો આવો વૈરાગ્ય આવી જવાનો હોય અને તમારી કથા તમે બંધ કરી દેવાના હો તો આપણી આ લીલા ચાલશે નહીં. આપણે આપણી દૃષ્ટિથી જો બ્રહ્મનો રસાસ્વાદ ન લઈ શકીએ તો તેમાં આપણા

હૃદયની કોઈક પ્રકારની ન્યૂનતા છે, ક્ષીણતા છે.

જેમ પક્ષીઓ દિવસભર ઉડતાં રહે, દાણાની શોધમાં ફરતાં રહે અને સાંજે નિશ્ચિત વૃક્ષપર પોતાના માળામાં આવીને એકઠાં થાય તેમ બ્રહ્મ પણ એક માળો છે, તેમાં બધા જીવ એકત્ર થાય છે. જેટલાં દ્વૈત છે, જેટલી વિવિધતા છે, જેટલું સૌંદર્ય છે તે બધું એક બ્રહ્મમાંથી પ્રગટ થાય છે. એકમાંથી અનેક પ્રગટ થાય છે, અદ્વૈતમાંથી દ્વૈત પ્રગટ થાય છે. તે તેની શોભા છે, કેવળ અદ્વૈતમાં કોઈ શોભા નથી. ઉપનિષદ્ બહુ સુંદર રીતે સમજાવે છેઃ ‘‘જો એકાકીપણામાં શોભા હોત તો બ્રહ્મ પોતે એકલો હતો તે પર્યાપ્ત હતો; પરન્તુ તેને દ્વિતીયની ઈચ્છા થઈ, તેથી બધી સૃષ્ટિ પ્રગટ થઈ. આ સૃષ્ટિ એક રંગમંચ છે, તેના ઉપર જે નાટક ભજવાઈ રહ્યું છે તેને સમજવાનો પ્રયત્ન કરો. આ નાટકનું સૌંદર્ય શું છે? કદાચ તમે કહેશો કે આ નાટકમાં ખોટો મેકઅપ છે, તેને ઉતારી દો. પરન્તુ જે વેષને અનુરૂપ જે લીલાઓ ચાલી રહી છે તેને અનુરૂપ વેષ બ્રહ્મે ધારણ કર્યો છે, મેકઅપ કર્યો છે. એ લીલાને ચાલવા દો. તેને રસિક હૃદયથી સમજવાની કોશિશ કરો કે બ્રહ્મની કઈ લીલા ચાલી રહી છે? બ્રહ્મની આ લીલાની સમજ ભક્તિદ્વારા જેટલી સંભવી શકે છે તેટલી કર્મ કે જ્ઞાનદ્વારા સંભવિત નથી.

કર્મમાર્ગ પણ બ્રહ્મ તરફ જ લઈ જનાર છે, જ્ઞાનમાર્ગ પણ બ્રહ્મ તરફ લઈ જનાર છે. આમ જુઓ તો એવો કોઈ માર્ગ નથી કે જે બ્રહ્મ તરફ ન લઈ જાય. આનું કારણ માર્ગનું સામર્થ્ય નથી, તેનું કારણ બ્રહ્મની વ્યાપકતા છે. બ્રહ્મ વ્યાપક હોવાથી તે સર્વત્ર વિદ્યામાન છે, તે પ્રત્યેક માર્ગનો ગન્તવ્ય છે. તમે જ્યાં દૃષ્ટિ ફેરવશો ત્યાં તમને બ્રહ્મ મળશે, તમે જે દિશામાં બ્રહ્મને પોકારશો તે દિશામાં બ્રહ્મ તમને સામે જવાબ આપશે.

વિષ્ણુ વૈકુણ્ઠમાં રહે છે, શિવ કૈલાસમાં રહે છે, ખુદા બહિશ્તમાં રહે છે, ગોડ હેવન્‌માં રહે છે. પ્રશ્ન થાય કે બ્રહ્મ ક્યાં રહે છે? ઉપનિષદ્‌ને આ પ્રશ્ન પૂછવામાં આવ્યોઃ ‘‘આ જગત્ જેમાં રહેલું છે તે તત્વ ક્યાં રહે છે? જેણે જગતને ધારણ કર્યું છે તે તત્વ ક્યાં છે? જે વૃક્ષને કાપીને આ જગતરૂપી ભવન બન્યું છે તે વૃક્ષને કાપનાર ક્યાં રહે છે? કાપનાર કોણ હતો?’’ જવાબમાં ઉપનિષદ્ કહે છેઃ



‘‘બ્રહ્મરૂપી વૃક્ષને કાપનાર બ્રહ્મ છે’’. ક્યું વૃક્ષ અને ક્યા વનમાંથી કાપ્યું? ઉપનિષદ્ જવાબ આપે છેઃ ‘‘બ્રહ્મરૂપી વૃક્ષને બ્રહ્મરૂપી વનમાંથી કાપ્યું.’’ જે વૃક્ષને કાપીને જે ભૂમિ ઉપર આ ભવન બનાવ્યું એ ભૂમિ કઈ હતી? ઉપનિષદ્ કહે છેઃ ‘‘બ્રહ્મરૂપી ભૂમિ હતી.’’ બ્રહ્મરૂપી ભૂમિમાં બ્રહ્મરૂપી કરવતનો ઉપયોગ કરીને બ્રહ્મરૂપી વૃક્ષને કાપીને બ્રહ્મરૂપી સ્થપતિએ આ બ્રહ્માત્મક ભવન બનાવ્યું છે.

આમ અહીં જે કંઈ છે તે સર્વ બ્રહ્મ જ છે. આ પરિસ્થિતિમાં કહો કે એવી કઈ ચીજ છે કે જે બ્રહ્મ નથી. એવો કયો માર્ગ છે કે જે આપણને બ્રહ્મ તરફની દિશામાં ન લઈ જાય. શાસ્ત્રકારો તો ત્યાં સુધી કહે છે કે જેને આપણે પ્રવાહીમાર્ગ કહીએ છીએ, જેને ગીતા આસુરીમાર્ગ કહે છે તે આસુરીમાર્ગ પણ કોઈને કોઈ રૂપમાં તો બ્રહ્મ સુધી લઈ જનારો જ છે. કારણ કે, શાસ્ત્ર સ્પષ્ટ કહે છે કે પુત્રમાં કંઈક પ્રિયત્વ છે માટે આપણને તે પ્રિય નથી લાગતો; પ્રિયત્વ એ બ્રહ્મનો ગુણ છે અને તે બ્રહ્મ પુત્ર બન્યો છે તેથી તે પ્રિય લાગે છે. તે જ પ્રમાણે પત્નીમાં પ્રિયત્વ છે તેથી પત્ની પ્રિય નથી લાગતી. જો એવું હોત તો પત્ની જ્યારે રોટલી ન બનાવી આપે, રસોઈ ન કરે ત્યારે પણ પ્રિય લાગવી જોઈએ. પરન્તુ એવું બનતું નથી. આપણને જે કંઈ પ્રિય લાગે છે તેનું કારણ એ છે કે બ્રહ્મ પ્રત્યેનો આપણો પ્રેમ વ્યાપક બની રહ્યો છે. તે પ્રેમને કારણે જ આપણને તે વસ્તુ પ્રિય લાગે છે. વસ્તુતઃ કોઈ પણ વસ્તુ પોતે પ્રિય પણ નથી અને અપ્રિય પણ નથી. પ્રિયત્વ અને અપ્રિયત્વ બ્રહ્મને કારણે થયેલ રૂપ છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ‘‘પ્રેમ આપણા હૃદયનું સામર્થ્ય છે કે જે બ્રહ્મ તરફ દોડી રહ્યું છે.’’ જેમ પ્રત્યેક નદી સમુદ્ર તરફ દોડે છે; પછી તે પશ્ચિમમાં જતી હોય કે પૂર્વમાં, દક્ષિણમાં જતી હોય કે ઉત્તરમાં, કોઈ પણ નદી કોઈ પણ દિશામાં જતી હોવા છતાં આખરે તો તે સમુદ્રમાં જ જાય છે. તેવી રીતે, આપણે કોઈ પણ વિષયને આપણો પ્રેમ આપતા હોઈએ તો અન્તે તો તે પ્રેમ પરમાત્મા સાથે જ છે. આ અર્થમાં પ્રવાહ માર્ગ પણ અન્તે તો બ્રહ્મ સુધી જ જાય છે.

કેટલીક નદીઓ એવી છે કે જે સીધી પોતે જ સમુદ્રને મળે છે, તો કેટલીક નદીઓ એવી છે કે જે બીજી નદીને મળે છે અને પછી તે નદીની સાથે

સમુદ્રને મળે છે. આવી નદીઓને જાતે સમુદ્રને મળવાનું સૌભાગ્ય નથી. એવી નદીઓને બીજી કોઈ નદીને મળવાનું સૌભાગ્ય છે અને તેના દ્વારા સમુદ્રને મળવાનું થાય છે. આમ કેટલાક સ્નેહ એવા છે કે જે આપણે લૌકિક વિષયોથી કરીએ છીએ. આ લૌકિક વિષય અન્તે બ્રહ્માત્મક છે. આપણે સાક્ષાત્ બ્રહ્મને ચાહ્યો નથી, આપણે બ્રહ્મના કોઈક રૂપને ચાહ્યું છે; પરન્તુ જે ચાહના કરી છે તે તો બ્રહ્મની જ છે. આપણે જે વિષયને ચાહ્યા છે તે જો સામે આવી જાય તો માનવું કે તે વિષયના જેવા વિવિધ રૂપ ધરીને આપણી સામે આવી લીલા કરી રહ્યો છે.

શ્રીમહાપ્રભુજી કહે છે કે જે વખતે બ્રહ્મ આવી લીલા કરી રહ્યો છે ત્યારે આપણે કુશળ દર્શક બનીને ભક્તિની દૃષ્ટિ રાખવી જોઈએ. જો આપણે ભક્તિની દૃષ્ટિ રાખીશું તો લીલાનું દર્શન કરતાં આપણને ''વાહ વાહ'' કહેવાની ઈચ્છા થશે. આપણે કહીશું ''વાહ! શું લીલા કરી!'' પરન્તુ જો આપણે જ્ઞાનની દૃષ્ટિ રાખીશું તો આપણે રંગમંચ તરફ જોવાને બદલે પડદાની પાછળનું દશ્ય જોવાની ઈચ્છા રાખીશું. જો પડદાની પાછળનું દશ્ય જોવું છે તો આપણે રંગમંચની સામે શું કરવા બેસવું જોઈએ? તેની પાછળ જઈને બેસવું જોઈએ. આપણે મુક્ત થઈ જઈએ તો આપોઆપ તે દશ્ય દેખાશે; પરન્તુ આપણે જગતમાં છીએ, આપણે જે લીલા જોઈ રહ્યા છીએ તે લીલા રંગમંચ પર થતી લીલા છે, તેથી તેને જોવા માટે થોડીક ભક્તિની દૃષ્ટિ રાખવી જરૂરી છે. પડદા પાછળ જ્યાં વેષ બદલવામાં આવે તેને અંગ્રેજીમાં 'ગ્રીન રૂમ' કહે છે. ત્યાં જોવાનું કામ, ત્યાં જોવાની ઈન્તેજારી નાના બાળકોની હોઈ શકે.

એક વખત હું કલકત્તા ગયો હતો. ત્યાં મેં જે પરિવારમાં મુકામ કર્યો, ત્યાંના બાળકોએ મને વાર્તા સંભળાવવાનું કહ્યું. મૈં વાર્તા કહેવાની શરુ કરી એટલામાં તો તેઓ જ્ઞાનમાર્ગીની માફક વિચારવા લાગ્યા. મેં તેમને ભયંકર વાર્તા સંભળાવી તો તેઓ મને પૂછવા લાગ્યા કે ''પહેલાં અમને એ કહો કે આ વાર્તા સાચી છે કે ખોટી?'' જો હું તેમને કહી દઉં કે વાર્તા ખોટી છે, તો તેઓ પૂરેપૂરી વાર્તા સાંભળે. અને જો હું કહું કે વાર્તા સાચી છે તો તેઓ કહે કે ''અમને બીક લાગે છે.'' તેઆ ખરેખર એ નક્કી કરવા માગતા હતા કે આ વાર્તા સાચી ન હોય તો અમે સાંભળીએ. સાચી હોય તો ભયંકર પ્રકારની વાર્તા સાંભળવી નથી. અમને એવી વાર્તા



કહો કે જે ભયંકર ન હોય. આ બાળકોની વૃત્તિ છે.

આ બાળકોની માફક આપણે પણ નિશ્ચય કરવા માગીએ છીએ કે જગત્ મિથ્યા છે તો અમે જોઈશું-સાંભળીશું; પરન્તુ તે મિથ્યા નથી તો ચાલો આપણે મુક્ત થઈ જઈએ, અમારે જોવું-સાંભળવું નથી. આ બાળકની વૃત્તિ છે. વાર્તા ગમે તેટલી ખોટી હોય, પરન્તુ તે સાચી લાગે એવું બને. મૂળ હકીકત જેટલી સાચી ન લાગે એટલી તેની વાત સાચી લાગે. જે વખતે તમે હકીકતની સચ્ચાઈને ભૂલીને વાર્તાની સચ્ચાઈનો સ્વીકાર કરો તે વખતે તમને તે વાત વધારે સાચી લાગશે. તે જ પ્રમાણે, બ્રહ્મની લીલા પણ યથાર્થ છે. બ્રહ્મની યથાર્થતાથી લીલાવિહારી કૃષ્ણની યથાર્થતા આપણે ત્યાં વિશેષ પ્રકારે માનવામાં આવે છે. તેનું કારણ આપણું ભક્તહૃદય છે.

શ્રીમહાપ્રભુજી તેથી તો આજ્ઞા કરે છે કે ''સૂર હ્વે કે કાહે ધિધિયાત હૈ, કછુ ભગવલ્લીલા ગા''. જો આપણે ભગવલ્લીલા ગાઈએ તો આપણને એ સમજાશે કે ભગવલ્લીલા કેટલી સુંદર છે, તેમાં કેટલો આનન્દ છે, કેટલો રસ છે. જો પરન્તુ આપણે જ્ઞાન-વૈરાગ્યથી ભગવદ્ લીલા ગાવાનો ઈન્કાર શરુ કરીએ તો તેને ઈન્કારી શકાય. અમે શા માટે ગાઈએ? શા માટે અમે સીધા મુક્ત ન થઈ જઈએ? પરન્તુ કોઈને મુક્ત થવું નથી. મેં પેલા ભાઈને કૈલાશ જવાનું કહ્યું તો તેઓ ગયા નહીં; પણ મારી પાસે બેસીને ઝઘડો કર્યો. આમ બધા ઝઘડો કરે છે.

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. રાધાકૃષ્ણન્‌ના એક નાના ભાઈ હતા. એક દિવસ તેમની સાથે મારી મુલાકાત થઈ. તેઓ કહેતા હ્તા કે મોટા-મોટા જ્ઞાની, વિરક્ત, મહાપુરુષો હિમાલયમાંથી મુંબઈ આવી જાય છે; પરંતુ તેઓ મુંબઈથી હિમાલય કેમ જતા નથી? તેમણે જે પ્રાપ્ત કર્યુ છે તેનો ઉપદેશ આપવો છે, તે સાંભળવા તો કોઈ જોઈએ ને! આપણું જ્ઞાન એમ કહે છે કે શિષ્ય અને ગુરુ નું દ્વૈત મિથ્યા છે. પરન્તુ ઉપદેશ આપવામાટે બધા મુંબઈ આવે છે. કોઈ સાંભળવા ન આવે તો પત્રિકા છપાવીને પણ ઉપદેશ આપે છે. મને તેમની આ વાત ઘણી સાચી લાગી. મે કહ્યું કે ''તમારી વાત ઘણી સાચી છે. મોટાભાગના જ્ઞાનીઓ મુંબઈથી હિમાલય જતા નથી, હિમાલયથી મુંબઈ આવે છે.'' આ દ્વૈતનું ચક્કર છે, તેનું કારણ જ્ઞાનીનો

પરાજય નથી, તેનું મૂળ કારણ એ છે કે સ્વયં પરમાત્મા પણ અદ્વૈતમાં રહેલો હતો છતાંય તેને ખુદ્દને ઈચ્છા થઈ કે મારામાં મારો જે આનન્દ સમાહિત છે તે આનન્દ કેવો છે, તે માણવા હું મારું બીજું રૂપ લઈને જોઉં તો મજા પડે. આવી જ રીતે, જે પરમ અદ્વૈત જ્ઞાની છે તેને પણ કોઈને કોઈ વિદ્યાર્થી-શ્રોતાની જરૂર રહે છે, જેને તે અદ્વૈતનું જ્ઞાન ભણાવી શકે અથવા સંભળાવી શકે અથવા પૂરેપૂરું આપી શકે. તેથી આપણા માટે તો દ્વૈતની જરૂર પડે છે. દ્વૈતનો ઈન્કાર કરી શકાતો નથી.

જેમ કલકત્તાનાં બાળકો પહેલાં નક્કી કરી લેવા માગતા હતા કે વાર્તા સાચી છે કે ખોટી. એક વખત તેમને ખાતરી થઈ ગઈ કે વાર્તા ખોટી પછી તેઓ વાર્તા સાંભળી શક્યાં. તેમ અદ્વૈતવાદીઓ કહે છે કે ''દ્વૈત મિથ્યા છે, ગુરૂ-શિષ્યનું દ્વૈત મિથ્યા છે, શ્રોતા-વકતાનું દ્વૈત મિથ્યા છે; બધું દ્વૈત મિથ્યા છે''. હવે દ્વૈતની કથા તેઓ આનન્દથી સાંભળી શકશે. પરંતુ જો અદ્વૈતીઓને એમ કહેવામાં આવે કે દ્વૈત સત્ય છે તો તેઓ કહેશે કે ''આ કથા કાલે સાંભળીશું, આજે નહીં''. શ્રીમહાપ્રભુજી કહે છે કે ભાઈ તમે શું કરવા ડરો છો? સૂર અર્થાત શૂરવીર થઈને શું કરવા ગભરાઓ છો અને રોદણાં રડો છો? તમારામાં એટલી હિંમત લાવો, એટલી સુરુચિ પેદા કરો, એટલી સહૃદયતા પ્રગટ કરો કે જેથી દ્વૈતને તમે સત્ય માની શકો. અદ્વૈત જો સત્ય છે તો દ્વૈત પણ સત્યતર છે. કારણ કે અદ્વૈતની કામનામાંથી જ દ્વૈત થયું છે, અદ્વૈતના સામર્થ્યમાંથી જ દ્વૈત થયું છે. અદ્વય અબાધિત જ્ઞાનરૂપ બ્રહ્મમાં તે જ્ઞાનના વિષય તરીકે જગત્ પ્રકટ થયું છે. ''એકોડહં બહુ સ્યામ્'' એ શુભ સંકલ્પમાંથી જ દ્વૈત પ્રકટ થયું છે. બ્રહ્મને અન્ય કોઈ બાહ્ય શક્તિ પ્રભાવિત કરી શકતી નથી, બ્રહ્મના પોતાના જ સત્યસંકલ્પમાંથી આ જગત પ્રગટ થયું છે. અબાધિત જ્ઞાનરૂપ સંકલ્પથી અને પોતાના સામર્થ્યથી જ આ જગતને પોતાનામાંથી પ્રગટ કર્યું છે.

આપણે નાટક કરવું હોય તો એકાદ જણે દિગ્દર્શક બનવું પડે, ૨-૪-૧૦ જણે અભિનેતા બનવું પડે, દરેક અભિનેતાને એક-એક પાત્ર આપવું પડે. આવી જરૂર બ્રહ્મને પડતી નથી. તે ખુદ એકટર બને છે અને ખુદ દર્શક પણ બને છે. તેથી તો ગુજરાતના ભકતકવિ નરસિંહ મહેતા કહે છે ''બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.'' બ્રહ્મ કોની પાસે લટકાં કરી રહ્યો છે? 'લટકાં' એટલે હાવ-ભાવ. કોની સામે બ્રહ્મ



હાવ-ભાવ કરે છે? બ્રહ્મ બીજા કોઈની સામે હાવ-ભાવ કરતો નથી તે ખુદ પોતાની સામે જ હાવ-ભાવ કરી રહ્યો છે. તે ખુદ પોતે જ પોતાની લીલા જોઈ રહ્યો છે, તે પોતાની લીલાની મજા પોતે જ લઈ રહ્યો છે.

ઉપનિષદો બ્રહ્મની આ ક્રીડાને 'આત્મક્રીડા', 'આત્મરતિ', 'આત્મમિથુન' કહે છે. આ પ્રમાણે જે વખતે બ્રહ્મની લીલા ચાલી રહી છે તે વખતે તે લીલાનો આનન્દ લેવાને બદલે આપણને ગ્રીન રૂમની સત્યતા જાણવાની ઈચ્છા કેમ પૈદા થઈ? આવી ઈચ્છા થવી તે કંઈ ખોટી વાત નથી. શ્રીમહાપ્રભુજી એમ નથી કહેતા કે તમે ગ્રીન રૂમની સચ્ચાઈ ન જાણો. શ્રીમહાપ્રભુજી એમ પણ નથી કહેતા કે ગ્રીન રૂમની હકીકતમાં સચ્ચાઈ નથી. શ્રીમહાપ્રભુજી તો કહે છે કે જો તમને ગ્રીન રૂમની સચ્ચાઈ જાણવી છે તો તમે મુક્ત થઈ જાઓ. જો તમે મુક્ત થઈ જવા માંગો છો તો બ્રહ્મ જે પ્રકારની લીલા કરી રહ્યા છે તે લીલાને એપ્રિશિયેટ્ કરવાની તમારામાં તાકાત રહી નથી. કારણ કે, તમે અરસિક છો. જો તમે રસિક છો તો તમારી આંખોનું એ જ ફળ છે કે તમે આ લીલાનાં દર્શન કરો. જો કોઈ આંખોવાળાને એક અંધારા કૂવામાં પૂરી દેવામાં આવે અથવા તે પોતે જ પોતાની આંખો બંધ કરી બેઠો રહે તો તેની આંખોનો કોઈ ઉપયોગ થતો નથી. આંધળામાં અને અંધાળા કૂવામાં ડૂબેલ માણસમાં શો તફાવત છે? બન્નેને કશું દેખાતું નથી.

આપણા ત્યાં બે પ્રકારનાં દર્શન ચાલે છે. એક દર્શન કહે છે કે જોનારને ખતમ કરી દો. બીજું દર્શન કહે છે કે દશ્યને ખતમ કરી દો. શ્રીમહાપ્રભુજી કહે છે ભાઈ, તમારે ખતમ થઈ જવું હોય તો થાવ; પરંતુ જે થવાનું છે તે તો થશે જ. આ લીલા ચાલી રહી છે તેનું ગાન કરવું હોય તો રોદણાં રડવાની જરૂર નથી, થોડીક હિંમત રાખો. તમને સમજાઈ જશે કે આ લીલાના ગાનમાં તમને કેટલો આનન્દ આવે છે! જેમને દ્વૈતથી ભય છે તેમને ઉપનિષદ્ સમજાવે છે કે ''દ્વૈત થવાથી ભય પૈદા થાય છે.'' તે સાંભળતા જ અદ્વૈતી વિદ્વાનોની ધીરજ ખૂટી જાય છે. તેથી તેમણે કહ્યું કે ''દ્વૈત મિથ્યા છે.'' શ્રુતિએ દ્વૈતને મિથ્યા કહ્યું નથી. શ્રુતિ પૂછે છે કે મનુષ્ય શા માટે ડરે છે. મનુષ્ય બીજાથી એટલા માટે ડરે છે કે જો બીજો થશે તો ઝઘડો થશે. બ્રહ્મે વિચાર કર્યો કે હું કોઈ બીજા સાથે દ્વૈત ન કરું. બ્રહ્મ બહારથી કોઈ મનુષ્યને લાવ્યો નથી, બ્રહ્મે બહારથી કોઈ તત્ત્વ પૈદા કરીને દ્વૈત કર્યું નથી. બ્રહ્મે

પોતાનામાંથી જ દ્વૈત પ્રગટ કર્યું છે.

તે એકજ બ્રહ્મ પતિ-પત્ની બનીને પોતાના સૌંદર્યનો દ્રષ્ટા બને છે, કર્મ અને કર્તા બને છે, જ્ઞેય અને જ્ઞાતા બને છે. બ્રહ્મ જ પોતે પતિ-પત્ની બની ગયો, દશ્ય અને દ્રષ્ટા બની ગયો, જ્ઞેય અને જ્ઞાતા બની ગયો. આ સ્થિતિને આપણે સમજીશું તો આપણને સમજાશે કે બ્રહ્મ પોતે જ ભજનીય છે અને તેને ભજવા માટે આપણે ભક્ત બનવું પડશે. આ અર્થમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ભાઈ, આમ તો બધા માર્ગ શ્રેષ્ઠ છે; પરંતુ જો તમે મને પૂછતા હો તો મારા મતે ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે. કારણ કે ભક્તિમાર્ગ આપણામાં એવી દષ્ટિ પેદા કરે છે કે જે લીલા પરમાત્મા કરી રહ્યો છે તે લીલાને આપણે માણી શકીએ. ગ્રીનરૂમની સચ્ચાઈની ચિંતામાં પડવાને બદલે સ્ટેજ પર ચાલતા દશ્યથી ડરવાને બદલે, સ્ટેજ ઉપર જે કંઈ ભયંકર કે સારી લીલા ચાલે છે તેને સાચી સમજીને આપણે તેને માણીએ. સ્ટેજ પર રાવણ આવી જાય તો આપણે નીરસ ન બની જઈએ અથવા સ્ટેજની સામેથી ભાગી ન જઈએ અથવા ગ્રીન રૂમમાં તપાસ કરવા ન જઈએ કે જે સ્ટેજ પર રાવણ બને છે તે વાસ્તવમાં કોણ છે? આપણે જ્યારે સ્ટેજ પર રાવણને જોઈએ છીએ ત્યારે એમ માનીએ છીએ કે આ લીલા સાચી છે. રામલીલાનો આ જ આનન્દ છે. રામલીલામાં રામ છે તેમ રાવણ અને કુંભકર્ણ પણ છે. તે સૌની લીલા ચાલી રહી છે. કોઈ લીલા એવી નથી જેમાં આનન્દની અનુભૂતિ ન થાય. સ્ટેજ પર સિંહ આવી જાય તો આપણે બધા ભય પામી ભાગવા લાગીશું. અરે અહીં પણ વાઘ આવી જાય તો પ્રવચન સાંભળવાને બદલે આપણે દોડાદોડ કરીશું; પરંતુ જો વાઘ-સિંહની વાત થતી હશે તો આપણે બધા બેસીને શાન્તિથી સાંભળીશું. વાસ્તવમાં, વાઘ-સિંહ ભયંકર છે તો વાઘ-સિંહની વાત પણ ભયંકર હોવી જોઈએ; પરંતુ શિકારની કોઈ રોચક વાત અત્યારે કોઈ કહે તો આપણે તેને રસપૂર્વક સાંભળીશું. વાઘ-સિંહ ભયંકર હોવા છતાં, વાઘ-સિંહની વાત ભયંકર નથી; કારણ કે તે વાતમાંથી રસાત્મકતા પ્રગટે છે. જે કાર્ય રુચિથી કરવામાં આવે છે તેમાંથી રસાત્મકતા પ્રગટે છે. રસાત્મકતા સ્વયં એવી બાબત છે કે વાત જેટલી ભયંકર તેટલો તેમાં વધારે રસ આવે. સાચો સિંહ જેટલો આનન્દ નથી આપતો તેટલો વાર્તાનો રસાત્મક સિંહ આનન્દ આપે છે, લીલાત્મક સિંહ વિશેષ આનન્દ આપે છે.



રામકૃષ્ણ પરમહંસના સમયની આ વાત છે. કલકત્તામાં એક નાટક મંડળીએ નાટક કર્યું. નાટક મંડળીના વ્યવસ્થાપકોએ ચૈતન્યને રંગમંચ પર ઉતાર્યા. તેઓ ઈચ્છતા હતા કે કોઈ પણ ભોગે એકે વખત રામકૃષ્ણ પરમહંસને આ નાટક દેખાડવા લઈ આવીએ. તેમના નાટક જોવા આવવાથી નાટકની પબ્લીસીટી સારી થશે. તેઓ રામકૃષ્ણ પાસે ગયા. તેમણે રામકૃષ્ણને કહ્યું કે ''આ નાટકમાં અભિનય કરનારી વ્યક્તિમાં જ્યારે ચૈતન્યનો આવેશ આવે છે ત્યારે એમ જ લાગે છે કે જાણે સાક્ષાત્ ચૈતન્ય આવી ગયા હોય. એક વખત પધારો''. રામકૃષ્ણે કહ્યું કે ''જો ખરેખર સાક્ષાત્ ચૈતન્ય આવતા હોય તો તમારું નાટક લાંબુ ચાલશે નહીં.'' નાટકના વ્યવસ્થાપકો પરમહંસનો અભિપ્રાય સમજી ન શક્યા. તેમણે આગ્રહ કર્યો કે ''આપ એક વખત પધારો, પછી તો અમારું નાટક વધારે જોરદાર ચાલશે.'' તેઓ એક દિવસ તેમને લઈ ગયા. ચૈતન્યનું પાત્ર કરનાર કલકત્તાની એક વેશ્યા હતી. શ્રીરામકૃષ્ણ પરમહંસ તો વિશિષ્ટ પ્રકારના ભક્તરુચિના સંત હતા. જે વખતે રંગમંચ પર ચૈતન્યનો સુંદર અભિનય કરવામાં આવ્યો તે જ વખતે, નાટક પૂરું થતાં, શ્રીરામકૃષ્ણ પરમહંસ જઈને ચૈતન્યનું પાત્ર ભજવનારી એ વેશ્યાના પગમાં પડી ગયા. તે વેશ્યાએ વિચાર કર્યો કે ''અરે! ખુદ શ્રીરામકૃષ્ણ મારા પગમાં પડી ગયા, હવે મારે આવી બનાવટ કરવાની જરૂર શી છે?'' તે ખરેખર ચૈતન્યની માફક સાધુ બની ગઈ. તેણે નાટકના વ્યવસ્થાપકોને કહી દીધું કે ''હવે હું નાટક નહીં કરું.'' તેનું નાટક સત્ય બની ગયું. રામકૃષ્ણની વાત સાચી નીકળી. જો ખરેખર તે ચૈતન્યનો અભિનય કરતી હશે તો નાટક લાંબુ નહીં ચાલે. નાટકમાં ખરેખર ચૈતન્યનો અદ્ભુત અભિનય હોવાથી આવા ભક્તિહૃદયવાળા રામકૃષ્ણ તેના પગમાં પડી ગયા. રામકૃષ્ણના પગમાં પડવાથી તેનું હૃદય પરિવર્તન પામી ગયું. રામકૃષ્ણે નાટકનું એપ્રીશિયેશન્ કર્યું. રામકૃષ્ણે ગ્રીનરૂમની સચ્ચાઈનો વિચાર કર્યો નહીં. રામકૃષ્ણે એમ વિચાર ન કર્યો કે એક વેશ્યા અભિનય કરી રહી છે. આમાં વેશ્યાના અભિનયની મહત્તા ન હતી, રામકૃષ્ણના દર્શકની મહત્તા હતી.

ભક્તિમાર્ગમાં ભક્તિની શ્રેષ્ઠતા છે તે આ અર્થમાં છે. સંપૂર્ણ જગત્ ભગવાનની લીલા છે, તે લીલાનો સહૃદયતાથી અનુભવ કરવો, તે લીલાના રસનું સહૃદયતાથી પાન કરવું. આવી લીલાનો આસ્વાદ કરવાનો ભાવ કેવળ ભક્તિ દ્વારા જ પ્રાપ્ત થાય છે.

ઉદ્ધારક તો જો કે કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગ પણ છે, તે માર્ગથી પણ ભગવત્પ્રાપ્તિ થશે, મુક્તિ થશે-બધું થશે; પરંતુ અંતર એટલું છે કે કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગ નું મૂળ તાત્પર્ય મુક્તિમાં છે, જ્યારે ભક્તિમાર્ગમાં ભક્તિ મુક્તિ માટે નથી, ભક્તિ કેવળ ભકિત માટે છે. જે વખતે આપણે મુક્તિના હેતુ માટે ભક્તિનો વિચાર કરીશું તે વખતે તે ભક્તિ નહીં રહે; તે ભક્તિ ન રહેતાં કાં તો તે ઉપાસના બની જશે, કાં તો તે પૂજા બની જશે અથવા ભક્તિનું કોઈક અન્ય ગૌણ રૂપ બની જશે. ભક્તિને સાચા અર્થમાં 'ભક્તિ' ત્યારે જ કહી શકાય કે જ્યારે તેમાં કેવળ ભક્તિની જ કામના હોય. આપણે ત્યાં તેને 'સ્વરૂપાસક્તિ' કહેવામાં આવી છે. ભકિતમાં નિરુપાધિક ભાવ હોવો જોઈએ, ભક્તિમાં કોઈ ઉપાધિ હોવી જોઈએ નહીં.

આજે કેટલાક લોકો પોતાના નામ પાછળ કેટલી ઉપાધિ લગાવે છે! કોઈક 'પદ્મભૂષણ' કહે છે, કોઈક 'બી.એ' અને 'એમ.એ.' ની ઉપાધિ લગાવે છે. આપણે જે વખતે સ્નેહ કરીએ છીએ ત્યારે સ્નેહમાં કોઈ પ્રકારની ઉપાધિ હોતી નથી. આવા ઉપાધિ વિનાના સ્નેહને 'ભક્તિ' કહેવામાં આવે છે.

મનુષ્ય પોતાના નામ પાછળ ઉપાધિ ક્યારે લગાવે કે જ્યારે તેને પોતાના નામમાં વિશ્વાસ ન હોય. શંકરાચાર્યે, મધ્વાચાર્યે પોતાના નામ પાછળ કોઈ ઉપાધિ લગાવી નથી, કારણ કે તેમને તેમના નામમાં વિશ્વાસ હતો કે મારું નામ જ પૂરતું છે. આપણને પોતાના નામમાં વિશ્વાસ નથી માટે ઉપાધિ લગાવીએ છીએ. હવે તો લોકો પોતાના નામ પાછળ એક-બે નહીં, પાંચ-દસ ઉપાધિઓ લગાવતા થયા છે.

જ્યારે આપણા હૃદય ઉપર આપણને પૂર્ણ વિશ્વાસ ન હોય ત્યારે આપણે આપણા સ્નેહમાં કોઈક ને કોઈક ઉપાધિ લગાવવા માગીએ છીએ. સ્નેહને કઈ ઉપાધિ લગાવી શકાય? શાંત ચિત્તથી સ્નેહની ઉપાધિનો વિચાર કરવા જેવો છે. ઉપાધિનો એક અર્થ છે આપત્તિ. લૌકિક બોલચાલની ભાષામાં 'ઉપાધિ' શબ્દ આપત્તિ-મુશ્કેલીના અર્થમાં વપરાય છે. અહીં તે અર્થમાં આ શબ્દ વપરાયો નથી. 'ઉપાધિ'નો એક બીજો અર્થ છેઃ શરત-કંડીશન. ક્યારેક આપણે શરતપૂર્વક વાત કરીએ છીએ.

કિશનગઢમાં મારી પાસે એક સિતારવાદક આવ્યા. તેઓ મને સિતાર



સંભળાવવા માગતા હતા. મેં તેમને બપોરથી સાંજ સુધીનો, સેવામાં હું ન હોઉં ત્યારનો સમય આપ્યો. રાજભોગ પછી તે આવ્યા. હું સિતાર સાંભળવા બેઠો. એવામાં તેમણે એક થેલો ભરીને કાગળોનું એક બંડલ કાઢયું. તેમાં જુદા-જુદા સ્થળની શાળાઓ, કોલેજો, સંસ્થાઓ વગેરેનાં પ્રમાણપત્રો હતાં. તેમણે મને કહ્યું કે ''મહારાજ! પહેલાં મારી કલાનાં આ પ્રમાણપત્રો આપ જુઓ.'' મેં કહ્યું કે ''ભાઈ, તે જોવાની શી જરૂર છે? હું તો તમારી સિતાર જ સાંભળી લઈશ.'' તેમણે કહ્યું ''ના, આ જુઓ.'' મેં કહ્યું કે ''મને તે જોવામાં ખરેખર કોઈ રુચિ નથી. મને તમારી સિતાર સાંભળવામાં કદાચ રુચિ થાય. આ પ્રમાણપત્રો જોવાનો ફાયદો શો?'' તેણે ત્રીજી વખત આગ્રહ કર્યો. ત્યારે મેં શરત કરી કે 'કાં તો હું તમારાં બધાં પ્રમાણપત્રો વાંચી જાઉં અથવા તો તમારી સિતાર સાંભળું.'' તેઓ મહાન સિતારવાદક હતા. તેમણે કહ્યું ''તમે પ્રમાણપત્રો જરૂર જુઓ.'' અને હું સચ્ચાઈથી બધાં પ્રમાણપત્રો જોઈ ગયો. મેં પછી તેમની સિતાર ન સાંભળી. જે આવી ઉપાધિઓ સાથે સિતાર સંભળાવવા ઈચ્છે છે તેને પોતાને તેની સિતારવાદનની કલાઉપર ઓછો ભરોસો છે. તેને આ કાગળોઉપર, પ્રમાણપત્રોઉપર, ઉપાધિઓઉપર વધારે ભરોસો છે. મેં તેમને કહ્યું સવિનય કહ્યું કે ''સિતાર મને જેટલો સમય સાંભળવી હતી એટલો સમય આ પ્રમાણપત્રો જોઈને મને સંતોષ થઈ ગયો.''

આવી રીતે સ્નેહમાં જે વખતે કોઈ ઉપાધિ-શરત કરવામાં આવે છે તે વખતે તે શરતને સમજવામાં સ્નેહની વાત સમજાતી નથી. જો સ્નેહની વાત સમજવી છે તો સ્નેહની અભિવ્યકિત કરવી જરૂરી છે. સ્નેહની અભિવ્યક્તિ કોઈ પણ જાતની શરત વિના થવી જોઈએ કોઈ પણ પ્રમાણપત્ર વિના થવી જોઈએ. માટે શાસ્ત્રોએ કહ્યું છેઃ ''સુદૃઢઃ સર્વતોધિક સ્નેહો ભક્તિરિતિ પ્રોકતઃ'' આવો શરત વિનાનો નિરુપાધિક ભાવ તેનું નામ 'ભક્તિ'.

ધારો કે આપણને એક દુકાનદાર સારો લાગે છે. વિચારો કે તે દુકાનદાર આપણને કેમ સારો લાગે છે? કારણ કે જ્યારે આપણે તેને ત્યાં માલ ખરીદવા જઈએ છીએ ત્યારે તે આપણને કંઈક સસ્તા ભાવે માલ આપે છે, ક્યારેક તેમાં રિબેટ આપે છે, આપણી સાથે મીઠી વાતો કરે છે, સારી સેલ્સમેનશીપ્ બતાવે છે. આવા બધા કરણે તે આપણને સારો લાગે છે. પરંતુ, તેનું સારું લાગવું શરતી છે.

વર્ષો સુધી જે આપણને સારો લાગ્યો તે દુકાનદાર જો કોઈ દિવસ આપણી સાથે તોછડાઈથી બોલે તો આપણને સારો લાગતો બંદ થઈ જશે.

આમ, દુનિયાના સારા-નરસાંના જેટલા વ્યવહારો ચાલે છે તે બધા શરતી હોય છે. દરેક મનુષ્ય શોધે છે તો શરત વિનાનો સ્નેહ જ. પરંતુ લોકવ્યવહારમાં કંઈક એવા બંધનો છે કે જેને કારણે આપણે નિરુપાધિક સ્નેહ કરવા ઈચ્છીએ તો પણ કરી શકતા નથી, તેમાં કોઈને કોઈ શરત-ઉપાધિ આવી જ જાય છે. વ્યક્તિ બીજી વ્યકિત પાસેથી નિરુપાધિક સ્નેહની અપેક્ષા રાખતો હોય છે પરંતુ તે પોતે તો બધાને સોપાધિક સ્નેહ જ કરતો હોય છે. નિરુપાધિક સ્નેહ કરવો એ કેટલી સુંદર વાત છે! પરંતુ નિરુપાધિક સ્નેહ કરવો કેવી કેમ? મનુષ્યને નિરુપાધિક સ્નેહ કરવાનો અભ્યાસ જ નથી. મને મારો દીકરો વ્હાલો લાગે કે ગામનો દીકરો? મને મારું ઘર વ્હાલું લાગે કે ગામમાં બીજાનું ઘર? પોતાનો દીકરો વિદ્વાન બને તે બધાને ગમે, પોતાનો દીકરો ઓફિસર બને તે બધાને ગમે, પોતાનો દીકરો નેતા બની જાય તે બધાને ગમે; પરંતુ પડોશીનો દીકરો નેતા બને તો ઈર્ષ્યા થાય.

નિરુપાધિક સ્નેહનો પરિચય નથી એવું કોઈ કહી નથી શકતું. આપણું હૃદય નિરુપાધિક સ્નેહને જાણે છે; પરંતુ તેવો સ્નેહ કરી શકતું નથી. જો નિરુપાધિક સ્નેહની હૃદયને ખબર ન હોય તો જે વ્યક્તિ આપણને નિરુપાધિક સ્નેહ કરે છે તેના સ્નેહને આપણે કેવી રીતે પસંદ કરીએ છીએ? આપણે સ્નેહી પ્રત્યે હમેંશા શંકા કરીશું કે તેના સ્નેહમાં કંઈક ને કંઈક સ્વાર્થ છે. પરંતુ જે વ્યક્તિ આપણને ખરેખર નિરુપાધિક સ્નેહ કરે છે તેના સ્નેહને આપણે પસંદ કરીએ છીએ. વ્યકિત જ્યારે નિરુપાધિક સ્નેહ કરે છે તો તેમાંથી એક પ્રકારની ધન્યતા અનુભવીએ છીએ. આપણે તેને સ્નેહ કરી શકતા નથી, તે આપણા સ્વભાવની અને વ્યવહારની વિવશતા છે. જો સ્નેહમાં આવી શરત કે સ્વાર્થ આડે ન આવતા હોય તો એવા સ્નેહને જ ભક્તિનો ભાવ કહ્યો છે. આવા નિરુપાધિક સ્નેહમાં એકાંત અનન્યતા-નિષ્ઠા હોવી જોઈએ.

શ્રીમહાપ્રભુજી એમ કહેવા માગે છે કે જો આપણી ભક્તિમાં એકાંત નિષ્ઠા છે તો આપણામાં નિરુપાધિક ભક્તિ માટે અવસર છે; પરંતુ ભક્તિમાં અનેકાંતતા



પ્રગટ થઈ ગઈ તો જરૂર કોઈ ઉપાધિ-શરત-સ્વાર્થ આપણા હૃદયમાં સ્નેહની સાથે કામ કરવા લાગી જશે.

ગુજરાતીમાં કહેવાય છે કે ''ડાકણ પણ એક ઘર તો છોડે છે.'' તો આપણે સ્નેહના માટે એક વિષય તો કમસેકમ એવો રાખીએ કે જેમાં આપણો નિરુપાધિક સ્નેહ હોય. જો આપણે ભગવાન્ સાથે ભક્તિના બદલામાં કોઈ સોદો કરીશું તો તે ભક્તિ સોપાધિક બની જશે. આપણે ભગવાનને કહીએ કે હું તમને એટલા માટે નમસ્કાર કરું છું કે હું પરીક્ષામાં પાસ થઈ જાઉં. આવું કરનાર કદાચ પોતાને મોટો ભક્ત મનતો હશે. ના આ ભકિત નથી, આ સોદો છે. તમને ખબર છે કે ભગવાન્ તમારી ઈચ્છા પૂર્ણ કરશે. ઈચ્છા પૂરી કરશે તે માટે તમે માનતા માનો છો, તે માટે તમે કયાંક પૂજા કરો છો, તે માટે તમે કથા સાંભળો છો, તે માટે જીવનમાં કેયલાંક બખડજંતર પણ કરો છો. આ બધું ભક્તિ છે એમ માનશો નહીં. આ ભક્તિ નથી. કારણ કે 'ભક્તિ'નો અર્થ છે સ્વાર્થ વિનાનો, શરત વિનાનો, નિરુપાધિક સ્નેહ. આપણા હૃદયમાંથી જ્યાં સુધી મુક્તિપર્યન્તની બધી કામનાઓ ખતમ ન થઈ જાય, ત્યાં સુધી કેવળ સ્નેહ માટે સ્નેહ થઈ શકશે નહીં, કેવલ સ્નેહ માટે સ્નેહ કરવો તેનું નામ છે 'ભક્તિ'.

દુનિયામાં જે કંઈ સ્નેહ દેખાય છે તે સ્વાર્થમાટે છે. દીકરો મોટો થઈ, કમાઈને ખવડાવશે, ઘડપણનો સહારો બનશે તે માટે પ્રિય લાગે છે. એ જ દીકરો જો ઘરમાંથી કાઢી મૂકે, અંગૂઠો બતાવે તો આપણે કળિયુગને ગાળો આપવા માંડીએ છીએ કે ''ઘોર કળિયુગ આવી ગયો છે. તેને અમે ભણાવ્યો, બધું કર્યું પણ તેણે દીકરાનું કર્તવ્ય બજાવ્યું નહીં. અમારા ઘડપણમાં અમારી સેવા કરી નહીં.'' આનો અર્થ એ નથી કે દીકરાએ ઘડપણમાં મા-બાપની સેવા ન કરવી. સમજવાની વાત એ છે કે દીકરા પરનો આપણો સ્નેહ શરતી છે, સ્વાર્થપૂર્ણ સ્નેહ છે, સોપાધિક સ્નેહ છે. તેમાં દીકરા પ્રત્યેની મારાપણા-મમતાની શરત-ઉપાધી આવી. ત્યાં સ્નેહ ખતમ થઈ ગયો, શુદ્ધ સ્નેહ રહ્યો નહીં.

હવે એક બીજું ઉદાહરણ જુઓ. આપણે હૃદયપર હાથ મૂકીને પૂછવા જેવું છે કે કોઈ પણ વ્યકિત પોતાની જાતને કેમ ચાહે છે? શું તે પોતાનો દીકરો છે?

શું તે પોતાનો બાપ છે? પત્ની છે? પતિ છે? શું છે? પોતે પોતાનો કંઈ નથી છતાં પોતે પોતાની જાતને ચાહે છે.

આપણે આપણી જાતને ચાહીએ છીએ એમાં સ્વાર્થ છે કે પરાર્થ તે નક્કી કરી શકતા નથી. સ્નેહની વાત કરતાં મનમાં એવો વિચાર આવે કે કંઈક તો પરાર્થતા હોવી જોઈએ. સ્નેહના ઉદાહરણો જોતાં સ્નેહમાં બધે સ્વાર્થ જ જણાય છે તો શું એમ કહીશું કે સ્વાર્થનું જ બીજું નામ 'સ્નેહ' છે! બુદ્ધિ ચકરાવામાં પડી જશે. જો સ્વાર્થનું બીજું નામ 'સ્નેહ' છે તો પછી ખરેખર સ્નેહ શું છે? ઉપનિષદ્ તેનું રહસ્ય સમજાવે છે ''તમારા આત્મામાં પ્રિયત્વનો જે ગુણ છે તેનું કારણ પરમાત્મા છે.'' પ્રત્યેક પ્રાણીની અંદર પરમાત્મા પ્રત્યેનો નિરુપાધિક સ્નેહ રહેલો છે. પછી તે વ્યક્તિ ઈશ્વરવાદી હોય કે ન હોય, આસ્તિક હોય કે ન હોય, શૈવ વૈષ્ણવ જૈન ઈસાઈ કે મુસલમાન હોય દરેકના હૃદયમાં પરમાત્મા પ્રત્યે અવ્યકત સ્નેહનું બીજ રહેલું છે. આ અવ્યકત સ્નેહના બીજને લીધે આપણે આપણા આત્માને સ્નેહ કરીએ છીએ. આત્માના સ્વાર્થને લઈને આપણે આપણા દેહને સ્નેહ કરીએ છીએ. દેહના સ્વાર્થને લઈને દેહ સાથે સમ્બન્ધ રાખનાર અલગ-અલગ વ્યક્તિઓને આપણે સ્નેહ કરીએ છીએ. આપણો આ સ્નેહ દેહોપાધિક સ્નેહ છે, દેહના સ્વાર્થને લઈને ઉદ્‌ભવેલો સ્નેહ છે. મરતી વખતે મનુષ્ય કોનો વિચાર કરે છે? તે કોઈનો વિચાર કરતો નથી. કારણ કે દેહથી જ્યારે આત્માનો સમ્બન્ધ છૂટે છે ત્યારે દેહ સાથે સમ્બન્ધ બધી વાત ગાયબ થઈ જાય છે. કોઈ આત્મા આજ સુધી પોતાની સાથે કોઈને લઈ જઈ શક્યો નથી, તે એકલો જ જાય છે. કારણ કે બધા વિષયો અને બધી વસ્તુઓ સાથેનો તેનો જે સમ્બન્ધ હતો તે દેહોપાધિક સમ્બન્ધ હતો. દેહોપાધિક સમ્બન્ધ છૂટી જવાથી બધી બાબતો પણ છૂટી ગઈ. અન્ય વિષયોનો દેહોપાધિક સમ્બન્ધ છે, દેહને આત્મા સાથેનો આવો શરતી સમ્બન્ધ છે. માટે આપણે આત્મા સાથે સ્નેહ કરીએ છીએ.

આપણો પરમાત્મા સાથેનો જે સ્નેહ છે તે નિરુપાધિક છે. માટે પરમાત્મા જ સ્નેહના સમગ્ર સ્ત્રોતનું મૂળ છે, પરમાત્મા જ સ્નેહનો સમગ્ર સ્ત્રોત છે. આપણે, પરન્તુ, તે જાણી શકતા નથી એટલે અન્ય શરતો અને સ્વાર્થ થી આપણે આપણી જાતને સ્નેહ કરીએ છીએ. આપણે પરમાત્માને ઓળખી શક્યા નથી,



આપણને પરમાત્માની અનુભૂતિ થઈ નથી. પરમાત્માના પરમાનંદ રૂપને જાણ્યું નથી તેથી જે જડ છે, દુઃખરૂપ છે એવી વસ્તુઓમાં પણ આપણે સ્નેહ કરીએ છીએ. ઉપનિષદ્ કહે છે ''પરમાત્માની ઝલક બધે છે''. આનું આપણને સ્પષ્ટ જ્ઞાન થાય તો-તો કહેવું જ શું! પરન્તુ પરમાનન્દની વ્યાપક ઝલક બધે હોવાથી સર્વત્ર સ્નેહ થાય છે. સર્વત્ર સ્નેહ થાય છે તે પરમાત્મા પ્રત્યેનો આપણો સ્નેહ છે. આવો સ્નેહ નિરુપાધિક છે. ભક્તિનું બીજ આ રહસ્યમાં રહ્યું છે. જો આ રહસ્યને આપણે ન જાણીએ તો ભક્તિની વાત આપણી સમજમાં નહીં આવે.

જો આપણે એમ કહીશું કે ''માનતા માનવાથી અમારી માનતા સફળ થઈ'' તો તે સ્નેહ નથી. લોકો સાંઈબાબાની માનતા મનાવવા શીરડી જાય છે. માનતા સફળ થાય તે માટે દસ-વીસ ચક્કર કાપે છે. કેટલાક સાંઈબાબાની માનતામાટે બેંગ્લોર જાય છે. ઈચ્છિત વરદાન તેમને મળતાં હશે. કોઈની બીમારી મટી જાય, કોઈને પુત્ર મળે, કોઈને ધન મળે. લોકો આ માટે દસ-વીસ ચક્કર કાપે છે. તેમને આપણે પૂછીએ તો તેઓ કહેશે ''અમે સાંઈબાબાના ભક્ત છીએ.'' આ તેમની ગેરસમજ છે. તેઓ ભક્ત નથી. તેઓ સાંઈબાબાની ભક્તિનો સૌદો કરી રહ્યા છે. તેમને સમજણ પડી ગઈ છે કે સાંઈબાબાનું એક સુપર બજાર ચાલે છે જેમાં બધી વસ્તુઓ મળે છે. નાના ગામમાં જુદા-જુદા પ્રકારની દુકાનોના જુદા-જુદા વિસ્તાર હોય છે. અનાજનું એક બજાર, કપડાનું બીજું બજાર. ત્યારે સુપર બજારમાં બધી વસ્તુઓ એક સાથે મળે. સાંઈબાબાનું આવું એક સુપર બજાર છે જ્યાં આપણે જે ઈચ્છીએ તે મળે. એ માટે લોકો ત્યાં જાય છે, તેમની સાથે સોદાબાજી કરે છે. તેઓ ભક્તિમાટે જતા નથી. આપણે ભૂલી જવું જોઈએ કે આપણે ભક્ત છીએ. આવા લોકો અહંકારથી કહે છે ''અમે સાંઈબાબાના ભક્ત છીએ'' ખરેખર તેઓ સાંઈબાબાના ઘરાક છે. સાંઈબાબાના સુપર બજારમાં બધી ચીજો મળે છે, તમારે જે વરદાન જોઈએ તે મળે છે. માટે તમે જાઓ છો.

ભગવાનનું એક સુપર બજાર છે. ભગવાનની માનતા માનીએ ત્યારે આપણે એમ કહીએ કે ''આપણે ભગવાનના ઘરાક છીએ''. ભગવાન્ સાથે સોદો કરીએ છીએ તો વાત બિલકુલ સાચી છે, તેમાં કોઈ ગડબડ નથી. ભગવાન્ સાથે બધા વ્યવહાર થઈ શકે. આ પણ એક વ્યવહાર છે, તેથી તે પણ થઈ શકે. કારણ

કે આપણે એમ કહીશું કે ભગવાન્ પાસે નહીં માગીએ તો બીજો કોની પાસે મગીશું? ભગવાનની જ જો આ બનાવેલી દુનિયા છે અને તેમાં કોઈની પાસે માગવાનું છે તો ભગવાન્ પાસે કેમ ન માગવું?

ભગવાન્ સાથે વાણિયાવૃત્તિ કરીશું તો યાદ રાખજો, ભગવાન્ સૌથી મોટો વાણિયો બની શકે છે. કારણ કે ભગવાન્ સત્યનું સત્ય છે, આત્માનો આત્મા છે, ઈશ્વરનો ઈશ્વર છે, કાલનો કાલ છે, ઈશનો ઈશ છે તેથી વાણિયામાંય તે સૌથી મોટો વાણિયો પણ છે. ભગવાનને વાણિયાવૃત્તિ કરતાં નથી આવડતું એમ નથી. તમે માનતા માનો અને તમારી માનતા પૂરી થાય ત્યારે વિચારી લેવું કે ભગવાન્ સાથેનો તમે કેવા પ્રકારનો સમ્બન્ધ બાંધ્યો હતો. તમને એવી ગેરસમજમાં રહેવાની જરૂર નથી કે તમે ભક્તિ કરી રહ્યા છો. આપણે ભગવાન્ સાથે વેપાર કરીએ છીએ, સોદાબાજી કરીએ છીએ. ભગવાન્ સાથે જેમ બધા સમ્બન્ધ સંભવિત છે તેમ વેપારનો સમ્બન્ધ પણ સંભવિત છે. ભગવાન્ માટે કહ્યું છે ''ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ, ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવદેવ''.

લોકો આજકાલ ફાળો એકઠો કરવા ભાગવતની સપ્તાહ કરે છે. અમારા મુંબઈમાં એનો મોટો ઉપદ્રવ ચાલે છે. એક યજમાને ભાગવત સપ્તાહ બેસાડી. કથાકારને એક યજમાનથી સંતોષ ન થયો. તેણે રામજન્મનો જુદો યજમાન, કૃષ્ણજન્મનો જુદો યજમાન એમ યજમાનોની હારમાળા ઉભી કરી. પહેલાંના સમયમાં ભાગવત સપ્તાહ થતી ત્યારે તે કેવલ ભગવદ્ભક્તિ માટે જ થતી. તેમાં યજમાનોની કે ફાળો એકત્ર કરવાની કોઈ વાત ન હોતી. આજકાલ ભાગવત સપ્તાહમાં રૂપીયા ભેગા કરવાનું બહુ મોટું કૌભાંડ ચાલે છે. મોટાં શહેરોમાં તો તેનું મોટું નાટક ચાલે છે. કથાકાર ભાગવતની કથામાંની દરેક આઈટમનો એક-એક યજમાન બનાવે છે. જેટલા યજમાન વધુ તેટલા રૂપીયા વધુ મળે. બીજા કોઈ સાંભળવા આવે કે ન આવે પણ યજમાને તો આવવું જ પડે. એટલે શ્રોતાઓ પણ આપમેળે એકઠા થઈ જાય. મને લાગે છે કે આ રોગ વધતો જશે તો ભવિષ્યમાં ભાગવતના એક-એક શ્લોક માટે એક-એક યજમાન પૈદા કરવામં આવશે. ૧૮,૦૦૦ શ્લોકના ૧૮,૦૦૦ યજમાનો. મોટી વાણિયાવૃત્તિ આજે ચાલી રહી છે.



આવી વાણિયાવૃત્તિ બીજા ક્ષેત્રોમાં નથી ચાલતી એવું નથી. અને તે સફળ પણ થાય છે. આજે ભાગવતના નામે લોકોને લાખો રૂપિયા મળે છે. ભાગવતનો એક ધંધો જ થઈ ગયો છે. ભગવાન્ આમાં આપણી ઈચ્છા પૂરી ન કરે એવી વાત નથી; પરંતુ આપણે વાણિયાવૃત્તિ કરીશું તો ભગવાન્ પણ આપણી સાથે વાણિયાવૃત્તિ કરશે. આનું પરિણામ એ આવશે કે આવા ભાગવતથી આપણને ભગવાન્ નહીં મળે. આવી ભાગવતથી કેવળ રૂપિયા અને મેળાવડો જ મળશે. પરંતુ જોવાની વાત એ છે કે આવી ધંધાદારી કથાથી કથાકાર પણ ખુશ છે અને યજમાન પણ ખુશ છે. યજમાન માને છે કે કેવળ બેસીને સાંભળવા કરતાં મોટા યજમાન બની, એક મોટું નાટક કરી, પ્રતિષ્ઠા મેળવી. રુકિમણિનો પિતા બની, કૃષ્ણનો પિતા બની, બેન્ડપાટીવાળાને એકઠા કરી, ગીતો વગાડી, કૃષ્ણનો વરઘોડો કાઢી કથામાં જઈએ તો કંઈક મોભો દેખાય. આવા દમ્ભી શ્રોતાઓ સમાજમાં હોય છે એ વાતને કથાકારો સારી રીતે જાણતા હોય છે. તેથી તેઓ દમ્ભી શ્રોતાઓનો દમ્ભ સન્તોષાય તે માટે નવા-નવી કીમીયા તેમને સુઝાડતા રહે છે, ભાગવતના નામે રૂપિયા એકઠા કરવા નવી-નવી યુક્તિઓ શોધતા રહે છે. ભગવાન્ પણ તેમની યુક્તિઓને પૂરી કરે છે. કથાકાર પણ ખુશ છે. કારણ કે, તેને ભાગવતના નામે ઘણા રૂપિયા મળે છે.

ગીતામાં ભગવાન્ કહે છે મારાં અનેક વિભૂતિરૂપો છે. છેતરપિંડી કરનારાઓમાં હું જુગાર છું. ''દ્યૂતં છયતામસ્મિ''. એમ વાણિયાવૃત્તિ કરનારાઓમાં ભગવાન્ પણ સવાયો વણિક છે. પરંતુ જો સચ્ચાઈથી વિચાર કરીશું તો ભગવાનની સાથે સૌદાબાજી કરવી એ ભક્તિ નથી. આને ભક્તિ કહેવી તે 'ભક્તિ' શબ્દનું અપમાન છે, ભક્તિશાસ્ત્રનું અપમાન છે, ભક્તિના સમ્બન્ધની ગરિમાનું-પવિત્રતાનું અપમાન છે. તેને લાંછન લગાડવા જેવું આ દુષ્કૃત્ય છે. આ પ્રકારે ભાગવતની કથા કરવી અથવા ભાગવતની કથા સાંભળવી એ ભક્તિને લાંછન લગડવા સમાન વાત છે. તે ભક્તિ નથી, બીજું જે કંઈ પણ હોય. જીવનમાં મનુષ્યને અનેક પ્રકારની આવશ્યકતાઓ હોય છે. તેમાંથી અનેક પ્રકારનાં દ્વૈત પ્રકટ થાય છે. દ્વૈતમાં આપત્તિ નથી. વાત કેવળ એટલી જ છે કે તેને 'ભક્તિ' ન કહો, તેને ભક્તિ ન માનો. ભક્તિનો ભાવ કેવળ નિરુપાધિક ભાવ છે. જો તેમાં કોઈ પણ પ્રકારની ઉપાધિ, શરત કે સ્વાર્થ આવી ગયાં તો પછી તે ભક્તિ રહેતી નથી, તે બીજું કંઈ પણ હોઈ શકશે.

ભક્તિના આવા નિરુપાધિક ભાવથી જગતમાં જે ભગવલ્લીલા થઈ રહી છે તેનું રસાસ્વાદન કરવું જોઈએ. ભગવલ્લીલાનું રસાસ્વાદન કર્મના કે જ્ઞાનના ભાવથી થઈ શકશે નહીં, તે કેવળ નિરુપાધિક સ્નેહથી થઈ શકશે.

જો આપણા હૃદયમાં હંમેશ માટે દ્વૈત ભાવ રહે કે આ પાત્ર અલગ છે અને આ અભિનેતા અલગ છે, તો નાટકનો રસાસ્વાદ માણી શકાય નહીં. જો આપણામાં અત્યંત અભેદ ઉભો થાય તો પણ મોટી પંચાત થાય. કમળની દાંડીમાંથી નીકળતાં ઝીણામાં ઝીણા તાર જેવો અભેદ-ભેદનો ખૂબ જ સૂક્ષ્મ અને નાજુક સમ્બન્ધ હોય છે, જેની વ્યાખ્યા આપણે દ્વૈત કે અદ્વૈતમાં કરી શકતા નથી. જો આપણે એમ માની લઈએ કે અભિનેતાનું અદ્વૈત છે અને તેણે જે પાત્રનો અભિનય કર્યો તે મિથ્યા છે તો આપણા હાથમાં કેવળ અદ્વૈત આવશે. પરંતુ આપણે એમ માનીએ કે અભિનેતા અલગ વ્યકિત છે અને તેણે ભજવેલું પાત્ર ભૂતકાળની કોઈ અલગ વ્યક્તિ છે તો ત્યાં આપણને કેવળ દ્વૈત પ્રાપ્ત થશે. આમ, કેવળ દ્વૈત અને કેવળ અદ્વૈત ના ભાવથી અભિનેતાના અભિનયનો રસ આપણા હૃદયમાં આપણે અનુભવી શકીશું નહીં અથવા તે રસની અભિવ્યકિત થઈ શકશે નહીં. જો આપણે આપણા હૃદયમાં રસની અભિવ્યક્તિ થવા દેવી છે તો તે દ્વૈત કે અદ્વૈત ની વ્યાખ્યાથી કરી શકાશે નહીં. જ્યારે અભિનેતા અભિનય કરી રહ્યો છે ત્યારે આપણને ખબર પડતી નથી કે તે સત્ય છે કે મિથ્યા છે. અભિનેતા રડે છે ત્યારે તેના આંસુ સાચા છે કે ખોટા તે આપણે નક્કી કરી શકતા નથી. તે હસે છે ત્યારે આપણે એમ વિચારીએ કે તે કેવળ હસવાનો ક્ષુદ્ર અભિનય કરી રહ્યો છે તો આપણા હૃદયમાં હાસ્યનો સંચાર થશે નહીં. જે વખતે તે હાસ્યનો અભિનય કરે છે તે વખતે આપણે ભૂલી જવું પડે છે કે તે અભિનેતા છે; તો જ આપણે તેના અભિનયના રસનો સંચાર આપણા હૃદયમાં અનુભવી શકીએ છીએ. આવા લચીલા સમ્બન્ધને જ શ્રીમહાપ્રભુજી 'શુદ્ધ અદ્વૈત' કહે છે. જે સમ્બન્ધની દ્વૈત અને અદ્વૈત માં વ્યાખ્યા ન થઈ શકે તેને 'શુદ્ધ' કહે છે. આપણી બુદ્ધિ સ્થૂલ નિર્ણય કરે છે કે દ્વૈત દ્વૈતજ છે અને અદ્વૈત અદ્વૈતજ છે. આવો સ્થૂલ નિર્ણય તર્કશાસ્ત્રમાટે કદાચ યોગ્ય હશે, ગણિતશાસ્ત્રમાટે યોગ્ય હશે; પરંતુ રસશાસ્ત્રની ચર્ચામાં આવો સ્થૂલ વિચાર યોગ્ય નથી. જેમ કમળના સૂક્ષ્મ તંતૂમાં કયારેક કોમળતા જણાય છે, કયારેક જટિલતા જણાય છે, કયારેક એક-બીજાથી દ્વૈત દેખાય છે, કયારેક અદ્વૈત દેખાય છે ત્યારે



આપણે સમજી શકતા નથી કે તે દ્વૈત છે કે અદ્વૈત છે. આમ, પાત્ર અને અભિનેતા ની વચ્ચે આપણને એક અનિર્વચનીય સમ્બન્ધની અનુભૂતિ ન થાય ત્યાં સુધી આપણા હૃદયમાં રસનો સંચાર થતો નથી. કોઈ અભિનેતા રડી રહ્યો હોય તે વખતે આપણે એમ કહીએ કે તે દુઃખનો કેવો શુદ્ધ અભિનય કરે છે, તેનું રુદન બધું જુઠું છે તો આપણી આંખમાં તેનું રુદન જોઈને આંસુ નહીં આવે. પરંતુ આપણને જો એમ લાગે કે તે રડે છે તે સાચું છે તો આપણી આંખ પણ તેનાં આંસુ જોઈને છલકાઈ જશે.

એક ભાઈ તેમના મિત્રને આગ્રહપૂર્વક સિનેમા જોવા લઈ ગયા. સિનેમામાં લડાઈનું દ્રશ્ય આવ્યું. તેઓ પડદાની હકીકત ભૂલી ગયા; તેમણે પણ બાંયો ચડાવી લડાઈ શરું કરી દીધી. પોતાની બેઠક ઉપરથી ઉભા થઈ ગયા. આજુ-બાજુવાળા જોવા લાગ્યા કે આ શું બની રહ્યું છે. ત્યાં સુધીમાં બે-ચાર મુક્કાઓ હવામાં લગાવી દીધા. તેમને પાછળથી પકડીને નીચે બેસાડવા પડ્યા. કહેવું પડ્યું કે ''ભાઈ સાહેબ! તમે શું કરી રહ્યા છો? તમે હવામાં કોને મુક્કા મારી રહ્યા છો? તમારી સામે પડદા સિવાય બીજી કોઈ વસ્તુ નથી''.

આમ, પડદાના દશ્યમાં વ્યક્તિ જો આટલો બધો અદ્વૈતભાવ માની લે તો ત્યાં બેઠેલા બધા સહૃદયી લોકોને તે જોવામાં વિઘ્ન થાય. માટે આટલું અદ્વૈત પણ સારું નથી. દર્શકમાં એટલી ધીરજ હોવી જોઈએ કે તે પોતીની જગાપર બેસીને શાન્તિથી દશ્યનો રસાસ્વાદ લે.

આપણે કોઈ રસની અનુભૂતિ કરવી હોય તો કેવળ દ્વૈત અથવા કેવળ અદ્વૈતથી કામ ચાલશે નહીં. મનની સ્થિતિને થોડીક લચીલી રાખવી પડશે. મનમાં એવું બેલેન્સ રાખવું પડશે કે જેથી મન બંને બાજુ ડગી શકે. આનું નામ જ 'લીલા' છે. આ લીલા પ્રભુએ પ્રગટ કરી છે. તેથી જ ઉપનિષદ્ કહે છે કે ''પરમાત્મા સ્વયં રસ છે, કારણ કે તેમણે જગતની આ લીલાને રસના રૂપમાં વ્યકત કરી છે. જગતના રૂપમાં પ્રગટ થવામાટે પરમાત્માને કોઈ ચીજ બહારથી લાવવી પડી નથી''. જેમ આપણે ત્યાં ખાદી ગ્રામદ્યોગ સંસ્થામાં ગામડાંમાંથી જ બધી ચીજો તૈયાર થાય, તેને આપણે 'ખાદી ગ્રામોદ્યોગ' કહીએ. બહારથી કોઈ ચીજ લાવીએ તો તે

ગ્રામોદ્યોગ નથી. તેમ, પ્રભુએ પ્રગટાવેલ આ જગત્ પ્રભુની એક લીલા છે કે જે પ્રભુમાંથી જ પ્રગટ થઈ છે. તે અનાયાસ જ પ્રગટ થઈ છે. તે માટે પ્રભુને કોઈ ઉદ્યોગ કરવો પડ્યો નથી.

જેમ સમુદ્રને લહેરાવામાટે કોઈ પ્રયત્ન કે તપ કરવું પડતું નથી. એક મોજું આવે એટલે તે લહેરાવા માંડે છે. એકાદ મોજું એવું પણ આવી જાય કે જે કિનારાની સીમાઓ તોડીને બહાર ચાલ્યું જાય. આ લહેરોનો મોજાની જ લય છે. તેની માત્રાઓને કોઈ ગણી શકતું નથી કે એક લહેર પછી બીજી લહેર કેવી આવશે કે કઈ લહેર આપણા પગને સ્પર્શી જશે. તેવી રીતે, પરમાત્મા પણ પરમાનંદના સાગરથી ભર્યો-ભર્યો છે. તેમાંથી એક એવી લહેર પ્રગટી કે જે સૃષ્ટિના રૂપમાં પ્રગટ થઈ ગઈ અને આપણા સુધી પહોંચી. પરમાત્માએ પોતાના સ્વરૂપનો જે કિનારો બાંધી રાખ્યો હતો તેનાથી તે લહેર આગળ નીકળી ગઈ.

લહેરમાં ભાવનો ઉછાળો છે. સંગીતનો જાણકાર તબલાં વાગતાં હોય તેના લયની માત્રાને ગણી શકે. પરન્તુ સમુદ્રની લહેરોના લયને ગણી શકાતી નથી. તેવી જ રીતે, પરમાનન્દરૂપી સાગરમાંથી જગત્ રૂપી એક લહેર જે બહાર ઉછળી આવી તે કેમ ઉચ્છલિત થઈ તેની લય ગણીને તેની માત્રા આપણે બતાવી શકતા નથી. શાસ્ત્ર કે પરમાત્મા પણ તે બતાવી શકે તેમ નથી. પરમાત્માને પોતાને પણ ખબર નથી કે આ સૃષ્ટિ ક્યાંથી આવી રહી છે, ક્યાં જઈ રહી છે, કેમ જઈ રહી છે... જેમ સમુદ્રને ખબર નથી કે કઈ લહેર કિનારાપર દર્શકને ભીંજવશે. આમ પરમાત્મામાં આનન્દના સાગરમાં પણ અનેક રૂપે લહરો ઉઠે છે. અદ્વૈતના સાગરમાં દ્વૈતની લહેર પ્રગટ થાય છે. આની વ્યાખ્યા કેવળ દ્વૈત કે કેવળ અદ્વૈત થી કરવી સંભવ નથી. તેથી જ તેને 'લીલા' કહેવામાં આવે છે. પરન્તુ જે ઘટના પ્રયોજનપૂર્વક બને છે તે લીલા કહેવાતી નથી, કારણકે તેમાં પ્રયોજનનો ભાર રહેલો છે.

ધારો કે આપણને કોઈને મળવા જવું છે. તે માણસ એક માઈલ દૂર રહે છે. તેણે આપણને સમય આપ્યો છે કે ''હું પાંચ વાગીને દસ મિનિટે ત્યાંથી ચાલી નીકળીશ, દસ મિનિટ તમારી રાહ જોઈશ''. આ સ્થિતિમાં તેને મળવા એક માઈલ ચાલી જુઓ. આપણને તે ચાલવાનો કેટલો ભાર લાગે છે? ચાલતાં-ચાલતાં આપણા



પગ દૂખી જશે. પરંતુ સાંજે મસ્તીમાં બે-ચાર માઈલ ચાલી નાખીશું તો તેની ખબર પણ પડશે નહીં. કોઈ પણ કાર્યમાં જરા પણ પ્રયોજન સામે આવ્યું એટલે મન ગણતરી કરવા લાગી જશે. મનની ગણતરી કરવાની જેટલી તાકાત છે તેટલી તાકાત પગની હોતી નથી, એટલે પગ પાછળ પડી જાય છે. પરન્તુ જે વખતે ચાલવું એક ક્રીડા છે, એક લીલા છે ત્યારે આપણે દસ માઈલ પણ ઉત્સાહથી ચાલી શકીશું. આપણને ક્યાંય પહોંચવાની ઉતાવળ નહીં હોય. કારણ કે ક્યાંય પહોંચવાનું આપણું પ્રયોજન નથી, તેથી આપણને થાક પણ લાગતો નથી. આ સ્થિતિમાં આપણું શરીર આપણા મનને સાથ આપે છે, કારણ કે મન શાંત છે. જે વખતે મન શાંત હોય છે ત્યારે દેહ પણ સક્રિય બની, સારી ક્રિયા કરી શકે છે; પરંતુ જ્યારે મન પોતે સક્રિય બને છે ત્યારે મનની ક્રિયા અને શરીરની ક્રિયા નો મેળ બેસતો નથી.

જેમ એક મોટર અને એક સાયકલ ની રેસ થાય તો સાયકલ ચલાવનાર ગમે તેટલાં પેંડલ લગાવે છતાં મોટરની સાથે તે થઈ શકતો નથી. તે પ્રમાણે મનની ગતિ વધારે હોવાથી, દેહ મનની સાથે ગતિ કરી શકતો નથી. મનમાં ગતિ આવતાં શરીરની ગતિ ઘટી જાય છે. જ્યારે આપણે શરીરથી પહોંચી શકતા નથી ત્યારે મનમાં ટેન્શન વધે છે. તે ટેન્શન આપણને થકવી દે છે. મોટા શહેરોમાં લોકોને હાર્ટ એટેક વધુ કેમ આવે છે? દરેક વ્યક્તિનને ટ્રેઈન પકડવી છે, બસ પકડવી છે, દુકાને પહોંચવું છે... કંઈક કરવું છે. ખાવાની ફુરસદ નથી, સુવાનો સમય નથી. દરેક આદમી ટેન્શનમાં છે. કારણ કે તેનું મન જેટલું ગતિશીલ છે તેટલો દેહ ગતિશીલ બની શકતો નથી. માટે યોગશાસ્ત્ર કહે છે કે મનને જો થોડું સ્થિર કરવામાં આવે તો આપણા ચિત્તને શાન્તિ મળે છે.

હેતુપૂર્વક કર્મ કરવામાં લીલાનો વિચાર આવતો નથી. તેમાં કંઈ ને કંઈ ત્રાસ, શ્રમ, ઉદ્વેગ નો જ વિચાર આવે છે. માટે જ નિષ્પ્રયોજન, અનાયાસ કર્મ કરવું જોઈએ. શુકદેવજીએ કયાં પત્રિકા છપાવી હતી કે મારી ભાગવત સપ્તાહમાં આવજો. તેઓ ફરતા-ફરતા અમસ્તાંજ જ્યાં ઋષિ મુનિઓ બેઠેલા હતા ત્યાં આવી ચઢ્યા. બધા ત્યાં બેસીને ચર્ચા કરી રહ્યા હતા. ઋષિમુનિઓએ શુકદેવજીને વિનંતી કરી અને તેના જવાબમાં તેમણે ભાગવતની કથા સંભળાવી. ભાગવત સપ્તાહ કરાવીને પરીક્ષિતે કેટલી દક્ષિણા આપી? શુકદેવજીએ કદી તેની ચિંતા કરી નહીં.

પરીક્ષિતે દક્ષિણા આપી કે નહીં તેનો ઉલ્લેખ પણ મળતો નથી. કથા પૂરી થઈ કે તરત શુકદેવજી ચાલ્યા ગયા. તેમણે એ ચિંતા પણ ન કરી કે પરીક્ષિતને એક પત્ર લખીને પૂછું તો ખરો કે ભાઈ, તને સાપ કરડવાનો હતો તેનું શું થયું? તેનો જવાબ લખજે. તેમણે પરીક્ષિતના પુત્ર જન્મેજયને પણ કોઈ પત્ર લખ્યો નથી. કારણ કે તેમણે અનાયાસ લીલાત્મિકા કર્મરૂપે ભાગવતની કથા સંભળાવી હતી. આજે તો કથાકારોને ચિંતા થઈ જાય છે કે યજમાનનું શું થયું? આજે કથા કરતા પહેલાં તેનું પ્રયોજન નક્કી કરવામાં આવે છે. પ્રયોજનનો વિચાર કરતાં આયોજક કહે છે ''અમુક વ્યાસજીને બોલાવીશું તો આટલો ફાળો નહીં થાય, અમુક વ્યાસજીને બોલાવીશું તો સારો ફાળો ભેગો થશે''. આમ ભાગવત કથામાં પણ ફાળાનું પ્રયોજન ઘુસી ગયું છે. આપણે મન પ્રયોજનોમાં લગાડીએ તો તે મન ભાગવત કથામાં ન લાગે. મેં ભાગવતકથાના જેટલા આયોજકોને જોયા છે તેમનું મન કદી ભાગવત કથામાં લાગ્યું હોય એવું જોયું નથી. તેઓ ભાગવત કથા સાંભળતી વખતે પણ પણ દર્શકોને જ જોતા હોય છે કે કેટલા લોકો આવ્યા? કેટલી ભેટ ધરી? તેમના મનમાં તેની જ ગણતરી ચાલી હોય છે. તેથી તેઓ પ્રભુની લીલાને લીલાત્મક ભાવથી સાંભળી શકતા નથી. આ દમ્ભ છે, ભક્તિ નથી.

પ્રભુકૃત જગતની લીલાનો આપણે અનુભવ કરવા ઇચ્છતા હોઈએ તો તે માટે ભક્તિનો નિરુપાધિક ભાવ ઉપયોગી છે. તેમાં જો પ્રયોજનનો ભાવ આવ્યો તો વાત બગડી જશે.

જ્યારે આપણે કર્મ કરીએ છીએ ત્યારે કર્મમાં કોઈ ને કોઈ હેતુ હોય છે. કર્મનું કોઈ ફળ પણ હોય છે. હેતુ કે ફળ વિના કોઈ કર્મ કરતો નથી. શાસ્ત્રમાં યજ્ઞની પરિભાષા આપતાં કહેવામાં આવ્યું ''દેવતોદ્દેશેન દ્રવ્યત્યાગઃ યાગઃ''. કેઈ દેવતાને અનુલક્ષીને આપણા કોઈ દ્રવ્યની યજ્ઞકુંડમાં આહુતિ આપવી તેનું નામ 'યજ્ઞ'. જ્યાં કોઈ દેવતા નથી, જ્યાં કોઈ હેતુ નથી તેવા કર્મને યજ્ઞકર્મ નહીં કહેવાય. તેથી કર્મને કોઈ ને કોઈ ઉદ્દેશ્ય-હેતુ હોવો જોઈએ. કર્મનું કોઈ ને કોઈ ફળ પણ હોવું જોઈએ. તેથી જ યજ્ઞમાં દેવતાના ઉદ્દેશ્યથી યજ્ઞકુંડમાં દ્રવ્યનો ત્યાગ કરી આહુતિ આપીએ છીએ. તેનું ફળ શું? તો કહે છે સ્વર્ગ મળશે અથવા તો અન્ય ઇચ્છાઓ પરિપૂર્ણ થશે. તેથી કહેવામાં આવ્યું છે ''પશુકામેન ઇન્દ્રિયકામેન સ્વર્ગકામેન



પુત્રકામેન'' અથવા ''વૃષ્ટિકામેન''. આવી પચાસ બાબતો બીજી પણ ગણાવી શકાય. આમ, કામનાના જુદા-જુદા વિષયોને યજ્ઞનું ફળ કહેવામાં આવ્યું. આનો અર્થ એ થયો કે અદ્વૈતની સ્થિતિમાં કર્મ સંભવિત્ નથી.

આવું જ જ્ઞાનનું છે. જ્ઞાનમાં પણ જ્ઞાતા અને જ્ઞેય એ બંનેનો ભેદ હોવો જોઈએ. કેવળ જ્ઞાતા અને જ્ઞેય નો ભેદ પણ પૂરતો નથી. જેને જ્ઞાન પ્રાપ્ત થયું છે તેને પણ ગુરુ-શિષ્યનો ભેદ જરૂરી છે. ગુજરાતીમાં એક કહેવત છે ''બાવો બન્યો છે તો હિન્દી તો બોલવી જ પડશે''. જુના જમાનમાં સાધુ-સંન્યાસીઓ જે હિન્દી બોલતા તે 'સધુકડી હિન્દી' કહેવાતી. કબીરના પદો તે ભાષામાં છે. એક વખત કોઈ ગુજરાતી ભાઈ સાધુ બની ગયા. ફરતા-ફરતા તેઓ એક વખત ગુજરાતમાં પાછા આવ્યા. તેમને હિન્દીમાં બોલતા જોઈને કોઈકે પૂછ્યું કે તમે ગુજરાતી થઈને હિન્દીમાં શા માટે બોલો છો? તેમણે કહ્યું કે ''સાધુ થયા છીએ એટલે હિન્દી તો બોલવીજ પડેને!''

તે જ પ્રમાણે, જ્ઞાની બન્યા એટલે ઉપદેશ તો આપવો જ પડે. બે વાત જાણી એટલે એ બે વાત કહેવી જ પડશે. કોઈ જ્ઞાનીએ એ બાબતનો વિચાર નથી કર્યો કે અદ્વૈતનો ઉપદેશ સતત આપવામાટે પણ શિષ્યની જરૂર પડશે. જ્ઞાની બન્યા પછી પણ તેમનું દ્વૈત છૂટતું નથી, તેનો મોહ છૂટતો નથી. આ નિંદાની વાત નથી, આ પણ લીલાની જ વાત છે. પરમાત્મા એક હતો. તેણે અનેક થવાની ઇચ્છા પ્રકટ કરી. આ અદ્વૈતનું જ્ઞાન આપણે મેળવીશું તો પણ આપણા હૃદયમાં દ્વૈતની જે ચમક ઉંડે-ઉંડે રહેલી છે તે કદાપિ દૂર થઈ શકશે નહીં. છતાં જે સમયે આપણા હૃદયમાંથી ઉપદેશક અને શિષ્ય નું દ્વૈત ચાલ્યું જશે તે વખતે આપણે જ્ઞાની નહીં રહીએ, પરમાત્મા બની જઈશું. જે વખતે આપણા હૃદયમાંથી કર્મના ઉદ્દેશ્ય અને ફળનું દ્વૈત ચાલ્યું જશે તે વખતે આપણે કર્મનિષ્ઠ નહીં રહીએ પરન્તુ સ્વયં પરમાત્મા બની જઈશું.

આ જ પ્રકારે ભક્તિ પણ કંઈક દ્વૈત ઇચ્છે છે. ભક્તિમાં કયું દ્વૈત છે? ભક્તિમાં ભજનીય અને ભક્ત નું દ્વૈત છે. જે ભક્તિના સ્વરૂપને જાણે છે તેને કીર્તન કરવું જ પડશે. કીર્તનમાટે કોઈ ને કોઈ શ્રોતા પણ જોઈએ.

ભગવાન્ ગીતામાં અર્જુનને સતત આ જ વાત સમજાવે છે ''હે અર્જુન! તું કર્મ કર પરન્તુ અહંકાર રાખીશ નહીં, મમતા રાખીશ નહીં.'' ભગવાન્ આમ કેમ કહે છે? કારણ કે કર્મનો પ્રારંભ, કર્મનું મૂળ અદ્વૈતમાં છે પરન્તુ તેની અભિવ્યક્તિ દ્વૈતમાં છે. જીવ કર્મ કરે છે તે વખતે કર્મની અભિવ્યક્તિ થાય છે. ત્યારે તેનો કોઈ ને કોઈ ઉદ્દેશ્ય અને ફળ પણ દ્વૈત રૂપે અભિવ્યક્ત થાય છે. જો આપણે કર્મ કરતાં ઉદ્દેશ્ય અને ફળ ને નજર સામે ન રાખ્યો હોય તો કર્મ થશે ક્યાંથી? મનુષ્ય નિષ્ક્રિય થઈ જશે. તેથી અર્જુન ભગવાનને પૂછે છે કે ''મારે શું કરવું?'' ભગવાન્ તેને સમજાવે છે કે ''જો તું કર્મ નહીં કરે તો તે તારી ગેરસમજ હશે. તું કર્મવિહિન બની જઈશ, નિષ્ક્રિય બની જઈશ. કર્મ નહીં કરવાથી નિષ્કર્મતા પ્રાપ્ત થશે નહીં. તે કર્મનો ત્યાગ કર્યો તેથી તને સંન્યાસ પ્રાપ્ત થશે નહીં''. કારણ કે ઘરનો ત્યાગ કરવાથી વનમાં જઈને ત્યાં ઘર બનાવી લઈશ, પરિવારનો ત્યાગ કરીશ તો સાધુ બનીને શિષ્યો બનાવી લઈશ. દ્વૈતથી તારો છૂટકારો થશે નહીં.

એક પરિવારમાં વ્યક્તિઓની સંખ્યા કેટલી હોય? પતિ-પત્ની અને બાળકો. કુટુંબની એક મર્યાદા હોય છે. પરન્તુ શિષ્યોની કોઈ મર્યાદા હોતી નથી. માની લો કે આપણે ગુરુ બની ગયા તો આપણે સેંકડો, બલ્કે, હજારો શિષ્યો ઉભા કરીશું. એ બધા શિષ્યોમાં આપણે મમતા રાખવી પડશે. પહેલા આપણામાં મમતા થોડી હતી, સંન્યાસી બનીને આપણે તેને અનેક ગણી વધારી લીધી. પહેલાં ઘર નાનું હતું, સંન્યાસી બનીને મોટો મઠ બનાવી લીધો. મઠ, તેની સમ્પત્તિ અને તેની આવક ને વેરામાંથી મુક્તિ મેળવવા ચેરિટી કમિશ્નરને ત્યાં તેનાં પ્રમાણપત્રો મેળવવા દોડ્યા. તેમનું કામ પડ્યું એટલે તેમનાથી મમતા રાખવી પડશે. આમ, બાવાની લંગોટીમાંથી પણ મમતાના તાર પાર વિનાના વધતા જ જશે.

અર્જુન પૂછે છે કે મારે શું કરવું? ભગવાને તેનો માર્ગ બતાવ્યો કે ''જો તારે કર્મ કરવું પડે તો અહંકાર વિના તું કર્મ કર. જો કર્મ કરવાનું જ છે તો ફળની આશા રાખ્યા વિના કર્મ કર.'' બિચારા અર્જુનની સમજમાં આ વાત ન આવી કે અહંકાર વિના કર્મ કેવી રીતે થાય? આશા રાખ્યા વિના માણસ કર્મ શું કરવા કરે? ભગવાન્ તેને સમજાવી રહ્યા છે ''અર્જુન, જો હું પોતે કર્મ કરું છું. મારે કર્મ કરવા જેવું કંઈ નથી, મારે કર્મ કરીને કોઈ ફળ મેળવવાનું નથી, છતાં, હું સતત કર્મ કરી



રહ્યો છું. તું પણ નિરંતર કર્મ કર''. અર્જુનને હજી આ વાત સમજાતી નથી. જે કર્મનો કોઈ હેતુ ન હોય, જે કર્મમાં અહંકાર ન હોય, એવું કર્મ કેવી રીતે થાય?

ગુરુજી એક વિદ્યાર્થીને શીખવે છે ત્યારે તેમના મનમાં અહંકાર છે. તેઓ માને છે કે તેને આ વાત આવડતી નથી તેથી હું તેને આ વાત શીખવું છું. તેમના શીખવવાના કર્મનો ઉદ્દેશ્ય થયો વિદ્યાર્થી. તેને વાત સમજાવવી છે. તેમને તેમના શીખવવાના કર્મના ફળની કામના પણ છે. તેથી, તેમના મનમાં અહંકાર અને મમકાર બન્ને છુપાયેલો છે. આમ, પ્રત્યેક કર્મમાં અહંકાર અને મમકાર છુપાયેલો હોય છે. જો વ્યક્તિ કર્મના હેતુ અને ફળના દ્વૈત થી દૂર થઈ જાય તો પછી તે કર્મ નહીં રહે, તે લીલા બની જશે. આ અર્થમાં જ પરમાત્મા પોતે લીલા કરી રહ્યા છે. કારણ કે પરમાત્માને કોઈ અહંકાર નથી, પરમાત્માને પોતાના કર્મનો કોઈ ઉદ્દેશ્ય નથી, પરમાત્માથી ભિન્ન કશું નથી. મારા માટે તમે ઉદ્દેશ્યરૂપ છો, કારણ કે મારે તમારી સામે પ્રવચન કરવું છે. માને બાળકનું કામ કરવું છે તેથી માના માટે બાળક ઉદ્દેશ્યરૂપ છે. માને પોતાના કામમાટે ફળની ઇચ્છા પણ હોઈ શકે કે દીકરો મોટો થઈને મારું ધ્યાન રાખશે.

મમતા વિનાનું કર્મ કેવી રીતે થાય એ વિષે કદાચ હું તમારી સામે પચીસ દિવસ સુધી પ્રવચન કરી શકું પરન્તુ મમતારહિત કે અહંકારરહિત બનીને મુખમાંથી એક પણ વાક્ય ઉચ્ચારવું તે જીવના અધિકારની વાત નથી. તે તો ભગવાન્ જ કરી શકે. કારણ કે ભગવાનથી અગલ બીજી કોઈ વસ્તુ જ નથી. ભગવાન્ કોને ઉદ્દેશ્ય માને? ભગવાનથી અલગ અન્ય કોઈ પદાર્થ નથી, ભગવાનને પોતાને જ ઉદ્દેશ્ય માનીને કર્મ કરવું પડે. જીવ પ્રત્યેક કર્મદ્વારા તેનું ફળ મેળવવા પ્રયત્ન કરે છે. કર્મના ફળ તરીકે જીવ આનન્દ પ્રાપ્ત કરવા ઇચ્છે છે. પરમાત્મા સ્વયં આનન્દરૂપ છે, પરમાનન્દરૂપ છે. તેઓ બીજા કયા આનન્દની ફળકામના રાખી શકે? ભગવાન્ કયા વિષયમાં અહંકાર સેવે? ભગવાનને તેથી જ અહંકાર નથી, મમતા નથી. પ્રભુને અહંતા-મમતા નથી એ તેમની કોઈ સિદ્ધિ નથી. તેમની એ વિવશતા છે. અહંકાર-મમતા દેહને વળગી છે, માટે તે આપણા માટે બંધનકારી છે પરન્તુ જીવાત્માને ન તો અહંતા છે કે ન મમતા છે. છતાં, આપણે અહંતા-મમતા કરી રહ્યા છીએ. પરમાત્મા પાસે અહંતા-મમતા કરવા જેવું જ કંઈ નથી, કારણ કે કોઈ આપણાથી

ભિન્ન હોય, દૂર હોય તો તેના માટે સ્નેહનો ભાવ જાગૃત થાય; પરન્તુ અહીં તો બીજું કોઈ છે જ નહીં, પછી સ્નેહનો ભાવ આવશે ક્યાંથી? આ સ્થિતિમાં પરમાત્મા જે કંઈ કર્મ કરે, વિશ્વની ઉત્પત્તિ, સૃષ્ટિનો લય, તે બધાં કર્મ અહન્તા-મમતા રહિત ચાલી રહ્યાં છે. મારે કરવા લાયક કશું નથી, મારે મેળવવા લાયક કશું નથી છતાં હું કર્મ કરી રહ્યો છું એમ પરમાત્મા કહે છે. તેમ, આપણે પણ જો કર્મમાર્ગે ચાલવું હશે તો આપણા માટે પરમાત્મા એક મોડલ્ છે. આપણે પણ પરમાત્માના મોડલ્ની કોપી બની જવું પડશે. પછી જીવ નહીં રહેતાં સ્વયં પરમાત્મા થઈ જાય છે.

મનુષ્ય અહંતા અને મમતા બન્નેને છોડી શકતો નથી. તે બન્નેમાંથી એકને છોડી શકે છે. જો મમતાને છોડે તો અહંતા વધે, અહંતા છોડે તો મમતા વધે.

આ વાતને સમજવા પર્વતારોહકનું દૃષ્ટાન્ત સમજીએ. જે વ્યક્તિ પર્વતારોહણ કરે તેણે હંમેશા એક વાત ધ્યાનમાં રાખવી પડે છે કે જ્યારે તમે તમારો એક પગ આગળ મૂકો ત્યારે તે પગ જ્યાં સુધી બરાબર સ્થિર ન થઈ જાય ત્યાં સુધી બીજો પગ ઉઠાવશો નહીં. પહેલો પગ સ્થિર થયા વિના જો બીજો પગ ઉઠાવશો તો પર્વતથી ઉંડી ખીણમાં ગબડી પડશો. સીડી ચડવી સરળ છે, પર્વત ચડવો મુશ્કેલ છે.

આમ, આપણી ચેતનાના બે પગ છેઃ એક અહંતાનો અને બીજો મમતાનો. વ્યક્તિએ બન્નેનું બેલેન્સ રાખવું પડે. જો વ્યક્તિ અહંતા છોડી દે તો તેમાં તેની મમતા વધી જાય, જો મમતા છોડી દે તો તેમાં તેની અહંતા વધી જાય. બન્ને છોડી દે તો જીવ મટી પરમાત્મા બની જાય. પછી તે કર્મમાર્ગે ચાલે, જ્ઞાનમાર્ગે ચાલે કે ભક્તિમાર્ગે ચાલે. જેની અહંતા અને મમતા બન્ને છૂટી ગઈ, તેને પરમાત્મા જેવો બની ગયેલો જાણવો. કારણ કે અહંતા-મમતાની આ બે ખીંટીઓ ઉપર આપણી ચેતના ટકેલી છે.

ઘણી વ્યક્તિઓ બધી વસ્તુઓનો ત્યાગ કરી દે છે. આવા ત્યાગીઓમાંના



કેટલાકને જોઈશું તો તેમનામાં ફટાકડાની જેમ અહંકારનો વિસ્ફોટ થતો દેખાય છે. પ્રાચીન ઋષિમુનિઓનો ક્રોધ વિચારવા જેવો છે. તેમને ક્રોધ કેમ થતો? શ્રીભાગવત તેનું કારણ સુંદર રીતે સમજાવે છે. તેમણે તેમના કામને તો સળગાવી દીધો પરન્તુ ક્રોધને બાળી ન શક્યા. કારણ કે તેમણે પોતાનો કામને સળગાવવાની પ્રક્રિયા ક્રોધદ્વારા કરી. આપણ આપણી મમતાને સળગાવવા અહંકારનો આશ્રય લેવો પડે છે અથવા અહંતાને સળગાવવા મમતાની જરૂર પડે છે. જીવ જ્ઞાની છે તો તેનામાં થોડો અહંકાર તો રહેશે જ. માટે જ્ઞાનીની ઉપાસના ''સોડહં'' કેન્દ્રિત છે. જ્ઞાનીનો માર્ગ વૈરાગ્યનો માર્ગ છે. જ્ઞાનમાર્ગદ્વારા જ્ઞાની મમતાને તોડવાનો પ્રયત્ન કરે છે, પરન્તુ જ્ઞાનની ઉપાસના ચાલે છે અહં પર, તેથી તે કહે છે ''સોડહં''.

એવી જ રીતે, કર્મનો માર્ગ પોતાની અહંતા તોડવાનો માર્ગ છે. તેથી તે ચાલે છે મમતાપર. જે વખતે તેમાં તે નિષ્ફળ જાય ત્યારે તે ઉલ્ટા ચક્કરમાં પડી જાય છે. કર્મમાર્ગમાં સૌથી બળવાન બાબત છે ફળની આશા. તેથી કર્મમાર્ગ તેને તોડવા ઈચ્છતો નથી. તે કહે છે કે ફળની આશા છે તો ફળનો વિચાર રાખ; પરન્તુ કેવળ તારા સ્વાર્થમાટે કર્મ કરવાને બદલે તેમાં બીજાને પણ થોડોક ભાગ આપ. આપણે રસોઈ બનાવીએ છીએ. ભગવાન્ કહે છે કે રસોઈ બનાવી જમનાર ભોજન નથી ખાતો, પાપ ખાય છે. કારણ? કર્મમાર્ગમાં ચાલનારને એ સમજવું જરૂરી છે કે ભાઈ, તું જે ફળની આશાથી કર્મ કરી રહ્યો છે તેમાં કેવળ તારા સ્વાર્થનો જ વિચાર રાખીશ નહીં, બીજાનું પણ ધ્યાન રાખ. કર્મ કરીને આપણે જે ફળની આશા રાખીએ છીએ તેમાં કેવળ આપણો પોતાનો જ ખ્યાલ ન હોય, તેમાં બીજાનો ખ્યાલ પણ હોવા જોઈએ; તો જ કર્મમાર્ગ બરાબર ચાલે.

જ્ઞાનમાર્ગમાં અહન્તા તોડવામાં આવી, કર્મમાર્ગમાં કહ્યું : ''તું તારા માટે કંઈ કરીશ નહીં. દેવતા તને જે ફળ આપે તેમાંથી તું તારો અહંકાર ઘટાડી દે. દેવતાઓ તને કર્મનું ફળ આપે, તેમની સામે તું તારા અહંકારને ઝુકાવી દે.'' તેથી જ જ્ઞાનમાર્ગમાં કર્મમાર્ગીને 'કર્મપશુ' કહ્યો.

શૈવ સમ્પ્રદાયમાં શિવને 'પશુપતિ' કહ્યા છે અને જીવને 'પશુ' કહ્યો છે. કારણ કે જીવે દેવની સામે પોતાની જાતને અહંકાર છોડી ઝુકાવવી પડે છે. જેમ કોઈ

બળદ આપણી સામે અહંકાર કરી શકે નહીં, કોઈ ઘોડો આપણી સામે અહંકાર કરી શકે નહીં કારણ કે તે પશુ છે, તે આપણા માટે છે, આપણે પશુમાટે નથી. એવી રીતે કર્મમાર્ગમાં આપણા અહંકારને આપણે એટલો બધો ઝુકાવી દેવો પડશે કે આપણે દેવમાટે છીએ. માટે આપપણે પહેલાં આપણી જાતને દેવને સમર્પિત કરીએ. દેવતાના અહંકાર પાસે આપણો અહંકાર ગૌણ છે. કર્મમાર્ગ આપણને શીખવે છે કે આપણી મમતાને દેવતાની સાથે કેવી રીતે બાંધવી? કર્મમાં અહંકાર તૂટી જઈ શકે, મમતા તૂટી જઈ શકતી નથી.

કર્મમાર્ગમાં જે કંઈ કર્મ કરવામાં આવે છે, તેનું ફળ કર્મકર્તાને એકલાને મળતું નથી; પરન્તુ તે કર્મ જેના માટે કર્યું હશે તેને ફળમાં પહેલો ભાગ મળશે, પછી કર્તાને મળશે. જેમ માતા બાળકનું પાલન-પોષણ કરે ત્યારે બાળકના પાલન-પોષણના કર્મમાં પહેલો લાભ બાળકને થાય છે. બાળક મોટું થયા પછી તેનું ફળ માતાને મળે છે. તેવી રીતે આપણે દેવતાનું યજન-યાજન કરીએ છીએ તો દેવતા આપણું પાલન કરે છે. અગ્નિને આપણે પહેલાં આહુતિ આપીએ તો અગ્નિ તેનું ફળ આપણને આપે છે. તેવી રીતે સૂર્યનું યજન-યાજન કરીએ ત્યારે પહેલાં આપણે સૂર્યને અર્ધ્ય આપીએ છીએ, બાદમાં સૂર્ય પાસેથી કંઈક આપણને મળે છે. એક માતા પહેલાંથી જ તેના બાળકને એમ કહે કે ''હું તને એટલા માટે ખવડાવું છું કે, તું મોટો થઈને મારું પાલન કરે''. તો તેનો અર્થ એવો થયો કે તે માતા પોતાના કર્મનું ફળ બાળકને પહેલાં આપવા માગતી નથી, પોતે જ પહેલાં ભોગવવા માંગે છે. આમ કરવાથી બાળક પણ એવું જ શેતાન બની જશે, કારણ કે માતાના મનને તે ઓળખી ગયો છે. તે માતાને પણ બેવકૂફ બનાવશે, તે પોતાનો જ પૂરો લાભ શોધશે અને મોટો થઈને તે માતાની સેવા કરશે નહીં.

શિક્ષક એક વિદ્યાર્થીને ભણાવે છે, ત્યારે ભણાવવામાં પહેલો લાભ કોને હોય? ભણાવવાનો પહેલો લાભ વિદ્યાર્થીને જ મળે, કારણ કે શિક્ષક વિદ્યાર્થીમાટે જ્ઞાનનો ઉપદેશ આપે છે; પરન્તુ જ્ઞાન આપતાં પહેલાં શિક્ષક વિદ્યાર્થીને એમ કહેવા માંડે કે ''તારે આટલી ટ્યુશન ફી આપવી પડશે, ભણવું હોય તો ભણ.'' તો તેનો અર્થ એ થયો કે શિક્ષક પહેલાં વિદ્યાર્થીને જ્ઞાનનો લાભ આપવા ઇચ્છતા નથી, પોતે જ પોતાના કર્મનું ફળ મેળવવા ઇચ્છે છે. આના પરિણામે આજના સમયમાં



વિદ્યાર્થીને ગુરુ પ્રત્યે આદરભાવ રહ્યો નથી. આપણે ત્યાં પણ આજકલ આવું જોવા મળે છે. બ્રહ્મસમ્બન્ધ લેવાના ભાવ(રેટ) ૨૧/૫૧ પહેલેથી ઠેરવવામાં આવતા હોય છે. ગુરુની પધરામણીના ભાવ જેવી પધરામણી તેવા ઠેરવવામાં આવે છે. ઠાકોરજીની સેવા અને મનોરથના ભાવ તો પાટિયા ઉપર જ લખીને દરવાજા પાસે ટિંગાળી દેવામાં આવે છે, દુકાનોની માફક. ભાગવતસપ્તાહના તો આજકલ ખુબ ઊંચા ભાવો લેવામાં આવે છે. પ્રસાદ તો આપણે ત્યાં વર્ષોથી વેચાય છે. આ બધું જે છે તેને કંઈ ધર્મ-ભક્તિ ન કહી શકાય. આ તો શુદ્ધ ધંધો જ છે. પછી આમાં આદર ક્યાંથી રહે!

જુના જમાનામાં ગુરુ પાસે ભણનારા લોકોને ગુરુ પ્રત્યે આજે પણ આદરભાવ હશે; કારણ કે ગુરુઓ ભણાવતાં પહેલાં વિદ્યાર્થી પાસે ટ્યુશન ફી નહતા માંગતા. જ્યારે ગુરુ ભણાવતાં પહેલાં ટ્યુશન ફી નક્કી કરવાનો આગ્રહ રાખે છે, ત્યારે વિદ્યાર્થી સમજી જાય છે કે, આ શિક્ષણ-ક્રિયા બરાબર થવાની નથી, તેમાં પહેલો લાભ મને મળવાનો નથી, પહેલો લાભ ગુરુ પોતે લેવાના છે. આજકાલ આના પરિણામે વિદ્યાર્થીઓ પણ ઘણા ચતુર બન્યા છે. તેઓ પણ કહી દે છે ''સારું, તમારે અગિયાર વાગ્યે આવવું પડશે, નહીં આવો તો અમે બીજો શિક્ષક શોધી લઈશું''. અથવા તે કહેશે ''તમે આ પદ્ધતિએ ભણાવો છો તે નહીં ચાલે, હજી સહેલું કરીને શીખવો''. પહેલાંના જમાનામાં ગુરુને આવું કહેવાની હિંમત કોનામાં હતી? તે જમાનામાં ગુરુમાં કર્મમાર્ગીય સમર્પણનો ભાવ હતો. તેથી એમ ગુરુ માનતા કે જે વિદ્યાભ્યાસ કરવા ઇચ્છે છે તે વિદ્યાર્થીને વિદ્યાભ્યાસનું ફળ પ્રથમ મળવું જોઈએ. મારી વિદ્યાદ્વારા તે જ્ઞાન અને વિનય મેળવી લે, પછી તેને તેની ઇચ્છાથી જે કંઈ ગુરુદક્ષિણા આપવી હશે તે પોતે આપશે. તે જમાનામાં ગુરુને ગુરુદક્ષિણા માંગવાની જરૂર પડતી ન હતી. પરન્તુ જ્યારથી ગુરુએ ગુરુદક્ષિણા માંગવાની શરુઆત કરી ત્યારથી ગુરુ પોતાના કર્મનું ફળ પહેલાં ભોગવવાની ઇચ્છા રાખતા થયા. તેને કારણે ગુરુની ચોટી વિદ્યાર્થીઓના હાથમાં આવી ગઈ. આજે તેથી જ વિદ્યાર્થી ગુરુને સારી રીતે ડિક્ટેટ કરી શકે છે અને ગુરુએ વિવશ બનીને તે બધું કબૂલ કરવું પડે છે, કારણ તેને ટ્યુશન ફી જોઈએ છે. પ્રાચીન સમયમાં ગુરુઓ ટ્યુશન ફી નહોતા લેતાં, વિના માગે મળતી ગરુદક્ષિણા લેતા હતા. ગુરુ એમ માનતા હતા કે-''અમે શિષ્યને ભણાવ્યો. ભણવાનું પ્રથમ ફળ તેને પહેલાં મળવું જોઈએ.

જે વખતે ગુરુએ કર્મના ફળમાં પહેલો ભાગ શિષ્યનો માંગ્યો તે વખતે ગુરુ પૂજ્ય બની ગયા. જ્યારથી ગુરુએ ભણાવવાના કર્મમાં પહેલો હિસ્સો પોતાનો માન્યો ત્યારથી તેમની અધોગતિ શરુ થઈ.

કર્મમાર્ગની પ્રક્રિયા જ આ પ્રકારની છે. કર્મમાર્ગીય ઉપાસક દેવને કહે છે ''મારો કર્મનો પહેલો હિસ્સો તારો, મારો નહીં''. હવે બિચારો દેવ જશે ક્યાં? દેવને પણ કહેવું જ પડશે કે ''ના ભાઈ, આ હિસ્સો કેવળ મારો નથી, તેમાંથી તું પણ તારો ભાગ લે. તારે લાયક જે ફળ છે તે તને પણ મળવું જોઈએ; કારણ કે તેં કર્મમાર્ગનું આચરણ કર્યું છે.'' આમ, કર્મમાર્ગમાં વ્યક્તિ પોતાના અહંકારને દેવની આગળ ઝૂકાવી દે છે, વ્યક્તિ જેના માટે કર્મ કરે છે. તેની સામે પોતાનો અહંકાર ઝુકાવી દે છે. વ્યક્તિ પોતાની મમતા દેવની સાથે વહેંચી લે છે. તે કહે છે ''પહેલો ભાગ તારો, બાકીનો ભાગ મારો.''

કર્મમાર્ગની સૂક્ષ્મતાનો વિચાર કરીશું તો આપણને સમજાશે કે, વ્યક્તિ પોતાની મમતામાંથી એક ભાગ બીજાને આપે છે, અર્થાત્ પોતાની મમતાની મદદ લઈ, અહંતાને તોડે છે, તે મમતા અને અહંતા બન્નેને તોડી શકતો નથી.

**જ્ઞાનમાર્ગ :**

કર્મમાર્ગ કરતાં જ્ઞાનમાર્ગ વિરુદ્ધ દિશાનો છે. જ્ઞાનમાર્ગ આપણને સમજાવે છે કે ''હું જે કંઈ છું, તે બ્રહ્મ છું. તેથી હું મારા પોતાના અહંની આહુતિ બ્રહ્મમાં આપી રહ્યો છું.'' આવી જ્ઞાનમાર્ગી વ્યક્તિ પોતાની મમતા વિષે મૌન રહે છે, કારણ કે તે વિરક્ત છે. તેથી ભાગવતમાં કહ્યું કે ''જે વિરક્ત હોય તેણે જ્ઞાનયોગ પ્રાપ્ત કરવો જોઈએ, જે અનુરક્ત હોય તેણે કર્મયોગના માર્ગે ચાલવું જોઈએ.'' જે અનુરક્ત હોય તેને એમ કહેવામાં આવે કે ''તું વિરક્ત થઈ જા.'' તો તે કહેશે કે ''તે વાત શક્ય નથી.'' જે વાત શક્ય નથી, તે વાત આચરવાની આજ્ઞા જો શાસ્ત્ર પણ કરશે, તોય કોઈ તેનું આચરણ કરી શકશે નહીં. જેમકે, પ્રત્યેક બ્રહ્માણમાટે અગ્નિહોત્ર અનિવાર્ય કર્તવ્ય હતું. અગ્નિહોત્રની દીક્ષા લીધા પછી પ્રજ્વલિત થયેલ અગ્નિકુંડ કદાપિ બુઝાવો જોઈએ નહીં. પિતાના મૃત્યુ બાદ તરત જ તેના પુત્રે અગ્નિહોમ કરી, અગ્નિનું આહ્વાહન કરવું જોઈએ. અમારા પૂજ્ય પિતૃચરણ



નિત્યલીલામાં પધાર્યા પછી અમારે પણ અગ્નિહોમ દ્વારા અગ્નિનું આહ્વાહન કરવું પડ્યું હતું. આહ્વાહન કર્યા પછી અમને ખબર પડી કે હવે અમારે કોઈને સ્પર્શ કરવો નહીં. મેં કહ્યું ''અમે કોઈને સ્પર્શ ન કરીએ; પરન્તુ ગામ અને સ્પર્શ કરે તો શું કરવું?'' ત્યારે કહેવામાં આવ્યું કે ''પ્રજ્વલિત અગ્નિનો કુંડ કદી પણ ઓલવાવો જોઈએ નહીં.'' હવે ટ્રેઈનમાં તો અગ્નિ લઈ જવાની મનાઈ હોય, એટલે અગ્નિહોત્રી ક્યાંય જઈ શકે નહીં, તેને જવું જ હોય તો જૈન સાધુઓની જેમ પગે ચાલીને જ જવું પડે. અગ્નિહોત્રીની આજના સમયમાં પોતાના કર્મમાં આટલી નિષ્ઠા હોય તો જ તે કર્મ શક્ય બનશે. આજે સ્થિતિ જુદી છે. કર્મમાર્ગી વ્યક્તિ પોતાની ઈચ્છા પ્રમાણે કર્મમાં છુટછેટ લે છે. કર્મનુ સાચું સ્વરૂપ આચરવું અશક્ય બન્યું છે, તેથી શાસ્ત્રોએ પણ કહ્યું કે સતયુગ, ત્રેતાયુગ અને દ્વાપર યુગમાં અગ્નિહોત્ર અનિવાર્ય હતું, કલિયુગમાં તે અનિવાર્ય નથી.

આમ, જે વખતે જે કોઈ કર્મ શક્ય હોય તે કરવાથી ધર્મતા આવે છે; પરન્તુ જે વખતે જે કર્મ કરવાં અશક્ય બની જાય તે વખતે શાસ્ત્રની આજ્ઞા હોવા છતાં તેમાં ધર્મતા રહેતી નથી, માટે ઉપદેશ શક્ય બને તેવો હોવો જોઈએ.

આમ, જ્ઞાની પોતાના અહંકારની આહુતિ બ્રહ્મમાં આપે છે, પરન્તુ મમતા વિષે તે ચૂપ રહે છે. કર્મ કરનાર કર્મમાં અનુરક્ત છે, કર્મના ફળમાં પણ અનુરક્ત છે; તેથી આપણે તેને કહી દઈશું કે ''તું વિરક્ત બની જા.'' તેના માટે વિરક્તિનો ઉપદેશ અશક્ય ઉપદેશ છે. તેથી કર્મમાર્ગમાં તેને કહેવામાં આવ્યું કે ''સારું, તને કર્મના ફળની આશા છે, તેથી તું કેવળ તારા સ્વાર્થનો વિચાર કરે છે, હવેથી તેમાં થોડોક દેવનો પણ વિચાર કર.'' કર્મમાર્ગમાં અનુરાગી આટલું તો કરી શકશે. તે વિચારશે કે ''ભલે, હું એકલો કર્મનું ફળ ભોગવીશ નહીં, મારા કર્મનો ઉદ્દેશ્ય જે કોઈ છે તેમને પણ હું હિસ્સો આપીશ.''

ડોકટરનું કર્તવ્ય છે કે તે રોગીને સમજે, રોગીમાં કેટલી શક્તિ છે તેને જાણે. ડોકટર રોગીને નિરાશ કરી દેતો નથી.

એક વખત અમારે ત્યાંના કૂવામાં ખરાબ જળ આવ્યું. તે પીવાથી બધાના

પગમાંથી કીડા નીકળ્યા, જેને 'વાળાનો રોગ' કહેવામાં આવે છે. એલોપથીમાં તેને માટે કોઈ દવા નથી. ગામડેથી એક માણસ આવ્યો. તે એક ભુંગળી લાવી, તેનાથી ચૂસીને કીડા કાઢતો. અમારા કાકાને પણ આ રોગ થયો. કીડા કઢાવતાં તેમને એવી પીડા થતી હતી કે તેઓ રીતસર તરફડતા હતા. એમની આવી હાલત જોઈને મેં તો કહી દીધું કે ''ભાઈ, મરવું પસંદ છે, પણ આ દુઃખ સહન થશે નહીં. કીડાને રહેવા દો. તે આપણું શું ખાય છે''. મેં કીડા કઢાવ્યા નહીં. માણસ દવા કરાવે છે, ક્યારેક પગ કપાવે છે, ક્યારેક હાથ કપાવે છે; કારણ કે તેને મનમાં વિશ્વાસ છે કે હાથપગ કપાવીને પણ હું જીવી શકીશ. પરન્તુ કોઈ ડોકટર એમ કહે ''હું તમારું ઓપરેશન કરીશ; પણ તમે જીવશો નહીં.'' તો શું કોઈ ઓપરેશન કરાવશે ખરું? પરન્તુ એ જ ડોકટર દર્દીને દસ ટકા પણ જીવવાની આશા આપશે તો તે ઓપરેશન કરાવવા તૈયાર થઈ જશે.

શિક્ષક ભણાવવાના કર્મ કરતાં એટલું જ વિચારે કે ''મારે કેવળ ટ્યુશન ફી જોઈતી નથી; પરન્તુ મારા વિદ્યાર્થીમાં જ્ઞાન અને વિનય પણ આવવાં જોઈએ''. તો તે આદરણીય બની જશે, શિક્ષક મટી તે ગુરુજી બનશે; પરન્તુ જો તે એમ વિચારશે કે ''વિદ્યાર્થીને જ્ઞાન મળે કે ન મળે, મને મારી ટ્યુશન ફી મળવી જોઈએ.'' તો તે ગુરુજી મટીને શિક્ષક બની જશે. આમ, ગુરુજીમાંથી શિક્ષક બનવાની અને શિક્ષકમાંથી ગુરુજી બનવાની પ્રક્રિયામાં આટલું સૂક્ષ્મ અંતર છે. ફળાશા તો બન્નેને છે; પરન્તુ એક વ્યક્તિ પોતાની ફળાશામાં પહેલો હિસ્સો વિદ્યાર્થીને આપે છે, તે કર્મમાર્ગી છે. બીજો પોતાની ફળાશાનો પહેલો હિસ્સો પોતાનો માને છે, તે ફળમાર્ગી છે. આ કર્મની ગતિનું રહસ્ય છે.

જ્ઞાનની સાધના વ્યક્તિના અહંને છોડાવે છે. તે કહે છે ''હું, હું નથી પણ તું છે. હું મારા અહંકારની આહુતિ તને આપી રહ્યો છું.'' જેમ કર્મમાર્ગી કર્મમાં પોતાનો ભાગ મેળવે છે, તેમ, જ્ઞાનમાર્ગી બ્રહ્મને પોતાનો અહંકાર સમર્પિત કરીને અહંકારમાં પોતાનો અહંકાર માને છે.

મમતામાટે તો સીધી વાત એ છે કે તેને કાપીને ફેંકી દો. કાપીને ફેંકી દેવામાટે બે પ્રકારની સારવાર છે. એક શલ્યચિકિત્સા(વાઢકાપ-ઓપરેશન્) અને બીજી



ઔષધિની ચિકિત્સા. જ્ઞાનમાર્ગ અહંકારની ઔષધિની ચિકિત્સાનો માર્ગ છે અને મમતાની શલ્યચિકિત્સાનો માર્ગ છે. જ્યારે કર્મમાર્ગ ઔષધિની ચિકિત્સાનો માર્ગ છે અને અહંતાની શલ્યચિકિત્સાનો માર્ગ છે.

**કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગ થી ભક્તિમાર્ગની ભિન્નતા :**

ભક્તિમાર્ગમાં અહંતા અને મમતા બન્નેમાટે ઔષધિ ચિકિત્સા છે, શલ્યચિકિત્સા નથી. ભક્તિ એમ કહેતી નથી કે તમે તમારી અહંતા-મમતાને તોડી નાખો. ભક્તિ કહે છે ''તમે તમારી અહંતા-મમતાને પરમાત્મા સાથે જોડી દો.'' કર્મ, જ્ઞાન અને ભક્તિ માં આટલું સૂક્ષ્મ અંતર છે. કર્મમાર્ગ આપણી અહંતાને તોડવાનું કહે છે, જ્ઞાનમાર્ગ આપણી મમતાને તોડવાનું કહે છે, કર્મમાર્ગ આપણી મમતાને દેવતા સાથે જોડવાનું કહે છે, જ્ઞાનમાર્ગ આપણી અહંતાને બ્રહ્મ સાથે જોડવાનું કહે છે.

ભક્તિમાર્ગ કહે છે કે કંઈ પણ તોડશો નહીં. તમારી અહંતાને બ્રહ્મ સાથે જોડી દો. આજ સુધી તમે 'સોહમ્' કહેતા હતા, હવે તમે 'દાસોહમ્' કહો, એટલે તમારી અહંતા બ્રહ્મ સાથે જોડાઈ જશે. તમારી મમતાના જે કોઈ વિષય છે ધન, ગૃહ, અન્ન, ગંધ, વસ્ત્ર, અલંકાર એ બધા પહેલાં પ્રભુને સમર્પિત કરી દો, પછી પ્રભુના પ્રસાદના રૂપમાં તેનો ઉપયોગ કરો. તમારી મમતા પ્રભુ સાથે જોડાઈ જશે. આમ, આપણે આપણી મમતાને તોડતા નથી, આપણી અહંતાને પણ તોડતા નથી. અહંતા અને મમતા ને જ્યારે પરમાત્મા સાથે જોડવામાં આવે છે ત્યારે ભક્તિ સિદ્ધ થાય છે.

જો આપણે આપણી અહંતા કે મમતાને તોડી નાખીશું તો આપણે ખુદ બ્રહ્મ જેવા બની જઈશું. અહંતા-મમતા તોડી દીધા પછી બ્રહ્મનો આનન્દ ક્યાંથી લઈ શકાશે? પ્રભુએ સૃષ્ટિના લીલાત્મક રૂપની જે અભિવ્યક્તિ કરી છે તે જોવામાટે આપણામાં મમતા નહીં રહી હોય તો આપણે શું જોઈશું? આપણા માટે બધું શૂન્ય બની જશે. જોયા વિના આનન્દ પણ શું આવે? અર્થાત્ ભકિતનો ભાવ ત્યાગવાનો નથી. તેવી જ રીતે ભક્તિનો ભાવ ભોગવાનો પણ નથી. ભકિતનો ભાવ ભગવાનને વિનિયોગ કરવાનો છે. આપણે જે-કંઈ કરીએ તે પરમાત્માને સમર્પિત કરીએ,

પરમાત્માની સાથે આપણી અહંતાને જોડી દઈએ. તે લીલા કરી રહ્યો છે ત્યારે આપણે દર્શક બની, તેની રસાત્મક લીલાનો જ્યારે પણ રસાસ્વાદ લઈશું ત્યારે આપણી અહંતા-મમતાની વિરૂપતા નષ્ટ થશે, તે અહંતા-મમતામાં સુરૂપતા આવશે.

જ્યાં સુધી આપણે આપણા ઘરમાં પ્રભુને નથી પધરાવ્યા ત્યાં સુધી આપણું ઘર કારાગૃહ છે; પરંતુ જ્યારે પણ ઘરમાં પ્રભુને પધરાવી, તેમની સેવા કરીએ છીએ ત્યારે જો તે કદાચ કારાગૃહ હશે તો પણ આપણા માટે તો તે ઘર બની જશે. એ જ સૂચવવામાટે સારસ્વત કલ્પમાં ભગવાન્ શ્રીકૃષ્ણ કારાગૃહમાં જ જન્મ્યા. ત્યારે કારાગૃહના બંધન તૂટી ગયાં. કંસ અસુર હતો, છતાં તેના કારાગૃહના દરવાજા તે બંધ રાખી શક્યો નહીં. જો ભગવાન્ આપણા ઘરમાં બિરાજે તો આપણો અહંકારરૂપી અસુર આપણા પણ ઘરના દરવાજાને ભગવાન્ માટે બંધ રાખી શકતો નથી. જ્યારે ભગવાન્ કારાગૃહમાં પ્રકટ થયા ત્યારે તેમણે ઇચ્છ્યું હોત તો તે જ વખતે તેઓ વસુદેવ-દેવકીને કારાગૃહમાંથી છોડાવી શક્યા હોત; પરંતુ કૃષ્ણજન્મ પછી તે લીલાદ્વારા ભગવાને વસુદેવ-દેવકીને બોધ કરાવ્યો કે ''હવે તમે કારાગૃહમાં પણ આનન્દથી રહી શકશો, હવે તમારે કોઈ વાતની ચિંતા નથી''. જો આવા કારાગૃહમાં કૃષ્ણ જન્મતા હોય તો એવા એકને બદલે સો કારાગૃહ આપણને સ્વીકાર્ય છે. પરંતુ જો કૃષ્ણજન્મ ન થતો હોય તો આપણે ઘરને તો જવાદો વૈકુંઠ પણ જોઈતું નથી. તેથી દયારામભાઈએ ગાયું કે ''વ્રજ વ્હાલું રે, વૈકુંઠે નહીં જાઉં, ત્યાં નંદનો કુંવર કયાંથી લાવું!'' માટે આપણા ઘરરૂપી કારાગૃહમાં કૃષ્ણનો જન્મ થવા દો. કૃષ્ણનો જન્મ થતાં જ આપોઆપ આપણી ભક્તિ વધવા લાગશે. ભકિતના મૂળિયા કૃષ્ણના જન્મમાં છે. કૃષ્ણનો કારાગૃહમાં જન્મ ભક્તિનો પહેલો સિદ્ધાન્ત છે.

સૃષ્ટિરૂપે જે લીલા ચાલી રહી છે તે લીલાનું સમગ્ર રસાસ્વાદન કરવામાટેનો વ્યવસ્થિત ભાવ એટલે ભક્તિ. માની લો કે કોઈ એક નાટક ચાલે છે, તેમાં ત્રણ પ્રકારની વ્યક્તિઓ આવી શકે છે. એક નાટકના સહૃદય દર્શક, જેમની રુચિ નાટકના અભિનેતામાં ન હોતાં નાટકના પાત્રમાં હોય, નાટકની ઘટનામાં હોય. બીજા કેટલાક લોકો એવા હોય કે જે નાટકની વ્યવસ્થા સાથે સંકળાયેલાં હોય. તે રાત-દિવસ નાટક જોયા કરે; પરંતુ તે નાટકનો પ્રભાવ તેના મન પર પડે નહીં, કારણ કે તેમનું કામ નાટકની વ્યવસ્થા સાચવવાનું છે. ત્રીજી વ્યકિત છે નાટકનો



વિવેચક. વિવેચકનું સદ્ભાગ્ય ગણો કે દુર્ભાગ્ય, તે કદિ પણ સહૃદયી-સામાન્ય દર્શકની જેમ નાટકનો સારી રીતે રસાસ્વાદ માણી શકતો નથી, કારણ કે તેનું કામ નાટકની પ્રત્યેક ગતિવિધિનું વિવેચન કરવાનું છે. નાટકના પાત્રોનો અભિનય યોગ્ય છે કે નહીં, સાજ-સજ્જા કેવી છે, મેકપ કેવો છે, સંવાદ બરોબર છે કે કેમ વગેરેનો તેણે બારીકાઈથી વિચાર કરવાનો હોય છે.

સંસ્કૃત ભાષામાં વિદ્વાનમાટે 'દોષજ્ઞ' શબ્દ પણ છે. જે દોષને જાણતો હોય તે વિદ્વાન. તમે કહેશો, સંસ્કૃત ભાષા ઘણી વિચિત્ર છે. વિદ્વાનને ગુણજ્ઞ કેમ ન કહ્યો? તેનું કારણ એ છે કે વ્યકિતને કોઈ પણ વિષયનું જ્યારે પણ જ્ઞાન થવા લાગે એટલે તે તેના ગુણો જોવાને બદલે દોષ જોતો થઈ જાય. જાણકારીનો સ્વભાવ જ દોષ જોવાનો છે. પહેલાં તેની નજર સામે દોષ આવે અને પછી ગુણ આવે. વિદ્વાન ગુણને જાણતો નથી, તેવું નથી; પરંતુ તેણે વિદ્વતા મેળવવામાં જે પરિશ્રમ કર્યો છે તેને લઈને તે પહેલાં દોષ જોતો થઈ જાય છે. દા.ત. કોઈ સેવાનો જાણકાર હોય અને તે જો તમારા ઘરે આવે તો તમારા ઠાકોરજીના દર્શન કરતાંની સાથે જ પહેલાં દોષ શોધશે કે આજે આ રંગના વસ્ત્ર આવવાં જોઈએ, રમકડાં આ પ્રમાણે સાજવાં જોઈએ... પહેલાં તેને બધી ભૂલો જ દેખાશે, કદાચ તેને શરુઆતમાં શ્રીઠાકોરજી પણ દેખાશે નહીં. તેનું એક જ કારણ છે કે તે જાણકાર છે, સેવાની પોથીને ગોખી કાઢનાર મોટો વિદ્વાન છે, મોટો દોષજ્ઞ છે.

એવી જ રીતે જે જ્ઞાની ઘણી મહેનતથી સમગ્ર જગતનું રહસ્ય સમજવાની કોશિશ કરે છે. તે જાણવાની કોશિશ કરશે કે આમાં ભગવાને કેટલા પ્રમાણમાં માયાની મિલાવટ કરી છે? કેટલા પ્રમાણમાં પ્રકૃતિની મિલાવટ કરી છે? કેટલા પ્રમાણમાં કાળ અને કર્મ ની મિલાવટ કરી છે? કેટલા પ્રમાણમાં તેમાં શુદ્ધ ચૈતન્ય અને શુદ્ધ આનન્દ છે? આ બધી બાબતોની મિમાંસા કરતાં-કરતાં તે એક એવા ચક્કરમાં પડી જાય છે કે તેની બુદ્ધિમાં તેને ગુણ અને આનન્દ ને બદલે પહેલાં દોષ દેખાવા લાગે છે. જેમ બાવો બન્યો એટલે હિન્દી બોલવી પડે, તેમ વિદ્વાન્ બન્યા એટલે એકાદ-બે દોષ તો શોધવા પડે. જે વિદ્વાન થોડા ઘણા વિનયી હોય છે તેઓ બોલતા નથી, પણ મનમાં દોષ સમજીને દોષ શોધ્યાનો આનન્દ તો માણે જ છે. જે અવિનયી હોય છે તેમને બોલ્યા વિના ચાલતું નથી. વિદ્વાનો માટે કદાચ

જ્ઞાનનો આવો અભિશાપ હશે!

આમ વિદ્વાને જગત-સૃષ્ટિમાં પહેલાં દોષ દેખાય છે; પરંતુ ''સ એકાકી ન રમતે સ વિદ્વતીયમ્ ઐચ્છત્'' એ દેખાતું નથી.

શ્રીમહાપ્રભુજી એક સુંદર વાત બતાવે છે કે તમે તમારી વિદ્વતતાની તાકાત પર દોષો શોધો છો, ત્યારે યાદ રાખો કે દોષ પણ એક લીલા છે, જે કંઈ દોષ પ્રકટ થયો છે તેમાં પણ એક રસ રહેલો છે. જેમ બાળક તોતડું બોલે તો તેમાં પણ રસ પ્રકટ થાય છે. સામાન્ય માણસ તોતડું બોલે તો તે દોષ છે; પરંતુ બાળક તોતડું બોલે ત્યારે તેમાં પણ રસ છે. તેવી રીતે, પ્રભુની ક્રીડામાં જો કયાંય દોષ છે તો તેનો પણ એક રસ છે. જે પરિપૂર્ણ છે, સર્વથા દોષરહિત છે તેણે પણ પોતાની સૃષ્ટિમાં કયા-કયા રૂપે દોષ પ્રકટ કર્યા છે એનો વિચાર કરો તો, અર્થાત્ તેને પણ લીલાના ભાવથી જુઓ તો તેમાં પણ તમને આનન્દ આવશે. ભગવાન્ નિર્દુષ્ટ પોતાની સૃષ્ટિમાં દોષની લીલા પ્રકટ કરી રહ્યા છે એ વિચારતાં તે વાતઉપર આપણે મુગ્ધ બની જઈશું.

જો આ સૃષ્ટિ શેતાને કે માયાએ બનાવી હોય અને તેમાં દોષ હોય તો તે વાત ક્ષમ્ય છે. શેતાન કે માયા દોષ ન કરે તો બીજું શું કરે? પરંતુ જે પરમાત્મા શુભતમ, આનન્દતમ અને નિર્દોષતમ છે તેની બનાવેલી સૃષ્ટિમાં જેકંઈ દોષ છે ... તેથી જે વખતે સુરદાસજીએ શ્રીમહાપ્રભુજીની સન્મુખ પોતાના દોષોનું ચિંતન કરીને ગાયું ''હોં પતિતનકો ટીકો, મૌ સમ કૌન કુટિલ ખલ કામી.'' ત્યારે તેમનું આ દોષગાન થોડો સમય સાંભળી, શ્રીમહાપ્રભુજી પણ સ્તબ્ધ બની ગયા. શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાન્ત આ પ્રકારના પદ સાંભળવા શ્રીમહાપ્રભુજીને પણ મંજૂરી આપતો નથી. કદાચ મંજૂરી આપે તો પણ એમ કહે કે સેવાના અનવસરમાં, દિવસભર સેવા કર્યા પછી રાત્રે સૂતાં પહેલાં, ફુરસદના સમયમાં તમારા દોષોને યાદ કરી લેજો. શ્રીઠાકોરજી જ્યારે જાગે છે ત્યારે તેમની સેવા તો ભગવદ્લીલાનો અનુભવ કરવાનો અવસર છે. તેથી તે અન-અવસર નથી. આવા અવસરમાં તમે તમારા દોષો શામાટે વિચારો છો? કંઈક લીલા ગાઓ! શ્રીઠાકોરજી પોઢી ગયા હોય અને તમે એકલા જાગતા હો ત્યારે દોષનો વિચાર કરજો. એકલો માણસ જાગતો



હોય ત્યારે પોતાના દોષનો વિચાર કરવાને બદલે બીજું કરે પણ શું? જ્યારે તું શ્રીઠાકોરજીની લીલાના અવસરમાં હાજર છે, ત્યારે દોષનો વિચાર ન કર. એટલે જ શ્રીમહાપ્રભુજીએ સૂરદાસજીને પણ ગભરાઈને કહી દીધું ''સૂર થઈને શા માટે રોદણાં રડે છે? કંઈક ભગવદ્લીલા ગા''. સૂરદાસજીએ ભગવલ્લીલા તો ગાઈ; પરંતુ શ્રીમહાપ્રભુજીએ સૂરદાસજીને ભગવલ્લીલા ગાવાનો જે ઉપદેશ આપ્યો તે પ્રસંગને અનુસરીને સૂરદાસજીએ એક સુંદર દોહો લખ્યો છે :

*''જગ-પ્રપંચ હરિરૂપ લહે સબ દોષભાવ મિટિ જાય,*
*સૂરદાસ તબ હરિ હિય પ્રકટેં પ્રેમમગન વ્હૈ જાય''*

જગતરૂપી આ પ્રપંચને જો આપણે હરિરૂપમાં સમજીશું તો દોષમાટે કોઈ અવકાશ રહેશે નહીં. ત્યારે આપણને સમજાશે કે ''દોષોપિ હરિણા કૃતઃ''. દોષને દોષ માનો એમાં વાંધો નથી; પરંતુ સાથે-સાથે દોષને લીલા પણ માનો. આ બધી ભગવલ્લીલા છે એવો ભાવ હૃદયમાં આવે ત્યારે હૃદયમાંથી દોષભાવ મટી જાય છે, ત્યારે પ્રેમમગ્ન બની પ્રભુનાં ગુણગાન ગાઈ શકીએ છીએ.

જેમ નાટકનો વિવેચક દરેક પાત્રના દોષો જોયા કરે તો તે તેનો રસાસ્વાદ કરી શકતો નથી, તેવી રીતે, આપણે પણ દોષજ્ઞતાની દષ્ટિ રાખીએ ત્યાં સુધી જગતની લીલાનો રસાસ્વાદ માણી શકતા નથી.

**બીજભાવ :**

કર્મમાર્ગી ઉપાસક નિષ્કામ કર્મની જે પ્રવૃત્તિ કરે છે તે નાટકના વ્યવસ્થાપક જેવી છે. જ્યારે ભક્ત શુદ્ધ સહૃદય દર્શક જેવો છે. તે કેવળ નાટકના પાત્રનો જ અનુભવ કરે છે, નાટકની ઘટનાઓને જુએ છે, સંવાદને સાંભળે છે અને તેમાં પોતાનું તાદાત્મ્ય શોધે છે. તાદાત્મ્યની આ પ્રક્રિયાને રસશાસ્ત્રમાં 'સાધારણીકરણ'ની પ્રક્રિયા કહેવામાં આવે છે. રંગમંચપર જે ઘટના ચાલી રહી હોય તેના સ્વર સાથે આપણા હૃદયનો તાર મેળવી દેવો તેનું નામ 'સાધારણીકરણ'. જ્યારે વાદ્યમાંથી 'સા' નો સુર નીકળે ત્યારે તેની સાથે આપણા કંઠમાંથી 'સા' નો સુર મેળવી દેવો જોઈએ. નાટકમાં ત્રણ પ્રકારના અભિનયો હોય છે. ૧.આહાર્ય, જેને આપણે મેકઅપ કહીએ છીએ. ૨.કાયિક, જેને હાવભાવ કહીએ છીએ અને ૩.વાચિક, જેને સંવાદ કહીએ છીએ. આ પ્રકારના અભિનયદ્વારા રસ પ્રગટ થાય છે. તે રસનો આસ્વાદ કરવાલાયક

આપણું હૃદય પણ બનવું જોઈએ. નાટકના તે રસ સાથે હૃદયનો તાર જોડવો જોઈએ. એવી જ રીતે, જગતમાં પ્રગટ થયેલી ભગવલ્લીલાના રસનો જે સુર છે તેની સાથે આપણા હૃદયનો તાર જોડવો જોઈએ. આપણા હૃદયના આવા જોડાયેલા તારને શ્રીમહાપ્રભુજી 'બીજભાવ'ની સંજ્ઞા આપે છે.

જો આપણા હૃદયમાં આવો બીજભાવ નથી, તો જે સુર ગવાતો હશે ત્યારે તેનો અનુનાદ પ્રગટ થશે નહીં. આપણામાં કહેવત છે કે ભેંશ આગળ વીણા વગાડીએ તો ભેંશ શું કરે? તે ભાંભરવા લાગશે.

સુપ્રસિદ્ધ સંગીતકાર શ્રીઓમકારનાથ ઠાકુર વિષે એક ટુચકો કહેવામાં આવે છે. એક દિવસ તેઓ ગાતા હતા ત્યારે તેમણે રાગને ખૂબ સારી રીતે આલાપ્યો. બધા શ્રોતાઓ ત્રાસી જઈને ત્યાંથી ભાગી ગયા, માત્ર એક વ્યકિત બેસી રહી. જ્યારે શ્રીઓમકારનાથે આંખો ખોલી ત્યારે જોયું તો એક જ શ્રોતાને જોયો. તેમણે વિચાર્યું ''મારા સંગીતનો આ જ સહૃદયી શ્રોતા છે.'' તેમણે કહ્યું ''ભાઈ, તમે એક જ સંગીતને સમજનારા નીકળ્યા.'' ત્યારે તેમણે કહ્યું ''પંડિતજી! સમજદાર છીએ કે નહીં, એ તો પછી વિચારીશું; પણ તમે જે આસન પર બેસીને ગાઈ રહ્યા છો તે આસન મારું છે. તમે આંખ ખોલો તો હું તમને કહું કે, આ મારું આસન છે અને હવે તમે ગાવાનું બંધ કરો, તો હું મારું આસન લઈને ઘેર જાઉં''.

જ્ઞાનમાર્ગી લોકો આવા હોય છે. તેઓ ભગવાનને કહે છે ''તમે ભગવલ્લીલા કરી રહ્યા છો તે તો ઠીક પણ અમે બેઠાં-બેઠાં રાહ જોઈએ છીએ કે કયારે આ પૂરી થાય તો અમે અમારું જ્ઞાનાસન લઈને મુકત થઈએ. તમે ગીત સમાપ્ત કરીને મુકત થાઓ, અમે આસન લઈ ઘેર જઈ મુકત થઈએ. તેમાં સહૃદયતામાટે કોઈ અવકાશ નથી. પરંતુ ભક્ત આવું કરી શકતો નથી. તે આવી રીતે ભાગી શકતો નથી. ભાવના જે તારથી તે બંધાયો છે તેનાથી તે ભાગવા ઈચ્છતો નથી, તે તેમાં જ જીવવા ઈચ્છે છે.

જે જ્ઞાની છે તેને જ્ઞાનના આવેશથી કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરેની કુરુપતાઓ દેખાય છે, કારણ કે તે દોષજ્ઞ છે. તેને દોષ દેખાય છે, તેથી



તે મુકત થવા ઈચ્છે છે. પ્રભુ પોતાની લીલા બંધ કરે તે પહેલાં જ મુકત બની, તે ભાગી જવા ઈચ્છે છે. ભગવાન્ તેને કહે છે ''તને સમજ ન પડે તો વાંધો નહીં પરંતુ જો તું દુનિયામાંથી ઉઠીને ચાલ્યો જઈશ તો દુનિયા પણ તારું અનુકરણ કરવાનું ધારશે માટે તું બેસી રહે અને તારું કર્મ કર્યા કર.''

ભકિતનો શ્રોતા સહૃદયી શ્રોતા છે. પ્રભુએ જે સુર ગાયા છે તે સુરનો પડઘો તેના હૃદયમાં પ્રગટ્યો છે. જે વખતે તેના હૃદયમાં અનુનાદ સંભળાય છે તે વખતે તે ભાગી જવા ઈચ્છતો નથી, જામેલી મહેફિલનો મૂડ બગાડવા ઈચ્છતો નથી. ભક્ત એટલી જ પ્રાર્થના કરે છે હે પ્રભુ! મારે કંઈ જોઈતું નથી. મારે દોષ જોવા નથી, મારે કોઈ કર્મની ચિંતા નથી. તમે જે કર્મ કરાવશો તે હું કરી લઈશ. મારે તો એટલું જ જોઈએ છે કે તું જે લીલા કરી રહ્યો છે તેમાં હું દર્શક બની રહીશ. જ્યાં સુધી તારી આ લીલા ચાલી રહી છે, ત્યાં સુધી તું મને મુકત કરીશ નહીં. જો તું મને પહેલાં મુકત કરી દઈશ. તો તારી લીલા અટકી જશે.

ચૈતન્ય સમ્પ્રદાયના એક મોટા ભક્તે મુક્તિને 'પિશાચિની' કહી છે. તેઓ કહે છે તું મારો પીછો કેમ કરી રહી છે? મેં એવું શું પાપ કર્યું છે કે તું મને મુકત કરવા આવી છે? તારે મુકત કરવા હોય તો દુનિયામાં ઘણા જ્ઞાની છે, કર્મમાર્ગી છે તેમને મુક્ત કર, મારે મુક્તિ નથી જોઈતી, મારે ભક્તિ જોઈએ છે.

જગતની આ લીલા પૂર્ણ થાય તે પહેલાં જ જ્ઞાની ભાગવા ઈચ્છે છે. કર્મમાર્ગી પોતાની નિષ્ઠામાં નિષ્કામ બની બેસી રહ્યો છે. ભક્ત નિષ્કામ બનીને બેઠો નથી, તે ભગવત્કામ રાખીને બેઠો છે, કારણ કે તેના હૃદયના તાર લીલાના સુર સાથે જોડાયેલો છે.

આપણો અનુભવ છે કે કોઈ ખૂબ સુંદર ગીત ગવાતું હોય ત્યારે આપણે પણ તેની સાથે સુર પુરાવા લાગી જઈએ છીએ. બધાની સામે ગાવામાં શરમ આવે ત્યારે બાથરૂમના દરવાજા બંધ કરીને ગાઈ નાખીએ છીએ. કારણ કે, જે વખતે સુંદર સુરનો ઝંકાર આવે છે ત્યારે હૃદય ચૂપ રહી શકતું નથી. તેનો અર્થ એ છે કે એ હૃદયમાં રસાસ્વાદમાટેની સહૃદયતા છે.

આજકાલ લોકો જ્ઞાન, કર્મ અને ભક્તિ ના સાચા સ્વરૂપને સમજ્યા વિના જ્ઞાન, કર્મ અને ભક્તિની ખીચડી બનાવી દે છે. કારણ કે, લોકોમાં એવી એક માન્યતા ફેલાઈ ગઈ છે કે દ્વૈત જોઈએ જ નહીં. વાસ્તવમાં, દ્વૈતના ઝઘડા ખોટા છે. દ્વૈત ખરાબ નથી, ઈશ્વર ને અલ્લાહના દ્વૈતને કારણે આપણે ઝઘડો શરુ કરી દીધો તે ખરાબ છે, કારણ કે તેમાં ઝઘડવાની કોઈ વાત નથી. ઈશ્વરનું જો રસાસ્વાદન કરવું હોય તો હૃદયમાં એક પ્રકારનો રસ જોઈએ. અલ્લાહનું રસાસ્વાદન કરવા એક અલગ રસ જોઈએ. ગોડનું, શિવનું કે વિષ્ણુનું રસાસ્વાદન કરવા એક અલગ પ્રકારનો રસ જોઈએ. વિષ્ણુનાં અનેક અવતાર પૈકી રામલીલાનું રસાસ્વાદન કરવા હૃદયમાં એક વિશિષ્ટ પ્રકારનો બીજભાવ જોઈએ, તે જ રીતે કૃષ્ણલીલાનો રસાસ્વાદ કરવા જુદા પ્રકારનો બીજ ભાવ જોઈએ. આ બધા માટે ''ટકે શેર ભાજી, ટકે શેર ખાજાંનો'' સિદ્ધાન્ત ચાલે નહીં. આ બધાં રૂપ પરમાત્માનાં જ છે એ વાત સાચી છે; પરંતુ દ્વૈતની પણ પોતાની વિશિષ્ટતાઓ છે. તે બારીકાઈઓનો વિચાર ન કરતાં, ''ઈશ્વર અલ્લાહ તેરે નામ'' કહીને આપણે તેનો ભેદ મીટાવી દઈશું તો એમ કહી શકાય કેઃ

*''શેખને મસ્જિદ બનાકર સાફ બુતખાના કિયા,*
*પહેલે તો કુછ થા ભી સહી, અબ ઓર વીરાના કિયા.''*

દરેક માણસને તેની રુચિ પ્રમાણે કંઈક જાણવા, માણવા, ભજવા ઈશ્વરનાં અલગ-અલગ રૂપ છે. પોતાના ભાવને અનુરૂપ ઈશ્વરના તે રૂપને મનુષ્ય જાણી શકે છે, માણી શકે છે, ભજી શકે છે. જો કોઈ સચ્ચાઈથી પોતાના ભાવને અનુરૂપ ઈશ્વરને જાણે છે, માણે છે કે ભજે છે તો તેમાં ઝઘડવાની વાત ક્યાં આવે છે?

મને મારી પત્ની પ્રિય લાગે તેમાં તમારે ઝઘડો કરવાની વાત ક્યાં છે? તમને તમારી પત્ની પ્રિય લાગે એમાં મારે ઝઘડો કરવા જેવું શું છે? ઝઘડો તો ત્યારે થવો જોઈએ કે તમારી પત્ની મને પ્રિય લાગે અથવા મારી પત્ની તમને પ્રિય લાગે. કોઈ એમ કહેતું હોય કે બધી પત્નીના ભેદ મિથ્યા છે, તો તેની સાથે ઝઘડો થાય. જો એમ કહીએ કે બધી પત્નીઓના ભેદ મિથ્યા છે તો દુનિયામાં જેટલી સ્ત્રીઓ બધી પત્ની બની જાય! હકીકતમાં દુનિયાની બધી સ્ત્રીઓ બધાની પત્ની બની શકતી નથી. માટે તે ભેદને જાળવીને સૌ પોતપોતાની પત્નીમાં તલ્લીન બને



તો જીવનનો સાચો રસ માણી શકે છે; પરંતુ આ ભેદને મીટાવવામાટે આજકાલ બધા લોકોએ એવી ધમાલ મચાવી મૂકી કે વિવિધ ધર્મોના ભેદો મિથ્યા છે, ઈશ્વરનાં વિભિન્ન રૂપોના ભેદો મિથ્યા છે, વિવિધ સમ્પ્રદાયોના ભેદો મિથ્યા છે. જ્ઞાન, કર્મ અને ભક્તિ ના ભેદો મિથ્યા છે. જેટલો સમય આપણે મિથ્યા છે-મિથ્યા છે ની બૂમો પાડીએ છીએ એટલો સમય ભગવાનનું નામ લીધું હોત તો તે સત્ય બની જાત.

જે અલ્લાહમાં તલ્લીન છે તેણે ઈશ્વરમાં તલ્લીન વ્યકિતને જોઈને ઝઘડો કરવાનું કોઈ કારણ નથી. જ્યારે આપણે આપણામાં તલ્લીન નથી હોતાં ત્યારે બીજાને જોઈને ઝઘડો કરીએ છીએ, ત્યારે આપણને બીજાની ભૂલો દેખાય છે. દરેક વ્યકિતને પોતાના ભાવને અનુરૂપ ઈશ્વરના સ્વરૂપને ભજવાની અને માણવાની છુટ હોવી જોઈએ, તેમાં કશું ખોટું નથી, તેમાં કોઈ ઝઘડાની વાત નથી. કોઈ ઈશ્વરને પિતા માને, કોઈ માતા માને, કોઈ ભાઈ માને, કોઈ સખા માને જે-જે માને તેને માટે ઈશ્વર તે રૂપે આવે છે.

જે સુફી આજ સુધી ઈશ્વરને પ્રિયતમા માનતો આવ્યો છે, તે હવે તેને માતા કેવી રીતે માનશે? તેના ભાવનું ખંડન કરવાની જરૂર શી છે?

કેરેબિયન ટાપુમાં ખ્રીસ્તી લોકો જ્યાં સુધી ગયા નહોતાં ત્યાં સુધી ત્યાંના મૂળ વતનીઓ જંગલી હતા. તેમને ત્યાં લગ્નનો રિવાજ નહોતો. તેમનો સમાજ માતૃપ્રધાન હતો. તેઓ એટલા પ્રમાણમાં જંગલી હતા કે તેમને એ પણ ખબર નહોતી કે સ્ત્રી-પુરુષના સંયોગથી સંતતિ જન્મે છે. તેઓ એમ સમજતા હતા કે ચદ્રમાની અલગ-અલગ કલાઓ થી બાળક જન્મે છે. જો કોઈને ત્યાં આઠમના દિવસે બાળક જન્મે તો તેઓ માનતા કે આઠમનો ચંદ્ર મારા બચ્ચાનું કારણ છે, જો પુનમે બાળક જન્મે તો પુનમના ચંદ્રમાને પોતાના બાળકમાટે કારણરૂપ સમજતાં. જ્યારે ખ્રીસ્તી લોકો પહેલી વખત ત્યાં ગયા ત્યારે તેમણે તે જંગલી લોકોને સમજાવવા માંડ્યું કે ભગવાન્ જગતનો પિતા છે. પરન્તુ રમુજ એ વાતની થઈ કે પેલા જંગલી લોકોના સમાજમાં પિતા જેવી કોઈ વસ્તુ જ નહોતી એટલે તેમણે પૂછ્યું કે ''પિતા એટલે શું?'' પાદરીઓ ફિકરમાં પડી ગયા કે ''આ લોકોને ભગવાન્

પિતા છે એવું કેવી રીતે સમજાવવું?'' તેમણે તેમના સમાજનો અભ્યાસ કર્યો. ત્યારે તેમના અભ્યાસથી તેમને સમજાયું કે, અહીં માનું જ ઘરમાં વર્ચસ્વ છે, કારણ કે મા બાળકને મોટા કરે છે. મા ભાઈની સાથે મોટી થઈ હોય એટલે તેના ભાઈની થોડીક મહત્તા પરિવારમાં માન્ય છે એટલે મા પછી તેમના સમાજમાં બીજું વર્ચસ્વનું સ્થાન મામાનું હતું. આ ઉપરથી પાદરીઓએ તે ટાપુના લોકોને સમજાવવા માંડ્યું કે ''જેવો તમારો મામો, જેવો તેનો મામો, એવો જગતનો પણ એક મામો હોવો જોઈએ.'' ત્યાંના લોકો કહ્યું ''હા, જરૂર હોવો જોઈએ.'' પાદરીઓએ કહ્યું કે ''ભગવાન્ જગતના મામા છે.'' જંગલીઓને આ વાત સમજાઈ ગઈ, એટલે તે બધા ખ્રિસ્તી થઈ ગયા. તેમને લાગ્યું કે જેમ અમારે મામા છે, તેમ જગતને પણ મામા હોઈ શકે, એમાં નુકસાન શું છે? તેઓ ઈશ્વરને મામા માનીને ખ્રિસ્તી બન્યા, ઈશ્વરને પિતા માનીને ખ્રિસ્તી નહોતા બન્યા.

આપણે અમસ્તા જ એવું ધારી લઈએ કે ભગવાન્ જગતનો પિતા જ છે, તો તે બરાબર નથી. તે મામા કેમ ન હોઈ શકે? ભાઈ કેમ ન હોઈ શકે? સાંખ્ય અને યોગ શાસ્ત્ર કહે છે કે ઈશ્વરનો અને આપણો સમ્બન્ધ પિતા-પુત્રનો નથી પણ ગુરુ-શિષ્યનો છે. પરમાત્મા આપણો ગુરુ છે. જૈન અને બૌદ્ધ ધર્મમાં પણ બુદ્ધ-મહાવીરની સાથે આવો જ સમ્બન્ધ બતાવવામાં આવ્યો છે. બોધિસત્વ બધા સંસારી આત્માઓના ગુરુ છે. એ જ રીતે, મહાવીર પણ ગુરુ છે.

મારી મોટી દીકરી જ્યારે નાની હતી, ત્યારે મેં તેને ષડ્દર્શનના સિદ્ધાન્તો તેની સમજ પ્રમાણે સમજાવ્યા. જૈનદર્શન અનિશ્વરવાદી દર્શન છે, એમ તેને સમજાવ્યું. તેણે એ વાત પકડી લીધી, શાળામાં તેના વર્ગમાં એક જૈન છોકરી ભણતી હતી. મારી દીકરીએ વર્ગની પોતાની બહેનપણીઓ ઉપર રુઆબ પાડવાની શરૂઆત કરી દીધી. તે બધાને કહે કે અમુક દર્શન અમુક વાત માને છે, અમુક દર્શન અમુક વાત માને છે. એક દિવસ તેણે જૈન છોકરીની સામે બોલવા માડ્યું કે જૈન લોકો ઈશ્વરમાં માનતા નથી, તે નાસ્તિક છે. જૈન છોકરીએ કહ્યું કે તને આવું કોણે કહ્યું? અમે તો માનીએ છીએ. અમે અમારા મહાવીર સ્વામીને ઈશ્વર માનીએ છીએ. મારી દીકરીએ જવાબ આપ્યો કે મારા પિતાએ મને કહ્યું છે કે જૈન અનિશ્વરવાદી છે. તે છોકરીએ સામો જવાબ આપ્યો કે તારા પિતા જૈન થોડા છે



કે તેમને સમજ પડે! અમે અમારા દેરાસરમાં રોજ દર્શન કરવા જઈએ છીએ. તારા પિતા એમ કેમ કહે છે કે અમે નાસ્તિક છીએ? બન્નેમાં ઝઘડો વધી ગયો. બન્ને જણી ન્યાય કરાવવા મારી પાસે આવી. મેં તેમને કહ્યું કે તમારી બન્નેની વાત સાચી છે, કારણ કે તમે ભગવાનને ગુરુ માનો છો. મેં જ્યારે તને કહ્યું કે જૈન અનિશ્વરવાદી છે ત્યારે મેં એ અર્થમાં નહોતું કહ્યું કે જૈન ધર્મમાં ગુરુ સમ્બન્ધવાળો કોઈ ઈશ્વર નથી. ગુરુ સમ્બન્ધવાળો ઈશ્વર જૈનમાં છે; પણ કાર્ય-કારણ સમ્બન્ધવાળો ઈશ્વર તેમને ત્યાં નથી. આટલી નાનકડી વાત બે માંથી એકેની સમજમાં આવી નહીં. મને એટલો ક્ષોભ રહ્યો કે હું બન્નેને સંતોષ આપી શક્યો નહીં. મારી દીકરી એમ વિચારતી હતી કે પિતાજી ક્યારેક કહે છે ઈશ્વર છે અને કયારેક કહે છે કે ઈશ્વર નથી. જૈન છોકરી એમ માનતી હતી કે હું જૈન ધર્મને જાણ્યા વિના બોલ-બોલ કરું છું.

એક જૈન મુનિ અમારા પિતાજી શ્રીદીક્ષિતજીના ખાસ મિત્ર હતા. તેઓ મૂળ વૈષ્ણવ હતા; પણ પછી ધર્મપરિવર્તન કરીને જૈન બનેલા. તેમનો અને અમારા પિતાશ્રીનો ભારે સ્નેહસમ્બન્ધ હતો. તેમના જૈન મંદિરમાં ઉદ્ઘાટન પ્રસંગે તેમણે મને બોલાવ્યો. પિતાજીના સમ્બન્ધને લઈને હું જૈન મંદિરના ઉદ્ઘાટનમાં ગયો. તે વખતે તેમણે મહાવીર સ્વામીને પારણે ઝૂલાવ્યા, પછી પાટી લઈ તેમને અક્ષરરામ્ભ કરાવ્યો, પછી મહાવીર સ્વામીનું લગ્ન કર્યું. આ બધું જોઈને મને ચિત્તમાં ઘણી પ્રસન્નતા થઈ. જેમ આપણા ત્યાં જન્માષ્ટમી જેવા પ્રસંગે થાય છે તેવું તેમણે મહાવીર સ્વામીની સાથે કર્યું. ભલે તેમનો અને આપણો કોઈ સમ્બન્ધ નથી; પરન્તુ મારા મનમાં આજ સુધી એ વાત રહી છે કે તેઓ પણ મહાવીર સ્વામીની ભક્તિ કરે છે. ભલે તેઓ ઈશ્વરને ગુરુ માનતા હોય; પણ એ સમ્બન્ધમાં પણ ભક્તિ તો છે જ. આપણે ભક્તિ કરીશું તો બાકીનું બધું ઈશ્વર સંભાળી લેશે.

મુંબઈમાં એક સ્ટુડિયો હતો. તેની જાહેર ખબર આવતી કે ''તમે જરા મોઢું હસતું રાખજો, બાકી બધું અમે સંભાળી લઈશું.'' એવી રીતે જો આપણા હૃદયમાં ભક્તિભાવ છે તો આપણા મનમાં આશ્વાસન રહેશે કે આપણને પરમાત્મા સંભાળી લેશે. પછી આપણે પરમાત્માને ગુરુ માનતા હોઈએ અથવા શિષ્ય, પિતા માનતા હોઈએ અથવા પુત્ર, માતા માનતા હોઈએ કે પ્રિયતમા. જે માનતા હોઈએ

તે રૂપે તેની ભક્તિ કરીએ તો તે અવશ્ય બધું સંભાળી લેશે.

જ્યારે કોઈ પણ વ્યક્તિને હું ઈશ્વરની ભક્તિ કરતો જોઉં છું તો મને મનમાં ઘણી પ્રસન્નતા થાય છે. અનિશ્વરવાદીના હૃદયમાં પણ ભક્તિ જોઉં છું તો ચિત્ત પ્રસન્ન બને છે. જેના હૃદયમાં ભક્તિ નથી તેને જોઈને ચિત્તમાં થોડી ગભરામણ થાય છે. બધા દેવોને પૂજ્યા છતાં જેનામાં ભક્તિ નથી, તેના ચિત્તમાં મોટી ચિંતા હોય છે.

અમારા મુંબઈમાં એક રાય સાહેબ છે. રાય સાહેબનું માહાત્મ્ય પણ આવું જ વિચિત્ર છે. તેઓ સવારે ઉઠીને પહેલાં શિવના મંદિરમાં જાય, ત્યાંથી હનુમાનજીના મંદિરમાં, ત્યાંથી મુમ્બાદેવીના મંદિરમાં, ત્યાંથી મોટા મંદિરે, ત્યાંથી રામજી મંદિરે એમ કરતાં બધા મંદિરે જાય. મંદિરોમાં જઈ ત્યાં બિરાજતા ભગવાનને નમસ્કાર કરે અને પછી માથાને ઝાટકો આપે. મેં તેમને એક દિવસ પૂછ્યું કે તમે નમસ્કાર કરીને માથાને ઝાટકો કેમ આપો છો? તેમણે કહ્યું મહારાજ! શું કરું, બાર વર્ષથી મુંબઈમાં પગરખાં ઘસું છું. રોજ ભગવાનને પ્રાર્થના કરું છું કે હે ભગવાન્! મને તું ફિલમ લાઈનમાં કંઈક કામ અપાવ. પણ ભગવાન્ કંઈ કામ અપાવતો નથી. એટલે નમસ્કાર કરીને માથાને ઝાટકો આપું છું. મંદિરમાં બેઠાં છે એટલે નમસ્કાર કરું છું; પણ મારા કામમાં આવતા નથી એટલે તેની સામે આમ ઝટકો મારું છું. તે નમસ્કાર બધાને કરે છે; પણ કોઈના માટે ભાવ કે ભક્તિ નથી. મારા ધાર્યા મુજબ સવારમાં તેમનો બે કલાક જેટલો સમય મંદિરોમાં રખડવામાં અને અને બધાની સામે માથાને ઝાટકા મારવામાં વીતતો હશે. આ ભક્તિ નથી. કહ્યું છે કે ''જાહી વિધ રાખે રામ, તાહી વિધ રહિયે''. તમે તેને ઝાટકો મારીને કરશો શું? તેણે તમારી ઈચ્છા પૂરી કરી તો પણ સારી વાત છે, તેણે તમારી ઈચ્છા ન પણ પૂરી કરી તો પણ સારી વાત છે. તમારી સામે તે પ્રગટ થયો તો પણ સારું, પ્રગટ ન થયો તો પણ સારું. આપણા હૃદયમાં ભક્તિ છે એનું આપણને આશ્વાસન હોવું જોઈએ. મારા હૃદયમાં તારા પ્રત્યે સ્નેહ છે, એટલું જ મારા માટે પૂરતું છે. તારી ખટપટ તું જાણે, અમારે એની શું પંચાત? ભક્ત હંમેશાં આવું માનતો હોય છે. ભક્તનું મન હંમેશાં આ પ્રકારે આશ્વસ્ત હોય છે. જો ભક્તનું મન આ પ્રકારે આશ્વસ્ત ન હોય તો માનવું કે તે ભક્તિ નથી. જે વખતે આપણા હૃદયમાં ભક્તિનો બિનશરતી, નિઃસ્વાર્થ, નિરુપાધિક



ભાવ પ્રકટે તે જ વખતે ભક્તિનું સ્વરૂપ સમજમાં આવે.

આમ, જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગ કરતાં ભક્તિમાર્ગ વિલક્ષણ છે. તેથી શ્રીમહાપ્રભુજીએ શ્રીપુરુષોત્તમ જોષીને આજ્ઞા કરી કે ''મને પૂછો તો ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે''. શ્રીપુરુષોત્તમ જોષીની વિનંતીથી શ્રીમહાપ્રભુજીએ તેમને શરણે લીધા.

શ્રીપુરુષોત્તમ જોષીએ પૂછ્યું ''મહારાજ! ભક્તિ કેવી રીતે વધે?'' તેમને સમજાવવા આપે 'ભક્તિવર્ધિની' ગ્રન્થ રચ્યો. અને તેમને શીખવ્યો. હવે આપણે તે 'ભક્તિવર્ધિની' ગ્રન્થનો પ્રારમ્ભ કરીશું.

**યથા ભક્તિઃ પ્રવૃદ્ધા સ્યાત્ તથોપાયો નિરૂપ્યતે।**
**બીજભાવે દૃઢે તુ સ્યાત્ ત્યાગાત્ શ્રવણ-કીર્તનાત્।।૧।।**

શ્રીમહાપ્રભુજીએ અહીં 'ભક્તિ વધવાનો ઉપાય' એવો શબ્દ વાપર્યો છે. એનો વિચાર કરીએ તો આપણી અક્કલ કામ કરશે નહીં. કોઈ માળી આપણને એમ કહે કે ''ગુલાબના છોડ ઉપર ગુલાબનું ફૂલ ઉગવાનો ઉપાય હું તમને બતાવું.'' તો આપણે કહીએ કે ''ગુલાબના છોડ ઉપર ગુલાબનું ફૂલ ઉગવાનો ઉપાય ન હોય, પ્રકાર હોય.''

ઉપાય અને પ્રકારમાં થોડો તફાવત છે. કોઈ વસ્તુ કઈ રીતે બની તે જોવું, તે બનવાની દરેક પ્રક્રિયા અને તેની દરેક કડીને જાણવી તે તેનો પ્રકાર છે. આકાશમાં તારાઓ ઉગે છે. જ્યોતિષ શાસ્ત્રના જાણકાર કહે કે ''હવે અશ્વિની નક્ષત્રનો ઉદય થયો, પછી હરણી નક્ષત્ર આવશે.'' અશ્વિની પછી હરણી નક્ષત્ર આવ્યું એનો પ્રકાર સમજાવી શકાય; પણ એનો કોઈ ઉપાય સમજાવી શકાય નહીં. પ્રત્યેક ઋતુમાં ઉષ્ણકાલ અને સૂર્યોદય થાય છે, તેમના પ્રકાર અલગ-અલગ હોય છે. એ બધું આપણે જાણી શકીએ છીએ; પરન્તુ તેનો ઉપાય શું છે તે બતાવી શકાતો નથી. હૃદયમાં પ્રેમ વધવાનો જો કોઈ ઉપાય હોત તો પ્રેમને પણ એક વૈજ્ઞાનિક કૃતિ માનવી પડત. બે-ચાર કેમિકલ (રસાયણ) ભેગાં કરી, હૃદયમાં ઈંજેકશન આપી દો, એટલે પ્રેમ જ પ્રેમ પ્રકટ થઈ જાય. પણ એવું બનતું નથી. પ્રેમ પ્રકટ કરવાનો કોઈ

ઉપાય નથી, પ્રેમ પ્રકટ થવાનો પ્રકાર છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે "હું તમને ઉપાય કરી રહ્યો છું." પ્રેમ પ્રગટ થવાની જે કંઈ કડીઓ છે, તે કડીઓને જ શ્રીમહાપ્રભુજી ઉપાયના રૂપમાં બતાવી રહ્યા છે, કારણ કે જો તેને 'પ્રકાર' કહેવામાં આવે તો આપણે નિરાશ થઈ જઈએ. આપણી નિરાશા આપણા હૃદયને રુક્ષ બનાવી દે, તેને ફળદ્રૂપ ન રહેવા દે. પરિણામે હૃદયભૂમિમાં ભક્તિની વેલ ફૂટી શકે નહીં. તેથી શ્રીમહાપ્રભુજી આપણને આશ્વાસન આપવા માટે જ 'ઉપાય' કહી રહ્યા છે, બાકી ખરેખર ભક્તિનો કોઈ ઉપાય નથી. અને જો ઉપાયથી કરવામાં આવે તો તે ભક્તિ નથી. ભક્તિના અલગ-અલગ પ્રકાર હોય છે, ભક્તિમાં અલગ-અલગ સોપાન હોય છે, ભક્તિની અલગ-અલગ અવસ્થાઓ હોય છે. જેમ બીજમાંથી અંકૂર ફૂટવાનો ઉપાય ન હોય, પ્રકાર હોય, બીજમાંથી અંકૂર ફૂટવાની જે કંઈ કડીઓ છે તેને આપણે જાણી લઈએ તો આપણે પણ બીજમાંથી અંકૂર ફૂટવાની સ્થિતિનું નિર્માણ કરી શકીએ.

દરેક બીજનો અલગ-અલગ સ્વભાવ હોય છે, જે ફળનું બીજ વાવીએ તેનું જ વૃક્ષ પ્રગટ થાય. કેરીનો ગોટલો વાવવાથી આંબો પ્રગટે, તેમાંથી તળબૂચનો વેલો બનશે નહીં. પરંતુ જો ઉપાય હોય તો તેમાંથી તળબૂચ પણ નીકળત. આમ, જેવું બીજ હોય તેવું વૃક્ષ બને. બીજમાંથી આપણે પોતે અંકૂર બહાર કાઢી શકતા નથી; પરંતુ બીજમાંથી અંકૂર તેની રીતે પ્રગટે છે. આપણે માત્ર એવી પરિસ્થિતિનું નિર્માણ કરીએ છીએ કે જેથી બીજમાં રહેલ અંકૂર પ્રગટ થાય. તેથી શ્રીમહાપ્રભુજી કહે છે કે અહીં જે દાર્શનિક સિદ્ધાન્ત છે તે આરમ્ભવાદનો નથી, પરિણામવાદનો છે.

પરિણામનો અર્થ શો? જગતમાં કશું નવું પ્રગટ થતું નથી. બીજમાં જે સંભાવનાઓ રહેલી છે તે જ સંભાવનાઓ પ્રગટ થાય છે. બીજમાં જે છૂપાયેલું છે તે જ સામે આવે છે; નવું કંઈ સામે આવતું નથી. જેની હૃદયવીણામાં તાર બંધાયો નથી અથવા જેની હૃદયવીણાના તારમાં પરમાત્માનો સુર મળ્યો નથી, તેની હૃદયવીણામાં ભક્તિનો અનુનાદ થઈ શકતો નથી, લીલાનો અનુનાદ થઈ શકતો નથી. જો લીલાનો અનુનાદ ન થાય તો તેના હૃદયમાં ભક્તિ પ્રગટ થતી નથી. તેને માટે શ્રીમહાપ્રભુજી જ્યારે ઉપાય બતાવી રહ્યા છે ત્યારે આ અર્થમાં જ ઉપાય બતાવી



રહ્યા છે કે જેના હૃદયમાં ભક્તિનો બીજભાવ છે તે કેવી રીતે વધે? ભક્તિની ઉત્પત્તિનો ઉપાય બતાવતા નથી, કારણ કે ભક્તિ ઉત્પન્ન કરી શકાતી નથી. જો આપણા હૃદયમાં ભક્તિનું બીજ છે તો ભક્તિ વધશે, તેની જાતે તે વિકાશ પામશે. આપણું કામ તેના વિકાસ માટેની અનુકૂળ પરિસ્થિતિ સાધવાનું છે. જો આપણે અનુકૂળ પરિસ્થિતિ સિદ્ધ કરી આપીએ તો તે બીજ આપોઆપ ખીલી ઉઠશે.

વંશવારસો અને વાતાવરણ બેમાં કોની મુખ્યતા તેની ચર્ચા કરવામાં આવે છે. કેટલાક લોકો એમ માને છે કે ગુણ અને અવગુણ આનુવંશિક છે, કેટલાક લોકો એવું માને છે કે ગુણ અને અવગુણ આનુવંશિક નથી; પરંતુ આજુબાજુના વાતાવરણને કારણે તે પ્રગટ થાય છે. એક બાળકની આજુબાજુ વિદ્વત્તાપૂર્ણ વાતાવારણ ઉભું કરીએ તો તે વિદ્વાન્ બનશે, એક વિદ્વાન્ બાળકને મૂર્ખતાભર્યા વાતાવરણમાં રાખીશું તો તે પણ મૂર્ખ બની જશે. હવે વિજ્ઞાન એમ કહે છે કે આ બન્ને અતિવાદ છે. વિજ્ઞાને કબૂલ કર્યું છે કે વાતાવરણ અને આનુવંશિકતા એ બન્નેની પચાસ-પચાસ ટકા અસર થાય છે. જો વ્યક્તિમાં આનુવંશિકતા નથી તો તેમાં કેવળ વાતાવરણથી તે ગુણ કે અવગુણ ખીલશે નહીં. વ્યક્તિમાં આનુવંશિકતા છે, પરન્તુ જો તેને અનુકૂળ વાતાવરણ નથી તો પણ તેમાં તે ગુણ કે અવગુણ ખીલશે નહીં. આમ, કોઈ પણ વસ્તુના વિકાસમાટે વાતાવરણ અને આનુવંશિકતા બંને જરૂરી છે. અર્થાત્ જમીન અને બીજ એ બન્નેના સહયોગમાં જ બીજમાં છુપાયેલી સંભાવનાઓ બહાર પ્રગટ થઈ શકે છે, તે સિવાય તેના વિકાસનો સંભવ નથી. આ સિદ્ધાંત આજે વિજ્ઞાને માન્ય રાખ્યો છે.

આથી જ શ્રીમહાપ્રભુજી પણ કહે છે કે તમે ભક્તિમય વાતાવરણમાં રહો એટલે તમારામાં ભક્તિ પેદા થશે એ વાત બરોબર નથી. ભક્તિમય વાતાવરણમાં રહેવા છતાં કેટલાય મરજાદી વૈષ્ણવોના દીકરાઓ લગભગ નાસ્તિક બનતા જોવામાં આવે છે. જો ઘરનું વાતાવરણ અત્યંત ભક્તિમય હોય તો તેમનાં બાળક નાસ્તિક કેમ બને? તેનું કારણ એ છે કે વાતાવરણના બોજાથી તે બાળકોમાં રહેલું ભક્તિનું બીજ એવું કચડાઈ ગયું કે તેનો વિકાસ થઈ શક્યો નહીં, પરિણામે બાળકો નાસ્તિક થયાં. આનાથી વિરુદ્ધ એવું પણ જોવા મળે છે કે નાસ્તિક લોકોના ઘરમાં ભક્તિભાવવાળા બાળકો પેદા થાય છે. અમેરિકામાં ચૈતન્યપંથ ક્યાં હતો? ત્યાં આજે

હરે કૃષ્ણના કેટલા બધા અનુયાયી છે? આપણને શિખા રાખવામાં શરમ આવે છે પણ ચૈતન્ય સમ્પ્રદાયમાં દીક્ષિત થયેલા અમેરિકનો કેટલી મોટી શિખા રાખે છે? તેમના હૃદયમાં પાશ્ચાત્ય સંસ્કૃતિ પ્રત્યે અણગમાનું બીજ જરૂર હતું. એ બીજ કોઈક અનુકૂળ વાતાવરણ શોધી રહ્યું હતું. એ સમયમાં એક વ્યક્તિ ત્યાં ગઈ. તેણે ત્યાં એવું વાતાવરણ ઉભું કરીને તેમની ભીતર રહેલા બીજને પ્રભાવી બનાવી દીધું. તેથી ત્યાં ચૈતન્યપંથ ખીલી ઉઠ્યો. આમ બીજ અને ભૂમિ એ બન્નેના સહયોગથી જ ભક્તિ વધી શકે છે; પરન્તુ ભક્તિ પેદા થઈ શકતી નથી. ગાલિબ કહે છે ''ઇશ્ક વો લો હૈ ગાલિબપ! જો લગાયે ન લગે ઔર બુઝાયે ન બુઝે''.

શ્રીશંકરાચાર્ય એક સુંદર વાત બતાવે છે કે કર્મ પુરુષતન્ત્ર હોય છે. મારે કોઈ કામ કરવું છે તો હું કરીશ, નહીં કરવું હોય તો નહીં કરું. મારે કોઈ કામ બીજા પ્રકારે કરવું છે તો હું તે રીતે પણ કરી શકીશ. પરન્તુ જ્ઞાનમાં આ પ્રકારે કર્તાની દાદાગીરી ચાલતી નથી. જ્ઞાનને પૈદા થવું હશે તો થશે, નહીં થવું હોય તો નહીં થાય. આપણે વિચાર કરીએ કે મને અન્યથાજ્ઞાન તેથી કંઈ અન્યથાજ્ઞાન મળતું નથી.

મને એક પ્રસંગ યાદ આવે છે. હું નાનો હતો ત્યારે મેં એકાદશી કરી. મેં ઘરમાં બધાંને પૂછ્યું ''તમે શું કરો છો?'' સૌએ કહ્યું ''અમે એકાદશી કરીએ છીએ.'' બધાં એકાદશી કરે અને હું ન કરું એ તો બરોબર ન કહેવાય. એટલે મેં પણ પહેલી વખત એકાદશી કરી. તે વખતે મારી ઉંમર સાત-આઠ વર્ષની હશે. ઉપવાસને કારણે ઘણી ભૂખ-તરસ લાગી. ઘણો ત્રાસ થયો. જેમ-તેમ કરીને દિવસ તો વીતી ગયો; પરન્તુ તરસને કારણે રાત વીતાવવી મુશ્કેલ લાગી. હું એક અલગ રૂમમાં સૂતો હતો. મેં વિચાર કર્યો કે તરસને લઈને આખી રાત ઉંઘ નહીં આવે. આખરે થાકી-હારીને જળ પીવાનો વિચાર કર્યો. પરંતુ જોયું તો રૂમમાં જળની માટલી હતી નહીં. સ્નાનમાટે જળની કોઠી મૂકેલી હતી. મેં વિચાર કર્યો કે માટલીનું પાણી ન મળે તો કંઈ નહીં, સ્નાનની કોઠીનું જળ પી લઈશ. આખા દિવસની તરસ લાગી હોય ત્યારે એકાદશી ક્યાંથી યાદ આવે? હું પાછો રૂમમાં આવ્યો, કોઠી તરફ નજર કરી. વર્ષોથી કોઠીમાંથી જળ બહાર ઢોળાતાં-ઢોળાતાં તેના ઉપર લીલ બાઝી ગઈ હતી. એને કારણે કોઠીનો દેખાવ રાતના અંધારામાં રીંછ જેવો લાગતો હતો. હું ગભરાઈ ગયો. આ તો કોઠી નથી, રીંછ લાગે છે. એકાદશી તો તોડી નાખું, પણ રીંછ પકડી લે તો શું કરું? મેં જળ પીધા



વિના જ સૂઈ જવાનો પ્રયત્ન કર્યો પણ ઉંઘ ન આવી. મનને પચાસ વખત સમજવવા માંડ્યું કે ઘરમાં રીંછ ક્યાંથી આવે? ફરી-ફરીને કોઠી તરફ જોઉં. પણ રીંછનો આકાર દેખાતાં જ મારી હિંમત ઓસરી જતી. આખી રાત આમ નાટક ચાલ્યું. સવારે પાંચ વાગ્યાનું ભુંગળું વાગ્યું. ભુંગળું વાગતાં જ મને થયું કે હવે સવાર પડી ગઈ છે. હું ઉઠ્યો, કોઠી પાસે ગયો. હવે ત્યાં રીંછ દેખાતું નહોતું. મેં જળ પી લીધું. બહુ મુસીબતે ભગવાને જ મારી તે એકાદશીનું વ્રત નિભાવ્યું. જો મને રીંછ ન દેખાયો હોત તો એકાદશીનું વ્રત ટકી શકત નહીં.

આ ઉપરથી સમજાય છે કે જ્ઞાન ઉપર જો આપણી સત્તા ચાલતી હોત તો આપણે કહી દેત કે ''અલ્યા રીંછ! અદશ્ય થઈ જા''. અને તે અદશ્ય થઈ જાત. કદાચ તે અદશ્ય ન થાય તો પણ આપણે મનને જરૂર એટલું સમજાવી શકત કે શહેરની વચ્ચે આપણું પોતાનું ઘર છે અને ઘરમાં રૂમ છે, રૂમમાં રીંછ આવી શકે નહીં. માટે હિંમત હારી જવાની જરૂર નથી. પરન્તુ મનને સમજાવવા છતાં મન માનવા તૈયાર નહોતું, કારણ કે જ્ઞાન પુરુષતન્ત્ર નથી, જ્ઞાન વસ્તુતન્ત્ર છે.

શ્રીશંકરાચાર્યજી કહે છે કે કર્મ પુરુષતંત્ર છે, જ્ઞાન વસ્તુતંત્ર છે અને સ્નેહ હૃદયતંત્ર છે. સ્નેહ પુરુષને વશ બનીને થતો નથી, સ્નેહ કોઈ વસ્તુને વશ બનીને પણ થતો નથી. વસ્તુ ભલે ગમે તેટલી કુરૂપ હોય, પણ જો તેની સાથે હૃદયનો સ્નેહ જોડાઈ ગયો હોય તો પછી વસ્તુની કુરૂપતાનો વિચાર આવતો નથી. એવી જ રીતે, ગમે તેવી સુંદરમાં સુંદર વસ્તુ હોય પરન્તુ તેના તરફ હૃદયનો પ્રેમ પ્રગટ ન થયો હોય તો તેની સુંદરતાનો પણ કોઈ અર્થ રહેતો નથી. વસ્તુની સુરૂપતા કે કુરૂપતા આપણા હૃદય પર નિર્ભર છે. તેની સાથે હૃદયનો તાર જોડાયો છે અને તેમાંથી પ્રેમના સુર પ્રગટ થાય છે તો જરૂર તેમાંથી તેનો અનુનાદ પ્રગટ થશે; પરન્તુ જેના હૃદયમાં સ્નેહનો બીજ-ભાવ જ નથી, તેના હૃદયમાં સ્નેહ પ્રગટ થઈ શકશે નહીં. માટે સ્નેહ વિનાની બધી ક્રિયાઓ કેવળ કર્મકાંડ છે, તેથી કોઈ પણ મનુષ્ય કર્મમાં એક્ષ્પર્ટ થઈ શકે; પરન્તુ કોઈ પણ વ્યક્તિ સ્નેહમાં એક્ષ્પર્ટ થઈ શકતી નથી. સ્નેહનો સ્વભાવ જુદો છે, તે અત્યન્ત સહજ, સરલ અને સીધો છે. માટે કહ્યું છે કે ''અતિ સૂધો સ્નેહકો મારગ હૈ, યહા નેક સયાનપ બાંક નહિ''. સ્નેહનો મારગ એટલો સીધો છે કે અહીં આપણું જરાય શાણપણ ચાલતું નથી, કોઈ ચતુરાઈ

ચાલતી નથી, કોઈ જ્ઞાન પણ ચાલતું નથી. જેના હૃદયમાં સ્નેહનું બીજ છે તેના હૃદયમાં સ્નેહ વધશે, પરન્તુ જેના હૃદયમાં સ્નેહનું બીજ જ નથી, તેના હૃદયમાં સ્નેહ વધશે કે ઘટશે નહીં.

હૃદયમાં આવો બીજભાવ કેવી રીતે પેદા થાય? આ બીજ ક્યાંથી પેદા થાય? આપણે પ્રયોગશાળામાં બીજ પેદા કરી શકતા નથી. હા, પ્રયોગશાળામાં બીજની સુરક્ષા કરી શકીએ છીએ. બીજ તો વૃક્ષમાં પોતાની જાતે જ પેદા થાય છે. ત્યારે પ્રશ્ન થાય છે કે તો પછી વૃક્ષ ક્યાંથી પેદા થાય છે? વૃક્ષ બીજમાંથી પેદા થાય છે. પરન્તુ જો આપણે પૂછીએ કે વૃક્ષ અને બીજ બન્ને ક્યાંથી પેદા થાય છે? તો આનો જવાબ કોઈ આપી શકશે નહીં. વૃક્ષમાંથી બીજ અને બીજમાંથી વૃક્ષ પેદા થવાની પ્રક્રિયા અનાદિ સમયથી એક સાંકળની જેમ ચાલી આવે છે. તેવી જ રીતે, સ્નેહ અને સ્નેહના બીજની પણ એક અનાદિ શૃંખલા છે. આપણે હૃદયમાં ભક્તિનું બીજ પેદા કરવા પ્રયત્ન કરીશું તો તે કદાપિ પેદા થઈ શકશે નહીં. તે ભક્તિનું બીજ નહીં હોય, પરન્તુ કંઈક કર્મકાંડ હશે.

આપણા ત્યાં સેવા કરવામાં ઘણા વૈષ્ણવો ખુબ ચતુર હોય છે. તેઓ તેમની ચતુરાઈથી સેવાને કર્મમાંડ બનાવી મૂકે છે. આવા ચતુર લોકોને સેવા કરવામાં જેટલો ક્રોધ આવે છે, તેટલો ક્રોધ સહજ સ્વભાવવાળા વૈષ્ણવોને સેવા કરવામાં આવતો નથી. તેનું કારણ એ છે કે તેમનામાં એવી ગેરસમજ છે કે પ્રેમની અભિવ્યક્તિ કેવળ ક્રિયામાં જ થાય, તેથી તેઓ તેવી ક્રિયાની ફક્ત નકલ કરવામાં જ માનતા હોય છે, તેમના હૃદયમાં વાસ્તવમાં પ્રેમ હોતો નથી. પ્રેમ વિના ક્રિયાની નકલ કરવા જતાં તે ક્રિયાનું તેમના મગજ ઉપર ટેન્શન વધી જાય છે. પરિણામે તેમને ક્રોધ આવે છે.

માતાને તેનું બાળક રાતમાં દસ વખત જગાડે તો પણ માતા જાગે છે; પરન્તુ જો તે બાળક નોકરને સોપ્યું હોય અને તેને દસ વખત જગાડે તો કદાચ નોકર તે બાળકને એક ચીંટીયો ભરીને ચૂપ કરી દેશે. નોકર સમજતો હોય છે કે બાળક રડે છે તો તેનું કંઈક કારણ હશે જ. રડવું બાળકના વશની વાત નથી. ચીંટીયો ભરવાથી બાળક વધારે રડશે. પણ બાળકમાટે રાત્રે જાગવું એ નોકરમાટે એક



કર્મમાંડ માત્ર છે. તેના હૃદયમાં બાળક પ્રત્યે પ્રેમ હોવો જરૂરી નથી, તેથી નોકરનું ટેન્શન વધી જાય છે. માતા જાગે છે તેમાં બાળક પ્રત્યેનો પ્રેમ છે; માટે માતાનો ઉજાગરો માતાને ટેન્શનરૂપ બનતો નથી.

હું મારી જ વાત કરું. મારું બાળક જ રાત્રે જાગતું ત્યારે મને પણ ઘણો ત્રાસ થતો. મને આ વાત ત્યારે જ સમજાઈ કે માતા જાગી શકે છે, મારાથી જાગી શકાતું નથી. માતા ધન્ય છે. બાળકના જાગવાથી માની ઉંઘ અપોઆપ ઉડી જાય છે. કારણ કે તેના હૃદયમાં બાળક પ્રત્યે સ્નેહનું બીજ છે કે જે બીજ આપણા હૃદયમાં નથી; તેથી આપણે કર્મકાંડ કરવા લાગીએ છીએ, માટે આપણને ટેન્શન થાય છે, આપણને બાળકને ચૂંટણી ભરવાનું મન થઈ આવે છે. માતા દસ વખત બાળકને દૂધ પાશે, થપથપાવશે અને સુવાડશે. તેનું કારણ તેના હૃદયમાં રહેલો બીજભાવ છે, આપણે માતાની ક્રિયાની નકલ કરી શકતા નથી.

આથી જ શ્રીમહાપ્રભુજી આપણને સમજાવે છે કે જો આ પ્રકારે આપણા હૃદયમાં પણ પરમાત્મા પ્રત્યે બીજભાવ છે તો આપણે ભક્તિ કરી શકીએ છીએ; પરન્તુ બીજભાવ વિના જો આપણે ભક્તોની નકલ કરવા જઈશું તો ટેન્શન પેદા થશે.

માટે જ શ્રીમહાપ્રભુજીએ સેવાનો સિદ્ધાન્ત અત્યન્ત સરળ શબ્દોમાં સમજાવતાં આજ્ઞા કરી કે ''સેવા વધારે કરવી કે ઓછી તે મહત્વનું નથી. સેવા એટલી કરવી, જેટલી ઉદ્વેગ વિના આપણે સચ્ચાઈપૂર્વક કરી શકીએ.'' જેટલી સેવા આપણે પ્રેમપૂર્વક કરી શકીએ એટલી જ સાચી સેવા છે. પુસ્તકમાં સેવાનો જે પ્રકાર બતાવેલ છે તે પ્રેમવાળા હૃદયથી ભક્તોએ કરેલી સેવાનો પ્રકાર છે. તેના પરથી આપણને સમજાય છે કે પ્રભુને પ્રેમ કરનારા ભક્તો પ્રભુની કેટલી સેવા કરતા હતા! ભક્તોએ પ્રભુની અષ્ટયામ સેવા કરી છે. ભક્તોની સેવાની રીત જોઈને જો આપણે પણ અષ્ટયામ સેવા કરવા જઈશું તો તેના પરિણામે રાત-દિવસ આપણને ગુસ્સો રહેશે, ઉદ્વેગ રહેશે, ટેન્શન રહેશે. પરમાત્મા સાથે સ્નેહાત્મિકા ભક્તિ કરવાને બદલે આપણે ક્રોધાત્મિકા ભક્તિ કરવા લાગીશું.

આજે મંદિરો-હવેલીઓમાં અનેક એવા મુખિયા-ભીતરીયાઓ છે કે જે

શ્રીઠાકોરજીને ગાળો દેતાં-દેતાં સેવા કરતા હોય છે. તેઓ બબડતા હોય છે ''શું ત્રાસ કરી દીધો છે! ઓછા પગારમાં સવાર-સાંજ ઢસરડો કરવો પડે છે.'' ખરું પૂછો તો તેઓ ગાળો કોને દે છે, વ્યવસ્થાપકોને કે ભગવાનને? આપણે તેમની પાસેથી બળદની જેમ બધી સેવા કરાવવા માંગીએ છીએ કે જેમના હૃદયમાં ભગવત્સેવા માટેનો કોઈ બીજભાવ નથી. આપણે એવી ગેરસમજમાં જીવીએ છીએ કે ભગવાન્ બિરાજે છે માટે સવારથી સાંજ સુધી આઠ વખત દર્શન ખુલવા જોઈએ, આટલી સામગ્રી ભોગ આવવી જ જોઈએ, લોકોની ભીડ થવી જોઈએ, કીર્તન થવા જ જોઈએ. જો આ બધું થઈ રહ્યો છે તો આપણે માની લઈએ છીએ કે સેવા ખૂબ સારી રીતે ચાલી રહી છે. જો એ પ્રમાણે ન થતું હોય તો માનીએ છીએ કે સેવામાં ઘણી ઉણપ છે. ખરું વિચારો તો સેવામાં કદાપિ ઉણપ હોતી નથી, ઉણપ આપણા હૃદયના સ્નેહમાં હોય છે. આપણા હૃદયમાં જો સાચો સ્નેહ છે તો આપણે ધરેલ ચણાનો ભોગ પણ શ્રીઠાકોરજી ઘણો માને છે. ''રાઈ જિતની સેવાકો ફલ માનત મેરુ સમાન''. અને હૃદયમાં ભાવ વિના, કેવળ કર્મકાંડના રૂપમાં પગારદાર મુખીઆ-ભીતરીઆના હાથે ભોગ ધરાતા છપ્પનભોગ પણ નકામા છે.

એ નિશ્ચિત માનજો કે પ્રભુને આપણાં છપ્પનભોગની જરૂર નથી, પ્રભુને આપણા ભાવની જરૂર છે. જો પ્રભુ સાથે સેવાત્મક સમ્બન્ધ-ભક્તિનો સમ્બન્ધ સ્થાપિત કરવો છે તો આવા કર્મકાંડની જરૂર નથી, જરૂર છે ભાવની અને ભાવાત્મક સમ્બન્ધ સ્થાપિત કરવાની. જો આવો ભાવાત્મક સમ્બન્ધ આપણે સ્થાપિત કરી શકતા નથી તો આપણે સેવા ઓછી કરી દેવી જોઈએ. આપણે એટલી જ સેવા કરવી જોઈએ કે જેટલી સેવા ઉદ્વેગ વિના, પ્રસન્નતા-શાન્તિ પૂર્વક અને ભાવપૂર્વક કરી શકીએ ''અલ્પં બહુ વા ન પ્રયોજકમ્'' શ્રીમહાપ્રભુજી કહે છે ''તમારું સામર્થ્ય હોય એટલી જ સેવા કરો, તેથી વધુ સેવા કરશો નહીં''. સામર્થ્યથી વધુ સેવા કરશો તો પ્રભુની ઉપર ભાર મૂકશો અને તમારા સામર્થ્ય કરતાં ઓછી સેવા કરશો તો તમે પ્રભુ સાથે પાખણ્ડ કરશો. માટે જ શ્રીમહાપ્રભુજી કહે છે કે ''સેવા એક વખત કરો, બે વખત કરો કે ત્રણ વખત કરો''. દિવસમાં જેટલો સમય તમે કરી શકો તેટલી કરો. સેવાના પુસ્તકમાં જેટલી લખી છે તે બધી તમે ન કરી શકો તો ન કરશો, કારણ કે તે કરવા જશો તો ઉદ્વેગ થશે, જેમાં ઉદ્વેગ થાય એવી સેવા શ્રીઠાકોરજીની જોઈતી નથી.



ભક્તિમાર્ગ અને કર્મમાર્ગમાં તફાવત છે. કર્મકાંડમાં કર્મની સમ્પૂર્ણતા આવશ્યક છે. કર્મનું પરિપૂર્ણ અને સાંગોપાંગ સંપન્ન થવું અપેક્ષિત છે, ભક્તિમાં પરિપૂર્ણતા અને સાંગોપાંગતા અપેક્ષિત નથી. ભક્તિ આપણા અનંગ કામમાંથી પેદા થાય છે; તેથી ક્યારેય સાંગોપાંગ થઈ શકતી નથી.

શ્રીરૂપ ગોસ્વામીએ સુંદર વાત કહી છે. ગોપિકાઓના હૃદયમાં કૃષ્ણ પ્રત્યેના આવા અનંગભાવને જ લોકો 'ભક્તિ' કહે છે. આપણે જો કે ભક્તિનું વર્ણન સર્વથા આવા શબ્દોમાં કરતા નથી; પરન્તુ એક વ્યાપક સંદર્ભમાં વિચારીએ તો પરમાત્મા પ્રત્યેની કામના એ ભક્તિ છે, પરમાત્મા પ્રત્યેનો આપણો અનંગ જે નિરુપાધિક છે તે ભક્તિ છે. બીજા પ્રત્યેનો આપણો અનંગ સોપાધિક હોઈ શકે છે. આમ, ભક્તોનો નિરુપાધિક કામ એ ભક્તિ છે. ભક્તિમાં નિષ્કામતા નથી, ભક્તિમાં લૌકિક કામ-વિષયોની કામના નથી; ભક્તિમાં ભગવત્કામ છે. આવી ભક્તિનું બીજ અહીં શ્રીમહાપ્રભુજી આપણને સમજાવી રહ્યાં છે.

'ભક્તિવર્ધિની'માં શ્રીમહાપ્રભુજી પાંચ પ્રકારના અધિકારીઓનું વર્ણન કરે છે, કારણ કે શ્રીમહાપ્રભુજી સારી રીતે જાણે છે કે કોઈ એક નિયમ જરા સરખો પણ લાગુ કરવામાં આવશે એટલે ''નવો મુલ્લો વધુ નમાઝ પઢવા લાગે'' એવો ઘાટ થયા વિના ન રહે. શ્રીમહાપ્રભુજીને એ વાત પંસદ નથી કે તમે નવા મુલ્લાની માફક વધારે નમાઝ પઢો. શ્રીમહાપ્રભુજીને તો એ વાત પસંદ છે કે જુના મુલ્લા હોય તે વધારે નમાઝ પઢે. જો આપણે એકાએક એમ કહી દઈએ કે પ્રભુનાં પરમ સ્નેહી એવા વ્રજભક્તોના હૃદયમાં અને તેમના વ્યવહારમાં શ્રીકૃષ્ણ પ્રત્યે જેવો પ્રેમ ઝળકે છે, એવા જ સ્નેહથી અમે પણ બધાં કાર્ય કરીશું. તો શ્રીમહાપ્રભુજી કહેશે કે ભાઈ, જરા થોભો, તમે ઉતાવળ કરી રહ્યા છો, હજી તમારી ભક્તિ વ્રજભક્તોના જેટલી વિકસી નથી. તે સ્થિતિમાં તમે તેમના જેવો વ્યવહાર કેવી રીતે કરશો?

કોઈ અપરિચિત વ્યક્તિના ખભા ઉપર આપણે હાથ મૂકીએ કે એકાએક તેનો હાથ પકડીને ખેંચીએ તો તેને અપમાન લાગશે. તેને આપણો વ્યવહાર ઉદ્દંડતા પૂર્ણ અસભ્ય લાગશે. એનાથી ઉલટું જો કોઈ વ્યક્તિ પોતાના દોસ્તના ખભા ઉપર હાથ નહીં મૂકે, તેનો હાથ નહીં ખેંચે તો એમ કહેવાશે કે તેની દોસ્તીમાં કંઈક ખામી છે.

હું બનારસમાં ભણતો હતો ત્યારે મેં ત્યાં જોયેલું કે ઘણા ગાઢ મિત્રો દૂરથી એકબીજાને જુએ એટલે એકબીજાને ગાળો દેતા નજીક આવે. આપણને લાગે, આ બે વ્યક્તિની વચ્ચે 'ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે' થઈ જશે. પરંતુ નજીક આવતાં જ તેઓ ભેટી પડે. આનું કારણ એ છે કે તેમની ગાઢ દોસ્તીનો આ વ્યવહાર છે. આવો વ્યવહાર જો કોઈ સામાન્ય પરિચિત વ્યકિતની સાથે કરવો શક્ય નથી. દોસ્તીમાં આવું બધું ચાલે, પરિચયમાં બધું ચાલે નહીં. આમ, પરિચય અને દોસ્તી ની ખાસિયતો જુદી-જુદી છે. તેને નભાવતાં આવડવી જોઈએ.

આમાં સમજવાની વાત એ છે કે જ્યાં સુધી આપણો પ્રભુ સાથે કેવળ પરિચય જ છે ત્યાં સુધી પરમાત્માની સાથે પરિચિતની જેમ જ વ્યવહાર રાખવો પડશે. પરિચય જ્યારે દોસ્તીમાં પરિણમે ત્યારે દોસ્તની જેમ વ્યવહાર કરી શકાય. એટલે જ્યાં સુધી પરમાત્મા સાથે કેવળ પરિચય છે ત્યાં સુધી તેની માતા યશોદા કે સખા બની બેસવાની જબરદસ્તી કરવી ન જોઈએ.

નંદાલયની પડોશમાં રહેનારી એક ગોપીને બાલકૃષ્ણને સ્નાન કરાવવાનું ઘણું મન છે. પણ નંદાલયમાં જઈ બાલકૃષ્ણને સીધી સ્નાન કરાવતી નથી. પહેલાં તે યશોદા માતા પાસે જાય છે. તેમને કહે છે કે માતા, હું તમારી પડોશમાં જ રહું છું. તમારે મારા લાયક કંઈ ઘરમાં કામ હોય તો બતાવજો, તમારા લાલને સ્નાન કરાવવાનું હોય તો પણ મને કહેજો, હું કરાવી દઈશ. ''કહા ઓછી હ્વે જઈ હૈ જાત સુન યશુમતિ! તુમ બડરન આગે, જો છિન એક બિતા મૈયા!''. તમારા ઘેર આવી બે-ચાર મિનિટ થોડુંક કામ કરી જઈશ તો એમાં હું શું ઘસાઈ જવાની છું. ''સાસ નનન્દ ઔર પાસ પડૌસન, હસિ બહૂ ભાંત કહ્યો, તોઉ મોહે તિહારે ઘર બિન નાહિન પરત રહ્યો.''

આ ગોપીને પડોશીની થોડી ઈર્ષ્યા છે. તે મનમાં વિચારે છે કે શ્રીબાલકૃષ્ણને સ્નાન કરાવવાનો લાભ કોઈક બીજી પડોશી તો નહીં લઈ જાય ને? એટલે તે પહેલેથી જ યશોદામાને પાડોશીઓ વિષે ભરમાવે છે. તે કહે છે કે મા! તમારા ઘેર આવીને કામ ન કરું તો મને મઝા પડતી નથી. જોકે પેલી પાડોસણ મારી હાંસી કરે છે છતાંય મારા લાયક કોઈક કામ હોય તો મને બૂમ પાડીને બોલાવજો. લાલનને ઉબટન લગાવવી હોય



તો મને સોંપજો, હું અભ્યઙ્ગ કરાવી દઈશ.

તાત્પર્ય એ છે કે ગોપી સીધી જઈને યશોદા બની જતી નથી; પરંતુ યશોદાની પાડોસણ બને છે. આ જ ભેદ છે પરિચિત અને સ્નેહી વચ્ચેનો. જ્યારે આપણે પરિચિત હોઈએ ત્યારે આપણા પરિચયની મર્યાદામાં રહીને સેવા કરીએ. ભકિતને આપણા પરિચયની મર્યાદામાં જ રાખવી જોઈએ. તેના કરતાં વધારે પ્રમાણમાં જો આપણે કર્મકાંડ કરવા ઈચ્છીશું તો તે કર્મકાંડ આપણી અંદર રહેલા ભકિતના બીજને સૂકવી નાખશે. પછી ભકિતનું બીજ વિકસી શકશે નહીં. યશોદાજીની પાડોસમાં રહેતી ગોપી શ્રીબાલકૃષ્ણની બધી સેવા નભાવી શકે તેમ નથી, તે કેવળ સ્નાન કરાવવાની સેવા જ પહોંચી શકે તેમ છે. માટે તે તેટલી જ સેવા માગે છે. આથી શ્રીમહાપ્રભુજી કહે છે કે તમારાથી નભી શકે તેટલી જ સેવા કરો, તમારો જેટલો અધિકાર છે તેટલું જ તમે કરો. તમારાથી બધી સેવા ન નભી શકે તો તે કરવાનો આગ્રહ ન રાખો. ભકિતના ભાવને પૂર્ણ રીતે ખીલવા દેવો હોય તો આપણે આપણી ભક્તિની અવસ્થાને સમજવી પડશે. આપણો બીજભાવ કેટલો દૃઢ છે કે કેટલો અદૃઢ છે, તેનો વિચાર કરવો પડશે. કેવળ બધાં કર્મકાંડ કરવાથી ભક્તિનો પૂર્ણ ભાવ વિકસશે નહીં. આપણે વિચારવું પડશે કે, આપણો બીજભાવ પ્રેમના સ્વરૂપમાં અંકુરિત થયો છે કે કેમ? અથવા આસકિતના સ્વરૂપમાં પલ્લવિત થયો છે કે કેમ? અથવા વ્યસનના સ્વરૂપમાં ફલિત થયો છે કે કેમ? જો તે બીજભાવ અંકુરિત, પલ્લવિત કે ફલિત નથી થયો તો બીજા ભક્તોનું ખાલી અનુકરણ કરવાથી આપણે ભકત બની શકીશું નહીં, કારણ કે, ભક્તિ અનુકરણનો વિષય નથી, એ તો હૃદયનો સાચો અર્થ છે. હૃદયના એ સાચા અર્થને યથાર્થ રૂપમાં અભિવ્યકત થવા દઈશું તો આપણામાં રહેલો બીજભાવ અંકુરિત થશે, તેનાં મૂળ જમીનને પકડશે, પછી તે પલ્લવિત, પુષ્પિત અને ફલિત થશે. પરંતુ જો આપણે જબરદસ્તી કરીશું તો તે બીજભાવ અંકુરિત થશે નહીં. બીજને જો વધુ ને વધુ પાણી પાવામાં આવે તો તે અંકુરિત થઈ શકતું નથી, સડી જાય છે. પાણી પાવાની પણ એક મર્યાદા હોય છે. એ મર્યાદામાં જો પાણી પાવામાં આવે તો તે અઙ્કુરિત, પલ્લવિત, પુષ્પિત અને ફલિત થાય છે, નહિંતો સડી જાય કે સૂકાઈ જાય છે.

શ્રીગુસાંઈજી જ્યારે પ્રવાસમાં પધારતા ત્યારે પોતાના બાળકોને પરદેશથી

પત્ર લખતા. પરદેશમાં તેમને અન્ય કોઈ વાત યાદ આવતી નહીં, તે અંગે કશું પૂછાવતા નહીં. પત્રમાં લખતા કે ''મારા પ્રભુને ઓટ્યો દૂધ બહુ પ્રિય છે, માટે ક્યારેક-ક્યારેક તે આરોગાવજો.''. હવે જોજો. આપણે શ્રીગુસાંઈજીના આ પત્રમાં વાંચ્યું કે પ્રભુને ઓટ્યો દૂધ બહુ પ્રિય છે. એટલે આપણે નક્કી કર્યું કે બારે મહિના અને ૩૬૫ દિવસ, સવાર-સાંજ મોટો તપેલો ભરીને ઠાકોરજીને ઓટ્યો દૂધ ધરવું. ઠાકુરજીને આપણે કહીએ છીએ કે ''લો મહારાજ! આપને બહુ પ્રિય છે ને, તો આરોગો.'' આપણે એ યાદ રાખવું જોઈએ કે આપણને ખુબ ભાવતી વસ્તુ પણ જો કોઈ આપણી સામે આ રીતે મૂકે તો એ ભાવતી હોય તો પણ ભાવતી બંધ થઈ જાય. જો તમે બારે મહિના આમ આરોગાવશો તો એ ઓટ્યો દૂધ પછી પ્રભુને પ્રિય રહેશે નહીં.

આપણે ઠાકોરજીની સેવાનો પ્રકાર આવો બનાવી દીધો છે. આપણા હૃદયમાં ભાવ નથી, તત્પરતા નથી, સ્નેહ નથી; છતાં બધી સામગ્રી બનાવીને ''લો મહારાજ! આરોગો'' કહેવા માંડ્યું. કોઈકે કહ્યું ''પ્રભુને માણખ ભાવે છે'' એટલે આપણે કટોરા ભરી-ભરીને ધરવા માંડ્યું. કોઈકે કહ્યું કે પ્રભુને ''લાડુ ભાવે છે''. આપણે ટોકરા ભરી-ભરીને લાડુ ધરવા માંડ્યા. આ સેવાનો દેખાવ છે, સેવા નથી.

સાચી સેવા તો એ છે કે જે શ્રીપદ્મનાભદાસજીએ શ્રીમથુરેશજીની કરી હતી. તેઓ પ્રભુને ભીંજવેલા ચણા માત્ર ધરી શકતા હતા. આમ છતાં શ્રીમથુરેશજી એ એટલી પ્રસન્નતાથી આરોગતાં હતાં કે જ્યારે શ્રીમથુરેશજી શ્રીગિરિધરજીને ત્યાં પધાર્યા ત્યારે આપ પદ્મનાભદાસજીની યાદમાં ઉદાસ બની ગયાં. જ્યારે શ્રીગિરિધરજીએ ઉદાસીનું કારણ પૂછયું ત્યારે શ્રીમથુરેશજીએ આજ્ઞા કરી કે ''મને પદ્મનાભદાસના છોલાંનો સ્વાદ આ સામગ્રીમાં આવતો નથી.'' ત્યારથી શ્રીગિરિધરજીના ઘરમાં શ્રીમથુરેશજીને દરરોજ છોલાં આરોગાવવાની શરુઆત થઈ. જો શ્રીઠાકુરજીને સ્નેહથી છોલે પણ ઘરવામાં આવે તો તે પણ ખૂબ ભાવે છે; અને કર્મકાંડ સમજીને ઓટ્યો દૂધ ધરવામાં આવે તો તેય ભાવતું નથી. માટે, ભક્તિમાં અનુકરણ યોગ્ય નથી. ભક્તિનું મુખ્ય લક્ષણ જ આ છે કે તેમાં અનુકરણ નહીં, ભક્તિ હૃદયનો એક સહજ ભાવ છે. જો આવો સહજ ભાવ આપણા હૃદયમાં છે તો તે ભક્તિ છે, બાકીનું બધું ભક્તિના નામે કરવામાં આવેલું કર્મકાંડ છે.



હું કર્મકાંડનો વિરોધી નથી કરી રહ્યો. જીવનમાં કર્મકાંડ પણ કરવું જોઈએ. અહીં તો આપણે કર્મકાંડ અને ભક્તિ વચ્ચેનો તફાવત સમજી રહ્યા છીએ. જેટલો તફાવત નર્સ અને માતા વચ્ચે છે, એટલો જ તફાવત કર્મકાંડ અને ભકિત વચ્ચે છે. સમાજમાં નર્સ અનાવશ્યક નથી, નર્સની ઉપયોગીતા ઘણી છે; પરંતુ એ ઉપયોગીતાને કારણે માતાના વાત્સલ્યની ગરિમાનું મૂલ્ય ઓછું આંકી શકાય નહીં. બંને બાબતોને અલગ-અલગ સમજીએ તો નર્સ અને માતા નો ભેદ સમજાશે.

એક વખત અમારા પિતાશ્રી પ્રવચન કરી રહ્યા હતા. તેમણે કહ્યું ''પ્રપંચ સત્ય છે''. એક શ્રોતાએ કહ્યું ''ગુરુજી! તમે કહો છો કે પ્રપંચ સત્ય છે. બીજી બાજુ તમે કહો છો કે અમારા ઘરે આવીને પ્રપંચ ન કરો.'' આપે આજ્ઞા કરી કે ''અત્યારે હું જે પ્રપંચની વાત કરી રહ્યો છું એ અલગ છે અને તમે અમારા ઘરે આવીને જે પ્રપંચ કરો છો તે અલગ વસ્તુ છે. અમારે ત્યાં આવીને તમે જે પ્રપંચ કરો છો તે પણ સત્ય હોઈ શકે છે; છતાં તે કરવા લાયક નથી. જ્યારે હું જે વાત કરી રહ્યો છું તે પ્રપંચ એટલે જગત, ભગવાને બનાવેલું જગત્ રૂપી પ્રપંચ સત્ય છે.'' પ્રપંચના આ બંને ભેદ આપણે સમજવા જોઈએ.

મનુષ્યમાં ભગવાને કૃતિ-રતિ-મતિનું સામર્થ્ય મૂકેલું છે. તેથી મનુષ્ય કર્મ પણ કરે છે, જાણે પણ છે એને ચાહે પણ છે. મનુષ્ટમાં રહેલી રતિ, મતિ અને કૃતિ ને લઈને ભગવાને તેના માટે વિવિધ માર્ગ બનાવેલા છે. જેમાં કૃતિનું પ્રધાન્ય છે તેનામાં જ્ઞાન અને રતિ ગૌણ હોય છે, જેમાં મતિનું પ્રાધાન્ય છે તેમાં રતિ અને કૃતિ ગૌણ હોય છે. કોઈ વ્યકિત એવી નથી હોતી કે જે જ્ઞાની હોઈને પણ નિષ્કર્મ બની શકે. ભગવાન્ ગીતામાં કહે છે ''દુનિયામાં મારાથી વધુ જ્ઞાની કોઈ નથી, છતાં હું પોતે પણ કર્મથી મુક્ત નથી''. દરેક વ્યકિતને કંઈ ને કંઈ કર્મ, જ્ઞાન અને ભક્તિ કરવી જ પડે છે.

પ્રત્યેકના વ્યક્તિત્વમાં કૃતિ, મતિ અને રતિ ના પાસાઓ તો છે જ. યુરોપમાં ગોરા માણસો વધારે હોય છે પણ એનો અર્થ એવો નથી કે ત્યાં કાળા માણસો રહેતા નથી; આમ છતાં મુખ્યતાની દૃષ્ટિથી તે ગોરાઓનો પ્રદેશ કહેવાય છે.

આફ્રિકામાં કાળા રંગના લોકો વધારે પ્રમાણમાં વસે છે, પણ ત્યાં કોઈ ગોરા વસતા જ નથી એવું નથી. ત્યાં પણ ગોરા માણસો વસે જ છે. પરંતુ તેને કાળા માણસોનો દેશ કહેવામાં આવે છે. આમ કોઈ ચોકક્સ રંગની સઞ્જ્ઞા કોઈ પણ દેશમાટે આપવી તે તેની બહુમતીને લાગુ પડે છે, બીજાની અનુપસ્થિતિને કારણે તે સઞ્જ્ઞા આપવામાં આવતી નથી. હિંદુસ્તાનમાં ગોરા લોકો પણ છે, કાળા પણ છે; પરંતુ વધારે પ્રમાણમાં ઘઉંવર્ણા લોકો છે તેથી હિંદુસ્તાનના લોકોનો રંગ ઘઉંવર્ણો છે એમ કહેવામાં આવે છે.

એવી રીતે જે લોકો વિરક્તિપ્રધાન છે તેઓને જ્ઞાનમાર્ગ વધુ માફક આવી શકે છે, જેઓ અનુરક્તિપ્રધાન છે તેમને કર્મમાર્ગ પર ચાલવામાં આનન્દ આવશે. અને જેઓ ન તો પૂર્ણ રીતે અનુરક્તિપ્રધાન છે કે ન અતિ વિરકિતપ્રધાન છે, અર્થાત્, અનુરાગ અને વિરાગ માં એક પ્રકારનું બેલેન્સ છે તેમને ભક્તિમાર્ગ પર ચાલવાનું આમંત્રણ આપવામાં આવે છે.

જેમને જુદા-જુદા વિષયોમાં અનુરાગ છે; આંખથી રૂપને જોવામાં રુચિ છે, કાનથી સુંદર ધ્વનિ સાંભળવામાં રુચિ છે, નાકથી સુગંધ લેવામાં રુચિ છે, જીભથી સ્વાદિષ્ટ ભોજનમાટેની રુચિ છે તેમની રુચિને જો પ્રભુ તરફ વાળવામાં આવે તો તેઓ પ્રભુની ભક્તિ કરી શકશે. જેમનામાં સર્વત્ર વિરુચિ અથવા અરુચિ છે તેઓ ભક્તિની વાત કેવી રીતે સમજી શકે? તેમને કેવી રીતે સમજાવી શકાય કે કૃષ્ણનું રૂપ સુંદર છે, તેમનામાં વિરકિત છે એટલે તે કહેશે કે રૂપ સુંદર હોઈ શકે જ નહીં, અરૂપ જ સુંદર હોય.

જેના હૃદયમાં રૂપ પ્રત્યે રુચિ છે તેને સમજાવી શકાય કે કૃષ્ણનું રૂપ કેટલું સુંદર છે, જેનામાં ધ્વનિ પ્રત્યે રુચિ છે તેને સમજાવી શકાય કે કૃષ્ણની મુરલીનો નાદ કેટલો મધુર છે. જેમાં રુચિ જ નથી તેને આ કશું સમજાવી શકાશે નહીં. આપણે જેને રુચિ કહીયે છીએ તેને જ શ્રીમહાપ્રભુજી 'ભકિતવર્ધિની' ગ્રન્થમાં 'બીજભાવ' કહે છે. જેનામાં રુચિ છે તેને ભક્તિવાન્ બનાવી શકાય. આમ, ભક્તિનું પહેલું બીજ રુચિ છે. આ સૃષ્ટિ પ્રભુની લીલા છે. લીલાના સુરમાં જ્યારે આપણા હૃદયના તારનો સુર મળે ત્યારે તે બીજભાવ પ્રકટ થાય છે.



સિતારમાં બે પ્રકારના તાર હોય છે. એક સિતાર બજાવવાનો તાર, તે તારની નીચે પડદો હોય છે અને પડદાની નીચે તરપના તાર હોય છે. તરપના તાર બજાવવામાં આવતા નથી, તે ફકત સુરમાં મેળવવામાં આવે છે. સિતાર ઉપર જે રાગ વગાડવો હોય તે રાગના સુર તરપના તારમાં મેળવી દેવામાં આવે છે. સાધારણ મનુષ્યોને આમાં સમજણ પડતી નથી. તેમને આ બધું ઝંઝટ લાગતું હોય છે. તેમને લાગે છે કે કલાકાર નકામો સમય બગાડે છે, આટલા બધા તાર રાખવાની જરૂર શું છે? એક તાર વગાડવો છે, તેને મીલાવી દો અને વગાડી દો! સામાન્ય મનુષ્યો આવું માને છે. કારણ કે તરપના તારની મજા લેવામાટે જેવા કાનની જરૂર પડે છે એવા કાન તેમની પાસે નથી. સિતારમાં રાગ વગાડતાં પહેલાં તરપનાં તારમાં રાગ મેળવવો પડે, રાગના સુર તરપના તારમાં બેસાડવા પડે. તે બેસી જાય એટલે તેનાથી બે લાભ થાય છે. એક તો જે સુર જ્યારે તરપનાં તારમાં મળેલો હોય છે તે તાર સ્વયં ઝંકૃત થાય છે, બંનેના સુર સમાન હોવાથી તે ઝંકારને કારણે સ્વરમાં મીઠાશ આવે છે અને ગંભીરતા આવે છે. બંને તાર જો મેળવેલા ન હોય તો તેમની એકરૂપતા થતી નથી.

એ જ રીતે, સૃષ્ટિરૂપી સિતારમાં પણ પરમાત્માએ પ્રત્યેક જીવાત્માની ભીતર તરપના તાર મૂકેલા છે. પ્રભુ જે-જે રૂપ લેવા ઈચ્છે છે તે-તે રૂપનો રસાસ્વાદ કરવાની પ્રત્યેક જીવમાં યોગ્યતા છુપાયેલી છે. દરેક વ્યક્તિ દરેક રૂપનો રસાસ્વાદ કરી શકતો નથી, દરેક તરપના તારમાંથી દરેક સુર નીકળતો નથી, તરપના જે તાર સાથે જે સુર મીલાવ્યો હોય તે સુર જ તેમાંથી નીકળે છે-ઝંકૃત થાય છે, તેને છેડવાની જરૂર પડતી નથી. કલાકાર વગાડવાનો તાર જ છેડે છે, તરપનો તાર છેડતો નથી, તે તો આપોઆપ ઝંકૃત થાય છે. એ જ રીતે, જે વખતે પ્રભુએ જે રૂપ ધારણ કર્યું છે તે રૂપનો જે રસ છે તે રસનો સ્થાયી ભાવ જો જીવાત્માના હૃદયમાં છે તો તે જીવાત્મા આપોઆપ તે સ્વરૂપનો આનન્દ માણી શકશે.

શ્રીભાગવતમાં આ જ વાતનું વર્ણન કરતાં સમજાવ્યું કે ભગવાને જ્યારે મથુરામાં પ્રવેશ કર્યો ત્યારે પહેલવાનોને ભગવાન્ પહેલવાન જેવા લાગ્યા, સાધારણ મનુષ્યોને લાગ્યું કે કોઈ શ્રેષ્ઠ પુરુષ આવી રહ્યો છે. અમે સાધારણ પુરુષ છીએ તો તેઓ પુરુષોત્તમ છે. શૃંગારભાવવાળી સ્ત્રીઓને સાક્ષાત્ કામદેવતા પધારી રહ્યા હોય

એમ લાગ્યું; વાસ્તવમાં તો તે વખતે ભગવાનનું બાલ સ્વરૂપ અગિયાર વર્ષનું માંડ હતું. તે ઉંમરે તો બાળકને મૂછની રેખાઓ પણ ફૂટે નહીં. શ્રીમહાપ્રભુજી આ પ્રસંગના 'સુબોધિનીજી'માં બહુ સુંદર વાત કરે છે કે "અહીં અનંગ પણ સાંગ બની ગયો." મહાદેવજીએ કામદેવને બાળી નાખ્યો હતો, તેથી તેના સર્વ અંગ નાશ પામ્યાં હતાં, તેનું રૂપ રહ્યું નહોતું. પરંતુ કૃષ્ણરૂપે તે અનંગ ફરીથી સાંગ-અંગસહિત બની ગયો. ઋષિઓને લાગ્યું કે તેઓ સાક્ષાત્ પરબ્રહ્મ છે. આમ, જેમના હૃદયમાં જેવો ભાવ હતો તેમને પરમાત્માના તેવા ભાવરૂપે દર્શન થયાં.

સર્વ રસરૂપ પરમાત્મા, સર્વ રસના ભાવરૂપ પરમાત્મા પોતે જ સર્વ રસના વિભાવ બની શકે છે. 'ભાવ' અને 'વિભાવ' શબ્દોને આપણે સમજી લઈએ. આપણી આંખોથી આપણે જે જોઈએ છીએ તેને આપણે 'દર્શન' કહીએ છીએ અને જે વસ્તુ દેખાતી હોય તેને 'દૃશ્ય'. એ રીતે, હૃદયરૂપી સાગરમાં જે લહેરો જાગે તે 'ભાવ' કહેવાય છે. આ ભાવ જેને લઈને જાગે છે તેને સંસ્કૃતમાં 'વિભાવ' કહે છે. ભાવનો વિષય, આધાર કે આલમ્બન એટલે 'વિભાવ'. રસશાસ્ત્રમાં એક વિવાદ ચાલે છે, પહેલાં ભાવ પ્રકટ થાય કે વિભાવ? સ્વયં ભગવાન્ આજ્ઞા કરે છે કે તમે મારામાં જેવો ભાવ સ્થાપિત કરશો તે પ્રકારનો વિભાવ હું બની જઈશ. ભગવાન્ પોતે આવી આજ્ઞા કરતા હોય તો આપણે સ્વીકારી લેવું પડે કે પહેલાં ભાવ પ્રગટ થાય છે પછી વિભાવ પ્રકટ થાય છે. કંસના હૃદયમાં ભયનો ભાવ હતો, તેથી તેને પ્રભુનું સ્વરૂપ ભયાનક લાગ્યું. સ્ત્રીઓના હૃદયમાં કામભાવ હતો, તેથી તેમના માટે ભગવાને કાન્તરૂપ ધારણ કર્યું. શિશુપાલના હૃદયમાં દ્વેષભાવ હતો, તેથી ભગવાને શત્રુનું રૂપ ધારણ કર્યું. યશોદાના હૃદયમાં વાત્સલ્ય ભાવ હતો, તેથી ભગવાન્ બાલક બન્યા.

પણ આમાં એકતરફી નિર્ણય છે. પ્રભુ જે વાત કહી રહ્યા છે તે અર્ધસત્ય છે. આ વાત આપણને દેખાય છે એટલે તે સાચી છે. આપણને આટલી જ વાત દેખાય છે, એટલે આટલી જ વાત આપણને સમજાય છે. જેમ આપણી વચ્ચે આવીને કોઈ વ્યક્તિ જર્મન ભાષા બોલે તો આપણે તે ભાષા સમજી શકતા નથી, જે ભાષા આપણે સમજી શકીએ છીએ તેમાં વ્યક્ત થતો ભાવ જ આપણે સમજી શકીએ છીએ. એટલે જીવાત્મા જે ભાષા સમજે છે તે ભાષામાં પ્રભુએ આપણને સમજાવ્યું કે તમે મારામાં ભાવ સ્થાપિત કરો, એટલે હું તેનું વિભાવનું



રૂપ ધારણ કરી લઈશ, તમે ચિંતા કરશો નહીં. તમે ભયભીત બનશો તો હું ભયાનક બનીશ, તમે મારા પ્રત્યે પ્રેમ રાખશો તો હું પ્રિયતમ બનીશ, તમે મારા પ્રત્યે વાત્સલ્ય રાખશો તો હું બાળક બનીશ.

આની પાછળ બીજુ પણ એક રહસ્ય છે. ઉપર કહેલી વાત જેટલી સાચી છે, તેટલું જ આ રહસ્ય પણ સાચું છે. પ્રભુ પહેલાં વિભાવાત્મક રૂપ ધારણ કરે છે ત્યારે વિભાવને અનુરૂપ ભાવ આપણા હૃદયમાં પેદા થાય છે. જીવનું એટલું સામર્થ્ય નથી કે પ્રભુવિષયક કોઈ પણ પ્રકારનો ભાવ જાતે સ્થાપિત કરી શકે. પ્રભુ જો તેને માટે વિભાવનું રૂપ ધારણ નહીં કરે તો જીવ તેના હૃદયમાં પ્રભુ પ્રત્યે કોઈ ભાવ સ્થાપિત કરી શકતો નથી. ગોપિકાઓની પ્રેમદશા જોઈને ઉદ્ધવજીને ઘણું આશ્ચર્ય થયું. ઉદ્ધવજી કહે છે કે "જે બ્રહ્મનું નિરંતર સમાધિયોગમાં ધ્યાન કર્યું તે બ્રહ્મના રૂપની વિભાવના હું પામી શક્યો નહીં, આ ગોપિકાઓ તે જ બ્રહ્મને હાથ પકડીને નચાવી રહી છે". કોઈ તેમનો હાથ પકડી વાત કરી રહી છે તો કોઈ તેમને પોતાની તરફ ખેંચી રહી છે. સાચે જ આવાં દર્શન કરીને જ્ઞાનીની અક્કલ કામ કરતી નથી. યોગી ગભરાઈને વિચારે છે કે મારી સાધનામાં ખામી છે કે પરમાત્માના રૂપમાં જ કાંઈક ગરબડ છે? ખરેખર તો યોગીની સાધનામાં કોઈ ખામી નથી અને પરમાત્માના રૂપમાં પણ કોઈ ગરબડ નથી. યોગી જે વખતે યોગદ્વારા પરમાત્માની ધારણા હૃદયમાં બાંધવા જાય છે ત્યારે પરમાત્મા અચિન્ત્ય બની જાય છે. પરમાત્માને જે વખતે પોતાનું રૂપ પ્રકટ કરવું હોય છે ત્યારે તેઓ સાક્ષાત્ સામે પ્રકટ થઈ જાય છે.

આપણા વાર્તા સાહિત્યમાં એક પ્રસંગ છે. અકબર બાદશાહે બીરબલને સવાલ કર્યો "સાહેબ (ભગવાન્) કેવી રીતે મળે?" બીરબલ ચકરાવામાં પડી ગયો. પ્રશ્નનો જવાબ કેવી રીતે આપવો? બીરબલની દીકરીએ બીરબલને કહ્યું "તમે શ્રીગુસાંઈજીને પૂછો, તેઓ જવાબ આપશે." જ્યારે બીરબલે શ્રીગુસાંઈજીની પાસે જઈને પૂછ્યું ત્યારે શ્રીગુંસાઈજીએ કહ્યું "આ પ્રશ્ન કોનો છે?" તેણે કહ્યું "બાદશાહ પૂછે છે". શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી "બાદશાહને તેનો જવાબ જાણવાની ઈચ્છા હોય તો એને કહેજો કે અહીં ગોકુલ આવે." બાદશાહને જિજ્ઞાસા હતી તેથી બાદશાહ ગોકુલ આવ્યો. શ્રીગુસાંઈજીએ ખૂબ જ ટુંકાણમાં જવાબ આપ્યો "જેમ

અમે અને તમે મળ્યા''. જેમ અમે અને તમે મળ્યા તેમ ભગવાન્ મળે. ભગવાન્ ન મળવાના હોય તો યોગ કરો, ધ્યાન કરો, વ્રત કરો, સમાધિ કરો, જપ કરો, તપ કરો, વૈરાગ્ય સેવો કંઈ પણ કરો તોય ભગવાન્ મળશે નહીં. જેમ આપણે મળ્યા તેમ ભગવાન્ મળશે. ભગવાનને ઈચ્છા થશે તો તે મળશે, નહીં ઈચ્છા થાય તો નહીં મળે. શાસ્ત્રોમાં કહ્યું છે કે ''પરમાત્મા પ્રવચનથી નથી મળતા, બહુ બુદ્ધિથી પણ નથી મળતા, બહુ શ્રવણ કરવાથી પણ નથી મળતા''. આપણે ઘણાં પ્રવચનો સાંભળ્યાં, તોય આપણને ભગવાન્ મળ્યા ખરા? આપણે કહીશું ''હવે અમે કોઈની વાત સાંભળીશું નહીં, અમે અમારી અક્કલ ચલાવીને પરમાત્માને મેળવીશું.'' ઉપનિષદ્ કહે છે કે તે રીતે પણ ભગવાન્ નહીં મળે. આપણે ઉપનિષદ્ને પૂછીએ કે તો પછી ભગવાન્ મળે કેવી રીતે? ઉપનિષદ્ કહે છે ''ભગવાન્ જેને મળવા ઈચ્છે છે તેને મળે છે, જેને મળવા ઈચ્છતા નથી તેને મળતા નથી.'' તમે મને મળવા ઈચ્છા કરી તો આપણે મળ્યા. તમે ઈચ્છા ન કરી હોત તો આપણું મળવું સંભવિત ન હતું. આમ, વાત નાની છે પણ ભારે અઘરી છે.

પરમાત્માનું સ્વરૂપ અચિન્ત્ય છે તેમજ અદશ્ય પણ છે. તે જ પરમાત્મા અધોક્ષ જ પણ છે અને તેઓ તેમના બધા ભાવોનો વિભાવ પણ બની શકે છે. તેથી જ ઉપનિષદ્ મુંઝાઈને કહે છે કે ''તદેજતિ તન્નૈજતિ તદ્દૂરે તદ્વન્તિકે'' તે હાલે પણ છે અને તે નિષ્કંપ પણ છે, તે દૂર પણ છે અને પાસે પણ છે, તે નાનો પણ છે અને મોટો પણ છે. જેટલી વિરુદ્ધ બાબતોથી આપણું માથું ફરવા માંડે તે બધી બાબતો પરમાત્માના વિષયમાં સાચી છે. આપણે કોઈ વિદ્વાનને પૂછીશું કે શું આ વાત સાચી છે? તો તે કહેશે કે સાવ ખોટી છે. નાનો હોય તે મોટો થઈ શકતો નથી, અણુ હોય તે મહાન્ થઈ શકતો નથી, મહાન્ હોય તે અણુ થઈ શકતો નથી. આપણે કોઈ પણ દાર્શનિકને કે તાર્કિકને પૂછીએ. તે બધા એક સુરમાં કહેશે કે આ વાત ખોટી છે. કારણ કે આ બધાં વિધાનો વિરોધી છે. ત્યારે શ્રીમહાપ્રભુજી કહે છે કે જેટલા વિરોધી વિધાનો છે તે બધાં પરમાત્માના વિષયમાં સમ્પૂર્ણ પ્રમાણિક છે. તેના કરતાં વધારે પ્રામાણિક કોઈ વાત પરમાત્માના વિષયમાં કહી શકાય તેમ નથી. પરમાત્મા અજન્મા પણ છે અને નન્દાત્મજ પણ છે. અજન્મા નંદાત્મજ કેવી રીતે હોય તે કદાચ સાંભળનારને ન સમજાય તેવું બને. નંદાત્મજ અજન્મા કેવી રીતે હોય? તેવો પ્રશ્ન પણ થાય.



મુંબઈમાં એક શાસ્ત્રીજી કહેતા કે 'નંદકુમારાષ્ટક'માં ''ભજ નંદકુમારં સર્વ સુખસારં તત્ત્વવિચારં બ્રહ્મપરમ્'' કહ્યું છે. શ્રીકૃષ્ણ જો પરં બ્રહ્મ હોય તો તે નંદાત્મજ થઈ જ ન શકે. એટલે તાત્પર્ય એવું લાગે છે કે આ બ્રહ્મ નંદનો કુમાર નથી. એ શાસ્ત્રીજીની અક્કલ મુંઝાઈ ગઈ. તેમને લાગ્યું કે જો બ્રહ્મ અજન્મા છે તો અજન્મા નંદાત્મજ થઈ શકે નહીં. પરન્તુ તેમને ખબર નથી કે ઉપનિષદ્ એવો ખુલાસો આપે છે કે ''અજાયમાનો બહુધા વિજાયતે''. બ્રહ્મની વિરુદ્ધધર્માશ્રયતાને સમજવામાટે ધીરજની જરૂર છે. આપણા ભેજામાં જે અક્કલ છે તે ઘણી ક્ષુદ્ર છે. મનુષ્યની ખોપરી બ્રહ્મના બ્રહ્માંડને સમજવામાટે ઘણી નાની છે. તેમાં રહેલી ક્ષુદ્ર બુદ્ધિથી આપણે એમ વિચારીએ કે હું બધી વાત સમજી શકું છું તો તે નરી બાલીશતા છે. ઈશ્વરને મળવાના જે નિયમો, ફોર્મ્યુલા હું બનાવી લઈશ એટલે તે ફોર્મ્યુલાથી ઈશ્વર મળી જશે એવું સમ્ભવ નથી. કોઈ પ્રયોગશાળામાં કે ઓબ્ઝર્વેટરીમાં પ્રયોગ કે નિરીક્ષણ કરી લઈશું એટલે ઈશ્વર મળી જશે એમ જો આપણે માનતા હોઈએ તો ઈશ્વર આવી રીતે મળશે નહીં. આ આપણી ગેરસમજ છે. આપણે આપણી ક્ષુદ્રબુદ્ધિ અથવા ભ્રાંતિથી માની લીધું છે કે નંદાત્મજ અજન્મા થઈ શકતો નથી અને અજન્મા નંદાત્મજ થઈ શકતો નથી. પરન્તુ સાચી વાત એ છે કે બ્રહ્મ અજન્મા પણ છે અને નંદાત્મજ પર છે. તે બધું જ થઈ શકે છે ''સ વૈ સર્વમિદં જગત્''. બ્રહ્મ જો આખું જગત્ બની શકે તો તે નંદાત્મજ કેમ ન બની શકે? જ્યારે તે પોતે જ સમગ્ર જગત્ રૂપે વિલસે છે, જગતનાં બધાં રૂપો તેના જ ધારણ કરેલાં રૂપો છે તો તે નંદાત્મજ થાય તેમાં શું તેને વધારે તકલીફ પડવાની છે? પરન્તુ આપણે જો તર્કથી આ વાત સમજવા પ્રયત્ન કરીશું તો તે સમજાશે નહીં. શાસ્ત્રીજી કદાચ ગમે તેટલા વિદ્વાન્ હોય તોયે બુદ્ધિ તો આખરે મનુષ્યની જ ને! આપણી બુદ્ધિમાં થતી આવી ગરબડ આપણી હોતી નથી, તે ગરબડ ભગવાનની કે માયાની હોય છે કે જે આપણી ખોપરીમાં અભિમાન ભરી દે છે. અભિમાનને કારણે આપણે એમ સમજવા લાગીએ છીએ કે હું જે કહી રહ્યો છું તે જ વાત સાચી છે બીજું બધું ખોટું છે.

પરન્તુ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ભગવાનની બાબતમાં બધી વાતો સાચી છે. તમે તમારા અહંકારથી કોઈ વાદ ઉભો કરી, પરમાત્માનું નિરૂપણ કરવા જશો તો આવું બનવાનો સમ્ભવ છે. કોઈ વાદના સહારે ઈશ્વર સમજાશે નહીં;

પરન્તુ દૈન્યભાવથી તેને સમજી શકાશે. જો આટલી વાત આપણે સમજીએ, આપણા મનમાં આવો ભાવ હોય તો જે કોઈ વાત છે તે બધી સાચી છે, જેટલા વાદ છે તે બધા સાચા છે, કોઈ વાદ ખોટા નથી. શ્રીમહાપ્રભુજી તો ત્યાં સુધી કહે છે કે શૂન્યવાદ પણ સાચો છે. આપણા હૃદયમાં દીનતાપૂર્વક જો શૂન્યતાનો ભાવ હોય અને જો આપણને બ્રહ્મ શૂન્ય લાગતો હોય, તો શૂન્યવાદ પણ સાચો છે. શ્રીમહાપ્રભુજી કહે છે કે કોઈકની દૃષ્ટિમાં બ્રહ્મ શૂન્ય થઈ જાય તો ચિંતાની વાત નથી પરન્તુ જો કોઈક એવું અભિમાન કરે કે આખા જગતમાં કેવળ શૂન્ય તત્વ જ છે અને શૂન્ય સિવાય બીજું કંઈ છે જ નહીં તો ગરબડ થઈ જશે. તમારી બુદ્ધિની એટલી શક્તિ નથી કે તમે બ્રહ્મનું કોઈ એક વાદની ફોર્મ્યુલાથી નિરૂપણ કરી શકો. કારણ કે, બ્રહ્મ નાનાવાદાનુરોધી છે. તમે એક વાદથી તેને માપવા જશો તો તેમાં કદાચ બીજો વાદ પણ સંમિલિત થઈ જશે.

શ્રીમહાપ્રભુજીનો આવો દૃષ્ટિકોણ જાણીને કેટલાક લોકોને એમ લાગતું હતું કે શ્રીમહાપ્રભુજીને બ્રહ્મના વિષયમાં કદાચ અંધશ્રદ્ધા હશે, તેથી તેઓ આવી વાત કહી રહ્યા છે. મુંબઈ યુનિવર્સિટીમાં એક બહેન પી.એચ્.ડી. નો અભ્યાસ કરતાં હતા. તેમનો વિષય હતો 'ફિલોસોફી ઓફ શ્રીવલ્લભાચાર્ય'. તેમણે પોતાના શોધનિબંધમાં લખ્યું કે ''શ્રીવલ્લભાચાર્ય કોઈ ઉંચી કક્ષાના દાર્શનિક નથી, તેઓ શ્રદ્ધાળુ છે, સારા ભક્ત છે; તેથી તેઓ આવી વાતો કહે છે. દર્શનમાં તર્કની મુખ્યતા હોવી જોઈએ. આજે વિજ્ઞાનનો યુગ છે. વિજ્ઞાનના યુગમાં શ્રીવલ્લભાચાર્યની વાત કોના ગળે ઉતરશે?''

વાસ્તવમાં તો જેવા વિજ્ઞાનનો અભ્યાસ તે બહેને કર્યો છે તે ઘણા જુના જમાનાના-બાબા આદમના જમાનાનું વિજ્ઞાન છે. નવું વિજ્ઞાન પોતે જ એવા નિર્ણય પર આવ્યું છે કે મૂળ તત્વ ''સર્વવાદાનવસરં નાનાવાદાનુરોધી'' છે. વિજ્ઞાનનાં જેટલાં ક્ષેત્ર છે તે દરેક ક્ષેત્રમાં આ પ્રમાણે જ જોવા મળે છે. પ્રકાશના વિષયમાં આઈનસ્ટાઈને કહ્યું કે ''ક્યારેક પ્રકાશ તરંગ છે તો ક્યારેક તે જ પ્રકાશ ગુચ્છ છે, ક્યારેક પ્રકાશ આવે છે, ક્યારેક પ્રકાશ આવતો નથી ફક્ત લહેરાય છે.'' એક મનુષ્યે મજાકમાં કહ્યું ''શનિવારથી રવિવાર સુધી પ્રકાશ તરલ હોય છે, એટલે જળના તરંગોની જેમ લહેરાયે છે અને સોમવારથી શનિવાર સુધી પ્રકાશ કિરણોના રૂપમાં આવે



છે.'' આમ, પ્રકાશની એક નાનકડી બાબતમાં પણ આ બધા વિરોધો સાચા છે.

આઈનસ્ટાઈન તો ત્યાં સુધી કહે છે કે ''તમે એક રોકેટમાં બેસીને જાઓ. રોકેટમાં બેસીને જનાર માણસ તેની ઘડિયાળના હિસાબે પચાસ વર્ષે જ્યારે પાછો આવશે ત્યારે પૃથ્વી ઉપર પાંચસો વર્ષ વીતી ગયાં હશે.'' આઈનસ્ટાઈને ઘણી વિરોધી જણાતી વાત કહી. રોકેટમાં રહેલ માણસ અને પૃથ્વી ઉપર રહેલ માણસ બંને પોતપોતાની ઘડિયાળ જોઈ રહ્યા છે, બંને પોતાનું કેલેન્ડર જુએ છે પછી આવું કેવી રીતે બને કે પૃથ્વી ઉપર પાંચસો વર્ષ વીતે! અને રોકેટમાં ફક્ત પચાસ વર્ષ વીતે! વિજ્ઞાન કહે છે ''આ બંને વાત સાચી છે.'' તેથી જ આવા વિરોધાભાસી સિદ્ધાન્તોનો વિચાર કરનારું ખુદ વિજ્ઞાન જ જ્યારે જગતની અવિરુદ્ધ વ્યાખ્યા આપી શકતું નથી ત્યારે તેના આધારે બ્રહ્મની તર્ક અવિરુદ્ધ વ્યાખ્યા કેવી રીતે આપી શકાય?

તેથી બાબા આદમના સમયના વિજ્ઞાનનાં પુસ્તકો ભણીને જો કોઈ શ્રીવલ્લભાચાર્યજી પર કે આપણાં શાસ્ત્રો ઉપર એવા આક્ષેપ કરે કે આ શ્રધ્ધાની વાત છે તો તેમને ક્ષુદ્ર ગણીને ક્ષમા આપવી જોઈએ. તેમને કહેવું જોઈએ કે ભાઈ, તમે શાસ્ત્ર ભણશો નહીં, પહેલાં તમે સારી રીતે વિજ્ઞાન શીખો. જો તમે સારી રીતે વિજ્ઞાન શીખી લેશો તો શ્રીમહાપ્રભુજી અને શાસ્ત્રો જે કહી રહ્યાં છે તે તમને સમજમાં આવશે. તમે સારી રીતે વિજ્ઞાન ભણ્યા નથી તે તમારો અપરાધ છે. શાસ્ત્ર ભણવાનો તમારો અધિકાર છે કે નહીં તે તો ઈશ્વર જાણે.

મારા કહેવાનું તાત્પર્ય એ છે કે આપણે આપણા વિચાર પ્રમાણે જો બ્રહ્મને બાંધવા ઈચ્છીશું તો તેને બાંધી નહીં શકીએ. જેમ યશોદાએ કૃષ્ણને બાંધવાની પોતાની ઈચ્છાથી પ્રયત્ન કર્યો ત્યાં સુધી દોરડું બે આંગળ ટૂંકું પડયું; પરંતુ જ્યારે યશોદા થાકી ગયાં ત્યારે ભગવાને વિચાર કર્યો કે ''માં મને બાંધવા ઈચ્છે છે, મારે માને થકવવી જોઈએ નહીં'' ત્યારે તેઓ પોતાની ઈચ્છાથી તે જ વખતે બંધાઈ ગયા. બાંધવામાં આપણને સંકોચ થાય, બંધાવામાં તેને સંકોચ થતો નથી. કારણ કે તે તો બધાં બંધનોને તોડનારો છે. આ બંધન પણ એક લીલા છે. તેને માટે બંધન એ અપમાન નથી, બંધન અવનતિ કે વિઘ્ન નથી. આપણા માટે બંધન લાંછન છે, તેના માટે બંધન એ સૌંદર્ય છે. જેમ તલ એક કાળો ડાઘ છે; પરંતુ જ્યારે તે તલ

સુંદર બાળકના મુખ પર હોય છે ત્યારે તે સૌંદર્યનું પ્રતીક બની જાય છે. જે સુંદર છે તેને માટે લાંછન પણ સુંદરતાનું રૂપ બને છે. જે અસુંદર છે તેના મોં પર સફેદ પાવડર લગાવીશું તો કાળી ચામડી પર લાગેલો સફેદ પાવડર ઘણો ગંદો લાગશે. તેના ઉપર થોડો પરસેવો થતાં તે વધારે ગંદો લાગશે.

બ્રહ્મ પરમાનંદ સ્વરૂપ છે, પરમાનંદના આ સ્વરૂપમાં બંધન પણ પરમાનંદાત્મક છે. બંધન લીલાત્મક છે. આવા બંધનમાંથી મુક્ત થવામાં મજા નથી. તેથી તો ભક્ત મુક્તિનો ઈન્કાર કરે છે. તે કહે છે

*''પાઓ પ્રેમ રસ પ્રાણજીવન રે, દીન થઈ જાચું રે,*
*મુક્તિમાર્ગીને આપજો જ્ઞાન રે, હું તો નવ રાચું રે,*
*રીઝે રાબડી થકી ગરીબ લોક રે, ભોગી ને નવ ભાવે રે,*
*અમે તો રાજના ખાસાખવાસ મુક્તિ મન ન આવે રે''*

તેથી અમારા મનમાં મુક્તિનો વિચાર જ આવતો નથી. જે રાજના ખાસાખવાસ હોય તે શું રાબડી પીને જીવશે? જે મનુષ્ય ભોજનનો શોખીન હોય તે શું રાબ ખાઈને જીવશે? ભક્ત કહે છે કે બ્રહ્મજ્ઞાનને મારે શું કરવું છે? મારે તો ભક્તિ જોઈએ છે; જે અમે અહીં જગતમાં કરી શકીએ. બ્રહ્મે જે રૂપ ધારણ કર્યું છે તે રૂપનું પ્રતિરૂપ અમારા હૃદયમાં પ્રકટ થાય એવી અમારી ઈચ્છા છે. આવું સામર્થ્ય ભક્તિમાં છે. આવી ભક્તિ મને મળે તો જ મને તે ભાવે છે. દયારામભાઈ કહે છે ''વિના લાલચનું લાલ, મને વ્હાલ રે અવિચલ આપો રે'' મને લાલચ વિનાનો શુદ્ધ ભાવ આપો, જે શુદ્ધ ભાવથી હું તમારા રૂપનું રસાસ્વાદન કરી શકું. તમારા રૂપને અનુરૂપ મારા હૃદયનું રૂપ પણ બનવું જોઈએ, તમારી ઝાંખી મારા હૃદયમાં સ્થિર થવી જોઈએ.

શ્રીમહાપ્રભુજી આપણને એ વાત સમજાવે છે કે જ્યારે ભગવાન્ કહે છે કે ''યે યથા માં પ્રપદ્યન્તે તાં સ્તથૈવ ભજામ્યહમ્'' ત્યારે ભગવાન્ આપણી સાથે એ ભાષામાં વાત કરે છે કે જે ભાષા આપણે સમજી શકીએ. આપણને લાગે છે કે પ્રભુએ મારા ભાવને અનુરૂપ સ્વરૂપ ધારણ કર્યું છે.



જ્યારે ઉદ્ધવજી ગોપિકાઓને પરમાત્માનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે પરમાત્મા અનિર્વચનીય, અચ્છેદ્ય, અકલેદ્ય, અશોષ્ય છે ત્યારે ગોપિકાઓને સમજાયું નહીં. તેમને લાગ્યું કે ઉદ્ધવજી ખોટું કહી રહ્યા છે કે અમને ખોટું સમજાઈ રહ્યું છે. તેઓ તેમના મનમાં સ્પષ્ટ હતાં કે અમે જે પ્રકારે કૃષ્ણને માણ્યો છે તેમાં તો કોઈ ભૂલ નથી. તો આ ગરબડ થઈ કેવી રીતે? ગોપિકાઓએ છેવટે ખુબ સુંદર વાત કહી ''ઉદ્ધવ, એક વાતમાં ગરબડ થઈ લાગે છે 'દેખ લેતે કહાન જો હમારી અખિયનતે' ''. જે આંખોથી અમે કૃષ્ણને જોયા છે તે આંખોથી તમે તેને જોયો નથી માટે તમે આવી અગડમ-બગડમ વાતો કરી રહ્યા છો. જો કે તમારી વાત પણ સાચી હશે; છતાં તમે અમારી આંખોથી જોયું હોત તો તમે જુદી જ વાત કરત. તમે સમજી શક્યા હોત કે જે અજ-અનાદિ છે તે નંદાત્મજ પણ છે, જે આપ્તકામ છે તે જ અહીં માખણની ચોરી પણ કરે છે, જે સર્વ સામર્થ્યયુક્ત છે તે યશોદા માતાની બીકથી રડે પણ છે. તેથી તમે જે વાત કરો છો તે અમારી સમજમાં આવતી નથી.

ગોપિકાઓની સમજમાં ઉદ્ધવની વાત કેમ નથી આવી? એનું કારણ છે ગોપિકાઓનો સુદઢ ભાવ. કૃષ્ણ પ્રકટ થયા તે પહેલાં જ ગોપિકાઓની અંદર વાત્સલ્ય ભાવ પ્રકટ થયો હતો. કૃષ્ણ બાલરૂપે પ્રકટ થતાં તેમના માટે ગોપિકાઓના હૃદયમાં વાત્સલ્ય વધી ગયું. જો કૃષ્ણ બાળકના રૂપમાં પ્રકટ થવાને બદલે વિરાટના રૂપમાં પ્રકટ થયા હોત તો તેમની આવી હિંમત ચાલત નહીં.

જ્યારે ભગવાને અર્જુનને પોતાના વિરાટ સ્વરૂપની વાત કરી ત્યારે અર્જુનમાં રહેલો વૈજ્ઞાનિક આગળ આવ્યો. તેને લાગ્યું કે નિરીક્ષણ કરીને બરાબર તપાસ કરી લઉં કે આમાં ગરબડ નથી ને?

કેટલાક પ્રવચનકારો એમ કહેતા હોય છે કે ''કૃષ્ણ વસ્તુતઃ પરમાત્મા નથી. દરેક વ્યકિતએ 'અહં બ્રહ્માસ્મિ' હું બ્રહ્મ છું, એવી ભાવના કરવી જોઈએ. કૃષ્ણ પણ પરમજ્ઞાની હતા, તેથી તેમણે પણ પોતાને માટે 'અહં બ્રહ્માસ્મિ' કહ્યું''. આવું આજકાલ ઘણા શાસ્ત્રીઓ પ્રવચનોમાં કહે છે. આવા શાસ્ત્રીઓની જેમ જ અર્જુનને પણ આવો જ સંદેહ પેદા થયો હશે કે કૃષ્ણ પોતાને બ્રહ્માસ્મિ કહે છે પણ વાસ્તવમાં તેઓ પણ મારા જેવા જીવ જ હશે. વાત પણ વિચારવા જેવી છે, કારણ કે કૃષ્ણ

અર્જુનના સારથી બની રથ હંકારી રહ્યા હતા. અર્જુને તેથી કહ્યું કે ''દોસ્ત, તું પરમાત્મા છે તો જરાક તારું વિરાટ રૂપ તો બતાવ. કોઈક ચમત્કાર તો દેખાડ કે તું ક્યા અર્થમાં બ્રહ્મ છે?'' ભગવાને અર્જુનને ખૂબ સમજાવ્યું ''અર્જુન મારું આ વિરાટ રૂપ ઋષિઓએ પણ જોયું નથી.'' અર્જુને હઠ ચાલુ રાખી. ભગવાને અર્જુનને પોતાનું વિરાટ રૂપ બતાવતાં જ તેના હાંજાં ગગડી ગયા, તેનો બધો અહંકાર ઓગળી ગયો. ભગવાન કહે છે ''અર્જુન, તું કહેતો હતો કે હું યુદ્ધ નહીં કરું, હું આ બધાંને નહીં મારું. તું તારી જાતે જોઈ લે કે આ બધા તો મરેલા જ છે.''

આપણે એક ગલીમાં એક કેમેરા ગોઠવીએ તો કેમેરામાં તે ગલીનો ફોટો ખેંચાઈ જશે. તેને થોડો ઉંચો ગોઠવીશું તો આખા મહોલ્લાનો ફોટો આવશે, તેને વધારે ઉંચે ગોઠવીશું તો ગામનો ફોટો પણ આવી શકશે. તેને હજી વધારે ઉંચો મૂકીશું તો જિલ્લાનો ફોટો પણ ખેંચાશે. આમ આપણે પણ થોડાક ઉપર જવાની જરૂર છે. જો પ્રભુ આપણી દૃષ્ટિને એટલી ઉપર ઉઠાવે તો આપણને પણ તે દૃશ્ય જોવા મળે.

વૈજ્ઞાનિકોમાં હજી એક ઝઘડો ચાલે છે કે જેવી રીતે પૃથ્વી ઉપર પ્રાણીઓ વસે છે, તેવી રીતે અન્ય લોકમાં-ગ્રહોમાં પ્રાણીઓ વસે છે કે નહીં? કેટલાક લોકોએ અહીંથી દૂરબીન લગાડીને ચંદ્રની અંદર જોયું, મંગળમાં જોયું, શુક્રમાં જોયું...પરંતુ કંઈ દેખાયું નહીં. કેટલાક લોકો માને છે કે પૃથ્વી ઉપર જ પ્રાણીઓ વસે છે, બીજા કોઈ લોકમાં પ્રાણીઓ વસતાં નથી. વૈજ્ઞાનિકોએ બૂમો પાડવાની શરું કરી ''અમે મોટાં-મોટાં દૂરબીન લગાવ્યાં, ટેલિસ્કોપ લગાવ્યાં; પણ કંઈ દેખાયું નહીં. બધા ગ્રહો ઉપર સપાટ મેદાનો છે. શા માટે ખોટા ખર્ચ કરી, રોકેટો છોડો છો?'' બીજા વૈજ્ઞાનિકો વધારે ચતુર હતા. તેમણે કહ્યું કે સારું, આપણે એક કામ કરીએ. આપણે પૃથ્વીથી ઉપર એક રોકેટ એવી રીતે છોડીએ કે જેમાંથી આખી પૃથ્વી દેખાય. તે રોકેટમાંથી આપણે પૃથ્વીનો ફોટો પાડીએ. તે ફોટામાં વ્યક્તિઓ દેખાશે ખરી? ના, કશું નહીં દેખાય. શહેર નહીં દેખાય, ગામડાં નહીં દેખાય, ખેતર નહીં દેખાય; સપાટ મેદાનો જ દેખાશે. એનો અર્થ એવો થશે કે પૃથ્વી ઉપર પ્રાણીઓ વસતાં નથી?

જ્ઞાનમાર્ગીઓને પૂછીશું તો તેઓ કહેશે કે ''જેમાંથી જગત્ પેદા થયું, જેમાં



જગત્ સ્થિત છે, જેમાં જગત્ લીન થશે તે બ્રહ્મ છે.'' જ્ઞાન આગળ વધશે તો તેઓ કહેશે કે તેમાં નથી ઉત્પત્તિ, નથી સ્થિતિ. ભક્તિમાર્ગીય ઋષિઓ, વ્યાસજી કે શુકદેવજી, ને પૂછીશું તો તેઓ કહેશે કે ભગવાનની કેવળ ત્રણ જ લીલા નથી, ભગવાનની લીલાઓ દસ-દસ પ્રકારની ચાલી રહી છે. સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ ઉતિ મન્વન્તર, ઈશાનુકથા, મુક્તિ, નિરોધ અને આશ્રય. જ્ઞાનના રોકેટને થોડું ઉપર લઈ જઈશું તો તે કહેશે કે અહીં જન્મ નથી, સ્થિતિ નથી, લય નથી. ભક્તિનું રોકેટ કહેશે ''બધું જ સાચું છે, કશું મિથ્યા નથી.''

પરમાત્મા પણ આપણને પૂછે કે બોલ ભાઈ, તારી શી ઈચ્છા છે? તારે જ્ઞાન જોઈએ છે તો હું સપાટ પણ છું, નિર્ગુણ-નિરાકાર-નિર્વિશેષ બની જાઉં. તારે ભક્તિ જોઈએ તો હું અનેકવિધ આકાર ધારણ કરી શકું છું. તારે જેવી ઈચ્છા હોય તેવો હું બની જાઉં.

આમ પરમાત્માએ જેનું જેવું વરણ કર્યું હોય છે તેમાં તેવી ઈચ્છા પેદા થાય છે. જેનામાં જેવી ઈચ્છા પેદા થાય તેની સામે પરમાત્માનું તેવું રૂપ પ્રકટ થઈ જાય છે. આ શતરંજની રમતમાં પહેલી ચાલ પરમાત્માની છે, જીવની નથી. ઉદ્ધવજી પણ વ્રજમાં આવીને એવા મુંઝાઈ ગયા કે હવે અધોક્ષજ પરમાત્માના સ્વરૂપમાં તેમનો ભાવ સ્થાપિત થઈ શકતો નથી. તેઓ ગોપીજનોને પૂછી રહ્યા છે- ''તમે અધોક્ષજને સર્વે ઇન્દ્રિયોથી તમારો વિષય કેવી રીતે બનાવી દીધો?''

તમે પરમાત્માને સર્વેન્દ્રિયનો વિષય કેવી રીતે બનાવી શકો? પરમાત્મામાટેનું તે પ્રકારનું બીજ તમારા હૃદયમાં સ્થાપિત થયું હોય તો પરમાત્માને કર્મેન્દ્રિયથી વિષય બનાવી શકાય. પરમાત્મા જે સુરોમાં તેમનો રાગ ગાવા ઈચ્છતા હોય તે સુરોમાં તમે તમારા તરફનો તાર મિલાવો તો તેઓ તે સુરોમાં પોતાની મેળે બોલશે, નહીં તો નહીં બોલે. કૃષ્ણ જો કંસની સામે જશે તો ત્યાં કાન્ત સ્વરૂપે દર્શન નહીં આપે, ભયાનક સ્વરૂપે દેખાશે. તે જ કૃષ્ણ યશોદાની સામે તદ્દન મુગ્ધ બાળક લાગશે. યશોદાજીને સમજાશે જ નહીં કે આ કૃષ્ણ કંસને કેવી રીતે મારી શકે? કૃષ્ણે યશોદાને પોતાનું મુખ ખોલીને બ્રહ્માંડ બતાવ્યું, છતાં યશોદાના હૃદયે કબૂલ ન કર્યું કે તે બ્રહ્મ છે. ભાગવતકાર કહે છે ભગવાને એવી વૈષ્ણવી માયા પ્રકટ

કરી કે જેથી યશોદાજી તેમાં લપેટાઈ ગયાં, અર્જુન જેવો અર્જુન પણ ગભરાઈ ગયો. ભગવાને યશોદાજીને ગભરાવા ન દીધાં. યશોદાજીને થોડો સંદેહ થયો, થોડી ચિંતા થઈ કે આ મારો કૃષ્ણ શું કંઈ બ્રહ્મ છે કે ભ્રમ છે? ભગવાને કહે છે કે જો તે રસ ખરેખર પ્રકટ થઈ જાત તો પ્રભુએ જે રૂપ ધારણ કર્યું છે તે લીલામાં જ રસાભાસ થઈ જાત. તેથી ભગવાને પોતાની વૈષ્ણવી માયા પ્રકટ કરી. પરિણામે યશોદાજીને લાગ્યું કે કૃષ્ણના મુખમાં બ્રહ્માણ્ડનું જે દર્શન થયું તે બ્રહ્મ પણ નથી અને ભ્રમ પણ નથી; તે તો કોઈક રાક્ષસનો ઉપદ્રવ જ છે. જેમ પૂતના, બકાસુર વગેરે આવ્યાં, તેમ કોઈ બીજો અસુર આવ્યો છે, જેના લીધે મારા બાળકના મુખમાં આખું બ્રહ્માણ્ડ દેખાય છે. તેથી તેમણે કૃષ્ણ પર આવેલી આપત્તિ દૂર કરવા પૂજન કરાવ્યું, શાન્તિ કરાવી.

દિલ્હીમાં 'સરમદ' નામના એક મોટો સૂફી હતાં. તેઓ દિગંબર સ્થિતિમાં રહેતા. તે દારાસિકોહના ગુરુ હતા. ઔરંગઝેબને તેમના પર ભારે ચીડ હતી. ઔરંગઝેબે જુમ્મા મસ્જિદની સામે તેમને કતલ કર્યા. ઔરંગઝેબ કહેતો કે સૂફી પાગલ હતો, તે કૂરાનેશરીફના કલમાની પૂરી પંક્તિનો પાઠ કરવાને બદલે અડધી જ પંક્તિનો સતત પાઠ કરતો. તે કેવળ 'લાઈલાહ' બોલતો, જેનો અર્થ થાય ''ઈશ્વર સિવાય બીજું કંઈ નથી.'' ઔરંગઝેબ પાસે જ્યારે ફરીયાદ ગઈ કે તે અડધી પંક્તિનો જ પાઠ કરે છે ત્યારે ઔરંગઝેબે તેમને કતલ કરવાનો હુકમ કર્યો. આ સાંભડીને સંતે કહ્યું કે ભગવાન્ મારી માશૂકા છે, તે મારા પ્રત્યે બેવફા છે. હું પૂરી વફાદારીથી તેનો આશિક બન્યો છું. તેને મારી કતલ કરાવીને પ્રેમની પરીક્ષા લેવામાં મઝા આવે છે. ઔરંગઝેબ તો એક તલવાર છે. દુનિયામાં તલવાર પોતે કોઈ અપરાધ કરી શકતી નથી, અપરાધ તો તલવાર ચલાવનાર કરે છે. પરમાત્મારૂપી મારી માશૂકા બેવફા છે, એટલે મારી કતલ કરાવવા ઈચ્છે છે. તેને ઔરંગઝેબ પ્રત્યે કોઈ દ્વેષભાવ ન હતો. તેમણે પરમાત્માને કહ્યું કે ''મારી કતલમાં તને મજા આવતી હોય તો ભલે મારી કતલ થાય. તને જેમાં મજા આવતી આવે તે કામમાં હું રાજી છું.''

જયદેવજીના પ્રસંગમાં પણ આવી જ વાત આવે છે. જયદેવજીને પ્રભુએ કહ્યું કે તમે રાજાના બગીચામાં જઈને ચોરી કરો. જયદેવજીએ કહ્યું કે હું રાજપંડિત છું. મારી આબરુનો તો વિચાર કરો. પ્રભુએ કહ્યું કે ''ચોરી કરવાથી તારી કેવી



બેઈજ્જતી થાય છે એ જ તો મારે જોવું છે.'' જયદેવજીએ કહ્યું કે ''આપને એ જ જોવું છે તો પછી હું તે દેખાડવા તૈયાર છું.'' તેઓ રાત્રે રાજાના બગીચામાં ફળની ચોરી કરવા ગયા અને પકડાઈ ગયા. જ્યારે તેમને રાજસભામાં લાવવામાં આવ્યા ત્યારે બિચારો રાજા મુંઝાઈ ગયો. તેણે કહ્યું ''જયદેવજી, તમે આજ્ઞા કરી હોત તો તમારી સામે આખો બગીચો હાજર કરી દેત. તમે એક ફળની ચોરી શું કરવા કરી?'' પોતાની વાત હોય તો જયદેવજી કંઈક ખુલાસો પણ કરે; પરન્તુ આ તો પ્રેમી અને પ્રીયતમ ની વાત હતી. તેઓ રાજાની સામે શું કહે! તેમણે કહ્યું કે ''મારી બુદ્ધિ ખરાબ થઈ ગઈ હતી. તમારી વાત સાચી છે કે તમે મને આખો બાગ સોંપી દીધો હોત; પરન્તુ મેં એક ફળની ચોરી કરી છે અને પકડાઈ ગયો છું તે વાત પણ સાચી છે. તમારે જે સજા કરવી હોય તે કરો.'' રાજાએ કહ્યું કે હું તમને સજા નહીં કરી શકું. જયદેવજીએ સજા કરવામાટે જિદ્દ કરી. કેમકે જો રાજા તેમને સજા ન કરે તો આખું નાટક નકામું જાય. સજા થાય તે જોવા માટે જ તો ભગવાને ચોરી કરાવી હતી. રાજા કહે છે કે હું સજા નહીં કરું. જયદેવજી સજામાટે આગ્રહ કરે છે. આ પણ એક લીલા છે. ભક્તો જ સમજી શકે એવો એક ભાવ છે.

હું જ્યારે વિમાનમાં નહોતો બેઠો ત્યારે મારા મનમાં ઘણી ઉત્કણ્ઠા રહેતી કે વિમાનમાંથી નીચે કેવું દેખાતું હશે. જે દિવસે પ્રથમ વખત વિમાનમાં બેસવાનો મોકો મળ્યો ત્યારે બારીમાંથી જોયું તો દુનિયા તદ્દન સપાટ દેખાતી હતી. ન પર્વત દેખાય, ન નદી, ન જગંલ. જેમ-જેમ વિમાન ઉપર જતું ગયું તેમ-તેમ બધું વધુને વધુ સપાટ દેખાતું ગયું. ખરેખર મારી સીટ બારી પાસેની હતી નહીં. મેં મારા સહયાત્રીને વિનન્તી કરીને તેની બારીની સીટ ઉપર હું બેઠો હતો. પણ બધું સપાટ જોયા પછી મને થયું કે હું વચમાં બેઠો હતો તે જ સારો હતો. હવે હું કદી બારી પાસે બેસવાનો આગ્રહ રાખતો નથી. કોઈકને એ સપાટ દશ્યમાં પણ આનન્દ આવતો હશે, પરન્તુ મને તો પૃથ્વીની ઉંચાઈ-નીચાઈમાં જ આનન્દ આવે છે.

કોઈને સપાટ બ્રહ્મ સુંદર લાગે છે, કોઈને ઉંચો-નીચો બ્રહ્મ સુંદર લાગે. ઉપનિષદ્ કહે છે ''એકોઽહં બહુસ્યામ્ પ્રજાયેય'' હું એક અનેક થાઉં. શ્રીમહાપ્રભુજી 'પ્રજાયેય' નો અર્થ કરે છે ''ઉચ્ચનીચભાવેન જાયેયમ્''. હું એક જ ઉચ્ચ-નીચ ભાવથી અનેક થાઉં. એક અનેક બનતાં વ્યાપકમાંથી સાકાર પ્રગટ થયો. જે અધોક્ષ

જ છે તેણે આપણા હૃદયમાં કંઈક ભાવ પ્રકટ કર્યો. જો આપણે હૃદયના સામર્થ્યનો વિચાર કરીશું તો આપણને સમજાશે નહીં કે જેને આપણે જોયો નથી, સાંભળ્યો નથી, સ્પર્શ કર્યો નથી તેને માટે ભાવ કેવી રીતે પ્રકટ થઈ શકે? તમે કહેશો કે આ સ્થિતિમાં ભાવ પ્રકટ થઈ શકે નહીં. તમારી વાત સાચી છે, પરન્તુ એ વાત પણ સાચી છે કે ભાવ પ્રકટ થાય છે. તેનું કારણ એ છે કે બ્રહ્મ અનંગ હોવા છતાં પણ વ્યાપક છે. યશોદાની ગોદમાં તે બેઠો છે અને સાથે-સાથે તે આખા બ્રહ્માણ્ડનો આધાર પણ છે. બ્રહ્મ બન્ને કામ કરી શકે છે. કૃષ્ણના બંને રૂપ હોઈ શકે છે, તે બ્રહ્માણ્ડનો આધાર પણ બની શકે છે અને યશોદાની ગોદમાં પણ બેસી શકે છે.

આપણે શ્રીસર્વોત્તમ સ્તોત્રનો પાઠ કરીએ છીએ તેમાં શ્રીમહાપ્રભુજીનું એક નામ આવે છે ''સાકારબ્રહ્મવાદૈકસ્થાપકઃ''. વ્યાપક બ્રહ્મમાં આકાર છે એ વાતમાં જ આપણને પહેલી નજરે ગરબડ જણાય છે, કારણ કે જેને આકાર હોય તે વ્યાપક ન હોઈ શકે અને જે વ્યાપક હોય તેને આકાર ન હોઈ શકે; પરન્તુ બ્રહ્મમાં બન્ને વાત સંભવિત છે. કારણ કે બ્રહ્મ એક હોવા છતાં અનેક થઈ શકે છે, તે અધોક્ષ જ છે, છતાં ભાવગમ્ય થઈ શકે છે.

બ્રહ્મની ઈચ્છાને 'વરણ' કહેવામાં આવે છે. વરણ એટલે પસંદગી. આપણે નોકરીમાટે કોઈનું વરણ કરવું હોય તો પહેલાં તેનો ઈન્ટરવ્યૂ લઈએ છીએ, તેના ક્વોલિફીકેશન જોઈએ છીએ. પરન્તુ આજે ક્વોલિફિકેશનવાળા માણસો પણ એટલા વધી ગયા છે કે આપણને ફક્ત ક્વોલિફીકેશનથી સંતોષ થતો નથી. માટે આપણે તેમને પૂછીએ છીએ કે તમારી કોઈ રેકમેંડેશન-ભલામણ છે કે કેમ. ભલામણ હોય તો તેની તપાસ કરીએ છીએ. ઘણી તપાસના અન્તે આપણે કોઈને કારકૂન, કોઈને સેક્રેટરી કે નોકર તરીકે વરણ કરીએ છીએ.

પરન્તુ પરમાત્મા જ્યારે જીવનું વરણ કરે છે ત્યારે તે કોઈ ક્વોલિફીકેશન કે રેકમેંડેશનથી પ્રભાવિત થઈને વરણ કરતો નથી. કારણ કે તેને કયું ક્વોલિફિકેશન કે રેકમેંડેશન પ્રભાવિત કરી શકે? તે કેવળ પોતાની ઈચ્છાથી જ વરણ કરે છે. તે જેનું વરણ કરે છે તેની સામે તે નિશ્ચિત રૂપ લઈને પ્રકટ થાય છે. તેના હૃદયમાં તેવો ભાવ પેદા થાય છે. પરમાત્મા જેનું વરણ કરે છે તે વરણને અનુરૂપ તેના



હૃદયમાં બીજભાવ પેદા થાય છે. જેના હૃદયમાં જેવો બીજભાવ પેદા થાય તે બીજભાવને અનુરૂપ પરમાત્મા પોતાનું વિભાવાત્મક રૂપ પ્રકટ કરે છે.

આપણે અગાઉ નિરુપાધિક પ્રેમ એટલે ભક્તિ ને સમજવાનો પ્રયત્ન કર્યો હતો. ભક્તિને આપણે નિરુપાધિક પ્રેમ કહીએ છીએ, ત્યારે તેનો એક અર્થ આપણે વિચાર્યો હતો કે બિનશરતી સ્નેહ એટલે નિરુપાધિક પ્રેમ. આ વાત થોડીક અધુરી છે, તેને આપણે આગળ સમજીએ.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જે તત્વ છે તે બ્રહ્મ પણ છે, પરમાત્મા પણ છે અને ભગવાન્ પણ છે. એક જ તત્વમાં ત્રણ પક્ષો છે. આ સિદ્ધાન્ત કેવળ શ્રીમહાપ્રભુજીનો નથી, પરન્તુ વૈષ્ણવ, શૈવ, શાક્ત, ગાણપત્ય વગેરે જેટલા સાકાર બ્રહ્મવાદી સમ્પ્રદાયો છે તે બધાનો આ જ સિદ્ધાન્ત છે. છતાં કેટલાક લોકો માને છે કે પરમાત્મા અને ભગવાન્ એ અલગ તત્વો છે, જ્યારે બ્રહ્મ એક અલગ તત્વ છે. તેઓ કહે છે બ્રહ્મ પારમાર્થિક સત્ય છે, જ્યારે પરમાત્મા અને ભગવાન્ વ્યાવહારિક સત્ય છે. માયારૂપી કામદેવના બે વાછરડાં છે, એક જીવ અને બીજો ઈશ્વર. તેઓ વિચારે છે કે બ્રહ્મ પરમાર્થિક શુદ્ધ રૂપ છે, જ્યારે પરમાત્મા અને ભગવાન્ માયોપાધિક રૂપ છે. માયાને કારણે બ્રહ્મ પરમાત્મા બને છે, માયાને કારણે બ્રહ્મ ભગવાન્ બને છે.

ગુજરાતમાં એક શાસ્ત્રીજી હતા. તેઓ હંમેશા કહેતા કે શુદ્ધ સોનાનો ઘાટ ઘડાય નહીં, તેમાં થોડુંક તાંબુ ઉમેરવું પડે. તેવી રીતે શુદ્ધ બ્રહ્મ પરમાત્મા બની શકે નહીં, તેમાં માયારૂપી થોડું તાંબુ મિલાવીએ એટલે પરમાત્મા બને. માયારૂપી થોડું વધારે તાંબુ મેળવીએ એટલે ભગવાન્ બને. શુદ્ધ બ્રહ્મ પોતે નિગુર્ણ, નિરાકાર અને નિર્વિશેષ છે. જો શુદ્ધ સોનાનો ઘાટ ન ઘડાય, તો બ્રહ્મ શુદ્ધ સોનાથી પણ વધુ શુદ્ધ છે.

આની સામે શ્રીમહાપ્રભુજી કહે છે કે બ્રહ્મ એટલો શુદ્ધ છે કે તે પોતે જ પરમાત્મા થઈ શકે છે, તે પોતે જ માયાની મિલાવટ વિના ભગવાન્ બની શકે છે. શ્રીમહાપ્રભુજી તો ત્યાં સુધી કહી શકે છે કે ''જો કદાચ બ્રહ્મ માયાને કારણે

પરમાત્મા બનતો હોય તો પણ ચિંતા કરવા જેવું નથી, કારણ કે માયા પણ બ્રહ્મનું જ કાર્ય છે.

શ્રીભાગવત સ્પષ્ટ સમજાવે છે કે, વિદ્યા અને અવિદ્યા બ્રહ્મની જ શક્તિ છે. શક્તિ અને શક્તિમાન્ માં ભેદ હોઈ શકે નહીં. હવે તો વિજ્ઞાન પણ કબૂલ કરે છે કે મેટર અને એનર્જી બંને એકબીજામાં પરિવર્તિત થઈ શકે છે. શક્તિ અને શક્તિમાન્ એક જ તત્વનાં બે પાસાઓ છે. વિદ્યા પણ તેની શક્તિ છે, અવિદ્યા પણ તેની જ શક્તિ છે. બ્રહ્મ તેથી જ પરમાત્મા પણ બની શકે છે, અવિદ્યા પણ બની શકે છે, ભયાનક પણ બની શકે છે. તે બધું બની શકે છે કારણ કે તે કર્તુમ્, અકર્તુમ્, અન્યથાકર્તું સમર્થ છે. તેથી જ તે અધોક્ષજ હોવા છતાં આપણા હૃદયમાં ભાવ પણ બની શકે છે. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે અધોક્ષજ આપણા હૃદયમાં ભાવરૂપે પ્રવેશ કરે, એનું નામ બીજભાવ.

લોકોમાં પહેલાં એવી ચર્ચા ચાલતી હતી કે પૃથ્વી ઉપર પહેલાં સમુદ્ર બન્યો કે નદી બની? કેટલાક કહેતા ''પહેલાં સમુદ્ર ન હોત તો વાદળ ક્યાંથી બને? વાદળ ન હોય તો વરસાદ ક્યાંથી પડે? વર્‌સાદ ન પડે તો નદી કેવી રીતે વહે? માટે પહેલાં સમુદ્ર હતો.'' બીજા કેટલાક લોકો કહેતા કે ''ના, આ વાત ખોટી છે. નદીઓ હતી તો તેમાંથી સમુદ્ર બન્યો.'' આમ, બન્ને વચ્ચે ઝઘડો ચાલુ રહ્યો. એવી જ રીતે પહેલાં ઈંડુ કે મરઘી, એનો ઝઘડો પણ ચાલ્યો. આપણી અક્કલ આમાં કામ કરતી નથી.

જો આપણે શ્રીમહાપ્રભુજીની ફોર્મ્યુલાનો વિચાર કરીશું તો આપણને સમજાશે કે બ્રહ્મ પોતે પરમાત્મા બન્યો છે, બ્રહ્મ પોતે જ વ્યાપક બન્યો છે. બ્રહ્મ માયાને કારણે પરમાત્મા બન્યો એમ વિચારીશું તો ફરી પ્રશ્ન થશે કે માયા ક્યાંથી આવી? માયા પહેલાં હતી કે બ્રહ્મ પહેલાં હતો? આવું જ શેતાનની બાબતમાં પણ બન્યું, માણસ ખરાબ કામ પણ કરે અને સારું કામ પણ કરે. સારું કામ કરીએ ત્યારે લોકો કહે, ઈશ્વરની પ્રેરણાથી કર્યું. ખરાબ કામ કર્યુ તો કહે, શેતાનની પ્રેરણાથી કર્યું. પ્રશ્ન થાય શેતાન ક્યાંથી આવ્યો? લોકોએ કહ્યું, શેતાન કદાચ ભગવાનનો બેટો હશે. જો ભગવાનનો દીકરો ખરાબ કામ કરી શકે તો આપણે પણ ખરાબ કામ કરી



શકીએ, તો શેતાનની જરૂર ક્યાં રહી? ભગવાને પોતાના દીકરાને જ લાયક નથી બનાવ્યો તો આપણને ક્યાંથી લાયક બનાવશે? બીજાઓએ કહ્યું ''ના, શૈતાન ભગવાનનો બેટો નથી, તે ફરિસ્તો છે. તે ભગવાની આજ્ઞામાં ચાલતો નથી.'' જો કોઈ બ્રહ્મનો ફરિસ્તો બ્રહ્મના બ્રહ્માણ્ડમાં બ્રહ્મના કાબૂમાં રહેતો ન હોય તો પછી બ્રહ્મને સર્વસામર્થ્યવાન કેવી રીતે કહેવાય? ત્યારે તેમણે કહ્યું કે ''તો પછી શેતાનની ચર્ચા જ છોડોને!'' આમ જ્યારે આપણે માયાના સિદ્ધાન્તની ચર્ચા કરીએ છીએ કે માયા બ્રહ્મથી ભિન્ન છે ત્યારે માયાને અનિર્વચનીય કહેવી પડે છે.

કોઈ પણ વસ્તુનું નિર્વચન કરવું હોય તો તે બ્રહ્મના આધારે જ કરી શકાય, કારણ કે સ્પષ્ટરૂપે કહેવામાં આવ્યું છે કે નિર્વચન કરવું છે તો તે માટે વાણી અને બુદ્ધિ નું સામર્થ્ય બુદ્ધિપ્રેરક પરમાત્મા પાસેથી જ મળશે. વાણી અને બુદ્ધિ આપોઆપ ક્યાંથી આવશે? બુદ્ધિપ્રેરક પરમાત્મા જો સામર્થ્ય આપે તો તે સામર્થ્યની ક્યારેક સ્તુતિ કરવી, તેમના દ્વારા મળેલ સામર્થ્યથી તેમના વિષયમાં કોઈક દૃષ્ટિ સ્થાપિત કરવી, કોઈ ધારણા સ્થાપિત કરવી.

પહેલો ગુનેગાર જો કોઈ છે તો તે પરમાત્મા છે. તે પહેલો છે તેથી ગુનાની ક્ષમા આપનારો પણ છે. જે કંઈ છે તે પરમાત્મા જ છે. તેને આગળ નહીં કરીએ તો કોઈ વાત જ નહીં બને, કશું કહી શકાશે નહીં. ઉપનિષદે સુંદર વાત કહી વાણીથી પરમાત્માનું નિરૂપણ કેવી રીતે કરી શકીશું? વાણી ખુદ તો તેના કારણે નિરૂપણ કરી શકી રહી છે. આંખોથી તેને જોઈશું કેવી રીતે? કારણ કે આંખો ખુદ તેનેકારણે જોઈ શકી રહી છે. કાનથી તેને સાંભળવા જઈશું, તો કેવી રીતે સાંભળી શકીશું? કારણ કે તેના લીધે તો કાન દુનિયાના અવાજ સાંભળી શકે છે આપણું જ્ઞાતૃત્વ પણ તેના લીધે છે. તેને આપણા જ્ઞાનના અભિમાનથી નહીં જાણી શકાય. પણ અધોક્ષજને ભાવ રૂપે સ્થાપિત કરી શકીએ છીએ.

પરમાત્માની એક ખૂબ સુંદર સ્તુતિ કરવામાં આવી છે. તેમાં કવિ કહે છે કે ''પરમાત્મા રૂપવિવર્જિત હતો, છતાં મેં ધ્યાનમાટે રૂપની કલ્પના કરી. તે અવાચ્ય હતો, મેં તેની સ્તુતિ કરી, તેની અવાચ્યતા દૂર કરી. હવે તેના અને મારા વચ્ચેના બધા ભેદ નિવૃત્ત થઈ ગયા છે.''

એક વખત ભેદ મટી જાય પછી કયો ભેદ બાકી રહે? આપણી બુદ્ધિથી આ વાત સમજીએ તો આપણે કહીશું કે કોઈ ભેદ બાકી રહે નહીં. બધા ભેદ નિવૃત્ત થયા, અર્થાત્ અભેદ થયો, એટલે વાત પૂરી થઈ; પરન્તુ અહીં વાત પૂરી થતી નથી, અહીંથી વાતની શરુઆત થાય છે. વિવેકાનંદે અમેરિકામાં પ્રવચનમાં કહ્યું હતું ''જ્યાં પશ્ચિમનું દર્શન ખતમ થાય છે ત્યાંથી ભારતનું દર્શન શરુ થાય છે''. એ રીતે જ્યાં અદ્વૈતનું દર્શન ખતમ થાય છે ત્યાંથી દ્વૈતવાસના શરુ થાય છે. તેથી શ્રીશંકરાચાર્ય કહે છે કે ''તારી-મારી વચ્ચે રહેલા બધા ભેદ દૂર થઈ ગયા. હું હવે તારો છું; પરન્તુ તું મારો નથી કારણ કે સમુદ્રનાં મોજાઓ હોઈ શકે, મોજાનો સમુદ્ર હોઈ શકે નહીં. તેથી હું તારો છું, પણ તું મારો નથી''.

કેટલાક ટીકાકારો કહે છે કે આમાં શ્રીશંકરાચાર્યજીની દ્વૈતવાસના રહી ગઈ છે. જે અદ્વૈતના પરમ આચાર્ય છે તેમનામાં દ્વૈતવાસના હોઈ શકે જ નહીં. માટે આ દ્વૈતવાસના છે એ વાત ભૂલી જવી જોઈએ. સાક્ષાત્ શિવજીના અવતારમાં વાસના હોઈ શકે જ નહીં, કારણ કે શિવજીએ બધી વાસનાઓ રૂપી કામદેવને પહેલેથી જ ભસ્મ કરી નાખ્યો છે, તેથી અહીં જે કહેવાયું છે તે વાસના નથી પરન્તુ તેમના હૃદયમાં રહેલ ભક્તિનું બીજ બોલી રહ્યું છે. અદ્વૈતનું નિરૂપણ કરવા છતાં હૃદયમાં રહેલો બીજ ભાવ ફૂટીને બહાર પ્રકટ થયો છે. તે બીજ ભાવ એમ કહી રહ્યો છે કે હું તારો છું; પણ તું મારો નથી કારણ કે સમુદ્રનાં મોજા હોય છે, મોજાંનો સમુદ્ર હોતો નથી. આ ભક્તિનો બીજ ભાવ છે, તે અદ્વૈતના સપાટ દર્શનમાં અંકૂરની જેમ ફૂટી રહ્યો છે, તેમાંથી નવી-નવી કૂંપણો ફૂટી રહી છે. અદ્વૈતના દર્શનમાં રહેલા ભક્તિના આ બીજભાવને દ્વૈતવાસના કહેવી તે અજ્ઞાન છે.

જે વખતે બ્રહ્મ શ્રીશંકરાચાર્યની સામે બ્રહ્મ બનીને આવે છે ત્યારે તેઓ તેને નિષ્કલ, નિષ્ક્રિય કહે છે; પરન્તુ જે વખતે બ્રહ્મ તેમની સામે નાથ બનીને આવે છે ત્યારે શ્રીશંકરાચાર્યને પણ દાસ બનવું પડે છે.

એક કવિને કહેવું પડ્યું ''ભરી આયી કરાહ સુનોજુ સુનો નંદલાલસોં, યોં કહનો હિ પડ્યો''. તેમણે ઘણું નક્કી કર્યું હતું કે તેને જોઈશું નહીં, તેની સાથે બોલીશું નહીં, તે છેડશે તો પણ છેડાઈશું નહીં, તે બોલાવશે તો જવાબ આપીશું



નહીં, કંઈ પણ કરીશું નહીં... પણ જેવા નજર આગળથી તે પસાર થયો ત્યાં જ ''ન ચલી કછુ લાલચી લોચનસોં'' એમ તેને કહેવું પડ્યું. તેના મોમાંથી આ વાત નીકળી. આ વાત મનથી નીકળી, હૃદય-વાણીથી નીકળી, કેવી રીતે નીકળી? ખૂદ ભક્તને પણ ખબર નથી કે આ ટક્કરનું કારણ શું છે? ગોકુલની ગલીમાં ચાલતાં-ચાલતાં આવી ટક્કર કેમ લાગી ગઈ? નન્દદાસજી કહે છે ''હાંકે હટક-હટક ગાય ઠટક-ઠટક રહી, ગોકુલકી ગલી સાવ સાંકરી''. આમ, આપણા હૃદયની ગલી પણ સાંકડી છે. જે વખતે આપણા હૃદયના તાર સાથે એ પરમાત્માએ ટક્કર લગાવી તે જ વખતે ભક્તિના સુર છેડાવાની શરુઆત થઈ.

શ્રીમધુસૂદન સરસ્વતી મજાની વાત કહે છે. ''અરે, અમે અદ્વૈતના સામ્રાજ્યના સિંહાસનના રત્ન હતા, પરન્તુ તે બદમાશ છે. તે અમને જબરજસ્તીથી પોતાનો દાસ બનાવી લે તો એમાં અમારો શું ગુનો! અમે તો અદ્વૈતના ચક્રવર્તી સમ્રાટ હતા, પરન્તુ આ બ્રહ્માણ્ડમાં એક શઠ પણ રહે છે, તેની આગળ અમારા સમ્રાટનું પણ શું ચાલે? જો જીવાત્મા એકલો હોત તો વાત સરળ હતી, અદ્વૈત સિદ્ધ થઈ જાય; પરન્તુ આ બ્રહ્માણ્ડમાં જ્યારે પરમાત્મા પણ રહે છે ત્યારે તે પરમાત્માનો કોઈ ઈલાજ નથી. કારણ, તે ઘણો શઠ છે, તે તમને દાસ બનાવી લેશે.''

પરમાત્મા જ્યારે ઈચ્છે છે કે બીજાઓ તેને પારખે ત્યારે તે બે રૂપે પ્રકટ થાય છે. તે સમુદ્ર પણ બની જાય છે અને નદી પણ બની જાય છે. શ્રુતિમાં ખૂબ સુંદર કહ્યું છે કે અગ્નિથી જે વખતે આગ પ્રકટે છે તે વખતે એકલો અગ્નિ પ્રકટે છે તેમ માનશો નહીં. જે વખતે વાયુમાંથી જલ તત્વ પ્રકટે છે તે વખતે એક સાથે બન્ને પ્રકટે છે. સમુદ્ર પણ બને છે અને નદી પણ બને છે. નદી દોડતી સમુદ્રને મળે છે અને સમુદ્ર પોતાની વરાળ છોડીને ફરી નદી તરફ દોડવા લાગે છે. તેથી બ્રહ્મે જે વખતે નિશ્ચય કર્યો કે ''સ એકાકી ન રમતે'' ત્યારે તેણે બીજાની ઈચ્છા કરી. એક બ્રહ્મ હતો, તે એક પરમાત્મા થયો અને એક જીવાત્મા થયો.

આમ, જે વખતે બ્રહ્મે બીજાની ઈચ્છા કરી તે વખતે ખરેખર તે બે નહીં પણ ત્રણ થઈ ગયો. બ્રહ્મ પોતે જીવાત્મા અને પરમાત્મા થઈ ગયો. જ્યારે તે પરમાત્મા થયો ત્યારે આપણે જીવાત્મા બન્યા. 'પરમ આત્મા'નો અર્થ શો? કોઈ

મંત્રીમંડળમાં બે-ચાર-દસ મંત્રીઓ ન હોય તો કોણ પ્રધાનમંત્રી કે મુખ્યમંત્રી બની શકે? એમ થોડાક જીવાત્માઓ હોય તો બ્રહ્મ પરમ આત્મા થઈ શકે. જીવાત્મા ન હોય તો પરમાત્મા કેવી રીતે થાય? આપણે એમ વિચારીએ કે પહેલાં પરમાત્મા હતો, પછી જીવાત્મા બન્યો તો તે બરાબર નથી. જે દિવસે બ્રહ્મે નક્કી કર્યું કે ''સે એકાકી ન રમતે'' તે દિવસે તે પતિ પણ બન્યો, પત્ની પણ બન્યો; તે પોતે પરમાત્મા પણ બન્યો અને જીવાત્મા પણ બન્યો. તે ભગવાન્ બની ગયો, જીવ ભક્ત બની ગયો.

પરમાત્મા અને જીવાત્મા ના સમ્બન્ધને આપણે નિરુપાધિક પ્રેમ કહીએ છીએ, પરન્તુ તે નિરુપાધિક પ્રેમને ભક્તિ કહેવી હશે તો ભક્ત અને ભગવાન્ ને વચમાં લાવવાં પડશે. ભગવાન્ અને ભક્તને લાવ્યા વિના આપણે ભક્તિની વાત પચાવી શકીશું નહીં. સ્નેહ એક જ છે, પરન્તુ માતા-પિતા અને સંતાનોની વચ્ચે તે હોય ત્યારે આપણે તેને 'વાત્સલ્ય' કહીએ છીએ, પતિ-પત્ની વચ્ચે હોય ત્યારે તેને 'શૃંગાર' કહીએ છીએ, બે મિત્રો વચ્ચે હોય ત્યારે આપણે તેને 'દોસ્તી' કહીએ છીએ. આમ, સ્નેહ એક જ તત્વ છે તે પ્રમાણે સ્નેહનું નામ બદલાય છે.

એવી જ રીતે, નિરુપાધિક પ્રેમ એક જ છે, તે સર્વત્ર વ્યાપ્ત છે. જો તે સ્નેહ સર્વત્ર વ્યાપ્ત ન હોય તો કોણ જીવવા ઈચ્છે? આ સ્નેહ જે વખતે જીવાત્મા અને પરમાત્મા વચ્ચે હોય છે ત્યારે આપણે તેને 'નિરુપાધિક' સ્નેહ કહીએ છીએ. આ નિરુપાધિક સ્નેહ જે વખતે ભક્ત અને ભગવાન ની વચ્ચે થઈ જાય તે વખતે તેને 'ભક્તિ' કહીએ છીએ. ભક્ત અને ભગવાન્ વચ્ચેનો આ નિરુપાધિક સ્નેહ કોઈ પણ પ્રકારે ચાલુ રહેવો જોઈએ, એવો પરમાત્માનો નિર્ણય એ જ બીજભાવ છે.

દુનિયામાં મનુષ્યો ઘણા છે. કેવળ મનુષ્ય કહેવાથી પૂરો પરિચય થતો નથી. કોઈકને આપણે ગુરુ કહીએ છીએ, કોઈકને શિષ્ય કહીએ છીએ, કોઈકને મા, કોઈકને પિતા તો કોઈકને પુત્ર કહીએ છીએ. ત્યારે પ્રશ્ન થાય કે કોની મા? કોના પિતા? કોનો પુત્ર? કોના ગુરુ? કોનો શિષ્ય? પરન્તુ કેવળ મનુષ્યમાટે આવો પ્રશ્ન નથી પૂછાતો કે કોનો મનુષ્ય? કારણ કે મનુષ્ય સ્વયં મનુષ્ય છે; પરન્તુ પિતા સ્વયં પિતા નથી, તે કોઈકનો પિતા છે. પુત્ર સ્વયં પુત્ર નથી, તે કોઈકનો પુત્ર છે.



ગુરુ સ્વયં ગુરુ નથી, તે કોઈક શિષ્યનો ગુરુ છે. આ જ રીતે બ્રહ્મ સ્વયં બ્રહ્મ છે. બ્રહ્મ માટે એવું ન પૂછી શકાય કે કોનો બ્રહ્મ? બ્રહ્મનો અર્થ જ એ કે જે સ્વયં છે. બ્રહ્મમાટે ઉપનિષદ કહે છે કે બ્રહ્મ આત્મરતિ છે, આત્મમિથુન છે, આત્મક્રીડ છે. ઉપનિષદ્‌ને પૂછવામાં આવ્યું કે બ્રહ્મ ક્યાં પ્રતિષ્ઠિત છે? તેણે કહ્યું બ્રહ્મ પોતાની મહિમામાં પ્રતિષ્ઠિત છે. બીજી બધી વસ્તુઓ બીજી વસ્તુઓમાં પ્રતિષ્ઠિત હોય છે, બ્રહ્મનું તેવું નથી. પરન્તુ આ વાત આપણે પરમાત્માની બાબતમાં કહી શકતા નથી. જેમ બીજા મન્ત્રીઓ હોય તો કોઈક મુખ્ય મન્ત્રી બની શકે, એવી જ રીતે બીજા આત્માઓ હોય તો બ્રહ્મ પરમાત્મા કહેવાઈ શકે. પરમનો અર્થ છે મોટો. કોઈ નાનો હોય તો બીજો મોટો હોઈ શકે. કોઈ અંશ હોય તો બીજો કોઈ અંશી હોઈ શકે. જીવાત્મા અંશ છે, પરમાત્મા અંશી છે. જેમ દેહમાં આત્મા રહે છે, તેમ આત્મામાં પરમાત્મા રહે છે. દેહમાં રહેવાને કારણે આપણે આત્માને આત્મા કહીએ છીએ, તેવી રીતે આત્મામાં રહેવાને કારણે તેને પરમાત્મા કહીએ છીએ. ઉપનિષદ્ આ સ્વરૂપને 'અન્તર્યામી' કહે છે.

જગતમાં ઈશ્વર એટલો શક્તિશાળી છે કે તેને ઈમર્જન્સી બહારથી લાદવી પડતી નથી, તેની ઈમર્જન્સી આંતરિક રીતે ચાલે છે. તેને જે રીતે પૃથ્વીને ચલાવવી હોય તે રીતે જ પૃથ્વી ચાલે છે. જોનારની સમજમાં આવતું નથી કે પૃથ્વી ચાલે છે કે પરમાત્મા તેને ચલાવે છે! જેમ બળદગાડાને તેનો હાંકનાર બહારથી ચલાવે, ઘોડાને ઘોડેસવાર ચાબૂક મારીને ચલાવે તેમ પરમાત્મા પૃથ્વીને કેવી રીતે ચલાવતો હશે? પરમાત્મા પૃથ્વીની અંદર રહીને ચલાવે છે. જોનારને લાગે કે પૃથ્વી ચાલી રહી છે; પરન્તુ સમજનાર સમજે છે કે પરમાત્મા પૃથ્વીને ચલાવી રહ્યો છે. પૃથ્વીમાં જે આત્માના રૂપે બિરાજ્યો છે તે જ આત્મામાં આત્મા બનીને બેઠો છે તેથી તેને 'પરમ આત્મા' કહીએ છીએ. તે સર્વ વસ્તુમાં અન્તઃસ્થિત છે, અન્તઃસ્થિત થઈ તે દરેક વસ્તુનું નિયમન કરી રહ્યો છે. સૂર્યને ચલાવવા પરમાત્માને કોઈ ચાવી આપવી પડતી નથી, તે સૂર્યની અંદર સ્થિત થઈ સૂર્યને ચલાવી રહ્યો છે. તેવી જ રીતે, તે આપણને બહારથી ચલાવતો નથી, પણ અંદર રહીને ચલાવે છે. તેનો આદેશ અંદરથી આત્માદ્વારા ભાષાંતરિત થઈને આવે છે ત્યારે આપણને લાગે છે કે આપણા આત્માએ આપણને આવી વાત કહી. આપણો આત્મા આપણી સાક્ષી પૂરે છે; પણ વાસ્તવમાં તેમ નથી, પરમાત્મા આત્મામાં બેસીને અંદરથી આદેશ આપી રહ્યો છે.

કલ્પવૃક્ષની નીચે બેસીને કોઈ વ્યક્તિ એમ કહે કે મારે નરકમાં જવું છે તો કલ્પવૃક્ષનો સ્વભાવ છે કે તેની નીચે બેસીને જે વિચાર કરવામાં આવે તે ફલિત થાય. હવે કલ્પવૃક્ષની નીચે બેસીને જો નર્કની કલ્પના કરવામાં આવે તો કલ્પવૃક્ષને કારણે નર્ક મળી શકે. એવી જ રીતે, ચેતનાનો સ્વભાવ છે કે તેની સામે જે વસ્તુ આવે તેને તે પ્રકાશિત કરે. અહંકાર આવે તો અહંકાર પ્રકાશિત થાય, વિષય આવે તો વિષય પ્રકાશિત થાય, ઈચ્છા આવે તો ઈચ્છા પ્રકાશિત થાય, વિચાર આવે તો વિચાર પ્રકાશિત થાય. પરન્તુ સવાલ એ છે કે અહંકાર, વિષય, ઈચ્છા કે વિચાર આવે છે ક્યાંથી? આપણને એમ લાગે છે કે આપણને આ વિચાર આવ્યો, આપણો અહંકાર છે, આપણી આ ઈચ્છા છે; પરન્તુ તેમાં આપણું કશું નથી.

ભગવાને અર્જુનને સમજાવ્યું કે ''તું એમ કહે છે કે હું લડીશ નહીં. અભિમાનને કારણે તું આવું વિચારી રહ્યો છે કે હું લડીશ નહીં; પરન્તુ હું તારી અંદર બેઠો છું. અંદરથી હું તને લડવાનો આદેશ આપીશ એટલે તારે લડવું જ પડશે.'' અર્જુન તેની પ્રકૃતિમાં એટલો નબળો ન હતો કે યોદ્ધો બનીને તેની પ્રકૃતિ પર કાબૂ ન રાખી શકે. તેણે પ્રકૃતિ ઉપર નિયંત્રણ કરીને બતાવ્યું છે. જ્યારે તેના ઉપર અપ્સરા મુગ્ધ થઈ ત્યારે તેણે પ્રકૃતિ પર નિયંત્રણ કરી બતાવ્યું હતું. પરન્તુ જે પ્રકૃતિ અર્જુનને લડવા પ્રેરે છે તે પરમાત્મપ્રકૃતિ છે, તે કોઈ સાધારણ પ્રકૃતિ નથી. કારણ કે આ પરમાત્મપ્રકૃતિ જ્યારે તેના રથને કુરુક્ષેત્રની રણભૂમિ ઉપર લઈ જતી હોય ત્યારે અર્જુનની શી તાકાત છે કે તે રણમેદાનમાંથી ભાગી જાય? આ પરમાત્મપ્રકૃતિ અર્જુનના રથને કેવળ બહારથી ચલાવતી નથી, તે અંદરથી પણ ચલાવે છે. બહારથી તે ભગવાન્ બનીને ચલાવે છે, અંદરથી તે પરમાત્મા બનીને ચલાવે છે. જ્યારે પરમાત્મપ્રકૃતિ બહારથી ચલાવતી હોય અને તેના દર્શન થઈ જાય તો સમજવું કે તે ભગવાન્ બની ગયો, જ્યારે તે અંદરથી ચલાવે છે ત્યારે તે પરમાત્મા છે. ભગવાન્ અર્જુનને સમજાવી રહ્યા છે કે તું એમ ન માનીશ કે હું ભગવાન્ બનીને કેવળ તારો બહારનો રથ જ ચલાવી રહ્યો છું. જેમ હું ભગવાન્ બનીને તારો બહારનો રથ ચલાવું છું, તેમ તારા મનના મનોરથોને પણ હું ચલાવી શકું છું. તારા મનોરથોની દિશા હું એવી બતાવીશ કે તારે યુદ્ધ કર્યા વિના ચાલશે જ નહીં.'' જે અશ્વ રથને ચલાવી શકે તે મનોરથને પણ ચલાવે છે. પરમાત્મા જે વખતે મનોરથનો સારથી બને છે તે વખતે બિચારા આત્મરથીની તાકાત નથી હોતી કે તે



આઘો-પાછો થઈ શકે. જે વખતે મનોરથ ચાલે તે વખતે આત્માએ ખેંચવું જ પડે છે.

ગીતા બહુ સુંદર ઉદાહરણ આપીને આ વાત સમજાવે છે કે જેમ સમુદ્રમાં હોડી તરતી હોય અને તે વખતે પવન ફુંકાવા માંડે તો તે પવનને લઈને હોડી સડસડાટ આગળ ખેંચાતી જાય. તે વખતે હોડીનું સુકાન કામ આપતું નથી. જ્યારે પવન ફુંકાતો ન હોય ત્યારે હોડીનાં હલેસાં તેની દિશાને બદલી શકે, પરન્તુ જે વખતે પવન ફુંકાય ત્યારે હલેસાની તાકાત નથી કે તે હોડીની દિશાને બદલી શકે. એવી રીતે જ્યારે પરમાત્મા આપણા મનોરથનો સારથી બને તે વખતે આત્માની તાકાત નથી કે તે બીજી કોઈ દિશામાં ચાલી શકે.

પરમાત્મા બહાર પ્રકટ ન થાય તો તેને 'ભગવાન્' કહી શકાય નહીં. બ્રહ્મ અસંગ છે. અસંગ એટલે ''તે કોનો છે'' તેમ પૂછી ન શકાય. માટે બ્રહ્મ અસંગ છે. પરમાત્માને થોડો સંગ છે. તેને થોડી ગરજ છે. કારણ કે આત્મા ન હોય તો પરમાત્મા બને કેવી રીતે? તેથી પરમાત્માને જીવાત્માની થોડી ગરજ છે. આ 'ગરજ' શબ્દ કદાચ આપણને ન ગમે એવું બને.

મને એક પ્રસંગ યાદ આવે છે. એક જ્યોતિષીએ મને કહ્યું કે ''તમને વૈરાગ્યનો યોગ છે.'' મેં કહ્યું કે ''એવો તો વૈરાગ્ય મને જણાતો નથી''. ત્યારે તેણે મને કહ્યું કે ''મારાથી કહેવાય નહીં; પણ આપને દારિદ્ર્યનો યોગ છે. આપ મોટા છો એટલે મેં વૈરાગ્યનો યોગ કહ્યો. પણ ખરેખર તો તમારી કુંડલીમાં દારિદ્ર્યનો યોગ છે.'' એની વાત સાંભળીને મને ઘણું હસવું આવ્યું. મેં તેમને કહ્યું કે ''અત્યારે તો મને દારિદ્રય યોગ પણ જણાતો નથી અને વૈરાગ્ય યોગ પણ જણાતો નથી; ભવિષ્યનું ભગવાન્ જાણે!''

એણે વાત મજાની કહી કે તમે મોટા છો એટલે 'દારિદ્ર્યયોગ' શબ્દ ન વાપરીને 'વૈરાગ્યયોગ' કહ્યો. તેમ પરમાત્માને જીવાત્માની કંઈક ગરજ છે એમ કહીએ ત્યારે 'ગરજ' શબ્દ યોગ્ય ન લાગે તો તેના બદલે બીજો કોઈ પણ શબ્દ વાપરી લો. પરમાત્માને જીવાત્માની આવશ્યકતા છે એમ કહો. પણ મહત્વની વાત એ છે કે ''જીવાત્મા ન હોય તો પરમાત્મા કેવી રીતે થઈ શકે?''

પરમાત્મા જો પ્રકટ થઈ જાય તો તેને આપણે ભગવાન્ કહી શકીએ. ભગવાન્ થવાની શરત એટલી છે કે તે કોઈક આકાર ગ્રહણ કરે. પછી તે બ્રહ્મા બને, વિષ્ણુ બને, શિવ બને, રામ બને કે કોઈપણ આકાર ધારણ કરે. જ્યાં સુધી તે અંદર બેઠો છે ત્યાં સુધી તે કેવળ પરમાત્મા છે, જ્યારે તે સામે આવે છે ત્યારે તે ભગવાન્ બને છે. આમ, રૂપ ધારણ કરવાની પ્રક્રિયા પરમાત્માને ભગવાન્ બનાવે છે.

પરમાત્મા જ્યારે રૂપ ધારણ કરે છે અને ભગવાન્ બને છે તે વખતે તે રૂપનો રસાસ્વાદ કરવાનો ભાવ જો જીવાત્મામાં પેદા થઈ જાય તો તે વખતે તે જીવાત્મા ભક્ત બની જાય છે. પછી તે માતા-પિતા બને, અસુર બને, દ્વેષી બને, શિશુપાલ બને, કંસ બને, ગોપી બને કે કંઈ પણ બને. જ્યારે પરમાત્મા રૂપ ધારણ કરે ત્યારે જીવાત્મા કંઈક બની શકે છે. રૂપ ધારણ કરતા પરમાત્માના સ્વરૂપમાં કોઈક ઘનીભૂતતા આવે છે. સર્વત્ર વ્યાપક પરમાત્મા સાકાર બનતાં ઘનીભૂત બને છે, તે સાકાર સ્વરૂપે પ્રકટ થતાં જીવાત્માના હૃદયમાં કેટલાક આકારો પ્રકટ થવા લાગે છે. તે આકારનું જ બીજું નામ બીજભાવ છે. આ બીજ હૃદયમાં કાયમ રહે તો તેમાંથી ભક્તિના અંકુર ફૂટે છે. બીજ કાયમ રાખવાનું બીજું કોઈ પ્રયોજન નથી. જો આપણે ભક્તિના અંકુર પ્રકટાવવા હોય તો હૃદયમાં બીજભાવ હોવો જરૂરી છે. બીજભાવ વિના ભક્તિ પ્રકટતી નથી. માટે શ્રીમહાપ્રભુજી કહે છે કે ''બીજ ભાવે દૃઢે તુ સ્યાત્'' જો હૃદયમાં બીજભાવ છે તો બધી વાત આગળ ચાલશે, બીજભાવ નથી તો બધી વાત અટકી જશે. પછી ભક્તિની કોઈ ચર્ચા આગળ ચાલશે નહીં, બીજભાવ વિના ભક્તિની કોઈ વાત ગળે ઉતરશે નહીં. જો બીજભાવ હશે તો તે આપોઆપ અંકુરિત થશે, પલ્લવિત થશે, પુષ્પિત થશે અને ફલિત પણ થશે.

શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે આ બીજ વાવનાર માળી કોણ છે? તેને તમે કદી જોયો છે? યાદ રાખો, કોઈ ગુરુ કે કોઈ શાસ્ત્ર કે કોઈ સત્સંગ આ બીજને વાવી શકતું નથી તે નક્કી છે. કોઈની તાકાત નથી કે મનુષ્યના હૃદયમાં કોઈ પ્રકારનું બીજ વાવી શકે. ગુરુ શાસ્ત્ર કે સત્સંગ એટલી જ વાત કરી શકે કે જેમ ખેડૂત ખેતરને ખેડે, ખાતર નાખે, પાણી પિવડાવે. બીજા એક અલગ હકીકત છે. બીજને બીજના રૂપમાં ખેતરમાં વાવવું પડે, કેવળ ખેતર ખેડવાથી અનાજ પેદા થતું નથી, બીજ વાવવાથી અનાજ પેદા થાય છે. ખેડૂત તે બીજ બનાવી શકતો નથી, બીજ



તો કુદરત જ બનાવે છે. બીજ પ્રાકૃતિક છે, તે કૃત્રિમ હોઈ શકતું નથી.

આપણા હૃદયમાં ભક્તિનું બીજ પરમાત્મા જ વાવે છે, આપણે તો કેવળ તેના ઉપર જળ સિંચી શકીએ, શાસ્ત્રીય સિદ્ધાન્તરૂપી ખાતર નાખી શકીએ. આમ, બીજને વાવવાથી લઈને ફળ આવે ત્યાં સુધી તેને ઉછેરનાર એક અનન્ય માળી છે, કોઈ સાધારણ માળી હોય તો કદાચ તે બીજ નાશ પણ પામે; પરન્તુ જે બીજ પરમાત્માએ વાવ્યું છે તે બીજનો કોઈ નાશ કરી શકતું નથી. તેથી કહ્યું છે કે ''આસુરી કુળમાં ઉત્પન્ન થવા છતાં દૈવી સૃષ્ટિ દૈવી જ રહેશે.'' પ્રહ્લાદ હિરણ્યકશિપુને ત્યાં પેદા થયો તો પણ તે ભક્ત જ પેદા થયો. એમ પ્રહ્લાદના ઘરમાં કદાચ હિરણ્યકશિપુ જેવા પણ જન્મી શકે. પરમાત્માએ જેના હૃદયમાં જે પ્રકારનું બીજ વાવ્યું હશે તેવું જ બીજ અંકુરિત થશે. પરમાત્માએ દરેકનાં હૃદયમાં જુદા-જુદા પ્રકારનાં બીજ વાવ્યા છે, તેવો સમ્બન્ધ તે પરમાત્માની સાથે રાખી શકે છે.

પરમાત્મા અને જીવાત્માની વચ્ચેનો સમ્બન્ધ ત્રણ પ્રકારે છે. એક સમ્બન્ધ એવો છે કે ''તું એક હું એક છીએ'', બીજો સમ્બન્ધ એવો છે કે ''તું હું છું, પણ હું તું નથી'' જેને આપણે 'અહંબ્રહ્માસ્મિ' કહીએ છીએ. અને ત્રીજો સમ્બન્ધ છે ''હું તારો છું, તું મારો છે''. આમ, પરમાત્મા સાથે ત્રણ પ્રકારના સમ્બન્ધ સ્થાપિત કરી શકાય છે. પરમાત્માની સાથે જો સમ્બન્ધ સ્થાપિત કરવો હોય તો ''હું તારો છું'' એ સમ્બન્ધ જ સ્થાપિત કરવો જોઈએ. ભગવાન્ એવા યથાર્થ છે કે જેમનો હાથ પકડીને આપણે કહી શકીએ કે અરે! તમે ક્યાં જઈ રહ્યા છો! તમે મારા છો! પણ આ વાત આપણે પરમાત્માને કહી શકીશું નહીં, કારણ કે પરમાત્મા બહાર નથી, અંદર છે. આપણે પરમાત્માનો હાથ પકડી શકીશું નહીં. તેથી પરમાત્માને આપણે એટલું જ કહી શકીશું કે ''હું તારો છું''.

પરન્તુ બ્રહ્મનો આસ્વાદ તો એવો છે કે જેમાં બુદ્ધિ જ કામ કરતી નથી. બ્રહ્મનો અર્થ કેવળ બ્રહ્મ છે. તેનો અર્થ સમજવો મુશ્કેલ છે. બ્રહ્મની બાબતમાં બોલવા કરતાં ચૂપ રહેવું વધારે ઉચિત છે.

એક સિદ્ધ મહાત્માને કોઈ જીજ્ઞાસુએ પૂછ્યું ''મહારાજ! મને બ્રહ્મજ્ઞાન

આપો.'' તેમણે કોઈ જવાબ ન આપ્યો. બીજીવાર તેણે કહ્યું ''હું બહુ દૂરથી આવ્યો છું, મને બ્રહ્મજ્ઞાન આપો.'' સિદ્ધ મહાત્મા ચૂપ રહ્યા. ત્રીજી વખત કહ્યું ''મહારાજ! અનેક વખત તમને વિનંતી કરી, મને બ્રહ્મજ્ઞાન આપો.'' આખરે તે મહાત્માએ કહ્યું ''હું તને ત્રણ વખતથી સમજાવી રહ્યો છું, છતાં તું સમજતો નથી તો હું શું કરું?'' આ સાંભળીને પેલો તો ડઘઈ ગયો. તેણે કહ્યું કે ''આપે તો કંઈ સમજાવ્યું જ નથી, આપ તો ચૂપ રહ્યા છો''. ત્યારે તેમણે કહ્યું કે ''બ્રહ્મજ્ઞાન બોલવાની બાબત નથી, ચૂપ રહેવાની જ બાબત છે. જે ચૂપ રહ્યો તે સમજી ગયો. જે બોલવા ગયો તે સમજ્યો નથી''.

જેને એવો અહંકાર થાય કે ''હું સમજી ગયો છું'' તો ખાતરી પૂર્વક માનજો કે તે સમજ્યો નથી. જો કોઈ એવો દાવો કરે કે ''હું તમને બ્રહ્મ જ્ઞાન દઈશ'' તો પાકું માનજો કે તે બ્રહ્મ સમજાવી રહ્યો નથી, બીજી જ વતો સમજાવી રહ્યો છે. જે એમ કહે કે ''હું કંઈ સમજતો નથી'' તેને થોડીક-થોડીક વાતો બ્રહ્મ વિષે સમજાવા લાગી છે. બ્રહ્મ વિષે કશું સમજાવી શકાતું નથી, કારણ કે જ્યારે બધું જ બ્રહ્મ છે ત્યારે વાક્યનો અર્થ બરોબર બેસશે નહીં. આપણે જે-કંઈ વાતો કહીશું તેમાં પુનરુક્તિ જ લાગશે. નામદેવજીનું એક ભજનમાં કહે છે કે ''દેવ વિટ્ઠલ દેવપૂજા વિટ્ઠલ, તીર્થ વિટ્ઠલ, ક્ષેત્ર વિટ્ઠલ, માતા વિટ્ઠલ, પિતા વિટ્ઠલ બંધુ વિટ્ઠલ.'' આમ ગણાવતાં-ગણાવતાં અન્તે કહે છે કે ''વિટ્ઠલ, વિટ્ઠલ, વિટ્ઠલ'' જગતમાં બધું વિટ્ઠલ છે, બીજું કશું નથી. જ્યારે આપણે ''દેવ વિટ્ઠલ, દેવપૂજા વિટ્ઠલ'' કહીએ છીએ ત્યારે આપણે બ્રહ્મને નહીં, પરમાત્માને સમજાવી રહ્યા છીએ. પરન્તુ જ્યારે આપણે ''વિટ્ઠલ વિટ્ઠલ, વિટ્ઠલ'' કહેવા લાગીએ છીએ ત્યારે માનવું કે હવે કંઈક બ્રહ્મની વાત આવી. ડાહ્યો માણસ કદી નહીં સમજી શકે કે ''વિટ્ઠલ, વિટ્ઠલ, વિટ્ઠલ'' માં સમજવા જેવું શું છે. પરન્તુ બ્રહ્મને જો જાણવું હોય તો તેમાં જ બધી સમજદારી છે. બ્રહ્મની બાબતમાં બોલવા જઈશું તો વાણી ગુંચવાશે, બ્રહ્મની બાબતમાં વિચારવા જઈશું તો મન ગુંચવાશે, આપણે બ્રહ્મ સુધી ચાલવા જઈશું તો ચાલી નહીં શકીએ, ત્યાં પ્રાપ્ત કંઈ નહીં થાય.

પરન્તુ જ્યારે બ્રહ્મને તેની બ્રહ્મતામાં કંટાળો આવે છે, તેને તેની પૂર્ણતામાં કંટાળો આવે છે ત્યારે તેને અપૂર્ણ થવાની કામના થાય છે. ત્યારે લીલા શરુ થાય



છે. પૂર્ણને અપૂર્ણ બનાવવાની કામનામાંથી જ સૃષ્ટિ પ્રકટ થઈ છે. આપણે અપૂર્ણતાની નિંદા કરીએ, તેને તુચ્છ માનીએ તો તે અપૂર્ણતા તુચ્છ નથી, કારણ કે તે લીલાત્મિકા અપૂર્ણતા છે. કોઈ અપૂર્ણ વ્યક્તિ અપૂર્ણ હોય તો તેને તુચ્છ માની શકાય, પરન્તુ જ્યારે પૂર્ણ વ્યક્તિ અપૂર્ણ બને ત્યારે તેની અપૂર્ણતા તુચ્છ નથી. જેમ એક પરમ શાંત સજ્જન વ્યક્તિ રાવણનો અભિનય કરે તો તેનામાં કોઈ નિંદ્નીય બાબત નથી, કારણ કે તે અભિનય છે. તે વખતે તેણે જે અભિનય કર્યો તેનો આનન્દ લો, તેની નિંદા ન કરો. પરન્તુ તે વખતે તેને જો કોઈ દર્શક મારવા દોડે તો એક સમસ્યા બની જાય.

એક શહેરમાં નૃસિંહજીનું ચરિત્ર રંગભૂમિ પર ભજવાઈ રહ્યું હતું. તેમાં જે વ્યક્તિ હિરણ્યકશ્યપ બની હતી તેના ઉપર નરસિંહજીને એટલો ક્રોધ આવ્યો કે તેમણે ખરેખર હિરણ્યકશ્યપ બનનારને મારી નાખ્યો. હિરણ્યકશ્યપ બનનાર વ્યક્તિનો એમાં શો અપરાધ હતો? તેણે તો હિરણ્યકશ્યપનો કેવળ અભિનય જ કર્યો હતો. તેણે પ્રહ્લાદજીને જરા પણ તકલીફ આપી ન હોતી, તેણે પ્રહ્લાદને તકલીફ આપવાનો અભિનય જ કર્યો હતો. પરન્તુ ક્યારેક કેટલાક લોકોને અભિનયમાં પણ આવો જુસ્સો આવી જાય છે તેથી આવું બને છે.

થોડાંક વર્ષો પહેલાં જ્યારે પાકિસ્તાનમાં ભૂટ્ટોને ફાંસી આપવામાં આવી ત્યારે કાશ્મીરમાં કેટલાક લોકોને જૂસ્સો આવી ગયો. જેણે ભૂટ્ટોને ફાંસી આપી હતી તેના ઉપર કેસ ચલાવ્યો, તેનું એક નાટક કર્યું. નાટકમાં પાકીસ્તાનના રાષ્ટ્રપતિ ઝીયાને અપરાધી ઠરાવવામાં આવ્યો અને તેને ફાંસીની સજા સંભડાવી. પછી અપરાધીને ફાંસીના માંચડા સુધી લઈ જવામાં આવ્યો. એ લોકોમાં આવેશ એટલો બધો હતો કે તેમણે ઝીયાનું પાત્ર ભજવનાર છોકરાને રીતસર ફાંસી આપીને મારી નાખ્યો.

આ અભિનય નથી, આવેશ છે. આવો આવેશ આવે છે તે એક હકીકત છે. આવેશ આવે ત્યારે તેના ઉપર કાબૂ મેળવવો જોઈએ. અભિનયનો આનન્દ તો જ આવશે. પણ જો આવેશમાં ખેંચાઈ જઈશું તો મઝા નહીં આવે, રસ નહીં પડે, રસાભાસ થશે.

આ જ પ્રકારે બ્રહ્મ જ્યારે કોઈક વખત કોઈ આકાર-રૂપ ધારણ કરે ત્યારે આપણે આવેશમાં ખેંચાઈ જવાની જરૂર નથી, તે વખતે તેનો રસ માણો અને એમ વિચારો કે તે અપૂર્ણતા પ્રકટ થઈ છે તે કોઈ ખામી નથી, એ તો પૂર્ણતામાંથી પ્રકટ થયેલી અપૂર્ણતા છે, અદ્વૈતમાંથી પ્રકટ થયેલું દ્વૈત છે. આ દ્વૈતને શ્રીમહાપ્રભુજી 'ઐચ્છિક દ્વૈત' કહે છે, તે કોઈ માયાને કારણે પ્રકટેલું દ્વૈત નથી, તે કોઈ અજ્ઞાનને કારણે પ્રકટેલું દ્વૈત નથી.

બ્રહ્મમાં આનન્દની જે લહેર છે તેમાં એક એવી લહેર ઉઠી કે હું ખુદ પૂર્ણ છું, પર્યાપ્ત છું તો એક વખત અપૂર્ણ બનીને જોઉં કે મારી પૂર્ણતા કેવી છે!

સંસ્કૃત ભાષામાં 'પૂર્ણ' શબ્દને 'તર' પ્રત્યય લગાવવાથી 'પૂર્ણતર' શબ્દ બનશે, 'તમ' પ્રત્યય લગાડવાથી 'પૂર્ણતમ' શબ્દ બનશે. એક ગામમાં બે હોટેલવાળા વચ્ચે ઝઘડો થયો. એકે કહ્યું ''અમારા ગામમાં મારી હોટેલ સૌથી સારી હોટેલ છે.'' આ સંભડીને બીજા હોટેલવાળાને ક્રોધ આવ્યો એણે કહ્યું કે ''આખા જિલ્લામાં મારી હોટેલ સૌથી સારી છે.'' આમ, બે જણા વચ્ચે હરિફાઈ વધતી ગઈ. છેવટે એક જણે કહ્યું કે ''દુનિયામાં મારી હોટેલ સૌથી સારી છે.'' તે બન્ને હોટેલ જેમની તેમ ત્યાં કાયમ રહી, જાહેરાતનાં પાટિયાં બદલતાં રહ્યાં. છેવટે કંટાળીને એક દિવસ તેમણે કહી દીધું કે ''સામાવાળાની હોટેલ કરતાં મારી હોટેલ સારી છે.''

આવી હરીફાઈ ધર્મગુરુઓમાં-ધર્મોપદેશકોમાં પણ ચાલતી રહે છે. પ્રાચીન સમયમાં નામ પૂર્વે શ્રી૬ લખાતું. બધા શ્રી૬ લખતા. ત્યારે કેટલાકને લાગ્યું કે અમે શ્રી૬ શાના, અમે ૧૦૮! બીજા લોકોએ જોયું કે શ્રી૬ માંથી શ્રી૧૦૮ બની ગયા એટલે તેમણે કહ્યું કે અમે ૧૦૦૮! ઘણા દિવસ સુધી આ સ્પર્ધા ચાલતી રહી. ત્યારે કોઈકે લખ્યું કે અમે અનંત શ્રીવિભૂષિત, હવે અમારાથી આગળ વધાય તો વધી જુઓ. હજી પણ હરિફાઈ આગળ વધારવી હોય તો વધી શકે છે. કોઈ કહી શકે છે કે અમે દ્વિગુણિત અનંત શ્રીવિભૂષિત છીએ, અર્થાત્ અનંતને બમણા કરો. સ્પર્ધા જ જો ચલાવવી હોય તો આમ ચાલ્યા જ કરશે.

આવી જ હરીફાઈ એક મંદિરના ઝાપટિયા અને કીર્તનિયા વચ્ચે થઈ.



વૈષ્ણવો દર્શન કરવા આવે તેઓ પૈસા ઝાપટિયાને આપે. કીર્તનિયો બિચારો કીર્તન કરતો હોય એટલે તેને કોઈ પૈસા આપે નહીં. ઝાપટીયાને રોજ આટલા બધા રૂપીઆ મળતા જોઈને કીર્તનિયાનું ચિત્ત કીર્તન ગાવામાં ચોંટે નહીં. એનો જીવ બળી-બળીને રાખ થઈ જતું. કીર્તનિયાને ભારે ક્રોધ આવ્યો. એ વિચારતો કે કીર્તન હું ગાઉં અને પૈસા ઝાપટિયો લઈ જાય, આ કેવો અન્યાય! એવામાં ઝાપટિયાનો નાનો ભાઈ ગામથી એ મદિંરમાં કામની શોધમાટે આવ્યો. મોટા ભાઈને આ કારણે ઈર્ષ્યા જાગી. તેણે યુક્તિ કરીને પોતાના નાના ભાઈને કાઢી મૂક્યો. કીર્તનિયાએ આ તક ઝડપી લીધી. તેણે નાનાભાઈને હાથો બનાવીને ઝાપટિયાને પાઠ ભણાવવાનું નક્કી કર્યું. નાનાભાઈને એકાન્તમાં લઈ જઈને આશ્વાસન આપતાં કહ્યું કે ''તું શું કામ ચિન્તા કરે છે, હું તને કીર્તન શીખવીશ. તું મન્દિરની બહાર ઓટલા ઉપર બેસીને કીર્તન ગાજે. તને ઝાપટિયા કરતાંય વધારે પૈસા મળશે''. પેલો કબૂલ થયો. તેણે કીર્તન શીખવાની શરુઆત કરી. થોડા દિવસ પછી નાનો ભાઈ ઝાપટીયાની હરિફાઈમાં મંદિરની બહાર કીર્તન ગાવા લાગ્યો. પરન્તુ તેની અસર ઝાપટીયાની આવક ઉપર પડવાને બદલે ખુદ કીર્તનીયાની જ આવક ઉપર પડવા લાગી. દર્શનીયાઓ જેટલી દક્ષિણા કીર્તનીયાને આપતાં તેના હવે બે ભાગ કરીને અડધી-અડધી દક્ષિણા અંદર-બહારના કીર્તનીયાને આપવા લાગ્યાં. પોતાની આવક ઘટી એટલે એક દિવસ કીર્તનિયાજીએ નાના ભાઈને કહ્યું કે ''તું મારી હરિફાઈ ન કરીશ, તારે તારા ભાઈની હરિફાઈ કરવાની છે.'' પરન્તુ હવે તો ઘણું મોડું થઈ ગયું હતું. પેલો તો કીર્તન શીખી ગયો હતો એટલે ગાયા વિના શાનો રહે! કીર્તનીયાએ એક નવો તુક્કો અજમાવ્યો. એક દિવસ તેણે ફરી નાના ભાઈને કહ્યું કે ''તું મારી સ્પર્ધા કરે છે પરન્તુ મારા પિતા એક શ્લોક ઉપર નવ-નવ દિવસ પ્રવચન કરતા હતા અને તારા પિતા એક દિવસમાં ચાલીસ હાંડા જલ ભરતા હતા!''

આ બધા 'શ્રી'ના ઝઘડા છે. પૂર્ણને 'પૂર્ણતર' પણ કહી શકાય અને 'પૂર્ણતર'ને 'પૂર્ણતમ' પણ કહી શકાય, એમાં કોઈ ફરક પડતો નથી. પરન્તુ જો તેનો અર્થ વિચારીએ તો મુંઝવણ થાય કે પૂર્ણને 'તર' અને 'તમ' પ્રત્યય લગાવવાનો શો અર્થ!

એવી જ રીતે બ્રહ્મ અને પરમાત્માના સમ્બન્ધમાં આપણે બોલતા રહીએ

ત્યારે આપણી બુદ્ધિ સાથ આપતી નથી.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે પરમાત્માની બાબતમાં આપણે કંઈક કહી શકીએ છીએ, કારણ કે તેણે તેના અદ્વૈતમાં થોડું દ્વૈત પેદા કર્યું છે. માટે આપણે કહીએ છીએ કે "તું પરમાત્મા છે, હું જીવાત્મા છું." પરન્તુ આ પરમાત્માને પકડી શકાતો નથી. જ્યારે પરમાત્મા થોડો ઘનિભૂત થઈ બહાર પ્રકટ થાય, ભગવાન્ બની જાય ત્યારે આપણે ભક્ત બનીને તેને પકડી શકીએ છીએ. જ્યારે તે ભગવાન્ બને ત્યારે આપણે તેના દુશ્મન બનીને પણ તેને પકડી શકીએ. તે ભગવાન્ બને તો તેની માતા બનીને તેને બાંધી શકીએ. આમ, તેનો ભગવાન્ બનવાનો સંકલ્પ પણ એક બીજભાવ છે.

જ્યારે લોકો મુંઝાતા કે પહેલાં સમુદ્ર બન્યો કે નદી, ત્યારે એ વિચાર ન કર્યો કે સૌથી પહેલાં વરસાદ પડ્યો, વરસાદ પડવાથી સમુદ્ર પણ ભરાઈ ગયા અને નદિઓ વહેવા લાગી, પછી સમુદ્ર અને નદી વચ્ચે સમ્બન્ધ સ્થાપિત થયો.

આ દૃષ્ટાન્તથી આપણે સમજી શકીએ કે હવામાં જે ભેજ છે તે બ્રહ્મ છે. જે વરસે છે તે પરમાત્મા છે, જે આનન્દનો પૂર્ણ સાગર છે તે ભગવાન્ છે અને વહેતી નદી જીવાત્મા છે. સમુદ્ર સુધી સીધી પહોંચનારી નદી ભક્ત જીવાત્મા છે.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે પરમાત્મામાં જે નિરુપાધિક પ્રેમ છે તેની બે દિશાઓ છે, જેમ વાદળાની પણ બે દિશાઓ છે. એક વાદળાં બનવાની દિશા, જેમાં સમુદ્રમાંથી વરાળ નીકળી ઉપર જઈ વાદળ બને છે અને બીજી વરસવાની દિશા. વાદળાંના વરસવાની દિશાને શ્રીમહાપ્રભુજી 'પુષ્ટિ' કહે છે.

પુષ્ટિનો અર્થ છે પરમાત્માની કૃપા. તે કૃપા જ્યારે પરમાત્મામાંથી આવાં વાદળ ઘેરાય ત્યારે પ્રકટે છે. તેનું નામ 'પુષ્ટિ' છે. જ્યારે તે વાદળ જલથી ભરીને આકાશમાં ચારેય બાજુ ફેલાય છે અને વર્ષાઋતુમાં આર્દ્ર બનીને નીચાં આવે છે ત્યારે વરસવા લાગે છે. એવું નથી કે બીજી ઋતુમાં હવામાં આર્દ્રતા નથી હોતી. હવામાં ભેજ તો હંમેશા હોય છે જ, પરન્તુ વર્ષાઋતુમાં ભેજનું પ્રમાણ વધારે હોય છે. વર્ષાઋતુમાં



વાદળ ધીમે-ધીમે એટલાં નીચાં આવવા લાગે છે કે અન્તે જલ બનીને વરસે છે.

આમ. જગતમાં ચારેય બાજુ સૂક્ષ્મ અવ્યક્ત સ્વરૂપે બ્રહ્મ વ્યાપક છે, જેમ હવામાં સૂક્ષ્મ અવ્યક્ત સ્વરૂપે જલબિંદુઓ હોય છે, જેનો આપણે અનુભવ કરી શકતા નથી. પરન્તુ જ્યારે હવામાં વાદળો નીચાં આવે છે ત્યારે આપણે અનુભવ કરીએ છીએ કે હવે હવા ઠંડી થઈ છે. જ્યાંથી આવો પરિચય શરું થાય ત્યાં તે પરમાત્મા છે એમ સમજવું, પરન્તુ ભેજ વધતાં જ્યારે વરસવા લાગે ત્યારે જ તેનું નામ 'પુષ્ટિ'.

એક ભક્તકવિએ પ્રભુની કૃપાનું વર્ણન કરતાં ગાયું છે કે "કહું ઘિરત કહું બરસત કહું ઉઘરત કહું દમકત કહું ચમકત તુમ ઘનસે ઘનશ્યામ." પ્રભુને 'ઘનસે ઘનશ્યામ' કેમ કહ્યા? જેમ આકાશમાં વાદળો કોઈક જગ્યાએ એકઠાં થાય, કોઈક જગ્યાએ ગર્જે, ક્યાંક ચમકે, ક્યાંક વરસી જાય અને ક્યાંક આકાશ પાછું સ્વચ્છ બની જાય. આવું જ પ્રભુની કૃપાનું છે. તે ક્યાંક ઘેરાય છે, ક્યાંક ગરજે છે, ક્યાંક ચમકે છે અને ક્યાંક વરસે છે. પ્રભુનું આવું સ્વરૂપ જ્યાં સ્ફુટ થાય ત્યાં સમજવું કે પુષ્ટિ છે. જ્યારે આવી ગર્જના, ચમક, વરસાદ બધું એકત્ર થાય, બધાં દ્વૈત પ્રકટ થાય ત્યારે આપણે નક્કી કરી શકીએ કે અહીં પુષ્ટિ છે. પુષ્ટિમાટે એવો કોઈ નિર્ણય થઈ શકે નહીં કે તે ક્યાં ગરજશે, ક્યાં ચમકશે કે ક્યાં વરસશે. વાદળ સમુદ્રમાં વરસે અને કોરા મેદાનમાં ન પણ વરસે. એમ કૃપાસાગર પરમાત્મામાંથી કૃપાનાં જે વાદળો પ્રકટ થાય છે તે ગમે ત્યાં વરસે છે, ગમે ત્યાં ગરજે છે. તેને શ્રીમહાપ્રભુજી 'પુષ્ટિ' કહે છે.

જમીનમાં જલને શોષવાની જેટલી શક્તિ હોય તેટલું જલ જમીન શોષી શકે છે. પહેલો વરસાદ થાય ત્યારે જમીન જલને શોષી લે છે. બીજા કે ત્રીજા વરસાદમાં પણ જલ શોષી લે છે; પરન્તુ ચોથો વરસાદ થતાં-થતાં જમીન જલ શોષી શકશે નહીં, એટલે તે વહેવા લાગશે. જે જલ વહેવા લાગશે તે ક્યાંક નાળું કહેવાશે, ક્યાંક નદી કહેવાશે.

આમ, જે સમયે પરમાત્માની કૃપા આપણા હૃદય પર વરસે છે તે વખતે આપણા હૃદયમાં પ્રભુપ્રાપ્તિનો તાપકલેશ પેદા થાય છે. બ્રહ્મસમ્બન્ધ લીધું ત્યારે આપણે કહ્યું હતું કે પ્રભુની પ્રાપ્તિના તાપકલેશનો આનન્દ આપણે ભૂલી ગયા

છીએ. એ પરમાત્માની કૃપા આપણા ઉપર વરસી તેથી આપણા હૃદયમાં તાપની ઊષ્મા પ્રકટ થઈ. આ ઊષ્માને લઈને હૃદયરૂપી ભૂમિ કૃપારૂપી જલનું શોષણ કરે છે. આપણું હૃદય ખૂબ જ નાનું છે. નંદદાસજી કહે છે ''નંદદાસ ચાતકકી ચોંચપુટમેં સબ ઘન કૈસે સમાયે?'' અર્થાત્, ચાતક પક્ષીની નાની સરખી ચાંચમાં બધાં વાદળો કેવી રીતે સમાઈ શકે? જ્યારે ભગવાન્ તેમની કૃપા વરસાવે ત્યારે આપણું નાનું સરખું હૃદય બધી કૃપાને કેવી રીતે ઝીલી શકે? હૃદયમાં જેટલી શુષ્કતા હોય તેટલા પ્રમાણમાં તે ભેજ શોષી શકે. હૃદય કૃપાથી ભીંજાતું જાય ત્યારે એક ક્ષણ એવી આવે કે તે કૃપારૂપી રસથી તરબતર થઈ જાય, તેમાં કૃપા છલકાવા લાગે. શ્રીમહાપ્રભુજી હૃદયમાંથી છલકાતી કૃપાને 'ભક્તિ' કહે છે. પ્રભુદ્વારા વરસતા જલને 'કૃપા' કહે છે અને વહેતા જલને 'ભક્તિ' કહે છે. જેમ વહેતા જલને પોતાની દિશા હોય છે તેમ ભક્તિને પણ પોતાની દિશા હોય છે. વરસતા જલને પોતાની સ્થાનનિયતિ હોતી નથી, તેમ પરમાત્માની કૃપાને પણ પોતાની સ્થાનનિયતિ હોતી નથી. પરમાત્માની કૃપામાં કોઈ નિયમ નથી કે તે કોના ઉપર કૃપા કરશે અને કોના ઉપર કૃપા નહીં કરે? રામચન્દ્રજીએ શબરીનાં એઠાં બોર કેમ ખાધાં તે કોણ બતાવી શકે? શબરીએ જેમ જૂઠાં બોર ધર્યા તેમ શું આપણે આપણા ઘરમાં શ્રીઠાકોરજીને આપણું એઠું ભોગ ધરીશું? જો આપણે એવું કરીએ તો આપણને ધર્મગુરુ એવું સમજાવશે કે ભગવાનને એઠું ભોગ ધરી શકાય નહીં. શબરીએ આવું કેમ ભોગ ધર્યું? આનો જવાબ કોઈની પાસે નથી. કોઈ કહેશે, ભગવાન્ ઉપર દાવો માંડો કે તમે આવો ભેદભાવ કેમ કરો છો? પણ સવાલ એ છે કે ભગવાનની સામે દાવો માંડી શકાય એવી કોર્ટ ક્યાં છે? જો આપણી બુદ્ધિમાં દાવો માંડીશું તો બુદ્ધિ જ પહેલાં ભાગી જશે. પરમાત્માને કોઈ નિયમમાં બાંધી શકાતા નથી, જેમ વરસાદને નિયમમાં બાંધી શકાતો નથી. પરંતુ એક નિયમ જરૂર છે કે વરસાદ જ્યાં ભરપૂર વરસે છે ત્યાં નદી-નાળા ઉભરાવા લાગે છે. જ્યાં નથી વરસતો ત્યાં બિલકુલ નથી વરસતો, તેથી નદી-નાળાં ઉભરાતાં નથી. આવું જ પ્રભુની કૃપાનું છે. જે વરસે છે તે કૃપા છે, જે વહે છે તે ભક્તિ છે. વરસાદની જેમ જે જલ વહી રહ્યું છે તેને શ્રીમહાપ્રભુજી 'પુષ્ટિભક્તિ' કહે છે.

વહેતી નદી સમુદ્રને શોધે છે. શ્રીસૂરદાસજી સુંદર કહે છે ''બરસત મેઘ નેહ ધરતી કે ખોલે, કુંવર કન્હાઈ યહ ઋતુ રુસવેકી નાહીં.'' વહેતી નદી એ



જમીનની તાકાત નથી, તે વાદળની તાકાત છે. જમીનમાં એટલી તાકાત નથી કે તે પાણી પેદા કરી શકે. વાદળ સાગરમાંથી જ પ્રકટ થયાં છે. તે વરસે છે અને ફરી સાગર તરફ જાય છે.

આમ કૃપા અને ભક્તિ વચ્ચે કેવળ દિશાનો જ ભેદ છે, બાકી, બને એક જ છે. પરમાત્માનો જીવાત્મા તરફનો નિરૂપાધિ ભાવ તે પુષ્ટિ. જ્યારે જીવાત્માનો પરમાત્મા પ્રત્યેનો નિરૂપાધિ ભાવ તે ભક્તિ. બંને ભાવ વાસ્તવમાં એક જ છે; પરંતુ બન્નેના સમ્બન્ધોને લઈને તેમનાં નામ અલગ-અલગ છે.

નિરુપધિ ભાવ એટલે શું? વાદળ વરસે છે. કેમ વરસે છે? તે વરસે છે, કારણ કે તેનો વરસવાનો સ્વભાવ છે. નદી વહે છે, કારણ કે તેનો વહેવાનો સ્વભાવ છે, તે માટે કોઈ શરત નથી, તેથી તેને નિરુપાધિક કહી શકાય.

નદી સમુદ્રમાં ઠલવાય છે, સમુદ્ર વાદળ પેદા કરે છે, વાદળ નદી પેદા કરે છે. આમ, એક ચક્ર ચાલ્યા કરે છે. આવું સુંદર ચક્ર ચાલી રહ્યું છે તેમાં ફસાવાનો એક આનંદ છે. આ ચક્રમાં ફસાવાથી તેની મજા માણી શકાય છે.

આવું જ બીજું ચક્ર બીજ અને વૃક્ષનું છે. બીજ પુષ્ટિ છે અને લતા ભક્તિ છે. પુષ્ટિ અને પુષ્ટિભક્તિ વચ્ચે આટલો તફાવત છે. બીજમાંથી અંકુર જન્મે છે, અંકુરમાંથી વૃક્ષ થાય છે, વૃક્ષને પાન ફૂટે છે, પછી ફૂલ આવે છે અને ફૂલમાંથી ફળ આવે છે. ફળમાંથી ફરી પાછું બીજ થાય છે. આમ, ચક્ર ચાલ્યા જ કરે છે. આ ચક્રમાં આપણે કોને કારણ કહીશું? કારણ કે જ્યારે કોઈકને કારણ માનીશું ત્યારે બીજા પગલે તે કાર્ય બની જશે, જેને કાર્ય માનીશું તે બીજા પગલે કારણ બની જશે. ક્યાંથી કારણ કહેવું અને ક્યાંથી કાર્ય કહેવું તે આપણે નક્કી કરી શકીશું નહીં. માટે જે ચક્ર ચાલી રહ્યું છે તેની સાથે ચાલ્યા કરો, જે નદી વહી રહી છે તેમાં વહ્યા કરો. નદી એટલી સુંદર રીતે વહી રહી છે કે તેમાં વહેતા રહેવાની પણ મજા આવશે, તરવા જઈશું તો ગરબડ થવાનો સંભવ છે.

આવી જ રીતે, પરમાનંદસાગરમાંથી કૃપાનાં વાદળ ઘેરાય, કૃપાનાં વાદળ

વરસે છે ત્યારે ભક્તિરૂપી સરિતા વહે છે. તેમાં તરવાની જરૂર નથી, કેવળ વહેતા રહેવાની જરૂર છે. જો આપણે ભકિતરૂપી સરિતામાં વહેતા રહીશું તો પરમાનંદસાગરમાં પહોંચી જઈશું. માટે એક કીર્તનમાં કહ્યું છેઃ

*આનંદ સિંધુ ભર્યો હરિ તનમેં।*
*રાધા મુખ પૂરન શશિ નિરખત ઉમગ ચલ્યો વ્રજ વૃંદાવનમેં।*
*ઈત રોપ્યો યમુના ઉત રોપે કછુક ફૈલ પર્યો ત્રિભુવનમેં।।*
*ના બરસ્યો કર્મઠ અરુ જ્ઞાની અટક રહ્યો રસિકનકે મનમેં।*
*કછુક લહત નંદ સુવન કૃપાતેં સો દેખિયત 'પરમાનંદ' જનમેં।।*

શ્રીભાગવત 'પુષ્ટિ'ની વ્યાખ્યા આપે છે "પોષણં તદનુગ્રહઃ". જે પોષણ છે તે જ વૃષ્ટિ છે અને તે જ અનુગ્રહ છે. પોષણ બીજભાવ છે, તેનાથી પુષ્ટ આપણી ભક્તિ થાય છે. તેથી શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છેઃ

બીજ ભાવે દઢે તુ સ્યાત્ ત્યાગાત્ શ્રવણ કીર્તનાત્।।૧।।

ઈશ્વર પ્રાપ્તિના ત્રણ માર્ગ શાસ્ત્રોએ બતાવ્યા છેઃ કર્મ, જ્ઞાન અને ભક્તિ. આ માર્ગે ચાલવામાં બીજા અનેક ઉપાયો સહાયભૂત થાય છે. જેમકે જ્ઞાનમાર્ગમાં યોગ, વૈરાગ્ય વગેરેનો ઉપયોગ થઈ શકે છે. કર્મમાર્ગમાં યમ, નિયમનો ઉપયોગ થઈ શકે છે. ભક્તિમાર્ગમાં પણ યોગના, તીર્થના, વ્રતના નિયમ હોઈ શકે છે. આ બધા ઉપાયો અને સાધનો આ માર્ગની અંતર્ગત છે. તેમને સ્વતંત્ર દરજ્જો પ્રાપ્ત થયો નથી, કે જેથી તેઓ સ્વતંત્ર માર્ગ બની શકે માટે. ઈશ્વર પ્રાપ્તિના મુખ્ય માર્ગ ત્રણ જ છે.

ભગવાને ગીતામાં પણ આ જ ત્રણ માર્ગ બતાવ્યા છે. છ અધ્યાયથી કર્મમાર્ગ, છ અધ્યાયથી જ્ઞાનમાર્ગ અને છ અધ્યાયથી ભક્તિમાર્ગનું પ્રતિપાદન કર્યું છે, તેથી ગીતામાં કુલ ૧૮ અધ્યાય છે. આ બધું સમજાવ્યા પછી ભગવાન્ અર્જુનને કહે છે કે તારે ચાલવું હોય તો આ ત્રણ માર્ગ છે, પરંતુ જો તું આ માર્ગોની લંબાઈ, કઠિનાઈ, તેના પર ચાલવાનો પરિશ્રમ વગેરે સાંભળીને ગભરાઈ ગયો હોય



તો તું બેસી રહે. કારણ કે બેસી રહેવાનો પણ એક અલગ માર્ગ છે. નિઃસાધનતા પણ એક માર્ગ છે; પરંતુ જો તું કશું જ કર્યા વિના બેસી રહીશ તો તને આળસ આવશે અને તું બેસીશ પણ કયાં?

જેમ ચાલવામાટે માર્ગ છે, તેમ બેસવામાટે પણ એક સ્થાન છે અને તે છે ભગવાનનાં ચરણ. રસ્તાઓ પર જેમ ધર્મશાળા આવતી હોય છે તેમ પ્રભુપ્રાપ્તિના દરેક માર્ગે ભગવાનનાં ચરણરૂપી ધર્મશાળા છે. જો આગળ વધી શકાતું નથી, આગળ ચાલવાની ઈચ્છા કે હિંમત રહી નથી તો ભગવાનના ચરણારવિંદરૂપી ધર્મશાળામાં બેસી જાઓ. ભગવાનનાં ચરણારવિંદરૂપી ધર્મશાળામાં બેસી જવું તેને પણ ભગવાને ગીતામાં એક માર્ગ કહ્યો છે. એ માર્ગનું નામ છે 'શરણમાર્ગ'. શરણમાર્ગ ચાલવાનો માર્ગ નથી, બેસી જવાનો માર્ગ છે. આમ પણ જ્ઞાન, કર્મ કે ભક્તિ દ્વારા પહોંચવાનું સ્થાન તો ભગવાનનાં ચરરારવિંદ જ હતું. ભગવાનનાં ચરણારવિંદ સાધન દશામાં દુર્લભ નથી અને સિદ્ધ દશામાં પણ દુર્લભ નથી. જે જ્ઞાની થઈ ગયા તેઓ જો અભિમાની બને તો તેમનો પરમાત્મામાંથી ભાવ અસ્ત થઈ જશે, ભગવાનમાંથી ભાવ અસ્ત થઈ જતાં બુદ્ધિ અશુદ્ધ બનશે, બુદ્ધિ અશુદ્ધ થઈ જતાં તે જે તપશ્ચર્યા કે સાધના ને જોરે ઉંચાઈએ ચઢ્યો હશે ત્યાંથી નીચે ગબડી પડશે અને તેના કારણે તેને હાની પણ થશે. આવું જ કર્મ અને ભક્તિમાં પણ બને છે. માટે કોઈ પણ માર્ગ પર ચાલતાં દીનતા ખૂબ આવશ્યક છે.

સાધકને સિદ્ધ દશામાં ભગવાનનાં ચરણારવિંદ જેટલાં સુલભ છે તેટલાં સાધન દશામાં પણ સુલભ છે. સાધકે સાધનનો પ્રારંભ ન કર્યો હોય તો પણ ભગવચ્ચરણારવિંદ તેને સુલભ છે.

કેટલાક લોકો કહે છે કે બસ વૈરાગ્ય લઈ લો. પરંતુ વૈરાગ્ય લેવાથી કયાં પહોંચીશું? જો જ્ઞાનનો વૈરાગ્ય હોય અર્થાત્ જ્ઞાન પૂર્વક વૈરાગ્ય લીધો હોય તો કદાચ આપણે આપણા જ્ઞેય સુધી પહોંચી શકીએ. જો કર્મ પૂર્વક વૈરાગ્ય લીધો હોય તો આપણે ભગવાન્ સુધી પહોંચી શકીએ. ભક્તિ પૂર્વક વૈરાગ્યમાં આપણે લૌકિક વિષયોથી અલિપ્ત રહીશું, પરંતુ એક સ્થાન એવું હશે કે જ્યાં આપણે સ્નેહ કરીશું. જ્ઞાન, કર્મ કે ભક્તિ વિનાનો કોરો વૈરાગ્ય આપણને સર્વ સ્થળેથી વિરકત બનાવી

દેશે, એવો વૈરાગ્ય આપણને સર્વત્ર દોષ જોતા કરી દેશે.

આપણી દીકરી પરણીને સાસરે જાય, પછી તેને તેના સાસરીયાં વિષે પૂછીએ કે તારી સાસુ કેવી છે? તે કહેશે સાસુ ઝઘડાળુ છે. નણંદ કેવી છે? તો કહેશે, કર્કશા છે. દિયર કેવો છે? તો કહેશે, સ્વાર્થી છે. તેને તેના સાસરામાં એક પણ વ્યકિત સારી લાગી નહીં, તો સમજી લેવું કે કંઈક ગરબડ આપણી દીકરીમાં જ છે. કારણ કે કુટુંબમાં એકાદ વ્યક્તિ તો સારી હોય જ. બધાં જ ખરાબ દેખાય ત્યાં માનવું કે આપણામાં જ કંઈક ખરાબી છે.

કોઈક ઠેકાણે દોષ દેખાય અને કોઈક ઠેકાણે ગુણ દેખાય તો માનવું કે જીવનમાં સમતુલા છે. પ્રભુની આ સૃષ્ટિલીલા ગુણ-દોષની લીલા છે, કારણ કે તે પૂર્ણતત્ત્વે અપૂર્ણતા અને પૂર્ણતા ની લીલા શરુ કરી છે, તે અદ્વૈત તત્ત્વે અદ્વૈત અને દ્વૈતની લીલા શરુ કરી છે. આ બને અંગમાંથી એક અંગ અનુભવાય અને બીજું ન અનુભવાય તો કંઈક ગરબડ છે તેમ માનવું.

વૈરાગ્યનો પાયો દોષદર્શન છે. જ્યાં સુધી આપણને દરેક વસ્તુમાં દોષ ન દેખાય ત્યાં સુધી વૈરાગ્ય સ્ફુરતો નથી, જ્યાં દોષ દેખાય ત્યાં જ ગુણ પણ દેખાવા લાગે તો વાંધો આવતો નથી; પરંતુ કેવલ દોષદર્શનથી જન્મેલો વૈરાગ્ય કોરો વૈરાગ્ય છે, તે ઈશ્વર પ્રાપ્તિનો માર્ગ બની શકતો નથી.

'રઘુવંશ' કાવ્યમાં આપણી આદર્શ જીવન વ્યવસ્થાનું સુંદર નિરૂપણ કરવામાં આવ્યું છે. બાળકોની રુચિ વિદ્યાભ્યાસમાં અને વિનયપ્રાપ્તિમાં હોય, યૌવનની અવસ્થામાં અભ્યાસ કરવાનો હોય નહીં, તે વખતે વિષયકામના મન અનુભવે; પરંતુ મન વિષયકામનાના કાદવમાં ડૂબે નહીં. પ્રૌઢાવસ્થામાં વિષયોમાંથી મન વૈરાગ્ય તરફ જતું જાય અને અંતે સંન્યાસયોગ દ્વારા વ્યકિત પોતાનો દેહ છોડી દે.

તે સમયમાં બિમાર બની, ખાટલામાં પડયા-પડયા દેહ છોડવાની પદ્ધતિ ન હતી. તે સમયે જીવનપ્રણાલિના એક ભાગરૂપે વૈરાગ્ય હતો. વ્યક્તિને એવી ચિંતા નહોતી કે હવે મને ઘડપણ આવ્યું છે, મારું પેન્શન કેવી રીતે ચાલુ રહે? અથવા



હું વૃદ્ધ થયો છું, છતાં હું મારી રાજગાદી પર બેસી રહું! તે વખતે યુવરાજ સમર્થ બનતાં તેને રાજગાદી સોંપી દેવામાં આવતી અને પિતા વાનપ્રસ્થ ધારણ કરી, વનમાં ચાલ્યો જતો.

ઉપનિષદ કહે છે કે મનુષ્યની અમરતા તે સો વર્ષ જીવે તેમાં નથી, સૃષ્ટિમાં મનુષ્યની અમરતા એમાં છે કે તે તેના બાળકોને લાયક બનાવી, પોતાનો વારસો સોંપી દે. આમ કરવાથી વ્યકિત અમર બને છે. તેથી ઉપનિષદ કહે છે કે તમે એવી પ્રજા ઉત્પન્ન કરો કે જે તમારો બધો વારસો સારી રીતે વહન કરે. જો તમારી પ્રજા એવી સક્ષમ બની છે તો હવે તમારે બેસી રહેવાની જરૂર નથી. આમાં વૈરાગ્યની વાત નથી, આમાં એક જીવનપ્રણાલિની વાત છે. નવી હવાને આવવા દેવા માટેના અવકાશની વાત છે. દરેક વખતે બારી-બારણાં બંધ કરી, બંધિયાર હવામાં બેસી રહેવાની વૃત્તિ બરાબર નથી. તે સમયે પૂરો સમાજ જીવનમાં સાદાઈથી જીવતો હતો.

કર્મમાર્ગ પર ચાલનાર પણ સંન્યાસ લઈ શકે, તેને કર્મમાર્ગીય સંન્યાસ કહે છે. જ્ઞાનમાર્ગ પર ચાલનાર પણ સંન્યાસ લઈ શકે, તેને જ્ઞાનમાર્ગીય સંન્યાસ કહે છે, ભક્તિમાર્ગ પર ચાલનાર સંન્યાસ લઈ શકે, તેને ભક્તિમાર્ગીય સંન્યાસ કહે છે. શ્રીમહાપ્રભુજી 'સંન્યાસનિર્ણય' ગ્રંથમાં ભક્તિમાર્ગીય સંન્યાસનું સ્વરૂપ બતાવે છે. જો આપણે જગતમાં દોષદષ્ટિ રાખીને સંન્યાસ લઈએ તો તે જ્ઞાનમાર્ગીય સંન્યાસ હશે. ભક્તિમાર્ગીય સંન્યાસમાટે આપણે ભગવાનના કોઈ એક સ્વરૂપ ઉપર એટલા અનુરકત થઈ જવું પડે કે તે અનુરક્તિ આપણને બીજા વિષયો તરફ લઈ ન જાય, આપણને આપોઆપ તે અનુરક્તિને લઈને અન્ય વિષયોમાં વિરક્તિ થાય. પરમાત્મામાં એટલા બધા અનુરકત થઈ જઈએ કે પછી વિષયમાં અનુરાગ એટલે શું, એની સમજ પણ રહે નહીં. તેથી શ્રીમહાપ્રભુજી કહે છે કે ''પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિઃ'' પ્રપંચની વિસ્મૃતિ થઈ જાય. પ્રપંચના દોષની સ્ફૂર્તિ થઈ જાય તેમ શ્રીમહાપ્રભુજી કહેતા નથી. જો દોષની સ્ફૂર્તિથી ભગવદાસક્તિ થઈ તો માનવું કે ભક્તિમાર્ગના રસ્તા પરથી આપણે જ્ઞાનમાર્ગના રસ્તે વળી ગયા છીએ. પરંતુ વિષયોની વિસ્મૃતિથી જો ભગવદાસક્તિ થાય તો તમે ભક્તિ માર્ગીય સંન્યાસની સંપૂર્ણ સિદ્ધિ મેળવી લીધી છે તેમ માનવું. કારણ કે, તેમાં આપણને કોઈ વસ્તુનો દોષ દેખાવાથી તે વસ્તુનો આપણે ત્યાગ કરતા નથી. આપણે સમગ્ર જગતને

ભગવલ્લીલા માનીએ છીએ. ભગવલ્લીલામાં દોષ જોવા તે સૌથી મોટો દોષ છે. એટલે ભક્તિમાર્ગમાં ભગવલ્લીલાના આનંદનો અનુભવ લેવાનો છે. પરમાત્મા તરફની તીવ્ર અનુરકિતને કારણે આપણને બીજા વિષયોનો વિચાર જ આવતો નથી.

એક મૌલવી નમાજ પઢતા હતા. ત્યાંથી એક મજનૂ પસાર થયો. તેને જોઈને મૌલવી નારાજ થયા. મૌલવીએ ઉભા થઈને મજનૂને કહ્યું ''તું જોતો નથી, હું ખુદાની બંદગી કરું છું અને તું સામેથી પસાર થાય છે? મજનૂએ પૂછ્યું ''તમે શા માટે પ્રાર્થના કરો છો?'' મૌલવીએ કહ્યું ''હું ખુદાને શોધી રહ્યો છું.'' મજનૂએ કહ્યું કે હું મારી લૈલાને શોધી રહ્યો છું. તેને શોધવામાં મને ભાન રહ્યું નહીં કે તમે અહીં નમાજ પઢી રહ્યા છો. પણ આશ્ચર્ય એ વાતનું છે કે હું તમારી સામેથી પસાર થયો એની તમને કેવી રીતે ખબર પડી જો તમે ખુદાને શોધવામાં તલ્લીન હતા. તમારી શોધમાં કંઈક ગરબડ છે. શોધ તો એવી હોય કે તેમાં મનુષ્ય મસ્ત રહે.

આવી રીતે, ભગવદ્દભક્તિમાં ભક્તને ખબર પડતી નથી કે ગુણ કયાં છે, દોષ કયાં છે? તે તો ભગવાનને સ્નેહ કરવામાં જ મસ્ત હોય છે.

વ્રજભક્તોએ તેમના ઘરમાં, તેમના સંસારમાં તુચ્છતા કે ક્ષણભંગુરતા જાણી ન હતી, તેમને પરમાત્મામાં એવો અનુરાગ થઈ ગયો કે તેમનો ઘર-સંસાર અલગ છે એવું તેમને યાદ જ આવ્યું નહીં.

આમ, ભક્તિનું સ્વરૂપ એકાંતનું છે; જેમાં સર્વત્ર સર્વ સમયે ભગવાન્ જ દેખાય. જ્યારે આપણને ભક્તિ કરતાં-કરતાં એમ દેખાય કે આપણી સામેથી મજનૂ પસાર થઈ રહ્યો છે ત્યારે આપણે સમજી લેવું કે આપણા હૃદયમાં ભક્તિમાર્ગીય બીજભાવ નથી, તે બીજભાવ કદાચ કર્મમાર્ગીય હોઈ શકે છે. ભક્તિમાર્ગીય નમાજ તો પેલો મજનૂ પઢે છે, જેને પોતાની લૈલા સિવાય બીજા કોઈનું ભાન નથી.

આમ, ભક્તિની વ્યાખ્યા કરવામાં આવી કે પ્રપંચના વિસ્મરણ પૂર્વક ભગવદ્ આસક્તિ થવી, તેનું નામ ભકિત. આવા ભકિતમાર્ગમાં વૈરાગ્ય, ત્યાગ અને સંન્યાસ સંભવિત છે; પરંતુ તે ભગવત્પ્રેમની મસ્તીને કારણે સંભવે છે, દોષની



સ્ફુર્તિને કારણે નહીં. ભગવત્પ્રેમની મસ્તીમાં ઘર છૂટી જાય તો ભલે, પરંતુ દોષનો વિચાર કરીને ગૃહત્યાગ કરવાનું વિધાન ભક્તિમાર્ગમાં નથી. જો આપણે જાતે ગૃહત્યાગ કરીએ તો સમજવું કે કંઈક ગરબડ છે. ભક્તિમાં ભગવત્પ્રેમમાં ચિત્ત એટલું આસકત બની જાય છે કે દેહના નિયમ કયારે છૂટી ગયા તેનું ધ્યાન રહેતું નથી. આપણા વેશ કે કેશની સજાવટમાં આપણે ક્યારે બેદરકાર બન્યા તેની આપણને યાદ આવતી નથી. આવું થાય ત્યારે માનવું કે તે ભક્તિમાર્ગીય સંન્યાસ છે. પરંતુ જ્યારે આપણે અહંકારથી એવો નિર્ણય કરીએ કે આજ મારે સંન્યાસ લેવો છે, ભગવાં વસ્ત્ર પહેરવાં છે, આજથી પગે ચાલવું છે તો માની લેવું કે આપણે ત્યાગ કર્યો છે પરંતુ હજી આપણામાં વૈરાગ્ય આવ્યો નથી.

ત્યાગ અને વૈરાગ્ય બે અલગ બાબત છે. આપણા મનમાં એવો અહં ભાવ જાગે કે ''હું આ વસ્તુ છોડી રહ્યો છું'' ત્યારે તેને ત્યાગ કહેવાય છે. પરંતુ જેમાં અહંકાર પણ છૂટી જાય તેનું નામ વૈરાગ્ય છે. તેથી ઉપનિષદ્ કહે છે કે જે અહંકારને કારણે તું ત્યાગ કરવાનો નિર્ણય કરે છે તે અહંકાર જ્યાં સુધી છૂટયો નથી ત્યાં સુધી કેવળ ન્યાસ છે, સંન્યાસ નથી. 'ન્યાસ'નો અર્થ ત્યાગ. ત્યાગને સંન્યાસની કક્ષાએ લઈ જવા માટે અહંકારને પણ છોડવો પડશે. જે વખતે આપણા જ્ઞેયની મસ્તીમાં અથવા ભજનીયની મસ્તીમાં અહંકાર છૂટી જાય અને તે કેવી રીતે છૂટયો તેની ખબર પણ ન પડે ત્યારે તે અવસ્થાને સંન્યાસ કહેવાય છે.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે ભક્તને પ્રભુનો એવો વિરહ થાય કે વિરહની અવસ્થામાં તેને ખ્યાલ પણ ન રહે કે મારે કેવાં વસ્ત્ર પહેરવાં છે, કેવી કેશ સજ્જા કરવી છે ત્યારે તે કેવળ ત્યાગ નથી, તે સાચો સંન્યાસ છે.

ત્યાગ પણ એક પ્રકારની શિસ્ત છે, જેનું પાલન કરવું જોઈએ; પરન્તુ શ્રીમહાપ્રભુજીનો દૃઢ સિદ્ધાન્ત છે કે જ્ઞાનપૂર્વક કરેલો ત્યાગ સંન્યાસ છે, કર્મની નિષ્ઠાપૂર્વક કરેલો ત્યાગ સંન્યાસ છે, ભક્તિની નિષ્ઠાપૂર્વક કરેલો ત્યાગ પણ સંન્યાસ છે; પરન્તુ દોષદર્શનથી કરેલો ત્યાગ કોરો ત્યાગ છે, સંન્યાસ નથી. કારણ કે આવો ત્યાગ કર્યા પછી પણ તે-તે વિષયો આપણને છોડતા નથી. ત્યાગ પછી પણ વિષયબાધા ચાલુ જ રહે છે. આપણે વિષયને જેમ-જેમ છોડવાનો પ્રયત્ન કરીએ

તેમ-તેમ પિશાચિની જેવી વિષયાસક્તિ આપણી વધારે ને વધારે પાછળ પડે છે.

મારો એક મિત્ર છે. તેને એક સ્વામીજી સાથે સમ્બન્ધ છે. તે મારો સહાધ્યાયી હોવાને કારણે અમારી મૈત્રી ગાઢ છે. તે મને હમેંશા કહે કે એક વખત તું અમારા સ્વામીજી પાસે ચાલ. એક દિવસ સ્વામીજી ખુદ પાર્લામાં આવ્યા. મારા મિત્રે આવી મને કહ્યું કે આજે તો તારે આવવું જ પડશે. તું પણ શાસ્ત્ર જાણે છે અને ગુરુજી પણ શાસ્ત્રના જ્ઞાતા છે. તમે બન્ને શાસ્ત્રચર્ચા કરશો તો આનંદ આવશે. હું મૈત્રી ખાતર ત્યાં ગયો. લગભગ દોઢેક કલાક સ્વામિજી પાસે બેઠો. સ્વામિજી દોઢ કલાક સુધી એક જ વાત કર્યા કરી કે અમુક ખાતામાં મારી પાસે આટલા લાખ રૂપિયાનું ફંડ છે, અમુક ખાતામાં મારી પાસે આટલું ફંડ છે, અમુક કામ માટે આટલું ફંડ છે. આ ફંડનું મેં ટ્રસ્ટ બનાવ્યું છે. આટલું કહીને તેઓ કહેતા જાય કે હું તો સંન્યાસી છું, બંધુ છોડીને આવ્યો છું, મારે રૂપિયાને શું કરવા છે! મને મનમાં વિચાર આવ્યો કે બધાનો ત્યાગ કર્યા પછી પણ આટલું ફંડ છે. એની જ વાત એમના મન અને વાણીથી થઈ રહી છે. મેં મિત્રને આંખના ઈશારાથી કહ્યું કે અહીં શાસ્ત્રચર્ચા તો કંઈ થઈ નહીં, કેવળ ફંડચર્ચા થઈ. આ સાંભળીને મારે શું કરવું છે! માટે હવે ઉઠીએ.

મને વિચાર આવ્યો, જીવનમાં બધું છોડ્યા પછી પણ મન જેને છોડી શકતું નથી, વાણી જેની ચર્ચામાં જ તલ્લીન રહે છે તે તનથી ત્યાગ કર્યો હશે પણ હજી તે મનમાં વૈરાગ્ય આવ્યો નથી. સ્વામિજીએ ત્યાગ કર્યો, પરન્તુ વૈરાગ્યની પરીક્ષામાં તેઓ હજી સફળ થયા નથી. જે દિવસ તેઓને આ બધા ફંડનો મોહ છૂટી જશે તે દિવસે તેઓ વૈરાગ્યની પરીક્ષામાં સફળ થશે. તે સ્વામિજી તેમના પૂર્વકાળમાં પંદર-વીસ લાખ રૂપિયાના આસામી એવા પિતાના પુત્ર હતા. પિતાની સમૃદ્ધિ છોડી તેમણે મોટો ત્યાગ કર્યો તેમાં બેમત નથી. તેમણે તેમનો ધંધો છોડી દીધો, પરન્તુ ધંધાએ હજી તેમને છોડ્યા નથી.

આથી, શ્રીમહાપ્રભુજી કહે છે કે, જ્યારે આપણો ધંધો આપણને ન છોડે ત્યારે ખરેખર ચિંતા કરવા જેવી બાબત છે, કારણ કે કેવળ ત્યાગ એ સાચો સંન્યાસ નથી. માણસ કેવળ ત્યાગી બની શકે છે, સાચો સંન્યાસી બની શકતો નથી.



આપણે ત્યાગ કર્યો છે તેની યાદ પણ જ્યારે છૂટી જાય, જ્ઞાનની કે સ્નેહની કે કર્મની એવી મસ્તી આવે કે જેમાં જેને છોડ્યું છે તેની નિંદા કરવાની પણ જરૂર ન પડે ત્યારે તે સાચો સંન્યાસ છે. જેને છોડી દીધું એની સતત નિંદા કરવામાં જો મઝા આવતી હોય તો જાણવું કે તે થૂંકેલાને ચાટવા જેવી પ્રક્રિયા છે. થૂંકેલું ચાટવું એ જેટલી મલિન પ્રક્રિયા છે તેટલી જ મલિન પ્રક્રિયા ત્યાગેલાની નિરંતર નિંદા કરવાની છે. જેમ આપણે થૂંકેલાની ચિંતા કરતા નથી, તેમ, જેને ત્યાગી દીધું તેનો વિચાર પણ આવવો જોઈએ નહીં.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે જીવાત્માને પરમાત્મા સુધી જવાના કર્મ, જ્ઞાન અને ભક્તિ ના ત્રણ માર્ગ ઉપરાંત એક ચોથો માર્ગ પણ છે. અને તે છે પુષ્ટિમાર્ગ. પુષ્ટિમાર્ગ એ જીવાત્માના ચાલવાનો માર્ગ નથી પરન્તુ પરમાત્માને સામે આવવાનો માર્ગ છે. પુષ્ટિમાર્ગ ઉપર ચાલીને આપણે પરમાત્મા સુધી પહોંચી શકતા નથી, પરન્તુ પુષ્ટિમાર્ગ પર ચાલીને પરમાત્મા આપણા સુધી પહોંચે છે. જો આપણે ચાલવાની ઈચ્છા હોય તો કર્મ, જ્ઞાન કે ઉપાસના-ભક્તિ એ ત્રણ પૈકી એક માર્ગ પર ચાલવું જોઈએ. જો તેના પર ચાલી ન શકાય તો બેસી જવું, અર્થાત્ પ્રભુનું શરણ સ્વીકારવું. જો આપણે એકવાર પ્રભુને કહી દઈએ કે હું તમારે શરણે છું તો પ્રભુ આપણને અભયદાન આપશે. જો એકવાર આપણે શરણાગત થઈ ગયા તો બધી વાત પ્રભુ સિદ્ધ કરી દેશે. આમ, શરણાગતિનો માર્ગ એ બેસી જવાનો માર્ગ છે.

આજે ઘણા લોકો એમ કહે છે કે અમે પુષ્ટિમાર્ગીય છીએ. પણ ખરેખર આપણે પુષ્ટિમાર્ગીય નથી, પુષ્ટિમાર્ગીય તો કેવળ ભગવાન્ જ છે, કારણ કે પુષ્ટિના માર્ગ પર ચાલીને પરમાત્મા જ જીવાત્મા સુધી પહોંચે છે. આપણે તો આપણા માર્ગ પર ચાલતા હોઈએ કે બેઠા હોઈએ ત્યારે પરમાત્માને યાદ આવે કે આ જીવાત્મા ઘણા વખતથી ચાલી રહ્યો છે તો હું સામે જઈને તેને રિસીવ કરું.

જૈન ગૃહસ્થીઓમાં એવો શિષ્ટાચાર છે કે તેમના જૈન મુનિ આવે ત્યારે તેઓ તેમને સામે સત્કારવા જાય છે. એવી રીતે, આપણે આપણા માર્ગ પર ચાલતા હોઈએ પછી તે જ્ઞાનનો હોય, ભક્તિનો હોય કે કર્મનો હોય, ત્યારે પરમાત્મા વિચારે કે જીવાત્મા આવી રહ્યો છે તો હું સામે જઈને તેનું સ્વાગત કરું. આમ, પરમાત્મા

સામે આવે તેને પુષ્ટિમાર્ગ કહે છે.

'પુષ્ટિ' એટલે અનુગ્રહ-કૃપા. અનુગ્રહ પરમાત્મા કરે છે માટે પુષ્ટિ એટલે અનુગ્રહનો માર્ગ આપણા ચાલવા માટે નથી, પરન્તુ પરમાત્માને ચાલવા માટેનો છે. પરમાત્મા આ માર્ગ ઉપર ક્યાં મળશે, કેવી રીતે મળશે, ક્યારે મળશે તેના પણ કોઈ નિયમ નથી. તે આપણે નક્કી કરી શકતા નથી. તે ચાલનારને મળશે કે બેસી રહેનારને મળશે તેના પણ કોઈ નિયમ નથી. જે કામભાવથી જુએ છે તેને પણ પરમાત્મા ઇચ્છે તો પુષ્ટિમાર્ગ પર મળી શકે છે; પરન્તુ આપણે કામભાવથી પરમાત્માને શોધવા જઈશું તો પરમાત્મા મળશે નહીં. આપણે ક્રોધ કરીને કે દ્વેષ કરીને પરમાત્માને શોધવા જઈશું તો પરમાત્મા મળશે નહીં. શિશુપાલે પરમાત્માનો દ્વેષ કર્યો તેથી તેને પરમાત્મા મળ્યા હતા એવી વાત નથી. પરમાત્મા પોતે પુષ્ટિમાર્ગ પર ચાલીને શિશુપાલની સામે ગયા તેથી શિશુપાલને પરમાત્મા મળ્યા હતા. જો કામભાવને લઈને પરમાત્મા મળતા હોય તો બધી કામાતુર વ્યક્તિઓને પરમાત્મા મળવા જોઈએ. પરમાત્મા કામભાવથી મળતા નથી, પરમાત્મા પુષ્ટિમાર્ગ પર આવે છે ત્યારે કામવાળી વ્યક્તિને પણ મળે છે.

આમ, પરમાત્માને પ્રાપ્ત કરવાના જીવ માટે ત્રણ માર્ગ જ છેઃ જ્ઞાન, કર્મ અને ભક્તિ. તે પ્રત્યેક માર્ગ માટે એક-એક બીજભાવ છે. બીજભાવ એટલે સ્થાયી ભાવ. આપણા હૃદયમાં કાં તો જ્ઞાનનો સ્થાયી ભાવ છે અથવા કર્મનો સ્થાયી ભાવ છે અથવા ભક્તિનો સ્થાયી ભાવ છે. જેમ બાળક પ્રત્યે મા-બાપના મનમાં વાત્સલ્યનો ભાવ છે તેનો અર્થ એવો નથી કે મા-બાપ ચોવીસે કલાક બાળકને પ્યાર જ કરે છે. ક્યારેક મા-બાપ બાળકને ધમકાવે પણ છે, ક્યારેક શિક્ષા પણ કરે છે, ક્યારેક મારે પણ છે. બાળક રડે છતાં પણ તેને શાળાએ મોકલે છે, તેને જબરદસ્તીથી ન્હવડાવે છે. મા-બાપને બાળકની કોઈ વાત યોગ્ય લાગે છે તો ક્યારેક બાળકની કોઈક વાત અયોગ્ય પણ લાગે છે. મા-બાપ બાળક માટે જે કંઈ કરે છે તે વાત્સલ્યને લઈને કરે છે. ગાળ દે છે તો તે પણ દ્વેષભાવથી નહીં પરન્તુ વાત્સલ્યને કારણે દે છે. આમ મા-બાપના મનમાં બાળક પ્રત્યેનો સ્નેહ સ્થિર છે, સ્થાયી છે. તેની અલગ-અલગ લહેરો આવતી હોય છે. ક્યારેક તે ગાળના રૂપમાં આવે છે, ક્યારેક ત્યાગના રૂપમાં આવે છે તો ક્યારેક ઉપેક્ષાના રૂપમાં પણ આવે



છે. કૃષ્ણ જ્યારે દૂધમાટે રડતા બેઠા હતા ત્યારે યશોદા તેમને દૂધપાન કરાવવાને બદલે દૂધ ગરમ કરવાની ચિંતા કરતાં હતાં. તેથી ભગવાને દહીંનું માટલું ફોડ્યું. આમ, યશોદા પણ કૃષ્ણની ઉપેક્ષા કરી શકે છે. તે ઉપેક્ષા કરે છે તેમાં પણ સ્નેહનો જ સ્થાયી ભાવ છે. આ બધા સંચારી ભાવ કહેવાય છે, જે ક્ષણભર માટે આવે છે અને જાય છે.

આવી જ રીતે, કોઈકના હૃદયમાં દ્વેષનો સ્થાયી ભાવ હોય તો પણ તેને ક્યારેક સ્નેહ પણ પ્રકટ થતો જ હોય છે.. દ્વેષનો સ્થાયી ભાવ છે એનો અર્થ એવો નથી કે તેના હૃદયમાં ચોવીસે કલાક દ્વેષ જ હોય. ક્યારેક ત્યાગ, ક્યારેક પ્રશંસા, ક્યારેક સ્નેહ નો પણ સંચારી ભાવ આવી જ શકે છે. એક દ્વેષી પોતાના પ્રતિસ્પર્ધીની સારી બાબતોની પ્રશંસા પણ કરી શકે છે.

જ્યારે શિષ્યને ગુરુમાં વિશેષ શ્રદ્ધા હોય છે ત્યારે ગુરુની સામે શિષ્ય થોડો મુખરિત થાય છે, અર્થાત્, તે બોલવામાં ક્યારેક મર્યાદાનું ઉલ્લઙ્ઘન કરી બેસે છે. સાચી વાત એ છે કે જો શિષ્યને ગુરુમાં દૃઢ શ્રદ્ધા છે તો તેમાં સમ્પૂર્ણ દીનતા હોવી જોઈએ; પરન્તુ ગુરુ પ્રત્યેની તેની શ્રદ્ધા ક્યારેક સ્નેહના ભાવમાં વહેવા લાગે છે, જેથી તે ગુરુની સામે મર્યાદા ઓળંગી બોલવાની છૂટ મેળવી લે છે. આવી છૂટ તેની ઘણી શ્રદ્ધાને લઈને તેને મળે છે. આમ, ક્યારેક સ્નેહવશ તે મુખરિત થાય છે ત્યારે ગુરુ તેની મુખરતાને પણ સહન કરે છે. શિષ્યની મુખરતા તેનો સંચારી ભાવ છે, સ્થાયી ભાવ નથી.

આમ, જ્ઞાનીનો સ્થાયી ભાવ ''અહં બ્રહ્માસ્મિ'' છે, કર્મમાર્ગીનો સ્થાયી ભાવ ''તવાહમ્ અસ્મિ'' છે, ભક્તનો સ્થાયી ભાવ ''ત્વમ્ મદીયોઽસિ'' છે. આના અર્થ એવો નથી કે તેમનામાં બીજા સંચારી ભાવો આવતા નથી. ક્યારેક જ્ઞાનીમાં પણ અન્ય સંચારી ભાવો આવે છે, ત્યારે સ્થાયી ભાવ સ્થિર રહેવા છતાં સંચારી ભાવ છલકાય છે. જ્ઞાનીમાં ''હું અને તું એક છીએ'' એવો સ્થાયી ભાવ હોવા છતાં ક્યારેક એવો સંચારી ભાવ જાગી શકે છે કે ''હું તારો છું'', ક્યારેક એવો સંચારી ભાવ પણ જાગે છે કે ''તું મારો જ છે''. પરન્તુ આવા સંચારી ભાવ ક્ષણિક હોય છે, કાયમી હોતા નથી. માને પોતાના બાળક પર લાંબો સમય ગુસ્સો આવતો નથી,

પરન્તુ મા જો હંમેશા તેના દીકરા પર ક્રોધિત રહે તો જાણવું કે માના વાત્સલ્યમાં કંઈક ગરબડ છે. તેથી ત્યાં રસાભાસ થાય છે. મા એકાદ-બે દિવસ ગુસ્સો કરે તો બાળક પણ તે સમજે છે અને ભય સાથે તે માણે છે. પરન્તુ મા દરરોજ ક્રોધિત રહેવા લાગે તો બાળક તેને દૂરથી જ નમસ્કાર કરશે.

નંદદાસજી કહે છે કે ''જદપિ નિરંતર મધુ ખાય હોવે સુખ ભારી, બિચ-બિચ કટુ તિક્ત લવણ સદા હિતકારી''. આપણે સતત પકવાન્ન ખાતા રહીએ તો તે મીઠું તો લાગે, પરન્તુ વચ-વચમાં મરચું, ચટણી, લીંબુ, ખારાશ ચાખીએ તો મિષ્ટાન્નનો સ્વાદ વિશેષ આવે છે. તીખાશ, ખારાશ, કડવાશ ની સાથે ગળપણ ખાવાની જે મઝા છે તે સતત ગળપણ ખાવામાં નથી.

આવી રીતે, પરમાત્મામાં ''અહં બ્રહ્માસ્મિ'' નો સ્થાયી ભાવ રાખવામાં જ્ઞાનીને મજા આવતી નથી. તેવી જ રીતે, કર્મમાર્ગી પરમાત્મા પ્રત્યે સ્થાયી ભાવ રાખીને કહે છે કે ''હું તારો છું''. કર્મમાર્ગીના હૃદયમાં આવો સ્થાયી ભાવ સ્થિર હોવા છતાં ક્યારેક સંચારી ભાવ જાગતાં તે કહી દે કે ''તું અને હું એક જ છીએ'', હું જે કામ કરી રહ્યો છું તે તારું જ કામ છે. તારામાં અને મારામાં ભેદ ક્યાં છે?'' દુનિયાની મોટી-મોટી કર્મઠ વ્યક્તિઓ સાથે વાત કરશો તો તમને સમજાશે કે તેઓ તેમના કામને તેમનું માનશે નહીં. તેઓ કહેશે કે ''આ પરમાત્માનું કામ છે''. તેમને થોડા સમય માટે પરમાત્માનો આવેશ આવી જાય છે, પરન્તુ તે તેમનો સ્થાયી ભાવ નથી, સંચારીભાવ છે.

આ જ રીતે ભક્તના હૃધયમાં સ્થાયી ભાવ હોય છે કે ''પરમાત્મા મારો છે''. આવો સ્થાયી ભાવ હોવા છતાં ભક્તને પણ ક્યારેક એવો સંચારીભાવ જાગે છે કે ''હું જ પરમાત્મા છું''. આ સંચારી ભાવ જો સ્થાયી બની જાય તો રસાભાસ થાય.

જ્યારે ભગવાન્ રાસમાં તિરોહિત થયા ત્યારે ગોપીઓમાં આવો સંચારીભાવ આવ્યો હતો. તેમને એવું લાગ્યું હતું કે ''હું જ કૃષ્ણ છું''. તેમને આવું લાગ્યું, કારણ કે કૃષ્ણ તેમની સામે આવતા ન હતા. તેથી ભક્તકવિએ ગાયું છે કે-



*રાધિકા કાનકો ધ્યાન ધરે, તબ કાન હ્વૈ રાધિકાકે ગુણ ગાવે.*
*આપ હિ આપહિમેં ઉરઝે, સુરઝે વિરુઝે સમઝે સમઝાવે.*

ગોપી જ્યારે કૃષ્ણનું ધ્યાન કરે છે ત્યારે ધ્યાન ધરતાં-ધરતાં તેનામાં એટલી તન્મયતા આવી જાય છે કે જે સંવાદ કૃષ્ણે બોલવાના છે તે સંવાદ તે પોતે બોલવા લાગે છે. તે પોતાને પૂછે છે ''અરે! તું કેમ રડી રહી છે? કેમ પરેશાન છે?'' કારણ કે તેના હૃદયમાં કૃષ્ણ સંચારીભાવના રૂપમાં પ્રકટ થાય છે. ત્યારે તેને લાગે છે કે ''હું જ કૃષ્ણ છું''. પરન્તુ આ ભાવ સ્થિર રહી શકતા નથી. જો આ ભાવ સ્થિર થાય તો રસાભાસ થઈ જાય.

જ્ઞાનના સ્થાયી ભાવમાં ભક્તિ સંચારીભાવ બની શકે છે. તેવી રીતે, ભક્તિના સ્થાયી ભાવમાં જ્ઞાન સંચારીભાવ બની શકે છે, જ્ઞાન અને ભક્તિના સ્થાયી ભાવમાં કર્મ સંચારીભાવ બની શકે છે, કર્મના સ્થાયી ભાવમાં જ્ઞાન અને ભક્તિ સંચારીભાવ બની શકે છે.

સમજવાનું આટલું જ છે કે સ્થાયી ભાવ હમેંશાં સ્થિર રહે છે, જ્યારે કે સંચારીભાવ ઋતુની જેમ આવતો-જતો રહે છે.

જે વખતે આપણા હૃદયમાં ભક્તિનો સ્થાયી ભાવ, અર્થાત્ બીજભાવ હોય કે ''હે પ્રભુ! તું મારો છે, તો આપણે ભક્તિના માર્ગ પર આગળ વધી શકીએ છીએ, પછી ચિંતા કરવાની જરૂર નથી; પરન્તુ જેના હૃદયમાં આવો બીજભાવ નથી, જેના હૃદયમાં પરમાત્માને પોતાનો માનવાની મહત્વાકાંક્ષા નથી તે ભક્તિના માર્ગે ચાલી શકતો નથી. જેના હૃદયમાં નિરંતર એવું દૈન્ય હોય છે કે ''હું પરમાત્માનો છું'' તે કર્મમાર્ગ પર ચાલી શકે છે, જેના હૃદયમાં એવી મહત્વાકાંક્ષા હોય છે કે ''હું પોતે પરમાત્મા છું'' તે જ્ઞાનમાર્ગ પર ચાલી શકે છે.

શ્રીમહાપ્રભુજી જ્યારે બીજભાવની દઢતાની વાત કરે છે ત્યારે એનો અર્થ એ થાય છે કે ''પરમાત્મા મારો છે. કદાચ આજ તે મારો નહીં હોય તો કાલે જરૂર બની જશે''. જો આવો ભાવ આપણા હૃદયમાં દઢ હશે તો ભક્તિ પ્રવૃદ્ધ થશે;

પરન્તુ આ ભાવમાં જો ક્યાંક કચાશ હશે, અવિશ્વાસ હશે કે સંદેહ હશે તો સમજી લેવું કે ભક્તિમાર્ગ પર ચાલવા માટે આપણે લાયક નથી. જો હૃદયમાં આવો ભાવ નથી તો આપણે પરમાત્માને સ્નેહ કરવા માટે લાયક નથી.

ભક્તમાં એવી દૃઢતા હોવી જોઈએ કે પરમાત્મા મારો છે. ભલે તે આજે મારો ન લાગતો હોય, પરન્તુ એક દિવસ એવો આવશે જ્યારે હું પરમાત્માને મારો બનાવી દઈશ. ત્યારે પરમાત્માને કહેવું પડશે કે ''હું તારો છું''. આવી શ્રદ્ધા ભક્તિમાર્ગ પર ચાલવાની શરૂઆત કરવા માટે જરૂરી છે. જેના મનમાં આવો ભાવ છે તેનું ભક્તિમાર્ગમાં સ્વાગત છે. તેથી ભક્ત કહે છે ''અનત ન જૈયે પિય! રહિયે મેરે હિ મહલ''. તું મારો છે, તું મારે ત્યાં જ રહે, બીજે જઈશ નહીં. જો બીજે જઈશ તો ચક્કર પડી જશે.''

કિશનગઢના રાજાના મહેલમાં શ્રીઠાકોરજીનું મંદિર છે. મંદિરના દરવાજા પર હાઉ-બિલાઉ બેસાડ્યા છે અને ત્યાં શ્રીઠાકોરજી વાંચી શકે તેમ સૂચના લખી છે કે, આ દરવાજાની બહાર જશો નહીં. દરવાજા પર હાઉ-બિલાઉ બેઠા છે તે પકડી લેશે. એક ભક્તકવિએ પણ ગાયું છે ''દૂર ખેલન જિન જાઉ લાલન! બાહર બૈઠે હાઉ-બિલાઉ''. તમારે આટલામાં જ ખેલવાનું છે, ઘરના ઉંબરાની અંદર જ ખેલો, તેની બહાર જશો નહીં.

જેને ઈશ્વરમાં આવી નિષ્ઠા હોય તે જ આવી ધમકી આપી શકે અને તેને જ ભક્તિમાર્ગ પર ભગવાન્ કહી શકે 'સ્વાગતમ્' તમે જરૂર આવો, આ ભક્તિમાર્ગ તમારે માટે છે.

જે ભગવાને પૂતનાને મારી, બકાસુર માર્યો, અઘાસુર માર્યો તે ભગવાનને બિચારા હાઉ-બિલાઉ શું નુકશાન કરી શકે? તેથી શ્રીમહાપ્રભુજી કહે છે કે, તમારા હૃદયમાં જો ભક્તિમાર્ગનો બીજભાવ નથી, તમારા હૃદયમાં ''પરમાત્મા મારો છે'' એવી નિષ્ઠા નથી તો તમે પરમાત્માને આવો ડર બતાવી શકશો નહીં. તમારે આવો બીજભાવ છે તો ચિંતા કરવાની જરૂર નથી કે સર્વવ્યાપક પરમાત્મા કેવળ તમારા જ મહેલમાં કેવી રીતે રહેશે? ભક્તને તો એવી શ્રદ્ધા રહે છે કે ભલેને તે સર્વવ્યાપક



હોય, પરન્તુ મારા મહેલમાં તો છે ને! ત્યારે પરમાત્મા પણ એમ કહી શકતો નથી કે ''હું તારા મહેલમાં નહીં રહું''. જ્યાં ભક્તિ છે ત્યાંથી જવામાટે પરમાત્મા પણ સમર્થ નથી. પરન્તુ ભક્તના હૃદયમાં ''રહિયે મેરે હિ મહલ''નો દૃઢ આગ્રહ હોવો જોઈએ.

અમારા કિશનગઢના ઘરમાં અમે શ્રીઠાકોરજીની સેવા ટેરા ભીતર જ કરવાનો ક્રમ રાખ્યો, દર્શન બંધ કરી દીધાં, ત્યારે દર્શન કરવા આવનારાઓ કહેવા લાગ્યા કે, આ તો પબ્લિક મંદિર છે. ત્યારે મારે કહેવું પડ્યું કે અમે તમને ઠાકોરજીનાં દર્શન એટલા માટે નહોતા કરાવ્યા કે તમે અમારા ઠાકોરજી ઊપર પબ્લિક હોવાનો દાવો માંડો. અમારો અને તમારો સ્નેહનો સમ્બન્ધ હતો, તેથી અમે તમને અમારા ઘરમાં આવવા દીધા. દર્શન કરવાની પરવાનગી આપી એટલે હવે તમે એવો દાવો કરો છો કે આ ઘર સાર્વજનિક મંદિર છે! ગાલિબ કહે છે કે, જેને મેં મારો દોસ્ત સમજીને મારી પ્રિયતમા બતાવી, તે જ હવે તેનો આશિક બની, મારી પ્રિયતમાને મારી પાસેથી છિનવી જવા ઈચ્છે છે! અમે વૈષ્ણવોને એટલા માટે ઠાકોરજીનાં દર્શન કરાવ્યાં કે અમે તમને અમારા જાણ્યા હતા. ગમે તેટલો અંગત સમ્બન્ધ કોઈની સાથે હોય છતાં કોઈ પણ ક્યારે બીજાની સમ્પત્તિ ઉપર પોતાનો દાવો કરતો નથી. પણ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને ગુરુજનોએ એમના ઠાકોરજીના દર્શનની છૂટ આપી એ ડાકણને ઘર દેખાડવા જેવું થયું. તેથી અમે દર્શન બંધ કરી દીધા. બે-ચાર વૈષ્ણવો મારી પાસે આવ્યા. કહેવા લાગ્યા, ''મહારાજ! શું આપ એમ માનો છો કે ભગવાન્ કેવળ આપના જ છે? ભગવાન્ તો બધાના છે, માટે બધાને માટે ભગવાનનાં દર્શન ખુલ્લાં રાખો''. મેં કહ્યું ''તમે પરમ જ્ઞાની છો, આટલો જ્ઞાની હું નથી.'' ત્યારે તેઓ કહેવા લાગ્યા ''ના! ના! આપ ઘણું ભણ્યા-ગણ્યા છો, આપ જ્ઞાની છો; છતાં આટલું કેમ સમજતા નથી!'' ત્યારે મેં કહ્યું ''તમે કહો તો હું સ્ટેમ્પ-પેપર ઉપર લખી આપું કે હું જ્ઞાની નથી''. મેં કહ્યું ''ભગવાન્ જો બધાના હોય તો બધાના ઘરમાં જ હશે. તમારા ઘરમાં તમારા ભગવાન્‌ને કેમ પધરાવતા નથી? તેમનાં દર્શન કેમ કરતા નથી? મારા ઘરમાં જબરદસ્તીથી ઘૂસીને એમ શામાટે કહો છો કે ભગવાન્ બધાના છે?''

આપણે કોઈના ઘેર જઈએ, ત્યાં સુંદર બાળક હોય તે આપણને વ્હાલું

લાગે તો આપણે બે-ચાર દિવસ તેના ઘેર જઈ તેને રમાડીએ. પછી શું કોર્ટમાં એવો દાવો માંડીશું કે આ બાળક અમારું પણ છે! શું બાળકનું રાષ્ટ્રિયકરણ કરશો? મિલકતનું રાષ્ટ્રિયકરણ થાય, કંપનીઓનું રાષ્ટ્રિયકરણ થાય, રસ્તાઓનું રાષ્ટ્રિયકરણ થાય; શું બાળકોનું પણ રાષ્ટ્રિયકરણ થાય? આથી જ મેં ઠાકોરજીના દર્શન બંધ કરાવી દીધા.

એક વ્યક્તિએ મને કહ્યું ''મહારાજ! તમે ઠાકોરજીનો ધંધો નહીં કરો તો તમારે બૂટ-પોલિશ કરવી પડશે.'' મેં કહ્યું, ''બહુ સારી વાત છે. બૂટ-પાલિશની ડબી મારી હશે, બ્રશ પણ મારો હશે, તેના ઉપર પબ્લિકનો કોઈ દાવો નહીં હોય. મારે જેટલો સમય બૂટ-પોલિશ કરવી હશે એટલો સમય કરીશ, પછી ડબી ખિસ્સામાં મુકી ચાલ્યો જઈશ. કોઈ એવો દાવો તો નહીં કરી શકે ને કે બૂટ-પોલિશના ધંધાનું રાષ્ટ્રિયકરણ થયેલા છે તેથી તમે કેમ અમારા બૂટને પોલિશ કરવાની ના પાડો છો? મંદિરનો ધંધો ચલાવવાને બદલે બૂટ-પોલિશનો ધંધો ચલાવવો મને લાખ દરજ્જે સારો લાગે છે. મંદિરનો ધંધો ચલાવવામાં જો ઠાકોરજીને ખોવા પડતા હોય તો એવો મંદિરનો ધંધો ચલાવવામાં નુકસાન જ છે, કોઈ ફાયદો નથી''.

પરન્તુ લોકોમાં આ પ્રકારની ગેરસમજ ફેલાઈ ગઈ છે. લોકો ભક્તિ, જ્ઞાન અને કર્મ વચ્ચે જે સૂક્ષ્મ અંતર છે તેને સમજતા નથી. તેમના મનમાં કર્મનો આગ્રહ મુખ્ય બને છે કે અમારે ભગવાનનાં દર્શન કરવાં છે. તેમનો ભગવાનમાં ભાવ હોતો નથી. એક વૈષ્ણવ આવીને મને કહ્યું કે ''તમારા ઠાકરોજી એ અમારા પણ ઠાકોરજી છે.'' ત્યારે મને ગુજરાતના સાહિત્યકાર શ્રીકનૈયાલાલ માણેકલાલ મુનશી યાદ આવ્યા. તેમની પ્રથમ પત્નીથી તેમને સંતતિ હતી. પ્રથમ પત્નીના મૃત્યુ પછી તેમણે બીજી વખત લગ્ન કર્યું. તે બાઈ વિધવ હતી અને તેના પૂર્વ પતિથી તેને સંતતિ પણ હતી. મુનશીએ તેની સાથે લગ્ન કર્યાં એટલે તે બીજી પત્નીથી પણ તેમને સંતતિ થઈ. આમ, તેમના ઘણમાં ત્રણ પ્રકારનાં બાળકો હતાં. એટલે તેઓ એમ કહેતાં કે ''આ મારું બાળક, આ તારું બાળક અને આ આપણું બાળક.'' એવી રીતે આ વૈષ્ણવે આવીને સીધેસીધું મને પૂછ્યું કે ''તમારા ઠાકોરજી એ મારા ઠાકોરજી ખરા કે નહીં?'' તો મને કહેવાનું મન થયું કે જે બાળક મારાં છે એને તું તારાં કેવી રીતે કહી શકે? આમ, આજે આપણે ભક્તિનો ભાવ સમજતા નથી અને બેઠા-બેઠા



આવા દાવા કરીએ છીએ કે આ ઠાકોરજી અમારા છે, પેલા ઠાકોરજી પબ્લિકના છે. તેથી મેં નક્કી કર્યું કે જાહેર સેવાનો ધંધો ફાયદાનો નથી, નુકસાનનો છે, માટે તે બંધ કરો, તેના કરતાં બૂટ-પોલિશનો ધંધો વધારે સારો છે, જેમાં કમસેકમ ડબ્બી અને બ્રશ તો આપણો પોતાનો હોય, તેના ઉપર બીજું કોઈ હક્ક કરતું તો ન આવે. આપણે ઈચ્છીએ ત્યારે ડબ્બી અને બ્રશને ખિસ્સામાં મૂકીને જવું હોય ત્યાં જઈ શકીએ. જો આવી રીતે આપણે ઈચ્છીએ ત્યાં આપણાં ઠાકરોજીને પધરાવીને જઈ શકીએ તો માનવું કે ઠાકોરજી આપણા છે, પરન્તુ ચેરિટી કમિશ્નર આપણને નોટિસ આપે કે તમે અહીંથી ઠાકોરજી પધરાવી શકતા નથી, તો માનવું કે ઠાકોરજી પબ્લિકના છે. જે બાળકની સાથે આપણે હરી-ફરી ન શકીએ તે બાળક આપણો કેવી રીતે હોય? આપણે ગરમીના દિવસોમાં પંચમઢી જેવા હીલ સ્ટેશન ઉપર જવું છે, તો શું આપણી સાથે આપણાં બાળકને આપણે ન લઈ જઈ શકીએ? કઈ માતા પોતાના બાળકને છોડીને એકલી ફરવા જશે? પરન્તુ એવી છૂટથી આજે ગુરુજનો તેમના ઠાકોરજીને પધરાવીને જઈ શકતા નથી, કારણ કે જાહેર મંદિરમાં બિરાજતા ઠાકોરજી સરકારના-જહેર જનતાના થઈ ગયા છે.

આજે લોકો સિદ્ધાન્ત સમજતા નથી અને ખોટા ઝઘડા કરે છે, તેનું મુખ્ય કારણ એ છે કે ભક્તિ શું છે અને તેનું રહસ્ય શું છે, તે તેઓ સમજતા નથી. કર્મ શું છે અને તેનું રહસ્ય શું છે તે સમજતા નથી. જ્ઞાન શું છે અને તેનું રહસ્ય શું છે તે પણ સમજતા નથી. આના પરિણામે આપણે આ બધાની ખીચડી પકાવી રહ્યા છીએ. કર્મમાં જ્ઞાન મેળવીએ છીએ, જ્ઞાનમાં ભક્તિ મેળવીએ છીએ, ભક્તિમાં કર્મ મેળવીએ છીએ. આ બધી ખીચડી કેવી બને, તે કોણ જાણે? તે સ્વાદિષ્ટ બને કે બેસ્વાદ બને? આવી ખીચડી બનાવવામાં આપણને આનંદ આવવા લાગ્યો છે. પરન્તુ હકીકત એ છે કે શ્રીમહાપ્રભુજીને આવી ખીચડી માન્ય નથી.

પુષ્ટિમાર્ગ ભક્તિમાર્ગ જ છે, તેમાં પણ હંમેશા આવું કૌભાંડ ચાલ્યા કરે છે. દિવસે-દિવસે આપણી રુચિ મંદિરનો ધંધો ચલાવવાની થતી જાય છે, પરન્તુ કોઈને ઘરમાં સેવા કરવામાં રુચિ જાગતી નથી. શ્રીમહાપ્રભુજી તો સ્પષ્ટ આજ્ઞા કરે છે કે ''બ્રહ્મ ભાવાત્તુ ભક્તાનાં ગૃહએવ વિશિષ્યતે''. બ્રહ્મજ્ઞાનનીને મળતાં સુખ કરતાં અનેક ગણું વધુ સુખ ઘરમાં ભગવત્સેવા કરનારો ભક્ત ગૃહસ્થાશ્રમમાં મેળવે

છે. અહીં 'ભક્તિવર્ધિની'માં પણ શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ આજ્ઞા કરે છે કે ''આપણા ઠાકોરજી આપણા ઘરમાં હોવા જોઈએ, તેમની સેવા આપણે આપણા ઘરમાં કરવી જોઈએ. જો આપણે આપણા દિલના ટુકડા જેવા પ્રભુને ઘરમાં પધરાવીને તેનો આનંદ લેવાનો પ્રયત્ન નથી કર્યો તો તે પ્રભુ ભક્તિમાર્ગ ઉપર ચાલવામાં આપણને પૂરો પ્રકાશ નહીં આપે. ભક્તિમાર્ગ પર ચાલવા માટે જો આપણને પ્રકાશ જોઈતો હોય તો આપણે આપણા ઘરમાં દીવો પ્રગટાવવો પડશે.

ભક્તિ આંખ મીંચીને કરવાની વસ્તુ નથી, ભક્તિ આંખથી કૃષ્ણને જોવાની બાબત છે, કાનથી કૃષ્ણના ગુણ સાંભળવાની બાબત છે, કૃષ્ણને સમર્પિત કરેલ ભોગનો પ્રસાદ લેવાની બાબત છે, કૃષ્ણને ધરાવેલી પુષ્પમાલાની સુગંધ સૂંઘવાની બાબત છે. કૃષ્ણને આપણા કુટુંબના સભ્ય બનાવી, તેમની સાથે જીવન જીવવાની બાબત છે. જો આપણા જીવનની પ્રણાલી આ પ્રકારની હોય તો તે ભક્તિ છે, જો આંખ મીંચીને ભક્તિ કરવાની હોય તો તેના કરતાં જ્ઞાન શું ખોટું?

આંખ મીંચીને ચિત્તમાં ધ્યાન કરો. જ્ઞાની કહે છે, તમે આવી રીતે ધ્યાન કરશો તો જ્ઞાનમાર્ગ તમારું સ્વાગત કરવા તૈયાર છે; પરન્તુ કૃષ્ણની ભક્તિ કરવાની હોય તો આંખ મીંચીને થઈ શકશે નહીં. કૃષ્ણની ભક્તિ કરવી હોય તો આપણી આંખથી અપલક નેત્રે કૃષ્ણના રૂપનું દર્શન કરવું પડશે. નંદદાસજી એક પદમાં આ વાત સુંદર રીતે સમજાવે છે.

*નિત હી નિત આવત ગોકુલકી નાર,*
*દીપક લે ચલી બાટમેં*
*બડો કર દાર ફિર બયારકો દેત ગાર,*
*નંદદાસ નંદલાલ પ્રભુ પ્યારે સોં નૈન લાગે ઐસે,*
*પલકકી ઔર માનો બિતે જુગ ચાર.*

ગોપાંગના દરરોજ યશોદાજીને ત્યાં દીવો પ્રગટાવવાનું બાનું કાઢીને દરરોજ આવે છે. દીવો પ્રગટાવે પછી પવન આવે તેવ ઠેકાણે દીવો મૂકે. પવન તો હતો જ નહીં, એટલે તેણે જાતે ફૂંક મારીને દીવો હોલવી નાખ્યો. પછી હવાને ગાળો દેતી-



દેતી દીવો પ્રગટાવવા પાછી આવી, કારણ કે કૃષ્ણને નીરખવા તેનું મન તડપતું હતું. આંખોની પાંપણનો એક પલકારો તેને ચાર જુગ જેટલો લાગતો હતો. પ્રતિ ક્ષણ અપલક નેત્રે કૃષ્ણને નિહાળવામાં પરમાનંદનો અનુભવ થતો હતો.

આનાથી ઉલટું આપણે આજે જોઈએ છીએ. કેટલાક લોકો આંખો મીંચીને ઠાકરોજીની સામે ઉભા રહેતા હોય છે. તેમને કહેવાનું મન થાય છે કે અરે ભાઈ, તમે ઠાકોરજી સન્મુખ છો તો પ્રભુના રૂપની મધુરતા નિહાળો તો ખરા! ભાગવત તો કહે છે કે જેમ તરસ્યો માણસ જળ પીધા જ કરે તેમ આપણે આપણી આંખોથી પ્રભુની રૂપમાધુરીનું નિરંતર પાન કરતા રહેવું જોઈએ. જો આંખ મીંચીને ઉભા રહેવું હતું તો જંગલ શું ખોટું હતું? ઘરમાં ઠાકોરજી પધરાવવાની જરૂર શી હતી?

ઘણા વિદ્યાર્થીઓ કોલેજ્માં માત્ર હાજરી પુરાવા જતાં હોય છે. ભણવા-ગણવા સાથે તેમને લેવા-દેવા હોતા નથી. હાજરી પુરાય ત્યારે તે ધ્યાનથી 'હાજર સાહેબ' કહે પણ તે પછી ભણવામાં તેમનું ધ્યાન હોતું નથી. કોઈક વિદ્યાર્થી મગફળી ખાય, કોઈક ચણા ફાકે તો કોઈક ક્લાસ્‌ની બહાર ડોકિયા તાણતા હોય. એક શિક્ષકે વિદ્યાર્થીને પૂછ્યું ''કેમ ભેજામાં ગયું કે નહિ'' ત્યારે તેણે કહ્યું ''સાહેબ બસ, પૂંછડી બાકી છે''. વિદ્યાર્થી ક્લાસ્‌ની બારીમાંથી બગીચામાં જોઈ રહ્યો હતો કે જ્યાં એક ઉંદર પોતાના દરમાં ઘુસી રહ્યો હતો. તેની પૂંછડી બહાર રહી હતી.'' આવી જ સ્થિતિ હવેલી-મન્દિરોમાં હળીયપટ્ટી કરનારા લોકોની પણ છે. ઠાકોરજી સામે જઈ, આંખો મીંચી, ઉભા રહી ભગવાન્ સામે હાજરી પુરાવતા હોય છે. ભગવાન્ સામે હાજરી પુરાવવી એ એક કર્મ છે, તે ભક્તિ નથી. પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુજીએ ભગવત્સેવા અને પ્રભુના શ્રવણ-સ્મરણ-કીર્તન કરવાનું જરૂર કહ્યું છે પરન્તુ આવી હાજરી પુરાવવાનું ક્યાંય કહ્યું નથી. કર્મ કરવામાં કદાચ બુરાઈ ન હોય, પરન્તુ આવા કર્મને 'ભક્તિ' નામ ન આપવું જોઈએ. કર્મને જ જો ભક્તિ સમજી લઈએ તો ભક્તિની ગરિમા ખંડિત થશે.

આપણા શરીરની દસ ઈન્દ્રિયો અને અગિયારમા મન દ્વારા નિરંતર કૃષ્ણની અનુભૂતિ કરવાનો જે ભાવ છે તેનું નામ 'ભક્તિ' છે. તેથી શ્રીમહાપ્રભુજીએ

'ભક્તિવર્ધિની'માં અગિયાર શ્લોકો લખ્યા છે. અગિયાર શ્લોકની સંખ્યા દ્વારા આપશ્રી આપણને એમ સમજાવી રહ્યા છે કે શ્રીઠાકોરજીની સન્મુખ જઈ, આંખ મીંચીને ભક્તિ કર્યાનો સંતોષ ન માનશો, પરન્તુ અગિયાર ઇન્દ્રિયો દ્વારા કૃષ્ણની અનુભૂતિ કરવામાટે સદા તત્પર રહો.

જો આપણને કાનથી કૃષ્ણ સિવાય બીજી કોઈ વસ્તુ સાંભળવી ગમે તો માનવું કે આપણી કૃષ્ણભક્તિ સાચી નથી. જો નાકથી કૃષ્ણની પ્રસાદી માળા સિવાય બીજી કોઈ સુગંધ પસંદ આવે તો માનવું કે કૃષ્ણની ભક્તિમાં આપણી કચાશ છે. આમ, જ્યારે દરેક વખતે આપણી ઇન્દ્રિયોને કૃષ્ણ સિવાય બીજું બધું રુચિકર લાગે છે તો માનવું કે હજી ભક્તિમાં કચાશ છે. અને જ્યારે આપણી બધી ઇન્દ્રિયોને દરેક વખતે કૃષ્ણ જ પસંદ આવે ત્યારે માનવું કે હવે આપણી ભક્તિ સાચી છે. શ્રીમહાપ્રભુજી તો ત્યાં સુધી કહે છે કે ''પુત્રે કૃષ્ણપ્રિયે રતિઃ''. પુત્રની ઉત્પત્તિમાં પણ આપણી રતિ એટલા માટે હોય કે તે આપણને કૃષ્ણસેવામાં સહાયક બનશે. જો આપણા મનમાં આવો સમર્પણનો-વિનિયોગનો શુદ્ધ ભાવ છે તો આપણી તે કામવૃત્તિનો પણ ભગવાનમાં વિનિયોગ થશે. કૃષ્ણ જેને પ્રિય છે, એવો પુત્ર મને મળે તો અમે પિતા-પુત્ર સાથે મળીને ભગવાનની સેવા કરીશું. આમ, પ્રત્યેક ઇન્દ્રિયમાં જે વખતે ભગવદ્ભાવ પ્રકટે તો તે ભક્તિ છે. આમ, આપણી એકાદશ ઇન્દ્રિયોનો ભગવાનમાં વિનિયોગ કરાવવા માટે શ્રીમહાપ્રભુજીએ 'ભક્તિવર્ધિની'માં અગિયાર શ્લોક લખ્યા છે.

આપણે એકાદ દિવસ લાડુ ખાઈને જીભને સંતોષી દીધી અને કહ્યું કે અમે પ્રસાદ ખાધો છે તો તે આપણી ગેરસમજ છે. આપણે મિઠાઈ ખાધી છે, પ્રસાદ ખાધો નથી. જે વખતે આપણે બધી ઇન્દ્રિયોથી કૃષ્ણને ઝંખીશું ત્યારે તેનો આરોગેલો લાડુ ખાવો તે મિઠાઈ ખાવું નહીં ગણાય, તે મહાપ્રસાદ લીધો કહેવાશે. પરંતુ જ્યારે આપણને લાડુ ભાવે છે તેથી પ્રસાદના નામે તેને ખાવામાં તો આનન્દ આવી રહ્યો છે પણ કૃષ્ણના ગુણગાન સાંભળવા, કૃષ્ણની સેવા કરવી સારી નથી લાગી રહી તો સમજવું કે જે લાડવો ખાધો તે મિઠાઈ જ ખાધી.

હું નાનો હતો ત્યારે અમારે ત્યાં એક જૈન ભાઈ પુસ્તક વેચવા આવતા.



તે આવતા ત્યારે મને બહુ આનંદ થતો, કારણ કે તે દિવસોમાં અમને મુક્ત રીતે બહાર જવાની છૂટ ન હતી. તેઓ વાર્તાની ચોપડીઓ લાવતા ત્યારે અમે તેમને પ્રસાદ આપતા. મનમાં એવો લોભ રહેતો કે બિચારો વાર્તાનું પુસ્તક લાવ્યો છે તો તેને થોડોક પ્રસાદ આપો. તે પ્રસાદ માગતો અને અમે આપતા. પછી મોટા થયા પછી ખબર પડી કે જૈનોમાં તો પ્રસાદ ખાવાનો નિષેધ છે. પછી તે ભાઈ જ્યારે આવતા અને પ્રસાદ માંગતા ત્યારે તેમને વ્યંગમાં અમે કહેતો કે તમે જૈન થઈને દર વખતે અમારી પાસે પ્રસાદ માંગો છો તો તમે કેવા ભ્રષ્ટ જૈન છો? આવું કહેવા પાછળ અમારા મનમાં પણ સ્વાર્થ હતો કે તે પુસ્તક લાવે છે તેના પૈસા અમે આપીએ છીએ, પુસ્તક મફતમાં લેતા નથી. પછી તે દર વખતે વધારામાં પ્રસાદ કેમ માગે છે! એક દિવસ તેણે મજાની વાત કહી ''જુઓ, હું કઈ પ્રસાદ માગતો નથી.'' અમે કહ્યું ''વાહ, રોજ પ્રસાદ માગો છો અને કહો છો કે હું પ્રસાદ માગતો નથી!'' તેણે કહ્યું ''હું અમારા ભગવાનને ધરાવેલા પ્રસાદને જ પ્રસાદ માનું છું તમારા ભગવાનને તો હું ભગવાન્ જ માનતો નથી. એટલે તેમને ધરેલા પ્રસાદને હું પ્રસાદ માનતો નથી. તમે જેને પ્રસાદ કહો છો તેને તો હું મિઠાઈ સમજીને ખાઉં છું. તેને હું 'પ્રસાદ' એટલામાટે કહું છું કેમ કે તમે એને 'પ્રસાદ' કહો છો'' આપણામાં આવા અનેક દ્વન્દ્વ છુપાયેલા હોય છે. જ્યારે આપણી બધી ઇન્દ્રિયો પ્રભુમાં પરોવાયેલી હોતી નથી ત્યારે આપણે પ્રસાદના નામે મિઠાઈ જ ખાઈએ છીએ. જે દિવસે આપણી જીભની રુચિ નહીં, પરન્તુ આંખની રુચિ કૃષ્ણમાં થશે, કાનની, નાકની એમ દરેક ઇન્દ્રિયની રુચિ કૃષ્ણમાં થશે તે દિવસે આપણે મિઠાઈ નહીં પણ પ્રસાદ ખાઈએ છીએ એમ માનવું. 'પ્રસાદ'નો અર્થ છેઃ ભગવાનની પ્રસન્નતા. જે વખતે આપણે આપણી અગિયાર ઇન્દ્રિયોથી ભગવાનનો અનુભવ કરવા તત્પર થઈએ છીએ ત્યારે ભગવાન્ અવશ્ય આપણા પર પ્રસન્ન થાય છે.

આપણે ત્યાં ક્યારેક શ્રીઠાકોરજીને કેસરના હિંડોળામાં ઝૂલાવવાનો મનોરથ થાય છે. મનોરથનાં દર્શન કરી આવનારને આપણે પૂછીએ કે તમે શું જોઈ આવ્યા? તેઓ કહેશે કે ''અમે કેસરના હિંડોળાનાં દર્શન કર્યાં!''. સજાવટના આકર્ષણમાં લોકો એટલા બધા અંજાઈ જતા હોય છે કે એમની આંખો ઠાકોરજી સુધી પહોંચી જ શકતી નહીં.

ગોવિંદસ્વામીના ભૈરવી રાગના છોવાઈ જવાના પ્રસંગનો આપણે વિચાર કરીએ તો પ્રશ્ન થશે કે ભૈરવી રાગમાં પણ બીજા રાગની જેમ જ સાત સ્વરો હોય છે, તેમાં છોવાઈ જવા જેવું શું છે? હકીકત એ હતી તેઓ પ્રભુને રીઝવવા ભૈરવી રાગ ગાઈ રહ્યા હતા તેને છૂપા વેશે બાદશાહે સાંભળ્યો અને તેણે 'વાહ' કહ્યું. ગોવિંદસ્વામીએ વિચાર્યું કે ભૈરવી રાગ બાદશાહને રાજી કરવામાટે ગાવાનો રાગ નથી, તે તો બાદશાહના બાદશાહને રીઝવવામાટે ગાવાનો રાગ છે. તે રાગની મધુરતા મધુરાધિપતિને રીઝવવામાટે છે, તે રાગ બીજાને સંભળાવવાની વૃત્તિ આવે તો પણ તે રાગ છોવાઈ જાય.

આમ, સજાવટની વૃત્તિ, સજાવટને દેખાડવાની વૃત્તિ અને સજાવટને જોવાની વૃત્તિ આવે તો મનોરથ છોવાઈ ગયો. સાચો મનોરથ તો એ છે કે જે આપણી અને આપણા ઠાકોરજીને વચ્ચે કરવામાં આવ્યો હોય, વચ્ચે કોઈ ડોકિયા તાણનાર ન હોય. તેનો આનંદ આપણે અને આપણા ઠાકોરજી જ લઈએ.

જ્યારે આપણે પુષ્પો પ્રભુને અંગીકાર કરાવીએ ત્યારે તે પુષ્પના રંગનો પડદો આપણી આંખોને છેતરી ન શકે ત્યારે આપણે વિષયમાં મન પરોવ્યું નથી, આપણે વિષયાસકિત કરી નથી, આપણે પરમાત્માસક્તિ કરી છે એમ જાણવું. પ્રભુને અંગીકાર કરાવેલ પ્રસાદી પુષ્પની સુગંધ જ્યારે આપણે લઈએ છીએ ત્યારે આપણે લૌકિક વિષયની સુગંધ લેતા નથી, પરંતુ પરમાત્માના પ્રસાદને સૂંઘીએ છીએ.

મારે મારી અગિયારે ઇન્દ્રિયોથી પરમાત્માને શોધવો છે. મારી એકાદ ઇન્દ્રિય પણ હાજરી પુરાવીને ગાયબ ન થઈ જાય તેવી રીતે પરમાત્માને શોધવો છે. આવું જ્યારે આપણે સ્વીકારીએ ત્યારે તે ભક્તિનો બીજભાવ છે. પ્રભુ સામે આંખો મીંચીને ઉભા રહેનારાઓએ તેમની અગિયારે ઇન્દ્રિયોથી પરમાત્માના પરમાનંદને પ્રાપ્ત કરવાનો મનોરથ સેવવો જોઈએ.

મનુષ્યની અહંતા મનુષ્યને વિષયોથી વિરકત કરે છે, મનુષ્યની મમતા મનુષ્યને વિષયમાં અનુરકત કરે છે. તેથી ભકિતની પહેલી શરત એ છે કે આ અહંતા અને મમતા ને ભગવાનમાં જોડવી. અહંતા અને મમતા ને ભગવાનમાં જોડી



દેવી, તેનું નામ જ 'ભક્તિ'. 'ભક્તિ' શબ્દ 'ભજ્' ધાતુ ઉપરથી બનેલો છે. 'ભજ્' ધાતુનો અર્થ છે સેવા. 'ભજ્' ધાતુને 'કિતન્' પ્રત્યય લગાડવાથી 'ભકિત' શબ્દ બન્યો છે. એટલે ભક્તિ એટલે પ્રેમપૂર્વકની સેવા.

સેવા આપણે કોની કરી શકીએ? જેની સામે આપણી અહંતા ઝૂકી જાય, જેમની સામે આપણે ''હું દાસ છું'' એમ કહી શકીએ તેમની સેવા આપણે કરી શકીએ. જેમની સામે આપણે માથું ઉંચું રાખીને ફરીએ તેમની સેવા આપણે કરી શકતા નથી. હા, કદાચ તેના ઉપર આપણે કોઈક દાન આપીને ઉપકાર કરી શકીએ. તેથી જ પુષ્ટિમાર્ગના નામે ચાલતાં હવેલી-મન્દિરોના અહંકારી ટ્રસ્ટીઓ પ્રભુની સેવા કરી શકતા નથી. કારણ કે એમની અંદર ટ્રસ્ટ-અધિકારી હોવાનું રાવણ કરતાંય ભયંકર અભિમાન ઠાંસી-ઠાંસીને ભરાયેલું હોય છે. તેઓ શેઠીયઓની માફક ગોસ્વામી મહારાજા અને મુખિયા-ભીતરીયાઓ પાસે સેવાનું કામ કરાવવામાં એકસ્પર્ટ્ હોય છે. આવા ટ્રસ્ટીઓની શું ગતિ થશે એ કૃષ્ણદાસજીએ પોતે પ્રેતયોનિ સ્વીકારીને દેખાડી દીધું છે.

આજે દુનિયામાં ઘણા એવા માણસો છે, જે કહેતા હોય છે કે મેં અમુક વ્યકિતને આટલું દાન આપ્યું, અમુક સંસ્થાને આટલું દાન આપ્યું. તેમના દાનમાં અહંકારની દુર્ગન્ધ આવતી હોય છે. આવું દાન આપવું તે સેવા નથી, તે ઉપકાર છે.

પ્રાચીન સમયમાં એવી પ્રથા હતી કે બ્રાહ્મણને જે વખતે દાન આપવામાં આવતું ત્યારે બ્રાહ્મણને દાન આપ્યા પછી ઉપરથી દક્ષિણા આપવામાં આવતી, જેથી આપણામાં દાન આપવાનો અહંકાર રહે નહીં. બ્રાહ્મણે આપણા દાનનો સ્વીકાર કર્યો તે માટે તેનો આભાર માનતાં તેને સવા રૂપિયાની દક્ષિણા આપવામાં આવતી. એમાં એવો ભાવ હતો કે તમે મારું દાન સ્વીકારી, મારા પર ઘણો ઉપકાર કર્યો છે. આજે પણ જ્યારે આપણે કન્યાદાન આપીએ છીએ ત્યારે કન્યાદાન પછી વરને દક્ષિણા આપીએ છીએ. તેની પાછળ એ જ ભાવના છે કે તમે મારી પુત્રીનું કન્યાદાન સ્વીકારી મારા પર ઘણો ઉપકાર કર્યો છે. માટે આ દક્ષિણાથી હું તમને ધન્યવાદ આપું છું. આજે આ દક્ષિણાનું વિકૃતરૂપ આપણા ત્યાં દહેજ સ્વરૂપે જોવા મળે છે. મૂળમાં કન્યાદાન પછીની દક્ષિણામાં કન્યાના પિતાનો સેવાનો ભાવ હતો. તમે મારી

કન્યાનું દાન સ્વીકાર્યું તેની આ દક્ષિણા છે. આ દક્ષિણા વર તરફથી માગવામાં આવતી નહોતી, પરંતુ કન્યાના પિતા તરફથી ઉપકારવશ બનીને આપવામાં આવતી હતી. જ્યારથી આપણે તે દક્ષિણા માંગતા થયા ત્યારથી આપણું અધઃપતન થયું. કારણ કે માગવાથી દીનતા આવે છે. માગતી વખતે ખરેખર આપણી વાણી અને પ્રાણ વચ્ચે હરિફાઈ થવી જોઈએ કે પહેલાં હું બહાર નીકળું કે તું બહાર નીકળે છે? આજે માગતી વખતે આપણી વાણી અને પ્રાણમાં આવી હરિફાઈ જોવા મળતી નથી. માગવાથી વાત પૂરી થઈ જાય છે-બગડી જાય છે.

પુરાણમાં કથા આવે છે. 'કૌત્સ' નામનો એક બ્રાહ્મણ યુવાન રઘુરાજા પાસે જઈને કહે છે કે ''મારા ગુરુને ગુરુદક્ષિણામાં આપવા પૂરતો જ પૈસો મારે જોઈએ છે.'' રઘુ કહે છે ''અરે! આટલી ઓછી રકમ હું નહીં આપી શકું, હું વધારે આપીશ. કુબેર પાસેથી મેં જેટલું ધન મેળવ્યું છે એ બધું હું તને દક્ષિણામાં આપીશ.'' ત્યારે કૌત્સ કેવળ ગુરુદક્ષિણા પૂરતું જ દ્રવ્ય લેવાનો આગ્રહ રાખે છે. આમાં માગનારની પણ પ્રતિષ્ઠા છે અને આપનારની પણ પ્રતિષ્ઠા છે. માગનારમાં દીનતા આવે તો તેની પ્રતિષ્ઠા નાશ પામે છે. કોઈ બ્રાહ્મણને સવા રૂપિયો દક્ષિણા આપે અને તે બ્રાહ્મણ એમ કહે કે મને ચાર આના વધારે આપો, તો તેનું ગૌરવ ખતમ થાય છે. આપનારને પણ મનમાં ધિક્કારની ભાવના આવે છે કે ''અરે, હું આવા કુપાત્રને દાન કરી રહ્યો છું''. આપનારમાં એવો ભાવ રહેવો જોઈએ કે ''મેં ઘણું ઓછું આપ્યું છે, હજી વધારે આપવું જોઈએ''. લેનારમાં એવો ભાવ રહેવો જોઈએ કે ''મને ઘણું વધારે મળ્યું છે, આટલું બધું લેવામાટે હું લાયક નથી''. દાન માગવાની વસ્તુ નથી, દાન આપવાની વસ્તુ છે. દાન લેનાર નિસ્પૃહતાથી દાન લે તો દાન છે, નહીં તો તે ભિક્ષા છે, ક્યારેક તો તે ભિક્ષા પણ ભિક્ષા ન રહેતાં લૂંટ બની જાય છે.

આથી જ પુષ્ટિજીવ પરમાત્મા પાસે તેની કૃપા પણ માગતો નથી. જો આપણે પરમાત્માની કૃપા માગીએ તો સમજવું કે આપણે પુષ્ટિજીવ નથી. પુષ્ટિજીવ કયા અર્થમાં કૃપા માગતો નથી તે આપણે સમજવું જોઈએ. કારણ કે 'કૃપા' એક વ્યાપક શબ્દ છે, તેનાં અનેક રૂપ છે, જેમ 'પશુ' એક વ્યાપક શબ્દ છે. તેમાં ગાય, ઘોડો, ભેંસ, ઉંટ, હાથી વગેરે બધાનો સમાવેશ થઈ જાય છે.



કૃપાનો એક અર્થ દયા છે, બીજો અર્થ પ્રસન્નતા છે, ત્રીજો અર્થ ક્ષમા છે, ચોથો અર્થ સન્તોષ છે. માણસ જ્યારે એમ કહે કે ''હું અસમર્થ છું, તું મને મદદ કર''. આવા ઉપર જ્યારે કૃપા કરવામાં આવે છે ત્યારે કૃપાનો અર્થ દયા સમજવો જોઈએ. ''મારાથી અપરાધ થયો છે, તું મને માફ કર'' તો તે ક્ષમા છે. ''મારે ઘણું કામ કરવું જોઈતું હતું, પણ બની શક્યું નથી, જેટલું બન્યું છે એટલું ચલાવી લીધું'' આ સંતોષ છે. આમ, આ બધા કૃપાનાં વિવિધ રૂપો છે. પુષ્ટિભક્ત પરમાત્માની કૃપાનાં આવાં રૂપોની કદાપિ યાચના કરતો નથી. જો તે આવી કૃપા માગે તો માનવું કે તે ભિક્ષાર્થી છે, કૃપાનું દાન લેવાની તેનામાં પાત્રતા નથી. કારણ કે પુષ્ટિભક્તિ નિરુપાધિક સ્નેહ છે. ભક્ત ભગવાનને કહે છે કે જેમ તું મને ચાહે છે તેમ હું તને ચાહું છું. મારા પાપ-પુણ્યના હિસાબ તો હું નરક કે સ્વર્ગમાં જઈને સમજી લઈશ. પાપને લીધે નરકમાં જવું પડશે તો નરકમાં જઈશ, પુણ્યને લઈને સ્વર્ગમાં જઈશ. મારે મન સ્વર્ગ અને નર્ક બંને સમાન છે. મારે તારા સિવાય બીજું કંઈ જોઈતું નથી. મારે નરક જોઈતું નથી, સ્વર્ગ જોઈતું નથી, મુક્તિ જોઈતી નથી; મારે કેવળ તારી જરૂર છે.

કોઈ વ્યકિત ઈન્કમ ટેક્ષ ઓફિસમાં જઈને અધિકારીને લાંચ આપીને પોતાના રીટર્નની ફાઈલ નિયમપૂર્વકની કરાવી લે તો તે સોદાબાજી કહેવાય. ભક્તિ એ સોદાબાજી નથી. પુષ્ટિભક્ત આ પ્રકારે પરમાત્માની દયા ઈચ્છતો નથી, તે પરમાત્માની ક્ષમા ચાહતો નથી. પુષ્ટિભક્ત એવો શૂરવીર હોવો જોઈએ કે તે પરમાત્માને કહે કે મેં કરેલાં પાપનું ફળ હું ભોગવી લઈશ, તે માટે હું તારી ક્ષમા માગવા આવ્યો નથી. તે માટે હું મારા અને તારા કૃપા અને ભક્તિના સંબંધને નીચી પાયરી પર પટકવા ઈચ્છતો નથી. તું મારાં પાપોની ક્ષમા આપી દે તે માટે હું તારી ભક્તિ કરતો નથી. હું પાપી હોઈશ, પરન્તુ મારો તારા પ્રત્યે સ્નેહ નિરુપાધિક છે. એવોજ નિરુપાધિક સ્નેહ તારો મારા પ્રત્યે છે કે નહીં એટલું તુ મને કહે. પુષ્ટિભક્ત પોતાના નાના સરખા સેવાના કામને બતાવી મેરુ સમાન ફળ મેળવવા ઈચ્છતો નથી.

પૃથ્વીના પેટાળમાંથી તેલ કાઢવામાં આવે છે ત્યારે તે ક્રૂડ ઓઈલના સ્વરૂપમાં હોય છે, રીફાઈન્ડ સ્વરૂપમાં હોતું નથી. આપણે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે મને પુત્ર આપજે, સટ્ટાનો નંબર લગાવી આપજે, પરીક્ષામાં પાસ કરજે.

આ બધી પ્રાર્થનાઓ ક્રૂડ-પ્રાર્થના છે. ભગવાનને એમ કહીએ કે તું દયા કર, તું ક્ષમા કર, તું સંતોષ આપ તો તે બધી રીફાઈન્ડ પ્રાર્થના છે. પણ આખરે છે તો તે પ્રાર્થના જ. પુષ્ટિભક્ત તો ભગવાનને એમ જ કહે છે કે મારા-તારા વચ્ચેના સ્નેહ સંબંધને તું યાદ રાખજે, હું જ્યાં જઈશ ત્યાં તને યાદ કરીશ. તું મને જ્યાં મળીશ ત્યાં હું તારી સેવા કરીશ, તારું સ્મરણ કરીશ. માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, પુષ્ટિમાર્ગીએ પ્રભુને પ્રાર્થના કદાપિ કરવી નહીં. રીફાઈન્ડ પ્રાર્થના કે ક્રૂડ-પ્રાર્થના- કોઈ પણ પ્રકારની પ્રાર્થના કરવી નહીં.

પરમાત્માને આપણા બનાવવા છે તો સૌથી પહેલાં આપણા અહંકારને આપણે તેમની સામે નમાવવો પડશે. આનો અર્થ એ છે કે આપણામાં વિવિધ પ્રકારના અભિમાન રહેલાં છે, જેવાં કે સાધનાભિમાન, ગુણાભિમાન, યોગ્યતાભિમાન. આ સર્વ અભિમાનો આપણે તેમની સામે ઝૂકાવવા પડશે. તે કેવી રીતે ઝૂકાવી શકીએ? તેને ઝૂકાવવાનો એક જ રસ્તો છે. અને તે છે પરમાત્માના માહાત્મ્યનું જ્ઞાન પ્રાપ્ત કરવું. આપણે પૂછીશું કે માહાત્મ્ય એટલે શું? આપણે પરમાત્માના અંશરૂપ આત્મા છીએ, તે પરમ આત્મા છે. ભગવાન્ મહાન આત્મા છે એ તેનું માહાત્મ્ય છે. અંશ અને અંશીનો, બિંદુ અને સાગરનો જે સમ્બન્ધ છે તેવો સમ્બન્ધ આત્માનો પરમાત્મા સાથે છે. પરમાત્મા અંશી છે, આપણે તેના અંશ છીએ એ વાત બરાબર સમજીએ ત્યારે આપણે તેનું માહાત્મ્ય જાણ્યું છે એમ કહી શકીએ. આવું માહાત્મ્ય જાણ્યા પછી આપણે તેના અંશ છીએ એવો અહંકાર કરવો જોઈએ નહીં. આવો થોડો પણ અહંકાર આવશે તો આપણે તેની સામે નમી શકીશું નહીં. જગતની બધી વસ્તુઓ જડ કે ચેતન તેનો જ અંશ છે. તે જાણવા છતાં જો આપણો અહંકાર નમે નહીં તો તે બરોબર નથી. ધર્મ ખરેખર તો આત્માને પરમાત્મા સાથે જોડવામાટે છે, પરન્તુ બને છે એવું કે મનુષ્ય પોત-પોતાના ધર્મના સાચા છે કે ખોટા અહંકારથી પીડાય છે અને તેથી તેને ધર્મનું સાચું સ્વરૂપ સમજાતું નથી.

ખેલાડી જ્યારે ક્રિકેટ રમે છે ત્યારે કેટલાક બોલ બમ્પર આવે છે. બમ્પરનો અર્થ કે બેટની ઉંચાઈએ ન આવતાં ખેલાડીના માથા ઉપરથી તે ચાલ્યો જાય. આવા બોલને ફટકારવો તે સરળ હોતું નથી, કારણ કે તેને ફટકારવાથી કેચ



થઈ જવાનો ભય રહે છે અને ખેલાડી આઉટ થઈ જાય. આવી રીતે, સિદ્ધાન્તરૂપી દડા આપણા માથા ઉપરથી પસાર થાય ત્યારે આપણને ધર્મનો પણ અહંકાર આવે છે. લગભગ દરેક ધર્મમાં આવું બને છે. પ્રભુએ જાણે દરેક મનુષ્યમાં અહંકારનું એક એવું યંત્ર લગાવ્યું છે કે મનુષ્યનો એક અહંકાર છૂટે એટલે બીજો ચાલુ થઈ જાય. વિદ્યુતથી ચાલતું લાઉડ સ્પીકર વિદ્યુત અટકી જતાં જેમ બેટરીથી ચાલુ રહે છે તેમ અહંકારનું લાઉડ સ્પીકર પણ કોઈ ને કોઈ પ્રકારે ચાલુ જ રહે છે. અહંકારના બધા પ્રકારો છોડી દઈને આપણે એમ કહીશું કે દીનતા રાખો તો માણસ દીનતાનો પણ અહંકાર કરશે કે આ દુનિયામાં મારા જેવો કોઈ દીન નથી. દુનિયામાં આવા મનુષ્યો હોય છે, જે બધા અહંકાર છોડીને દીનતાનો અહંકાર કરવા લાગી જાય. તેના મનમાં એવી હરિફાઈ જન્મે છે કે બીજા વ્યક્તિમાં જેટલી દીન છે તેનાથી હું દસ ગણો દીન દેખાઉં. જ્યારે આપણે દીનતાનો આવો દેખાવ કરીએ છીએ ત્યારે આપણી અંદર દીનતા નથી હોતી પરન્તુ દીનતાનો અહંકાર હોય છે. સાચી દીનતા ખૂબ ઉત્તમ છે, પરન્તુ દીનતાનો અહંકાર ખૂબ વિકૃત છે. અંગ્રજીમાં તેને 'પર્વર્ઝન્' કહે છે. મનુષ્યનો સ્વસ્થ અહંકાર દીનતાના અહંકાર જેટલો ખરાબ નથી.

જગતના બધા ધર્મો જ્યારે એમ કહે છે કે અહંકાર છોડી દો ત્યારે આપણે એમ કહીએ છીએ કે દુનિયામાં અમારો જ ધર્મ સાચો ધર્મ છે અને અમે જ સાચા ધાર્મિક છીએ, બીજા તો અધાર્મિક છે. આમ, જ્યારે આપણે અહંકાર રાખીએ છીએ ત્યારે આપણે ધર્મની મૂળ ભાવનાને સમજી શકતા નથી, ધર્મનો બોલ બમ્પર જાય છે.

જ્યારે આપણે એમ સમજીએ છીએ કે હું પુષ્ટિમાર્ગી છું, હું વૈષ્ણવ છું, શૈવ છું, હિંદુ છું, મુસલમાન છું કે હું ભગવાનનો ખાસ જીવાત્મા છું ત્યારે આપણને બીજા બધા લોકો સાધારણ લાગે છે. આપણા મનમાં એક વિકૃત અહંકાર પેદા થાય છે, જે સાચો અહંકાર નથી. અહંકાર છોડવાને બદલે અહંકાર વધાર્યો તે વિકૃતિની નિશાની છે. આપણે કદી એવું સમજવું નહીં કે આપણે ચેતન છીએ માટે ખાલી આપણે જ ભગવાનના અંશ છીએ, જડ પદાર્થો પણ ભગવાનના અંશ. આપણે પુષ્ટિમાર્ગી છીએ તેથી ભગવાનના અંશ છીએ, મર્યાદાજીવ ભગવાનના અંશ નથી એવું જો આપણે સમજીશું તો આપણને પુષ્ટિનો ભાવ પુષ્ટિનું તાત્પર્ય સમજાશે

નહીં. શ્રીમહાપ્રભુજી તો ત્યાં સુધી કહે છે કે આસુરી જીવો પણ ભગવાનના જ અંશ છે. આસુરી જીવ પણ ભગવાનની લીલાનું એટલું જ આવશ્યક અંગ છે કે જેટલું આવશ્યક અંગ પુષ્ટિજીવ છે. તેથી કોઈએ પુષ્ટિજીવ હોવાનું અભિમાન કરવું જોઈએ નહીં. તેને સ્થાને, જ્યારે કોઈને એમ લાગે કે તે પુષ્ટિજીવ છે ત્યારે તેણે પરમાત્માને પોતાનો બનાવવાના ઉપાયોમાં પ્રવૃત્ત થઈ જવું જોઈએ. પરમાત્મા આપણો છે એ સમ્બન્ધ સ્થાપિત કરવામાં આપણે તત્પર થવાને બદલે આસુરી કે મર્યાદાજીવો અથવા તો અન્ય ધર્મના જીવોનો પરમાત્મા સાથે કેવો સમ્બન્ધ છે એ જાણવામાં જો વધુ પડતી રુચિ રાખતા રહીએ તો માનવું કે આપણો અહંકાર વિકૃત થઈ ગયો છે, આપણી પુષ્ટિભાવના ખરેખર આપણા હૃદયમાં પ્રકટી નથી.

મનુષ્ય જેટલો પોતાના ધર્મમાં તલ્લીન થાય છે તેટલો તે પોતાના ધર્મના તાત્પર્યને વધારે સારી રીતે સમજે છે. મનુષ્ય જેટલો બીજાના ધર્મને હલકો માને છે તેટલો તે પોતાના ધર્મને ઓછો સમજ્યો છે. બીજાના ધર્મમાં ન્યૂનતા સમજવાથી કોઈ લાભ નથી. સાચી જરૂર પોતાના ધર્મમાં તલ્લીન બનવાની છે. તલ્લીનતા એટલે પ્રપંચની વિસ્મૃતિપૂર્વક ભગવદાસકિત કરવી. ભક્તિનો આ મુખ્ય સિદ્ધાન્ત છે. પ્રપંચની દોષ-સ્ફૂર્તિપૂર્વક ભગવદાસક્તિ કરવી તે જ્ઞાનમાર્ગીય સિદ્ધાન્ત છે, ભક્તિમાર્ગીય સિદ્ધાન્ત નથી. એવી જ રીતે બીજા ધર્મોના દોષ જોઈને આપણને સ્વધર્મમાં આસક્તિ થાય તો તે ભક્તિનો સિદ્ધાન્ત નથી, તે ગડબડનો સિદ્ધાન્ત છે. પરન્તુ આપણને જો ઇતર ધર્મોની વિસ્મૃતિપૂર્વક સ્વધર્મમાં આસક્તિ થાય તો માનવું કે આપણે ભક્તિનો પરમ સિદ્ધાન્ત સમજ્યા છીએ. બીજાનો ધર્મ કેવો છે, એની ચિંતા આપણે કરવાની જરૂર નથી, આપણે આપણા ધર્મમાં આસકત બનવાની જરૂર છે.

આપણા માટે ઉત્તમ નીતિ એ છે કે આપણે આપણા ધર્મમાં એટલા બધા તન્મય અને અનન્ય બની જઈએ કે આપણને બીજા ધર્મની યાદ જ ન આવે. જ્યાં સુધી આપણને બીજા ધર્મની યાદ આવે છે ત્યાં સુધી આપણી અનન્યતા થઈ નથી. જ્યારે આપણે આપણા ધર્મની અનન્યતા થાય ત્યારે આપણે સાચા ધાર્મિક બન્યા કહેવાઈએ. જ્યારે આપણે બીજા ધર્મની નિંદા કરીએ છીએ ત્યારે માનવું કે આપણા ધર્મમાં હજી આપણને આસકિત થઈ નથી. આ વૃત્તિ ઘણી દુષિત છે.



શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જે કોઈ દેવ કે ધર્મ છે તે પરમાત્માના જ કોઈક પક્ષનું નિરૂપણ કરે છે. દરેક આત્મામાં પ્રભુએ જેવો બીજભાવ સ્થાપ્યો છે તેને અનુરૂપ તે પરમાત્માના સ્વરૂપનું ભજન કરે છે. કોઈ જીવાત્માની એવી તાકાત નથી કે તે પોતે પોતાના સામર્થ્યથી ધર્મને છોડી દે. તે જે ધર્મનું પાલન કરે છે તેમાં ભગવાનની તેવી પ્રેરણા જ કારણભૂત છે. જ્યાં સુધી આવો ભાવ આપણા હૃદયમાં દૃઢ નહીં થાય ત્યાં સુધી આપણે પુષ્ટિના ભાવને સારી રીતે સમજી નહીં શકીએ. આમ, આપણામાં અહંકાર ન હોવો જોઈએ. છતાં જો અહંકાર થાય તો તે પ્રભુને મળવામાટેનો જ હોવો જોઈએ. જો આવી સ્થિતિ થાય તો માનવું કે ભક્તિ સિદ્ધ થઈ છે.

મુસલમાનને ધર્મ શું છે તે જો સારી રીતે સમજાય તો તેને સમજાશે કે મૂર્તિપૂજા એ પણ ધર્મ છે. પરમાત્માના આનંદ, ચૈતન્ય અને સત્તા નો પ્રકાશ જો પૃથ્વીના કણ-કણમાં થઈ રહ્યો છે તો શું જગતમાં મૂર્તિને છોડીને બાકીના સર્વ પદાર્થોમાં જ પરમાત્મા વ્યાપક છે? તે શું કેવળ મૂર્તિમાં જ વ્યાપ્ત નથી? સર્વરૂપધારી પરમાત્મા શું મૂર્તિનું જ રૂપ ધારણ કરી શકતો નથી? આમ, જગતમાં જે કંઈ છે તે બધું પરમાત્માનો જ અંશ છે, એવું જો સમજાઈ જાય તો પછી આપણે કોઈ પણ પ્રકારનો અહંકાર કરવાની જરૂર ઉભી થશે નહીં. આ બ્રહ્માણ્ડમાં પછી શેતાન નથી, માયા નથી, જે કંઈ છે તે બધું બ્રહ્મ જ બ્રહ્મ છે. સૌની બુદ્ધિનો પ્રેરક પરમાત્મા છે, માટે આપણે અહંકાર કરવાની જરૂર નથી.

આજે આપણે આપણા પોતાના સ્વરૂપને સમજતા નથી, પોતાના ધર્મને સમજતા નથી. આપણે આપણા સેવ્ય સ્વરૂપની સેવામાં અને ભક્તિમાં મસ્ત બની જવાની જરૂર છે. આજે આપણી સ્થિતિ ''ઘરના છોકરા ઘંટી ચાટે અને પાડોશીને આટો'' એવી થઈ છે. ભગવાન્ ગીતામાં આજ્ઞા કરે છે કે ''સ્વધર્મમાં મૃત્યુ થાય તો પણ તે શ્રેયકારી છે, પરન્તુ પરધર્મ સારો નથી.'' બીજાનો ધર્મ ધર્મતરીકે સારો નથી એવો અર્થ નથી, કારણ કે જે આપણા માટે પરધર્મ છે તે બીજાને માટે સ્વધર્મ છે. જેનો તે સ્વધર્મ છે તેને માટે તો તેમાં મૃત્યુ પણ શ્રેયકારી છે, તેને માટે આપણો ધર્મ બરોબર નથી. દરેક જણ પોતપોતાના ધર્મની ગરિમાને નભાવે તો જગતમાં ધર્મના નામે કોઈ કલહ કે ઝઘડો રહેશે નહીં. પછી કોઈ અહંકાર કે

મમતા ની વાત રહેશે નહીં. દરેક વ્યક્તિ ને પોતાના ધર્મમાં જ ઘનિષ્ઠ મમતા હોવી જોઈએ, પોતાના ઈષ્ટદેવ ઉપર મમતા હોવી જોઈએ. ઈષ્ટ દેવમાટે અહંતા રાખવાની જરૂર નથી. આ વાત સમજીશું તો ભક્તિનો ભાવ સમજાશે. જ્યારે આપણે ભગવાનનું જે રૂપ આપણને અત્યંત પ્રિય છે તે રૂપમાં આપણી મમતા પ્રકટ કરીશું ત્યારે આપણી અહંતા છૂટી જશે. અને છતાં અહંતા રહેશે તો તે ''હું દાસ છું'' એટલી જ રહેશે. આવી અહંતા ભક્તિમાં અભિનંદનીય છે. પરન્તુ જ્યારે આપણે એમ માનવા લાગ્યા કે પુષ્ટિમાર્ગીય જીવ સિવાય બીજા જીવો ભગવાનના દાસ નથી. પુષ્ટિમાર્ગ સિવાય બીજા કોઈ માર્ગમાં પરમાત્મા એટલા સર્વસમર્થ સર્વેશ્વર નથી તો તે બરોબર નથી. જે પરમાત્માને જેવી રીતે માની રહ્યો છે તે રીતે તે તેનો દાસ છે એમ સમજી આપણે સંતોષ માનવો જોઈએ. આપણે એવો અહંકાર કરવાની જરૂર નથી કે જગતમાં હું જ પરમાત્માનો દાસ છું. આપણે તો એટલું જ સમજવાનું છે કે ''તે મારો સ્વામી છે, હું તેનો દાસ છું.'' એ અહંકાર ભક્તિમાર્ગમાં ઉપયોગી છે, તેને લઈને આપણે બીજી ભટકીશું નહીં.

આને માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આપણા હૃદયમાં રહેલ બીજભાવને અનુરૂપ નિઃસાધનતાનો ભાવ જરૂરી છે. હું તારો દાસ બન્યો છું તો હું મારા ગુણોથી, મારી યોગ્યતા કે મારા સામર્થ્યથી બન્યો નથી; તું મારો સ્વામી બન્યો છે, તેથી હું તારે દાસ બન્યો છું.

એક વખત હું એક આશ્રમમાં ગયો. ત્યાંના સાધુઓએ દિવાલ પર લખ્યું હતું કે ભગવાનની ચાપલૂસી અમને પસંદ નથી. વાત તો સાચી છે. જેના ઉપર ભગવાનની કૃપા થઈ છે તે આવી ચાપલૂસી કરતો નથી, તે તો ભગવાનની કૃપાની મસ્તીમાં ભગવાનના ગુણ ગાઈ રહ્યા છે. ભક્ત તો કહે છે કે હું તારી સ્તુતિ કરી રહ્યો છું તે મારું સામર્થ્ય નથી, તારા હૃદયની પ્રેરણા છે. તે પ્રેરણા વાણીદ્વારા પ્રકટ થઈ તે પણ તારું સામર્થ્ય છે. માટે જ શ્રીમહાપ્રભુજી કહે છે કે તું ગરુડના આસન પર બીરાજેલો છે, તને હું કયું આસન આપું? તું કૌસ્તૂભ જેવો મણિ ધરાવે છે, તેવું હું કયાં શોધું અને ધરાવું? તું વાણીનો પતિ છે, હું તારી શું સ્તુતિ કરું? આપણે આપણા સામર્થ્યથી ભગવાનની સ્તુતિ પણ કરી શકતા નથી. આપણને જો ભગવાન્ પ્રેરણા ન કરે તો આપણે બોલી શકતા પણ નથી.



આથી શ્રીમહાપ્રભુજી આપણા હૃદયમાં રહેલા ભકિતના બીજભાવનું પહેલું લક્ષણ નિઃસાધનતાને માને છે. જીવ કહે છે કે 'દાસોહમ્' નો 'દા' તેં આપેલો છે. 'સોહમ્'ને 'દા' લગાવવાની શક્તિ મારામાં નહોતી. તેં કૃપાનું દાન કર્યું, તે દાનમાંનો 'દા' મારા 'સોહમ્'નેલાગી જતાં હું 'દાસોહમ્' બની શક્યો છું. જે કંઈ છે તે બધું તારું છે. આવો સમર્પણનો ભાવ આપણા હૃદયમાં જાગવો જોઈએ. તે માટે શ્રીમહાપ્રભુજીએ સેવાનો સિદ્ધાન્ત બતાવ્યો છે. આપણે ત્યાં સેવાનો પ્રકાર દાનથી ચાલતો નથી, આપણે ઠાકોરજીને કશું આપતા નથી, દાન કરતા નથી, આપણે ઠોકોરજીને આપણું કહેવાતું સમર્પણ કરીએ છીએ. કારણ કે જેનું હોય તે દાન આપી શકે, પરન્તુ ભકત કહે છે. મારું કશું જ નથી, જે કંઈ છે તે તારું છે. તેથી જ તારું છે, જેને આજ સુધી હું વાપરતો હતો તે હવે હું તને સમર્પણ કરું છું તું મારે ત્યાં આવ્યો છે તો આપણે બંને મળીને વાપરીશું. આ સમર્પણનો ભાવ છે. જે લોકો દાનદ્વારા સેવાનો પ્રકાર ચલાવે છે તેમને શ્રીમહાપ્રભુજી અપવિત્ર માને છે.

ભકત પ્રભુને કહે છે, આજે હું તારા ઘરમાં આવ્યો છું તો આપણે સાથે મળીને આપણા ઘરમાં રહીશું. આપણે સાથે મળીને આ ઘરની સમ્પત્તિ વાપરીશું, આપણે સાથે મળીને આ ઘરને સજાવીશું. ભકત પ્રભુને કહે છે કે તારું બધું તે મને દાનમાં આપ્યું હતું તે બધું હું તને પાછું સમર્પણ કરું છું. આવા સમર્પણના ભાવથી ભક્તિમાર્ગમાટે જરૂરી અહંકારની સ્વસ્થતા આપણામાં આવે છે. આપણે એવો વિચાર કરીએ કે હું પ્રભુને આપી રહ્યો છું, તો આપણામાં અહંકાર જાગશે.

આજે આપણે જોઈએ છીએ કે મંદિરોમાં ભેટ લખાવીને લોકો મિઠાઈની માંગણી કરતા હોય છે. પ્રભુને કંઈ પણ આપ્યા પછી તેના સાટે કંઈ માંગી શકાય? એ દેવદ્રવ્ય ન થાય? શાસ્ત્ર દેવદ્રવ્યના પ્રસાદને ખાવું એ મહાપપ છે એમ કહે છે. પણ આમ છતાં આપણે ભેટના બદલામાં લાડુ ખરીદવા ઈચ્છીએ છીએ. વિચારો, શું મંદિર એ લાડુ વેચવાની કોઈ દુકાન છે? આજે આવો ગોટાળો કેમ થયો છે? આમાં ભૂલ કોની છે? લાડવા માંગનારની ભૂલ છે કે નહીં તે પછીની વાત છે. મુખ્ય વાત એ છે કે આપણે ભગવાનના નામે ધંધો ચાલુ કરી દીધો છે. શ્રીમહાપ્રભુજીના મતે આ સેવાનો માર્ગ નથી નર્કમાં જવાનો માર્ગ છે.

શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે શ્રીઠાકોરજીને કોઈ વસ્તુ ભેટ કરી હોય તો પછી તેનો કે તેના બદલામાં મળતા પ્રસાદ વગેરેનો ઉપયોગ ભેટ કરનાર વ્યક્તિ કરી શકતી નથી. જો શ્રીઠાકોરજીને સવા રૂપિયા ભેટ કર્યા તો આપણે તેનો લાડુ ખાઈ શકતા નથી. જો લાડુ ખાધો તો એનો અર્થ એ છે કે આપણે ઠાકોરજીનો સવા રૂપિયો ખાઈ ગયા, એટલે કે, ભગવાનનું દ્રવ્ય, દેવદ્રવ્ય ચોરવાનો અપરાધ કર્યો.

અમારા તાતજી શ્રીગોકુલનાથજી મહારાજને કોર્ટના એક કેસમાં વકીલે પ્રશ્ન પૂછ્યો ''શું તમારો અને તમારા શ્રીઠાકોરજીનો ભંડાર અલગ છે?'' તેમણે જવાબ આપ્યો ''તમે એવું કેવી રીતે વિચારી શકો કે મારા અને મારા દીકરાના ભાગ વહેંચાઈ ગયા છે? અમારું કુટુંબ એક સંયુકત પરિવાર જ છે.'' વકીલે બીજો પ્રશ્ન પૂછ્યો ''તમારા અને ઠાકોરજીના હિસાબનાં ખાતાં અલગ-અલગ છે?'' ત્યારે તેમણે કહ્યું ''તમે આવા અપમાનજનક પ્રશ્ન કેમ પૂછો છો? જ્યારે અમે એક જ પરિવારના સભ્યો છીએ, ત્યારે મારું અને ઠાકોરજીનું ખાતું અલગ કેવી રીતે હોઈ શકે?''

જ્યારે સમર્પણના સિદ્ધાન્તને આપણે જીવનમાં આચરીએ ત્યારે જ આપણે આપણી આવી વાત કહી શકીએ. જ્યારે આપણે બીજા પાસેથી ઠાકોરજીની ભેટ લઈએ ત્યારે તે દાન બની જાય છે. શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી દાનની ભેટ-સામગ્રીથી પ્રભુને સેવા કરવાનો સ્પષ્ટ રીતે નિષેધ કરે છે. જે મંદિર-હવેલીમાં ભેટ-સામગ્રીનો વિનિયોગ થતો હોય ત્યાંનો પ્રસાદ નહીં લેવો જોઈએ. વૈષ્ણવના ઘરમાં પોતાને માથે જ ઠાકોરજી બિરાજે છે તેના ઘરનો પ્રસાદ આપણે જરૂર લઈ શકીએ, કારણ કે તે પોતાના ઘરમાં પોતાની પાસે જે કંઈ છે તે શ્રીઠાકોરજીને ભોગ ધરે છે અને તે મહાપ્રસાદથી જ અતિથિઓનો સત્કાર કરે છે અને પોતે પણ લે છે. તેથી તેને ત્યાં જરૂર પ્રસાદ લેવો જોઈએ. આપણે ત્યાં તો એટલે સુધી કહેવામાં આવ્યું છે કે જે દિવસે કોઈ વૈષ્ણવ આપણે ત્યાં પ્રસાદ લેવા આવે તે દિવસે એમ સમજવું કે આજે શ્રીઠાકોરજી પ્રસન્નતાથી આરોગ્યા છે. પરન્તુ કોઈ આવીને આપણા ઠાકોરજીને ભેટ-સમગ્રી ધરે અને તેનો પ્રસાદ જો આપણે કે એ લે તો શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ''મારો થઈને જે દેવદ્રવ્ય ખાય છે તે મારો નહીં કહેવાય, તે પતિત થશે''. શ્રીમહાપ્રભુજીએ આવી સ્પષ્ટ આજ્ઞા કરી છે. તેથી



શ્રીમહાપ્રભુજીના માર્ગમાં દાનથી પ્રભુસેવા કરવાની પ્રણાલિકા નથી. ભગવાનના નામે આપણે કંઈપણ દાન આપ્યું તો તે બધું આપણા માટે અગ્રાહ્ય બને છે. તેથી જ જે દિવસે શ્રીમહાપ્રભુજીએ સોનાની કટોરી ગીરવે મૂકીને શ્રીઠાકોરજીને ભોગ ધર્યો તે દિવસે આપે બધો મહાપ્રસાદ ગોગ્રાસમાં મોકલાવી દીધો. તે દિવસે પોતે અને પોતાના બાળકો-શ્રીગુસાંઈજી અને શ્રીગોપીનાથજી સહિત સૌ ભૂખ્યા રહ્યાં, કારણ કે તે દેવદ્રવ્યનો મહાપ્રસાદ હતો.

આપણે સમર્પણ કરીએ છીએ. કારણ કે શ્રીઠાકોરજીનું અને આપણું સંયુક્ત કુટુંબ છે એમ આપણે માનીએ છીએ. બસ, પહેલાં આપણા ઠાકોરજી પછી આપણે એટલો જ અંતર છે. સંયુક્ત કુટુંબમાં બધું સહિયારું હોય છે. મોટાનો નિર્ણય તેમાં સર્વમાન્ય ગણાય છે. આપણા સંયુક્ત કુટુંબમાં આપણા શ્રીઠાકોરજી સૌથી મોટા છે. સંયુક્ત પરિવારની આ ભાવના છે, તેથી આપણે ત્યાં સમર્પણની ભાવના છે, કારણ કે સમર્પણમાં અહંકારનો પ્રશ્ન નથી, દાનમાં અહંકાર આવે છે.

શ્રીમહાપ્રભુજી 'સિદ્ધાન્તમુક્તાવલિ' ગ્રંથમાં 'તનુવિત્તજા' સેવાની આજ્ઞા કરે છે. છેલ્લા એંશીએક વર્ષમાં આ ગ્રંથના 'તનુવિત્તજા' અંશના જેટલા અનુવાદ થયા છે તે યથાર્થ નથી થયાં. શ્રીમહાપ્રભુજી લખે છે કે સેવા 'તનુવિત્તજા' છે જ્યારે અનુવાદકર્તા લખે છે કે વલ્લભ સંપ્રદાયમાં ત્રણ પ્રકારની સેવા છેઃ એક તનુજા સેવા, બીજી વિત્તજા સેવા અને ત્રીજી માનસી સેવા. જે દિવસે જેના મગજમાં આવી અધમ વાત સૂઝી હશે કે વલ્લભ સંપ્રદાયમાં ત્રણ પ્રકારની સેવા છે તે દિવસ વલ્લભ સંપ્રદાયનો સૌથી ખરાબ દિવસ હશે, કારણ કે આ વાત તદ્દન ખોટી છે. શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તમાં સેવાના ત્રણ પ્રકાર છે જ નહીં. શ્રીમહાપ્રભુજી ખૂબ જ સાવધાની પૂર્વક, સ્પષ્ટ રીતે આજ્ઞા કરે છે ''તત્સિધ્યૈ તનુવિત્તજા''. આનો અર્થ એ છે કે જે સેવા કરે છે તેની સેવામાં તેનું જ દ્રવ્ય વપરાવું જોઈએ, બીજાનું નહીં. આપણા ઘરમાં આપણા જ દ્રવ્યથી અને આપણા શરીરથી આપણે શ્રીકૃષ્ણની જે સેવા કરીએ તે 'તનુવિત્તજા' સેવા છે, બાકી તો સેવાના નામે ધંધો જ છે. આપણા દુર્ભાગ્ય છે કે પુષ્ટિમાર્ગના નામે ચાલતા નવ્વાણુ ટકા મંદિરો શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તથી વિરુદ્ધ રીતે ચાલી રહ્યાં છે. ત્યાં રીતસર સેવા-ભક્તિના નામે ધંધો જ ચાલી રહ્યો છે.

શ્રીમહાપ્રભુજીએ આપણને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો કે તમે દાન આપવાનો અહંકાર કરશો નહીં, ભક્તિ કરતી વખતે તમે સમર્પણનો સુંદર ભાવ પ્રકટ કરો. સમર્પણના ભાવનો અર્થ એ છે કે તારા અને મારામાં ભેદ નથી. હે પ્રભુ! તારો અને મારો એક પરિવાર છે. તેં મને આપ્યું છે, હું તને શું આપું? તેં મને જે આપ્યું છે તે જ હું વાપરી રહ્યો છું. આજે તું પુષ્ટ થઈને મારા ઘેર પધાર્યો છે ત્યારે મારું બધું તારા માટે છે અને મારા માટે પણ છે, કારણ કે આપણે બન્ને અલગ નથી. સમર્પણનો આ ભાવ કેટલો મધુર છે! શ્રીમહાપ્રભુજીએ આપણે સમર્પણનો આ ભાવ સમજાવ્યો હતો. પરન્તુ આપણે તો હતા ત્યાંના ત્યાં જ રહ્યા!

આ અર્થમાં પુષ્ટિમાર્ગનાં પાંચસો વર્ષ આજે ખરેખર પૂરાં થઈ ગયાં છે. પુષ્ટિમાર્ગના નામે ચાલતા નવ્વાણુ ટકા મંદિરો-હવેલીઓમાં આજે કોઈ તનુજા સેવા કરે છે તો કોઈ વિત્તજા સેવા કરે છે. આપણે 'તનુવિત્તજા' સેવાના ટુકડા કરી નાખ્યા કે જે શ્રીમહાપ્રભુજીએ બતાવેલી કૃષ્ણસેવા હતી. વિજ્ઞાનની પ્રયોગશાળામાં કોઈ પ્રાણીના ટુકડા કરવામાં આવે, તેમ આપણે તનુવિત્તજા સેવાના ટુકડા કર્યા છે. વિજ્ઞાનની પ્રયોગશાળામાં પ્રાણીનાં અંગોને કાપીને અંદર શું છે તે જાણવાનો પ્રયત્ન કરતાં પ્રાણીના પ્રાણ નીકળી જાય, પછી તે અવયવો જોડવાથી પ્રાણ પાછા આવતા નથી, તેમ જ્યાં સુધી તનુવિત્તજા સેવા હતી ત્યાં સુધી ભક્તિ હતી, ત્યાં સુધી તેમાં ભક્તિના પ્રાણ હતા; પરન્તુ જ્યારે આપણે તનુવિત્તજા સેવાને ચીરી નાખી અને તનુજા તથા વિત્તજા સેવાને અલગ કરી નાખી તે દિવસથી ભક્તિ ખતમ થઈ ગઈ, ભક્તિનું પ્રાણ પંખેરું ઉડી ગયું.

આપણે વિચાર કરીએ છીએ કે આપણને માનસી સેવા ક્યારે સિદ્ધ થશે? પરન્તુ તનુવિત્તજા સેવાને ચીરી નાખ્યા પછી માનસી સેવા કદિ પણ સિદ્ધ થઈ શકતી નથી. શ્રીપુરુષોત્તમજી 'તનુવિત્તજા'ની ટીકામાં સ્પષ્ટ આજ્ઞા કરે છે કે "જે કેવળ તનુજા સેવા કરે છે તે ભાડૂતી સેવા છે, જે વિત્તજા સેવા કરે છે તેનું અભિમાન એટલું વધે છે કે તેને માનસી થઈ શકતી નથી. કારણ કે જ્યાં આપણું શરીર નથી, આપણું દ્રવ્ય નથી ત્યાં ક્યારેય માનસી સિદ્ધ થતી નથી." માનસી સેવા સિદ્ધ કરવી હોય તો તનુવિત્તજા સેવા જ કરવી જોઈએ. તેથી શ્રીમહાપ્રભુજી 'સિદ્ધાન્તમુક્તાવલી' અને અહીં 'ભક્તિવર્ધિની'માં સ્પષ્ટ આજ્ઞા કરે છે કે આપણા



ઘરમાં, આપણા ધનથી આપણાં કુટુમ્બીજનો સાથે જે વખતે આપણે બધું પ્રભુને સમર્પિત કરીએ છીએ તે વખતે શ્રીમહાપ્રભુજી આપણને વચન આપે છે કે તમને માનસી સેવા અવશ્ય સિદ્ધ થશે. પરન્તુ જે વખતે આપણે ભક્તિ અથવા સેવાના સિદ્ધાન્તને કાપીએ છીએ ત્યારે માનજો કે પુષ્ટિમાર્ગના પાંચસો વર્ષ પૂરાં થઈ ગયાં છે. આજે પણ લોકો મંદિરોમાં પૈસા ફેંકીને તમાશો જોઈ રહ્યા છે. અને લાલચુ લોકો એ પૈસાને વીણી પણ રહ્યા છે. આવું તો મંદિરો-હવેલીઓમાં વર્ષો સુધી ચાલ્યા જ કરશે. કેમકે દુનિયામાં લોભી અને લાલચી સદા રહેવાના જ છે. એમને આનાથી કોઈ હાની નથી થવાની. એમનો ધંધો અને તમાશો જોવાનો શૌખ બંનેના હેતુ સધાઈ રહ્યા છે. પરન્તુ તેમાં પુષ્ટિસિદ્ધાન્ત તો ખતમ થઈ ગયો છે.

લંડનથી એક વ્યક્તિ ભારતના બધા ધર્માચાર્યોનો ઈન્ટર્વ્યૂ લેવા આવી હતી. તેણે મને પૂછ્યું "તમારા સમ્પ્રદાય વિષે તમારો શો ખયાલ છે? તમારા પુષ્ટિમાર્ગના ભવિષ્ય વિષે તમને શું લાગે છે?" મેં તેને કહ્યું કે "માર્ગનું તો ભગવાન્ જાણે પણ અમે બધાં આ માર્ગમાં ભૂત-પ્રેત છીએ. અને ભૂત-પ્રેતોનું કોઈ ભવિષ્ય હોતું નથી. તમે તેમને મારી શકતા નથી, કારણ તેઓ મરેલાં જ છે". આપણે જ્યારે આપણા સિદ્ધાન્તનું પાલન ન કરીએ ત્યારે પુષ્ટિમાર્ગની દૃષ્ટિથી આપણે મરેલા જ છીએ, આપણાં પાંચસો વર્ષ પૂરાં થઈ ગયાં છે. એટલે અત્યારે જે ફરતાં દેખાય છે તે પુષ્ટિમાર્ગના ભૂત-પ્રેત છે, તે પુષ્ટિમાર્ગ નથી.

આપણા ઘરમાં આપણા ઠાકોરજી બિરાજતા હોય ત્યારે આપણે તેમને આપણા કહી શકીએ, પરન્તુ ગામના ઠાકોરજીને આપણે આપણા કેવી રીતે કહી શકીએ? ગામના ઠાકોરજી ઉપર, બીજાના ઠાકોરજી ઉપર "તે આપણા છે" એવો દાવો કેવી રીતે કરી શકાય? આપણા સમ્પ્રદાયમાં સુંદર શબ્દ પ્રયોગ કરવામાં આવે છે કે "ઠાકોરજી કોના માથે બિરાજે છે?" ઠાકોરજીની સેવા થઈ રહી છે તે વાત બરાબર, પરન્તુ ઠાકોરજી કોના માથે બિરાજે છે તે કહો. તેનો અર્થ એ કે ઠાકોરજીમાટે કોણ એવો દાવો કરે છે કે આ મારા ઠાકોરજી છે? જો કોઈ એવો દાવો કરતું હોય કે "આ મારા ઠાકોરજી છે" તો ત્યાં ભક્તિમાર્ગ છે. પરન્તુ જો ઠાકોરજી આપણા માથે ન બિરાજતા હોય અને આપણે ઠાકોરજીના માથે ચઢી બેઠા હોઈએ તો ભક્તિ ખતમ થઈ ગઈ માનવી.

કોઈ એવું કહેનાર હોવું જોઈએ કે ''આ ઠાકોરજી મારા છે, તમે તેમને સ્પર્શ કરશો નહીં, કોઈ જોવા આવશે તો અમે ટેરો લઈ લઈશું, જેથી મારા ઠાકોરજીને બીજાની આસુરી નજર ન લાગે.'' આવું કહેનાર હોય તો ભક્તિ છે.

આની સાથે-સાથે નિઃસાધનતાનો ભાવ પણ સમજવો જોઈએ. નિઃસાધનતા એટલે મારી પાસે કોઈ સાધન નથી, હું કંઈ આપી શકતો નથી, મારી પાસે આપવા લાયક કશું નથી. જે કંઈ છે તે બધું તારું જ છે. તારું છે તેથી તારી સેવામાં હાજર છે, એ શરતથી જ તું મારા ઘેર પધાર. તું નહીં પધારે તો હું તને ક્યાંથી આપું? ભક્તનો એ જ ઝઘડો છે કે તું નહીં પધારે ત્યાં સુધી હું બધું વાપરું છું, તું પધારીશ તો તું અને હું ભેગા મળીને વાપરીશું; કારણ કે તેં મને આપ્યું છે.

અમારા પિતાશ્રીએ ઘણી કિમતિ સલાહ અમને આપી હતી. પિતાશ્રી જ્યારે બહારગામ પધારતા ત્યારે મારી પાસેથી એક શાલ મંગાવતા. બહારગામથી પછા ફરતા ત્યારે મને કહેતા કે ''લે સંભાળીને રાખ.'' મને થયું કે દર વખતે આ શી પંચાત! એક દિવસ મેં તેમને પૂછી લીધું કે ''તમે આ શાલ મને આપી, પછી ફરી કેમ માગોછો?'' તેમણે કહ્યું કે ''તું મારો દીકરો છે. હું નથી સંભાળી શકતો માટે તને સંભાળવા આપી છે. એટલે આપણે બન્ને જરૂર પડે તેમ વાપરીએ.'' પ્રભુ પણ આમ જ કહી રહ્યા છે કે આ બધી સંપત્તિ મેં તને આપી એટલે હવે તે તું જ વાપરે અને હું ન વાપરું એમ માનીશ કહીં. આ સમ્પત્તિ તું પણ વાપર અને હું પણ વાપરું, કારણ કે આપણા બે વચ્ચે બાપ-બેટાનો ભાવ છે અથવા પતિ-પત્નીનો ભાવ છે અથવા સખ્ય ભાવ છે. તારી ચીજ તું વાપરે અને હું ન વાપરું એવા ભેદનો ઝઘડો પેદા કેમ થયો? આવો ઝઘડો ત્યારે જ પેદા થાય, જ્યારે આપનાર પોતાની માલિકી છોડતો ન હોય.

ઘણા લોકો પૂછે છે કે શ્રીનાથજીનો પ્રસાદ લેવાય કે ન લેવાય? સીધો જવાબ એ છે કે પોતાના માટે દેવાલય બનાવવાની શ્રીનાથજીએ પોતે આજ્ઞા કરી હતી. શ્રીમહાપ્રભુજીએ તો કહ્યું કે અમારો સિદ્ધાન્ત દેવાલયનો નથી, નંદાલયનો છે માટે ઘર સિદ્ધ કરીને તેમાં આપને બિરાજાવું. પરન્તુ શ્રીનાથજીએ કહ્યું ''અમારે



નંદાલયમાં બિરાજવું નથી, દેવાલયમાં બિરાજવું છે''. ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે ''જેવી તમારી ઈચ્છા. અમારો સિદ્ધાન્ત તમારે તોડવો હોય તો તોડો, માલિકનો કોઈ માલિક નથી.'' તેથી જ શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીની સેવા ગૈર પુષ્ટિમાર્ગી ચૈતન્ય સમ્પ્રદાયના સંન્યાસીઓને સોંપી. તેથી જ જતિપુરામાં રહેનારાં સદુપાંડે વગેરે કોઈ પણ પુષ્ટિમાર્ગીઓએ શ્રીનાથજીની સેવા કરવાનું ન સ્વીકાર્યું. તેથી જ શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજી ક્યારે પણ જતિપુરામાં બિરાજ્યા નહીં. શ્રીમહાપ્રભુજીએ અડેલ વાસ કર્યો અને શ્રીગુસાંઈજીએ ગોકુલ. કારણ કે દેવાલય પુષ્ટિમાર્ગમાં હોતું નથી.

જ્યારે શ્રીઠાકોરજીએ ચીરહરણ લીલા કરી અને ગોપિકાઓનાં ચીર હરી લધાં, પછી શું બધી ગોપિકાઓ દિગંબર બની ગઈ હતી? ના, કોઈ ગોપિકા દિગંબર બની ન હતી. રાત્રે જ્યારે શ્રીઠાકોરજીએ વેણુનાદ કર્યો ત્યારે બધી ગોપિકાઓ વસ્ત્ર ધારણ કરીને ગઈ હતી, કોઈ દિગંબર બનીને ગઈ ન હોતી. કોઈએ એવો દાવો ન હોતો કર્યો કે તમે અમારાં ચીર હરી લીધાં એટલે હવે અમારે કપડાં કહેરવાની શી જરૂર છે! શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાન્ત એક જ હતો કે આપણે ત્યાં દાન નથી, તેથી આપણે ત્યાં ઘરની સેવા છે. એ સિદ્ધાન્તરૂપી ચીર શ્રીનાથજીએ હરી લીધાં. કેમ હરી લીધાં, એ આપણે કહી શકીએ નહીં, તે તેમની ઈચ્છાની વાત છે. વાર્તા સાહિત્યમાં તેનું સ્પષ્ટ પ્રમાણ છે કે શ્રીનાથજીની આજ્ઞાથી શ્રીનાથજી દેવાલયમાં બિરાજ્યા, શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તના હિસાબથી નથી બિરાજ્યા. શ્રીનવનીતપ્રિયજી ક્યારેય દેવાલયમાં નથી બિરાજ્યા, તેઓ ઘરમાં જ બિરાજ્યા છે અને આજે પણ એ પ્રમાણે જ બિરાજે છે. શ્રીનાથજી દેવાલયમાં બિરાજે છે અને શ્રીનવનીતપપ્રિયજી તિલકાયતશ્રીના ઘરમાં બિરાજે છે. એવી જ રીતે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનાં બધાં નિધિ સ્વરૂપો વૈષ્ણવોના માથે, શ્રીમહાપ્રભુજીના માથે, તેમના ઘરમાં જ બિરાજ્યાં છે, એક-એક વ્યક્તિને માથે બિરાજ્યાં છે. કોઈ વ્યક્તિ ઠાકોરજીના માથે ચઢી બેઠી નથી. પરન્તુ જ્યારથી આપણે શ્રીઠાકોરજીના માથે ચઢી બેસવાની પ્રક્રિયા શરુ કરી તે દિવસે પુષ્ટિમાર્ગના પાંચસો વર્ષ પૂરાં થયાં. શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ સમજાવે છે કે, આપણે ઘરમાં જ સેવા કરવી જોઈએ, કારણ કે ઘરમાં સેવા કરવાથી જ સાચું સમર્પણ થશે. જે ઘરમાં આપણે રહીએ છીએ તે ઘર ઝુંપડી હોય કે મહેલ, તેમાં શ્રીઠાકોરજીને પધરાવીને આપણે ખાઈએ તો ઠાકોરજીને ભોગ ધરીને ખાઈએ. જે કપડાં આપણા માટે લાવીએ છીએ તે પહેલાં ઠાકોરજીને ધરાવીએ.

બસ, આમ કરીશું તો આપણું સાચું સમર્પણ થશે.

આને બદલે આપણે એવી વ્યવસ્થા ઉભી કરી કે ઠાકોરજીના પૈસાનું અલગ ટ્રસ્ટ ચલાવવું, મારો ખર્ચો મારી કમાઈથી ચાલે અને ઠાકોરજીનો ખર્ચો દાન-ભેટથી ચાલે! તો તેમાં આપણું સમર્પણ ક્યાં આવ્યું? વાર્તા સાહિત્યમાં એક પ્રસંગ છે. એક વૈષ્ણવે વિચાર કર્યો કે રોજ મહેનત કરીને પૈસા કમાવવા તેના બદલે થોડા રૂપિયા ભેગા કરી, તેને વ્યાજે મૂકીને વ્યાજની રકમમાંથી સેવા કરવા લાગ્યા. ત્યારે શ્રીઠાકોરજી અપ્રસન્ન થયા, કારણ કે શ્રીઠાકોરજીને વ્યાજની સેવાની ગરજ નથી. શું શ્રીઠાકોરજી કોઈ અનાથ બાળક છે કે તેમના માટે અનાથાશ્રમ ચલાવવો પડે? શ્રીઠાકોરજી તો જગન્નાથ છે, તેમના માટે સખાવતી ટ્રસ્ટની વ્યવસ્થા બરાબર નથી. ટ્રસ્ટનો સિદ્ધાન્ત અનાથાશ્રમનો સિદ્ધાન્ત છે. અનાથાશ્રમમાટે ટ્રસ્ટ બનાવી શકાય, કારણ કે તેમાં રહતા બાળકોના મા-બાપ નથી. જ્યારે આપણે એવો દાવો કરીએ કે આ મારું બાળક છે, મારો મિત્ર છે, મારા પિતા છે કે મારા પતિ છે ત્યારે તે પુષ્ટિભક્તિનો સિદ્ધાન્ત છે, પરન્તુ જ્યારે આપણે જગન્નાથમાટે 'હવેલી' 'મન્દિર' એવા રૂપાડાં નામ હેઠળ અનાથાશ્રમ ચલાવવાનો વિચાર કરીએ છીએ ત્યારે સમજવું કે પુષ્ટિમાર્ગ પરથી આપણી ગાડી ડાયવર્ઝનના રસ્તે ઉતરી ગઈ છે, ડાયવર્ઝનના કાચા રસ્તાની ધૂળ ઉડીને આપણી આંખોમાં પડી રહી છે. ડાયવર્ઝનના કાચા રસ્તે જ્યારે આપણી ગાડી ધૂળ ઉડાડતી જતી હોય ત્યારે તે રસ્તે પગે ચાલીને જતી વ્યક્તિની આંખો ગાડીથી ઉડતી ધૂળવડે ભરાઈ જાય. આમ, જે વખતે સેવા રૂપી આપણી ગાડી ડાયવર્ઝનના રસ્તે ઉતરી ગઈ તે વખતે પુષ્ટિમાર્ગમાં ઉભી થયેલી ટ્રસ્ટ મંદિરોવાળી અનાથાલયની પ્રણાલિમાં ડાયવર્ઝનના કારણે બધાની આંખોમાં ધૂળ ભરાઈ રહી છે એ વાત સમજવી સૌના માટે જરૂરી છે.

પુષ્ટિમાર્ગનો મુળભૂત સિદ્ધાન્ત ગૃહસેવાનો હતો અને છે. આજે પણ વૈષ્ણવોને જ્યારે હું પૂછું છું કે ઘરમાં શ્રીઠાકોરજી બિરાજે છે કે નહીં અને જ્યારે વૈષ્ણવ એમ કહે છે કે અમારા ઘરામાં શ્રીઠાકોરજી બિરાજે છે ત્યારે હું મારા મનમાં નોંધ કરતો રહું છું કે ના, હજી પુષ્ટિમાર્ગ જીવંત છે, હજી પુષ્ટિમાર્ગનાં પાંચસો વર્ષ પૂરાં થયાં નથી. પરન્તુ જો કોઈ વૈષ્ણવ એમ કહે છે કે અમારા ઘરમાં શ્રીઠાકોરજી બિરાજતા નથી, ગામમાં હવેલી છે, ત્યાં દર્શન-પ્રસાદનો લાભ મળે છે



ત્યારે મને મનમાં ચિન્તા થાય છે કે હવે પુષ્ટિમાર્ગનું શું થશે!

આમ જોવા જઈએ તો આવી ચિંતા કરનાર આપણે કોણ? જે કંઈ ચિંતા છે તે પ્રભુને છે! પરન્તુ ચિંતા એટલા માટે થાય છે કે આવો ભાવ પુષ્ટિભક્તિમાર્ગથી વિરોધી ભાવ છે. પુષ્ટિભક્તિમાર્ગમાં હોવા છતાં તેનાથી વિરોધી ભાવ પુષ્ટિમાર્ગમાં જોઈને ચિંતા જાગે છે. સત્ય હકીકત એ છે કે જગન્નાથનું અનાથાલય ચલાવવાની પદ્ધતિ પુષ્ટિમાર્ગીય નથી. જ્યાં સુધી પુષ્ટિમાર્ગના અનુયાયીઓ પોતાના ઘરમાં, પોતાના શરીરથી, પોતાના ધન અને મનથી, પોતાના કુટુંબીજનો સાથે મળીને સેવા કરી રહ્યા છે, ત્યાં સુધી પુષ્ટિમાર્ગ જીવિત છે એટલું નિશ્ચિત માનવું. જે દિવસથી પુષ્ટિમાર્ગના અનુયાયીઓ આ સિદ્ધાન્તથી ભટકી જશે તે દિવસે શ્રીમહાપ્રભુજીએ આપેલી ચેતવણી તેમને યાદ કરવી પડશે કે ''જો તમે ભવિષ્યમાં પણ, કોઈ પણ પ્રકારે પ્રભુથી બહિર્મુખ થશો તો આ કાળ રૂપી પ્રવાહ તમારા દેહ, ચિત્ત, ઇન્દ્રિયો વગેરેને ભરખી જશે.'' આજે આ કાળરૂપી પ્રવાહ આપણને ખાઈ રહ્યો છે. તેથી જ મારે એ વિદેશી પત્રકારોને કહેવું પડ્યું હતું કે ''અમે બધાં હરતા-ફરતાં ભૂત છીએ અને હરતાં-ફરતાં ભૂતોને તેમનું કોઈ ભવિષ્ય હોતું નથી. તમે તેમને મારી શકતા પણ નથી, કારણ કે તેઓ ક્યારનાં મરેલાં છે!'' આપણે માણસને ગોળી છોડીને કે છરો મારીને તેની હત્યા કરી શકીએ; પરન્તુ તે રીતે ભૂત-ભૂતડીઓને મારી શકાતાં નથી. આપણે આપણી મહત્તા ઉપર આજે જીવિત નથી, પરન્તુ પ્રેતાત્મા બનીને આપણે ફરી રહ્યા છીએ એ વાત આપણે ધ્યાનમાં લેવી પડશે.

જે દિવસે આપણે આપણા ઘરમાં પ્રભુને પધરાવી લઈશું તે દિવસે આપણે હરતાં-ફરતાં ભૂત મટી જઈશું. શ્રીમહાપ્રભુજી ઘણી સુંદર આજ્ઞા કરે છે કે ''તું ભક્ત છે તેથી ઘર તારામાટે ત્યાજ્ય નથી એવી વાત નથી. પરન્તુ તારે ઘરમાં એટલા માટે રહેવું જોઈએ કે આ ઘરમાં તારા ઠાકોરજી બિરાજે છે.'' જે ઘરમાં મારા ઠાકોરજી બિરાજે છે તે ઘરમાં હું નહીં તો બીજું કોણ રહેશે? કોણ મારા ઠોરજીની સેવા કરશે? જો આવો ભાવ આપણા હૃદયમાં જાગે છે તો શ્રીમહાપ્રભુજી કહે છે કે તારું ઘર ઘણું સુંદર છે, તે તારે માટે બંધનરૂપ નથી; પરન્તુ જો તારા ઘરમાં શ્રીકૃષ્ણ નથી બિરાજ્યા તો તું ઘરમાં રહેવાનો અધિકાર ધરાવતો નથી. જો તારા ઘરમાં શ્રીકૃષ્ણ બિરાજેલા છે તો તું ગોપિકાઓની જેમ જરૂર કહી શકે છે કે ''મેં તમારા

માટે પ્રાણ ધારણ કર્યા છે. જીવવાની ભારે મમતાને કારણે મેં પ્રાણ ધારણ કર્યા નથી, પ્રાણ ધારણ કરવાની જરૂર એટલા માટે છે કે જો હું નહીં હોઉં તો તારી સેવા કોણ કરશે?''

વ્રજભક્તોએ આવા મીઠા ભાવથી પ્રભુની સેવા કરી છે. વ્રજભક્તોના ભાવની મીઠાશ સમજવા જેવી છે. જે વખતે શ્રીઠાકોરજી મથુરા પધાર્યા અને પછી ઉદ્ધવજી વ્રજમાં આવ્યા, વ્રજમાં વ્રજભક્તો સાથે રહ્યા અને પછી ઉદ્ધવજી મથુરા જવા વિદાય થતા હતા તે પ્રસઙ્ગનું વર્ણન 'રત્નાકર' નામના એક કવિએ કર્યું છે. ઘણા ગોપ સખાઓએ ઉદ્ધવજીને મોરપિચ્છ આપતા કહ્યું કે ''હે ઉદ્ધવજી! અમારા કૃષ્ણને તેમના વાંકડિયા કેશમાં મોરપિચ્છ ખોંસવાની ટેવ છે.'' તેઓ એ વાત કબૂલ કરવા તૈયાર નથી કે મથુરા જઈને હવે શ્રીકૃષ્ણને મોરપિચ્છ ધારણ કરવાની ટેવ છૂટી પણ ગઈ હોય! તેમને તો એટલું જ યાદ છે કે ગૌચારણ વખતે વનમાં ફરતાં શ્રીકૃષ્ણ તેમને કહેતા કે ક્યાંક મોરનું સુંદર પીછું મળે તો મારે માટે લઈ આવજો. તેથી સખાઓએ પોતાના મિત્ર માટે મોરપિચ્છ ઉદ્ધવજીને આપ્યું. નંદરાયજીને ખબર છે કે મારા લાલને પીતાંબર પ્રિય છે. શું યાદવોની રાજધાની મથુરામાં પીતાંબરની અછત હશે? પરન્તુ નંદરાયજીનું મન એ વાત માનવા તૈયાર નથી. નંદરાયજીને તો એ જ દિવસ યાદ છે કે જે દિવસે પ્રભુએ કાળી કામળી પહેરવાની ના પાડી હતી અને પીતાંબરમાટે હઠ કરી હતી. તેથી નંદબાવાએ ઉદ્ધવજીને પોતાના પુત્રમાટે પીતાંબર આપ્યું. યશોદામૈયાને હજી પણ એ જ વાત યાદ છે કે મારા લાલાને મેં જ્યારે-જ્યારે ઘરમાં માખણ ન આપ્યું ત્યારે-ત્યારે તેણે પાડોશીઓના ઘેરથી માખણની ચોરી કરી હતી. અને તેથી યશોદામાં પોતાના લાલમાટે ઉદ્ધવજી સાથે મથુરા માખણ મોકલે છે. કીર્તિકુમારી રાધાને એ સ્મરણ હજી તાજું છે કે કૃષ્ણને બંસી બજાવવાનો ભારે શોખ છે, તે મથુરામાં બેઠાં-બેઠાં બંસી બજાવતો હશે કે નહીં કોણ જાણે પરન્તુ કૃષ્ણને પોતાના માન્યા છે તેથી મારા કૃષ્ણને શું જોઈએ તે હું જ વધારે જાણું, એ અધિકારથી રાધાજીએ કૃષ્ણમાટે ઉદ્ધવને બંસી આપી. આ વાત કવિ રત્નાકરે સુંદર પદાવલીમાં રજુ કરી છે ''પીતપટ નંદ યશોમતી નવનીત નયો, કીરતકુમારી સુખારી દઈ બાંસૂરી''.

મુંબઈમાં એક મંદિરનો એક વખત બહુ વિચિત્ર પ્રસંગ મેં અનુભવ્યો. ત્યાં



એક અત્તર વેચનાર વ્યક્તિ દર વર્ષે શિયાળામાં આવીને મને કહે ''કૃપાનાથ! મારે શ્રીઠાકોરજીને સામગ્રી આરોગાવવી છે.'' મંદિરનું ટ્રસ્ટ છે, તેથી હું કહેતો કે પેઢીમાં સમાધાની બેઠા હશે ત્યાં જઈને તમે રકમ જમા કરાવી દો, મારી પાસે શા માટે આવ્યા છો?'' પણ તે જિદ્દ કરતો કે ''મારે આપના દ્વારા જ શ્રીઠાકોરજીને સામગ્રી આરોગાવવી છે, કારણ કે આપણા માર્ગનો સિદ્ધાન્ત છે કે ગુરુ દ્વારા કરવું.'' એમ કહીને સામગ્રીના રૂપીઆ રાખી ગયો. મને ઘણા દિવસ સુધી આ વાત સમજાઈ નહીં. હું પણ એ રૂપીઆનું શું કરું? ક્યાં સુધી સાંચવું? એટલે આખરે કંટાડીને મેં એ રૂપીઆ ઠાકોરજીને સામગ્રી આરોગાવવામાટે મોકલાવી દીધા. ઠાકોરજીને સામગ્રી ભોગ આવી પછી તેનો પ્રસાદ છાબડા ભરી-ભરીને મારે ત્યાં આવ્યો. હું તે મંદિરનો પ્રસાદ લેતો નહીં તેથી મેં પેલા અત્તરવાળાને બોલવ્યો કે જેથી મારી માથે આવી પડેલી ઉપાધિનો કંઈક નિકાલ થાય. એ તો આવીને રાજી થતો-થતો બધાં છાબડાં ઉપાડી ગયો. થોડા સમય પછી મને ખબર પડી કે એ મંદિરમાં એવો નિયમ હતો કે કોઈ પણ ગોસ્વામી જો સામગ્રી આરોગાવવા પોતાના નામે કોઈ રકમ જમા કરાવે તો શ્રીઠાકોરજીને આરોગાવેલી પૂરેપૂરી સામગ્રી ગોસ્વામીને મોકલી દેવામાં આવે. પરન્તુ કોઈ વૈષ્ણવ રકમ જમા કરાવે તો તે રકમની અડધીથી જ સામગ્રી વૈષ્ણવને મળે! આ વાત પેલો અત્તરવાળો સારી રીતે જાણતો હતો તેથી તે મારી પાસે આવીને દીનતા બતાડીને આગ્રહપૂર્વક કહેતો કે ગુરુદ્વારા નિવેદન કરવાનો સિદ્ધાન્ત ખૂબ સુંદર છે. આ વાત જ્યારે મારા ધ્યાનમાં આવી ત્યારે મને થયું કે ક્યારેક મન્દિર દર્શનાર્થીને ઠગે છે તો ક્યારેક દર્શનાર્થી મંદિરને ઠગે છે! મને ખુબ પસ્તાવો થયો કે હું આ છેતરપિંડીના ધંધામાં ક્યાં ફસાયો! બીજી વખત જ્યારે પેલો મારી પાસે આવ્યો ત્યારે મારે તેને કહેવું પડયું કે મારે તમારા છેતરપિંડીના ધંધામાં ફંસાવું નથી. તમારી વાત તમે જાણો અને મંદિર જાણે. આમ, આજે શ્રીઠાકોરજીના નામે અને સિદ્ધાન્તના નામે દરેક વ્યક્તિ બીજી વ્યક્તિને છેતરી રહી છે. આ મોટો ખટરાગ છે, વિડંબના છે, આડંબર છે. શ્રીમહાપ્રભુજીનો સાચો સિદ્ધાન્ત તો એક જ છે કે આપણે આપણા ઘરમાં સેવા કરીએ. જે વખતે આપણે આપણા ઘરમાં સેવા કરીશું તે વખતે શ્રીમહાપ્રભુજી આપણને પાકું આશ્વાસન આપે છે કે હવે તમને બ્રહ્મનું સ્વરૂપ સમજાશે, કારણ કે તમે બ્રહ્મને જીવી રહ્યા છો, જાણી રહ્યા છો, બ્રહ્મના દરેક ગુણ અને આદત થી તમે વાકેફ થયા છો. પરન્તુ જ્યારે આપણે બ્રહ્મની સાથે જીવવાને બદલે બ્રહ્મના નામની દુકાનદારી શરુ કરી ત્યારથી ગોટાળો શરુ થયો. હવે તે

પુષ્ટિમાર્ગ ન રહ્યો, દુનિયામાં દુકાનદારીના ઘણા માર્ગો ચાલે છે એમાં શ્રીમહાપ્રભુજીના નામે ચાલતો એક ઓર માર્ગ ઉમેરાઈ ગયો છે!

આ છેતરપિંડીના ધંધા ઉપર મેં એક વાર્તા લખી હતી. આ પ્રસઙ્ગે એ વાર્તા મને યાદ આવી રહી છે. એક વખત એક ગામમાં શ્રીમહાપ્રભુજી પધાર્યા. તે ગામના મંદિરમાં છપ્પનગભોગનો ઉત્સવ ઉજવાતો હતો. શ્રીમહાપ્રભુજીએ ત્યાં આવીને પૂછ્યું "આ શું ચાલી રહ્યું છે?" મંદિરમાં દર્શન કરવા માટે જે ભીડ એકઠી થઈ હતી તેમાંની ઘણી વ્યક્તિઓએ કહ્યું કે "મહારાજ! આજે અહીં છપ્પનભોગ થઈ રહ્યો છે." શ્રીમહાપ્રભુજીને ઘણી ચિંતા થઈ કે દુકાળમાં અધિકમાસમાં છપ્પનભોગ કેવી રીતે ચાલી રહ્યો છે? તેમણે પૂછ્યું "આટલો મોટો છપ્પનભોગ કરનાર કોણ છે?" ત્યારે કોઈએ કહ્યું કે "કમિટી છપ્પનભોગ કરાવે છે." શ્રીમહાપ્રભુજીએ પૂછ્યું "કમિટી એટલે કોણ?" જવાબ મળ્યો કે "કમિટી એટલે ગામના કેટલાક અગ્રગણ્ય શેઠિયાઓ." શ્રીમહાપ્રભુજીએ પૂછ્યું "શું એ બધા શેઠિયાઓએ મળીને આ ભોગ ધર્યો છે?" જવાબ મળ્યો કે "ના, ના, શેઠિયાઓએ મળીને આ ભોગ ધર્યો નથી, શેઠિયાઓએ તો મેનેજમેન્ટ કર્યું છે." શ્રીમહાપ્રભુજીએ ફરીથી પૂછ્યું કે "તો પછી આ છપ્પનભોગ કોણે ધર્યો છે?" જવાબ મળ્યો કે "ગામે ધર્યો છે." હજી શ્રીમહાપ્રભુજીને એ ન સમજાયું કે આ છપ્પનભોગ ધરવાની જરૂર શી હતી? કમિટીને આવું શૂરાતન શા માટે ચડ્યું કે ગામપા પૈસાનો છપ્પનભોગ ધર્યો! તપાસ કરતાં ખબર પડી કે બાજુના ગામમાં મંદિરમાં છપ્પનભોગ થયો હતો. જો બાજુના ગામમાં થાય તો આપણા ગામના મંદિરમાં કેમ નહીં? તેથી આ ગામમાં પણ થયો. શ્રીમહાપ્રભુજીએ આખરે પૂછ્યું કે "અરે ભાઈ, કોઈ એ તો કહો કે આ મંદિર કયા સમ્પ્રદાયનું છે?" મુખિયાજીએ કહ્યું "વાહ! એટલુંએ નથી જાણતા, આ મંદિર તો વલ્લભસમ્પ્રદાયનું છે." ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે "મારા સમ્પ્રદાયમાં તો આવા ગોરખધંધા હતા જ નહીં!" મુખિયાજીએ જોરદાર વાત કહી દીધી "તમે આ સમ્પ્રદાયમાં નવા આવ્યા લાગો છો, તેથી તમને ખબર નથી કે અમારા સિદ્ધાન્ત કયા છે! હજી તમે થોડા દિવસ રોકાશો ત્યારે અમારા સિદ્ધાન્ત સમજાશે." શ્રીમહાપ્રભુજીએ વિચાર્યું કે "બસ-બસ, બહુ થયું, હવે અહીંથી ભાગવા દો!" ત્યાંથી પધારતાં-પધારતાં શ્રીમહાપ્રભુજીના મુખારવિંદમાં એ જ વચનો હતાં કે "જે ઠાકોરજીના નામે ભેટ-સામગ્રી લેશે, જે ઠાકોરજીના નામે ભેટ-સામગ્રી આપશે



તે બંન્નેનું ચિત્ત ક્યારે પણ શ્રીકૃષ્ણમાં ચોંટશે નહીં. મનોરથીઓ કેવળ અહંકારી બનશે. ભેટ-સામગ્રી સ્વીકારનારા પાપી દેવલક બનશે. અખંડ તનવિત્તજા સેવાના ભાગલા પાડનારા આ માર્ગમાં ભૂત-ભૂતડીઓ છે. જો દેવદ્રવ્ય ખાયેગો સો મહાપતિત હ્વૈ જાયેગો, મેરો નાહીં કહાવેગો"

બાલાસિનોરના એક વૈષ્ણવ "કર્તુમ્, અકર્તુમ્, અન્યથાકર્તુમ્ સમર્થ" એવી પ્રભુની શક્તિની એવી પરિભાષા કરતા કે "ભગવાન્ કરવાનુંએ કરે અને ન કરવાનું પણ કરે!" જો ભગવાન્ આવા છે કે તેઓ ન કરવાનું પણ કરે તો શ્રીમહાપ્રભુજીમાં પણ એવું સામર્થ્ય છે. જે શ્રીમહાપ્રભુજીને દગો દે છે એના માટે શ્રીમહાપ્રભુજીએ "ન કરવાનું પણ કરવાની" વ્યવસ્થા એમના માર્ગમાં રાખી જ છે. તેથી શ્રીમહાપ્રભુજીની સાથે ગદ્દારી કરનારાઓને એમના કર્મ ભોગવવા દઈએ. આપણે ભક્તિનું પ્રકરણ આગળ ચલાવીએ.

આપણે સૌએ નાળિયેર જોયું છે. નાળિયેરના ફળમાં સૌથી અંદરના ભાગમાં નાળિયેરનું પાણી હોય છે, તેની ચારે બાજુ કોપરું હોય છે, કોપરાની ઉપરની બાજુ કાચી છાલ હોય છે, તે પછી પાકી છાલનું આવરણ હોય છે. અને સૌથી ઉપર તેનાં છોતરાં હોય છે. આમ નાળિયેરના ફળની રચના સારી એવી જટિલ છે.

શબ્દનું સ્વરૂપ પણ કંઈક આવા જ પ્રકારનું હોય છે. શબ્દને પણ બહારની બાજુ છોતરાં હોય છે. ત્યાર બાદ ધ્વનિનું કઠણ કોચલું હોય છે. ધ્વનિના કોચલા પાછળ એક અર્થ છુપાયેલો હોય છે. તે અર્થમાં કોપરા જેવો બીજો અર્થ હોય છે અને તે અર્થમાં તાત્પર્ય રૂપી રસ ભરેલો હોય છે.

જેમ નાળિયેરનું ફળ જુદા-જુદા કોચલાઓમાં ખીલે છે અને તેનું રૂપ પ્રકટ થાય છે. તેજ પ્રમાણે શબ્દ પણ અર્થનાં અનેક કોચલાઓમાંથી વિવિધરૂપે પ્રકટ થાય છે. શાસ્ત્રમાં તેને તાત્પર્ય, રૂઢિ, યૌગિક અને યોગરૂઢિ કહેવામાં આવે છે.

મનુષ્ય શબ્દને એવી-એવી રીતે બોલે છે કે જેમાંથી વિવિધ અર્થ પ્રકટ

થાય છે. શાસ્ત્રકારોએ આ બધી બાબતોનો વિચાર કરીને શબ્દના વિવિધ અર્થોનાં જુદા-જુદા કોચલા શોધ્યા અને તે દરેકને અલગ-અલગ નામ આપ્યું. આમ, અલગ નામ આપવાને કારણે બધી ખટપટ શુરુ થઈ. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જગતમાં બધી ક્રીડાનાં જે રૂપ-નામનો વિસ્તાર છે તે પરબ્રહ્મનો જ વિસ્તાર છે. નાળિયેરની જેમ જગતમાં પણ છૂપો રસ તો એક જ છે; પરન્તુ તે એક રસમાંથી રૂપ-નામનો ખૂબ વ્યાપક વિસ્તાર થાય છે. નામના વિસ્તારને જ નામસૃષ્ટિ કહેવાય છે. તે નામની જ ક્રીડા છે. રૂપ-નામના વિસ્તારનું નામ જ જગત્ છે.

આ જ પ્રમાણે, જ્યારે આપણી સામે 'ભક્તિ' શબ્દ આવે છે ત્યારે શબ્દના વિવિધ અર્થોરૂપી કોચલામાંથી આપણે ભક્તિનો અર્થ પણ શોધવો પડશે. તે અર્થ શોધતાં ઘણા પ્રશ્નો જાગશે. જેવા કે ભક્તિનું તાત્પર્ય શું છે? ભક્તિનો રુઢિગત અર્થ શો છે? ભક્તિનો યૌગિક અર્થ શો છે? ભક્તિની પરિભાષા કઈ છે? ભક્તિના ગૌણ પ્રયોગ કયા-કયા થઈ શકે છે? વગેરે.

આ બધા પ્રશ્નોને આપણે વિચારીશું ત્યારે સમજાશે કે અત્યાર સુધી જે બીજભાવની આપણે ચર્ચા કરી તે બીજભાવનો અને ભક્તિનો શો સમ્બન્ધ છે.

જેમ નાળિયેરના ફળમાં સૌથી અંદરના ભાગમાં મીઠું જળ ભરેલું હોય છે તેમ ભક્તિરૂપી ફળનો રસ નિરુપાધિક ભાવ છે. આ નિરુપાધિક ભાવ એટલે જ બીજભાવ. નાળિયેરમાં ભરેલા રસના સ્થાને ભક્તિરૂપી ફળમાં નિરુપાધિક ભાવરૂપી રસ રહેલો છે.

નાળિયેરના ફળમાં રસની ચોમેર કોપરાનું બીજું કોચલું આવે છે, તેવી રીતે ભક્તિરૂપી ફળમાં ભક્તિનો રૂઢાર્થ આવે છે. ભક્તિનો રૂઢાર્થ છેઃ માહાત્મ્યજ્ઞાન પૂર્વક સુદૃઢ અને સર્વથી અધિક સ્નેહ.

દરેક જીવાત્મામાં પરમાત્મા પ્રત્યેનો નિરુપાધિક ભાવ ભરેલો છે. પછી તે વ્યક્તિ ઈશ્વરવાદી હોય કે અનિશ્વરવાદી હોય, આસ્તિક હોય કે નાસ્તિક હોય, રામને માનતી હોય કે કૃષ્ણને માનતી હોય, શિવને માનતી હોય કે વિષ્ણુને માનતી હોય,



દેવને માનતી હોય કે ખુદાને માનતી હોય કે ગોડને માનતી હોય! કેવળ માનવી જ નહીં, કીડી-મંકોડા જેવા પ્રાણીઓ માં પણ નિરુપાધિક ભાવ ભરેલો છે. જો આવો ભાવ ન હોય તો પ્રાણી જીવવા ઈચ્છે જ નહીં; તે જીવવા ઈચ્છે છે એના અર્થ એટલો જ કે તેનામાં આ નિરુપાધિક ભાવ ભરેલો છે. નિરુપાધિક ભાવ બીજા શબ્દોમાં કહીએ તો શરત વિનાનો સ્નેહ છે, જે પ્રત્યેક જગ્યાએ પ્રતિફલિત અને પ્રતિબિંબિત થાય છે.

કસ્તૂરીમૃગની સુગંધ તેની નાભિમાંથી પ્રકટે છે, પરન્તુ તે ગંધ કસ્તૂરીમૃગને બધી દિશાઓમાં દોડાવે છે. આવો કસ્તૂરી જેવો નિરુપાધિક ભાવ આપણા સૌના આત્મામાં ભરેલો છે. તેની સુગંધ ચારે તરફ ફેલાય છે. તેથી આપણે ચારે બાજુ આ નિરુપાધિક ભાવને જુદા-જુદા પ્રકારના સોપાધિક ભાવોમાં શોધવા મથીએ છીએ, તેને મેળવ્યાનો સંતોષ લેવા ઈચ્છીએ છીએ. આમ છતાં આપણને તેનો સંતોષ મળતો નથી, કારણ કે આપણો નિરુપાધિક ભાવ આત્માની પણ ભીતર રહેલા પરમાત્મામાં સ્થિર છે. જ્યારે આપણે તેને બહાર શોધવા મથીએ છીએ ત્યારે થોડા સમયમાટે આપણને એક પ્રકારની ભ્રમણા થાય છે.

એક નાનું બાળક ભૂખથી રડતું હોય ત્યારે જો તેને માતાનું દૂધ ન મળે તો થોડા સમય સુધી તે રબ્બરની ટોંટી અથવા અંગૂઠો ચૂસીને શાન્ત થઈ જાય છે. થોડોક વખત તે એમ માની લે છે કે મને માતાનું ધાવણ મળી ગયું છે. પરન્તુ જ્યારે અંગૂઠો કે રબ્બરની ટોંટી ચૂસતાં તેમાંથી દૂધ મળતું નથી ત્યારે તે નિરાશ થાય છે. કારણ કે અંગૂઠો કે રબ્બરની ટોંટી કેવળ આકાર છે, માતાનું દૂધ તો માતા પાસેથી જ મળી શકે. ખરી તૃપ્તિ તો માતાનું દૂધ મળે ત્યારે જ થાય, અંગૂઠો કે ટોંટી ચૂસતાં તો તૃપ્તિની કેવળ ભ્રાંતિ જ થાય છે, તૃપ્તિ થતી નથી. કેટલાક લોકો રબ્બરની ટોંટીમાં મધ ભરતાં હોય છે કે જેથી બાળકને તેમાંથી મીઠાશ મળતાં લાંબા સમય સુધી એવી ભ્રાંતિ બની રહે કે થોડા સમય પછી તેમાંથી દૂધ પણ આવશે. થોડા દિવસો સુધી ટોંટી ચૂસતાં બાળકને તેની ટેવ પડી જતી હોય છે. પછી બાળક રડે ત્યારે તેના મોઢામાં ટોંટી નાખતાં જ તે ચૂપ થઈ જતું હોય છે. બાળક ભલે ચૂપ થઈ જાય પરન્તુ તે ટોંટીથી તેની તૃપ્તિ થતી નથી, તેને પોષણ મળતું નથી, તેનો સ્વાદ આવતો નથી, તેથી તેને સંતોષ પણ થતો નથી. બાળકમાટે આ એક

ભ્રમણા જ છે.

આ જ પ્રમાણે, પ્રત્યેક પ્રાણીમાં રહેલ નિરુપાધિક ભાવ એ પ્રત્યેક પ્રાણીની ભૂખ છે. તે ભૂખને મિટાવવામાટે આપણે પુત્ર, ધન, યશ, કીર્તિ વગેરે અનેક પ્રકારની વસ્તુઓ રૂપી ટોંટીઓને ચૂસતાં-ચૂસતાં આપણી મૂળભૂત ભૂખને દૂર ઠેલતા રહીએ છીએ. એમ વિચારીએ છીએ કે ચાલો, અત્યારે તો આપણું કામ ચાલી ગયુંને! હમણાં તો આ પ્રવચનમાં મજા આવે છે, તેનાથી યશ પણ મળે છે; પરમાત્માને પછી શોધીશું. અત્યારે પુત્ર ઘણો પ્રિય લાગે છે, સુંદર બાલચેષ્ટાઓ કરે છે તેની મજા માણો, પરમાત્માને કાલે શોધી લઈશું! ગુજરાતીમાં એક મજેદાર કહેવત છે ''ઘડપણમાં ગોવિંદગુણ ગાશું''. આમ નિરુપાધિક ભાવના આલંબનથી પરમાત્માને આજે શોધવાને બદલે કાલે શોધવાનું આપણે વિચારીએ છીએ, કારણ કે રબ્બરની ટોંટીની જેમ આપણે એક પછી એક લૌકિક-અલૌકિક વિષયોને ચૂસતાં-ચૂસતાં આપણું આજનું કામ ચલાવીએ છીએ અને પરમાત્માને શોધવાનું કામ આગળ ઉપર ધકેલતા જઈએ છીએ; પરન્તુ તેનાથી આપણને પોષણ અને સંતોષ મળતા નથી. ખરી વાત તો એ છે કે જ્યાં સુધી આપણે ગોવિંદનું ભજન નહીં કરીએ ત્યાં સુધી આપણે આપણી ભૂખને આગળ ધકેલ્યા કરીશું. ભૂખને ભગાડવાની ભ્રમણામાં વારંવાર જન્મ-મરણના ચક્કરમાં આપણે ફસાતા રહીશું. સાચા નિરુપાધિક ભાવના આલંબન વિના સાચું પોષણ અને સંતોષ મળશે નહીં.

મહારાષ્ટ્રના સંત ભક્ત તુકારામ પાડુંરંગ વિટઠલને 'માઉલી'=મા કહે છે. કોઈ દેવીને મા કહેવામાં આવે તો તે વાત સમજી શકાય; જેમ આપણે શ્રીયમુનાજીને મા કહીએ છીએ. રામભક્ત સીતાજીને મા કહી શકે. શિવભક્ત પાર્વતીજીને મા કહી શકે, ખ્રિસ્તી મરિયમને મા કહી શકે; પરન્તુ તુકારામ એવા મસ્ત ભક્ત છે કે જે વિઠોબાને મા કહે છે! તે કહે છે ''હે વિઠોબા! તુ મારી મા છે, તુ જ્યારે દૂધ પીવડાવીશ ત્યારે જ મને સંતોષ થશે, ત્યાં સુધી આ બધી ભ્રમણાઓ ચાલ્યા જ કરશે.'' આમ, તુકારામ જાણે છે કે આ વિઠોબા છે. દેવી નથી, દેવ છે, છતાં તેમને મા કહે છે. મા ની મહત્તા જ કંઈક એવી હોય છે. સામાન્ય રીતે ઘણાં ઓછાં બાળકો એવાં હોય છે કે જે પિતા તરફ વધારે ખેંચાણ અનુભવે. બહુ ઓછાં બાળકો એવા હોય છે કે જે પિતાને માની જેમ પ્યાર કરે. એવી જ રીતે, બધા



પિતાઓમાં પણ એવું સામર્થ્ય નથી કે તેઓ પિતૃત્વ અને માતૃત્વ એક સાથે નભાવી શકે. આવા પિતા બહુ જ દુર્લભ હોય છે. પણ જો કોઈ પિતા મા જેવો પ્રેમ બાળકને આપતો હોય ત્યારે બાળક તફાવત વિચારી શકતું નથી કે આ પિતા છે કે માતા છે. પિતાને પિતા સમજવાથી તેમનામાં મહાત્મ્ય જોવું પડે છે; ત્યાં સુદૃઢ સર્વતોધિક સ્નેહ નથી પ્રકટતો. પરન્તુ જ્યારે પિતામાં માતૃત્વ સમજાય ત્યારે તેમનામાં પણ સુદૃઢ સર્વતોધિક સ્નેહ થાય છે. તે વખતે મહાત્મ્યજ્ઞાનનો લોપ થાય છે. જ્યાં સુધી મહાત્મ્ય જ્ઞાન કાયમ છે ત્યાં સુધી તો પિતાને પિતા જ કહેવા પડે. ત્યારે પિતાને મા કહેવા મુશ્કેલ છે. જ્યારે પિતાને મા કહ્યા ત્યારે જાણવું કે મહાત્મ્ય જ્ઞાનનો લોપ થયો અને સુદૃઢ સર્વતોધિક સ્નેહ પ્રકટ થયો. જ્યારે તુકારામ વિઠોબાને મા કહે છે ત્યારે આપણને ઘણો આનન્દ થાય છે કે આ પુષ્ટિનું ઉદાહરણ છે; જ્યાં પરમાત્માને મા કહી દીધી!

આમ, નિરુપાધિક ભાવ એ ભક્તિનું તાત્પર્ય છે, ભક્તિનો નિગૂઢતમ અર્થ છે.

નિરુપાધિક ભાવ કેવી રીતે પ્રકટ થાય? જ્યારે આપણને નિરુપાધિક ભાવનું આલંબન મળે ત્યારે નિરુપાધિક ભાવ પ્રકટ થઈ શકે. અર્થાત્ જ્યાં સુધી પરમાત્મા ભગવાનનું રૂપ ધારણ કરીને આપણી સામે ન આવે ત્યાં સુધી નિરુપાધિક ભાવને ભક્તિમાં પરિવર્તિત કરવો ખૂબ મુશ્કેલ છે. જેમ કસ્તૂરીમૃગના પેટમાં કસ્તૂરી છૂપાયેલી હોવા છતાં તેને શોધવા કસ્તુરીમૃગ બધી દિશાઓમાં ફરતો હોય છે તેમ આપણા આત્મામાં છૂપાયેલો પરમાત્મા જ્યાં સુધી ભગવાનનું કોઈ રૂપ ધારણ કરી આપણી સામે આવતો નથી ત્યાં સુધી નિરુપાધિખ ભાવને ભક્તિનો દરજ્જો આપી શકાતો નથી.

પરમાત્માને શોધવામાટે ભક્તિની જરૂરત નથી, તેના માટે નિરુપાધિક ભાવ પૂરતો છે. પરન્તુ ભગવાનને શોધવામાટે ભક્તિની આવશ્યકતા છે. તે વિના ભગવાનને શોધી શકાશે નહીં. કેવળ નિરુપાધિક ભાવ આપણને બહેકાવી દેશે, તે આપણને આપણી જાતમાં કે કોઈ બીજા રૂપમાં એટલે કે પુત્ર, ઘર, ધન, યશ કે વિભૂતિના રૂપમાં બહેકાવી દેશે. પરન્તુ ભક્તિ આપણને બહેકાવી શકતી નથી, ભક્તિ આપણને સીધેસીધી ભગવાન્ પાસે લઈ જાય છે. ભક્તિ આપણને મહાત્મ્ય

સમજાવે છે, પરમાત્માનું સ્વરૂપ સમજાવે છે. જ્યાં સુધી આપણે પરમાત્માને ઓળખી ન શકીએ ત્યાં સુધી અંદર બેઠેલા પરમાત્માને કેવી રીતે શોધી શકીશું? ઓળખ્યા વિના શોધવા જતાં આપણે થાકી જઈશું, તેને પામી શકીશું નહીં; પરન્તુ જ્યારે તે નિરુપધિ ભાવ મહાત્મ્ય જ્ઞાનપૂર્વક પ્રકટ થાય છે ત્યારે તેને ભક્તિનો દરજ્જો મળે છે. ભક્તિનો દરજ્જો મળતાં તે ભગવાનને શોધી શકે છે. ભગવાન્ સાથેનો સમ્બન્ધ સ્થાપિત કરી શકે છે.

ભગવાન્ એટલે પરમાત્માનું કોઈ પણ પ્રકટ રૂપ. તે ક્યાં પ્રકટશે, ક્યારે પ્રકટશે, કેવી રીતે પ્રકટશે તેના અનેક પ્રકારો સમ્ભવી શકે છે, તેનાં અનેક રૂપ સમ્ભવી શકે છે; પરન્તુ એક સત્ય નિશ્ચિત છે કે પરમાત્માના પ્રકટ રૂપમાં જ ભક્તિ થઈ શકે છે, પરમાત્માની ભક્તિ થઈ શકતી નથી. પરમાત્મા સાથે નિરુપધિ ભાવ સ્થાપિત કરવાનો પ્રશ્ન જ ઉદ્ભવતો નથી. જેમ જ્ઞાનીના હૃદયમાં પરમાત્મા પ્રત્યે નિરુપધિ ભાવ હોય છે, તેમ અજ્ઞાનીના હૃદયમાં પણ પરમાત્મા પ્રત્યે નિરુપધિ ભાવ છે. પરમાત્મા સાથે નિરુપધિ ભાવનો સમ્બન્ધ સ્થાપિત કરવો પડતો નથી, તે સમ્બન્ધ તો છે જ. તે ન હોત તો કંઈ પણ કાર્ય આગળ વધી શકત નહીં, તે ન હોત તો જ્ઞાનમાર્ગે, કર્મમાર્ગે, શરણમાર્ગે, ભકિતમાર્ગે, પુષ્ટિમાર્ગે, આસુરીમાર્ગે, દૈવીમાર્ગે, ધર્મના માર્ગે કે અધર્મના માર્ગે પણ ચાલી શકાત નહીં. આમ, નિરુપધિ ભાવનું આટલું બધું મહત્વ છે.

સાથે-સાથે નિરુપધિ ભાવની એક મર્યાદા પણ છે. જે ભાવ આપણી ગતિનો મુખ્ય સ્ત્રોત છે તે જ ભાવ આપણને બહેકાવે પણ છે; પરન્તુ જો આપણે તે ભાવને વહેવાની યોગ્ય દિશાને જાણી લઈએ તો પછી તે ભાવ આપણને બહેકાવી શકતો નથી. દા.ત. એક બેટરીમાં તેનો સામર્થ્ય પુરો ભરેલો છે પરન્તુ જ્યાં સુધી આપણે તે બેટરીને કોઈ મશીન માથે લગાડીએ નહીં ત્યાં સુધી તે મશીન પાસેથી આપણે અપેક્ષિત કાર્ય લઈ શકતા નથી. મશીનને જોડયા વિનાની બેટરીનો શો ઉપયોગ? આ જ પ્રમાણે, ખાલી નિરુપધિ ભાવ પણ શું કામનો? જ્યાં સુધી તે નિરુપધિ ભાવને ભક્તિના દરજ્જા સુધી ઉઠાવી ન શકીએ ત્યાં સુધી તેનો કેશ ઉપયોગ નથી. આપણા હૃદયમાં નિરુપધિ ભાવ તો સિદ્ધ છે, પરન્તુ આપણને સમજવું પડશે કે આ નિરુપધિ ભાવ છે કોના માટે? આ નિરુપધિ ભાવના



આલંબનની શોધમાં આપણે કઈ-કઈ રબ્બરની ટોંટીઓ ઉભી કરી છે? રબ્બરની ટોંટીઓને જો આપણે ઓળખી શકીએ તો તે જ્ઞાનમાર્ગ બની ગયો. મહાત્મ્ય જ્ઞાન ત્યારે કહેવાય કે જ્યારે ભગવાન્ આપણા હૃદયકમળ પર આવીને બિરાજે. તે માટે આપણે આપણા હૃદયકમળને ભાવયોગથી પરિભાવિત કરવું પડે. ભાવયોગની પરિભાષા આપતાં શ્રીમહાપ્રભુજી આપણને સમજાવે છે કે જે વખતે આપણે આપણા આત્માના પણ આત્મા તરીકે સ્નેહને ઓળખીએ છીએ ત્યારે તેમાં ભાવયોગ્યતા આવે છે. આવી ભાવયોગતા જ્યારે આવે છે ત્યારે આપણને સાચી ભૂખ જણાય છે. ત્યારે આપણને સમજાય છે કે આપણને રબ્બરની ટોંટીઓની જરૂર નથી, આપણને સાચી જરૂર છે વિઠોબા રૂપી માતાની. આવી સમજ આવતાં હૃદય ભાવયોગથી પરિભાવિત થાય છે. તે વખતે આપણા હૃદયકમળ પર ભગવાન્ આવીને બિરાજે છે.

આમ, ભાવયોગ પ્રાપ્ત કર્યા પછી આપણે જેવી વિભાવના કરીએ, તેને જેવું રૂપ આપવા ઇચ્છીએ તે રૂપમાં તે આપણી સામે પ્રકટ થાય છે. આમ આપણા ભાવયોગની વિભાવનાને અનુરૂપ કોઈ પણ વિભાવનું રૂપ લઈને, તેનું સ્વરૂપ ધારણ કરીને પરમાત્મા આપણી સામે આવી જાય તે દિવસે આપણો નિરૂપધિ ભાવ ભક્તિના દરજ્જા પર બેસી જાય છે. આમ આપણો નિરૂપધિ ભાવ ભાવયોગની પ્રક્રિયામાં રીફાઈન્ડ થાય છે. દા.ત. જમીનમાંથી તેલ નીકળે છે ત્યારે તે ક્રૂડ ઓઈલ હોય છે, કારણ કે તેમાં અનેક પદાર્થો ભળેલાં હોય છે. તેને રીફાઈન્ડ કરવાથી પેટ્રોલ મળે છે. જ્યાં સુધી તે કાચા સ્વરૂપમાં છે ત્યાં સુધી તેનું શુદ્ધ સ્વરૂપ પ્રકટ થતું નથી. તેવી રીતે, જ્યાં સુધી આપણા નિરુપધિ ભાવનું શુદ્ધ સ્વરૂપ પ્રકટ ન થાય ત્યાં સુધી નિરુપધિ ભાવના આલંબનનું રૂપ કેવી રીતે પ્રકટ થાય? જ્યારે નિરુપધિ ભાવની શુદ્ધિ થાય ત્યારે નિરુપધિ ભાવનું આલંબન પણ શુદ્ધ સ્વરૂપે, વિભાવના રૂપમાં આપણી સામે પ્રકટ થાય છે. આથી જ પ્રભુના અનેક પ્રકારના અવતાર બતાવવામાં આવ્યા છે, જેવા કે ગુણાવતાર, લીલાવતાર વગેરે.

આપણા પુષ્ટિમાર્ગમાં પ્રભુના આવા પ્રાકટ્યને અવતાર કહેવાને બદલે 'સ્વરૂપ' કહ્યું છે. રામાનુજ સંપ્રદાયમાં સ્વરૂપને માટે 'અર્ચાવતાર' એવો શબ્દપ્રયોગ કરવામાં આવે છે. જે સ્વરૂપની સેવા-પૂજા કરવાની હોય તે સ્વરૂપને રામાનુજ

સંપ્રદાયમાં 'અર્ચાવતાર' કહે છે. જેમ પ્રભુના ગુણનો અવતાર, પ્રભુની લીલાનો અવતાર તેમ અર્ચના કરનાર ભક્તની અર્ચના સ્વીકારવામાટે પ્રભુએ જે અવતાર ધારણ કર્યો તે તેમનો અર્ચાવતાર.

આમ જોવા જઈએ તો વાત એકની એક જ છે, ફરક શબ્દોનો અને તેની પાછળ રહેલા ભાવનો છે. દા.ત. આપણને જન્મ આપનારને આપણે પિતાની પત્ની કહીએ કે 'માં' કહીએ, અર્થમાં કશો ફરક પડતો નથી. પરન્તુ ભાવમાં કેટલો બધો ફરક પડે છે! કોઈ કહે કે પિતાની પત્ની કહેવામાં ખોટું શું છે? ખોટું કશું નથી, પરન્તુ બન્ને શબ્દોના ભાવમાં ઘણો મોટો ફરક રહેલો છે. તેવી રીતે, આપણે સ્વરૂપને મૂર્તિ કહીએ, કોઈ તેને 'આઈડોલ' કહે, કોઈ 'બુત' કહે તો તેના ભાવમાં ઘૃણા વ્યક્ત થાય છે. જેમ કબીર કહે છે કે ''પથ્થર પૂજે હરિ મીલે તો મેં પૂજું પહાડ, તાસોં તો ચાકી ભલી જો પીસ ખાય સંસાર.'' આમ, પ્રભુના સ્વરૂપને-અર્ચાવતારને જ્યારે પથ્થર કહેવામાં આવે છે ત્યારે આપણા માથા ઉપર પથ્થર મરાતા હોય એવું લાગે છે. જેમ જનેને 'માતા' કહેવાથી વાત સુંદર બની જાય છે, તેમ પ્રભુના અવતારને અર્ચાવતાર કહેવાથી ભાવ બદલાઈ જાય છે, સ્વરૂપ કહેવાથી ભાવ અધિક સુંદર બને છે; પરન્તુ તે સ્વરૂપને પથ્થર કહેવું હોય તો-તો તેના કરતાં ઘંટી ખરેખર સારી! પિતાની સ્ત્રી કહેવાને બદલે કેવળ સ્ત્રી કહેવાથી સ્ત્રીત્વની ગરિમા પ્રકટ થાય છે; પરન્તુ માં કહેવાથી તેની ગરિમા વિશેષ રૂપે પ્રકટે છે. પિતાની પત્ની કહેવામાં સ્ત્રી તરીકે કોઈ મહત્તા પ્રકટ થતી નથી. જ્યારે આપણે આપણી માતાને પિતાની પત્ની માનતા થયા ત્યારથી આપણા મનમાં એવો વિચાર ઉદ્ભવ્યો કે જેમ પિતાની કોઈક પત્ની તેમ મારી પણ કોઈક પત્ની! અને તેથી આજકાલના છોકરાઓ એમ કહેતા સંભળાય છે કે તમે તમારી પત્નીનું કહ્યું માનો, અમે અમારી પત્નીનું કહ્યું માનીશું. તમે તમારી પત્નીને સંભાળો, અમે અમારી પત્નીને સંભાળીશું. આના કારણે જ બાપ-બેટા સાથે રહી શકતા નથી, કારણ કે આપણા સમાજમાં અત્યારે પિતાની પત્નીનો સિદ્ધાન્ત ચાલે છે, માંનો સિદ્ધાન્ત ચાલતો નથી. માંનો સિદ્ધાન્ત ચાલતો હોત તો આપણને આ વાત સમજમાં આવત કે ક્યારેક કુપુત્ર જન્મે, પરન્તુ કુમાતા કદી પણ જન્મતી નથી.

આમ વાત એક જ છે, પરન્તુ તે શબ્દો પાછળ રહેલા ભાવને કારણે



વાતમાં ઘણો ફરક પડે છે.

કેટલાક લોકો શબ્દોમાં થોડો સુધારો કરીને સ્વરૂપને પથ્થર કે મૂર્તિ કહેવાને બદલે 'લિંગ' કહે છે. અહીં 'લિંગ' શિવલિંગના અર્થમાં નથી, 'લિંગ' એટલે ચિહ્ન કે પ્રતીક. તે લોકો એમ કહે છે કે, પરમાત્મા ઘણું સૂક્ષ્મ તત્વ છે. સૂક્ષ્મ પરમાત્માના તત્વમાં ચિત્તને એકાગ્ર કરી શકાતું નથી. તે માટે કોઈ સ્થૂળ આકારની જરૂર પડે છે. તેથી મૂર્તિનો સ્થૂળ આકાર ઘડ્યો છે. તેથી જ મૂર્તિઓ પરમાત્માનું લિંગ અર્થાત્ ચિહ્ન છે, પરમાત્મા નથી. આવું કહેનાર લોકોના ભાવ ઘણા દૂષિત છે. પિતાની પત્ની કહેવા જેવો આ દુષિત ભાવ છે, કારણ કે તેઓ એમ સમજે છે કે શુદ્ધ પરમાત્માનું આપણે ધ્યાન ધરી શકતા નથી, તે માટે કંઈક ચિહ્ન-પ્રતીક હોવું જોઈએ. આપણે રાષ્ટ્રને નમસ્કાર કરી શકતા નથી, કારણ કે રાષ્ટ્રની ભૂમિ ઉપર આપણે ઉભા છીએ. તેથી આપણે ધ્વજનું એક ચિહ્ન બનાવ્યું. તે ત્રિરંગા ઝંડાને નમસ્કાર કરતાં એમ માનીએ છીએ કે આપણે રાષ્ટ્રને નમસ્કાર કરી રહ્યા છીએ. આવો ભાવ ભગવાનની બાબતમાં રાખવો એ મોટી વિકૃતિ છે. આમ, મૂર્તિને કેટલાક લોકો લિંગ અથવા પ્રતીક કહે છે. તેમના મતે મૂર્તિ પરમાત્મા નથી, પરન્તુ પરમાત્માનું પ્રતીક છે. પ્રતીક માનવાથી તેમનો ભાવ દુષિત થઈ ગયો, પછી તે મૂર્ત્તિને નમસ્કાર કરે તો પણ વ્યર્થ છે, કારણ કે તેઓ પ્રતીકને નમસ્કાર કરે છે, પરમાત્માને નમસ્કાર કરતા નથી. પ્રતીકને નમસ્કાર કરીએ કે ન કરીએ, તેથી કશો ફરક પડતો નથી. જેમને આવી જ્ઞાનદષ્ટિ પ્રાપ્ત થઈ છે કે આ પરમાત્મા નથી, પરન્તુ પરમાત્માનું પ્રતીક છે, તેમણે જ્ઞાનમાર્ગ પર ચાલીને પ્રતીકોથી મુક્ત થવાનો ઉપાય કરવો જોઈએ. તેમણે એવી ગેરસમજ ન રાખવી જોઈએ કે આ પ્રતીકની ઉપાસના ભક્તિ છે.

જ્ઞાનમાર્ગી જ્ઞાનદષ્ટિથી પ્રથમ દેહથી મુક્ત બને છે, પછી ઇન્દ્રિયોથી મુક્ત બને છે, પછી અન્તઃકરણથી મુક્ત બને છે, પછી પ્રાણથી મુક્ત બને છે, પછી જીવાત્માથી મુક્ત બને છે. આમ, અન્નમય કોશ, મનોમય કોશ, વિજ્ઞાનમય કોશ, પ્રાણમય કોશ જેવા કોશોથી મુક્ત બનતાં-બનતાં આનન્દમય કોશ કે જે અવિદ્યાનો કોશ છે તેનાથી પણ મુક્ત બની શુદ્ધ આનન્દને પ્રાપ્ત કરે છે. આ પ્રક્રિયા જ્ઞાનની છે. આમ, જ્ઞાનમાર્ગી જ્યારે પ્રતીકોપાસનાની વાત કરે છે ત્યારે તે વાત સાચી છે. સિદ્ધાન્તયુક્ત છે.

પરન્તુ આજકાલ લોકો ખીચડી પકાવે છે. કેટલાક લોકો જ્ઞાનની બે-ચાર વાતો સાંભળી આવે છે અને પછી તેનું ભક્તિમાં સંમિશ્રણ કરે છે. કોઈના ઘેર સાંભળ્યું કે ત્યાં બાળકો માને 'પિતાની પત્ની' કહે છે એટલે ઘેર આવીને આપણું બાળક પણ માને પિતાની પત્ની કહેવા લાગે તો આપણને કેવું લાગશે? આપણે બાળકને કહીશું કે તેં બહાર ભલે એમ સાંભળ્યું કે ચીમનભાઈની પત્ની કે રમણભાઈની પત્ની; પરન્તુ ઘરમાં પિતાની પત્ની ન બોલાય, 'મા' કહેવાય. જ્યારે બાળક 'પિતાની પત્ની' એમ બોલે છે ત્યારે પરિવારનું સ્વરૂપ છિન્ન-ભિન્ન થઈ જાય છે.

એવી રીતે ભક્તિનો પણ એક પરિવાર છે. તેમાં આપણે જે રૂપની ભક્તિ કરી રહ્યા છીએ તે રૂપને પ્રતીક કહી શકાય નહીં. 'પ્રતીક' શબ્દ જ્ઞાનીની પરિભાષાનો શબ્દ છે, ભક્તની પરિભાષાનો શબ્દ નથી. આપણે આ તફાવત સમજતા નથી, તેથી બાળકો જેવું બોલીએ છીએ. બાળકો શેરીમાં રમવા જાય, ત્યાંથી ગેમે તેવી વાતો શીખીને આવે છે. તેમની બુદ્ધિ એટલી સીમિત હોય છે કે તેમને તે વાતોનો અર્થ ખબર હોતો નથી, તેથી ઘરમાં આવીને પણ તેઓ અપશબ્દો વગેરે બોલવા લાગે છે. આમ, આપણે જ્ઞાનનું પ્રવચન સાંભળીને માર્ગભેદના અજ્ઞાનને કારણે ભક્તિની પરિભાષામાં તે શબ્દોનો ઉપયોગ કરી બેસતા હોઈએ છીએ.

આપણે બરાબર સમજી લેવું જોઈએ કે પ્રતીક જ્ઞાનમાર્ગમાં છે, ભક્તિમાર્ગમાં તો 'અર્ચાવતાર' છે. અર્થાત્ 'સ્વરૂપ' છે, કારણ કે ભક્તિ એ છોડવાની પ્રક્રિયા નથી, તે સ્વીકૃતિની પ્રક્રિયા છે. ભક્તિ દોષજ્ઞની પ્રક્રિયા નથી, ગુણજ્ઞની પ્રક્રિયા છે. આપણે પહેલેથી જ સ્વરૂપમાં દોષદર્શન કરવા માંડ્યા કે આ પરમાત્મા નથી, પરમાત્માનું પ્રતીક છે, ત્યાં જ આપણી ભક્તિ ખતમ થઈ ગઈ. ત્યાંથી જ આપણે ભક્તિમાર્ગ છોડીને જ્ઞાનમાર્ગના ડાયવર્ઝન પર ચાલ્યા ગયા.

મુંબઈમાં ચોપાટી ઉપર ભેળ બને છે. હોટેલમાં જે ખાદ્યપદાર્થ વેચાયા વિનાના રહે તે હોટેલવાળા આપી દે છે. તેને ભેગા કરી, તેના ઉપર ખૂબ મરચું ભભરાવી, તેને તીખા તમતમતા બનાવી, ભેળવાળા હાટડી લઈને બેસી જાય છે. લોકોને ભેળ એટલી બધી ભાવવા માંડી કે રવિવારે સાંજે સારાં-સારાં ઘરોમાં રસોઈ બનતી બંધ થઈ ગઈ! હવે તો પરણતાં પહેલાં જ સ્ત્રી શરત કરે છે કે ''રવિવારે



ચોપાટી પર ભેળ ખાવા લઈ જાવ તો જ લગ્ન કરું! રવિવારે સાંજે હું ઘેર રસોઈ બનાવીશ નહીં!'' આમ, વાસી ખોરાકમાંથી બનેલી ભેળ ખાવાની રુચિ વધતી ગઈ છે. ભેળ તાજા ખોરાકમાંથી બની હોય તો તેમાં સ્વાદ પણ હોય, કંઈક પૌષ્ટિક તત્વો પણ હોય; પરન્તુ જ્યારે તે વાસી પદાર્થોમાંથી બને છે અને તેના પર મરચું ભભરાવી તેને તીખી તમતમતી બનાવવામાં આવે છે ત્યારે તેનાથી જે નુકસાન થઈ રહ્યું છે, તેને લોકો સમજતા નથી. આ ભેળવાદનો ઉપાય શો? ક્યારેક તો મેં એવું પણ જોયું છે કે રાત્રે બાર વાગ્યાથી સવારે ત્રણ વાગ્યા સુધી લોકા ભેળ ખાવા આવતા હોય છે! ભેળ ખાવા રાતના કેમ જાગતા હશે, તે પણ સમજાતું નથી. લોકો દસ-દસ માઈલ દૂરથી ગાડીઓ લઈને મોડી રાત્રે ભેળ ખાવા નીકળી પડે. આવી ભેળની ફેશન ચાલી રહી છે. ભેળની ફેશન એ સ્વાસ્થ્યની કુરબાની આપીને ખાલી જીભને સ્વાદ આપવાની વૃત્તિ છે.

એવી રીતે આજકલ શ્રવણમાં પણ ભેળની ફેશન ચાલે છે. લોકો થોડુંક જ્ઞાનમાર્ગીય સાંભળે, થોડુંક ભક્તિમાર્ગીય સાંભળે, થોડુંક કર્મમાર્ગીય સાંભળે અને પછી તે બધાની ભેળ બનાવી દે. તેમાં શ્રોતાઓને એટલો આનન્દ આવવા લાગ્યો છે કે કેટલાક વક્તાઓએ આવી વાતોના ભેળની દુકાનો લગાવવા માંડી છે. તેઓ પણ જ્ઞાન, કર્મ અને ભક્તિ ના સિદ્ધાન્તોની ભેળ બનાવીને બધે ગરબડ કરાવે છે. તેઓ એમ કહેવા લાગે છે કે મૂર્તિ એ ભક્તિનું પ્રતીક છે; પરન્તુ વાસ્તવમાં ભક્તિમાં પ્રતીક હોઈ શકે નહીં. જ્યારે આપણે સ્વરૂપને પ્રતીક કહ્યું ત્યારે આપણે માને 'પિતાની પત્ની' કહી.

આ આખી વાત પત્તાનાં ઘર જેવી છે. આપણે પત્તાનું ઘર બનાવીએ. એક ફૂંક મારતાં જ તે પડી જાય છે તેમ આપણા ભજનીય રૂપને પ્રતીક કહેતાની સાથે જ ભક્તિનો આખો મહેલ આપણે તોડી નાખીએ છીએ. 'અર્ચાવતાર'ની પોતાની એક ગરિમા છે. તે પ્રભુનું સાક્ષાત્ સ્વરૂપ છે, અર્થાત્ પ્રભુ પોતે જ છે, તેથી તો પુષ્ટિમાર્ગમાં તેને રૂપ ન કહેતાં સ્વરૂપ કહ્યું છે.

જે પરમાત્મા બધે વ્યાપ્ત છે તે શું આ સ્વરૂપના રૂપે પ્રકટ ન થઈ શકે? જગતમાં જેટલાં રૂપ છે તે બધાં પરમાત્માનાં જ રૂપ હોય તો શું તે

પરમાત્મા મૂર્તિમાં વ્યાપ્ત ન હોય? જે કણ-કણનું રૂપ ધારણ કરી શકે તે મૂર્તિનું રૂપ ધારણ ન કરી શકે? આપણને આવો અવિશ્વાસ કેમ થાય છે? આપણને તે પરમાત્મા બહેરો-મૂંગો કેમ લાગે છે? તેનું કારણ એ છે કે આપણા ભક્તિના અધિકાર ખણ્ડિત થઈ રહ્યા છે, વેર-વિખેર થઈ રહ્યા છે. પરમાત્મા જ્યારે આપણને મૂંગો-બહેરો લાગ્યો ત્યારે સમજી લેવું કે હવે આપણો ભક્તિનો અધિકાર રહ્યો નથી. તે વખતે કદાચ આપણો જ્ઞાનનો અધિકાર રહ્યો હોય! જો જ્ઞાનનો અધિકાર છે તો આપણે જ્ઞાનમાર્ગે ચાલવું જોઈએ. તે માર્ગે ચાલીને આપણે મૂંગા-બહેરા પરમાત્માને ફેંકી દઈને આનન્દપૂર્વક જ્ઞાની બની શકીએ, પરન્તુ આપણે પરમાત્માને મૂંગો-બહેરો માનીને એમ વિચારીએ કે ''પથ્થર પૂજે હરિ મિલે તો મૈં પૂજું પહાડ'' તો આ વાત સાચી છે. પથ્થર કરતાં ચક્કી ઉત્તમ છે, પરન્તુ સ્વરૂપ કરતાં ચક્કી ઉત્તમ નથી. જે સ્વરૂપને પથ્થર સમજે છે તેના માટે ખરેખર ચક્કી જ ઉત્તમ છે. કારણ કે પર્વતમાં પીસવા લાયક કશું જ નથી, પરન્તુ આમ કહીને આપણે પરમાત્મા ઉપર એવો પ્રતિબંધ નહીં રાખી શકીએ કે તું પથ્થર નહીં બની શકે. પરમાત્મા શાલિગ્રામ પણ બની શકે છે, તે વરાહ પણ બની શકે છે, તે મત્સ્ય પણ બની શકે છે, તે નૃસિંહ, રામ કે કૃષ્ણ પણ બની શકે છે. જગતમાં જે કંઈ છે તે બધું તે જ બન્યો છે. આવો સર્વસમર્થ તે છે. સર્વ રૂપ ધારણ કરવા સમર્થ છે. તેથી આપણે દૃઢતાપૂર્વક સમજી લેવું જોઈએ કે આપણે પથ્થર પૂજી રહ્યા નથી. ભક્તમાં એટલી શ્રદ્ધા તો હોવી જ જોઈએ કે હું ધાતુ કે પથ્થર ને પૂજતો નથી. જે વખતે ભક્તની આ શ્રદ્ધા ખંડિત થાય છે અને તે માને છે કે હું પ્રતીકની ઉપાસના કરી રહ્યો છું, તે વખતે તે પોતાની માને 'પિતાની પત્ની' કહી રહ્યો છે.

પ્રતીક ઉપાસના પણ એક શાસ્ત્રીય પ્રક્રિયા છે, તે કોઈ ખોટી પ્રક્રિયા નથી; પરન્તુ પ્રતિકોપાસનાની ક્રિયાનો મેળ ભકિતમાર્ગમાં બેસતો નથી. આજે આપણે ભકિતમાર્ગમાં આવી જુદી-જુદી પ્રક્રિયાઓની ભેળ બનાવી, તેને તીખી તમતમતી બનાવી, પીરસવાનું શરુ કર્યું છે તેથી સંતોષ અને પોષણ મળતું નથી, કેવળ જીભને તમતમતો સ્વાદ મળે છે.

એક પ્રવચનકારે 'નારદ ભકિતસૂત્ર' ઉપર આવું ભેળ-પુરી વાળું પ્રવચન



આપ્યું. લોકો તેમની પ્રશંસા કરવા લાગ્યા. આપણા પુષ્ટિમાર્ગના એક શાસ્ત્રીજીએ પણ મને કહ્યું કે ''પુષ્ટિમાર્ગનો મૂળ સાર સમજવો હોય તો 'નારદ ભકિતસૂત્ર' ના આ પ્રવચનમાં ભર્યો છે, આપ તે વાંચી લો.'' મેં પણ વિચાર્યું કે શાસ્રીજી કહે છે તો લાવો વાંચી લઈએ. તે પ્રવચનકારે પોતાના પ્રવચનમાં જે વાતો કરી હતી તે બધી આવી જ ચટપટા તીખા તમતમતા સ્વાદવાળી હતી. આવી તીખી તમતમતી વાનગીઓ જ્યારે આપણે ભૂખ મિટાવવા ખાઈએ છીએ ત્યારે તેનાથી પેટમાં એસીડીટી જ થતી હોય છે. આવી વાનગીઓ જીભને સારી લાગે, પરન્તુ પેટમાં જતાં ગુણકારી થવાને બદલે રોગનો ઉપદ્રવ કરતી હોય છે.

તે પ્રવચનકારે શરુઆત કરતાં કહ્યું કેઃ ''બે શરીર વચ્ચે જે આકર્ષણ છે તે કામ છે, યૌન-વાસના છે. બે આત્મા વચ્ચેનું આકર્ષણ પ્રેમ છે, પરમાત્મા અને જીવાત્મા વચ્ચેનું આકર્ષણ ભકિત છે.'' આ વાત થોડીક સ્વાદિષ્ટ લાગી એટલે આગળ વાંચવાનો વિચાર કર્યો. તેમણે આગળ લખ્યું કેઃ ''પરમાત્મા એટલે શું? જ્યાં સુધી આપણે એમ માનીએ કે આપણે અને પરમાત્મા અલગ છીએ, ત્યાં સુધી આપણે પરમાત્માને સમજી શકીશું નહીં. આપણે પરમાત્માને ખતમ કરી દઈએ ત્યારે આપણી ભક્તિ સિદ્ધ થાય.'' આ વાંચતા જ મને થયું કે આ તો જ્ઞાનમાર્ગની વાત થઈ, આ ભકિતમાર્ગની વાત નથી. ચોપડીમાં જુદા-જુદા માર્ગોની વાતોની ભેળ માત્ર બનાવવામાં આવી હતી. કારણ કે પ્રતીકને ખતમ કરી શકાય, ભજનીયને ખતમ કરી શકાતો નથી. આપણે કોઈ માતાને જઈને એમ ન કહી શકીએ કે તમે તમારા બાળકને ખતમ કરો, કોઈની પત્નીને જઈને એમ ન કહેવાય કે તમે તમારા પતિનું ખૂન કરો. પતિની પાછળ મરનારી સતી થઈ શકે, પતિને મારનારી સતી કહેવાતી નથી. પરન્તુ આ તફાવત પોતાનો ધંધો ચલાવવામાટે જુદા-જુદા માર્ગોના વિચારોની રેડીમેઇડ્ ભેળ બનાવનારા સમજી શકતા નથી. તેમને તો એટલું જ છે કે ગ્રાહકોને તીખો તમતમતો સ્વાદ ગમે છે તો તેવો સ્વાદ મળે તેવી વાનગીઓ પીરસું. તેમાં થોડું જ્ઞાન ભેળવો, થોડી ભક્તિ ભેળવો, થોડું કર્મ ભેળવો એટલે ભેળ સ્વાદિષ્ટ બનશે; પરન્તુ આ સ્વાદ આપણા સ્વાસ્થ્યને નુકસાન કરનારો હશે.

એક વ્યકિતએ એક વખત મને કહ્યું કે ''તમે હંમેશાં ભકિતની વાત કરો છો. અમારો સિદ્ધાન્ત તો એ છે કે કર્મ, જ્ઞાન અને ભક્તિ એ ત્રણેયનો ત્રિવેણી

સંગમ વહેવો જોઈએ.'' મેં કહ્યું ભાઈ સાહેબ, પ્રયાગમાં જઈને જુઓ, ત્યાં ગંગા અને યમુના બે જ નદીઓ વહે છે. ત્યાં પણ ત્રિવેણી નથી. સરસ્વતી તો ત્યાં પણ લુપ્ત છે, ત્યાં કેવળ સરસ્વતીનું મહાત્મ્ય છે, સરસ્વતી નથી. તેથી જ્યારે તમે એમ કહો છો કે જ્ઞાન, કર્મ અને ભકિતની ત્રિવેણી વહાવો, ત્યારે તમારી સરસ્વતી પણ લુપ્ત થઈ છે, પ્રકટ નથી.

વાસ્તવમાં આપણો સિદ્ધાન્ત છે કે કોઈ પણ એક માર્ગ ઉપર ચાલો. જ્ઞાનમાર્ગે ચાલશો તો પણ ત્યાં જ પહોંચશો, ભક્તિમાર્ગે ચાલશો તો પણ ત્યાં જ પહોચશો, કર્મમાર્ગે ચાલશો તો પણ ત્યાં જ પહોચશો. પરન્તુ તે બધાની ભેળનો સ્વાદ લેવા જશો તો ક્યાંય નહીં પહોંચો. તેથી કહ્યું છે કે ''એકે સાધે સબ સધે, સબ સાધે સબ જાય.'' બધું સાધવા જશો તો બધું જ નિરર્થક થશે, કશું જ સિદ્ધ નહીં થાય. જે લાભ જ્ઞાનમાર્ગથી પ્રાપ્ત થશે તે જ લાભ કર્મમાર્ગથી પણ પ્રાપ્ત થશે. પરન્તુ બંનેનું મિશ્રણ કરવાથી કશું પ્રાપ્ત થશે નહીં. માટે કોઈ પણ એક માર્ગને સારી રીતે, સરખી રીતે પકડી લો. એકી સાથે બે નાવ ઉપર સવારી કરી ન શકાય. જો કરે તો તે પોતે જ પડી જશે અથવા તો તેને અનિચ્છાએ પણ એક નાવમાં આવવું પડશે.

આપણો પ્રાચીન સિદ્ધાન્ત એ હતો કે, આપણે એક માર્ગને સારી રીતે પકડી લઈએ તો જેટલા માર્ગ છે, જેટલાં પણ દેવરૂપ છે, જેટલાં અધિકાર અને ફળ છે તે બધું જ આપણને મળી જશે, આપણા અધિકાર અને મનોરથ મુજબ. પરન્તુ શરત એટલી જ કે ગમે તે એક માર્ગનો સારી રીતે આશ્રય કરવો. બધાનું મિશ્રણ કરવાથી કોઈનું પણ ફળ મળતું નથી, કારણ કે આપણી નિષ્ઠા ક્યાંય સ્થિર થઈ શકતી નથી;

શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ આજ્ઞા કરે છે કે જો તમારામાં નિષ્ઠા નથી, તો કોઈ પણ માર્ગ પર ચાલવા છતાં તમને કશું પણ ફળ મળશે નહીં. જો તમારામાં નિષ્ઠા છે તો કોઈ પણ એક માર્ગ ઉપર ચાલવાથી બધાં મનોવાઞ્છિત ફળ મળી શકશે; કારણ કે બધા જ માર્ગો પરમાત્મા તરફ લઈ જનારા છે. તે વ્યાપક પરમાત્મા જ દરેક માર્ગનું ગંતવ્ય છે, તે જ દરેક માર્ગની મંઝિલ છે. કારણ કે તે વ્યાપક છે અને



તેથી દરેક માર્ગે એકી સાથે તેને શોધી શકાય છે. જુદાં-જુદાં માર્ગોને અજમવતા રહેવાથી તેને શોધી શકાતો નથી. દરેક માર્ગ ઉપર ચાલવાની તાકાત કોઈ પણ મુસાફરમાં હોય નહીં. એક મુસાફર એક જ માર્ગ ઉપર ચાલી શકે. કારણ કે પથિક પોતે વ્યાપક નથી, જીવાત્મા વ્યાપક નથી, પરમાત્મા વ્યાપક છે. તેથી કોઈ પણ એક માર્ગે ચાલીને જીવાત્મા પરમાત્માને શોધી શકે છે, પરન્તુ જીવાત્મામાં આવો મોહ ઉત્પન્ન થઈ ગયો કે જેમ પરમાત્મા વ્યાપક છે તેમ હું પણ વ્યાપક છું! ભાગવત આપણને સમજાવે છે કે જેમણે પોતાની જાતને આમ મુક્ત અને વ્યાપક માની છે, જેમણે પોતાની જાતને આવો ઈશ્વર ગણ્યો છે, તેમને ઈશ્વર મળવાનો નથી.

''પાની બીચ મીન પિયાસી, મોહે સુન-સુન આવે હાંસી'' આવું કહેનાર કબીરે એમ પણ કહ્યું છે કે ''હું મારા રામને પ્રિયતમને શોધવા ચુંદડી ઓઢીને ચાલી''. કબીરને જે હસવું આવે છે તે જ્ઞાનીને જોઈને આવે છે, જે એવું માની રહ્યો છે કે હું ખૂદ વ્યાપક છું, હું પોતે પરમાત્મા છું. જો તું પોતે જ પરમાત્મા છે તો પરમાત્માને શોધવાની વાત જ નથી; પરન્તુ જો તું જીવાત્મા છે તો પરમાત્માને શોધવામાટે આગળ વધ. તું જે માર્ગે આગળ વધીશ તે માર્ગે તને પરમાત્મા મળશે, પણ જો તેં શરુઆતની સાધક અવસ્થામાં જ તારી જાતને પરમાત્મા ગણી લીધી તો પછી પરમાત્માને શોધવાનો પ્રશ્ન જ રહેતો નથી.

બુદ્ધ આને અવ્યાકૃત પ્રશ્ન કહે છે. કેમ કે જ્યારે આપણે એમ માની લીધું કે આપણે જ બધું છીએ તો પછી શોધ કરવાની જરૂર રહેતી નથી. પછી ધર્મની જરૂર નથી, સાધનાની જરૂર નથી, જાણવાથી પરમાત્માનો સાક્ષાત્કાર થતો નથી, જાણવાથી મનુષ્ય કેવલ બોલી શકે છે, તે વાચાળ બને છે; પરન્તુ તે કશાને ઓળખી શકતો નથી. પરમાત્માનું સાચું સ્વરૂપ તેની દૃષ્ટિ અને વાણીથી છુપાઈ જાય છે. આમ, જ્ઞાન મનુષ્યને વાચાળ બનાવે છે, પરન્તુ જ્ઞાન મનુષ્યને પરમાત્માનો સાક્ષાત્કાર કરાવી શકતું નથી. સાક્ષાત્કાર એક અલગ બાબત છે, એક અનુભવ છે. અનુભવ અને પાંડિત્ય બંને અલગ-અલગ બાબત છે.

ઉપનિષદે આ વાત સુંદર રીતે સમજાવી છે. ઉપનિષદ કહે છે કે જો તું ખરેખર પંડિત થઈ ગયો હોય તો તું મૌન રહે. તું બોલી રહ્યો છે, તું જેટલું વધારે

બોલે છે, જેટલી વધારે યુકિત-પ્રયુક્તિ બતાવે છે તેટલો તું વધારે મૂર્ખ છે એવું સાબિત થાય છે. જે કંઈ બોલી રહ્યો છે તે તું સમજી શકયો નથી. તું સમજી શકયો નથી માટે બોલે છે. જે સમજી શકયો છે તેને બેલાવીને જરૂર નથી.

એક વખત હું બનારસ ગયો હતો. ત્યાં કોઈકે અમારા કાકાજીને જલેબીના સ્વાદ વિષે પૂછ્યું. કાકાજીએ એક કલાક સુધી જલેબીનું વર્ણન કર્યું. હું સવારથી ભૂખ્યો હતો. મને એમ થયું કે જલેબીની વાત કરવા કરતાં કાકાજીએ કૃપા કરીને જલેબીનો એકાદ ટુકડો મારા મોંમાં મૂકી દીધો હોત તો બધી સમસ્યાનું સમાધાન થઈ જાત. કારણ કે જલેબીની વાત સમજાવી, પણ તેમાં જલેબીનો સ્વાદ ન આવ્યો અને સમય બરબાદ થયો.

આવી જ વાત જ્ઞાનીની, પ્રવચનકાર, પંડિતની છે. તે ત્રણ-ચાર કલાક સમજાવે છે, સમજવાથી જલેબીનો સ્વાદ માણી શકાતો નથી. આપણે જેટલું સાંભળીએ અને જેટલું કહીએ તેનાથી તો મરી-મરચાંનો તમતમતો સ્વાદ જ આવે છે, વસ્તુનો સ્વાદ તો ગાયબ હોય છે.

આમ અનુભવ એક વસ્તુ છે અને શબ્દદ્વારા પ્રકટ થયેલ જ્ઞાન એ બીજી વસ્તુ છે. એક શ્રોતા છે, તો બીજા વકતા પણ છે. આ પણ જીવનની એક સત્ય હકીકત છે, આ કોઈ મિથ્યા બાબત નથી. કોઈ વ્યક્તિ કોઈક વસ્તુના ગુણ બતાવે છે તો બીજી વ્યકિત તે જ વસ્તુના અવગુણ પણ બતાવે છે. જે ગુણ બતાવે તેને સત્ય માની લેવા અને અવગુણ બતાવે તેને મિથ્યા માની લેવા એ શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાન્ત નથી. અવગુણ પણ એક લીલા છે અને ગુણ પણ એક લીલા છે. આ બંને પરમાત્માની લીલા છે એવું માનવું તે શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાન્ત છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે કેવળ વાતો કરવાથી નિષ્ઠા પ્રકટતી નથી, વાતો સાંભળવાથી પણ નિષ્ઠા પ્રકટતી નથી; પરન્તુ જ્યારે આપણને એક માર્ગ દેખાયો અને આપણે તે માર્ગે ચાલવા લાગ્યા ત્યારે આપણામાં નિષ્ઠા જન્મે છે. રસ્તો દેખાયો તો તે રસ્તે ચાલવા માંડો, તેથી તમારામાં નિષ્ઠા પ્રકટશે અને તમે મંઝિલ પર પહોંચી શકશો. પરન્તુ કોઈક માર્ગ વિષે દસ-બાર દિવસ પ્રવચન



સાંભળવાથી આપણે કયાંય પહોંચતા નથી, કારણકે આપણે ત્યાંના ત્યાં બેઠેલા છીએ. કહેનાર પણ ત્યાં જ છે, સાંભળનાર પણ ત્યાં જ છે. બેમાંથી એક પણ કયાંય પહોંચશે નહીં, કારણ કે કોઈને કયાંય પહોંચવું જ નથી. માટે તો કહેવા અને સાંભળવા ની આ લીલા ચાલે છે! જો કહેનારને પહોંચવું હોત તો તે-તે માર્ગે ચાલીને પહોંચી ગયો હોત! તેવી જ રીતે સાંભળનારને પણ પહોંચવું હોત તો તે પણ પહોંચી શકયો હોત! શુકદેવજીએ જે વખતે સાંભળ્યું તે જ વખતે તેઓ ચાલવા માંડયા. શાસ્ત્રે આથી જ સુંદર વાત કહી કે ''તમને વૈરાગ્ય આવ્યો છે તો તમે ચાલી નીકળો''. પરન્તુ જો વૈરાગ્ય નથી આવ્યો તો બેસી રહો, સાંભળતા રહો, તે પણ એક અધિકાર છે. બેસવા અને સાંભળવાનો તથા કહેવા અને સાંભળવાનો પણ એક અધિકાર છે. પરન્તુ તે અધિકાર વૈરાગ્ય નથી આવ્યો ત્યાં સુધીનો જ છે.

એક શાયરે ખૂબ સુંદર વાત કહી છે ''ગુલશન હો નિગાહોમેં, તો જન્નત મત સમઝના.'' આજકાલ શહેરોની મ્યુનિસિપાલિટી શહેરના ચાર રસ્તાની વચ્ચે બગીચા બનાવી દે છે. પરન્તુ સ્વર્ગ એટલું સસ્તું નથી કે શહેરના ચાર રસ્તા પર મળી જાય. શાયરનું એ જ કહેવું છે કે કયાંક તમને બગીચો દેખાઈ જાય તો તેને સ્વર્ગ સમજવાની ભૂલ ન કરશો. આનો અર્થ એવો નથી કે શહેરના ચાર રસ્તા પર બગીચાની આવશ્યકતા નથી, પરન્તુ એ બગીચાને સ્વર્ગ માનવાની ભૂલ ન કરવી જોઈએ. તે બગીચાને સ્વર્ગ માનીને જો ત્યાં જ બેસી જશો તો સ્વર્ગની પ્રાપ્તિ થશે નહીં, તે બગીચો તો સ્વર્ગની નાનકડી ઝલક પણ નથી.

આમ શાસ્ત્રનો થોડોક અભ્યાસ કરી લેવાથી, થોડું તર્કશાસ્ત્ર શીખી લેવાથી, થોડાક હાસ્ય-મજાકના શબ્દો બોલવાથી આવો બગીચો ઉભો કરી શકાય; પરન્તુ તેને સ્વર્ગ માનવાની ભૂલ ન કરાય. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ''નિષ્ઠા તો સાધનોથી જ પ્રકટે છે, કેવળ મનોરથ કરવાથી કે વાતો કરવાથી નહીં''. જે દિશા બતાવવામાં આવે તે દિશામાં ચાલવાથી જ આપણે આપણા ગંતવ્ય સુધી પહોંચી શકીએ છીએ.

આમ, ભક્તિના સિદ્ધાન્તને સમજવામાટે આપણામાં ભકિતની આવી નિષ્ઠા હોવી જરૂરી છે. ભક્તિની નિષ્ઠાને જ્ઞાનની નિષ્ઠાથી ખંડિત થવા દેવી જોઈએ

નહીં. જેનામાં જ્ઞાનની નિષ્ઠા છે તેમણે તેને ભક્તિની નિષ્ઠાથી ખંડિત થવા દેવી જોઈએ નહીં. જો તમને ભકિતમાં વધારે નિષ્ઠા છે તો જુદા-જુદા તર્કથી તમારી ભક્તિની નિષ્ઠાને ખંડિત થવા દેશો નહીં. આ પ્રતીક છે, આ ચિત્તને એકાગ્ર કરવાનો ઉપાય છે, આ પરમાત્મા નથી. તે મૂંગો છે, બહેરો છે, પથ્થર છે, ધાતુ છે. આ ભાષા ભક્તની ભાષા નથી. આ ભાષા માયાવાદી જ્ઞાનીની ભાષા છે. જો માયાવાદી આવું કહે તો આ ભાષા સુંદર લાગે, જ્યારે ભકત આવું કહે ત્યારે તે તેની ભકિતને ખંડિત કરે છે. આવું કહેનાર ભકત ભક્તિના માર્ગે ચાલવા લાયક નથી.

અંગ્રજીમાં એક કહેવત છે કે સૌંદર્ય કેટલું? જેટલી તમારી ચામડીની ગહેરાઈ. આપણી ચામડી કેટલી જાડી છે એનો વિચાર કરીએ તો ચામડી ખૂબ જ પાતળી છે. હાડ અને માંસના વિકૃત રૂપ ઉપર ચામડીનું ઘણું પાતળું પડ છે. આટલા પાતળા પડમાં બધું સૌંદર્ય સમાયેલું છે.

જ્ઞાની સૌંદર્યના પડ નીચે છુપાયેલ હાડ-માંસની કુરૂપતા ઉપર ધ્યાન આપે છે, જ્યારે આશિક ચામડીના પાતળા પડ ઉપર ધ્યાન આપે છે. જેમ-જેમ તે વધારે ધ્યાન આપે છે તેમ-તેમ તે વધુને વધુ આશિક બનતો જાય છે. બન્નેની વાત અલગ-અલગ છે, છતાં બંનેની વાત સાચી છે.

કોઈ વ્યકિત પોતાની નવવિવાહિત પત્નીને એમ કહે કે ''તારું સૌંદર્ય તો તારી ચામડીના પડ જેટલું જ છે, તેની અંદર તો કેવળ હાડ-માંસ ભરેલાં છે.'' તો તેને કહેવાનું મન થાય કે ''ચામડીના પડ જેટલા જ સૌંદર્યને તું જાણતો હતો તો તેં લગ્ન શા માટે કર્યું? લગ્ન કરીને તું તારી પત્નીને આવો જ્ઞાનોપદેશ આપે છે, તો તેનો અર્થ એટલો જ કે તેં તારા જ્ઞાનનું પડ પણ તારી ખોપરી જેટલું જ છે.

ભગવાન્ કૃષ્ણ અર્જુનને ગીતામાં કહે છે કે હે અર્જુન! કુરુક્ષેત્રના મેદાનમાં આવ્યા પછી તું આ બધું કહી રહ્યો છે કે હું આવી રીતે તીર નહીં ચલાવું, કારણ કે તીર ચલાવીશ તો આ બધા મરી જશે! તું હવે આ બધું શું તોફાન કરે છે! જો તારામાં આવી સમજ હતી તો તું કુરુક્ષેત્રના મેદાનમાં આવ્યો શા માટે? જો તારે યુદ્ધ જ નહોતું કરવું તો અહીં આવવાને બદલે વનમાં જઈને તપશ્ચર્યા જ કરવી જોઈતી હતી.



ભગવાન્ કૃષ્ણ એમ સમજાવવા માગે છે કે કોઈને મારવો એ સારી વસ્તુ નથી, મારવામાં મોટી હિંસા છે; પરન્તુ કુરુક્ષેત્રના મેદાનમાં ઉભા રહીને અર્જુનને જે જ્ઞાનોપદેશ યાદ આવ્યો તે જ્ઞાન નથી, પાખંડ છે. જેમ લગ્નના દિવસે પતિ પોતાની પત્નીને ચામડી જેટલી જાડાઈનું સૌંદર્ય સમજાવે તો તે જ્ઞાન નથી, પાખંડ છે!

શરીરને પોતાનું સૌંદર્ય છે અને ચામડીના પાતળા પડ નીચે હાડ-માંસની કુરૂપતા છે એ બંને વાત સાચી છે. સવાલ એક જ છે કે આપણે કયા દૃષ્ટિકોણથી તેને જોઈએ છીએ? તેને જોવામાટેનું એક ચોકકસ સ્થાન આપણે નક્કી નહીં કરીએ તો બંને વાતોની આપણે ભેળસેળ કરી દઈશું. અને પરિણામે એવી સ્થિતિ થાય છે કે ''દુવિધામેં દોનોં ગયે, માયા મિલિ ન રામ'' માટે એક વખત આપણે નક્કી કરવું જોઈએ કે આપણે શું ઈચ્છીએ છીએ? આપણે શું કહેવું છે? આપણે શું સાંભળવું છે? કારણ કે દરેક વાતને પોતાનો એક રંગ છે, એક અર્થ છે, એક ગૂઢ તાત્પર્ય છે. દરેક શબ્દ પાછળ ગંભીર તાત્પર્ય રહેલું છે. આપણે તે વાત વિરક્તિના તાત્પર્યથી સાંભળીએ છીએ કે અનુરકિતના તાત્પર્યથી સાંભળીએ છીએ, તે જ્યાં સુધી નક્કી ન થાય ત્યાં સુધી તે બધું સાંભળવાથી આપણી સ્થિતિ વિચિત્ર થશે. કોઈ વ્યક્તિ પત્નીને કહે કે ''તારું સૌંદર્ય તો ચામડીના પાતળા પડ પૂરતું જ છે.'' અને તેથી તેનો ત્યાગ કરીને સંન્યાસી બને, સંન્યાસી બન્યા પછી તે કોઈ કુરૂપ સ્ત્રી પ્રત્યે આસકત પણ બની જાય! આવી દુર્ગતિ ઘણા સંન્યાસીઓની, ઋષિઓની થઈ હોવાનું પુરાણોમાં વાંચીએ છીએ.

એક ઋષિ ઘરબાર છોડી, તપશ્ચર્યા કરવા વનમાં જઈને બેઠા. ત્યાં નદીમાં મત્સ્ય યુગલને ક્રીડા કરતાં જોઈ તેમના મનમાં વાસના જાગી. ઘરના મનુષ્યોમાં વાસના ન જાગી અને મત્સ્યમાં વાસના જાગી! આવી ગરબડ થવાનો સંભવ રહે છે, કારણ કે આપણે જે દશ્યને એક દૃષ્ટિકોણથી જોવું જોઈએ તેના બદલે આપણે તેને બીજા દૃષ્ટિકોણથી જોઈએ છીએ. બે માછલીઓને નદીમાં રમતી જોવી એમાં વાસનાનો પ્રશ્ન કયાં છે? બંને માછલીઓને રમતી જોવાનો એક નિર્દોષ આનંદ આવે. કોઈ પણ સામાન્ય સંસારી વ્યકિતને માછલીઓની ક્રીડા જોઈને વાસના જાગે તે સંભવિત નથી; પરન્તુ એક યોગભ્રષ્ટ યોગીને આવું દશ્ય જોઈને વાસના જાગી શકે છે.

આપણે આપણા નિરુપાધિક ભાવને ભકિતમાં વિકસિત કરવાનો છે. માહાત્મ્ય જ્ઞાન પ્રભુ સિવાયની અન્ય વસ્તુઓની અમહત્તા સમજાવતું નથી, પરન્તુ ભગવાનની મહત્તા સમજાવે છે. તેથી ભક્તિનો રૂઢ અર્થ છે ''મહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ અને સર્વતોધિક સ્નેહ''. આપણે ભગવાનના જે રૂપનું ભજન કરીએ છીએ તે ભગવાનની મહત્તા, તેમનું મહાત્મ્ય આપણે સમજીએ. તે મહાત્મ્યથી આપણે શાસ્ત્રોનો વિચાર કરીએ કે તે શાસ્ત્રોની વાણી કેટલી પ્રસન્ન અને ગંભીર છે. શાસ્ત્રકાર એમ નથી કહેતા કે મહાત્મ્ય જ્ઞાનથી તમને સ્નેહ પેદા થશે. કારણ, તેઓ સારી રીતે જાણે છે કે સ્નેહ કદી પેદા થતો નથી અને જે પેદા કરી શકાતો હોય તે સ્નેહ હોતો નથી. જે આવરણોને આપણા લીધે નિરુપધિ સ્નેહ પ્રકટ થતો નથી, તે આવરણોને મહાત્મ્યજ્ઞાનદ્વારા આપણે દૂર હઠાવી શકીએ છીએ. આપણા હૃદયમાં નિરુપાધિક ભાવના રૂપમાં સ્નેહ ભરેલો જ છે, તે નિરુપાધિક ભાવના આલંબન તરીકે આપણા ભજનીયના રૂપને સ્વીકારવાનું છે. કારણ કે આપણો નિરુપધિ ભાવ મિશ્રિત થઈ જવાને કારણે આપણે રબ્બરની ટોંટીઓ ઉભી કરી દીધી છે અને તે ટોંટીમાં આપણા આલમ્બનને મેળવી દીધું છે. મહાત્મ્યજ્ઞાન આપણને એ સમજાવે છે કે મા શું છે? આપણી મા વિઠ્ઠોબા પાંડુરંગ છે, એ વાત મહાત્મ્યજ્ઞાન આપણને સમજાવે છે. શ્રીમહાપ્રભુજી જેમને ઠાકોરજી પધરાવી આપતા હતા ત્યારે એમ કહીને પધરાવી આપતા કે ''હું તમને મારું સર્વસ્વ પધારાવી આપું છું, મેં મારું સર્વસ્વ તમને આપ્યું છે. આ મારું સર્વસ્વ છે, એમ સમજીને તમારે તેમની સેવા કરવાની છે.'' આ મહાત્મ્યજ્ઞાન છે. મહાત્મ્યજ્ઞાન આપણા નિરુપધિ ભાવના આલંબનની મહત્તા સમજાવે છે.

ભક્તિમાં જ્ઞાન અને વૈરાગ્ય કેમ ઉપયોગી છે તે વાત સમજવી જોઈએ. જ્ઞાન-વૈરાગ્યથી ભક્તિ પેદા થતી નથી. જ્ઞાન-વૈરાગ્યની ભક્તિમાં ઉપયોગિતા એટલી જ છે કે જ્ઞાનને કારણે આપણને ભજનીયનું જે મહાત્મ્ય સમજાય છે તેથી આપણે આપણા ભજનીયને સારી રીતે ભજી શકીએ છીએ. આપણા લોકવ્યવહારમાં પહેલાં સગાઈ થાય છે અને પછી લગ્ન થાય છે. મહાત્મ્ય જ્ઞાન વધુમાં વધુ આપણા ભજનીય સાથે આપણી સગાઈ કરાવી શકે છે. ભજનીય સાથેનું લગ્ન તો આપણી ભક્તિ જ કરાવી શકે છે. સગાઈનો અર્થ એટલો જ કે આપણું લગ્ન કોની સાથે થવાનું છે તે આપણે નક્કી કર્યું. સગાઈ થાય ત્યારે



તેમાં તે સમ્બન્ધ તૂટવાની શકયતા પણ હોય છે; પરન્તુ ભારતીય સંસ્કૃતિમાં લગ્નવિચ્છેદ નથી. આજે આપણે બધા લગ્નવિચ્ચેદ સાંભળી છીએ, કારણ કે તે બધા જ્ઞાનમાર્ગી થઈ ગયા છે. કશું શોધવું એક અલગ બાબત છે અને તેને પ્રાપ્ત કરવું એ બીજી બાબત છે. જ્ઞાન અને વૈરાગ્ય એ આપણા ભજનીયને શોધવા માટે ઉપયોગી છે.

આપણે જ્યારે સમજીએ કે બાળકને સાચી જરૂરિયાત રબ્બરની ટોંટીની નથી, પરન્તુ માતાના દૂધની છે, બસ, આટલી જ ભક્તિમાટે વૈરાગ્યની જરૂરિયાત છે. ટોંટી જરૂરી નથી એવી જયારે સમજણ આવે છે ત્યારે ટોંટી કેવી રીતે બને છે, તે રબ્બર કયાંથી પ્રાપ્ત થાય છે, તે કયા વૃક્ષમાંથી બને છે, તે વૃક્ષ કયાં આવેલું છે આ બધુ જાણવાની આપણને જરૂર હોતી નથી. આપણને તો એટલી જ જરૂર છે કે આ બાળકને તેના પોષણમાટે માના ધાવણની જરૂર છે. જો કોઈ વ્યક્તિ આપણને આ બધી વાતો સમજાવવા માંડે તો માનવું કે તે આપણને ભક્તિના માર્ગે લઈ જતો નથી પણ જ્ઞાનમાર્ગે લઈ જાય છે.

આપણા શાસ્ત્રોમાં વિચાર કરવા બાબતમાં એક નિયમ હતો કે જે વાતોની આપણે વિચાર કરતા હોઈએ તે વાતની પહેલાં પરિભાષા આપી દો. તે પરિભાષા સારી રીતે આપ્યા પછી તેનાં પ્રમાણ આપો. પરિભાષા આપ્યા વિના પ્રમાણ આપવામાં આવે તો કોઈક વ્યક્તિની બુદ્ધિ પ્રમાણોથી ચકરાઈ જાય અને તેનો સ્વીકાર કરી લે. તે વખતે પરિભાષા સ્પષ્ટ ન થઈ હોય તો ગધેડાને વાઘનું ચામડું પહેરાવીને ઉભો કરી દેવામાં આવે અને બિચારો માણસ તેનાથી ડરીને ભાગી જાય તેવું બને. એટલે પહેલાં પરિભાષા આપવી પડે કે વાઘનો અર્થ શો? વાઘનું ચામડું ઓઢનાર વાઘ કહેવાય કે વાઘના ચામડામાં સાચેસાચ વાઘ હોય તેને વાઘ કહેવાય? આમ, વાઘની સ્પષ્ટ પરિભાષા આપવી પડે, પછી તેનાં પ્રમાણ આપવાં પડે, પછી આપણને બતાવવામાં આવે તો આપણે તરત સમજી જઈએ કે આ સાચો વાઘ છે કે વાઘનું ચામડું ઓઢનાર છે. આમ, વાઘની સ્પષ્ટ પરિભાષા આપવી પડે, પછી તેનાં પ્રમાણ આપવાં પડે, પછી આપણને બતાવવામાં આવે તો આપણે તરત સમજી જઈએ કે આ સાચો વાઘ છે કે વાઘનું ચામડું ઓઢેલ ગધેડો છે? તેથી જ શાસ્ત્રકાર કહે છે કે તમે જે વિષય વિષે કહેવા માગો છો તેની પહેલાં પરિભાષા

આપો, પછી તેનાં પ્રમાણ આપવાનું ચાલુ કરો. માટે અહીં આપણે ભક્તિની પરિભાષાનો વિચાર કરીએ છીએ.

''શ્રવણં, કીર્તનં, વિષ્ણોઃ સ્મરણં, પાદસેવનં, અર્ચનં, વંદનં, દાસ્યં, સખ્યં, આત્મનિવેદનમ્''. એ પ્રક્રિયાઓ પારિભાષિક અર્થમાં ભક્તિ છે. આને પારિભાષિક અર્થમાં ભક્તિ કહેવાનું કારણ શું? જેમ એક વખત આપણે વ્યાખ્યા નક્કી કરી તો તે વાત પાકી ગણાય, પછી તેના બીજા અર્થ સ્વીકારવામાં આવતા નથી. સંસ્કૃતમાં 'ગો' શબ્દ છે. કેવળ 'ગો' ધ્વનિનો વિચાર કરીએ તો પણ તેના કેટલા બધા અર્થ સંભવે છે? અંગ્રેજીમાં 'ગો' ધ્વનિનો અર્થ 'જાવ' થશે. બોલચાલની ભાષામાં આપણે ત્યાં 'ગોસ્વામી' પદ માટે 'ગો.' એમ લખાય છે. સંસ્કૃત ભાષામાં 'ગો' ધ્વનિનો અર્થ ગાય, પૃથ્વી, ઇન્દ્રિય, કિરણ એમ થાય છે. જ્યારે આપણે એમ કહીએ કે હું 'ગો' નું ઉચ્ચારણ કરું છું, ત્યારે 'ગો' ધ્વનિનો કયો અર્થ લેવો તે આપણે નક્કી કરી શકતા નથી.

એક સિદ્ધ પુરુષ ઉપદેશ આપતા હતા. તેમણે કહ્યું કે ''હું તમને પરમાત્માનો સાક્ષાત્કાર કરાવી દઈશ. તમે કહો તો તત્કાલ સાક્ષાત્કાર કરાવી દઉં.'' આ સિદ્ધ પુરુષની વાત એક સુરદાસ સાંભળી રહ્યા હતા. એટલામાં બીજી એક વ્યકિત ત્યાં આવી પહોંચી. સુરદાસે વિચાર કર્યો ''આ સિદ્ધ પુરુષ તત્કાલ પરમાત્માનો સાક્ષાત્કાર કરાવે છે, તો ચાલો, આપણે પણ કરી લઈએ!'' તેમણે ત્યાં આવેલા મનુષ્યને સાથે રાખીને સિદ્ધ પુરુષને કહ્યું ''મને પણ હમણાં જ પરમાત્માનો સાક્ષાત્કાર કરાવો.'' સિદ્ધ પુરુષે સુરદાસને કહ્યું ''તમે એકલા અંદર આવો.'' સુરદાસે કહ્યું ''મહારાજ! અજાણી જગ્યામાં મારા જેવા નેત્રહીન મનુષ્યે એકલા જવું જોખમ ગણાય, તેથી મારી સાથે આ મનુષ્ય છે તેને પણ આવવા દો.'' સિદ્ધ પુરુષે કહ્યું ''સાક્ષાત્કાર એક જ માણસ કરી શકે!'' સુરદાસે વિચાર કર્યો કે ''એકલો અંદર જાઉં અને આ સિદ્ધ પુરુષ મને દંડો મારી દે અને કહે કે ''આ પરમાત્માનો સાક્ષાત્કાર હતો'' તો?'' એથી સુરદાસે કહ્યું ''હું એકલો અંદર આવીશ નહીં. આ દેખતા મનુષ્યને તમે સાથે આવવા દો તો જ હું આવું. કારણ કે વગર જોયે કોઈ વાત માની લેવાય નહીં. જો તેને સાથે આવવા ન દો તો મારે પરમાત્માનો સાક્ષાત્કાર કરવો નથી.''



આમ, આપણે શબ્દની પણ પરિભાષા નક્કી કરવી પડે. તેથી 'ગો' શબ્દનો ઉચ્ચાર કરનારે તેનો પ્રયોગ કયા અર્થમાં કર્યો છે તે બતાવવું પડે; તો જ તેની વાત સાંભળી શકાય. તેવી રીતે, ભક્તિનો પારિભાષિક અર્થ શ્રવણ, કીર્તન આદિ પ્રક્રિયાઓમાં આપવામાં આવ્યો છે. તે નવ પ્રક્રિયાઓ છે.

આ નવ પ્રક્રિયાઓ દ્વારા ભક્તિનો પારિભાષિક અર્થ આપવામાં આવે છે ત્યારે ભક્તિનો અર્થ એટલો જ નથી, જેમ 'ગો' શબ્દનો અર્થ કેવળ ગાય જ નથી. 'ગો' શબ્દના બીજા પણ અનેક અર્થ છે. તે બધા અર્થ ખોટા પણ નથી, પરન્તુ એક વખત 'ગો' શબ્દનો પ્રયોગ કરનાર વ્યકિત તેનો અર્થ ગાય એમ કહે તો ત્યાં 'ગો' શબ્દનો પારિભાષિક અર્થ ગાય થયો એમ કહેવાય. એવી જ રીતે, નવધા ભક્તિ ભક્તિમાટેનો પારિભાષિક પ્રયોગ છે. તે ભક્તિનો તાત્પર્યાર્થ કે ભક્તિનો રૂઢ અર્થ નથી, કારણ કે ભક્તિના નવ પ્રકારો પછી જો કોઈ તેનો દસમો પ્રકાર પણ શોધી કાઢે તો આપણે એમ ન કહી શકીએ કે તે ભક્તિ નથી. તે પણ ભક્તિ હોઈ શકે. જેમ આપણે 'ગો' શબ્દની પરિભાષા ગાય નક્કી કરી, ત્યારે તેનો અર્થ એવો ન થાય કે 'ગો' શબ્દનો બીજા અર્થ નથી.

અત્યારે ભક્તિની ચર્ચા તેના પારિભાષિક અર્થમાં આપણે કરતા નથી. કોઈએ શ્રવણ નથી કર્યું, કોઈએ સ્મરણ નથી કર્યું, કોઈએ કીર્તન નથી કર્યું, કોઈએ અર્ચન-વંદન નથી કર્યું, કોઈએ દાસ્ય કે આત્મનિવેદન નથી કર્યું તો તેનો અર્થ એવો નથી કે તે ભકત નથી. તે પણ ભકત હોઈ શકે છે. આ નવ પ્રકાર ભક્તિના કર્મકાંડ છે. આ કર્મકાંડ ન કરનાર પણ ભકત હોઈ શકે છે. એટલે જ્યારે આ નવ પ્રકારની ભક્તિની વાત કરવામાં આવે ત્યારે તે પારિભાષિક અર્થમાં છે, એમ સમજવું જોઈએ.

આપણે ભક્તિના સ્વરૂપને સમજવામાટે અગાઉ નાળિયેરનું ઉદાહરણ વિચાર્યું હતું. નાળિયેરમાં મીઠો રસ ભરેલો છે. તેની ચારે બાજુ કોપરાનું પડ છે. ત્યારબાદ એક કઠણ પડ છે. આ કઠણ પડ અહીં ભક્તિનો પારિભાષિક અર્થ છે. જેમ કઠણ પડમાં કોપરું સુરક્ષિત રહે છે, તેમ મહાત્મ્યજ્ઞાન પૂર્વક સર્વતોધિક સુદૃઢ સ્નેહ એવી ભક્તિને સુરક્ષિત રાખવામાટે આ નવ પ્રકારની ભક્તિરૂપી પ્રક્રિયા છે. મહાત્મ્યજ્ઞાન પૂર્વક સર્વતોધિક સુદૃઢ સ્નેહમાં રસ ભરેલો છે. તે રસ નિરુપાધિક

ભાવનો છે. નિરુપાધિક ભાવ કેવળ પ્રકૃતિદ્વારા સર્જિત પ્રક્રિયા છે. કોપરું સડી ન જાય, કોઈ વ્યકિત કોપરાને બગાડી ન દે તે માટે તેની પર કઠણ પડ મૂકેલું છે. તેવી જ રીતે, શ્રવણ-કીર્તન-સ્મરણ આદિ નવવિધ પ્રક્રિયા ભક્તિ રૂપી કોપરા અને તેના રસને સુરક્ષિત રાખવામાટેનું એક કવચ છે, જે કવચ આપણને બાહ્ય વ્યવહારોમાં પરોવેલા રાખે છે. આ નવવિધ ભક્તિમાં પરોવાયેલા રહેવાથી આપણાં જીવનમાં ભક્તિના મૂળ ભાવનું રક્ષણ થાય છે. આમ, નિરુપાધિક ભાવરૂપી કોમળ રસ અને મહાત્મ્ય જ્ઞાનપૂર્વક સર્વતોધિક સુદૃઢ સ્નેહ રૂપી કોમળ કોપરાને સુરક્ષિત રાખવામાટેની આ પ્રક્રિયા છે.

નાળિયેરની સૌથી ઉપર તેના રંછડાં હોય છે. એવી રીતે માનતા માનવી, નાચવું-કૂદવું એ બધી ચેષ્ટાઓ ભક્તિનાં રંછા છે. તે કેવળ ઉપરની બાજુ જ દેખાય છે. તે ભક્તિનોલાક્ષણિક પ્રયોગ કે ગૌણી પ્રયોગ કહેવાય. નાળિયેરના રંછડાંની પણ ઉપયોગિતા હોઈ શકે છે જો તેની અંદર રસ હોય. તેમ ભક્તિના રંછડાં તે સ્થિતિમાં ભવાડો નથી કહેવાતા જો હૃદયમાં પ્રભુ પ્રત્યે નિરુપાધિક ભાવ હોય.

કોઈ માણસ નાચતો હોય કે જોર-જોરથી ગાઈ રહ્યો હોય તો તેનો અર્થ કદાચ એવો પણ થાય કે તે વ્યવસાયિક નાચવા-ગાવાવાળો પણ હોઈ શકે. આજકાલ ઘણા લોકો તીર્થયાત્રાની સ્પેશીયલ બસો ચલાવે છે. આજે એ ખુબ મોટો ધંધો થઈ પડ્યો છે. આવી રીતે તીર્થયાત્રા કરાવનાર બસના એજન્ટને આપણે ભક્ત ન સમજવા જોઈએ. કારણ કે એ તો એક ધંધો છે. ધંધો હોવા છતાં આજા તેને પણ 'ભક્તિયાત્રા' કે 'તીર્થયાત્રા' કહેવાય છે. આજકાલ આપણે ત્યાં વ્રજયાત્રામાં પણ પહેલેથી જાહેર ખબરો પ્રદર્શિત કરવામાં આવે છે કે યાત્રામાં સવારે ગાંઠિયા, પાપડ, લાડુ, ચા, કોફી આપવામાં આવશે. એક વખત ભોજનમાં દાળ-ભાત, રોટલી-શાક, જેવી ચાર-પાંચ ચીજો આપવામાં આવશે. સાંજે પાછી ચા કે કોફી આપવામાં આવશે. યાત્રામાં આવવા માટે દસ-પંદર હજાર રૂપિયા પહેલાંથી ભરવા પડશે. આ બધી રીતભાત ભક્તિ નથી, તે ભક્તિનો ગૌણ પ્રયોગ છે.

જેમ આપણે કોઈ શૌર્ય અને શકિત થી ભરેલા માણસને 'શેર' કહીએ, તેનો અર્થ એવો નથી કે તે ચાર પગવાળો સિંહ છે. તેનો અર્થ એટલો જ છે કે



તે પણ સિંહ જેવો તગડો છે. કોઈને આપણે ગધેડો કહીએ તો તેનો અર્થ એ નથી કે તેને ગધેડાની જેમ લાંબા કાન અને ચાર પગ છે. તેનો અર્થ એટલો જ છે કે ગધેડામાં જેટલી અક્કલ છે તેટલી તેનામાં છે. આમ, શેર અને ગધેડા નો અર્થ લાક્ષણિક કે ગૌણી અર્થ છે. ગૌણી એટલે કોઈક વ્યકિત, પ્રાણી કે પદાર્થનો એકાદ ગુણ હોવો. ગુણને કારણે આ શબ્દનો પ્રયોગ કરવામાં આવતો હોય છે તેથી તેને ગૌણી કહે છે.

આવી રીતે, ભક્તિનો એકાદ ગુણ દેખાય એટલે તેને ભક્તિ કહેવી તે ભકિતનો ગૌણ અર્થ છે. વાસ્તવમાં તે ભકિત નથી. કોઈ વ્યકિત એમ કહે કે હું પ્રતીકોપાસના કરું છું, તો આપણે એમ સમજવાની જરૂર નથી કે પ્રતીકોપાસના એ ભકિત છે. પ્રતીકોપાસના ભકિતનો લાક્ષણિક પ્રયોગ છે. કોઈ એમ કહે કે હું ભગવાનની પૂજા કરી રહ્યો છું, તો તેને ભકિત સમજશો નહીં. ત્યાં ભક્તિનો કેવલ લાક્ષણિક પ્રયોગ થયેલો છે. આ બધી વાતો બરાબર સમજવાથી ભક્તિના બીજભાવનો ભકિત સાથે કેવો સમ્બન્ધ છે તે આપણે સમજી શકીએ છીએ.

ભકિતના વિવિધ અર્થોમાં મુખ્ય અર્થ બે છે, તેમાંએ તાત્પર્ય અર્થ પ્રધાન છે. વ્યકિતના હૃદયમાં કોઈ તાત્પર્ય ન હોય તો કેવળ શબ્દનો ઉચ્ચાર કરવાનો કોઈ અર્થ નથી. કદાચ શબ્દ પ્રકટ ન થાય, પરંતુ હૃદયમાં તાત્પર્ય હોય તો અર્થબોધ જરૂર થઈ શકે છે. પશુ-પક્ષી વિજ્ઞાનના જાણકારો કહે છે કે કોઈ પણ પક્ષી કોઈ પણ શબ્દ બોલી શકતું નથી. પોપટ બોલે છે તે પણ તેમને રટાવેલું જ બોલે છે, તેઓ પોતાનો કોઈ શબ્દ બોલી શકતાં નથી; પશુ-પક્ષી જે અવાજ કરે છે તે કેવળ ધ્વનિ હોય છે, તેમાં સ્પષ્ટ શબ્દ હોતા નથી. છતાં તે ધ્વનિમાં તેનું તાત્પર્ય હોય છે. તેથી એક પક્ષી બીજા પક્ષીને પોતાનું તાત્પર્ય સમજાવી શકે છે કે હું અત્યારે તકલીફમાં છું અથવા હું તને બોલાવું છું. આમ, જયાં શબ્દ આકાર નથી લઈ શકતો ત્યાં ધ્વનિદ્વારા તેનું તાત્પર્ય વ્યકત થાય છે.

આપણે રેફ્રિજરેટરમાં આઈસ્ક્રીમ જમાવવામાટે નાની-નાની વાટકીઓમાં દૂધ ભરીને મૂકીએ અને પછી આઈસ્ક્રીમ તૈયાર થતાં તેને બહાર કાઢીએ તો દૂધ પ્રવાહી હોવા છતાં આઈસ્ક્રીમ બન્યા પછી તે વાટકીની આકૃતિ ધારણ કરે છે. આમ,

તાત્પર્યનો પોતાનો એક આકાર છે. આપણે જ્યારે શબ્દનું ઉચ્ચારણ કરીએ છીએ ત્યારે તેની પાછળ તેના નિશ્ચિત અર્થનો એક આકાર હોય છે. તે વખતે શબ્દ અને અર્થ એકબીજાને એવાં ચોંટી જાય છે કે તેમને જુદાં પાડી શકાય નહીં, ત્યારે આપણે કહીએ છીએ કે શબ્દમાં અર્થ બતાવવાની શક્તિ આવી છે. તેથી આપણે તે શબ્દનો પ્રયોગ અર્થને અભિવ્યકત કરવામાટે કરીએ છીએ.

આપણે 'પંકજ' શબ્દ લઈએ. તેનો રૂઢિગત્ અર્થ છે 'કમળ'. પરંતુ તેનો યૌગિક અર્થ છે કાદવમાં પેદા થાય તે. કાદવમાં દુર્ગંધ પણ પેદા થાય, દેડકાં પણ પેદા થાય અને કમળ પણ પેદા થાય છે. આમ અનેક વસ્તુ પેદા થાય છે. આપણે દેડકા કે દુર્ગંધ માટે 'પંકજ' શબ્દ વાપરતા નથી. આમ, રૂઢિથી એક શબ્દ એક અર્થમાં વપરાવા લાગે ત્યારે તેને 'યોગરૂઢિ' કહેવામાં આવે છે. આમ, શબ્દની અનેક વૃત્તિઓ છે. આ બધી બાબતો વિષે આપણે વિગતવાર વિચાર કર્યો છે, તેથી કોઈ પણ શબ્દને સમજવામાટે તેની પરિભાષા સમજવાની આવશ્યકતા રહેલી છે. માટે જ શ્રીમહાપ્રભુજીએ જયારે ભકિતના ઉપાયની વાત કરી ત્યારે આપણે ભક્તિ અને બીજભાવને વિગતવાર સમજવાનો પ્રયત્ન કર્યો.

આપણે આપણા પરિવારના સભ્યોનાં નામ ઘણી વખત ભગવાનનાં નામ પરથી રાખીએ છીએ. તેનું તાત્પર્ય શું? તેનું તાત્પર્ય એટલું જ કે જ્યારે આપણે પરિવારના તે સભ્યને બોલાવીએ ત્યારે તે બહાને ભગવાનના નામનું ઉચ્ચારણ થતું રહે. તે શબ્દની પરિભાષા શું? પરિવારના જે સભ્ય માટે ભગવાનનું નામ રાખ્યું તે સભ્યના અર્થમાં જ હવે આપણે તે નામનો ઉપયોગ કરીએ છીએ, બીજા કોઈ અર્થમાં તે નામ વાપરતા નથી. તે નામના અર્થ તો ઘણા થઈ શકે, પરંતુ આપણે આપણા પરિવારના સભ્ય માટે જ તે નામનો અર્થ સ્વીકાર્યો છે.

એક ઠેકાણે લોકો ''રાધે-કૃષ્ણ હરે-કૃષ્ણ, ગોપાલકૃષ્ણ હરે હરે'' ની ધુન બોલી રહયા હતા. તેમાં એક બહેનના પતિનું નામ ગોપાલકૃષ્ણ હતું. તેને ચિંતા થઈ કે આમાં તેના પતિનું નામ આવે છે તો તે કેમ બોલાય? તેના મનમાં ગોપાલકૃષ્ણ શબ્દની પરિભાષા નક્કી હતી કે ગોપાલકૃષ્ણ એટલે મારી મુન્નીના



પપ્પા! વાસ્તવમાં ગોપાલકૃષ્ણ તો યશોદાના લાલ માટે વપરાયેલ નામ છે. તેથી ધુનમાં 'ગોપાલકૃષ્ણ' શબ્દ યશોદાના લાલ માટે વપરાયો છે, મુન્નીના પપ્પા માટે નહીં. પરંતુ તે બાઈના મનમાં ગોપાલકૃષ્ણ શબ્દની પોતાની પરિભાષા નક્કી હતી. એટલે તેણે તે ધૂન આવી રીતે બોલવા માંડી ''રાધેકૃષ્ણ, હરે કૃષ્ણ, મુન્નીકે પપ્પા હરે હરે'' આમ પોતે સ્વીકારેલી પરિભાષામાં મનુષ્યને ખૂબ જ વિશ્વાસ બેસી જાય છે.

આવી રીતે આપણે જ્યારે ભક્તિની પરિભાષા શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન કહીએ ત્યારે જો કોઈ બીજા પ્રકારની ભક્તિ આપણી સામે આવે તો આપણે મૂંઝવણમાં પડી જઈશું. આપણી ભક્તિની પરિભાષા સાથે જો ભક્તિ ના કોઈક પ્રકારનો તાલમેલ ન બેસે તો ''મુન્નીના પપ્પા હરે હરે'' એવી ગૂંચમાં પડી જઈશું.

પારિભાષિક અર્થ સિવાય બીજા પણ કેટલાક અર્થ હોય છે. કોઈ મૂર્ખ માણસને આપણે ગધેડો કહીએ, કોઈ બહાદુર માણસને શેર કહીએ તેમાં આપણે તેનો એકાદ ગુણ પકડીને તે નામથી તેને બોલાવ્યો છે. આવો પ્રયોગ ગૌણાર્થ કહેવાય છે. ક્યારેક શબ્દ વિપરીત અર્થમાં પણ વપરાય છે. કોઈક દુબળા-પાતળા મનુષ્યને પહેલવાન કહીને બોલાવવામાં આવે છે, કોઈ મહામૂર્ખ વ્યકિતને વિદ્વાન્ કહીને બોલાવવામાં આવે છે. તેથી સંસ્કૃત ભાષામાં 'પ્રખર' શબ્દના બે અર્થ છે એક, મોટો વિદ્વાન્ અને બીજો, ગધેડો. તેવી રીતે 'વિશારદ' શબ્દના બે અર્થ છે. જેનામાં વિશેષપણે શારદા અર્થાત્ સરસ્વતી રહેલી છે તે. તેનો બીજો અર્થ એવો પણ થાય કે જેના મગજમાંથી શારદા વિદાય થઈ ગઈ છે તે. આ બન્ને વિરુદ્ધાર્થ છે. આમ, શબ્દ કયારેક વિરુદ્ધાર્થનો પણ બોધ કરાવે છે. રાજા અશોકે પોતાનું નામ 'દેવાનાં પ્રિયઃ' રાખ્યું હતું. લોકોને અશોક ઉપર ગુસ્સો આવ્યો કે શું થયું, ખબર નહીં, પરંતુ સંસ્કૃત ભાષામાં મૂર્ખ માણસમાટે 'દેવાનાં પ્રિયઃ' શબ્દ વપરાવા લાગ્યો. આમ વિરુદ્ધ અર્થમાં પ્રયોગ શરૂ થયો. જેને દેવતાઓ પ્રેમ કરે છે એવા અશોકને બદલે મૂર્ખ અશોક એવો અર્થ થયો.

આમ, આપણે શબ્દનો અર્થ સાથેનો સમ્બન્ધ વિચારીએ છીએ ત્યારે

શબ્દમાં વિચારોનાં કેટલાં-કેટલાં કવચો સમાયેલાં છે તે સમજાય છે. આમાનાં કેટલાંક કવચો અન્તરંગતમ છે, કેટલાંક અન્તરંગતર છે, કેટલાંક અન્તરંગ છે, કેટલાંક બહિરંગ છે, કેટલાંક બહિરંગતર છે તો કેટલાંક બહિરંગતમ છે. આમ આપણને છ પ્રકારનાં કવચ મળી શકે છે.

શબ્દનો અન્તરંગતમ અર્થ તાત્પર્યાર્થ સમજવો. તાત્પર્યને વ્યકત કરવા માટે ધ્વનિ પ્રકટે છે. તે ધ્વનિ નિશ્ચિત આકારમાં ઢળાય છે, આમ તાત્પર્ય અર્થ શબ્દનો નિગૂઢતમ અર્થ છે.

તાત્પર્યાર્થ પછી શબ્દનો અર્થ રૂઢિમાં પ્રચલિત થાય છે. જેમ ''ગચ્છતિ ઈતિ ગો'' નો રૂઢિમાં અર્થ ગાય નામનું પ્રાણી એવો પ્રચલિત થયો. આ રૂઢિમાં પ્રચલિત થયેલ અર્થ અન્તરંગતર છે.

તેનાથી એક કવચ ઉપર આવીએ તો આપણને શબ્દનો યૌગિક અર્થ મળે છે. 'પંકજ' શબ્દને યોગમાં વિભાજન કરતાં કમળ એવો અર્થ મળે છે, જે કાદવમાં જન્મેલ પદાર્થથી થોડોક દૂર જાય છે. પંકજ શબ્દને યોગની વ્યુત્પત્તિથી સમજાવવા જઈએ તો આપણે કમળ એવા અર્થથી દૂર જઈશું. જ્યારે આપણે શબ્દનો પારિભાષિક અર્થ લઈએ છીએ ત્યારે શબ્દના મૂળ તાત્પર્યથી આપણે વધારે બહાર આવીએ છીએ. પારિભાષિક અર્થ શબ્દનો બહિરંગ અર્થ છે, તે અન્તરંગ અર્થ નથી.

પારિભાષિક અર્થ પછી આપણે ગૌણી અર્થ પ્રકટ કરીએ ત્યારે તે બહિરંગતમ અર્થ બને છે. તેનો શબ્દના મૂળ અર્થ સાથે કોઈ સમ્બન્ધ હોતો નથી.

આ પ્રમાણે, ભકિતના પણ છ અર્થ થઈ શકે છે. ભકિતનો અન્તરંગતમ અર્થ નિરુપધિ ભાવ છે, જેના વિષે આપણે આગળ વિગતે વિચાર કર્યો છે. મહાત્મ્ય જ્ઞાનપૂર્વક સુદૃઢ સર્વતોધિક સ્નેહ એ ભકિતનો રૂઢ અર્થ છે, તે ભકિતનો અન્તરંગતર અર્થ છે. ભકિત શબ્દ 'ભજ્' ધાતુનો બનેલો છે. 'ભજ્' ધાતુને 'ક્તિન્', પ્રત્યય લગાડવાથી 'ભક્તિ' શબ્દ બને છે. 'ભજ્' ધાતુનો અર્થ છે સેવા. 'ક્તિન્' પ્રત્યય ભાવના અર્થમાં લાગેલો છે. તેથી 'ભક્તિ' શબ્દનો અર્થ છે સેવાની ક્રિયા. આ અર્થ



યૌગિક અર્થ છે, જે ભક્તિનો અન્તરંગ અર્થ છે.

'ભકિતવર્ધિની' ગ્રન્થમાં મુખ્ય વ્યાખ્યાકારો પૈકીના એક શ્રીપુરુષોત્તમજી આ વાત બહુ સુંદર રીતે સમજાવે છે. શ્રી પુરુષોત્તમજી કહે છે કે કોઈ પણ ધાતુના અર્થની સાથે જયારે 'ક્તિન્' પ્રત્યય લાગે છે, ત્યારે તે ક્રિયાના અર્થમાં લાગે છે. કોઈ પણ ક્રિયામાં જ્યાં સુધી મન ન લાગે ત્યાં સુધી તે ક્રિયા થઈ શકતી નથી. કારણ કે ઉપનિષદ્ કહે છે કે જો તમારું મન અન્યત્ર છે તો સામે રાખેલા ફૂલની સુગંધ પણ તમને આવશે નહીં. જો તમારું મન અન્યત્ર છે, તો કાન પાસે થતો અવાજ સંભળાશે નહીં. જો તમારું મન અન્યત્ર છે તો તમારી સામેથી કોઈ વ્યકિત પસાર થશે છતાં તે દેખાશે નહીં. કારણ કે ક્રિયા ઈન્દ્રિય દ્વારા થાય છે. જે વખતે તે ઈન્દ્રિય મન સાથે જોડાતી નથી, ત્યારે તેના દ્વારા તે ક્રિયા સમ્પન્ન થતી નથી. આ ક્રિયાનું પોતાનું એક સ્વરૂપ અથવા સ્વભાવ છે.

આ સંજોગોમાં 'ભજ્' ધાતુનો અર્થ સેવા કરવામાં આવે અને 'ક્તિન્' પ્રત્યય અર્થ સેવા કરવાની ક્રિયા કરવામાં આવે તો તે ક્રિયામાં મનની જરૂર રહે છે. મન લગાવીને આપણે સેવા કરીએ તો જ ભકિત સમ્પન્ન થાય છે. મન લગાવ્યા વિના કરેલી સેવા, ભકિત કહેવાશે નહીં.

આથી શ્રીમહાપ્રભુજીએ 'સિદ્ધાન્તમુકતાવલી' ગ્રંથમાં સેવાની પરિભાષા આપતાં કહ્યું કે ''કૃષ્ણસેવા સદા કર્યા'' કારણ કે કૃષ્ણસેવા કૃષ્ણભક્તિનો યૌગિક અર્થ છે.

કોઈ વ્યક્તિ એમ કહે છે કે હું કૃષ્ણભક્ત છું, પરંતુ હું કૃષ્ણની સેવા કરતો નથી તો તે વ્યકિત ભક્તિના યૌગિક અર્થથી દૂર જ છે. મરાઠીમાં એક કહેવત છે કે ''બાપ દાખવ નઈતર શ્રાદ્ધ કરા''. કોઈ દેવાદાર માણસ મરી ગયો. ઉઘરાણી કરનાર આવ્યા એટલે દીકરાએ કહ્યું કે એ તો ગુજરી ગયા. દીકરો ક્યારેય બાપનું શ્રાદ્ધ કરતો દેખાયો નહીં એટલે લેણદારે કહ્યું કે બાપ ક્યાં સન્તાયો છે તે બતાવ નહિતો બાપનું શ્રાદ્ધ કર. તેથી જો તમે કૃષ્ણભક્ત છો તો કષ્ણસેવા કરો, નહિતો ભક્તિનું શ્રાદ્ધ કરો. તેથી શ્રીઆચાર્યચરણ કહે છે કે ''કૃષ્ણસેવા સદા કાર્યા''.

આ વાત કેવળ કૃષ્ણમાટે જ નથી. જો તમે રામભક્ત છો તો રામની સેવા કરવી જોઈએ, જો તમે દેવીભક્ત છો તો દેવીની સેવા કરવી જોઈએ, જો તમે શિવભક્ત છો તો શિવની સેવા કરવી જોઈએ. જો તમે મહાવીરના ભક્ત છો તો મહાવીરની સેવા કરવી જોઈએ. આ શબ્દની વાત છે, સિદ્ધાન્તની વાત નથી. જો ભક્તિ છે, તો તેનો યૌગિક અર્થ પણ છે. જેના ભક્ત છો, તેની મન દઈને સેવા કરવી.

સેવા કેવળ ક્રિયાથી બનતી નથી. કેવળ ક્રિયાત્મિકા સેવા શક્ય નથી. મનને અન્યત્ર રાખીને સેવા કરી શકાતી નથી. આપણા વાર્તા સાહિત્યમાં સુંદર પ્રસંગ આવે છે. એક વૈષ્ણવ તેમના ઠાકોરજીને શૃંગાર ધરાવતા હતા. બહારથી આવનાર એક વ્યકિતએ તેમની પુત્રવધુને પૂછ્યું કે ''તમારા સસરાં કયાં છે?'' તેમણે જવાબ આપ્યો કે ''તેઓ જોડાં સીવડાવવા ગયા છે.'' ખરી હકીકત એ હતી કે શણગાર ધરાવતી વખતે તેમનું મન ફાટેલા જોડાં સીવડાવવામાં હતું.

મંદિરમાં દર્શન કરવા જનારાઓની સહુથી મોટી ઉપાધી એમના જોડાંની ચિન્તા હોય છે. મંદિરમાં જોડાં ચોરાવા ન જોઈએ તે વાત સાચી, પરંતુ તેનાથી વધારે ખરાબ વાત છે દર્શન કરતી વખતે પણ જોડાની યાદ આવવી. જ્યારે ખાંડણિયામાં માથું મૂક્યું છે તો પછી સાંબેલાનો ડર શીદને રાખવો? જોડા ઉતારીને ગયા છીએ ત્યારે મનમાંથી પણ જોડા ઉતારી દેવા જોઈએ! મનમાં જોડાં પહેરીને પ્રભુની સામે જઈને આપણે બબડીએ કે ''ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ'' ત્યારે આપણે 'દેવાધિદેવ' એવા પ્રભુની સામે બબડવા છતાં અંતે ''ત્વમેવ સર્વં મમ દેવદેવઃ'' મનામાં રહેલા જોડાંને કહેવાઈ જાય! તેથી જો જોડાંની એટલી જ ચિન્તા રહેતી હોય તો, બીજાની બીજા જાણે, પણ પુષ્ટિમાર્ગીએ તો પોતાના ઘરમાં જ સેવા કરવાની હોય છે. ભટકવું ન પડે એટલ જ તો શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યો છે! અને ખરી વાત તો એ છે કે નવ-નવ ભક્તિ ગણાવનાર ભારતીય શાસ્ત્રે કોઈ પણ ઠેકાણે દર્શનને ભક્તિનો દરજ્જો આપ્યો નથી. તેથી દર્શનને તો ભક્તિના રુંછડાં બરાબર પણ લેખી શકાય તેમ નથી.

શ્રીમહાપ્રભુજી તેથી કહે છે કે ''ચિત્તનું પ્રભુમાં પરોવાવું તેનું નામ સેવા''



ચિત્ત પ્રભુમાં કેવી રીતે પરોવાય તેનો ઉપાય શ્રીમહાપ્રભુજીએ બતાવ્યો ''ચિત્તને પ્રભુમાં પરોવવામાટે પોતાના ઘરમાં શ્રીકૃષ્ણની 'તનુવિત્તજા' સેવા કરો.''

આ આજ્ઞા કરતાં શ્રીમહાપ્રભુજીએ મનોવિજ્ઞાનની ખૂબ સીધી બાબત પકડી છે. શ્રીમહાપ્રભુજીને આ રહસ્ય ભગવાનનાં વચનોમાંથી જ મળ્યું છે. ગીતામાં ભગવાને અર્જુનને સમજાવ્યું કે ''સંગાત્ સંજાયતે કામઃ'' સંગથી કામ ઉત્પન્ન થાય છે. જેનો સઙ્ગ કરવામાં આવે તામાં કામ ઉત્પન્ન થતો હોય છે. માટે બીજા કોઈનો સંગ કરવાને બદલે પ્રભુનો જ સંગ કરવો. આપણે પ્રભુનો સંગ કરીશું તો આપણામાં પ્રભુ પ્રત્યે કામ ઉત્પન્ન થશે, અર્થાત્, પ્રભુમાં સ્નેહ ઉત્પન્ન થશે. પણ જો આપણે આંખો મીંચીને બેસી રહીશું તો તેથી પ્રભુનો સંગ થશે નહીં. આંખો, કાન, નાક, હાથ-પગ એમ દસેય ઈન્દ્રિયોથી પ્રભુનો સંગ કરવાનો છે. આમ, ધીમે-ધીમે સંગ કરતાં-કરતાં આપણી ઈન્દ્રિયોને એવી ટેવ પડી જશે.

કયો દીકરો કે દીકરી જન્મતાં જ એવું પ્રમાણપત્ર લઈને આવે છે કે તમારે આમને જ પ્રેમ કરવો? કયા પતિ-પત્ની પણ એકબીજાને જ પ્રેમ કરવાનું પ્રમાણપત્ર લઈને આવે છે? પિતા-પુત્રી, માતા-પુત્ર કે પતિ-પત્ની સાથે રહેતાં થાય એટલે એકબીજાનો સંગ થાય, સંગ થતાં દોસ્તી થાય, દોસ્તી થતાં સંગ થાય. તે સંગ સ્નેહમાં પરિવર્તન પામે છે. મનનો આ સ્વભાવ છે.

આથી શ્રીમહાપ્રભુજી કહે છે કે ''સંગ કરવો તો પ્રભુનો કરવો'' પ્રભુનો સંગ કેવી રીતે કરવો? શ્રીમહાપ્રભુજી બતાવે છે કે તમારા શરીરથી પ્રભુનો સંગ કરો, તમારા ધનથી પ્રભુનો સંગ કરો, તમારા મનથી પ્રભુનો સંગ કરો. આમ સંગ કરતાં-કરતાં તમારામાં પ્રભુ પ્રત્યે સ્નેહ ઉત્પન્ન થશે.

**તનુવિત્તજા=અહન્તા-મમતાનો ભગવદ્વિનિયોગ :**

આમ, સંગ કરતાં-કરતાં પ્રભુ પ્રત્યે જે સ્નેહ ઉત્પન્ન થશે તે ભકિત છે, તે જ નિરુપધિ ભાવ છે. આ નિરુપધિ ભાવ એ જ પ્રભુ પ્રત્યેનો સ્નેહ છે, જે સંગથી પ્રકટ થાય છે. આ સ્નેહ પ્રકટ કરવા માટે જ શ્રીમહાપ્રભુજીએ ઉપાય બતાવ્યો ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા.''

આપણે 'તનુવિત્તજા' પદનો તાત્પર્યાર્થ સમજવો પડશે. આપણે ચોખા રાંધીએ ત્યારે કોઈ માણસ તપેલીમાંથી એક-એક દાણો કાઢીને તે બરાબર રંધાયા છે કે નહીં તે ચકાસી શકતો નથી. આલુ બાફતાં તેમાના એક કે બે બટાકાના ટૂકડાને દબાવીને આપણે ખાતરી કરી લેતા હોઈએ છીએ. એ જ રીતે, શ્રીમહાપ્રભુજીએ બે દાણા પકડી લીધા. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જ્યારે આપણો અહંકાર નમશે ત્યારે આપણું શરીર નમશે. પ્રભુની સામે અહંકાર નમતાં આપણે આપણું શરીર પણ નમાવીએ છીએ. પ્રભુમાં સ્નેહ થતાં આપણો અહંકાર તેમની સમક્ષ નમે છે. તેથી તે સ્નેહને લઈને આપણું શરીર તેમની સેવામાં લાગે છે. જો અહંકાર ન નમે તો વ્યકિત એમ પણ કહે કે શું હું તમારો નોકર છું, તે તમારું કામ કરું?

જ્યારે હું વિદ્યાભ્યાસ કરતો હતો ત્યારે મારા એક મિત્ર સાથે મારે ઝઘડો થયો. હું ધોતી-ઉપરણો પહેરું એટલે તેને ખિસ્સુ ન હોય. તેથી મારી સાથે એવી એક બેગ રાખતો, જેમાં મારી બધી વસ્તુઓ રહે. એક દિવસ અમે સાથે જતા હતા. ત્યાં મારે કંઈક કામ આવતાં મેં તેને મારી બેગ સંભાળવા આપી. તે થોડો સમય મારી બેગ પકડીને ઉભો રહ્યો. બીજી વ્યકિત સાથે મારી વાત લાંબી ચાલી. એટલે તેણે અકળાઈને કહ્યું કે ''શું તે મને તારો નોકર ધાર્યો છે, કે આટલી ભારે બેગ મને પકડાવી છે!'' મેં કહ્યું કે ''મારી ભૂલ થઈ ગઈ, બેગ મને પાછી આપી દે''. તે દોસ્ત હતો તેથી તેની આગળ મારો અહંકાર ઝૂકી ગયો, તેથી આગળ ઝઘડો ન થયો.

શ્રીમહાપ્રભુજીના વાસુદેવદાસ છકડા કેવા બળવાન હતા? છતાં તેમનો અહંકાર શ્રીમહાપ્રભુજી પાસે ઝૂકી ગયો હોવાથી તેઓ શ્રીમહાપ્રભુજીનો કેટલો બધો સામાન પ્રેમથી ઉપાહતા હતા? તેમણે કદી આ બાબતમાં ફરીયાદ કરી નથી.

આપણે પણ આપણા ઘરનો સામાન ગમે તેટલો ઉંચકીને છતાં કદી તેની ફરિયાદ કરતા નથી, કારણ કે ઘર પ્રત્યેનો આપણો અહંકાર ઝૂકેલો છે, ઘરમાં આપણો અહંકાર ચાલતો નથી. બહાર મોટાં-મોટાં ભાષણો કરનાર વ્યકિત ઘરમાં આવતાં પત્ની પાસે ઢીલોઢફ થઈ જાય છે. ઘરમાં અહંકાર ચાલતો નથી તેનું કારણ એ છે કે ઘરમાં આપણો પ્રેમ છે.



આથી શ્રીમહાપ્રભુજીએ એક દાણો દાબીને બતાવ્યો કે આપણે કૃષ્ણ માટે આપણું શરીર વાપરીએ તો તેનો અર્થ એ કે આપણો અહંકાર કૃષ્ણ પાસે ઝૂકી ગયો છે.

શ્રીમહાપ્રભુજી ધનને મમતાનું પ્રતીક માને છે. જો આપણે પ્રભુની સેવામાં પોતાની ગાંઠનું ધન વાપર્યું તો તેનો અર્થ એ કે આપણી મમતા પ્રભુ પાસે ઝૂકી ગઈ છે. પરંતુ જો આપણે સેવામાં આપણી ગાંઠનું ધન વાપર્યું નથી, તો આપણી મમતા પ્રભુ પાસે ઝૂકી નથી, આપણે કૃષ્ણભક્તિનો કેવળ ઢોંગ કરી રહ્યા છીએ.

શ્રીમહાપ્રભુજી આ રીતે મમતાનો દાણો દબાવી, આપણને સમજાવે છે કે જો આપણું શરીર અને આપણું ધન કૃષ્ણની ભક્તિમાં લાગે તો સમજવું કે આપણી અહન્તા ને મમતા પણ કૃષ્ણની ભક્તિ સાથે જોડાઈ ગયાં છે. જો અહન્તા-મમતાને કૃષ્ણનો સંગ થાય તો ''દાસોઽહમ્'' થાય, તો ''શ્રીકૃષ્ણઃ શરણં મમ'' થાય. આમ આપણી અહન્તા અને મમતા પણ કૃષ્ણની સાથે જોડાતાં કૃષ્ણનો આપણને સંગ થાય. કૃષ્ણનો સંગ થતાં આપણું ચિત્ત આજે નહીં તો કાલે પણ કૃષ્ણમાં ચોંટશે, આપણને એક દિવસ આપોઆપ માનસી સિદ્ધ થશે.

**માનસી અને ધ્યાન અલગ છે :**

આજકાલ કેટલાક લોકો ગેરસમજ ફેલાવે છે. આંખો મીંચીને સેવાનું ધ્યાન ધરે છે એને તેઓ માનસી કરી કહે છે. આ માનસી સેવા નથી, વધુમાં વધુ તેને ઠાકોરજીનું ધ્યાન ધર્યું કહી શકાય. કારણ કે માનસી સેવા કરી શકાતી નથી, તે તો આપોઆપ થઈ જાય છે. જ્યારે આપણે એમ કહીએ કે આપણે માનસી કરીએ છીએ, ત્યારે તે માનસી નથી, તે કેવળ આંખ મીંચીને કરેલું સેવાનું ધ્યાન છે.

આપણને કોઈ ગાળ દઈ દે અને આપણે તેને જવાબ ન આપી શકીએ, તો આખો દિવસ આપણા મનમાં તેની માનસી ચાલ્યા કરશે. રાતે સ્વપ્નમાં પણ તેને ગાળ આપવાનું જ સૂઝશે. આમ બીજું કામ કરતાં કે સૂતાં પણ, વગર પ્રયાસે, તેને ગાળ આપવામાં જ આપણું મન પરોવાયેલું રહે છે. તે માનસી છે. આવી સ્થિતિમાં રહેલા મનને આપણે રોકવા ઈચ્છીએ તો પણ તેને રોકી ન શકાય ત્યારે

તે માનસી છે. તેથી જ આપણે જોઈ ગયા કે માનસી સેવા કરી શકાતી નથી, તે અનાયાસ થઈ જાય છે. ભકિતના સાગરમાં ઉતરવું એ માનસી સેવા નથી, પરંતુ ભકિતની ધારામાં અનાયાસ વહી જવું તે માનસી સેવા છે. જયારે અવિચ્છિન્ન મનોગતિ પ્રભુ તરફ ચાલતી જ રહે ત્યારે માનસી સેવા સિદ્ધ થઈ એમ કહેવાય.

આમ, માનસી સેવાની ગરિમાને ધ્યાનના સ્તર ઉપર પટકીને તેને ખંડિત કરવી જોઈએ નહીં. શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતમાં માનસી સેવાની ખૂબ ભારે ગરિમા છે. જે માણસ એમ કહેતો હોય કે હું માનસી સેવા કરી રહ્યો છું, એ જ પ્રમાણ છે કે તેને માનસી સિદ્ધ થઈ નથી. તનુવિત્તજા સેવા કરતાં-કરતાં એક દિવસ સ્વતઃ માનસી સેવા સિદ્ધ થઈ જાય છે. શ્રીમહાપ્રભુજીએ બતાવેલી આ બાબત ભક્તિનો અંતરંગ અર્થ છે.

'ભક્તિ' શબ્દનો પ્રકૃતિગત અર્થ વિચારીએ તો 'ભજ્' ધાતુનો અર્થ છે સેવા અને 'ક્તિન્' પ્રત્યયનો અર્થ છે ક્રિયા. મનોયોગ વિના ક્રિયા સારી રીતે થઈ શકતી નથી. તેથી આપણા તનુવિત્તનો સેવામાં વિનિયોગ થાય ત્યારે તે સેવા છે. આપણા તનુવિત્તનો વિનિયોગ ન થાય તો તે સેવા નથી, તે કંઈક ગરબડ છે. આપણે જો આપણા શરીરનો ઉપયોગ કરીએ અને સાથે-સાથે આપણા વિત્તનો ઉપયોગ ન કરીએ તો પણ ગરબડ છે, સેવા નથી. તેવી રીતે, વિત્તનો ઉપયોગ કરીએ અને શરીરનો ઉપયોગ ન કરીએ તો પણ તે સેવા નથી. એમ ભક્તિનો અંતરંગ અર્થ જ ભકિતનો યૌગિક અર્થ છે.

નવધા ભકિત ભકિતનો બહિરંગ અર્થ છે. આપણા હૃદયમાં રહેલી ભકિત ક્યા-ક્યા રૂપોથી વ્યકત થવી જોઈએ? આપણને જો પરમાત્માના ગુણ, નામ, ચરિત્ર અને લીલા ના શ્રવણમાં રુચિ થાય તો તે ભકિત છે. શ્રવણદ્વારા આપણી ભકિત વ્યકત થાય છે. સંસ્કૃતમાં એક કહેવત છે ''યત્પઠિતં તત્ ગુરવે નિવેદિતમ્''. જે શીખ્યા તે બધું પાછું ગુરુદક્ષિણામાં આપી આવ્યા. જે કંઈ સાંભળ્યું તે બધું ત્યાં જ ખંખેરી નાખ્યું, તો તે શ્રવણ નથી.

સંગીતની કોઈ તર્જ સાંભળીએ અને પછી તે આખો દિવસ ગણીગણીએ



તો તેનું નામ કીર્તન. કેટલાક લોકો કીર્તનનો અર્થ એવો સમજે છે કે બે-ચાર-દસ શ્રોતાઓને બેસાડીને સંભળાવવું તેનું નામ કીર્તન. કીર્તન ભક્તિનું આ સાચું સ્વરૂપ નથી. ભકિતના બહિરંગ અર્થમાં કીર્તનનું સ્વરૂપ એવું છે કે આપણે કંઈ સાંભળ્યું તેથી આપણી અંદર એવી મસ્તી આવવી જોઈએ કે તેને ગણગણ્યા વિના ચાલે જ નહીં. આવું ગણગણવા માંડીએ ત્યારે જ આપણે શ્રવણની સાચી મજા લીધી છે એમ કહેવાય, નહીં તો આપણે કેવળ શ્રવણનું કર્મકાંડ કર્યું ગણાય.

સંસ્કૃતમાં એક કહેવત છે કે શ્રવણ પાપોને હરે છે. આપણે સાંભળ્યું તેથી પાપ તો દૂર થશે ને! આમ, પાપ દૂર કરવા માટે કરેલું શ્રવણ ભક્તિનું શ્રવણ નથી, તે કર્મમાર્ગીય શ્રવણ છે, ભક્તિમાર્ગીય શ્રવણ નથી. ભક્તિમાર્ગીય શ્રવણ પાપ દૂર કરવા માટે નથી, ભકિત માર્ગીય શ્રવણ તો ભગવદ્ગુણગાનનો આનંદ લેવા માટે છે. જેમ આપણને બીજાની નિંદા સાંભળવામાં મજા આવે છે, છાપું વાંચવામાં મજા આવે છે તેમ જો ભગવલ્લીલા સાંભળવામાં, ભગવદ્નામ અને ગુણ સાંભળવામાં, ભગવદ્રૂપનું વર્ણન સાંભળવામાં મજા આવે તો તે ભક્તિ માર્ગીય શ્રવણ છે.

કેટલીક વ્યકિતઓ માટે કીર્તન પણ એક ધંધો હોય છે. પૈસા કમાવામાટે તેઓ કીર્તન કરતાં હોય છે. શ્રીમહાપ્રભુજીએ વકતાઓના વીસ-બાવીસ જેટલા પ્રકારો બતાવ્યા છે. શાસ્ત્રમાં પાણીના પ્રકારો બતાવ્યા છે તેની સાથે ભગવાનના ગુણોનું વર્ણન કરનારાઓને શ્રીમહાપ્રભુજીએ 'લજભેદ' ગ્રન્થમાં સરખાવ્યા છે. ધંધાદારી ધોરણે જેઓ કથા-કીર્તન કરે છે તેઓને શ્રીમહાપ્રભુજીએ ગટરના પાણી સાથે સરખાવે છે. ગટરનું પાણી બધે ફેલાઈ ન જાય તે માટે ઘર પાસે ખાડો ખોદી, તેમાં તે પાણીને રાખવામાં આવે છે. ગટરનું વહેતું પાણી પણ ગંદું જ હોય છે ત્યારે તે પાણી એકઠુ થયેલું હોય તો તેની ગંદકીનું પૂછવું જ શું? શ્રીમહાપ્રભુજી કહે છે કે પૈસા લઈને જે કીર્તન કરે છે તેનું કીર્તન ગટરના એકત્ર કરેલા જળ જેવું હોય છે. જે વ્યકિત પ્રેમભકિતની મસ્તીમાં આવીને કીર્તન કરે છે, તેનાદ્વારા થતું કીર્તન ઝરણા સમાન હોય છે. કોઈકનું કીર્તન સાગર સમાન છે. આમ, 'જલભેદ' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ ભગવદ્ગુણનું વર્ણન કરનારાઓ માટે જલનાં જુદાં-જુદાં પ્રતીકો આપ્યાં છે. આ ગ્રંથદ્વારા શ્રીમહાપ્રભુજી એમ સમજાવવા માગે છે કે વાસ્તવમાં જળ તો એક જ છે; ગટરમાં પણ તે જ જળ છે, સમુદ્રમાં પણ તે જ જળ છે; પરંતુ

પ્રત્યેક સ્થળને લઈને તેનું રૂપ, સ્વાદ અને રંગ બદલાય છે. એવી જ રીતે, ભગવદ્‌ગુણ પણ એક જ છે, પરંતુ જેની વાણીથી તે ગુણ પ્રકટ થયો છે તેના વધારાના ગુણધર્મો તે ભગવદ્‌ગુણના કીર્તનમાં આવે છે. વકતાના આ વિશેષ ગુણધર્મો શ્રીમહાપ્રભુજીએ 'જલભેદ' ગ્રન્થમાં બતાવ્યા છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે ઉદર પોષણ માટે કરેલું કીર્તન ભક્તિમાર્ગીય નથી, પરંતુ જેનું શ્રવણ કર્યું છે, તેને મસ્તીમાં આવીને ગણગણવાનું મન થાય તે કીર્તન ભકિતમાર્ગીય છે. આપણા સ્વામી એવા પ્રભુને રીઝવવા માટે જે કીર્તન કરવામાં આવે, જેથી સેવાનો આસ્વાદ મળે તો તે ભક્તિમાર્ગીય કીર્તન છે.

આપણે ત્યાંના ભકતકવિઓએ ઋતુ અનુસાર, સમય અનુસાર કેટલાં સુંદર પદો લખ્યા છે! તે પદોને ગાતાં-ગાતાં સેવા કરીએ તો સેવાનો સાચો રસાત્મક રસાસ્વાદ પ્રાપ્ત થાય! મલ્હારના સમયમાં ''બૂંદ અચાનક લાગી'' એ પદ ગાતાં ઋતુનો આનંદ, ઉત્સવનો આનંદ, સેવાનો આનંદ, પ્રકટ થાય છે. આમ જેના કીર્તનથી હૃદયમાં રહેલો આનંદ બહાર પ્રકટ થાય તે ભક્તિમાર્ગીય કીર્તન છે.

શ્રીમહાપ્રભુજી ભકિતના મુખ્ય બે પ્રકાર બતાવે છે.

૧.પ્રભુના રૂપની ભક્તિ

૨.પ્રભુના નામની ભક્તિ.

પ્રભુના રૂપની ભકિત એટલે જ્યારે આપણે પ્રભુના સ્વરૂપને સામે પધરાવીને તેમની ભકિત કરીએ છીએ, તયારે તે પ્રભુના રૂપની ભક્તિ છે. જ્યારે પ્રભુનું સ્વરૂપ આપણી સામે નથી ત્યારે આપણે પ્રભુની લીલા ગાઈએ છીએ, પ્રભુના ગુણોનું કીર્તન કરીએ છીએ કે પ્રભુના નામનો જપ કરીએ છીએ. તે પ્રભુના નામની ભક્તિ છે.

પ્રભુના રૂપની ભક્તિના શ્રીમહાપ્રભુજીએ બે ઉપભેદ બતાવ્યા. એક છે આંતર પ્રકાર અને બીજો છે બાહ્ય પ્રકાર. આમ, ભક્તિના કુલ ત્રણ પ્રકાર થયા.

નવધા ભકિતમાં શ્રવણ, કીર્તન અને સ્મરણ ભક્તિનો વિચાર આ



દૃષ્ટિકોણથી કરીએ તો શ્રવણ, કીર્તન અને સ્મરણ પ્રભુની નામાત્મિકા ભક્તિ છે. પાદસેવન, અર્ચન અને વંદન પ્રભુના સ્વરૂપની બાહ્ય ભકિત છે. પ્રભુના ચરણારવિંદમાં દંડવત કરવાં, પ્રભુના સ્વરૂપને સંપ્રદાયમાં જે-જે અર્ચનનો પ્રકાર બતાવ્યો હોય તે-તે પ્રકારે અર્ચન કરવું અને પ્રભુને અર્ચન કર્યા પછી મનમાં જો અભિમાન આવે કે મેં આ પ્રકારે બધું કર્યું, તો કરેલું બધું નકામું છે. તેથી સર્વ પ્રકારે અર્ચન કર્યા પછી દીનતા અને પ્રેમ પૂર્વક પ્રભુને વંદન કરવાં અને એમ કહેવું કે મારાથી કશું બની શકે તેમ નથી, તારું આપેલું જ હું તને સમર્પણ કરું છું, તો તે વંદનભકિત છે. આ ત્રણેય ભકિત પ્રભુના રૂપની બાહ્ય ભકિત છે.

ઘણી વાર લોકો ભક્તિમાં પર હરિફાઈ કરતાં હોય છે. કોઈ એમ કહે કે તેણે ષોડશોપચાર પૂજન કર્યું, અમારા મંદિરમાં અષ્ટાદશોપચાર પૂજન થાય છે. બીજો કહે કે અમારા મંદિરમાં બત્રીસોપચાર પૂજન થાય છે. આમ, ભક્તિમાં જો હરિફાઈ થતી હોય તો તે ભક્તિમાર્ગીય પૂજન નથી, તે ભક્તિમાર્ગના નામે ચાલતું એક કૌભાંડ છે. તે પૂજન કદાચ કર્મમાર્ગી હોઈ શકે, કારણ કે ભકિતમાર્ગીય પૂજનમાં બધું પ્રભુને સમર્પિત કરી દીધા પછી આપણા મનમાં કેવળ વંદનનો ભાવ રહેવો જોઈએ. આવો વંદનનો ભાવ રહે તો તે ભકિતમાર્ગીય પૂજન છે.

નવધા ભકિત પૈકીની છેલ્લી ત્રણ ભક્તિ દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન પ્રભુના રૂપની આંતર ભકિત છે, કારણ કે તે ભકિતમાં બહાર કોઈ ક્રિયા જણાતી નથી. અર્ચન, પાદસેવન અને વંદન ની જે પ્રાચીન પદ્ધતિ છે તેને અનુસરતાં હૃદયમાં કેવો ભાવ હોવો જોઈએ? ભકિતના પ્રારંભની સ્થિતિમાં આપણે મનથી પ્રભુને આપણા સ્વામી માનીને તેમનાં ચરણસ્પર્શ કરીએ છીએ, તેમનું પૂજન કરીએ છીએ, તેમનું અર્ચન કરીએ છીએ. તેથી તે વખતે આપણા હૃદયમાં એવી ભાવના હોવી જોઈએ કે હું પ્રભુનો સેવક છું, પ્રભુ મારા સ્વામી છે. કદાચ આપણને આ ભાવનામાં સંતોષ ન થાય તો પણ ભક્તિની શરૂઆત દાસત્વથી જ કરવી જોઈએ. દાસત્વથી શરૂઆત કરી સખ્ય તરફ જવાનું છે, તે નિશ્ચિત થયેલો માર્ગ છે. પરંતુ કયારેક કોઈક વ્યકિતને પ્રભુ એવું સામર્થ્ય આપે કે તે નિશિચત માર્ગ છોડીને પ્રારંભથી જ પ્રભુને પોતાના સખા માને, સખા માનીને પણ વંદન, પાદસેવન અને અર્ચન વગેરે પ્રકાર થઈ શકે છે; કારણ કે તે સખ્યભાવના હૃદયની છે. પ્રભુનાં

જયારે પણ આપણે દર્શન કરીએ છીએ ત્યારે એક દોસ્તને જોતા હોઈએ એવી નજરથી પ્રભુનાં દર્શન કરીએ તો તે સખ્ય ભકિત છે. આ ભક્તિ પ્રભુના સ્વરૂપની આંતર ભક્તિ છે. પ્રભુને આપણે આપણા સ્વામી માન્યા ત્યારે દાસ્ય ભક્તિ છે, પ્રભુને આપણા મિત્ર માન્યા ત્યારે સખ્ય ભક્તિ છે.

નવધા ભક્તિનો છેલ્લો પ્રકાર છે આત્મનિવેદન. દાસત્વ કે સખ્યત્વ ના સમ્બન્ધો જેવા બધા સમ્બન્ધોની વાત છોડી દઈ, પ્રભુને આપણા આત્માનું નિવેદન કરવું તે આત્મનિવેદન ભક્તિ છે. આ સ્થિતિએ આપણે પ્રભુને કહીએ છીએ કે તારે મન દાસ માનવો હોય તો દાસ માન, સખા માનવો હોય તો સખા માન, બાપ માનવો હોય તો બાપ માન, બેટા માનવો હોય તો બેટા માન, પતિ માનવો હોય તો પતિ માન કે પત્ની માનવી હોય તો પત્ની માન; મેં મારો આત્મા તને સોંપી દીધો છે, તારે જે માનવું હોય તે માન. આવા આત્મનિવેદનના ભાવથી પ્રભુના સ્વરૂપની ભકિત કરવામાં આવે ત્યારે તે આંતર ભકિત છે.

આપણે પ્રભુની સન્મુખ આત્મનિવેદન કર્યું, તેનો અર્થ એ થયો કે મારો આત્મા મેં તારી સાથે જોડી દીધો છે, તેથી મારા બધા આત્મીય પદાર્થો તારે માટે છે. મેં તો બધું સમર્પણ કરી દીધું છે. હવે મારે ચિંતા કરવાની શી જરૂર છે, તારી ઈચ્છા થાય તેમ તું વાપર, તું મારા હૃદયમાં જે ભાવ જગાવીશ તે ભાવથી હું તારી સેવા કરીશ, હવે હું મારા તરફથી કોઈ ભાવ શરૂ નહીં કરું, મારા પક્ષે કોઈ સમ્બન્ધનો આગ્રહ રાખતો નથી, હું કેવલ તારી ભકિત કરવા જ ઈચ્છું છું. તારો અને મારો સમ્બન્ધ કેવો રાખવો છે, તે તું જ બતાવ.

આમ, જો આપણે ભક્તિ કરતા રહીશું તો એક દિવસ એવો આવશે કે પ્રભુનું તે સ્વરૂપ જ પોતે આપણને કહેશે કે ''આજે મને બિલાડીનો ડર લાગે છે.''

આપણા વાર્તા સાહિત્યમાં એક પ્રસઙ્ગ આવે છે. એક માજી સેવા કરતાં હતાં. શ્રીઠાકોરજીએ તેમને કહ્યું કે ''મને બિલાડીની બીક લાગે છે.'' કારણ કે શ્રીઠાકોરજીએ એમ માન્યું કે આ માજી મારાં મા છે અને હું તેમનો બાળક છું. તો માની આગળ ફરિયાદ નહીં કરું તો કોની પાસે ફરિયાદ કરીશ!



આમ, પ્રભુ પોતે જે આપણને અનુભવ કરાવશે કે તેઓને આપણી સાથે કયા પ્રકારનો સમ્બન્ધ સ્થાપિત કરવો છે? આમ, આત્મનિવેદન પ્રભુની રૂપ ભકિતની અંતિમ અવસ્થા છે.

શ્રીમહાપ્રભુજીએ આત્મનિવેદનને પહેલી ગણીને આપણે ત્યાં શરુઆત તેનાથી કરી છે. શ્રીમહાપ્રભુજીએ એમ કહ્યું કે ભકિતના બાકીના પ્રકારો પછી સમજમાં આવશે, તું પહેલાં એક વખત આત્મનિવેદન કરી દે. આપણી બ્રહ્મસમ્બન્ધની દીક્ષા એ જ આત્મનિવેદન. શ્રીમહાપ્રભુજીએ આપણને સમજાવ્યું કે સમર્પણથી ઉત્તમ બીજો કોઈ ભાવ ભકિતમાં સમ્ભવિત નથી. ભક્ત કહે છે કે મારી પાસે આત્મા સિવાય બીજું શું છે! બાકીનું બધું તો તારું જ છે. એટલે હું મારી આત્મા તને સમર્પિત કરું છું. હું તારો બની જઉં છું.

અકબર ને જે વખતે આગ્રાનું રાજ્ય મળ્યું ત્યારે તેણે આગ્રાની આજુબાજુના પ્રદેશો જીતવાની શરુઆત કરી. જયપુરનું રાજ્ય જીતીને તેણે જયપુર રાજ્યનો કબજો મેળવ્યો. માનસિંગને પોતાને અધીન બનાવ્યો. અકબરે માનસિંગને કહ્યું કે ''તું ભલે હારી ગયો, પણ આમેરનો રાજા તું જ છે. અને તારો રાજા હું છું.''

આમ, આત્મસમર્પણનો અર્થ એ નથી કે આપણે બધું ભગવાનને આપી દેવું. આપણે ભગવાનને કશું આપી દેતા નથી, પરંતુ આપણા પોતાના આત્માને પ્રભુ આગળ સમર્પિત કરી દઈએ છીએ. આપણી કહેવાતી વસ્તુઓ ઉપરથી હવે આત્માનું નિયંત્રણ ચાલ્યું ગયું હોવાથી આપણે આપોઆપ પ્રભુને સમર્પિત થઈએ છીએ, જેમ આમેરનો રાજા અકબરની આગળ સમર્પિત થઈ જતાં તેની સાથે-સાથે આમેર પણ આપોઆપ સમર્પિત થઈ ગયું.

આથી જ શ્રીમહાપ્રભુજી કહે છે કે આત્મસમર્પણનો ભાવ એવો છે કે આપણી પાસે જે-કંઈ ઉત્તમ કે અધમ છે તે બધું આપણે આત્માની સાથે પરમાત્માને સમર્પિત કરી દઈએ છીએ. તેમાંથી કેટલું સ્વીકારવું તે પરમાત્માએ નક્કી કરવાનું છે. પરમાત્મા જ આપણને પ્રેરણા કરશે કે તેં આત્મસમર્પણ કર્યું છે તેમાંથી આ વસ્તુનો મારી સેવામાં ઉપયોગ કર, આ વસ્તુ મારી સેવામાં વાપરીશ નહીં. આવું

પરમાત્મા આપણને કેવી રીતે સમજાવે છે? જે ચીજનો ઉપયોગ પરમાત્મા પોતાની સેવામાં કરાવવા ઇચ્છે છે, તે ચીજ માટે આપણામાં અને આપણા પરિવારના બધા સભ્યોમાં સમર્પણનો ભાવ જાગે છે. પુત્રને પરમાત્મા સ્વીકારે છે ત્યારે તેનામાં સેવા કરવાનો ભાવ આપોઆપ પ્રકટે છે. પરંતુ જો પુત્રને પરમાત્મા સ્વીકારતા નથી તો તેના હૃદયમાં સેવાનો ભાવ જાગતો નથી. આપણો દીકરો સેવા કરે છે કે નથી કરતો, તેની ચિંતા કરવાની આપણને જરૂર નથી. આપણે દીકરા પાછળ દંડો લઈને પડવાની જરૂર નથી કે મેં ઠાકોરજીની સેવા પધરાવી છે, માટે તું પણ સેવા કર. આપણે બધું જ પરમાત્માને સમર્પણ કરી દીધું છે, તો જ્યારે પરમાત્માને આપણા દીકરાની સેવા લેવી હશે ત્યારે જગતની કોઈ તાકાત તે દીકરાને બીજા માર્ગે લઈ જઈ શકશે નહીં. ત્યારે તેના ઉપર ભકિતનો એવો વરસાદ વરસશે કે તે સેવા કરશે જ.

આમ, આપણે આત્મસમર્પણનો ભાવ સદા જાગૃત રાખવો જોઈએ. આપણને સંતોષ હોવો જોઈએ કે મેં પ્રભુને સમર્પણ કરી દીધું છે, હવે મારો આત્મા અને તેની સાથે સમ્બન્ધિત મારી પત્ની, મારું ધન, મારાં પુત્ર-પુત્રી, મારું ઘર એ બધાંનો પ્રભુ, આપ જે રીતે ઉપયોગ કરવા હોય તે રીતે ઉપયોગ કરો. તેથી જ શ્રીમહાપ્રભુજી 'નવરત્ન'માં આજ્ઞા કરે છે કે ભવિષ્યમાં શું થશે, તેની ચિંતા તમે કરશો નહીં. આપણાં કુટુંબીજનો આપણને સેવામાં સહકાર આપે છે કે નથી આપતા, તેની ચિંતા કરવાની આપણે જરૂર નથી. આપણે જે-જે વસ્તુઓ સમર્પિત કરી છે, તે-તે વસ્તુનો પરમાત્માને ખપ હશે તો સ્વતઃ તેનો સેવામાં અંગીકાર કરશે. કારણ કે તે સર્વસમર્થ છે. જેવી રીતે તેઓ આપણામાં ભકિત પેદા કરી શકે છે તેવી રીતે તેઓ બીજાઓમાં પણ ભક્તિ પેદા કરી શકે છે.

એક ગામમાં એક વખત આવું બન્યું. એક પિતા-પુત્ર ઝઘડતા-ઝઘડતા મારી પાસે આવ્યા. પિતાએ કહ્યુંઃ ''મહારાજ! હું ઘરમાં સેવા કરું છું અને મારો દીકરો નાસ્તિક થઈ ગયો છે.'' મેં દીકરાને પૂછ્યું ''ભાઈ, તું કેમ નાસ્તિક થઈ ગયો છે?'' દીકરાએ કહ્યું ''મહારાજ! હું નાસ્તિક નથી. પિતાજી મને ઠાકોરજીના વાસણ માંજવાનું કહે છે. મને વાસણ માંજવાનો કંટાળો આવે છે, માંજવા સિવાયની બીજી સેવા કરવા હું તૈયાર છું!'' ત્યારે મેં તેના પિતાને સમજાવ્યું કે ''તમારો દીકરો વાસણ માંજતો નથી એટલે તમે તેને નાસ્તિક કહો છો તે બરાબર નથી.''



ઘણા ભકતોને ઠાકોરજીની સામગ્રી સિદ્ધ કરવામાં કંટાળો આવતો હોય છે. કારણ કે તેમને પ્રભુએ એવું સામર્થ્ય આપ્યું નથી. જ્યારે પરિવારમાંથી સામગ્રી સિદ્ધ કરનાર વ્યકિતને બહારગામ જવાનું થાય ત્યારે ઠાકોરજીને તે વ્યકિત તે દિવસે દૂધ કે ખીર સિવાય બીજું કશું આરોગાવી શકતી નથી. કારણ કે તે બે-ચાર પ્રકારની સામગ્રી સિદ્ધ કરવા પ્રયત્ન કરે તેમાં તો તેના મગજનું દહિં થઈ જાય છે. આવી વ્યક્તિને જો એવો આગ્રહ કરવામાં આવે કે તારી પત્ની જેટલી સામગ્રી સિદ્ધ કરે છે તે બધી સામગ્રી સિદ્ધ કરીને જ સેવા કરવી તો તે બિચારાનો ભાવ જ ખતમ થઈ જશે. કારણ કે તેને ઠાકોરજીની સેવામાં, શૃંગાર કરવામાં, સ્નાન કરાવવામાં, જગાવવામાં તો આનંદ આવે છે પરંતુ રસોઈનું નામ પડતાં જ તેના મોતિયા મરી જતાં હોય છે. પ્રભુને બધી સામગ્રી ભોગ ધરાવવી જોઈએ તે વાત સાચી, પરંતુ જેમાં એટલું સામર્થ્ય ન હોય છતાં જો એ બળજબરીથી સામગ્રી બનાવીને ઠાકોરજીને ભોગ ધરે તો તેથી પ્રભુને પણ સુખ થતું નથી.

શ્રીગુસાંઈજીએ પોતાના બાળકોને એક પત્રમાં સુંદર વાત લખી છે. ગિરિરાજજી ઉપર શ્રીનાથજીનું મંદિર હતું ત્યાં ગિરિરરાજજી ઉપર કોઈ કૂવો નથી. તેથી નીચે ગામમાંથી જળ ભરીને પર્વત ઉપર પહોંચાડવું પડતું હતું. તેથી શ્રીગુસાંઈજીએ પત્રમાં લખ્યું કે ''જળ ભરાવવાની સેવા નોકરોથી કરાવી લેજો, તેમાં કોઈ હરકત નથી. આપણી જાતે જ જળ ભરવું આવશ્યક નથી. પરંતુ સાથે-સાથે એ વાતનો પણ ખ્યાલ રાખજો કે નોકરોને પણ જળ ભરવામાં અતિશય શ્રમ ન થાય. કારણ કે મારા સ્વામી ઘણા કોમળ સ્વભાવના છે.''

આમ, આ ભક્તિમાર્ગ છે, કર્મમાર્ગ નથી કે આપણે કોઈની પાસે જબરદસ્તીથી મજૂરી કરાવીએ. પ્રભુ આપણી પાસે ભક્તિ કરાવવા ઇચ્છે છે, મજૂરી કરાવવા ઇચ્છતા નથી. તેથી શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી કે તમે નોકરો પાસે પણ એટલું જ કામ કરાવો, જેટલું કરવામાં તેમને ત્રાસ ન થાય. જો તેમને ત્રાસ થતો હોય તો નોકરો પાસે પણ આવી ભક્તિ કરાવવાની જરૂર નથી. આ સંજોગોમાં, કુટુંબનાં સભ્યો પાસે તો આવી ભક્તિ કરાવવાનો પ્રશ્ન જ રહેતો નથી. જો આપણે બીજાઓ પાસે જબરદસ્તીથી ભક્તિ કરાવીશું તો તે ભક્તિમાર્ગીય કર્મ કે પૂજન નથી, તે કર્મમાર્ગીય બની જશે. પરન્તુ જો કુટુંબના સભ્યોને ઉત્સાહ છે, બધાં હળી-

મળીને કરી રહ્યા છે તો તે જરૂર ભક્તિમાર્ગીય સેવા છે, કારણ કે સેવામાં તો જેટલું કરીએ એટલું ઓછું છે. તેથી જેટલું કરીએ તેટલું આનન્દપૂર્વક કરીએ, જબરદસ્તીથી કશું કરીએ નહીં. શ્રીગુસાંઈજી કેટલી સુંદર આજ્ઞા કરે છે કે ''મારા સ્વામી કોમળ સ્વભાવના છે.'' જબરદસ્તીથી કરાવેલી ભક્તિની તેમને ગરજ નથી. તેથી પ્રભુ આપણા હૃદયમાં પોતે જ એવી પ્રેરણા કરે છે કે આ કામ કર્યા વિના મને ચાલશે નહીં. આવી પ્રેરણા થાય ત્યારે એવી ભક્તિ એક વખત નહીં, દસ વખત કરવી. પરન્તુ જે ભક્તિ કરતાં આપણા મનમાં ત્રાસ થતો હોય કે આપણે આમાં ફસાઈ ગયા, તો એવી ભક્તિ કરવાની કોઈ જરૂર નથી.

જ્યાં સુધી આપણા હૃદયમાં કોમળતા નહીં આવે ત્યાં સુધી આપણે આપણા સ્વામીને, આપણા ભજનીય સ્વરૂપને સુકોમળ માની શકીશું નહીં. આમ, કોમળતા ભક્ત અને ભગવાન્ બન્નેમાં હોવી જોઈએ, કારણ કે ભક્તિ ઘણી સુકુમાર છે. ઘણું જ્ઞાન અને ઘણો વૈરાગ્ય આપણા ચિત્તને શુષ્ક-કઠોર બનાવીદે છે. તેવા હૃદયમાં ભક્તિની કોમળતા અનુભવાશે નહીં.

આથી ભક્તિની શરૂઆતમાં જ્ઞાન-વૈરાગ્યની અપેક્ષા છે, પરન્તુ એક વખત ભક્તિ શરૂ થયા પછી જ્ઞાન,-રાગ્યના ચકકરમાં ફસાઈ રહેવું બરાબર નથી. જ્ઞાન-વૈરાગ્યને કારણે આપણી માનસિક અવસ્થા એવી શુષ્ક બની જશે કે આપણે ભક્તિના કોમળ ભાવને ધારણ કરી શકીશું નહીં. હૃદયમાં ભક્તિનો જે કોમળ રસ ભર્યો છે તે સૂકાઈ જશે. ભક્તિનો સ્વભાવ સુકોમળ હોવાથી તે જ્ઞાન અને વૈરાગ્ય ના તાપને ઝીલી શકશે નહીં.

આવા સુકોમળ સ્વભાવની ભક્તિ માટે હૃદયમાં પણ ઘણા કોમળ ભાવ જોઈએ. પરમાત્મા પ્રત્યે કોમળ ભાવ જોઈએ, પરિવાર પ્રત્યે કોમળ ભાવ જોઈએ, જે સમાજમાં આપણે રહેતા હોઈએ તે સમાજ પ્રત્યે કોમળ ભાવ જોઈએ. અને સાચું પૂછો તો વસ્તુમાત્ર અને પ્રાણીમાત્ર પ્રત્યે પણ કોમળ ભાવ જોઈએ. જ્યાં સુધી આપણા હૃદયમાં રુક્ષતા અને કઠોરતા છે, શાપ દેવાની વૃત્તિ છે ત્યાં સુધી આપણે પ્રભુના પ્રેમને લાયક નથી, કારણ કે ભકતના હૃદયમાં આટલી કઠોરતા સંભવી જ કેમ શકે? આ કઠોરતાને દૂર કરવા માટે ભક્તિમાર્ગની શરત છે



આત્મસમર્પણ. આમ, આપણે ભક્તિનું બહિરંગ રૂપ જોયું.

હવે ભક્તિનું બહિરંગતર રૂપ આપણે સમજવાનું છે. નવધા ભક્તિ ભક્તિનો બહિરંગ પ્રકાર છે, તે ભક્તિનો પારિભાષિક અર્થ હોય છે. સમસ્ત જનસમાજનો અર્થ હોતો નથી. તેથી ભક્તિના નવધા પ્રકારમાંથી આપણને કઈ ભક્તિ વધારે ગમે છે તે જ તેનો પારિભાષિક અર્થ થશે, બાકીના અર્થ આપણે માટે પારિભાષિક અર્થ તરીકે નથી.

ભક્તિનો લાક્ષણિક અર્થ ભક્તિનું બહિરંગતર રૂપ છે. જ્યારે આપણે મુક્તિની કામનાથી ભક્તિ કરીએ, જ્ઞાનપ્રાપ્તિ માટે ભક્તિ કરીએ, કોઈ લૌકિક કામનાઓથી ભક્તિ કરીએ ત્યારે તે ભક્તિનો કેવળ ગુણધર્મ છે. આવી કોઈપણ કામના માટે આપણે શ્રવણ, કીર્તન, સ્મરણ, વંદન આદિ બધું કરીએ ત્યારે આપણા મનમાં ચોર બેઠેલો છે કે આ ભક્તિ દ્વારા મને મારી ઈચ્છિત વસ્તુઓ પ્રાપ્ત થશે. આ ચોર આપણા હૃદયમાં ભક્તિનો પૂરેપૂરો અર્થ સિદ્ધ થવા દેતો નથી. કોઈ માણસને ગધેડો કહેવો, જે વાસ્તવમાં ગધેડો નથી, એની જેમ આવા કર્મને ભક્તિ કહેવા જેવું છે. લૌકિક કે અન્ય કામનાઓથી ભક્તિ કરવામાં આવે ત્યારે તે ક્રિયામાં ભક્તિના કેટલાક ગુણધર્મો દેખાય છે, પરન્તુ બધી ચમકતી વસ્તુઓ સોનું નથી હોતી તેમ આપણી તે-તે ક્રિયાઓમાં કેવળ ભક્તિનો ચમકારો છે, સાચી ભક્તિ નથી. આ ભક્તિનું બહિરંગતર સ્વરૂપ છે.

આપણે લૌકિકમાં એમ કહીએ કે હું મારા પતિની સેવા કરું છું. અથવા દુનિયાની દુઃખી વ્યક્તિઓની સેવા કરું છું. તો તેને ભક્તિ કહી શકાય નહીં, કારણ કે લૌકિક વ્યક્તિઓની બાબતમાં ભક્તિ થઈ જ શકતી નથી. લૌકિક વ્યક્તિની ભક્તિ કરવાનું કહેવું તે ભક્તિનો વિપરીત અર્થ છે.

ભક્તિનો મુખ્ય તાત્પયાર્થ આપણે સારી રીતે સમજી ચૂક્યા છીએ. નિરુપધિ ભાવ કોઈ લૌકિક સમ્બન્ધમાં સમ્ભવે એવો સાચો મનુષ્ય દુનિયામાં હોવો મુશ્કેલ છે. એક શાયરે કહ્યું છે કે ''મનુષ્યને ઈન્સાન બનાવવાનું કામ ઘણું કઠિન છે''. મનુષ્ય રાક્ષસ બની શકે છે, દેવ બની શકે છે; પરન્તુ ઈન્સાન બની શકતો

નથી. સીધી લીટી દોરવી ઘણું વાકું કામ છે, વાંકી લીટી દોરવું ઘણું સીધું કામ છે. આપણે લીટી દોરવા જઈશું તો તે ભાગ્યે જ સીધી દોરાશે, મોટાભાગે વાંકી જ દોરાશે. આજે મનુષ્યનું પણ આવું જ છે. મનુષ્ય પોતે એટલો સક્ષમ નથી કે તે બીજા મનુષ્ય પ્રત્યે નિરુપધિ ભાવ રાખી શકે. જ્યાં સુધી આપણે લાયસન્સ લેવું નહીં હોય ત્યાં સુધી આપણે રાજનેતાના ભક્ત બની શકીશું નહીં. જ્યારે આપણે કોઈ લૌકિક વ્યક્તિની બાબતમાં ભક્તિનો પ્રયોગ કરીએ છીએ ત્યારે તે ભક્તિનો વિપરીત અર્થ છે. કોઈ પાતળા મનુષ્યને પહેલવાન કહેવામાં પહેલવાનનો વિપરીત અર્થ છે, તે જ પ્રમાણે લૌકિક વ્યક્તિની બાબતમાં ભક્તિની વાત કરતાં ભક્તિના વિપરીત અર્થનો જ પ્રયોગ થાય છે. તે ભક્તિનો સાચો અર્થ નથી.

આમ, આપણે ભક્તિના અંતરંગતમ, અંતરંગતર, અંતરંગ, બહિરંગ, બહિરંગતર અને બહિરંગતમ એમ છ પ્રકારના વિભિન્ન અર્થના પ્રયોગો જોયા. આ પ્રયોગોને આપણે બરાબર ધ્યાનમાં રાખીશું તો જ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા સમજાશે. શ્રીઆચાર્યચરણ જ્યારે ભક્તિનું નિરૂપણ કરી રહ્યા છે ત્યારે 'ભક્તિવર્ધિની'માં 'ભક્તિ' શબ્દની સીમા ક્યાં સુધી માનવી તે આપણે વિચારવું જોઈએ. ભક્તિની નિશ્ચિત સીમા તેના અંતરંગતમ અને અંતરંગતર અને અંતરંગ અર્થ સુધી નિશ્ચિત રીતે છે, પરન્તુ ભક્તિના બહિરંગ, બહિરંગતર અને બહિરંગતમ અર્થ સુધી ભક્તિની સીમા માનવી જોઈએ કે નહીં તેનો વિચાર આપણે કરવો જોઈએ, કારણ કે આ ત્રણેય અર્થમાં 'ભક્તિ' શબ્દનો પ્રયોગ તો આપણે કરીએ જ છીએ. અહીં 'ભક્તિવર્ધિની'માં જે બીજભાવથી આપણે ભક્તિને વધારવા ઇચ્છીએ છીએ તે બીજભાવનો વિકાસ જે અર્થ સુધી થઈ શકે ત્યાં સુધી ભક્તિની સીમા નિશ્ચિત થશે. નિઃસાધન ભાવ અંકુરિત, પલ્લવીત, પુષ્પિત અને ફલિત થઈને એટલા મોટા વૃક્ષનું રૂપ ધારણ કરશે કે આપણે કેટલા અર્થમાં તેનું સંકલન કરવું અને ક્યા અર્થ છોડી દેવા તે નક્કી કરવું પડે. ભક્તિવર્ધિની માટે ભકિતની સીમા અંતરંગતમ, અંતરંગતર અને અંતરંગ અર્થ સુધી જ સીમિત છે. બહિરંગ, બહિરંગતર અને બહિરંગતમ અર્થો આપણે ત્યાં 'ભક્તિ'પદના અર્થ તરીકે સ્વીકાર્ય નથી. 'ભક્તિ' શબ્દની મર્યાદા બહિરંગ સુધી આપણે ત્યાં સીમિત છે.

આપણા હૃદયમાં રહેલ નિરુપધિ ભાવની બાહ્ય અભિવ્યક્તિ થવી જોઈએ.



જેમ કોઈ વ્યક્તિ આપણે ત્યાં આવે ત્યારે આપણે તેને ખૂબ આદર આપીએ છીએ, પરન્તુ કોઈ આવે ત્યારે જો આપણે ધ્યાન કે સમાધિ લગાવીને બેસી જઈએ તો આવનારની કેવી દુર્દશા થાય? આવનારને આપણા હૃદયમાં સ્નેહ છે એ બાબતમાં તો વિશ્વાસ છે, પરન્તુ ઘેર મહેમાન તરીકે તે વ્યક્તિ આવી છે ત્યારે આપણે આંખો ખોલી તેમનું હસીને સ્વાગત કરવું જોઈએ, તેમને જલપાન માટે પૂછવું જોઈએ. આમ, હૃદયનો સ્નેહ આપણી ક્રિયા દ્વારા વ્યક્ત થવો જોઈએ. તેવી જ રીતે, ભક્તિનો બીજભાવ નિરુપધિ સ્નેહરૂપે હૃદયમાં છે, તો તે આપણી ક્રિયા રૂપે પ્રકટ થવો જોઈએ. આમ, ભક્તિનો બહિરંગ અર્થ પ્રકટ ન થાય તો તેને ભક્તિ કેવી રીતે કહી શકાય? જે છલકાઈને બહાર ન આવે અને આપણે આંખો મીંચીને ધ્યાનમગ્ન થઈને બેસી રહીએ તે ભક્તિ નથી. તેથી આપણે ત્યાં ભક્તિના બહિરંગ અર્થ સુધી ભકિતની સીમાને વિસ્તારવામાં આવેલી છે. આપણો બીજભાવ પ્રવૃદ્ધ થાય ત્યારે બહિરંગ ભક્તિ પ્રકટ થાય, તે તેની સીમા છે. પરન્તુ 'ભક્તિ' શબ્દ બહિરંગતર અને બહિરંગતમ અર્થમાં પહોંચી જાય તો આપણે સમજી લેવું કે હવે તે ભક્તિ નથી, તે ભવગતિ છે.

શ્રીમહાપ્રભુજી ભક્તિવર્ધિનીના પ્રથમ શ્લોકમાં આપણને એ સમજાવે છે કે જે પ્રકારે ભક્તિ સમૃદ્ધ થાય તેવો પ્રકાર હું બતાવી રહ્યો છું. આપણે અત્યાર સુધી ભક્તિની સમૃદ્ધિનો ઉપાય એટલે શું, ભક્તિ એટલે શું, તેની વૃદ્ધિ એટલે શું વગેરે બાબતોનો વિગતે વિચાર કર્યો છે. બીજભાવની ચર્ચા પણ ખૂબ વિસ્તારપૂર્વક કરી ચૂક્યા છીએ. હવે શ્રીમહાપ્રભુજી બીજભાવની દૃઢતા એટલે શું, તે બાબત આપણને સમજાવે છે.

સામાન્ય રીતે આપણે જ્યારે બીજ જમીનમાં વાવીએ છીએ ત્યારે આપણને કોઈ ગેરંટી મળતી નથી કે તે બીજ અંકુરિત થશે જ. કદાચ તે બીજ બળી પણ જાય, કદાચ વધુ જળ રેડવાથી સડી પણ જાય; આવું થાય તો આપણે કહી શકીએ કે આપણે વાવેલું બીજ દૃઢ બીજ નથી. જો તે બીજ અંકુરિત અને સારી રીતે પલ્લવીત થાય, જમીનમાં તેનાં મૂળ બરાબર જામે ત્યારે જ આપણે કહીએ કે તે દૃઢ બીજ છે. વૃક્ષ પોતાનાં મૂળ જમીન સાથે એવી રીતે ફેલાવી ચીટકાવી દે છે કે કોઈ જાનવર તેને ઉખાડી ન શકે, પવનનું વાવાઝોડું તેને પાડી

ન શકે. આવું વૃક્ષ બનતાં તે સમર્થ વૃક્ષ કહેવાય. એનું બીજ દઢ થઈ ગયું કહેવા. એ પ્રમાણે આપણાં હૃદયમાં રહેલો બીજરૂપી નિરુપધિ ભાવ જ્યારે પ્રેમ-આસક્તિ-વ્યસન રૂપે અંકુરિત-પલ્લવિત-પુષ્પિત થઈને ફલિત થઈ જાય ત્યારે શ્રીમહાપ્રભુજી કહે છે કે હવે બીજભાવ દઢ થઈ ગયો.

જો બીજભાવ દઢ નથી થયો તો અવસ્થા કાચી ગણાય, વધુ સાવધાની રાખવાની જરૂર છે. ખેડુતે વાવણી કરી હોય તેના ઉપર કોઈ ચાલે તો ખેડુતને કેટલો ગુસ્સો આવતો હોય છે. વાવેલું બીજ જે હજી અંકુરિત થયું નથી તેની ઘણી માવજત કરવી પડતી હોય છે. તેમ ભક્તિબીજ જ્યાં સુધી અદઢ છે ત્યાં સુધી એની ખુબ સુરક્ષા કરવી પડતી હોય છે. તેથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જ્યાં સુધી બીજભાવ દઢ ન થાય ત્યાં સુધી ભક્તિમાર્ગીએ ગૃહત્યાગ કરવાની ઉતાવળ ન કરવી. કેમકે એવી સ્થિતિમાં જો ત્યાગ કરવામાં આવે, વૈરાગ્ય કરવામાં આવે તો ત્યાગ-વૈરાગ્યમાં બધું ખલાસ થઈ જશે. પ્રભુની ભક્તિ કરવાની વૃત્તિ પણ ખતમ થઈ જશે.

શ્રીગુસાંઈજી પાસે બે ભાઈઓ શિષ્ય થવા ગયા. એકે કહ્યું કે હું પૂર્ણ વિરક્ત છું, મને કોઈની મોહ-મમતા નથી. શ્રીગુસાંઈજીએ તેને બેસવાનું કહ્યું. શ્રીગુસાંઈજીએ બીજાને પૂછ્યું તો તેણે કહ્યું કે એટલો બધો વૈરાગ્યતો મને નથી થયો. હજી ખાવા-પીવા અને પહેરવા-ઓઢવાનો શોખ તો છે. શ્રીગુસાંઈજીએ તેને કહ્યું કે કાલે જ તને દીક્ષા આપીશ, વિરકતને શ્રીગુસાંઈજીએ દીક્ષા આપવાનું ટાળ્યું. આ જોઈને બિચારો વિરકત વિચારમાં પડી ગયો. તેણે હિંમત કરીને શ્રીગુસાંઈજીને  આમ કરવાનું કારણ પૂછ્યું તો શ્રીગુસાંઈજીએ કહ્યું કે આને ખાવા-પીવામાં અનુરાગ છે એટલે એ કમસેકમ અનુરાગ કોને કહેવાય એ તો જાણે છે. તેથી હું એને એ સમજાવી શકીશ કે જેવો અનુરાગ તને ખાવા-પીવામાં છે તેવો તું પ્રભુમાં પણ રાખ.  અને તુ તો બધાથી વિરકત છે, તો હું તને સમજાવું કેમ કે પ્રભુમાં પ્રેમ કેમ કરવો!  તેથી તારો ઉપાય શું કરવો એ શાન્તિથી વિચારવું પડશે.

પ્રહ્લાદજી કહે છે કે અવિવેકી લોકોની લૌકિક વિષયોમાં જેવી અનપાયિની



આસક્તિ હોય છે તેવી આસક્તિ મને હે પ્રભુ! તમારામાં થાય. સાચું કહું તો આપણે ઠાકુરજીનું કીર્તન ગાઈએ, સેવા કરીએ, જપ-પાઠ કરીએ પણ તે બધામાં આપણી આસક્તિ અનપાયિની નથી થતી. એક-બે વખત સાંભળેલી કથા-કીર્તન કે કરેલા જપ-પાઠ આપણને જુના લાગવા લાગે છે. કંઈક નવું સાંભળવાની, ગાવાની ઈચ્છા થતી હોય છે. મતલબ કે નવું-નવું સાંભળવામાં રુચિ છે, મુખ્ય વિષયમાં રુચિ નથી. પણ રોજ આપણે જમીએ છીએ એમાં અરુચિ નતી થતી. રોજ કપડાં પહેરીએ છીએ એમાં વૈરાગ્ય નથી આવતો. રોજ પૈસા કમાવીએ છીએ એમાં વૈરાગ્ય આવતો નથી. શા માટે? કેમકે વિષયમાં આપણ રતિ અનપાયિની હોય છે. પરમાત્મામાં આપણી આવી અનપાયિની રતિ નથી હોતી. પણ વિષયમાં જેવી આપણી અનપાયિની રતિ હોય છે કે જેમાં ક્યારેય 'અલં' (હવે બસ) એવું થતું નથી, તેવી રતિ જો પરમાત્મામાં થાય તો તે સાચી રતિ કહેવાય. તો આપણે પ્રભુને વિષયથી અધિક સમજ્યા કહેવાય. આપણે કહેતા ભલે હોઈએ કે તુ પરબ્રહ્મ છે, પરમાત્મા છે, ભગવાન્ છે પણ જો પ્રભુના કીર્તન આપણને વાસી લાગી રહ્યા છે તો આપણા હૃદયમાં પ્રભુનો દરજ્જો હજી લૌકિક વિષયો કરતાં આછો છે. આ સ્થિતિમાં આપણે ભક્તિ નથી કરી રહ્યા, કંઈક નોખા-નોખા સ્વાદ ચાખી રહ્યા છીએ. પણ જે દિવસે પ્રભુમાં અનપાયિની રતિ પ્રકટ થઈ જશે તે દિવસે આપણે પ્રભુને પરમાનન્દરૂપ માન્યા કહેવાશે. તેથી પ્રહ્લાદજીએ કેટલી સૂક્ષ્મ વાત સમજાવી છે કે **''યા પ્રીતિરવિવેકાનાં વિષયેષ્વનપાયિની, ત્વામનુસરતઃ સા મે હૃદયાન્ માપસર્પતુ''**. હું જ્યારે તારું સ્મરણ કરું ત્યારે મને તારામાં આવી રતિ પ્રકટે કે જેનાથી હું ક્યારેય ધરાઉં નહીં. તેથી આવી અનપાયિની રતિ ભક્તિ છે. અપાયિની રતિ ભક્તિ નથી. એ રુચિ હોઈ શકે છે. એ પણ ખરાબ વાત નથી. પણ એ ભક્તિ નથી એટલું ધ્યાનમાં રાખવું જોઈએ.

તેથી, આપણે મૂળ વાત પર આવીએ, શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જ્યાં સુધી તમારો બીજભાવ દઢ ન થઈ જાય ત્યાં સુધી ત્યાગ ન કરતાં. અને જો તમે ઉતાવળ કરી દેશો તો *''શેખને મસ્જિદ બનાકર સાફ બુતખાના કિયા, પહલે તો કુછ થા ભી સહી અબ ઓર વીરાના કિયા''* જેવું થઈ જશે.

## આગમી દિવસીય પ્રવચન

આ પહેલા આપણે ભક્તિના વિભિન્ન શબ્દાર્થ, બીજભાવના વિવિધ પક્ષો, ભક્તિની પ્રવૃદ્ધિના ઉપાયોનું સ્વરૂપ વગેરે વિષયોની ચર્ચા કરી.

શ્રીમહાપ્રભુજીએ આ ગ્રન્થનું 'ભક્તિવર્ધિની' એ જે નામ રાખ્યું છે તદનુરૂપ બીજભાવનું અંકુરણ, પલ્લવન, પુષ્પિત અને ફલિત થવું અને આ બધી અવસ્થાઓમાં કઈ-કઈ સાવધાની રાખવાની જરૂરીઆત છે એ બધું સમજાવવું એ આ ગ્રન્થનું મુખ્ય પ્રયોજન છે.

શ્રીમહાપ્રભુજીની સામે બે જુદી-જુદી કક્ષાના ભક્તિમાર્ગી છે. એક તો દૃઢ બીજભાવવાળા અને બીજા અદૃઢ બીજભાવવાળા. કેમકે એવું જરૂરી નથી કે બધાનો બીજભાવ દૃઢ જ હોય કે અદૃઢ જ હોય. આપણે પહેલાં વિચારી ગયા છીએ કે ભક્તિ એ કર્મ નથી, સહજતા છે. દરેક વ્યક્તિની સહજતા અલગ-અલગ હોય છે. એનો નિર્ણય આપણે નથી લઈ શકતા કે આજે કોઈને ભક્તિ થઈ તો એનો બીજભાવ અદૃઢ જ હશે. કેમકે ભક્તિ એ તો ભક્ત અને ભગવાન્ વચ્ચેનું રહસ્ય છે. ભગવાન્ એ રહસ્યને જાણી શકે છે કે કોની ભક્તિ કેટલે પહોંચી છે. અથવા સચ્ચાઈથી હું મારા હૃદયની વાત જાણી શકું, પણ બીજો કોઈ તો આ વાતને ન જ જાણી શકે કે મારામાં ભક્તિ કેટલી છે. દા.ત. કોઈક સવારથી લઈને રાત સુધી સેવા કરી રહ્યો છે તો તો એના આધારે આપણે એમ ન કહી શકીએ કે આટલી બધી સેવા કરે છે તો એ બહુ મોટો ભક્ત હશે. કોઈ ખુબ સુંદર પદો ગાતો હોય તો આપણે એમ ન કહી શકીએ કે એ બહુ ભક્ત હશે. તે જ પ્રમાણે આપણે એમ પણ ન કહી શકીએ કે એ ભક્ત નહીં હોય. તેથી કોની ભક્તિ કેટલી છે એ યા તો ભગવાન્ જાણી શકે કે તો ભક્ત પોતે જાણે શકે. બીજા લોકો તો ભક્તના ચિહ્નો-લક્ષણોથી થોડું-ઘણું અનુમાન કરી શકે. આપણે ઝાડને જોઈ શકીએ છીએ પણ જમીનમાં તેનાં મૂળિયાં કેટલાં ઉંડાં છે તે જોઈ નથી શકતા. અને ખરું કહું તો આપણને એટલી બધી પારકી ચિન્તા કરવી પણ ન જોઈએ કે કોના અંદર કેટલી ભક્તિ છે. આપણે તો એટલું ચિન્તન કરવું જોઈએ કે આપણા હૃદયમાં ભક્તિનું બીજ જો છે તો તે કેટલું દૃઢ છે. કેમકે બહુ આશ્વસ્ત બનીને જો એનું ચિન્તન



આપણે ન કરીએ તો ક્યારેક વિષયવાસનાની આંધી આવે તો આપણી અસાવધાનીને કારણે ભક્તિનું આપણું વૃક્ષ ઉખડી પણ જઈ શકે છે. તેથી આપણે આપણી ભક્તિના બીજભાવની ચિન્તા તો કરવી જોઈએ. અને પ્રભુને પણ આપણે કહીએ કે પ્રભુ આપણા પ્રત્યે એમના કૃપાભાવનું ચિન્તન કરતા રહે. તેથી ભક્ત અને ભગવાન્ વચ્ચેની વાત એ બેની વચ્ચે જ રહેવી જોઈએ. ''પિયા તોહે નયનનમેં હી રાખોં, ''રસિકપ્રીતમ હિત-ચિતકી બાતેં કાહૂસોં નહીં ભાખોં''. તેથી આથી વધું જો ખટ-પટ કરીશું તો રસાભાસ થઈ જશે. તેથી શ્રીમહાપ્રભુજીએ ભક્તિવર્ધિનીમાં જે નિરૂપણ કર્યું છે એ આત્માલોચનમાટે છે, પરાલોચનમાટે નથી. જો પરાલોચનમાટે આનો ઉપયોગ કરશો તો યા તો ખોટો અહંકાર પનપી જશે યા કોઈ પ્રત્યે ખોટી શ્રદ્ધા પૈદા થઈ જશે. તેથી આ ગ્રન્થ આપણા માટે આરસી જેવો છે. આમાં તમે તમારું મોઢું જોઈને તમારી ભક્તિની અવસ્થા ઓળખી લો. અને ઓળખ્યા બાદ તમારી ભક્તિનું વૃક્ષ જે અવસ્થા પર પહોંચ્યું હોય તના અનુરૂપ તેની કાળજી લો કે એ સુકાઈ ન જાય, પડી ન જાય, એને કોઈ ખાઈ ન જાય. આ પહેલી વાત સમજવાની છે.

શ્રીમહાપ્રભુજી બે પ્રકારના બીજભાવની વાત આપણને સમજાવી રહ્યા છે. એક તો દૃઢબીજભાવ અને બીજો અદૃઢબીજભાવ. તેમાં જેનો બીજભાવ અદૃઢ છે તેને ઘણી સાવધાની રાખવી પડશે. કેમકે જે બીજ હજી વાવ્યું છે, માંડ-માંડ અંકુરિત થયું છે તેના ઊપર કોઈનો પગ પડી જાય તો પણ તે ખતમ થઈ શકે છે. તેને વધુ પડતું પાણી અપાઈ જાય તો પણ એ સડી શકે છે. ઘરમાં તુલસીજીનો છોડ લાવે એટલે શરુઆતમાં બધાને ખુબ ભક્તિભાવ આવી જાય. ઘરના બધા લોકો લોટા ભરી ભરીને પાણી આપવા લાગે. સરવાળે થોડા દિવસમાં છોડ સડી જાય છે. તેથી ભક્તિભાવ સારી વસ્તુ છે પણ વધુપડતું કંઈ પણ નુકશાનકારક સાબિત થઈ શકે છે. તેથી એ સાવધાની રાખવી આવશ્યક છે કે કઈ અવસ્થામાં કેટલું સિંચન કરવું જોઈએ, કેટલો તાપ આપવો જોઈએ. છોડને પાણી-તાપ બન્ને જરૂરી હોય છે. બન્નેની મદદતી છોડ પોતાની હરિયાલી મેળવે છે. પણ હૃદયને કેટલું તપાવું અને કેટલું શાન્ત કરવું એનો વિવેક હોવો જોઈએ.

કેટલાક લોકો એમ માનતા હોય છે કે ભગવાનમાટે જેટલા રડીશું એટલી

ભક્તિ વધુ થશે. પણ સમજો કે વધુપડતું હૃદયને તપાવશો તો ભક્તિ સુકાઈ જશે. છોડને સતત તાપમાં રાખીને જુઓ, એ સુકાઈ જશે, પાંદડાં બળી જશે. તેથી બહુ રડવાથી ભક્તિ થઈ જશે એવી ભ્રાન્તિમાં નહીં રહેતાં. તે જ પ્રમાણે એમ પણ નહીં સમજતા કે સતત સિંચન આપવાથી જ ભક્તિ થાય છે. આ તો જીવનનું એક સન્તુલન છે. જેને એ જાળવતા આવડે છે એનીજ તુલસી હરિયાળી બની શકે છે. તેથી બીજભાવ જ્યારે અદઢ છે ત્યારે કેટલો પ્રેમરસ રેડવો, કેટલો કીર્તન-શ્રવણ રસ રેડવો અને વિરહભાવનાથી એને કેટલું તપાવવું એ બધી સાવધાની રાખવી આવશ્યક છે.

ગુજરાતના એક કથાકારને કથામાં રડવાની ટેવ છે. એક વખત મેં એમને પૂછી લીધું કે શાસ્ત્રીજી આટલું બધું તમે રડો કેમ છો. તો એમણે કહ્યું કે શું કરું, મને મારા ઠાકોરજીની યાદ આવે છે. તો મેં કહ્યું કે આટલી બધી યાદ આવે છે તો પછી કથા છોડીને ઠાકોરજીની સેવા જ કેમ નથી કરતાં? તો કહેવા લાગ્યા કે કથાદ્વારા હું ભાગવતનો પ્રચાર કરું છું. આનો મતલબ તો એ થયો કે ભગવત્સેવા કરતાં ભગાવતનો પ્રચાર વધુ મહત્વની વાત છે. તો પછી રડવાની શી જરૂર રહી! હંસતા-હંસતા પ્રચાર કરોને! આ તો એવી વાત થઈ કે જોણી જોઈને હું મારા ઠાકોરજીને મૂકીને કથા કરું અને પછી ઠાકોરજીને યાદ કરી-કરીને રડું! આનો શો અર્થ! આ કેવી ભક્તિ! આમાં કદાચ પરવંચનો ભાવ ન પણ હોય. કેમકે ઘણા લોકો સરળ સ્વભાવના પણ હોય છે. પણ આ આત્મવંચના છે. વિરહનો અનુભવ કરવાથી ભક્તિ સુદઢ નથી થતી પણ જો વિરહનો અનુભવ સહજતાથી થઈ રહ્યો છે તો એ સુદઢ ભક્તિને જણાવનારું છે. કોઈ પત્ની પોતાના પતીને કહે કે મને તમારા વિરહનો અનુભવ કરવો છે એટલે તમે બે-ચાર વર્ષમાટે પરદેશ ચાલ્યા જાઓ! કોઈ માં પોતાના બાળકને કહે કે મને તારા ઊપર બહુ વહાલ છે, મને એ વહાલનો અનુભવ કરવો છે તેથી તું ઘર છોડીને ચાલ્યો જા! આ પતિપ્રેમ નતી, આ વાત્સલ્ય નથી, આ તો કોઈક જાતની મનોવિકૃતિ છે. તમને પ્રેમનો આનન્દ લેવો છે એટલે તમે બિચારા કોઈકને પરદેશ મોકલી રહ્યા છો! આ તો તમે બાંધેલી ધારણા છે કે આંસુ સારવા એ પ્રેમની ઉત્તમોત્તમ અવસ્થા છે તેથી પતિને કહી રહ્યા છો કે પરદેશ જાઓ. આ વિકૃત ભાવ છે. આ સાચો ભાવ નથી. સાચો ભાવ એ છે કે પતિ ક્યારેક પરદેશ ગયો હોય અને એની યાદમાં આંસુ વહેવા લાગે. તેથી જ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે **''ગુપ્તો હિ રસઃ રસત્વમ્ આપદ્યતે અગુપ્તસ્તુ**



**રસાભાસઃ સ્યાત્''.** જેવો તમે તમારા અંદરના ભાવને છલકાવી દીધો તેવો જ હૃદય ખાલી થઈ ગયો. હવે તે ભાવ ન રહીને ભવાડો બની જાય છે. હવે તમે સેવાના ભાવને દર્શન-પ્રદર્શનના માધ્યમથી છલકાવો કે કથાદ્વારા શ્રવણ-કીર્તન-સ્મરણના ભાવને છલકાવો. છલકાવશો તો હૃદય ખાલી જ થવાનું છે એ વાત નક્કી છે. પણ લહેરાતો રહેશે તો ભરેલો રહેશે. *''હમ તો યહ સમઝે હૈં, દામન જો ભિગોદે વહ તો પાની હૈ, આંસુ તો વહી હૈ એક કતરા પલકોંમેં તડપે જો બહ ન સકે''.* હૃદયના પ્યાલાની ધાર તમારી પલક છે. આંખોં જો સજલ રહે તો બસ છે. જો વહેવા લાગશે તો પાણી બની જશે. તેથી જો આપણે વ્યક્ત કરી દીધો ચાહે તો સંયોગરસને ચાહે તો વિયોગ રસને તેવો જ હૃદયનો પ્યાલો ખાલી થઈ ગયો, હવે અંદર કંઈ રહી નથી ગયું. તેથી સૂફી લોકો કહે છે કે પરમાત્માના કેવલ સંયોગ-વિયોગને અનુભવવો જ પર્યાપ્ત નથી, જપ્ત થવું જરૂરી છે. જપ્ત થવું એટલે આપણા ભાવને આપણા સુધી સીમિત રાખવું, એમાં જ મસ્ત રહેવું. ગામની સામે પોતાના ઠાકોરજીનું પ્રદર્શન કરવું, કથામાં હુ-હુ કરીને રડવું આ જપ્ત થવું નથી. ભાવ છલકાઈ ગયો, હૃદય ખાલી થઈ ગયું. કર્યું-ધર્યું બધું વેડફાઈ ગયું. બધું નકામું ગયું. તેથી આપણે ત્યાં કહેવાયું છે ''પ્રીત હિયેમેં રાખીયે પ્રકટ કિયે રસ જાય''.

તેથી બરોબર સમજો કે પુષ્ટિભક્તિના મુખ્ય બે પક્ષો છે : ૧.સેવા અને ૨.કથા. આનું નિરૂપણ ગ્રન્થમાં આગળ પણ કરવામાં આવશે. સેવા એ પ્રભુની સંયોગાનુભૂતિ છે અને કથા એ પ્રભુની વિયોગાનુભૂતિ છે. આ બન્ને અનુભૂતિઓ ફક્ત આપણા સુધી સીમિત રહેવી જોઈએ. એમાં ત્રીજા કોઈએ માથું મારવું પણ ન જોઈએ અને કોઈ ત્રીજો માથું મારવા ચાહે તો તેને મારવા દેવું પણ ન જોઈએ.

ઈંગ્લેંડ્ની રાણી એલીજાબેથની એક ઘટના છે. એક વખત રાણી કોઈ કારણે એક ગામડાંમાં ગઈ. ત્યાં તેણે જોયું કે એક માણસ દારુના નશામાં પોતાની પત્નીને મારી રહ્યો હતો. આ જોઈને એલીજાબેથને ખુબ ગુસ્સો આવ્યો. મારા રાજ્યમાં સ્ત્રીને કોઈ મારે તે કેમ ચલાવી લેવાય! એ તો રાણી હતી. એ તો હંટર લઈને પેલા દારુડીયા પતીને મારવા લાગી. પોતાના પતીને કોઈ સ્ત્રી મારે એ પેલી દારુડીયાની પત્નીને સહન ન થયું. એણે એકદમથી હંટર એલીજાબેથના હાથમાંથી લઈને એક હંટર રાણીને જ ફટકારી દીધું. અમારા બે વચ્ચેની વાતમાં તુ કેમ વચ્ચે

આવી! તો સમ્બન્ધની દઢતા આવી હોવી જોઈએ કે માર ખાઈને પણ હું મારા પતીને સંભાળી લઈશ અને જો જરૂર પડી તો અમારા બે વચ્ચે આવનારને મારીને પણ હું મારા પતીને સંભાળી લઈશ. તેથી આપસી સમ્બન્ધમાં બીજાની દખલ સ્વીકારવી કે બીજાએ દખલ દેવી એ બન્ને ખરાબ વસ્તુ છે. તેથી પોતાના ભક્તિના ભાવને જાહેર કરવો તેનાથી વધુ હલકી વાત બીજી કોઈ હોઈ શકતી નથી. ભક્તિનો પહેલો સિદ્ધાન્ત ભાવનું સંગોપન કરવું છે. ભાવને જેટલો છુપાવીને રાખશો તેટલો તે પુષ્ટ થતો જશે. ભાવને જેટલો જાહેર કરતા જશો તેટલો તે હૃદયમાંથી નીકળીને વહેવા લાગશે. આખરે બધું ધૂળ-ધાણી થઈ જશે. ભક્તિ કર્મ બનીને રહી જશે. કેટલાક લોકો ભક્તિની સંયોગાનુભૂતિ (સેવા)નું કર્મકાંડ કરતા હોય છે તો કેટલાક વિયોગાનુભૂતિ (ગુણગાન)નું કર્મકાંડ કરતા હોય છે. પણ આવા કર્મકાંડમાં ભક્તિનું ઉંડાણ હોતું નથી. ભક્તિ છીછરી બની જાય છે. ભક્તિનું ઉંડાણ તો ''ગુપ્તો હિ રસઃ રસત્વમ્ આપદ્યતે, અગુપ્તસ્તુ રસાભાસએવ'' છે.

તેથી અદઢબીજભાવ વાળા ભક્તિમાર્ગીને શ્રીમહાપ્રભુજી પોતાના ભાવની રક્ષા કરવાનો અને તેને વધારવાનો ઉપાય બતાવી રહ્યા છે :

**બીજભાવે દઢે તુ સ્યાત્ ત્યાગાત્ શ્રવણ-કીર્તનાત્ ।।૧।।**

તમે તમારા હૃદય ઊપર હાથ રાખીને નિર્ણય કરો. જો તમારો ભક્તિનો બીજભાવ દઢ થઈ ગયો છે તો તમે ઘરનો ત્યાગ કરી શકો છો. શ્રીમહાપ્રભુજી દઢ બીજભાવ વાળાને ત્યાગની છૂટ આપી રહ્યા છે.

છૂટ અને આજ્ઞા માં તફાવત હોય છે. છૂટ આપવી એટલે ''તમે કરી શકો છો'' એમ કહેવું. છૂટ પરમિસિબલ્ હોય છે. સંસ્કૃતમાં આને અનુજ્ઞા કહે છે. અને આજ્ઞા એટલે ''તમે આમ કરો''. આજ્ઞા ઑબ્લિગેટરી હોય છે. શ્રીમહાપ્રભુજી અહીં ત્યાગની આજ્ઞા નથી આપી રહ્યા પણ અનુજ્ઞા આપી રહ્યા છે. શા માટે? કેમકે તારો બીજભાવ દઢ થઈ ગયો છે. શ્રીકૃષ્ણના શ્રવણ-કીર્તન-સ્મરણ કરતાં-કરતાં તને શ્રીકૃષ્ણનું વ્યસન થઈ ગયું છે. તેના વગર તારાથી રહેવાતું નથી. ઘરમાં તને એવી અનુકુળતા નથી કે તુ શ્રીકૃષ્ણને તારા ઘરમાં પધરાવીને તેની સેવા કરી શકે. આવી



સ્થિતિ છે તો તુ ઘરનો ત્યાગ કરી શકે છે. પણ જો તારો ભક્તિનો ભાવ વ્યસન સુધી પહોંચ્યો નથી અને તેમ છતાં જો તુ ઘરનો ત્યાગ કરીશ તો એ ત્યાગ અસહજ ગણાશે. એવો અસહજ ત્યાગ તારા અધઃપતનનું કારણ બની શકે છે.

શ્રીમહાપ્રભુજીના ભક્તિમાર્ગમાં સહજતાનું અનેરું મહત્વ છે. સહજતાથી થાય એ જ ભક્તિ છે, એજ સેવા છે. નહિતો તો કર્મકાંડ છે. આને તમે એ વાતથી સમજી શકો છો કે જે શ્રીમહાપ્રભુજી ચતુઃશ્લોકી માં એમ આજ્ઞા કરે છે કે ''કૃષ્ણની સેવા એ જ ધર્મ છે, તે સિવાય બીજો કોઈ પણ ધર્મ ક્યાં પણ અને ક્યારે પણ નથી'' તે જ શ્રીમહાપ્રભુજી સેવાનો ત્યાગ કરવાની આજ્ઞા પણ આપે છે જો સેવા અસહજ થઈ રહી હોય. આપ પાંચ કારણો સેવાત્યાગના આપી રહ્યા છે :

**''વિક્ષેપાદ્ અથવાઽશક્ત્યા પ્રતિબન્ધાદપિ ક્વચિત્**
**અત્યાગ્રહપ્રવેશે વા પરપીડાદિસમ્ભવે''**

વિક્ષેપ : સેવામાં વિક્ષેપ થઈ રહ્યો છે તો સેવા સહજ નહીં રહી જાય. 'વિક્ષેપ' એટલે તમે તમારા ઠાકોરજીના દર્શન કરી રહ્યા છો પણ મજા નથી આવી રહી, કીર્તન કરી રહ્યા છો પણ ઉદાસીનતા છવાયેલી છે. કેમ? ઇન્દ્રિયો જ્યારે સેવા-સ્મરણાદિમાં પોતાની મેળે પ્રવૃત્ત ન થતી હોય અને તેને બળપૂર્વક તેમાં લગાવવામાં આવે તો આવું થવાનું જ છે. એક ડોસી મૃત્યુ પામી રહી હતી ત્યારે પરિવારજનો તેને કહેવા લાગ્યા કે રામનામ બોલ. ડોસી મરતાં-મરતાં બોલી કે ''તમે જે કહી રહ્યા છો એ મોઢામાંથી નીકળતું નથી''. આટલું બધું એ બોલી પણ બે અક્ષરનું 'રામ' નામ એના મોઢામાંથી ન નીકળ્યું. ઇન્દ્રિયોની સ્વતઃપ્રવૃત્તિ નથી. આ પણ ભગવાનની એક લીલા છે. કોઈકની ઇન્દ્રિયો આપમેળે સેવા-સ્મરણમાં પ્રવૃત્ત થઈ જતી હોય છે, કોઈકની નથી પણ થતી. આ તો ભક્તિમાર્ગ છે કોઈ યોગમાર્ગ નથી કે જેમાં બળપૂર્વક ઇન્દ્રિયોનો નિગ્રહ કરવાનો હોય. સહજતાથી પ્રભુનાં દર્શન, સ્મરણ, કીર્તન, સેવા થતાં હોય તો કરો. પણ આનન્દ ન આવતો હોય છતાં જબદસ્તી પ્રભુની સામે ઘૂવડની જેમ ડોળા ફાળીને જોયા કરશો તો બાલભાવમાં પ્રભુ પણ તમારાથી બી જશે. આપણી ઇન્દ્રિયો ઘોડા જેવી છે. એની લગામ જો જોરથી ખેંચશો તો તમને પટકી દેશે. યોગમાર્ગમાં એ સારું ગણાય પણ ભક્તિમાર્ગમાં તો સહજતા જોઈએ. યોગમાં તમને તમારી સાથે લડવાનું છે. ભક્તિમાર્ગમાં ભગવાન્ સમારી સાથે સામેલ છે. તેથી પ્રભુના શ્રવણ-સ્મરણ-સેવામાં જો તમે જરા પણ અસહજતા લાવશો તો પ્રભુનું મન તમારા ઊપરથી ઊઠી જશે. જો આવું થશે

તો તમે ન ઘરના રહેશો ન ઘાટના. તેથી ઈન્દ્રિયો વિક્ષેપ કરે એવી સેવા ન કરવી જોઈએ.

**અશક્તિ :** સેવાત્યાગનું બીજું કારણ શ્રીમહાપ્રભુજી અશક્તિ બતાવી રહ્યા છે. સેવાકર્તા જ્યારે શરીરિક કે માનસિક કોઈ પણ પ્રકારે અશક્ત બને તો એણે સાવધાન થઈ જવું જોઈએ. કેમકે અશક્ત અવસ્થામાં સેવા કરતા રહેવાથી પ્રભુને દુઃખ પહોંચી શકે છે. જેમ એક માં પોતાના દીકરાને ખવડાવે, નવડાવે બધું કરે છે. એ માં ક્યારેક બીમાર પડે કે વૃદ્ધ થઈ જાય તેમ છતાં એ વાત્સલ્યવશ પોતાના સન્તાનોના કાર્યો કરી રહી છે. માંના તરફે તો એમાં કંઈ અજુગતી વાત નથી. પરન્તુ દીકરો પણ આંધડો તો નથીને. એ જુએ છે કે એની માં અશક્ત હોવા છતાં આટલો બધો ઢસરડો કરી રહી છે તો દીકરાનું મન શું દુભાશે નહીં. ચોકકસ દુભાશે જો એને પોતાની માં પ્રત્યે લાગણી હશે. દીકરો માંને કહેશે કે તું હવે બસ કર. પણ આમ છતાં જો માં પોતાના વ્યવહારમાં પરિવર્તન ન કરે તો દીકરાને મનમાં એમ નહીં થાય કે માં મને કેટલો ક્રૂર માની રહી છે. એમ અશક્ત થવાને કારણે આપણું શરીર જ્યારે પ્રભુસેવા કરવાની સ્થિતિમાં ન રહે તેમ છતાં જો આપણે સેવા કરવાની હઠ પકડી રાખીએ તો પ્રભુને પણ એમ વિચાર આવે છે કે આણે મને કેટલો ક્રૂર સમજ્યો છે. તો આવી સેવાથી પ્રભુ ક્યારેય પ્રસન્ન થઈ શકે? ભક્તિમાર્ગમાં તો પ્રભુ પ્રસન્ન ન થઈ શકે. તપસ્વીનો પ્રભુ પ્રસન્ન થતો હોય તો એ જાણે.

ગોવિન્દદાસ ભલ્લાના ચરિત્રમાં આ વાત સમજાવવામાં આવી છે. ઠાકોરજીએ શ્રીમહાપ્રભુજીને ફરીયાદ કરી કે તમારો એક સેવક મને તકલીફ આપી રહ્યો છે. શ્રીમહાપ્રભુજી અડેલથી વ્રજ તરફ પાછા ફર્યા. પોતાના જેટલા શિષ્યો હતા તે બધાની તપાસ આપ કરતા ગયા. આખરે જતિપુરા આપ પહોંચ્યા. ત્યાં પણ બધા સેવકોની આપે પૃચ્છા કરી. આખરે ગોવિન્દદાસ ભલ્લાની વારી આવી. ભલ્લાને આપે જ્યારે પુછ્યું તો એમણે પોતાની દિનચર્યા કહી સંભળાવી કે સવારે વહેલો ઊઠીને હું ૧૬ માઈલ છેટે મથુરા ચાલીને ઝારીમાટે યમુનાજલ ભરવા જાઉં છું. ત્યાંથી આવીને શ્રીનાથજીની બધી રસોઈના વાસણો માંજું છું. પછી ગામમાં ભિક્ષા માંગવા જાઉં છું. પછી જે મળે તેની રસોઈ કરીને શ્રીનાથજીની ધજાને ભોગ ધરીને પ્રસાદ લઉં છું. આ સાંભળીને શ્રીમહાપ્રભુજીને બહુ આશ્ચર્ય થયું કે આ તો



બહુ અસહજ ભક્તિ છે. મજૂરની માફક સતત લગ્યા રહેવું, શરીરને પારાવાર કષ્ટ આપવું આ તો કંઈ ભક્તિ નથી. ઠાકોરજી પોતે આવી તપશ્ચર્યા જેવી સેવાથી વ્યથિત છે. આવી સેવા શું કામની! તેથી શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા આપી કે સેવા છોડી દો. એમણે સેવા છોડી પણ દીધી. કેમ? વાત સ્પષ્ટ હતી કે એમને પ્રભુના સુખ કરતાં પોતાનો હઠાગ્રહ વધુ પસંદ હતો. આવી સેવા પુષ્ટિપ્રભુ સ્વીકારતા નથી.

એક ભક્તને પ્રભુએ સ્વપ્નમાં આજ્ઞા કરીકે હું અમુક વૃક્ષની નીચે બિરાજી રહ્યો છું. તુ મને ત્યાંથી પધરાવ અને મારી સેવા કર. પેલો ત્યાં ગયો અને જોયું તો મદનમોહનજીનું એક સુંદર સ્વરૂપ ત્યાં હતું. એ તો ઠાકોરજીને પધરાવીને પોતાના ઘરે લાવ્યો અને એમની સેવા કરવા લાગ્યો. એ ભક્ત વિરક્ત હતો. ભિક્ષા માંગીને પોતાનું નિર્વાહ કરતો. હવે એ ભિક્ષામાં જે મળતું તે ઠાકોરજીને ભોગ ધરીને લેવા લાગ્યો. એક દિવસ એના ઠાકોરજીએ એને ફરીયાદ કરી કે હું આવું રુખું-સુખું ખાઈને કંટાળી ગયો છું. તો પેલા ભક્તે કહ્યું કે મારી પાસે તો જે છે એ આપને ભોગ ધરું છું. જો આપને આ ન ગમતું હોય તો જે આપને મનગમતું આરોગાવે એને ત્યાં પધારો. આ સંભળીને ઠાકોરજી બોલ્યા કે બીજે જવાની વાત ન કર, હવે હું કોઈ દિવસ તને ફરીયાદ નહીં કરું. કેમ? કેમકે વિરક્ત ભક્ત રુખું-સુખું ભોગ ધરતો હતો એમાં સહજતા હતી. પ્રભુને એ સ્વીકાર્ય હતું. હું મંદિરના અનેક ભીતરીયાઓના હાલ જાણું છું. તેઓ મોહનથાળનો ઢારો હલાવતા જાય અને ગોસ્વામીઓને, મનોરથીઓને, ટ્રસ્ટીઓને ગાળો આપતા જાય કે ગધેડાની માફક કામ કરાવે છે અને કંઈ આપતા તો છે નહીં. સેવાનો આ કેવો પ્રકાર છે! આવી સેવા કરવાનું કયા શાસ્ત્રમાં લખ્યું છે? આમાં પ્રભુનું શું સુખ છે? ક્યારે તમે વિચાર્યું છે આ બાબતમાં? સામગ્રી સિદ્ધ કરનારો કષ્ટનો માર્યો ગાળો આપી રહ્યો છે એના દ્વારા સિદ્ધ થયેલી સામગ્રી જો આપણે ઠાકોરજીને ભોગ ધરીએ તો ઠાકોરજી કદિ એવી સામગ્રી આરોગે? તમે ઠાકોરજીને એવા ભુખ્ખડ કેમ માની લીધા કે જે ગાળો આપી-આપીને સિદ્ધ કરેલી સામગ્રી આરોગે. ભીતરીયા ઠાકોરજીને ગોળો નથી આપતા અને વૈષ્ણવોને, ટ્રસ્ટીઓને અને ગોસ્વામીઓને ગાળો આપે છે એનું કારણ જ એ છે કે એમનો વિશ્વસ ઠાકોરજીમાંથી ખંડિત થઈ ગયો હોય છે આવી ગધામજૂરી કરી-કરીને. આ પુષ્ટિમાર્ગ નથી આ તો દગાબાજી છે. પુષ્ટિમાર્ગના નામે કંઈક બીજું જ રંધાઈ રહ્યું છે. તેથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે સેવા કરવાનું

સામર્થ્ય ન હોય છતાં સેવા કરવી કે લોહી પી-પીને કોઈ પાસે સેવા કરાવવી એ સેવા નથી. એવી સેવા છોડી દેવી જોઈએ. કેમકે ''સહજ પ્રીત ગોપાલે ભાવે''.

**પ્રતિબન્ધ :** સેવાત્યાગમાં ત્રીજું કારણ છે પ્રતિબન્ધ. પ્રતિબન્ધ સાપેક્ષ હોય છે. એકને જે પરિસ્થિતિ પ્રતિબન્ધક લાગે તે બીજાને પણ લાગે જ એ જરૂરી નથી હોતું. કેટલાક પિતાને પુત્ર ઠાકોરજીની સેવા કરે એ પસન્દ નથી આવતું હોતું. કેટલાક પતિ તેની પત્ની સેવા કરે એ પસન્દ નથી કરતા હોતા. કેટલીક પત્નીઓ પતિ સેવા કરે એ પસંદ કરતી નથી હોતી. આ બધા સામાજિક પ્રતિબન્ધો છે. કોઈ એમ કહે કે પ્રતિબન્ધ હોય તો ભલે રહ્યા પણ હું તો સેવા કરીશ જ. આગ્રહ સારો છે પણ પ્રતિબન્ધ અનુભવાતો હોય તે વખતે પ્રભુની સેવા ક્લેશપૂર્ણ બનશે, સહજ નહીં રહી જાય. સહજતા એમાં છે કે જો એવો જબરદસ્ત પ્રતિબન્ધ છે તો સેવા ન કરો. સેવા ન કરવાનો અર્થ એવો નથી કે ભક્તિ પણ ન કરો. ભક્તિ તો સેવા વિના પણ થઈ શકે છે. સેવા કરવા પર જો પ્રતિબન્ધ આવતા હોય તો શ્રવણ-કીર્તન-સ્મરણ તો થઈ જ શકે છે. દાસ્ય-આત્મનિવેદનની ભાવના તો થઈ જ શકે છે. તો આવી સ્થિતિમાં આ બધું કરો. તેથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે પ્રતિબન્ધ હોય તો સેવા ન કરો.

**અત્યાગ્રહ :** સેવાત્યાગમાં ચોથું કારણ અત્યાગ્રહ છે. ઇન્દ્રિયો તો પ્રભુસેવામાં તત્પર બનતી હોય પરન્તુ કોઈક પ્રકારના અત્યાગ્રહને કારણે મન સાથ ન આપતું હોય તો તેવી સેવા છોડવી જોઈએ. અર્થાત્ સેવા અષ્ટપ્રહર કરતા હોઈએ પણ લૌકિક આવેશ કે ગમે તે કારણે મન નિરન્તર પ્રભુથી વિમુખ જ રહેતું હોય તો શ્રીમહાપ્રભુજી કહે છે કે તો પછી સેવા છોડવી જોઈએ.

**પરપીડા :** એક સ્થિતિ તો પ્રતિબન્ધની હતી. પણ ધારો કે પરિવારમાં સેવાકર્તા જ મુખ્ય હોય, તેને રોક-ટોક કરનારું બીજું કોઈ ન હોય. એ સેવા કરનાર પોતાના સેવાના આગ્રહને કારણે પરિવારના બીજા સદસ્યોની પાછળ ડંડો લઈને સવારથી પડી જાય કે ચલો ઉઠો સેવા કરો, ચલો તમે સામગ્રી સિદ્ધ કરો, ચલો તમે બુહારી કરો, તમે કીર્તન કરો, તમે સાજ ચઢાવો... પણ જો પરિવારના બીજા સદસ્યોને ભગવત્સેવા ત્રાસજનક લાગતી હોય તો આવી સેવા કરાવવાનો અધિકાર



શ્રીમહાપ્રભુજી કોઈને પણ આપતા નથી. કારણ કે આવી સેવા તો પરપીડાનું કારણ બની ગઈ. શ્રીમહાપ્રભુજી પરિવારના એ સદસ્યોને સેવામાં સમ્મિલિત કરવાની છૂટ આપે છે કે જેઓ પ્રભુસેવામાં ઉદાસીન નથી. પણ જો તમારી સેવાના આગ્રહને કારણે પરિવારજનો કે અન્ય કોઈને પણ પીડા થતી હોય તો શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે અવી સેવા ન કરો એ બહેતર છે. સેવાનો ક્રમ એટલો જ રાખો કે જેને તમે સહજતાથી પહોંચી શકો.

આથી ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે શ્રીમહાપ્રભુજીના માર્ગમાં સહજતાનું મહત્વ અસાધારણ છે. તેથી ગૃહત્યાગ પણ સહજ ત્યારે બનશે કે જ્યારે ગૃહત્યાગ કૃષ્ણવ્યસનને કારણે કરવામાં આવતો હોય. જો પરિવારજનો પ્રત્યે દ્વેશબુદ્ધિથી ગૃહત્યાગ કરવામાં આવશે તો તે ત્યાગ પણ પાછો સહજ નહીં રહી જાય. તો તમે ભક્તિમાર્ગથી ભટકી જશો. તેથી જેનો બીજભાવ દૃઢ થઈ ગયો છે તેને ગૃહત્યાગ કરવાની અનુજ્ઞા શ્રીમહાપ્રભુજી આપી રહ્યા છે. આ અનુજ્ઞા સર્શત છે.

ગૃહત્યાગ જેણે કર્યો છે તેણે શું કરવું? ગૃહત્યાગ પછી સેવા સમ્ભવ નથી. શ્રીમહાપ્રભુજી તેને પ્રભુનું શ્રવણ-કીર્તન કરવાનું કહે છે. પ્રભુની લીલા ગાતા રહો, પ્રભુની લીલા સાંભળતા રહો. એ મસ્તિમાં મસ્ત રહો. કૃષ્ણવ્યસનને કારણે ત્યાગ થયો હોવાથી તમે તમારી કૃષ્ણભક્તિમાં આવી રહેલા પ્રતિબન્ધોથી બચી ગયા. મીરાએ જેમ પોતાના ગિરિધરનાગરને શોધવામાટે ઘર છોડ્યું. જ્યાં સુધી અને ગિરિધરનાગર ન મળ્યા ત્યાં સુધી મીરા ભટકતી રહી. મીરા કહે છે *''ના તો મીરા ચેલા મૂંડ્યા ન મેં જાયા પૂત''*. મીરાનો ત્યાગ શુદ્ધ હતો. કૃષ્ણમાટે હતો. તેને ન તો ત્યાગ કરીને ચેલાઓ બનાવવા હતા કે ન તેને સંસાર માંડવો હતો. તેથી શ્રીમહાપ્રભુજી ત્યાગની છૂટ વિરાગ હોય તો આપે છે.

ત્યાગ અને વૈરાગ્યનો ભેદ સરખી રીતે સમજવો જોઈએ. વિરક્ત જો ત્યાગની સાધના કરે તો સોનામાં સુગન્ધ છે. પણ ત્યાગી જો વૈરાગ્યની સાધના કરવા જાયે તો ભગવાન્ ગીતામાં કહે છે કે ''કર્મેન્દ્રિયો ઊપર અંકુશ રાખીને જે મનથી વિષયોનું ચિન્તન કરતો રહે છે એ મિથ્યાચારી છે.'' કેમકે ત્યાગ કરી રહ્યો છે તો વૈરાગ્ય પહેલે હોવો જોઈએ. બળદગાડાંના આગળ બળદ હોવો જોઈએ.

ત્યાગી વૈરાગ્યની સાધના કરે તો ગાડીની પાછળ બળદ બાંધવા જેવું ઉલટું થાય. તેથી આવશ્યકતા વૈરાગ્યના બળદોને ત્યાગના આગળ બાંધવાની છે. વૈરાગ્યનું જોર આગળ હશે તો ત્યાગનું ગાડું ચાલશે. અને બળદ જો પાછળ હશે તો ગાડાંને સિંગડાં મારી-મારીને પોતાના જ સિંગડાં ભાંગશે. તેથી ત્યાગી વૈરાગ્યની સાધના કરે એ પદ્ધતિ જ ખોટી છે. તેથી શ્રીમહાપ્રભુજી 'સંન્યાસનિર્ણય'માં આજ્ઞા કરે છે ''પશ્ચાત્તાપાય નાન્યથા'' એવો ત્યાગ પશ્ચાત્તાપમાં જ પરિણમશે. તેથી શ્રીમહાપ્રભુજી કહે છે કે આવો ત્યાગ ન કરો. એના કરતાં ઘરમાં જ બેસી રહો. હજી થોડી તકલીફ વેઠો. પ્રભુનાં શ્રવણ-કીર્તન કરો. પ્રભુ તમને આગળ વધારશે. ત્યાગ તો ત્યારે જ કરો કે જ્યારે બીજભાવ દઢ થઈ ગયો હોય.

આ વાત તો શ્રીમહાપ્રભુજીએ જેનો બીજભાવ દઢ થઈ ગયો હોય તેનામાટે બતાવી. મેં શરુઆતમાં તમને વાત કહી હતી કે સ્નેહના બે પક્ષો હોય છેઃ સંયોગ અને વિયોગ. સંયોગ એટલે ઘરમાં ઠાકોરજી બિરાજતા હોય અને તેમની સેવામાં ભક્તિમાર્ગી તત્પર રહેતો હોય. અને સેવાત્યાગના જે પાંચ કારણો બતાવ્યા તેમાંના કોઈ કારણસર ભક્તિમાર્ગી ભગવત્સેવામાં પ્રવૃત્ત ન થઈ શક્યો હોય અથવા તો તેની ભગવત્સેવા છૂટી હોય તો એને પ્રભુનો વિયોગ છે તેમ શ્રીમહાપ્રભુજી કહે છે. આવો વિયોગ જેને છે તેને શ્રીમહાપ્રભુજી આંસુ સારવાની છૂટ આપે છે. ભગવાન્ મથુરા પધારી ગયા તે પછી નન્દ-યશોદા ગોપ-ગોપિકાઓ ને પ્રભુની સેવાનો અવસર ન રહ્યો. હવે તો બસ પ્રભુના શ્રવણ-કીર્તન-સ્મરણનો જ અવસર રહ્યો હતો. તેથી ઉદ્ધવજી ભગવાનનો સન્દેશો લઈને ગોકુળ આવ્યા ત્યારે એમણે પ્રભુના સમાચાર જાણ્યા, મથુરામાં પ્રભુએ શું લીલાઓ કરી તે જાણ્યું, પ્રભુની સાથે વીતાવેલી ક્ષણોને યાદ કરી. યાદ કરતાં-કરતાં ક્યારેક હંસ્યા તો ક્યારે રડ્યા પણ. તેમ જેમને ઘરમાં પ્રભુની સેવા કરવાનું સૌભાગ્ય નથી તેઓ ગોકુલ-વૃન્દાવનના ભક્તોની માફક પ્રભુને યાદ કરીને તેમના શ્રવણ-કીર્તન કરે એમ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે. ભગવાન્ અન્તર્ધ્યાન થયા ત્યારે વ્રજભક્તોએ ભગવાનને ખુબ શોધ્યા. જ્યારે ભગવાન્ ન મળ્યા ત્યારે થાકીને બેસી ગયા. બેસી ગયા પણ બેસીને તેમણે પ્રભુનું શ્રવણ-કીર્તન-સ્મરણ ન છોડ્યું. પ્રભુની વાટ જોતાં પ્રભુના ગુણો ગાતા રહ્યાં. રડતા રહ્યાં. પ્રભુ નથી ત્યારે પ્રભુનું નામ તેમનો સહારો બન્યું **''તવ કથામૃતં તપ્તજીવનમ્''**. તેમ જેમને પ્રભુનો સંયોગ નથી તેઓ પ્રભુનું શ્રવણ-કીર્તન-સ્મરણ



કરતા-કરતા પ્રભુના વિયોગનો અનુભવ કરતા રહે અને જ્યારે એમની ભક્તિ વ્યસનમાં પરિણમે ત્યારે શ્રીમહાપ્રભુજી વિરહાનુભવાર્થ તેમને ગૃહત્યાગ કરવાની છૂટ આપે છે.

## આગામી દિવસીય પ્રવચન

ગઈકાલે આપણે એ વિચાર્યું કે જ્યારે ઘરમાં પ્રભુસેવા ન નભે ત્યારે હઠાગ્રહ કરીને સેવા ન કરવી જોઈએ. તેવી સ્થિતિમાં ભગવદ્વિરહની ભાવના કરતાં-કરતાં શ્રવણ-કીર્તનપરાયણ બનવું જોઈએ.

નિરોધલક્ષણ ગ્રન્થના પ્રારમ્ભના ત્રણ શ્લોકોમાં સેવા-કથા સમયે આપણને જે ભાવનાઓ કરવી જોઈએ તે શ્રીમહાપ્રભુજીએ આપણને સમજાવી છે :

**યચ્ચ દુઃખં યશોદાયાઃ નન્દાદીનાં ચ ગોકુલે ।।**
**ગોપિકાનાં તુ યદ્ દુઃખં તદ્ દુઃખં સ્યાન્ મમ ક્વચિત્ ।।૧।।**
**ગોકુલે ગોપિકાનાં ચ સર્વેષાં વ્રજવાસિનામ્ ।।**
**યત્ સુખં સમભૂત્ તન્ મે ભગવાન્ કિં વિધાસ્યતિ ।।૨।।**
**ઉદ્ધવાગમને જાતઃ ઉત્સવઃ સુમહાન્ યથા ।।**
**વૃન્દાવને ગોકુલે વા તથા મે મનસિ ક્વચિત્ ।।૩।।**

અહીં ધ્યાન આપજો કે આપણી પાસે સાધન તો બે જ છે : ૧. સેવા અને ૨. ગુણગાન-કથા જ્યારે ભાવના શ્રીમહાપ્રભુજી ત્રણ બતાવી રહ્યા છે.

**૧.** પહેલા શ્લોકમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે નન્દ-યશોદા અને ગોપિકાઓ ને પ્રભુના વિરહદુઃખની જેવી અનુભૂતિ થતી હતી તેવી અનુભૂતિ મને ક્યારે થશે. કારણ કે પ્રભુનો વિરહ આપણને પણ છે પરન્તુ એનું દુઃખ અપણને નથી થતું. આપણને ન એનું જ્ઞાન છે કે ન એની પરવાહ છે. તો એ દુઃખ મને પણ ક્યારે અનુભવાશે. આ પહેલી ભાવના છે.

**૨.** ગોકુળમાં ગોપિકાઓને અને બીજા પણ બધા વ્રજવાસીઓને

ભગવાનના સંયોગ સમયે સુખનો જેવો અનુભવ થતો હતો અવા પ્રભુના સંયોગસુખનો અનુભવ મને મારા ઘરમાં બિરાજતા ઠાકોરજીના સંયોગનો ક્યારે થશે! આ બીજી ભાવના છે.

**૩.** તે પછી આજ્ઞા કરે છે કે ભગવાનનો સન્દેશો લઈને ઉદ્ધવજી જ્યારે ગોકુળ અને વૃન્દાવન આવ્યા ત્યારે ત્યારે ગોકુળ અને વૃન્દાવન માં જેવો મહાન્ ઉત્સવ થયો તેવો ઉત્સવ મારા મનમાં ક્યારે થશે! અથવા મારું મન એવું ક્યારે બનશે કે જ્યારે ભગવાનનો સંદેશો લઈને ઉદ્ધવજી મારી પાસે આવશે!

આમ ભાવના શ્રીમહાપ્રભુજી ત્રણ બતાવી રહ્યા છે જ્યારે આપણી પાસે સાધનો તો બે જ છે : સેવા અને ગુણગાન. શ્રીમહાપ્રભુજીની વાણી ખુબ ગૂઢ છે. મારા ગુરુ ધર્મદેવજી શ્રીમહાપ્રભુજી ઊપર ગુસ્સે થઈને કહેતા કે તેઓ ખુબ લોભી છે. શબ્દો વાપરવામાં ખુબ લોભ કરે છે. બે-ચાર વધારે શબ્દો લખીને ખોલીને બધી વાત કેમ કરતા નથી. બીજા બધા શાસ્ત્રો સમજાય છે પણ શ્રીમહાપ્રભુજીના ગ્રન્થો સમજાતા નથી. તો વાણી ગૂઢ તો છે. મને આનું તાત્પર્ય જેમ સમજાય છે તે તમને જણાવી રહ્યો છું.

નિરોધ એ દશમસ્કન્ધનો વિષય છે. કેટલાક લોકો અસુરોનો નિરોધ અર્થ કરે છે તો કેટલાક પાપનો નિરોધ એવો અર્થ કરે છે. પણ ભાગવત પોતે નિરોધની પરિભાષા કરતાં કહે છે **''નિરોધ અસ્ય અનુશયનમ્ આત્મનઃ સર્વશક્તિભિઃ''.** શ્રીમહાપ્રભુજી આનું તાત્પર્ય એમ સમજાવે છે કે જગત્માં ભગવાનની ક્રીડા એ નિરોધ છે. આમ તો સમગ્ર સૃષ્ટિ ભગવાનની ક્રીડા જ છે. પરન્તુ સૃષ્ટિમાં અવતરીને ભગવાન્ જ્યારે ક્રીડા કરે છે તો એ ક્રીડાને 'નિરોધ' કહેવામાં આવે છે. કેમ? કારણ કે પરમાત્મા તો દેશ-કાળથી અતીત છે. એ દેશ-કાલાતીત પરમાત્મા જ્યારે દેશ-કાલમાં પ્રકટ થયેલી સૃષ્ટિમાં અવતીર્ણ થાય ત્યારે તેને કેટલું સંકોચાવું પડે? વ્યાપક સાકાર બને, અજન્મા જન્મે, કાલાતીત કાલની મર્યાદા ધારણ કરે, જગન્નાથ ગોકુલનાથ બને, આપ્તકામ-આત્મારામ માખણ માટે રડે એ પ્રભુએ પોતાનો નિરોધ કર્યો છે. પોતાના સ્વભાવ ઊપર કાબુ મેળવ્યો છે. પ્રભુ કહે છે કે હું થોડા દિવસ માટે જગન્નાથ નથી ગોકુલનાથ છું. થોડા દિવસ તમને મારી સાથે જે કરવું હોય



તે કરીલો. ચાહો તો મને બાંધો, ચાહો તો રમો, ચાહો તો રમાડો, ચાહો તો ગાયો ચરાવડાવો, નચાવો, ઘરનું કામ કરાવો... બ્રહ્મા આદિ દેવો ભગવાનની સામે વિનન્તી કરતા ઊભાં છે પણ એને અમની વિનન્તી સાંભળવાનો હમણા અવકાશ નથી. એ અત્યારે ગાયો ચરાવવામાં મસ્ત છે : **''હી હી હી હીંકારાન્ પ્રતિપશુવને કુર્વતિ સદા, નમદ્ બ્રહ્મેશેન્દ્રપ્રભૃતિષુ ચ મૌનં ધૃતવતી''.** આમ પ્રભુએ પોતાના સ્વભાવનો નિરોધ કર્યો છે. યોગી જેમ બધે ભટકતી ચિત્તવૃત્તિને જકડી રાખે છે તેમ શ્રીમહાપ્રભુજી કહે છે કે ભગવાને બહુ મોટો યોગ કર્યો છે. તેથી ભાગવત ભગવાનને યોગેશ્વરેશ્વર કહે છે. તો સૃષ્ટિમાં પ્રભુનું પ્રકટ થવું એ નિરોધ છે.

ભગવાન્ સૃષ્ટિમાં પ્રકટ થવા પાછળના અનેક કારણો બતાવે છે. ધર્મસંસ્થાપન, સાધુપુરુષોનો પરિત્રાણ, દુષ્ટોનો સંહાર વગેરે. પણ આ બધા કાર્યો તો ભગવાન્ સૃષ્ટિમાં પધાર્યા વિના પણ કરી શકે છે પોતાની શક્તિ કે અન્ય અવતારોના માધ્યમથી. પણ જે કાર્ય પોતાના પધર્યા સિવાય શક્ય નથી તે છે ભક્તોને પોતાનો સ્વરૂપાનુભવ કરાવવો. આ કાર્ય પોતે પ્રકટ થયા સિવાય શક્ય નથી. મહાભારતમાં એક સુંદર વાત આવી છે : **''યમિહ નિરીક્ષ્ય ગતા હતાઃ સ્વરૂપમ્''.** યુદ્ધમાં જે લોકોની દૃષ્ટિ મરતી વખતે રથ ચલાવતા પ્રભુ ઊપર પડી તેઓ મુક્ત થઈ ગયા. આ લીલા ઊપર બેઠાં-બેઠાં કેમ થઈ શકતી! સ્વરૂપાનન્દનો અનુભવ તો ઊપર બેસીને કરાવી ન શકાય. તેથી શ્રીમહાપ્રભુજી કહે છે કે ''પ્રપઞ્ચે ક્રીડનં હરેઃ'' એ નિરોધ છે કે જે દશમસ્કન્ધનું મુખ્ય તાત્પર્ય છે. પ્રભુ જીવાત્માને ઊપર ઉઠાવવામાટે પોતે કેટલા નીચે ઊતરી શકે છે એ નિરોધ લીલામાં પ્રભુએ દેખાડ્યું છે. આ પ્રભુની કૃપાનું રહસ્ય છે કે જેને પ્રભુએ પ્રકટ નથી કર્યું. બાકી પ્રકટ થવા પાછળના જે મર્યાદા કારણો ધર્મસંસ્થાપન, સાધુપુરુષોનો પરિત્રાણ, દુષ્ટોનો સંહાર વગેરે એને પ્રભુએ જાહેર કર્યા છે.

પ્રપઞ્ચમાં ક્રીડા માટે પ્રભુનું અવતીર્ણ થવું એ પ્રભુનો નિરોધ છે. અને અવતરેલા પ્રભુની લીલા, ગુણ કે સ્વરૂપમાં જીવનું કામ ક્રોધ લોભ મોહ મદ માત્સર્ય એવા કોઈ પણ ભાવથી આસક્ત થઈ જવું એ જીવાત્માનો પ્રભુમાં નિરોધ કહેવાય છે. શ્રીમહાપ્રભુજી સુંદર વાત કહે છે ''વર્ષાકાલે જલં સર્વત્ર સુલભમિતિ ન કૂપ-તડાગાદીનામ્ અનુપયોગઃ''. પ્રભુનો અવતારકાલ તો વર્ષાકાલ જેવો હોય છે. એ

વરસવાનું શરુ કરે પછી એ નથી જોતો કે ક્યાં વરસી રહ્યો છે. ગરીબનાં છાપરા ઊપર પણ વરસસે અને અમીરના બંગલા ઊપર પણ વરસસે. તેમ પ્રભુ જ્યારે પ્રકટ બિરાજે છે ત્યારે તેમની સામે જે જીવ જે ભાવથી જાય તે ભાવને પ્રભુ તેના ઉદ્ધારનું નિમિત્ત બનાવી લે છે. પણ વરસાદ ચાર મહીના જ વરસતો હોય છે તેમ પ્રભુની આવી લીલા પણ સદા નથી રહેતી. તેથી અનવતારકાળમાં કામ ક્રોધ લોભ થી પ્રભુમાં તન્મયતા લાવી શકાતી નથી. તો અનવતારકાળમાં શું કરવું? શ્રીમહાપ્રભુજી કહે છે કે **''જ્ઞાન-ભક્ત્યોસ્તુ આવિર્ભાવાર્થમ્ ઉપયોગઃ''.** જ્યારે વર્ષાકાલ નથી ત્યારે પણ હવામાં જલકણ તો હોય જ છે. તેમ પ્રભુ તો સદા-સર્વદા સર્વત્ર બિરાજે જ છે. વર્ષાકાલમાં જલ પ્રકટ થઈને વરસે છે તેમ પ્રભુ અવતારકાલમાં પ્રકટ દર્શન આપે છે. બાકી અપ્રકટ સ્વરૂપે તો પ્રભુ સર્વત્ર સર્વદા બિરાજે છે. અપ્રકટ પ્રભુનો અનુભવ કરવા માટે જ્ઞાન અને ભક્તિ છે. એક વખત જાણીલો કે ભગવાન્ સર્વત્ર છે. તેને સર્વત્ર ચાહો. *''કૌનસી જહાં હૈ જહાં મિલતે માશૂક નહીં, શૈક દીદાર હૈ તો નઝર પૈદા કર''.* નઝર પૈદા થઈ તો ઉપસ્થિત છે, પૈદા ન થઈ તો અપ્રકટ છે. વાત આટલી નાની છે.

દૃષ્ટિ બે છે. જ્ઞાનની દૃષ્ટિથી જોશો તો તેની હાજરી દેખાશે. સ્નેહની દૃષ્ટિથી જોશો તો અને હાજરી દેખાશે. તેથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે **''ચિત્તે પ્રેમ સમ્પાદનીયઃ. પ્રેમસંવલિતં ચિત્તં સર્વત્ર વિદ્યમાનં ભગવન્તં સ્વયમેવ વિષયી -કરોતિ''.** ચિત્તમાં ભગવત્પ્રેમ ભરી લો. ભગવાન્ તો સર્વત્ર બિરાજી જ રહ્યાં છે. પ્રેમથી ભરેલું ચિત્ત પોતે જ ભગવાનને શોધી લેશે. તો જ્ઞાન અને પ્રેમ થી ભગવાન્ પ્રકટ થાય છે. જ્ઞાનદષ્ટિથી ભગવાન્ જ્ઞેયસ્વરૂપે પ્રકટ થશે. ભક્તિદૃષ્ટિથી ભગવાન્ પ્રિય-ભજનીય સ્વરૂપે પ્રકટ થશે. પ્રાકટ્યના પ્રકારમાં ભેદ રહેશે પણ પ્રકટ જરૂર થશે. શ્રીમહાપ્રભુજીને ભક્તિમાર્ગ પ્રત્યે પક્ષપાત છે તેથી આપને ભક્તિમાર્ગથી ભગવાનના પ્રાકટ્યમાં એક જાતના ક્લાયૂમેક્સની અનુભૂતિ થાય છે. પરમાત્માનું સ્વરૂપ શાસ્ત્રમાં વ્યાપક અને સાકાર બન્ને પ્રકારે વર્ણવાયું છે. વ્યાપકને જાણવું જોઈએ અને સાકારને ચાહવું જોઈએ. પરમાનન્દનો સાગર વ્યાપક છે અને તેમાં ઉઠતી લહેરો સાકાર છે. સાગરમાં ડુબકી મારી શકાય પણ તરવાની અને જોવાની મજા લહેરોમાં છે. લહેરોમાં ડૂબવાની મજા નથી. તેથી સાકાર સ્વરૂપ ભક્તિમાટે છે અને વ્યાપક સ્વરૂપ જ્ઞાનમાટે છે. આવો પરમાત્મા સાકાર પણ છે અને વ્યાપક પણ



છે. જે તેને કેવળ વ્યાપક માને છે એ એનું અડધું વર્ણન કરે છે તે જ રીતે જે એને કેવળ સાકાર માને છે એ પણ એનું અડધું વર્ણન કરે છે, અન્ધહસ્તિન્યાયથી. આ તો બ્રહ્મની હકીકત છે એમાં અડધું-અધુરું નિરૂપણ ન ચાલે. બ્રહ્મની જેમ આ હકીકત છે તેમ આપણા હૃદયની પણ કંઈ હકીકત છે. અર્જુનની સામે ભગવાન્ વિરાટ સ્વરૂપે પ્રકટ થયા તે સ્વરૂપ માટે ભગવાન્ કહે છે કે આ રૂપને જોવાની આકાંક્ષા દેવો-ઋષિ-મુનિઓ પણ કરે છે. પણ અર્જુન કહે છે કે કરતા હશે પણ મને તો તમે રથ ચલાવતા જ સારા લાગો છો : **''તેનૈવ રૂપેણ ચતુર્ભુજેન સહસ્રબાહો ભવ વિશ્વમૂર્તે''.** હટાવો તમારા હજાર હાથોને. મને એ ખબર પડી ગઈ કે તુ ભાવયોગ અનુસાર અનેક સ્વરૂપોને ધારણ કરી શકે છે અને તે ધારણ કરેલા એ બધા સ્વરૂપો સત્ય છે, માયિક નથી. એ આકારો તારી કૃપાનું ઉચ્છલન છે. તારી અંદર આનન્દનો સાગર જે લહેરાઈ રહ્યો છે એ સાગરની કોઈક લહેર છે. એ લહેરના કારણે તુ સાકાર થઈ રહ્યો છે. કોઈ માયાને કારણે તુ આકાર ગ્રહણ નથી કરી રહ્યો. કૃપાના આવેશમાં તુ આકાર ગ્રહણ કરી રહ્યો છે. **''તત્તદ્વપુઃ પ્રણયસે સદનુગ્રહાય''.** આમ આકાર ગ્રહણ કરીને ભગવાન્ જે લીલા કરે છે, જે ગુણો પ્રકટ કરે છે, જે સ્વરૂપ પ્રકટ કરે છે તેમાં બીજું બધું ભૂલીને જીવ તલ્લીન થઈ જાય એ જીવાત્માનો પરમાત્મામાં નિરોધ છે. વ્રજભક્તોની આવી જ સ્થિતિ થઈ હતી. ભગવદાસક્તિને કારણે એમને પોતાના ઘર, પુત્ર, પતિ, બંધુ, શરીર અરે આત્મા ની પણ સુધ રહી ન ગયી. આ જીવાત્માનો નિરોધ છે. નિરોધ બન્ને તરફે છે. એણે પોતાનું પરમાત્મત્વ ભુલાવ્યું અને જીવે પોતાના ઘર-પતિ વગેરેને ભુલાવ્યા. પરમાત્મા પોતાના બધા નામ-રૂપ-કર્મમાં વ્યાપ્ત છે તેમ જીવ પણ કંઈ ઓછો વ્યાપ્ત નથી. એની આસક્તિ ઘર-પરિવાર-ધન વગેરેમાં વ્યાપ્ત હોય છે. પરમાત્મા પોતાની વ્યાપકતાને ભૂલીને સૃષ્ટિમાં સાકાર સ્વરૂપે સંકોચાય છે તેમ જીવ પોતાની સર્વત્ર ફેલાયેલી આસક્તિને સંકોચીને પરમાત્મામાં આનન્યાસક્ત બને છે. આ જીવનો નિરોધ છે.

જીવાત્માના નિરોધના બે સ્વરૂપ શ્રીમહાપ્રભુજી સમજાવે છે. ભગવાન્ જ્યારે પ્રકટે છે ત્યારે નામ અને રૂપ ની સાથે પ્રકટે છે. જેમ કૃષ્ણનું સ્વરૂપ અને 'કૃષ્ણ' નામ. જીવાત્મા જ્યારે સૃષ્ટિના અનન્ત નામ-રૂપોને ભૂલીને પ્રભુના કેવલ એક નામ અને રૂપ માં આસક્ત બને છે તો એ જીવાત્માનો નિરોધ છે. નિરોધ

ભક્તનો પ્રભુના નામમાં પણ થાય છે અને રૂપમાં પણ થાય છે. ભગવદીયે ગાયું છે :

*'કૃષ્ણ' નામ જબતેં શ્રવણ સુન્યો રિ આલી,*
*ભૂલીરી ભવન હોં તો બાવરી ભઈરી,*
*ભરિ-ભરિ આવે નૈન કિતહુ ન પરત ચૈન,*
*તનકી દશા કછુ ઓર હી ભઈ રી,*
*નન્દદાસ જાકે શ્રવણ સુને યહ ગતિ,*
*માધુરી મૂરતિ કેંધો કૈસી ગયીરી.*

આ નામમાં નિરોધ છે. તેજ પ્રમાણે રૂપમાં પણ નિરોધ થાય છે.

વાર્તા સાહિત્યમાં આનું સુન્દર નિરૂપણ મળે છે. એક ડોકરી વેણુવાદન કરતા કૃષ્ણના સ્વરૂપની સેવા કરતી હતી. એણે મદનમોહનજી સિવાય બીજા કોઈ સ્વરૂપના કદિ દર્શન કર્યા ન હતા. એક વખતે કોઈ વૈષ્ણવ એને ત્યાં પોતાના ઠાકોરજી બાલકૃષ્ણને પધરાવી ગયો. લાલનના દર્શન કરીને ડોકરીને થયું કે આ વૈષ્ણવ ઠાકોરજીને કેટલો પરિશ્રમ આપે છે. ઠાકોરજી ઠંડીના માર્યા ટુંટીયું મારીને બિરાજી ગયા છે. એ તો તેલનો વાટકો લઈને માલિશ કરવા બેસી ગઈ. ઠાકોરજીને પણ થયું કે આ કેવી મુસીબત આવી પડી. પણ ડોકરીનો ભાવ નિર્દોષ-શુદ્ધ હતો. એટલે ઠાકોરજી એના ભાવના અનુરૂપ લાલનમાંથી મદનમોહનજી બની ગયાં. પેલો વૈષ્ણવ જ્યારે પોતાના લાલન પધરાવવા પાછો આવ્યો ત્યારે ડોકરીએ મદનમોહનજી બનેલા લાલન એને પધરાવ્યા. મદનમોહનજીને જોઈને પેલા વૈષ્ણવને આંચકો લાગ્યો. એણે કહ્યું કે આ ઠાકોરજી મારા નથી. મારા લાલન મને પધરાવ. ડોકરી તેને સામેથી ફટકારવા લાગી કે તને શરમ નથી આવતી. આવી રીતે સેવા કરાય. ઠાકોરજી બિચારા ઠંડીમાં ઠુંઠવાઈ ગયા. બન્નેનો ઝઘડો શ્રીગુસાંઈજી સુધી પહોચ્યો.

આ સ્વરૂપાસક્તિની વાત છે. લાલન અને મદનમોહનજી બન્ને કૃષ્ણના જ સ્વરૂપો છે. પરન્તુ જેનો નિરોધ જે સ્વરૂપમાં હોય તેને તેનાથી જ સન્તોષ થાય. આ નિરોધની પરાકાષ્ઠા છે. આમાં બીજા રૂપોનો અનાદર નથી પણ પોતાના સ્વરૂપામાં અનન્યાસક્તિ છે. બીજાના સ્વરૂપ પ્રત્યે અનાદરનો ભાવ હોય તો એ



ભક્તિ નથી. અને પોતાના સેવ્યને એટલા સામાન્ય સમજવા કે એમને ભજો કે બીજાને ભજો વાત એક જ છે તો પણ ગરબડ છે. બન્ને તરફ સાવધાની રાખવી આવશ્યક છે.

આપણે મૂળ વાત પર આવીએ. જીવાત્માને જ્યારે પ્રભુના કોઈ એક રૂપમાં દૃઢ આસક્તિ થઈ જાય ત્યારે તેની આસક્તિમાં સંયોગ-વિયોગનું આવર્તન ચાલુ થઈ જાય છે. જેમ ભગવાન્ જ્યારે સવારે જાગીને વનમાં ગોચારણમાટે પધારતા ત્યારે નન્દ-યશોદા અને ગોકુળના ભક્તો ભગવાનનો વિયોગ અનુભવતાં. ભગવાન્ જેટલો સમય ગોચરણ કરતા તેટલો સમય તેમના મનમાં એ જ વિચાર ઘોળાયા કરતો કે કૃષ્ણ ક્યાં પધાર્યા હશે, ક્યાં જલ પીધું હશે, કયા વૃક્ષની છાયામાં બિરાજ્યા હશે, વાછરાડાનું પુંછડું પકડીને દોડતા હશે, ભોજન કર્યું હશે કે નહીં, ક્યારે પાછા પધારશે. આમ નિરન્તર પ્રભુમાં તેમનું મન લાગેલું રહેતું. આને કહે છે 'નામાસક્તિ'.

જ્યારે પ્રભુ વનથી વ્રજમાં પધારે છે **''બર્હાપીડં નટવરવપુઃ...''** ત્યારે ગોપીજનો જલ ભરવાના કે કોઈને કોઈ બહાને ગામની પાદરે ઠાકોરજીના દર્શન કરવા દોડી જાય છે. આ સ્વરૂપાસક્તિ છે. સ્વરૂપાસક્તિનો અવસર સુખનો અવસર છે. અત્યાર સુધી દુઃખ-ચિન્તાનો અવસર હતો. આ સુખ-દુઃખનું ચક્ર શ્રીમહાપ્રભુજી નિરોધલક્ષણ ગ્રન્થમાં બતાવી રહ્યા છે. વ્રજભક્તોના જીવનમાં પ્રભુના સંયોગ-વિયોગનો ચક્ર નિરન્તર ચાલ્ય કરતું. એ ચક્રને શ્રીમહાપ્રભુજી આધુનિક પુષ્ટિમાર્ગીઓને માણવાનું સમજાવે છે. સેવાના સમયમાં પ્રભુના સ્વરૂપાનન્દનો - સંયોગનો અનુભવ કરો અને સેવાના અનવસરમાં પ્રભુના વિપ્રયોગની ભાવના કરીને પ્રભુનું શ્રવણ-કીર્તન-સ્મરણ કરો. આમ સેવા અને ગુણગાન નું ચક્ર જેના જીવનમાં નિરન્તર ચાલ્યા કરે છે એનો નિરોધ શ્રીમહાપ્રભુજીની દૃષ્ટિમાં પરિપૂર્ણ છે. અને જે કેવળ વિપ્રયોગનો જ અનુભવ કરે છે એનો નિરોધ અધૂરો છે.

વાર્તામાં બહુ સુદંર વાત આ સન્દર્ભમાં આવે છે. શ્રીગુસાંઈજીએ એક દિવસ કુંભનદાસજીને પૂછ્યું કે એમને કેટલા દીકરા છે. તેમણે કહ્યું કે મને દોઢ દીકરા છે. શ્રીગુસાંઈજીએ કહ્યું કે અમે તો સાંભળ્યું છે કે તમને સાત દીકરા છે.

કુંભનદાસજીએ કહ્યું કે આમ તો સાત છે પણ જે લૌકિકમાં આસક્ત હોય એને દીકરા કેમ કહેવા? તેથી ચતુર્ભુજદાસ પૂરો દીકરો કે જે સેવા અને ગુણગાન બન્નેમાં તત્પર છે. અને અડધો દીકરો કૃષ્ણદાસ કે જે ઠાકોરજીની ગાયોની સેવા કરે છે.

તો જેને પ્રભુની સેવાના રૂપમાં પ્રભુનો સંયોગ અને સેવાના અનવસરમાં પ્રભુના વિપ્રયોગમાં પ્રભુના ગુણગાનમાં તત્પરતા આમ સેવા-કથા સંયોગ-વિપ્રયોગ બન્નેમાં ચિત્ત ભગવદાસક્ત બની રહ્યું છે તો શ્રીમહાપ્રભુજીના મતે ભક્તિમાર્ગીય જીવનની આ પૂર્ણતા છે. કેમકે અહન્તા સેવા વખતે પ્રભુના ચરણોમાં ઝુકેલી રહેશે અને મમતા વિપ્રયોગ વખતે પ્રભુ તરફ દોડતી રહેશે. હવે કંઈ કરવાનું રહી નથી જતું. તેથી નિરોધલક્ષણના પહેલા બે શ્લોકોમાં શ્રીમહાપ્રભુજીએ નિરોધના પૂર્ણ સ્વરૂપનું વર્ણન કર્યું છે.

નિરોધલક્ષણ ગ્રન્થના ત્રીજા **''ઉદ્ધવાગમને જાતઃ''** શ્લોકમાં શ્રીમહાપ્રભુજી અવા ભક્તના ભગવન્નિરોધની વાત કરી રહ્યા છે કે જેની પાસે હવે સેવાનો અવસર રહી નથી ગયો, કેવલ વિપ્રયોગની અવસ્થામાં જેમ-તેમ જીવી રહ્યો છે. એનો કૃષ્ણ હવે સદાયને માટે મથુરા પધારી ગયો છે. હવે એ સાંજે પાછા પધારવાના નથી. તેથી સેવા અને ગુણગાન નું જે ચક્ર ચાલી રહ્યું હતું તે આના જીવનમાં સમ્ભવ નથી. તો હવે શું બચ્યું. એટલું જ કે ભગવાન્ ન આવે તો એમની ઈચ્છા પણ એવામાં ભગવાનનો સંદેશો લઈને, ભગવાનના ગુણો ગાનારા કોઈક ઉદ્ધવજી ક્યારેક આવી જાય તો આવા વિયોગીના જીવનમાં મહાન ઉત્સવનો અવસર આવી જાય. મન તો કોઈ પણ રીતે મનાવવું જ પડશે. ભગવાન ન મળ્યા તો ભગવાનના દોસ્ત સાથે ભગવાનની ચર્ચા કરીશું. ભગવાનનું રૂપ ન મળ્યું તો ભગવાનના ગુણોને ગાશું, નામોનું રટણ કરીશું.

આમ શ્રીમહાપ્રભુજીએ બે પ્રકારનો નિરોધ બતાવ્યો છે : ૧. રૂપ અને નામ નો નિરન્તર ચક્રની માફક ચાલતો નિરોધ કે જેમાં નિરોધની પૂર્ણતા છે. અને ૨. કેવલ ગુણ-નામનો વિપ્રયોગની અવસ્થામાં થતો નિરોધ. આ નિરોધ અડધો છે. આની ચર્ચા આપણે **''બીજભાવે દઢે તુ સ્યાત્ ત્યાગાત્ શ્રવણ-કીર્તનાત્''** માં કરી ગયા છીએ.



હવે, આગળના શ્લોકમાં જેમનો બીજ ભાવ દઢ નથી થયો તેમના બીજભાવને દઢ કરવાનો ઉપાય શ્રીમહાપ્રભુજી બતાવે છે :

**બીજદાર્ઢ્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ ।।**
**અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ ।।૨।।**

બીજભાવ દઢ નથી થયો તેને શ્રીમહાપ્રભુજી ઘરનો ત્યાગ કરવાની છૂટ નથી આપતા. એને આપ ઘરમાં જ રહેવાની આજ્ઞા આપે છે. પણ ઘરમાં જો રહેવું છે તો કેવી રીતે રહેવું એ સમજાવી રહ્યા છે. બીજભાવને દઢ કરવા માટે ઘરમાં રહીને, સ્વધર્મનું પાલન કરતાં-કરતાં અવ્યાવૃત્ત થઈને શ્રીકૃષ્ણની સેવા અને શ્રવણ-કીર્તન વગેરે કરતા રહો.

શ્રીમહાપ્રભુજી અહીં 'પૂજા' શબ્દ વાપરી રહ્યા છે. કેમકે હજી બીજભાવ દઢ થયો નથી. તેથી અત્યારે જે સેવા કરવામાં આવશે તેમાં સ્નેહની અભિવ્યક્તિ પૂરેપરી ન પણ થાય. પણ હા, સ્નેહ ન હોય તોય માહાત્મ્ય તો પ્રભુનું વ્યક્ત થઈ જ શકે છે. પૂજા આપણે તેની કરીએ છીએ કે જે શ્રેષ્ઠ છે. તેથી જ્યાં સુધી બીજભાવ દઢ નથી થયો ત્યાં સુધી પૂજા કરતા રહો. પૂજા કરો મતલબ તમારા ઘરમાં બિરાજતા શ્રીકૃષ્ણનું માહાત્મ્ય સમજો. એવો ભાવ કેળવો કે સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ મારે ત્યાં બિરાજી રહ્યા છે. માહાત્મ્યજ્ઞાન શ્રીમહાપ્રભુજીના મતે આપણી શ્રીકૃષ્ણ સાથે થયેલી સગાઈ છે. અને સ્નેહ-ભક્તિનો મતલબ લગ્ન છે. સ્નેહ પ્રકટ નથી થયો ત્યાં સુધી આપણી પ્રભુસાથે સગાઈ થયેલી છે. લગ્ન ક્યારે થશે? ''પ્રીતમ પ્રીત હીતેં પઈયે''. ત્યાં સુધી પ્રભુના માહાત્મ્યને વિચારીને આદર પૂર્વક સેવા-સ્મરણ-કીર્તન કરતા રહો. સાથોસાથ અત્યારે ભલે મને મારા સેવ્યમાં પ્રેમ નથી પણ મારો પ્રિયતમ આ જ છે, મને આને જ પ્રેમ કરવાનો છે એવા દઢ નિશ્ચય સાથે તે દિશામાં પ્રયત્ન કરતા રહો. અત્યારે પૂજા થઈ રહી છે પણ સદા પૂજા જ નથી કરવાની. એટલે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે **''મન્ત્રમાત્રપૂજાપરો ન ભવેત્''.** કેવળ મન્ત્રવિધિથી પૂજાપરાયણ નથી થવાનું. કેમકે જો પૂજાની આઈટમો અને વિધિ ના ઊપર જ જો તમારું ધ્યાન કેન્દ્રિત થયેલું રહેશે કે આ વસ્તુ તો આજે

આવવી જ જોઈએ, આના વિના તો ચાલે જ નહીં, તો ક્યારેય પ્રેમ પ્રકટ નહીં થઈ શકે, ઉદ્વેગ જ ઉદ્વેગ ચિત્તમાં પૈદા થતો રહેશે. ધ્યાન પ્રેમ ઊપર રાખવાનું છે. જે તમારી પાસે સહજતાથી ઉપલબ્ધ છે તેને તમારા હૃદયમાં જેટલો પ્રેમ છે તે પ્રેમભાવથી પ્રભુને સમર્પિત કરો. આમ જ્યારે પ્રેમથી તમે પ્રભુને શણગાર ધરાવશો, ભોગ ધરશો અને એ રોમાંચ નો અનુભવ કરશો કે સર્વત્ર વ્યાપ્ત પ્રભુ મારા ઘરમાં બિરાજીને મારા દ્વારા સર્પિત કરાતા ભોગ-શણગારનો અંગીકાર કરી રહ્યા છે તો ચોકક્સ પ્રભુમાં પ્રેમ ધીરે-ધીરે જાગશે. જ્યારે સેવાનો અવસર ન હોય ત્યારે તમારા સેવ્યપ્રભુ સાથે તમે વીતાવેલ ક્ષણોની યાદને તાજી કરશો, તેમનું માહાત્મ્ય વિચારશો, તેમના ગુણો ગાશો તો એ પ્રક્રિયાથી પણ પ્રભુમાં પ્રેમ પ્રકટ થશે. આમ ભક્તિનો બીજભાવ દૃઢ થશે. કેમકે તમે સંયોગ-વિયોગના સેવા-કથાના ચક્રને જીવવાનું શરુ કરી દીધું છે.

**'ગૃહે સ્થિત્વા'** : શ્રીમહાપ્રભુજી આપણને ઘરમાં પ્રભુસેવા કરવાની આજ્ઞા કરી રહ્યા છે. શા માટે? કારણ કે જો તમે તમારા ઘરમાં પ્રભુને પધરાવીને એમની સેવા કરવાને ઠેકાણે કોઈ દેવાલયમાં જશો તો તમારામાં કદાચ પ્રભુનું માહાત્મ્ય વધશે પણ પ્રેમ કદિ પ્રકટ નહીં થઈ શકે. કારણ કે પ્રભુથી તમારી દૂરી કાયમ રહેશે. દેવાલયની મર્યાદા તમને પ્રભુની નજીક જવા નહીં દે.

કલકત્તાના એક વૈષ્ણવ કે જેઓ બહુ મોટા નવલકથાકાર પણ છે. તેઓ ખુબ પ્રેમથી પોતાના ઘરમાં ઠાકોરજીની સેવા કરે છે. એક દિવસે તેમણે મને પૂછ્યું કે ક્યારેક મને ઠાકોરજી ઊપર ખુબ વ્હાલ આવી જાય છે તો હું તેમને ચુંબન કરી લઉં છું. એવું કરી શકાય કે નહીં? મેં એમને કહ્યું કે પૂછી રહ્યા છો તો હું ના પાડું છું. આવું ન કરાય. ઠાકોરજી ઉચ્છિષ્ટ થઈ જાય. પણ પૂછ્યા વિના બંધ ઠેરામાં તમે કંઈ પણ કરો તો મિંયા-બીબીની વચ્ચે આ કાજી તમને કંઈ કહેશે નહીં. તો ઘરમાં સેવાનો આ લાભ છે. ઘરમાં બિરાજતા ઠાકોરજી તમારા છે. દેવાલયના ઠાકોરજી કોણ જાણે કોના છે. શ્રીમહાપ્રભુજીએ તમને કેવલ તમારા ઠાકોરજીની સેવામાં સમર્પણ કરવાનો અધિકાર આપ્યો છે. બીજે ઠેકાણે તમે સમર્પણ કરી શકતા નથી. દેવાલયમાં તમે દાન કરી શકો છો પણ સર્વસ્વનું સમર્પણ તો ઘરમાં જ શક્ય છે. તેથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે



કે ઘરમાં પ્રભુને પધરાવો. ઘર પ્રભુને સમર્પિત કરો. ધન-સમ્પત્તિ-પરિવાર અને તમારો દેહ બધું પ્રભુને સમર્પિત કરો. જેનું સમર્પણ તમે તમારા પ્રભુને કરી નથી શક્યા તે બધાનો ત્યાગ કરો.

**સ્વધર્મતઃ** આગળ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે સેવાકર્તાએ પોતાના વર્ણ, આશ્રમ, સમાજ, પરિવાર વગેરેના બધા ધર્મોને પળતાં-પાળતાં ઘરમાં પ્રભુની સેવા કરવાની છે. એ ધર્મોને તોળવાના કે છોડવાના નથી. જો એને તોળવા છે તો તમારા ભજનીય પ્રભુના સન્દર્ભમાં એવી રીતે તોળો કે જેથી બીજો કોઈ તમારા ભગવદ્ભાવને જાણી ન જાય. કારણ કે જો તમારો ભાવ બીજાની સામે પ્રકટ થયો તો એ ભાવાભાસ થઈ જશે. તે-તે ધર્મોનું પાલન સેવાકર્તાએ કોઈ બીકથી કે કોઈ ફલાકાંક્ષાથી કે તેને આત્મધર્મ સમજીને કરવાનું નથી પરન્તુ એ ધર્મોનું પાલન ભગવદ્ધર્મને સંતાડવામાટે કરવાનું છે. એ ધર્મોનું આચરણ એવી રીતે ભક્તિમાર્ગી કરે કે એની પહેચાન લોક-સમાજમાં પ.ભ. તરીકેની ન થાય પણ એક સજ્જન તરીકેની, સારા ગૃહસ્થ તરીકેની કે સારા બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-શૂદ્ર તરીકેની થાય. એની વૈષ્ણવતા, ભગવદાસક્તિ એ બાહ્ય પહેચાનની નીચે સંતાયેલી રહે. તેથી શ્રીમહાપ્રભુજી ત્યાં સુધી આજ્ઞા કરે છે કે **''યાવદ્દેહાભિમાનઃ તાવદ્ વર્ણાશ્રમધર્મએવ સ્વધર્મઃ''**. જ્યાં સુધી તમારી અંદર દેહાભિમાન છે ત્યાં સુધી તમારે તમારા શાસ્ત્રીય અને લૌકિક ધર્મોનું પાલન કરવાનું જ છે. દેહાભિમાનના રહેતાં તમે એમ નથી કહી શકતા કે હું તો ભક્ત છું તેથી મને હવે કોઈ પણ લૌકિક-વૈદિક કર્મો કરવાના રહેતા નથી. ના. આ અધિકાર તમને ભક્તિમાર્ગ નથી આપતો. આ અધિકાર તમને ત્યારે મળી જાય છે કે જ્યારે દેહમાંથી તમારી અહન્તા ભગવત્પ્રેમને કારણે છૂટી જાય.

એક વખત શ્રીગોકુલનાથજી સ્નાન કરીને સેવામાં પધારી રહ્યા હતા ત્યારે એક વૈષ્ણવ એમને અડકી ગયો અને શ્રીગોકુલનાથજી છોવાઈ ગયા. આપે પેલાને પૂછ્યું કે તુ કોણ છે. પેલાએ કહ્યું કે વૈષ્ણવ છું. આપે બીજી વખત પૂછ્યું. પેલાએ ફરીથી કહ્યું કે વૈષ્ણવ છું. શ્રીગોકુલનાથજીએ ત્રીજી વખત પૂછ્યું ત્યારે પણ તેણે એ જ જવાબ આપ્યો. ત્યારે શ્રીગોકુલનાથજીએ કહ્યું કે તો મારી અપરસ નથી છોવાઈ. આ વાત સમજવાની છે અનુકરણ કરવાની નથી.

જો એણે એમ જવાબ આપ્યો હોત કે હું ચિમનભાઈ છું કે પોપટભાઈ છું કે શર્મા છું કે વર્મા છું તો અપરસ છોવાઈ જાત. કેમકે આ દેહાભિમાનને કારણે મળતી પહેચાન છે. તેથી જ્યાં સુધી દેહાભિમાન છે ત્યાં સુધી દેહને લાગૂ પળતા ધર્મોનું પાલન પણ આવશ્યક છે.

**અવ્યાવૃત્ત :** કેટલાક લોકો આનો અર્થ એમ કરે છે કે બધા કામ-ધંધા છોડીને સેવા કરવી. પણ આ નાસીપાસ થવાની વાત છે. 'અવ્યાવૃત્ત'નો આર્થ આ નથી. એનો સાચો અર્થ છે અનન્યભાવ.

શ્રીમહાપ્રભુજી આનું તાત્પર્ય સમજાવે છે કે શ્રીકૃષ્ણ સિવાય અન્ય માર્ગ, અન્ય પદાર્થ, અન્ય ફલ કે અન્ય દેવમાં મનની વ્યવૃત્તિ-આસક્તિ ન હોવી તે. જ્યાં સુદી ચિત્તમાં આવી એકાગ્રતા ન આવે ત્યાં સુધી શ્રીમહાપ્રભુજી પ્રભુસેવામાં પ્રવૃત્ત થવાની ના પાડે છે. હજી થોડો સમય તમે પ્રભુનું માહાત્મ્ય સમજો, પ્રભુના ગુણગાન કરો. આત્મનિવેદન કરવા લાયક તમે હજી થયા નથી. કેમ કે પ્રભુથી અન્ય આટલા બધા વિષયમાં તમે આસક્ત છો છતાં જો તમે આત્મનિવેદન કરશો તો એ પાખણ્ડ થશે. આટલા બધા વિષયમાં આસકત છો છતાં તમે પ્રભુની સેવામાં પ્રવૃત્ત થયા તો તમે પ્રભુનો અનાદર જ કરશો. જો તમે તેનો પૂરેપૂરો સ્વાદ લેવા નથી ઈચ્છતા તો તમારી થાળીમાં તેને પીરસવાની ના પાડીદો. આ કેવી વૃત્તિ કે ખાવામાં રુચિ ન હોય છતાં બધી વસ્તુ થાળીમાં પીરસાવી લેવી અને પછી તેને ફેંકી દેવી! તેથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જો તમે પદાર્થાન્તર, માર્ગાન્તર, ફલાન્તર કે દેવતાન્તર માં વ્યાવૃત્ત નથી, અવ્યાવૃત્ત છો તો જ તમેં ભગવત્સેવામાં પ્રવૃત્ત થાઓ **''અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણમ્''**. અને કેમકે અવ્યાવૃત્ત છે તેથી ભગવત્સેવાની સાથે-સાથે અનવસરમાં એ ભક્તિમાર્ગી પ્રભુના શ્રવણ-કીર્તન-સ્મરણ પણ કરી શકશે. આમ એ ભક્તિમાર્ગીય આદર્શ જીવન, સેવા-ગુણગાનનું આવર્તન, એનામાટે શક્ય બનશે.

### આગામી દિવસીય પ્રવચન

શ્રીમહાપ્રભુજી એ હકીકતથી સારી રીતે વાકેફ છે કે એવું જરૂરી નથી કે



ભક્તિમાર્ગનો દરેક પથિક અવ્યવૃત્ત હોય જ. કેટલાક લોકો વ્યાવૃત્ત પણ હોય છતાં એમને ભક્તિમાર્ગપર ચાલવાની ઈચ્છા પણ હોય તો એવા વ્યાવૃત્ત લોકોને ભક્તિમાર્ગ ઊપર આગળ કેમ વધવું એ શ્રીમહાપ્રભુજી સમજાવી રહ્યા છે :

**વ્યાવૃત્તોઽપિ હરૌ ચિત્તં શ્રવણાદૌ ન્યસેત્ સદા ।।**
**તતઃ પ્રેમ તથાસક્તિઃ વ્યસનં ચ યદા ભવેત્ ।।૩।।**
**બીજં તદ્ ઉચ્યતે શાસ્ત્રે દૃઢં યન્ નાપિ નશ્યતિ ।।**

જો કોઈનું ચિત્ત માર્ગાન્તર ફલાન્તર પદાર્થાન્તર પ્રયોજનાન્તર કે દેવતાન્તર માં વ્યાવૃત્ત છે, વ્યાવૃત્તિ એની આદતમાં છે તો હિન્દીમાં કહેવત છે કે ''ચોર ચોરીથી જાય પણ હેરાફેરીથી ન જાય''. કંઈ નહીં તો થોડી હરાફેરી તો ભક્તિમાર્ગમાં આવ્યા છતાં કરશે જ. જો એવી સ્થિતિ છે તો તમે ભગવલ્લીલાનું ચિન્તન કરો, શ્રવણ કરો, કીર્તન કરો. જેટલું શ્રવણ-કીર્તન-મનન તમે ભગવલ્લીલાનું કરશો એટલી અવ્યાવૃત્તતા તમારામાં આવશે. ભગાવાનની બે શક્તિ છે : એક માયા શક્તિ અને બીજી ભક્તિ શક્તિ ''ભક્તિ સુંદરી ને માયા દાસી. તેમાં પહેલી નખશિખ સુભગા તે પ્રભુને મન ભાયી''. માયા શક્તિ પ્રભુથી વિમુખ લઈ જનારી છે અને ભક્તિ શક્તિ પ્રભુ તરફ લઈ જનારી છે. ''તન્મનસ્કાસ્તદાલાપાસ્તદ્વિચેષ્ટાસ્તદાત્મિકા'' આપણને બનાવી દે છે. ''તદ્ગુણાનેવ ગાયન્ત્યો'' આપણને બનાવી દે છે. ''નાત્માગારાણિ સસ્મરુ'' આપણે બની જઈએ છીએ. પ્રપઞ્ચ વિસ્મૃતિ પૂર્વક આપણને ભગવદાસકત બનાવી દે છે.

તેથી વ્યાવૃત્ત ભક્તિમાર્ગી પણ જો પ્રભુના શ્રવણ-કીર્તન-સ્મરણ કરતો ભક્તિમાર્ગ ઉપર આગળ વધતો રહેશે તો તેનો બીજભાવ પ્રેમાત્મના અંકુરિત થશે, આસકત્યાત્મના પલ્લવિત થશે અને વ્યસનાત્મના પુષ્પિત પણ થશે. અને જ્યારે તે પુષ્પિત થશે તો તેની ભક્તિ એક દિવસ સર્વાત્મભાવમાં ફલિત થઈ જશે. તે વખતે બધું ભગવદાત્મક અનુભવાતું થઈ જશે.

તેથી જે ભક્તિમાર્ગી અવ્યવૃત્ત નથી બની શક્યો તેને શ્રીમહાપ્રભુજી કહે છે કે તું તારા ચિત્તનું ટ્રસ્ટ કરીદે. જેનું ટ્રસ્ટ બનાવી દેવામાં આવે તેનો ભોગ

આપણે નથી કરી શકતા. જ્યારે રામ વનમાં પધાર્યા ત્યારે ભરતજીએ ટ્રસ્ટી બનીને, ભોગ કર્યા વિના, અયોધ્યાનું શાસન કર્યું. ટ્રસ્ટી સુવિધાનો ઉપયોગ કરે પણ માલિક તરીકે નહીં. તેથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જો તમે વ્યાવૃત્ત છો તો ''હરૌ ચિત્તં શ્રવણાદૌ ન્યસેત્ સદા'' તમારા ચિત્તનો હરિમાં ન્યાસ કરો. હવે તમે તમરા ચિત્તને તમારા માટે નહીં વાપરતા. તમારા ચિત્તને તમેં હરિના શ્રવણ-કીર્તન-સ્મરણમાં લગાડો. એની લીલામાં આટલો સ્વાદ છે કે તમે એની લીલા સાંભળતાં થાકશો નહીં, એના રૂપમાં એટલું માધુર્ય છે કે એનું ચિન્તન તમે કરતા રહેશો. એના નામ-ગુણોમાં એટલું સૌષ્ઠવ છે કે તમે એમાં એવા રચીપચી જશો કે લૌકિક કામનાઓની વાત તો બહુ દૂરની છે, તમારામાં મુક્તિની પણ કામના રહી નહીં જાય. આવી રીતે જ્યારે તમારું ચિત્ત હરિના શ્રવણાદિમાં લાગેલું રહેશે તો એ શ્રવણાદિથી જ તમારો બીજભાવ પ્રેમ-આસક્તિ-વ્યસન પર્યન્ત દઢ થઈ જશે. અને જે દિવસે તમારો બીજભાવ વ્યસનાવસ્થાએ પહોંચી ગયો તે દિવસ તમે ભક્તિમાર્ગીય દષ્ટિથી કૃતાર્થ થઈ ગયા. જ્યારે તમારી ભક્તિ વ્યસન અવસ્થા પર પહોંચી ત્યારે તમારો બીજભાવ દઢ થઈ ગયો. હવે તમારા ભક્તિબીજના નષ્ટ થવાની સમ્ભાવના નથી.

અવ્યાવૃત્ત ભક્તિમાર્ગી માટે તેના બીજભાવને દઢ કરવા માટે સ્વગૃહમાં પ્રભુના ગુણગાન સહિત ભગવત્સેવા અને વ્યાવૃત્ત ભક્તિમાર્ગી ગુણગાન રૂપી ઉપાયો બતાવ્યા પછી શ્રીમહાપ્રભુજી ભક્તિની વિભિન્ન અવસ્થાઓનું વર્ણન કરે છે.

**સ્નેહાદ્ રાગવિનાશઃ સ્યાદ્ આસક્ત્યા સ્યાદ્ ગૃહારુચિઃ ।।૪।।**
**ગૃહસ્થાનાં બાધકત્વમ્ અનાત્મત્વં ચ ભાસતે ।।**
**યદા સ્યાદ્ વ્યસનં કૃષ્ણે કૃતાર્થઃ સ્યાત્ તદૈવ હિ ।।૫।।**

જે દિવસે તમને પ્રભુમાં સ્નેહ થશે તે દિવસ પ્રભુના ઈતર બધા રૂપોમાંથી તમારો રાગ ખતમ થઈ જશે. જ્યારે પ્રભુમાં તમે આસક્ત થશો ત્યારે ઘરમાં તમારું મન લાગતું બંધ થઈ જશે. અને વ્યાવૃત્ત હોવાને કારણે તમે પ્રભુને તમારા ઘરમાં પધરાવી ન શક્યા, તમે શ્રવણાદિની પ્રણાલીથી તમારા ભક્તિબીજને દઢ કરતા રહ્યા છો તેથી તમને તમારા ઘર, પરિવાર વગેરેની ભગવત્સેવોપયોગિતા



સમજમાં નહીં આવે. તમારું મન ભગવદાસક્ત હોવાને કારણે જે ભગવદુપયોગી નહીં હોય તેના પ્રત્યે તમારા મનમાં અનાત્મીયતાનો ભાવ જાગશે. આવો ભાવ જ્યારે જાગશે ત્યારે તમે ભક્તિમાર્ગીય ત્યાગમાર્ગ ઊપર આગળ વધી શકશો. યાદ કરો, વાત ફરીને પહેલા શ્લોક તરફ જઈ રહી છે જ્યાં શ્રીમહાપ્રભુજીએ દઢ બીજભાવવાળાને ઘરનો ત્યાગ કરવાની છૂટ આપી છે. આમ જ્યારે આગળ વધતાં પ્રભુમાં વ્યસન સિદ્ધ થઈ ગયું તો તમે કૃતાર્થ થયા.

સાહિત્યકારોએ લૌકિક સ્નેહની દસ અવસ્થાઓ ગણાવી છે : ચક્ષુરોગ, મનઃસંગ, સંકલ્પ, જાગરણ, તનુતા, વિષયદ્વેશ, ત્રપાનાશ, ઉન્માદ અને મરણ.

[1]સૌ પ્રથમ ચક્ષુરાગ થાય છે. એટલે કે આંખો ચોંટે છે. [2]જેવી આંખોં ચોંટી તેવું તેના પાછળ-પાછળ આપણું મન પણ ત્યાં ચોંટે છે. [3]મનના ચોંટતાં તે વિષયના સમ્બન્ધમાં સંકલ્પો થવા લાગે છે. [4]સંકલ્પો પૈદા થતાં માણસમાં શેખચલ્લી જેવું થવા માંડે છે કે હવે આમ કરીશ, પછી આમ કરીશ, પછી એ લાવીશ, પછી આ ખાઈશ વગેરે. મનમાં શેખચલ્લીના આવતાં નિદ્રા ગાયબ થઈ જતી હોય છે. [5]જ્યારે ઉજાગરા થવા લાગે ત્યારે શરીરમાં અશક્તિ વરતાવા લાગે છે. [6]શરીર અશક્ત થતાં જેમાં મન લાગેલું છે તે સિવાયના બધા વિષયો ગમતાં બંધ થઈ જશે. [7]બધે અણગમો થતાં બીજાની દરકાર કરવાનું તમે છોડીદો છો. આમ લજ્જા-શરમ છૂટી જાય છે. આના પછીની અવસ્થા ખતરનાક છે. [8]લજ્જા છૂટતાં તમારામાં ઉન્માદ છવાઈ જાય છે. [9]ઉન્માદ વધતાં તે મૂર્છા-બેહોશીમાં પરિણમે છે. [10]અને મૂર્છા અન્તે જઈને મરણમાં ફેરવાઈ શકે છે. આમ સાહિત્યરસિકોએ લૌકિક સ્નેહની દશવિધ અવસ્થાઓ વર્ણવી છે.

આ દશ અવસ્થાઓની તુલના ભકિતવર્ધિનીમાં વર્ણવેલ બીજભાવ, પ્રેમ, આસક્તિ અને વ્યસન ની સાથે કરીએ તો પ્રથમ અવસ્થા ચક્ષુરાગની છે. પરન્તુ જે ભક્તિમાર્ગીને પોતાના ઘરમાં પ્રભુને પધરાવીને એમની સેવા કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત નથી થયું એને પ્રભુમાં ચક્ષુરાગ કેમ થશે? તેથી વ્યાવૃત્ત ભક્તિમાર્ગીને શ્રીમહાપ્રભુજી ચક્ષુરાગને સ્થાને શ્રવણરાગ એટલ કે પ્રભુના નામ-ગુણ-લીલાના શ્રવણ વડે શ્રવણરાગ ઉત્પન્ન કરવાની આજ્ઞા કરે છે. શ્રવણરાગથી

જેવું આપણું મન પ્રભુમાં લાગશે તેવું આપણે અનાયાસ જ પ્રભુના ગુણોનું મનન-ચિન્તન કરતા થઈ જશું. આમ શ્રવણ = ચક્ષુરાગ અને કીર્તન = મનઃસંગ થયું. મનઃસંગ થતાં ભક્તિમાર્ગીય સંકલ્પો ઉઠશે ''મેરી પલકનસોં મગ ઝારો, યા મગમેં મેરો પિય આવત હૈ તન-મન-પ્રાણ નિવારો''. પ્રાચીનકાળમાં આપણે ત્યાં રાત્રે જાગીને કીર્તન કરવાની પ્રણાલી હતી. જો આપણે નિદ્રા ઊપર કાબૂ મેળવીને, પ્રભુના ર્કીતન માટે જાગી શકીએ છીએ તો આ ભક્તિની એક વિકસિત અવસ્થાનું પ્રમાણ છે. આમ લૌકિકસ્નેહની બધી અવસ્થાઓનો સમાવેશ શ્રીમહાપ્રભુજીએ ભક્તિવર્ધિનીમાં બતાડેલ ચાર અવસ્થાઓમાં થઈ જાય છે. બીજભાવ = ચક્ષુરાગ-મનઃસંગ-સંકલ્પ; સ્નેહ = જાગર-તનુતા; આસક્તિ = વિષયદ્વેશ-ત્રપાનાશ અને વ્યસનદ = ઉન્માદ-મૂર્છા અને મરણ.

શ્રીમહાપ્રભુજીએ મરણની જગાએ 'વ્યસન' શબ્દનો પ્રયોગ કર્યો છે એનું કારણ એ કે ભક્તનું કદિ મરણ થતું નથી. ભગવદ્ભક્તનો ગોલોકમાં વાસ થાય છે, નિત્યલીલામાં પ્રવેશ થાય છે, અનું કદિ મરણ થતું નથી. આજે જોકે આપણે પુષ્ટિમાર્ગીમાટે શબ્દ ગોલોકવાસ-નિત્યલીલાપ્રવેશ જેવા ઊંચા વાપરીએ છીએ પણ પાછી એમાં પણ લૌકિક બુદ્ધિ કરીને ગોલોકવાસી કે નિત્યલીલાપ્રવેશ થવાની શોકસભા પણ ભરીએ છીએ. આ બહુ મોટો ગોટાળો છે. આનાથી પુષ્ટિમાર્ગમાં આપણી અપાત્રતા સાબિત થાય છે.

**તાદશસ્યાપિ સતતં ગેહસ્થાનં વિનાશકમ્ ।।**
**ત્યાગં કૃત્વા યતેદ્ યસ્તુ તદર્થાર્થૈકમાનસઃ ।।૬ ।।**
**લભતે સુદઢાં ભક્તિં સર્વતોડપ્યધિકાં પરામ્ ।।**

વ્યસન સિદ્ધ થઈ ગયા પછી પણ શ્રીમહાપ્રભુજી એક થર્મોમીટર્ આપી રહ્યા છે વ્યસનના તાવને માપવા માટે. વ્યસન સિદ્ધ થઈ ગયા પછી પણ જો તમને તમારું ઘર વહાલું લાગી રહ્યું છે, એનો ત્યાગ કરવામાં જીવ ચાલતો નથી, સતત તમે ઘરમાં ચોંટેલા છો તો સમજી જાઓ કે વ્યસનનો પારો નીચે ઉતરી રહ્યો છે. તેથી શ્રીમહાપ્રભુજી કહે છે કે જ્યારે કૃષ્ણવ્યસન સિદ્ધ થઈ ગયું છે તો પછી ઘર-સંસારના ભાવોની ભાળસેળ શા માટે ભક્તિભાવમાં કરો છો.



વ્યસન સિદ્ધ થઈ ગયું છે તો હવે ઘરમાં રહીને શું કરીશ, ચાલ બાહર નીકળી જા. કેવળ કૃષ્ણની કામનાથી ત્યાગ કર. ચેલા મૂંડવાની કામના કે ધન કમાવાની કામના થી નહીં કેવળ કૃષ્ણપ્રાપ્તિની કામના રાખીને ઘર-બારનો ત્યાગ કરીદે. ખરેખર તો વ્યસન જેને સિદ્ધ થઈ ગયું છે એને ત્યાગ કરવાનું કહેવું પડતું નથી, એને પોતાને પણ ખબર ન પડે એમ એનાથી ઘર-બારનો ત્યાગ થઈ જાય છે. આવો ત્યાગ જેનાથી થઈ જાય છે એને ચોક્કસ સર્વાત્મભાવ સિદ્ધ થઈ જશે. આ વ્યસનથી પણ આગળ થનારી પરાભક્તિની પ્રાપ્તિ છે.

આ બધું નિરૂપણ વ્યાવૃત્ત ભક્તિમાર્ગીને શ્રવણ-કીર્તનની પ્રણાલીથી પ્રાપ્ત થતી પ્રેમાસક્તિ-વ્યસન-સર્વાત્મભાવ રૂપા અવસ્થાનું થયું. પણ જેને પ્રભુમાં પ્રેમાસક્તિ-વ્યસનાદિ અવસ્થાઓ ગુણગાન સહિત ઘરમાં પ્રભુસેવા કરતાં-કરતાં સિદ્ધ થાય છે તેનું ઘર-પરિવારાદિ કેમકે ભગવદ્વિરોધી નથી તેથી તેમાં તેનો રાગવિનાશ નહીં થાય, તેમાં તેની અરુચિ નહીં થાય, તે બધાંમાં તેને અનાત્મીયતાનો ભાવ નહીં જાગે. તેણે તો ઘરને પોતાનું ઘર જાણ્યું જ નથી. ઘરમાં પ્રભુને જે દિવસે પ્રભુને પધરાવ્યા તે દિવસથી એ ઘર પ્રભુનું જ ઘર બની ગયું છે. પરિવાર પણ હવે તેનો નથી રહ્યો પ્રભુની સેવાનો પરિવાર છે. દેહાદિકનું પોષણ-રક્ષણ પણ તેણે તે પ્રભુની સેવામાં ઉપયોગી છે તે દૃષ્ટિથી જ કર્યું છે. ઈસાઈ ધર્મમાં કહેવાય છે : ''યોર્સ્ ઈન સર્વિસ્ ઓફ્ ક્રાઈસ્ટ્''. એમ સેવાકર્તાને પણ એમ થઈ જશે કે ''માઈન્ ઈન્ સર્વિસ્ ઓફ્ કૃષ્ણ''. આ દીકરો મારો છે પણ કૃષ્ણની સેવામાટે મારો છે. પત્ની મારી છે પણ કૃષ્ણસેવાર્થે એ મારી પત્ની છે. આ ધન મારું છે પણ કૃષ્ણસેવાર્થે એ મારું છે. ઘર મારું છે પણ કૃષ્ણસેવાર્થે એ મારું છે. આમ ''માઈન્ ઈન સર્વિસ ઓફ્ કૃષ્ણ''નો ભાવ દઢ થઈ જશે એ ભાવજ તમારામાં કૃષ્ણવ્યસન પૈદા કરશે. આ સ્થિતિ તમને ભક્તિનો પરિપૂર્ણ અનુભવ કરાવશે. કેમકે આચાર્યચરણ આજ્ઞા કરે છે કે ''સેવા કે કથા બેમાંથી એકમાં પણ જેની આસક્તિ દઢ હશે એના ભાવનો નાશ કદિ નહીં થાય'' તો જેની સેવા અને કથા બન્નેમાં દઢ આસક્તિ છે તેની તો વાત જ શું કરવી.

શ્રીમહાપ્રભુજી પઞ્ચશ્લોકીમાં ઘર-ધન-સંગની ત્યાજ્યતા બતાવે છે. આપ આજ્ઞા કરે છે કે ઘર-ધન-સંગ ત્યાજ્ય છે કારણ કે લૌકિકાસક્તિનું તે મૂળ

છે એ એનો સૌથી મોટો દોષ છે. આ દોષનું નિવારણ તે સ્થિતિમાં શક્ય છે કે જો તેનો વિનિયોગ ભગવત્સેવામાં કરવામાં આવે. પ્રભુને જો ઘરમાં પધરાવવામાં આવે તો એ ઘર ભગવદીય ઘર બની જશે, ધનનો વિનિયોગ જો પ્રભુસેવામાં કરવામાં આવશે તો એ ભગવદીય ધન બની જશે. અને તે જ રીતે જો સંગ પણ ભગવદીયોનો કરવામાં આવશે તો એ બાધક બનવાને ઠેકાણે સાધક બની જશે. પરન્તુ જે ભક્તિમાર્ગી આવું કરી નથી શકતો તેને શ્રીમહાપ્રભુજી આ બધાની ત્યાજ્યતા બતાવે છે. શ્રીમહાપ્રભુજીની આ એક જાતની ધમકી જ છે. કારણે કે શ્રીમહાપ્રભુજી ત્યાગને પણ નિર્વિઘ્ન નથી માનતાં. તેથી ત્યાગ કરવાની આજ્ઞા કર્યા પછી પણ પાછા ત્યાગમાં આવતા વિઘ્નોનું નિરૂપણ કરી રહ્યા છે :

**ત્યાગે બાધકભૂયસ્ત્વં દુઃસંસર્ગાત્ તથાઽન્નતઃ ॥૭॥**
**અતઃ સ્થેયં હરિસ્થાને તદીયૈઃ સહ તત્પરૈઃ ॥**
**અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ ॥૮॥**

ત્યાગ કરવાથી તમરું બધું છૂટી જશે એમ જો તમે સમજતા હશો તો તમે ભ્રમમાં છો. ત્યાગ કરીને પણ જશો ક્યાં? આજે તો જંગમાં જવું હશે તો પણ વન વિભાગના અધિકારીને લાંચ આપવી પડશે. તમે જંગમાં પણ તપસ્યા કરશો કેવી રીતે? થોડા સમય પહલા ઉત્તરપ્રદેશની સરકા એવો પ્રસ્તાવ પારિત કરવા જઈ રહી હતી કે જેને પણ સંન્યાસ લેવો હોય તેણે સરકાર પાસેથી સંન્યાસીનું લાયસંસ લેવું પડશે. જો એવું થઈ જાય તો જે ઘર-ધન બધું છોડીને સંન્યાસી બને એણે ઉત્તરપ્રદેશ સરકારને લાંચ આપવાના રૂપીઆ સંન્યાસી બન્યા પછી પણ સાથે રાખવા પડે. આવી કઠિન પરિસ્થિતિ છે ત્યારે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે તમે કેવી રીતે ત્યાગમય જીવન જીવી શકશો. જેના પ્રતિબંધોથી ડરીને તમે ત્યાગ કર્યો છે તે જ અથવા તેવા જ લોકોનો તમને પાછો સંગ થશે. કેમકે દેહનિર્વાહ માટે તમે ભિક્ષા માંગવા કોની પાસે જશો? એ જ ગૃહસ્થ લોકોની પાસે તમને ભિક્ષા માંગવી પડશે કે જે ગૃહસ્થીને છોડીને તમે નીકળ્યા છો. આટલું ઓછું હોય તેમ કેટલાક ચેલાઓ તમારી આસ-પાસ એકઠાં થઈ જશે કે જેઓ તમને ગુરુની જગાએ ભગવાન્ બનાવી દેશે. થોડા દિવસ આ નાટક ચાલશે એટલે તમને પણ એવી ભ્રાન્તિ થઈ જશે કે ખરેખર હું ક્યાંક



ભગવાન જ તો નહીં હોઉં! જેવા તમે ભગવાન્ બનશો અને તમરી આગળ-પાછળ ચેલાઓ જમા થઈ જશે એટલે પાછું એ જ ચકેડું ચાલુ થઈ જશે કે જેને ત્યાગીને તમે ભાગ્યા હતા. તેથી શ્રીમહાપ્રભુજી કહે છે કે ‘‘ત્યાગે બાધકભૂયસ્ત્વમ્’’.

ઘરમાં ભગવત્સેવાની અનુકુળતા નથી તો ગૃહત્યાગની ઉતાવળ કરવાની કોઈ જરૂર નથી. તમે તમારી આસ-પાસ એવા કોઈ ભગવદીયને શોધવાનો પ્રયાસ કરો કે જે પોતાના ઘરમાં શુદ્ધ ભાવથી કૃષ્ણસેવા કરતો હોય. જે પોતે નિઃસ્પૃહ હોય. એવા ભગવદીયનો સંગ કરો. એની પરિચર્યા કરો. જેમ ગોપી યશોદાજી પાસે જઈને કહેતી કે **‘‘બોલિ લેહુ સંકોચ કરો જિન જબ તુમ સુત હિ ન્હવાવો, શ્રીવિટ્ઠલ ગિરિધરનલાલકોં મોહીપે ઉબટાવો’’.** તમે તમને લાલનનું બીજું ઘણું કામ છે. લાલનને ન્હવડાવવાનું બાકી છે તો મને કેમ બોલાવી નથી લેતા. હું ન્હવડાવી દઈશ તમારા લાલનને. એટલું કરવાથી હું કંઈ ઘસાઈ જવાની નથી! આ પરિચર્યા છે. જે સેવા કરી રહ્યો છે એની સેવા કરવી એ પરિચર્યા કહેવાય. એમ શ્રીમહાપ્રભુજી કહે છે કે તમે પણ કોઈ યશોદાજી સાથે દોસ્તી કરીલો. એ જ્યારે સેવા કરતા હોય ત્યારે તમે એની પરિચર્યા કરો. પણ ગૃહત્યાગની ઉતાવળ નહીં કરતાં.

પરન્તુ સંગ કરવામાં પણ સાવધાની રાખજો. જે ભગવદીય દેખાતો હોય પણ ભગવત્સેવાપરાયણ ન હોય તેનો સંગ કદાપિ ન કરતાં. તમને સેવા સોંપીને જે પોતે નિશ્ચિન્તતા અનુભવતો હોય, બોઝો હલકો થયાનો અનુભવ કરતો હોય, કે તમને સેવા આપવામાટે તમારી પાસેથી ભેટ-સામગ્રી વસૂલતો હોય એનો સંગ નહીં કરતા. એ તો ભગવદીયના વેશમાં કોઈક ઢોંગી છે. તેથી જે નિઃસ્વાર્થ હોય, સિદ્ધાન્તનિષ્ઠ હોય અને જે સચાઈથી પ્રભુપરાયણ હોય એવાનો જ સંગ કરજો.

સંગ કરવામાં એક વ્યાવહારિક સાવધાની રાખવાનું સૂચન શ્રીમહાપ્રભુજી કરી રહ્યા છે કે કોઈના જીવનમાં નાહક એટલું બધું ડોકિયું ન કરો કે જેથી એના ઘરની ગંદકી તમને જોવાનો વારો આવે. અને કોઈથી એટલ બધા છેટા પણ તમે ન રહો કે જેથી તમે એના ગુણોનો લાભ પણ લઈ ન શકો. ‘‘અધિકો ભલો ન

બોલનો અધિકી ભલી ન ચુપ, અધિકી ભલી ન છાંવ હૈ અધિકી ભલી ન ધૂપ'' આ ન્યાયે વધુ નજીન ન જાઓ અને વધુ દૂર પણ ન રહો.

પ્રાચીન સમયમાં જ્યારે વલ્લભવંશજો અને શિષ્ય વૈષ્ણવો એ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્ત અનુસાર પોત-પોતાના ઘરમાં કૃષ્ણસેવા અને કથા મય જીવન જીવવાનું શરૂ કર્યું ત્યારે પણ બધા પુષ્ટિમાર્ગીઓ એવા ન હતા કે જેઓ પોતાના ઘરમાં પ્રભુસેવા-કથામય જીવન જીવી શકે. જેઓને પ્રતિકુળતા હતી તે પુષ્ટિમાર્ગીઓ શ્રીમહાપ્રભુજીની **''તદીયૈઃ સહ તત્પરૈઃ સ્થેયમ્''** આજ્ઞાનું અનુસરણ કરતા થયા. તદનુસાર કોઈ પોતાના નજદીકી ભગવદીયનો સંગ કરતા અને તેમની આજ્ઞાથી તેમને ત્યાં થતી ભગવત્સેવામાં પરિચર્યા કરતા. કેટલાક વૈષ્ણવો શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી વગેરે પોત-પોતાના ગુરુજનોના ઘરમાં ગુરુકુલના સદસ્ય તરીકે કાયમમાટે રહી ગયા અને ગુરુ જ્યારે ભગવત્સેવા કરતા ત્યારે તેમની પરિચર્યા કરતા અને અનવસરમાં જ્યારે ગુરુ અધ્યાપન-પ્રવચન કરતા ત્યારે તેમની પાસેથી તેઓ શ્રવણલાભ પણ લેતા. જ્યાં સુધી ગુરુજનો સ્વયં પ્રભુપરાયણ અને નિસ્પૃહ હતા ત્યાં સુધી તો આ બધું બરોબર ચાલ્યું પરન્તુ આગળ જતાં આ પ્રક્રિયા દૂષણમાં પરિણમી. ગુરુજનોમાં સેવાપરાયણતા ઓછી થતાં સ્વધર્મ રૂપા પોતે કરવાની સેવાને તેમણે તેમને ત્યાં પરિચર્યા કરનારા અન્તેવાસીઓને ભરોસે મૂકવાનું શરુ કર્યું. આગળ જતાં આ ભગવદીય સત્સંગી વૈષ્ણવો કે તેમના વંશવારસો વ્યાવસાયિક મુખીયા-ભીતરીયા-જલઘરીયા-દૂધઘરીયા બની ગયાં. શ્રીમહાપ્રભુજીએ કહ્યું હતું ''ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ'' અને આપણે ઘરોને મંદિર બનાવી નાખ્યા. આપણે ત્યાં ભગવદીય સમ્બન્ધથી પરિચર્યા કરવા આવેલે કોઈક દિવસ બજારથી કોઈ વસ્તુ સુંદર જોઈને નિઃસ્વાર્થ ભાવે ઠાકોરજી માટે પધરાવી અને આપણે વિચારવા લાગ્યા કે આ તો સારો ઘરાક હાથ આવી ગયો. આપણે અને આપણા ઠાકોરજીના મનોરથો કરવા પટાવવા લાગ્યા કે અરે તુ તો ઘણો ભગવદીય છે. જરા ઠાકોરજીનો આ મનોરથ તો કરાવી દે! મારા ઠાકોરજીમાટે હીરાનું મુકુટ કરાવી દે! આમ દુકાનદારી ચાલુ થઈ ગઈ. ''બરબાદે ચમનમેં બહારોંકા હાથ હૈ''. જેમને આપણે સહારો આપ્યો એ જ આપણને લઈ ડૂબ્યાં. પુષ્ટિમાર્ગમાં મંદિરો કેમ બન્યા એ તમે મને પૂછ્યું એનો ઈતિહાસ મેં



તમને કહ્યો. પુષ્ટિમાર્ગમાં મંદિર કદિ હતા નહીં, પુષ્ટિમાર્ગમાં મંદિર કદિ હોઈ ન શકે. ગૃહસેવા એ જ પુષ્ટિમાર્ગનો સિદ્ધાન્ત છે. આવા જ બેહાલ આપણે ત્યાંની ભગવત્કથા પ્રણાલીનો પણ થયો. કોઈ જાણકાર ભગવદીય પાસે સંગી વૈષ્ણવો ભગવત્કથા શ્રવણ કરવા જવા લાગ્યા. ધીરે-ધીરે તેમના પ્રત્યે આદર વધતાં શ્રોતાઓએ તેમને ભેટ ધરવાની શું કરી. પોતાને ત્યાં કથા-કીર્તન કરવા નિમન્ત્રણ આપવાનું શરુ કર્યું. આગળ જતાં પેલા જાણકાર ભગવદીય ભક્તિમાર્ગી સાધક મટી જઈને ધંધાદારી વક્તા બની ગયાં.

તેથી શ્રીમહાપ્રભુજી જ્યારે આપણને ''તદીયૈઃ સહ તત્પરૈઃ'' આજ્ઞા આપી રહ્યા છે ત્યારે આપણને શ્રીમહાપ્રભુજીની ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા'' આજ્ઞાને ભૂલવાની નથી. પોતાના તનથી પોતાના ધનથી પોતાના ઘરમાં જે સેવા થાય છે તે જ પુષ્ટિમાર્ગી સેવા છે. આ પ્રમાણે સેવા કરવાથી જ માનસી અવસ્થા સિદ્ધ થશે. તેથી આવનાર પરિચારક તમારી સેવાને ભ્રષ્ટ કરી ન દે એની સાવધાની સેવાકર્તાએ રાખવાની છે. સેવાકર્તાએ પણ એનાથી ''અદૂરે વિપ્રકર્ષે વા'' યોગ્ય અંતર જાળવવું પડશે. બંન્નેએ એ વાત ધ્યાનમાં રાખવાની છે કે પોત-પોતાની અહન્તા-મમતા પ્રભુની સાથે જોડવાની છે, એક-બીજાની સાથે નહીં. યોગ્ય અન્તર નહીં જાળવો તો તમે તમારી અહન્તા-મમતાને પ્રભુની સાથે જોડવાને સ્થાને એક-બીજામાં જોડતા થઈ જશો. અન્તે ''લોભી ગુરુ લાલચી ચેલા, દોઉ નરકમેં ઠેલં ઠેલા'' ગતિ થયા વિના નહીં રહે.

અહીં એક ત્યાગવદી શ્રીમહાપ્રભુજીને પૂછી રહ્યો છે કે ઘરમાં પણ ભાંજગડ છે અને કોઈના સંગમાં પણ લફડા છે તો આપ એમ જ સીધી આજ્ઞા કેમ કરી નથી દેતા કે જંગલમાં એકલા રહીને પ્રભુની ભક્તિ કરો!

શ્રમહાપ્રભુજી પુષ્ટિમાર્ગીને કોઈ પણ વિષયમાં અતિવાદી બનાવવા નથી માંગતા. કેમકે અતિવાદ કરવાથી યા તો અહન્તા વધી જશે યા મમતા. શ્રીમહાપ્રભુજી ભક્તિના બીજ આપણા સ્વભાવમાં ઈચ્છી રહ્યા છે, અહન્તા કે મમતા માં નહીં. સ્વભાવનો અર્થ છે : અહન્તા-મમતાનું સન્તુલન. તેથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે :

**બાધસમ્ભાવનાયાન્તુ નૈકાન્તે વાસ ઇષ્યતે ।।**
**હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ ।।૧૦।।**

એક વખત અમે નાસિક ગયા. મારું બાળપણ નાસિકમાં વીત્યું છે એટલે મને એ સ્થાન ખુબ ગમે છે. ત્યાં ગોદાવરી નદિમાં સ્નાન કરવામાટે હું મારી ત્રણ વર્ષની નાની બાળકીને લઈને ગયો. નહાવાની મસ્તિમાં હું એ ભૂલી ગયો કે મારી નાની બાળકી ઘાટ ઉપર બેઠી છે. હું નદિના સામે પાર પહોંચી ગયો. થોડી વારમાં મેં જોયું તો એ નદિમાં તણાવા લાગી. જેમ-તેમ કરીને તેને બહાર કાઢી. પણ એ ઘટના પછીથી એના માનમાં પાણીનો ભય એવો બેસી ગયો કે નદિ-તળાવ દેખાય કે રડવા લાગે.

આ ઘટનાના કેટલાક સમય પછી અમે કેરલ ગયાં. ત્યાં એક સ્થળે સુંદર કુંડ હતો અને એની પાસે જ ખુબ નાની નદિ વહેતી હતી. પ્રવાહ સારો હતો પણ પાણી મારી બાળકીના ગોઠણ સુધી માંડ પહોંચતું હતું. અમે ત્યાં ગયા અને ન્હાવા લાગ્યા પણ મારી બાળકી ન્હાવા ન આવે. અમે એને ખુબ સમજાવી પણ એ એકની બે ન થઈ. થોડી વાર પછી ગામના નાના-નાના બાળકો નદિમાં ન્હાવા આવ્યા. તેઓ ત્યાં રોજ ન્હાતા. મારી બાળકીએ એ બધાને ન્હાતા જોયાં. એને મનમાં થયું કે એના જેટલા અને એનાથી પણ નાના બાળકો નદિમાં ન્હાઈ રહ્યા છે તો પછી ડરવાનું કારણ નથી. ધીરે-ધરે એનો ભય ઓછો થવા લાગ્યો. બીજે દિવસથી તો એનો ભય ગાયબ જ થઈ ગયો. પછી તો સવારથી એ અમારા વિના એકલી જ નદિએ ન્હાવા ચાલી જતી અને કલાકો સુધી ન્હાતી રહેતી એવું વ્યસન એને થઈ ગયું.

આ પરથી મને એ સમજાયું કે આપણે કેવળ ભગવાનના સહારે ભક્તિ કરીએ અને કોઈ ભક્તના સહારે ભક્તિ કરિએ તો એમાં કેટલો ફરક પડે છે. આમાં ભક્તિમાર્ગનું રહસ્ય છુપાયેલું છે જો સમજમાં આવતું હોય તો. કોઈક વખત જીવાત્મા પોતાના સાધનની સચાઈમાં ભવસાગરમાં ડૂબે છે. થોડો ડૂબવા લાગે, આંખ-નાકમાં વિષયાસક્તિનું પાણી ઘુસવા લાગે તો જીવાત્મા ત્રાહિ-ત્રાહિ કરવા લાગે છે. આ ભવસાગર બહુ ખતરનાક છે. કદાચ ભગવાન્ એને બચાવી લે તો પણ એને ભવસાગર ઊપરથી વિશ્વાસ ઉઠી જાય છે કે ભગવાન્ તો



સમર્થ છે તેથી પોતે ભવસાગરથી અલિપ્ત રહી શકશે પણ હું તો ચોક્કસ ડૂબીજ જઈશ એવો ભય એના માનમાં બેસી જાય છે. અને ભગવાનની કૃપા ઊપર અનાસ્થા થઈ જાય છે. ભવસાગર દેખતાં જ એ રડવા લાગી જાય છે. પણ જો કોઈક ભગવદીયોનો સત્સંગ મળે કે જે પોતે ભગવાન્ નથી કે ભગવાન્ હોવાનો પોતે દાવો પણ કરતા નથી, તેઓને ભવસાગરમાં ભગવદ્ભક્તિ કરતા જુએ તો ફરીથી એના મનમાં આસ્થાનો સંચાર થઈ શકે છે. એનો ભય દુર થઈ શકે છે. તેથી જો તમે તમારા સમાન ભક્તોની સાથે નદિ-તળાવમાં કુદા-કુદી કરીલેશો તો તમારો ભય પણ દુર થઈ જશે. પછી તમે પણ ભગવાનને કહેતા થઈ જશો કે આપ આ જગત્માં ક્રીડા કરી રહ્યા છો તો અમે પણ આપની સાથે આ જગત્માં આપની સાથે ક્રીડા કરીશું. વ્રજભક્તોની મનોદશા એવી થઈ ગઈ હતી કે એક ક્ષણ પણ ભગવલ્લીલાના દર્શન વિના જાય એ એમનાથી સહન થતું ન હતું. એક ક્ષણ પણ ભગવાન્ એમના વિના કોઈ લીલા કરે એ એમને સ્વીકાર્ય ન હતું. ભગવાન્ જે લીલા કરે એમાં તેઓ પોતાનો હિસ્સો માંગતા હતા. ભગવાન્ ગોવર્ધન પર્વત ઉપાડે તો તેઓ એમાં પોતાના ડંડાનો ટેકો લગાવતા. ભલે એમના ડંડાથી ગોવર્ધન ઉચકાય નહીં. ભવસાગરમાં ડૂબવાના ભયથી ભગવાનની કૃપાને ઈન્કારવી ન જોઈએ. એક વખત પરમાત્માની કૃપામાં આસ્થા પૈદા કરો તો તમે આ ભવસાગરની લહેરોમાં હિલોરા લેવાની મજા લઈ શકશો. અને કૃપા ઊપર જો તમારી આસ્થા તૂટી ગઈ તો મારી બચ્ચીની માફક તમે કિનારા ઉપર બેસીને રડતા રહેશો કે મારા કાકા તો તરી જશે પણ હું ડૂબી જઈશ. અરે સમજો કે કાકામાં કોઈક વખત બચપનો આવી શકે છે પણ કાકા કદિ એટલો નિર્મમ ન હોઈ શકે કે જે પોતાના બાળકને ડૂબવા દે. પરમાત્મા ક્યારેય એવું ન ઈચ્છી શકે કે કોઈ જીવાત્મા ભવસાગરમાં ડૂબી જાય. પરમાત્મા એ જરૂર ચાહે છે કે જેમ એને આ ભવસાગરમાં તરવાનો આનન્દ આવી રહ્યો છે તેમ તમે પણ એની સાથે ભવસાગરમાં તરો. તેથી શ્રીમહાપ્રભુજી કહે છે : ‘‘સર્વેન્દ્રિયૈસ્તથાચાન્તઃકરણૈરાત્મનાપિ હિ, બ્રહ્મભાવાત્ તુ ભક્તાનાં ગૃહએવ વિશિષ્યતે’’. બધી ઈન્દ્રિયો, અન્તઃકરણ તેમજ આત્મા થી આ ભવસાગરમાં આવતી વિષયવાસનાની લહેરોમાં તમે ડૂબો નહીં. વિષયવાસનાની લહેરોમાં તમે પરમાત્માની સાથે હિલોળા લઈને તરતા રહો. આમાં ડૂબવાની કોઈ વાત નથી. એ તમને ડૂબવા નહીં દે. પણ તમને જ જો ભય લાગતો હશે કોઈક દિવસ

ડૂબી ગયા હતા એ કટુ અનુભવની યાદથી તો વાત અલગ છે. નહિતો અહીં કોઈ ભય નથી. તેથી શ્રીમહાપ્રભુજી કહે છે કે પરમાત્માની કૃપા ઊપર વિશ્વાસ ન બેસતો હોય તો પોતાની હમઉમ્રની સાથે થોડી કુદા-ફાંદી કરીને પોતાના ભયને દૂર કરીદો. તેથી આજ્ઞા કરે છે કે

**બાધસમ્ભાવનાયાન્તુ નૈકાન્તે વાસ ઈષ્યતે ।।**
**હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ ।।૧૯।।**

તમે એકલા રહેશો તો વધુ ડરશો. જેટલા વધુ બીશો તેટલા તમે દૂર રહેશો. તો તમે ભવસાગરની લહેરમાં પ્રભુની સાથે હિલોળા લેવાની મજાથી વંચિત રહી જશો. આવી સ્થિતિ હોય તો તમે એકાન્તવાસ ન કરો. તમારા સંગી ભગવદીય જનોની સાથે નાની નદિમાં થોડા દિવસ કુદા-કુદ કરીલો. તમને વિશ્વાસ બેસી જશે કે આમાં તરી શકાશે. ડૂબવું જ એક નિયતી નથી. આમાં તરવાનો પણ એક આનન્દ છે. ડૂબવાની નિયતી હશે કોઈ ડરપોકની પણ તરવાનો આનન્દ પણ આમાંજ છે. આ જ્યારે તમે સમજી જશો ત્યારે તમને એ પ્રતીત નહીં થાય કે આ સંસારમાં હું કોઈનો સંગ કરીશ અને એ મને છેતરી જશે તો શું થશે. શા માટે ડરો છો. તેં પોતાની જાતને આ સંસારમાં એટલો ઊંચો કેમ માની લીધો કે બીજા લોકો તને ખોટા માર્ગે દોરે! તું તારી જાત ઊપર અવિશ્વાસ કેમ નથી કરતો કે તું પોતે ખોટે માર્ગે ચાલી જઈશ! જ્યારે આપણે એવું કહીએ છીએ કે કોઈક મને ખોટે માર્ગે લઈ જશે ત્યારે મોટે ભાગે આપણે જ સાચા છીએ એવો અહંકાર આપણી અંદર ભરેલો હોય છે. આપણી અંદર અહંકારનો એવો વિસ્ફોટ થયેલો છે કે હું સફેદ ઝકક છું અને બીજા મારા ઊપર દાગ લગાવશે. અરે, તું પોતે દાગ લગાવી શકે છે. દાગ લાગશે તો પહેલો દાગ તારો પોતાનો હશે, બીજા પછી લગાવશે. પહેલા તું તારી અહંતાનો દાગ ધોઈલે. બીજા જો દાગ લગાવશે તો એવી કોઈ પ્રણાલી આપોઆપ ઉભી થઈ જશે કે દાગ લાગે તો તે ધોવાતા પણ જાય. આમ આ ચક્ર ચાલતું રહેશે. અને જો તેં એવો અહંકાર વસાવી લીધો કે ગરબડ હંમેશાં બીજા જ કરે છે તો તુ તારી અહન્તાના એકાન્તમાં ઘેરાઈ જશે. તેથી શ્રીમહાપ્રભુજી કહે છે કે **"હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ"**. કેમ તુ હરિ ઊપર વિશ્વાસ નથી રાખતો. તુ



જ્યાં પણ રહીશ ત્યાં તને હરિનો સાથ તો રહેશે જ. જો હરિનો સાથ છે તો એકાન્તમાં જ રહેવાનો આગ્રહ શા માટે રાખે છે! થોડો ભગવદીયોની સાથે પણ વાસ કર. પણ નીતિ યાદ રાખ જે "અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ". ન તો એટલો પાસે જા કે એમના દોષો તને લાગી જાય અને ન એટલો એમનાથી દૂર રહે કે એમના ગુણોને ગ્રહણ કરવાથી તુ વંચિત રહી જાય.

**ઈત્યેવં ભગવચ્છાસ્ત્રં ગૂઢતત્ત્વં નિરૂપિતમ્ ।।**
**ય એતત્ સમધીયીત તસ્યાપિ સ્યાદ્ દઢા રતિઃ ।।૧૧।।**

આમ શ્રીમહાપ્રભુજીએ આપણને ભગવચ્છાસ્ત્રના ગૂઢ તત્ત્વને સમજાવ્યું. જે આ ભગવચ્છાસ્ત્રનું અધ્યયન કરશે તેને પણ ભગવાન્માં દઢ રતિ પૈદા થશે. કેમ થશે? કેમકે આપણે જાણ્યું કે ભક્તિના માર્ગમાં આવતિ મુશ્કેલિઓ શું છે, ભક્તિની નાજુક લતાને બચાવવાના ઉપાયો શું છે.

ધન્ય છે પુરુષોત્તમ જોષી કે જેમના માટે આ ભક્તિવીર્ધિની ગ્રન્થ પ્રકટ થયો છે. ધન્ય છે એ લોકો કે જેઓ પોતાની નિષ્ઠા ઈષ્ટદેવામાં એકાગ્ર બનાવી શકે છે. એ લોકો ધન્ય નથી કે જેમની નિષ્ઠા ચંચલ છે. તેઓ ધન્ય છે કે જેઓ પોતાના ઈષ્ટદેવ સિવાય બધાની સામે પોતાની ભક્તિનો ઘૂઘટો તાણીને બેઠા છે. ધન્ય છે તેઓ કે જેમનો બીજભાવ પ્રેમ-આસક્તિ-વ્યસનમાં વિકસિત થઈ રહ્યો છે. તેઓ ધન્ય નથી કે જેઓ સાંભળ્યા છતાં ભક્તિમાર્ગમાં નિષ્ઠા પૈદા કરી નથી શકતા. તે વક્તાઓ ધન્ય નથી કે જેઓ પોતાની જાતને ભગવાન્ સાબિત કરવામાટે પ્રવચન કરે છે. તે વક્તાઓ ધન્ય છે કે જેઓ શ્રોતામાં નિષ્ઠા જગાવી શકે છે. તે શ્રોતાઓ ધન્ય છે કે જેઓ ગુરુને ભગવાન્ બનાવવાને ઠેકાણે ગુરુએ જેમની સાથે તેમનો સમ્બન્ધ બાંધ્યો છે એ શ્રીકૃષ્ણમાં પોતાની નિષ્ઠાને અનન્યતાથી સ્થાપિત કરી શકે છે.

4 3 4

# ભક્તિવર્ધિની

## શ્રીગોકુલનાથજી વિરચિત વિવરણ

પોતાના આચાર્યશ્રીના કૃપારૂપ મધુથી ભરપૂર ચરણકમલને નમન કરીને, તેમાંની પરાગથી સારી રીતે રંગાયેલ બુદ્ધિથી ભક્તિવર્ધિનીની વ્યાખ્યા કરું છું. ૧

તે બુદ્ધિમાં દઢતા થાય તે માટે પિતાશ્રી (શ્રીવિટ્ઠલ)ના ચરણથી રજ હૃદયમાં ધારણ કરીને હું (વ્યાખ્યા) કરવા ઉદ્યમ કરું છું અને નક્કી બીજા પ્રકારથી ઉદ્યમ કરતો નથી. ૨

આરંભમાં આચાર્યશ્રી પોતાના માર્ગમાં અંગીકાર કરેલા, પોતાના માર્ગની ભક્તિની વૃદ્ધિનો પ્રકાર નહીં જાણનાર (ભક્તો)ને કૃપાથી તે જણાવવા માટે તે (ભક્તિ)ની વૃદ્ધિનો પ્રકાર (કહેવા)ની નીચેના શ્લોકમાં પ્રતિજ્ઞા કરે છે-

ભક્તિની 'યથા' જે પ્રકારે 'પ્રવૃદ્ધા' ઘણી વૃદ્ધિ 'સ્યાત્' થાય, 'તથા' તે પ્રકારનો 'ઉપાયઃ' ઉપાય 'નિરૂપ્યતે' કહેવામાં આવે છે. 'બીજભાવે' બીજનો ભાવ 'દઢે' દઢ થાય 'તુ' (ત્યારે) તો, 'ત્યાગાત્' ત્યાગથી 'શ્રવણકીર્તનાત્' શ્રવણથી અને કીર્તનથી (ભક્તિ દઢ થાય છે). ૧

'યથા' જે સાધનથી પોતે પ્રકટ કરેલ માર્ગરૂપ ભક્તિની ઘણી વૃદ્ધિ થાય છે 'તથા' તે ઉપાય એટલે સાધન 'નિરૂપ્યતે' કહેવામાં આવે છે, એવો અર્થ છે.

ભક્તિ ઉત્પન્ન થવાના પ્રકારો શાસ્ત્રો, પુરાણો વગેરેમાં કહેલા જ છે. ઉત્પન્ન થયા પછી વૃદ્ધિ તો જણાવ્યા વિના થાય છે જ, કેમકે શ્રીમદ્ભાગવતમાં *''દાન, વ્રત, તપ, હોમ, જપ, વેદનું અધ્યયન અને સંયમથી અને જાત-જાત ના બીજા કલ્યાણ કરનારા (સાધનો)થી શ્રીકૃષ્ણની ભક્તિ પ્રાપ્ત થાય છે''*. અગીયારમાં (સ્કન્ધ)માં પણ *''અમૃતરૂપ (મારી) કથામાં શ્રદ્ધા''* (૧૧।૧૯।૨૦)થી આરંભી *''હે ઉદ્ધવ! એવા ધર્મોથી આત્મનિવેદન કરનાર મનુષ્યોને મારામાં ભક્તિ ઉત્પન્ન થાય*



*છે. બીજો ક્યો પુરુષાર્થ આને (પ્રાપ્ત કરવો) બાકી રહે છે?''* (૧૧।૧૯।૨૪) સુધીના વાક્યોથી. (અને) પહેલા સ્કન્ધમાં પણ *''જે સાંભળવામાં આવતાં પુરુષને શોક, મોહ અને ભયનો નાશ કરનારી, પરમપુરુષ શ્રીકૃષ્ણની ભક્તિ પ્રાપ્ત થાય છે જ''* (૧।૭।૭) એમ અને ગીતામાં પણ *''બ્રહ્મભાવ પામેલો પ્રસન્ન આત્માવાળો શોક કરતો નથી અને આકાંક્ષા રાખતો નથી. તે સર્વ પ્રાણીઓ પ્રતિ સમ હોઈ મારી ઉત્તમ ભક્તિ પ્રાપ્ત કરે છે''* (૧૮।૫૪). એમ ભક્તિની ઉત્પત્તિના પ્રકારો કહેલા જ છે. જો એમ કહેવામાં આવે કે (ભક્તિની) ઉત્પત્તિના પ્રકારો કહેલા હોવા છતાં પણ (તેની) વૃદ્ધિના પ્રકારો કહેલા નહીં હોવાથી તેની વૃદ્ધિના પ્રકાર જણાવવા માટે આચાર્યશ્રીનાં વચન સંભવે છે, તો તે (યોગ્ય) નથી, (કારણ કે) વૃદ્ધિનો પ્રકાર પણ ત્યાં (શ્રીભાગવતમાં) ત્રીજા સ્કન્ધના પાંચમા અધ્યાયમાં કહેલો છે કે *''હે દેવ આપની કથારૂપ અમૃતનું પાન કરીને વૃદ્ધિ પામેલી ભક્તિથી જે શુદ્ધ અન્તઃકરણવાળા થઈ, વૈરાગ્ય જેમાં સાર છે તેવો બોધ પ્રાપ્ત કરીને જેમ સહેલાઈથી વૈકુંઠ પામેલા છે''* શ્લોક ૪૫. અહીં (વૃદ્ધિનો) પ્રકાર પણ કહેલો છે. જો કે અહીં પુરાણો વગેરેમાં પણ (ભક્તિની) ઉત્પત્તિ વૃદ્ધિ વગેરેના પ્રકારો કહેલા જ છે અને તેમાંથી બન્ને (પ્રાપ્ત થવાનું) સંભવે છે, છતાં પણ ''ભક્તિની જે પ્રકારે ઘણી વૃદ્ધિ થાય'' એમ ફરીથી ભક્તિની વૃદ્ધિનો પ્રકાર કહેવાનું શું પ્રયોજન? એવી શંકા થાય તો ખરેખર જાણવું છે દાન, વ્રત વગેરે પહેલાં કહેલાં સાધનો મર્યાદામાર્ગના હોવાથી તેમનાથી ઉત્પન્ન થતી ભક્તિ પણ મર્યાદામાર્ગીય જ છે, કારણ કે કાર્ય અને કારણ એક જ પ્રકારના હોય છે એવો નિયમ છે. વૃદ્ધિનો પ્રકાર પણ તે (મર્યાદા) માર્ગનાં સાધનોથી થતો હોવાથી અને મુક્તિરૂપ ફલ આપનાર હોવાથી મર્યાદામાર્ગીય જ છે. આચાર્યશ્રી તો પોતે પ્રકટ કરેલ શુદ્ધ પુષ્ટિમાર્ગીય ભક્તિનું નિરૂપણ કરવા અને મર્યાદાભક્તિથી તેનો ભેદ જણાવવા, તેનાં સાધનો અને તેનું ફલ જણાવવા અને તેનાં સાધનો અને તેનું ફલ જુદા હોવાનું કહેવા, પોતાના માર્ગની ભક્તિ અને તેની વૃદ્ધિનું સાધન જુદા (હોવાનું) આ ગ્રન્થમાં કહે છે.

**યથા ભક્તિઃ પ્રવૃદ્ધા સ્યાત્ તથોપાયો નિરૂપ્યતે।**
**બીજભાવે દઢે તુ સ્યાત્ ત્યાગાચ્છ્રવણકીર્તનાત્।।૧।।**

જે પ્રકારે પોતાના માર્ગનાં પોતે પ્રકટ કરેલાં સાધનોથી શુદ્ધ પુષ્ટિમાર્ગીય ભક્તિ ઘણી 'વૃદ્ધા' વૃદ્ધિ પામેલી થાય. વૃદ્ધિ ઘણી થવી એટલે ફલ આપવામાં તત્પર થવું-'તથા' તે પ્રકારનો ઉપાય, તે પ્રકારનાં સાધનોનો સમૂહ 'નિરૂપ્યતે'

કહેવામાં આવે છે, એવો અર્થ છે.

(આ શ્લોકના) ઉત્તરાર્ધથી પહેલાં કહેલ સાધનોનો સમૂહ જ કહે છે. અહીં બીજભાવનું સ્વરૂપ (કહીએ છીએ કે) શુદ્ધ પુષ્ટિમાર્ગના આચાર્યની કૃપા પ્રાપ્ત કરી પોતાના માર્ગમાં (કહેલ) પ્રકારનું ભગવાનને નિવેદન કર્યા પછી ભગવાન્ અંગીકાર કરે તે જ બીજભાવ. તેનું દૃઢ થવું એટલે સદા તેમના એકમાં આસક્ત રહી તેમના માર્ગમાં રહેવું તે. 'તુ'='તો' શબ્દથી બીજા માર્ગનાં સાધનોનો અનાદર (કહેલો છે). ત્યારે (તેમ કરવાથી) ભક્તિની ઘણી વૃદ્ધિ થાય. ''ત્યાગથી, શ્રવણથી અને કીર્તનથી'' શબ્દોથી (ભક્તિની) વૃદ્ધિનાં પોતાના માર્ગનાં બીજાં સાધનો કહેલાં છે. 'ત્યાગથી' એટલે ''આ માર્ગના (સાધનો) સિવાયના સાધનોના ત્યાગથી'', તેવી જ રીતે આ માર્ગ પ્રમાણે ભગવાનના ગુણોના શ્રવણથી, તેવી જ રીતે એટલે તેવા જ પ્રકારના કીર્તનથી (ભક્તિની વૃદ્ધિ થાય છે). અહીં (સમાસથી) શ્રવણ અને કીર્તન એક હોય તેવી સ્થિતિ જણાવેલી હોવાથી તે બન્ને એકજાતનાં છે, એમ જણાવેલું છે. ૧

જો કે પહેલાં બીજ દૃઢ કરવાનો પ્રકાર કહેલો જ છે, છતાં પણ કદાચ બીજાના સંગથી વિઘ્ન થાય, તેથી જે પ્રકારે બીજાના સંગ વિના રહેવાથી બીજ દૃઢ થાય, તે માટે નીચેના શ્લોકમાં ભગવાનના ભજનરૂપ બીજો પ્રકાર કહે છે–

**બીજદાર્ઢ્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ ।**
**અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં પૂજ્યા શ્રવણાદિભિઃ ।।૨।।**

('બીજદાર્ઢ્યપ્રકારઃ) બીજ દૃઢ કરવાનો પ્રકાર ('તુ') તો (એવો છે કે) ('અવ્યાવૃત્તઃ) (બીજાનો) સંગ કર્યા વિના ('સ્વધર્મતઃ') પોતાના ધર્મ પ્રમાણે ('ગૃહે') ઘરમાં ('સ્થિત્વા') રહીને ('પૂજયા') પૂજાવડે ('શ્રવણાદિભિઃ') શ્રવણ વગેરે વડે ('કૃષ્ણં') શ્રીકૃષ્ણનું ('ભજેત્') ભજન કરવું. ૨

'તુ' = 'તો' શબ્દથી આ સિવાયના બીજા પ્રકારોનો નિષેધ કરેલો છે. પોતાના માર્ગ પ્રમાણે ભગવાનનું ભજન તો ઘરમાં રહ્યા વિના સંભવતું નહીં હોવાથી, પહેલાં ઘરમાં રહેવાનું જ 'ઘરમાં રહીને' શબ્દોથી કહેલું છે. ભગવાનનું ભજન કરવામાં અનુકૂલ હોય તેવા ઘરમાં રહીને પોતાના ધર્મ પ્રમાણે શ્રીકૃષ્ણનું ભજન કરવું. અહીં 'પોતાના ધર્મ' શબ્દથી વર્ણના અને આશ્રમના ધર્મો કહેલા નથી,



પરન્તુ પોતાના માર્ગના ભગવદ્ધર્મો કહેલા છે. 'શા માટે?' (એમ પૂછવામાં આવે તો જાણવું કે) વર્ણના ધર્મો અને આશ્રમના ધર્મો એ પોતાના ધર્મો નથી. તેમ નીચેના પ્રકારથી (જાણવું). ધર્મ બે પ્રકારનો છે. ૧. એક શરીરના સમ્બન્ધમાં નિર્ણય કરેલો, ૨. બીજો આત્માના સમ્બન્ધમાં નિર્ણય કરેલો તે પૈકી સંધ્યાવંદનથી આરંભી યજ્ઞ સુધીના વર્ણના અને આશ્રમના ધર્મો શરીરના સમ્બન્ધના હોવાનો નિર્ણય થયેલ છે, કારણ કે (તેમનું) ફલ ઈન્દ્રલોક વગેરેમાં ભોગ છે. વળી (ભોગ) પૂરો થાય ત્યારે *''પુણ્યનો ક્ષય થતાં મર્ત્યલોકમાં પ્રવેશ કરે છે''* (ગીતા ૯।૨૧) વાક્ય પ્રમાણે (તે) શરીરના સુખમાં જ પરિણમે છે, પરન્તુ આત્માને પરલોકની પ્રાપ્તિ કરાવતાં નથી. 'સ્વ' 'પોતાના' શબ્દથી 'આત્મા' કહેલ હોવાથી 'પોતાના ધર્મ' શબ્દથી આત્માના સમ્બન્ધી નિર્ણય થયેલ ધર્મ કહેલો છે અને તે ભગવદ્ધર્મ જ છે અને તે વિષયનું પ્રમાણ સાતમા સ્કન્ધમાં *''જેમ મુખની શોભા મુખના પ્રતિબિમ્બને પ્રાપ્ત થાય છે, તેમ માણસ ભગવાનને જે-જે માન આપે છે તે (તેને) પોતાને પ્રાપ્ત થાય છે''* (શ્રીમદ્ભાગવત ૯।૧૧). એ પ્રહ્લાદના વચનમાં (છે). વળી ફલપ્રકરણમાં પણ રાસમંડલના ભૂષણરૂપ (ગોપીઓએ) કહેલું છે કે *''કુશલ પુરુષો સદા પ્રિય એવા આત્મરૂપ આપમાં પ્રેમ કરે છે. દુઃખ આપનાર પતિ, પુત્રો વગેરેનું શું પ્રયોજન?''* (૧૦।૨૬।૨૯). વળી 'સ્વધર્મતઃ' ''પોતાના ધર્મ પ્રમાણે'' એમ કહ્યું, તેમાં 'ધર્મ' શબ્દને 'તસ્' પ્રત્યય લગાડ્યો તે અવ્યય હોવાથી વિકાર વિનાનો ધર્મ કહેલો છે. તેથી વિકાર વિનાનો ધર્મ ભગવદ્ધર્મ જ હોવાથી 'પોતાના ધર્મ' શબ્દનો અર્થ ભગવદ્ધર્મ જ થયો, તેથી સર્વ દોષ વિનાનું છે.

વળી તે પોતાનો ધર્મ ક્યો? એ જાણવાની ઈચ્છા થાય, તેથી '(બીજાનો) સંગ કર્યા વિના શ્રીકૃષ્ણનું ભજન કરવું' એમ કહેલું છે. 'અવ્યાવૃત્તઃ' ભગવાનના ભજનને અનુકૂલ ન હોય તેવા સંગ વિના શ્રીકૃષ્ણનું ભજન કરવું. આ ભજનમાં 'કૃષ્ણ' શબ્દ ફલના અર્થવાળો હોવાથી, ''આ ભજન મને ફલરૂપ છે'' એમ જાણીને ભજન કરવું જોઈએ, પરન્તુ સાધન (છે એમ) માનીને કરવું ન જોઈએ.

જો કે આગળ[૧] ''ઘણી દૃઢ ભક્તિ પ્રાપ્ત કરે છે'', એમ (કહેલું) હોવાથી અલૌકિક દેહ પ્રાપ્ત કરીને સાક્ષાત્ પુરુષોત્તમનું ભજન કરવું તેને જ ફલ કહેલું હોવાથી આ સમયનું ભજન સાધન હોવાનું જણાય, છતાં પણ પુષ્ટિમાર્ગમાં

પુરુષોત્તમ જ ભજન કરવા યોગ્ય હોવાથી, જો કે આ સમયના ભજનમાં અલૌકિક દેહની પ્રાપ્તિ (થયેલી) નથી, છતાં પણ આ સમયનું ભજન પુરુષોત્તમનું જ નિર્ણીત થયેલું હોવાથી આ (ભજન) પણ ફલરૂપ છે એમ જણાવવા ''આ ભજન મને ફલરૂપ છે એમ જાણીને ભજન કરવું જોઈએ'', એમ કહેલું છે. ૨

એક જ (ભજન) સાધનરૂપ અને ફલરૂપ કેવી રીતે થઈ શકે? એવી શંકા થાય, તો (એ) સત્ય (છે કે) પુષ્ટિમાર્ગનું સાક્ષાત્ ફલ બીજાં સાધનથી પ્રાપ્ત થઈ શકે તેવું નહીં હોવાથી, પુરુષોત્તમનું ભજન જ સાક્ષાત્ પુષ્ટિમાર્ગનાં સાક્ષાત્ ફલને પ્રાપ્ત કરાવનારું છે. જેમ મહારાજાને (પોતાની પાસે) રાખવા યોગ્ય પણ સુવર્ણ, રત્ન વગેરે જ છે અને સર્વ વ્યવહારો પણ તેનાથી જ થાય છે અને વળી ખજાનામાં સંગ્રહ કરવા યોગ્ય પણ સુવર્ણ, રત્નો વગેરે જ હોય છે, કારણ કે તે મહારાજા સર્વથી ઉત્તમ છે અને સુવર્ણ પણ સર્વ ધાતુ કરતાં ઉત્તમ છે તેવી રીતે (આ થાય છે). તેવી જ રીતે આ ફલની સર્વથી ઉત્તમ સ્થિતિ હોવાથી, તેને માટે સર્વથી ઉત્તમ સાધનની જ જરૂર છે. સર્વથી ઉત્તમ સાધનનો વિચાર કરવામાં આવતાં, ભજન વિના સર્વથી ઉત્તમ (કાંઈ) નહીં હોવાથી, સર્વથી ઉત્તમ જ સાધન અને સર્વથી ઉત્તમ જ ફલ હોવાથી ભજન જ સાધન છે અને ભજન જ ફલ છે, એમાં જરાએ અયોગ્યતા નથી.

પાછળથી ભજન (કરવા)નો પ્રકાર ''પૂજાવડે, શ્રવણ વગેરે વડે'' શબ્દોથી કહેલો છે. અહીં 'પૂજા' શબ્દથી શાસ્ત્રમાં વર્ણવેલી પૂજા કહેલી નથી, કારણ કે (તેની) પહેલાં 'કૃષ્ણ' શબ્દ યોજેલ હોવાથી પ્રકાર તરીકે સદાનન્દ ફલરૂપ પુરુષોત્તમનું ભજન કહેલું છે. શાસ્ત્રમાં વર્ણવેલી પૂજા પુરુષોત્તમની વિભૂતિઓના સમ્બન્ધવાળી (હોવાનો) નિર્ણય થયેલ હોવાથી (તે) પુરુષોત્તમના સમ્બન્ધવાળી નથી; છતાં પણ પુરુષોત્તમના ભજનના પ્રકારોમાં પૂજાને પણ ગણાવેલી હોવાથી, તે પૂજા પુષ્ટિમાર્ગીય જ છે એમ જાણવું. તેથી જ શુદ્ધ પુષ્ટિમાર્ગ જાણનારાઓએ (તામસ) પ્રમેય પ્રકરણના સાતમા અધ્યાયમાં (ભગવાનના) ગુણના, ગાનના પ્રસંગમાં હરણીઓનો ભાવ વર્ણવીને પછી *''સ્નેહવાળી દષ્ટિઓ કરવા વડે પૂજા કરી''* (૧૦।૧૮।૧૧) એમ કહીને તેમની ભાવવાળી દષ્ટિને જ 'પૂજા' કહેલી છે. આ ભાવના જેવા ભાવ સહિત શ્રીકૃષ્ણનાં દર્શનરૂપ સેવા કરવી તે જ ''પૂજા વડે (કરેલું) ભજન'' છે. આ ભાવ જણાવવા માટે અહીં આ માર્ગના ભજનના સાધનરૂપ આ પૂજા છે, એમ જણાવવા 'પૂજાવડે' શબ્દ યોજેલ છે. આ માર્ગમાં સેવા જ ભજન છે.



અહીં કેટલાકે ''સ્નેહ વિનાની સેવા એ જ પૂજા'' એમ 'પૂજા' શબ્દનો અર્થ કરેલ છે, તે વિચાર કરતાં યોગ્ય (જણાતું) નથી-શા માટે? કારણ કે માર્ગભેદ નિર્ણય કરાવનારો છે. આચાર્યશ્રીએ તો પોતે પ્રકટ કરેલ શુદ્ધ પુષ્ટિમાર્ગમાં અંગીકાર કરેલા પોતાના (સેવક) જીવો માટે, પોતે પ્રકટ કરેલ શુદ્ધ પુષ્ટિમાર્ગની ભક્તિની વૃદ્ધિ થાય તે માટે ભક્તિવર્ધિનીરૂપ શાસ્ત્ર રચેલું છે. તેમના શાસ્ત્રના અધિકારીઓ તેમણે અંગીકાર કરેલા (જીવો) જ છે, પરન્તુ બીજાઓ (અધિકારી) નથી. આચાર્યશ્રીની કૃપાથી તેઓ શુદ્ધ પુષ્ટિમાર્ગના હોવાથી, તેઓ શ્રીએ દર્શાવેલી સેવા (તેઓ) સ્નેહપૂર્વક અથવા સ્નેહ વિના કરે, પરન્તુ (તે) પુરુષોત્તમના સમ્બન્ધવાળી હોવાનો નિશ્ચય થયેલ હોવાથી ભક્તિમાર્ગીય જ છે, પરન્તુ પૂજામાર્ગીય નથી.

વળી શુદ્ધ પુષ્ટિમાર્ગની સેવાના પ્રકાર જેવા વસ્ત્ર, અલંકાર વગેરેના સમર્પણરૂપ પ્રકારો પૂજામાં પણ જોવામાં આવે છે, છતાં પણ તે વિભૂતિઓના સમ્બન્ધમાં કરેલા હોવાનો નિર્ણય થયેલ હોવાથી પૂજામાર્ગના જ છે, પરન્તુ માત્ર સમાનપણાંને લીધે (તે) ભક્તિમાર્ગના (થતા) નથી, કારણ કે માર્ગનું જુદાપણું (ક્યા માર્ગના છે તેનો) નિર્ણય કરાવનાર છે. વળી જે-જે માર્ગનો હોય તેણે કરેલ ભગવદ્ધર્મ વગેરે સર્વ તે જ માર્ગનું હોય છે, જેમકે ''પ્રમાદથી કર્મ કરનારનાં'' વગેરે સ્થળે કર્મનાં ઉત્તમ અંગપણા માટે કરેલું વિષ્ણુનું સ્મરણ પણ કર્મમાર્ગીય જ છે, પરન્તુ નવ પ્રકારની ભક્તિમાં કહેલ (સ્મરણ)ના જેવું હોવાથી ભક્તિમાર્ગીય નથી.

એ પ્રમાણે સેવામાં ઉપયોગી પૂજાનું નિરૂપણ કરી, તેમાં ઉપયોગી શ્રવણ વગેરે પણ 'શ્રવણ વગેરે વડે' શબ્દથી કહે છે. સેવા કર્યા પછી બાકીના સમયમાં બીજાનો સંગ ન થાય તે માટે શ્રવણ (કરવાનું કહેલું) છે, 'વગેરે' શબ્દથી કીર્તન, સ્મરણ અને ચિંતન પણ (કરવાના કહેલાં) છે. ૨

એવી રીતે (બીજાના) સંગ વિના ભજન (કરવાનું) કહીને, કદાચ

ભગવાનને માટે લૌકિક સંગ થાય તે સમયે પણ સર્વ દુઃખ હરનાર હરિમાં ચિત્તની આસક્તિ રાખીને જ તેવો સંગ કરવો એમ નીચેના શ્લોકમાં કહે છે–

**વ્યાવૃત્તોઽપિ હરૌ ચિત્તં શ્રવણાદૌ યતેત્ સદા ।**

**તતઃ પ્રેમ તથાસક્તિર્વ્યસનં ચ યદા ભવેત્ ।।૩।।**

(‘વ્યાવૃત્તઃ’) લૌકિક સંગ થાય ત્યારે ‘અપિ’ પણ ‘હરૌ’ હરિમાં ‘ચિત્તં’ ચિત્ત (રાખીને) ‘સદા’ સદા ‘શ્રવણાદૌ’ શ્રવણ વગેરે માટે ‘યતેત્’ પ્રયાસ કરવો. ‘તતઃ’ તેમાંથી ‘પ્રેમ તથા’ તેવી રીતે ‘આસક્તિઃ’ આસક્તિ (‘વ્યસનં ચ’) અને વ્યસન ‘યદા’ જ્યારે ‘ભવેત્’ થાય (ત્યારે બીજભાવ દઢ થાય છે). ૩

(ભગવાનને માટે) લૌકિક સંગ થયા પછી બાકીના સમયમાં પહેલાંની પેઠે ‘‘શ્રવણાદૌ યતેત’’ શ્રવણ વગેરે માટે પ્રયાસ કરવો. એવી રીતે ભક્તિમાર્ગનાં ભક્તિની વૃદ્ધિનાં સાધનો કહીને ઉત્તરાર્ધથી આની ભક્તિની વૃદ્ધિનો પ્રકાર કહે છે.

આરંભમાં પ્રેમ થાય છે, પછી સ્નેહનો અંકુર (ઉત્પન્ન) થાય છે. ત્યાર પછી (તે) મોટો થતાં આસક્તિ થાય છે, એટલે ચિત્ત ભગવાનના સ્વરૂપમાં ‘વ્યાસક્તં’ ચોંટેલું માત્ર તેમનામાં રચ્યું-પચ્યું થાય છે. પછી (તે) વધતા વ્યસન થાય છે. ‘વ્યસન’ એટલે તેમના (ભગવાનના) વિના રહેવાની શક્તિ જ ન હોવી તે. તેનો પ્રકાર દશમ સ્કન્ધમાં *‘‘ગોવિન્દનાં દર્શન થતાં ગોપીઓને પરમાનન્દ પ્રાપ્ત થયો જેમને, જેમના (ગોવિન્દના) વિના એક ક્ષણ એક સો યુગ જેટલી થતી હતી’’* (૧૦।૧૬।૧૬) એ વાક્યમાં કહેલો છે. એવી રીતે જ્યારે વ્યસન થાય, ત્યારે બીજભાવ દઢ થાય છે. ૩

એવી રીતે વ્યસન સુધી બીજ દઢ થવાનો પ્રકાર કહીને, આગળ નીચેના શ્લોકમાં બીજના દઢપણાનું સ્વરૂપ કહે છે–

**બીજં તદુચ્યતે શાસ્ત્રે દઢં યન્નાપિ નશ્યતિ ।।**

(‘યત્’) જેનો (‘નશ્યતિ’) નાશ થતો (‘અપિ’) પણ (‘ન’) નથી (‘તદ્’) તે (‘બીજં’) બીજ (‘શાસ્ત્રે’) શાસ્ત્રમાં (‘દઢં’) દઢ (‘ઉચ્યતે’) કહેલું છે.

**સ્નેહાદ્ રાગવિનાશઃ સ્યાદાસક્ત્યા સ્યાદ્ ગૃહારુચિઃ ।।૪।।**



(‘સ્નેહાત્’) સ્નેહથી (‘રાગવિનાશઃ’) રાગનો નાશ (‘સ્યાત્’) થાય છે. (‘આસક્ત્યા’) આસક્તિથી (‘ગૃહારુચિઃ’) ઘરમાં અરુચિ (‘સ્યાત્’) થાય છે. ૪

તે પહેલાં કહેલું બીજ વ્યસનની સ્થિતિ થયા પછી દઢ થાય છે એમ ‘શાસ્ત્રે’ ભક્તિશાસ્ત્રમાં ‘ઉચ્યતે’ કહેલું છે, એવો અર્થ છે. ‘‘જેનો નાશ થતો પણ નથી’’ શબ્દોથી દઢપણાંની વ્યાખ્યા કહેલી છે. જેનો કોઈથી પણ એટલે લૌકિક અથવા અલૌકિક નાશ કરનારથી પણ નાશ થતો નથી, એટલે દુઃસંગ વગેરે લૌકિક અને કાલ વગેરે અલૌકિક (નાશ કરનારાઓ), તેઓથી પણ નાશ થતો નથી, એવો અર્થ છે.

હવે પછી (ઉત્તરાર્ધથી) જે પ્રકારથી સ્નેહ વગેરે ત્રણમાંથી જેનાથી જેવી રીતે કુદરતી (દુર્ગુણ) દૂર થાય છે તે પ્રમાણે તેનો દૂર કરવાનો પ્રકાર કહે છે. અહીં સ્નેહ વગેરેની ઉત્પત્તિ થતાં, મુખ્ય દૂર થનારાં ત્રણ છે ૧. ભગવાન્ સિવાયનામાં રાગ, ૨. ઘરમાં આસક્તિ અને ૩. ભગવાન્ વિના પણ સમય વીતાડવો તે. તેમાં રાગ વગેરે ત્રણ અનુક્રમે એક એકથી દૂર થાય છે એમ ‘‘સ્નેહથી રાગનો નાશ થાય છે...’’થી કહે છે. તે પૈકી આરંભમાં હરકોઈ પ્રકારે સ્નેહના અલ્પ અંકુરની ઉત્પત્તિથી પણ ભગવાન્ સિવાયના (કોઈ પદાર્થ)માં રાગ થતો નથી, ત્યાર પછી જ્યારે આસક્તિ થાય છે, એટલે (સ્નેહ) તેથી અધિક થવાની સ્થિતિ થાય છે ત્યારે ઘરમાંની આસક્તિ દૂર થાય છે. ભગવાનમાં આસક્તિ થવાથી ઘરમાંની આસક્તિ જતી રહે છે. ૪

(ભગવાનમાં) આસક્તિ થયા પછી ઘરમાં અરુચિ થવાનાં બે કારણો નીચેના અર્ધ શ્લોકમાં કહે છે–

**ગૃહસ્થાનાં બાધકત્વમનાત્મત્વં ચ ભાસતે ।**

‘ગૃહસ્થાનાં’ ઘરમાં રહેનારાઓમાં ‘બાધકત્વં’ વિઘ્ન કરનાર હોવાપણું (‘ચ’) અને ‘અનાત્મત્વં’ આત્મા ન હોવાપણું ‘ભાસતે’ જણાય છે. ૪ ૧/૨

ઘરમાં રહેનારા સ્ત્રી, પુત્ર વગેરે ‘ગૃહે’ ઘરમાં ‘તિષ્ઠન્તિ’ રહે છે ‘ઇતિ’ તે ‘ગૃહસ્થાઃ’ ઘરમાં રહેનારા સ્ત્રી, પુત્ર વગેરે તેઓમાં પોતાના જેવો ભાવ નહીં

હોવાથી, તેઓ સાથેનો સમ્બન્ધ ભાવનો નાશ કરનારો જણાવાથી તેઓમાં અરુચિ થાય છે જ. તેથી ''વિઘ્ન કરનાર હોવાપણું જણાય છે'' એમ કહેલું છે.

જો કે સ્ત્રી, પુત્ર વગેરે ભાવનો નાશ કરનાર હોવાનું કહ્યું, છતાં પણ *''અરે! પુત્રો ઉપરના પ્રેમ માટે પુત્રો પ્રિય હોતા નથી, પરન્તુ આત્મા ઉપરના પ્રેમ માટે પુત્રો પ્રિય હોય છે''* એ શ્રુતિ પ્રમાણે તેઓ આત્માના સમ્બન્ધી હોવાથી પણ તેઓમાં પ્રિયપણું જણાતું હોવાથી તેઓ સંપૂર્ણ રીતે વિઘ્ન કરનાર હોવાનું જણાશે નહીં એવી શંકા દૂર કરવા માટે, તેઓ તેવા ભગવાનમાં આસક્તિવાળા (ભક્ત)ને આત્માના સમ્બન્ધવાળા જણાતા નહીં હોવાથી, (તેવામાં તેઓનું) જે પ્રકારે જરાએ પ્રિયપણું હોતું નથી, તે પ્રકાર ''અને આત્મા ન હોવાપણું જણાય છે'' શબ્દોથી કહે છે. પોતાની ભગવાનમાં આસક્તિ (હોવા)ને લીધે, તેઓને ભગવાનમાં ઉપાધિ વિનાનો સ્નેહ હોવાથી તેમનામાં જ આત્મા હોવાપણું જણાય છે, પરન્તુ પોતાના દેહમાં જણાતું નથી. તેથી (તેઓને) ભગવદીયો જ આત્માના સમ્બન્ધીઓ હોવાનું જણાય છે, પરન્તુ પોતાના દેહના સમ્બન્ધીઓ આત્માના સમ્બન્ધીઓ હોવાનું જણાતું નથી; તેથી તેઓમાં આત્માના સમ્બન્ધવાળા હોવાનું ભાન થતું નહીં હોવાથી વિઘ્ન કરનારપણું જ જણાય છે, પરન્તુ પોતાના હોવાપણું જણાતું નથી, એમ જણાવવા ''વિઘ્ન કરનાર હોવાપણું (અને) આત્મા ન હોવાપણું'' એવા ઘરમાં અરુચિ થવાનાં બે કારણો કહેલાં છે. ૪ ૧/૨

એ પ્રમાણે તેવા (ભગવાનમાં આસક્તિવાળા)ને ઘરમાં અરુચિ હોવાનાં બે કારણો કહીને, તેના જ સ્નેહની વૃદ્ધિની ઉત્તમ સ્થિતિ નીચેના શ્લોકમાં કહે છે–

**યદાસ્યાત્ વ્યસનં કૃષ્ણે કૃતાર્થઃ સ્યાત્ તદૈવ હિ ।।૫।।**
**તાદશસ્યાપિ સતતં ગૃહસ્થાનં વિનાશકમ્।**

'યદા' જ્યારે 'કૃષ્ણે' શ્રીકૃષ્ણમાં 'વ્યસનં' વ્યસન 'સ્યાત્' થાય 'તદૈવ' ત્યારે જ 'હિ' ખરેખર 'કૃતાર્થઃ' કૃતાર્થ 'સ્યાત્' થાય છે. 'તાદશસ્ય' તેવાને 'અપિ' પણ 'સતતં' નિરંતર 'ગેહસ્થાનં' ઘરમાં રહેવું તે 'વિનાશકમ્' વિનાશ કરનારું છે. ૫ ૧/૨

'યદા' 'જ્યારે' એટલે જે સમયે ફલાત્મક શ્રીકૃષ્ણમાં વ્યસન થાય, (ત્યારે



કૃતાર્થ થાય છે). તેમના (શ્રીકૃષ્ણનાં) દર્શન વગેરે વિના (અથવા) તેમના સમ્બન્ધીના વિના રહેવાની અશક્તિ તે વ્યસન. તે (વ્યસન) જ્યારે થાય, તેવો ભાવ જ્યારે થાય ત્યારે જ કૃતાર્થ થાય છે. 'કૃતઃ' (પ્રાપ્ત) કરેલો છે 'અર્થઃ' પુરુષાર્થ જેણે તેવો થાય છે. અહીં ભક્તિમાર્ગીય સાક્ષાત્ ભગવાનના સમ્બન્ધરૂપ ફલ પુરુષાર્થ છે, તે તેણે પોતાને વિષે કરેલો એટલે પ્રાપ્ત કરેલો છે. ત્યારે (પ્રાપ્ત) કરેલો છે પહેલાં કહેલ ફલરૂપ પુરુષાર્થ (જેણે તેવો થાય છે), એટલે ભગવાન્ તેને (તે પુરુષાર્થ) આપે છે એવો અર્થ છે; કારણ કે આવા ભાવવાળાને આ ફલનાં દાન સિવાય (બીજું) ફલ આપવું યોગ્ય નથી, એ જણાવવા 'હિ' 'ખરેખર' શબ્દ યોજેલો છે. ૫

એ પ્રમાણે તે વ્યસનવાળાનો યોગ્યતાવાળો ભાવ અને ફલ કહીને, 'તેવાને પણ...' શબ્દોથી તેની ભવિષ્યની વ્યવસ્થા કહે છે. 'તેવાને પણ' તેવા ભાવવાળાને પણ 'સતતં' નિરંતર 'ગેહસ્થાનં' ઘરમાં રહેવું તે, તેવા ભાવવાળાનો સત્સંગ નહીં હોવાથી 'વિનાશકમ્' તેના ભાવનો નાશ કરનારું છે, એવો અર્થ છે. જે જેનો નાશ કરનારો છે, તે-તે (નાશ કરનારા)ની પાસે રહી શકતો નથી. તેથી જ વ્રજનાં રત્નરૂપ (ગોપીઓએ) ફલ પ્રકરણમાં *''હે કમલનયન! જ્યારથી...''* એમ કહેલું છે, કે 'યર્હિ' જ્યારથી આપનાં ચરણારવિન્દના તલનો અમે સ્પર્શ કર્યો ત્યારથી બીજાની સમક્ષ રહેવાને અમે અશક્ત થયા છીએ. આચાર્યશ્રીએ પણ તેનું જ એવું વિવરણ કરેલું છે કે *''જેમ દેહનું અભિમાન હોય તે વાઘ દેહનો નાશ કરનારો હોવાથી તેની સમીપ રહી શકતો નથી''*. તેથી કહેલું છે કે ''તેવાને (પણ નિરંતર ઘરમાં રહેવું તે નાશ કરનારું છે)''. ૫ ૧/૨

પહેલાં કહેલા ભાવવાળાને ઘરમાં રહેવું તે ભાવનો નાશ કરનારું હોવાથી, ત્યાં રહેવાની શક્તિ નહીં હોવાથી, તે ઘરનો ત્યાગ જ કરે છે, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ત્યાગં કૃત્વા યતેદ્યસ્તુ તદર્થાથૈકમાનસઃ।।૬।।**
**લભતે સુદઢતાં ભક્તિં સર્વતોપ્યધિકાં પરામ્।।**

'તુ' પરન્તુ 'યઃ' જે 'ત્યાગં' (ઘરનો) ત્યાગ 'કૃત્વા' કરીને 'તદર્થૈકમાનસઃ' માત્ર તે અર્થ (પ્રાપ્ત કરવા)માં જ ચિત્ત રાખીને 'યતેત્' પ્રયત્ન કરે છે (તે) 'સુદઢાં' ઘણી જ દઢ 'સર્વતઃ' સર્વથી 'અપિ' પણ 'અધિકામ્' અધિક

'પરામ્' ઉત્તમ 'ભક્તિમ્' ભક્તિ 'લભતે' પ્રાપ્ત કરે છે. ૬ ૧/૨

'પરન્તુ જે...' શબ્દોથી ઘરનો ત્યાગ કર્યા પછી તેનો રહેવાનો પ્રકાર કહેલો છે. ત્યાગ પછી તેણે પ્રયત્ન જ કરવો જોઈએ, પરન્તુ બીજા પ્રકારે રહેવું ન જોઈએ. ''માત્ર તે અર્થ (પ્રાપ્ત કરવા)માં જ ચિત્ત રાખીને'' શબ્દથી તેના પ્રયત્નનો વિષય કહેલો છે. તેવા (ભક્ત)નો જે વિષયવાળો પ્રેમ છે, તે વિષય ભગવાન જ હોવાથી, તે (ભગવાન) જ 'અર્થ' છે. 'સઃ' તે 'ચ' અને 'અસૌ' તે 'અર્થઃ' અર્થ ='તદર્થઃ' એટલે ભગવાન્. 'તદર્થે' ભગવાન્ માટે જ 'એકં' માત્ર 'માનસં' ચિત્ત છે જેનું, તેવો થઈને તે ઘણી દઢ ભક્તિ પ્રાપ્ત કરે છે. પહેલાં તેની વ્યસન સુધીની કોઈથી દૂર ન થાય તેવી ભક્તિ કહીને પણ, વળી જે ''માત્ર તે અર્થ (પ્રાપ્ત કરવા)માં જ ચિત્ત રાખીને'' એમ કહીને પણ, ''સુદઢ ભક્તિ પ્રાપ્ત કરે છે'' એમ જે કહ્યું તેનો આ આશય છે, કે તેથી પણ ઘણી દઢ સર્વાત્મભાવરૂપ ભક્તિ એટલે સાક્ષાત્ સ્વરૂપનો અનુભવ જેનું ફલ છે તેવી ભક્તિ પ્રાપ્ત કરે છે તેવી ભક્તિની પ્રાપ્તિ કહી, તેથી તેવો ભક્ત પહેલાં કહેલા ઘણા ગાઢ ભાવથી હાલ છે તે દેહ પડ્યા પછી લીલામાં ઉપયોગી અલૌકિક દેહ પ્રાપ્ત કરીને સાક્ષાત્ સ્વરૂપનો સમ્બન્ધ પ્રાપ્ત કરે છે, એવો અર્થ છે.

''સર્વથી પણ અધિક'' વિશેષણથી ફલરૂપ ભક્તિનું સ્વરૂપ કહેલું છે. 'સર્વથી' એટલે ચાર પ્રકારની મુક્તિ કરતાં પણ અધિક, 'ઉત્તમ' એટલે અગણિત આનન્દરૂપ પુરુષોત્તમમાં ફલની (ભક્તિ પ્રાપ્ત કરે છે). ૬ ૧/૨

એવી પહેલાં કહેલ ભક્તિની વૃદ્ધિનો અન્ત અને ફલ કહીને, પાછું (ઘરનો) ત્યાગ કરવામાં ઘણાં વિઘ્નો હોવાનું કહ્યું તેનો આ (નીચે પ્રમાણે) આશય છે. કોઈ પ્રસંગે કોઈ એક ભક્તિમાર્ગનો સેવક પહેલાં કહેલ ત્યાગનું સ્વરૂપ જાણ્યા વિના ''હું પણ ઘર વગેરેનો ત્યાગ કરીને, ભક્તિની વૃદ્ધિ પ્રાપ્ત કરીશ'' એવા વિચારથી જો ઘર વગેરેનો ત્યાગ કરવાની ઇચ્છા કરે, તો ''ત્યાગ કરવામાં ઘણાં વિઘ્નો (થાય) છે'' શબ્દોથી, તેમ ન કરવા કહે છે.

**ત્યાગે બાધકભૂયસ્ત્વં દુઃસંસર્ગાત્ તથાન્નતઃ।।૭।।**

('ત્યાગે') (ઘરનો) ત્યાગ કરવામાં ('દુઃસંસર્ગાત્') દુષ્ટ સંગને લીધે



('તથા') તેમજ ('અન્નતઃ') અન્નને લીધે ('બાધકભૂયસ્ત્વમ્') ઘણાં વિઘ્નો (થાય) છે.

**અતઃ સ્થૈર્યં હરિસ્થાને તદીયૈઃ સહ તત્પરૈઃ ।**
**અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ ।।૮।।**

('અતઃ') તેથી ('હરિસ્થાને') હરિના સ્થાનમાં ('અદૂરે') થોડે દૂર ('વા') અથવા ('વિપ્રકર્ષે') (જરા) વધારે દૂર ('તત્પરૈઃ') તેમનામાં આસક્તિવાળા ('તદીયૈઃ') તેમના સેવકો ('સહ') સાથે ('યથા') જે પ્રકારે ('ચિત્તં') ચિત્તમાં ('ન દુષ્યતિ') દોષ આવે નહીં (તેવી રીતે) ('સ્થૈયમ્') રહેવું. ૮

તેવાના ત્યાગમાં ઘર વગેરેનો ત્યાગ કરીને ભક્તિની વૃદ્ધિ પ્રાપ્ત કરવામાં ઘણાં વિઘ્નો હોવાને લીધે ફલ પ્રાપ્ત થતું નથી. પહેલાં કહેલ પ્રકારે ત્યાગ કરનારાને તો ''જેનો નાશ થતો પણ નથી તે દઢ'' (શ્લોક ૪) એમ વિઘ્ન ન થવાનું સિદ્ધ કરેલું જ છે, તેથી પહેલાં કહેલ પ્રકારનો ત્યાગ અહીં કહેલો નથી. તેથી ફરી પાછું ત્યાગ કરવામાં ઘણાં વિઘ્નો થવાનું જે કહ્યું, તે ''કોઈ પ્રસંગે કોઈ એક'' એ શબ્દોથી જણાવેલા ત્યાગમાં જ ઘણાં વિઘ્નો થવાનું કહેલું છે.

''દુષ્ટ સંગને લીધે'' (વગેરે)થી વિઘ્નો જ કહે છે. 'દુઃસંસર્ગઃ' એટલે પોતામાં પહેલા કહેલ ત્યાગના કારણરૂપ ભાવ નહીં હોવાથી ચિત્ત ભગવાનમાં સંપૂર્ણ આસક્તિવાળું નહીં હોવાથી, ચિત્તના ચંચલપણાંને લીધે દુઃસંગ એટલે ભગવાનમાં જેમને પ્રેમ નથી તેવા લૌકિક (પુરુષો)નો સંગ થવાનું સંભવતું હોવાથી, તે વિઘ્નરૂપ થાય તે સ્પષ્ટ જ છે; અને વળી પહેલાં કહેલ ઘર વગેરેનો તેણે બુદ્ધિપૂર્વક ત્યાગ કરેલો હોવાથી શરીરનો નિર્વાહ કરવા માટે જ્યાં-ત્યાં અન્ન ખાવાથી તે અન્ન ભગવાનને સમર્પણ થયેલ નહીં હોવાથી તેથી ઉત્પન્ન થતા દોષવાળો થતો હોવાથી, તે અન્નના ભક્ષણથી તેને પોતાને પણ બહિર્મુખપણાંનો દોષ લાગવાનું સંભવે છે. જો કે આવાને ઇન્દ્રિયોને વશ ન રાખવારૂપ વિઘ્ન કરનારા દોષો પણ લાગવાનું સંભવે છે, છતાં પણ દુઃસંગ અને અન્નથી થતા દોષો ઘણા જ બલવાન હોવાથી (તે) બે જ ગણાવેલા છે. ૭

આમ છે ત્યારે તેવાએ દોષ ન થાય તેમ કેવી રીતે સમય વીતાડવો? એ

જાણવાની ઈચ્છા થાય, તેથી આઠમો શ્લોક કહેલો છે. પહેલાં કહેલ પ્રકારે રહેવાથી દોષ (થવાનું) સંભવે છે, તેથી દોષ ન થાય તેવી રીતે સમય વીતાડવા માટે તેણે 'હરિના સ્થાનમાં' એટલે પોતે ભક્તિમાર્ગનો હોવાથી ભક્તિમાર્ગીય સેવાનો પ્રકાર જ્યાં થતો હોય તેવા શ્રીગોવર્ધન વગેરે ભગવાનના સ્થાનમાં રહેવું. ત્યાં પણ રહેવાનો પ્રકાર ''તેમનામાં આસક્તિવાળા તેમના સેવકો સાથે'' શબ્દોથી કહેલો છે. 'તદીયૈઃ' એટલે ભગવાનના સેવકો સાથે રહેવું. તેમાં પણ 'તત્પરૈઃ' એટલે ભગવાનના સ્વરૂપ, તેમની સેવા, તેમના (ગુણો)નું શ્રવણ વગેરેમાં આસક્તિવાળા (સેવકો) સાથે (રહેવું).

આવા પ્રકારે ન રહે તો ત્યાં (ભગવાનના સ્થાનમાં) પણ દુઃસંગથી પહેલાં પ્રાપ્ત થયેલ બુદ્ધિનો નાશ થવાનું સંભવતું હોવાથી જીવન વ્યર્થ જ થાય, તેથી પહેલાં (ઉપર) કહેલ પ્રકારથી રહેવું એમ જણાવેલું છે. સદા તે પ્રકારે રહેવાનું સંભવતું ન હોય તો ચિત્તને દોષ ન લાગે તે માટે બીજા પ્રકારથી રહેવાનું ''થોડે દૂર અથવા (જરા) વધારે દૂર'' શબ્દોથી કહેલું છે. 'અદૂરે' એટલે પહેલાં કહેલાં સ્થાનથી થોડે દૂર, અથવા 'વિપ્રકર્ષે' એટલે તેનાથી પણ જરા વધારે દૂર રહેવું. ''તેમનામાં આસક્તિવાળા તેમના સેવકો સાથે'' એમ રહેવાનો પ્રકાર કહ્યા પછી પણ, પાછું ''થોડે દૂર અથવા (જરા) વધારે દૂર'' એમ જે કહ્યું તેનો એવો આશય છે કે ઘણાં નજીક રહેવાથી ''ઘણો પરિચય થવાથી અનાદર થાય'' એ નિયમ પ્રમાણે કદાચ ભગવાનના ભક્તોનો અનાદર થવાનું પણ સંભવે; તેમ ન થાય તે માટે ''થોડે દૂર અથવા (જરા) વધારે દૂર'' એમ કહેલું છે. ત્યાં પણ એવી રીતે પણ રહીને, તેઓની (ભક્તોની) સાથે સંગ કરવો જ, (તેમના સંગનો) ત્યાગ ન કરવો જોઈએ એવો અર્થ છે.

એમ ત્રણ રીતે રહેવાનો પ્રકાર કહીને પણ ''જે પ્રકારે ચિત્તમાં દોષ આવે નહીં'' શબ્દોથી તાત્પર્ય કહેલું છે. આનો આ (નીચે પ્રમાણે) અર્થ છે. પહેલાં કહેલા પ્રકારથી અથવા પોતાના મનથી ઈચ્છેલા પ્રકારથી, ભગવાનમાં બહિર્મુખપણાંના દોષથી જે પ્રકારે ચિત્તમાં દોષ આવે નહીં તે પ્રકારે રહેવું, પરન્તુ તેથી જુદા પ્રકારે ન (રહેવું), એવો અર્થ છે. એવી રીતે પહેલાં ભક્તિની વૃદ્ધિનો પ્રકાર કહી, વૃદ્ધિની ઉત્તમ સ્થિતિ કહી અને તેનાથી પ્રાપ્ત થતું ફલ કહ્યું. ૮



ભક્તિની વૃદ્ધિનો પ્રકાર કહી, વૃદ્ધિની ઉત્તમ સ્થિતિ કહી, શુદ્ધ પુષ્ટિ પ્રાપ્ત કરાવનાર પ્રકાર જાણ્યા વિના ''હું ઘર તજી (ભક્તિની) વૃદ્ધિ પ્રાપ્ત કરીશ'' એવા વિચારથી પ્રવૃત્તિ કરનારને, વિઘ્ન થવાનો સંભવ ન રહે તેવી રીતે ફલ પ્રાપ્ત થાય તે માટે રહેવાનો પ્રકાર કહી, ત્યાર પછી શુદ્ધ પુષ્ટિ-ભક્તિમાર્ગના બે ગુણોમાં આસક્ત રહેનારને પણ આ માર્ગનું ફલ પ્રાપ્ત થાય છે, એમ જણાવવા નીચેનો શ્લોક કહે છે :

**સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દૃઢા ભવેત્ ।**
**યાવજ્જીવં તસ્ય નાશો ન ક્વાપીતિ મતિર્મમ ।।૯।।**

'યસ્ય' જેને 'સેવાયાં' સેવામાં 'વા' અથવા ('કથાયાં વા') કથામાં 'યાવજ્જીવં' જીવે ત્યાંસુધી 'દૃઢા' દૃઢ 'આસક્તિઃ' આસક્તિ 'ભવેત્' હોય 'તસ્ય' તે(ના ભાવ)નો 'ક્વાપિ' કોઈ પણ પ્રસંગે 'નાશઃ' નાશ 'ન' (થતો) નથી 'ઇતિ' એવી 'મમ' મારી 'મતિઃ' માન્યતા (છે). ૯

'સેવાયાં' શુદ્ધ પુષ્ટિમાર્ગના આચાર્યશ્રીએ પ્રકટ કરેલ પ્રકારવાળી સેવામાં, તે કરતાં વધે તે સમયમાં તેમના માર્ગની લીલાની કથામાં જેને 'આસક્તિઃ' ચિત્તની આસક્તિપૂર્વક દૃઢ આગ્રહ જીવે ત્યાંસુધી હોય તેના ભાવનો નાશ 'ક્વાપિ' જુદા-જુદા દેશ અથવા કાલમાં પણ (કોઈ પણ પ્રસંગે) થતો નથી. તે ભાવ તેને ફલ પ્રાપ્ત કરાવનારો થાય છે.

અથવા બન્ને ઐચ્છિક કહેલાં હોવાથી, ભગવાનની ઈચ્છાથી કોઈકની સેવામાં જ દૃઢ આસક્તિ થાય છે (અને) કોઈકની તેમની લીલામાં જ દૃઢ આસક્તિ થાય છે, પરન્તુ તે આસક્તિ જીવે ત્યાંસુધી રહેવાની જરૂર છે, પરન્તુ થોડા સમય સુધી રહેવી ન જોઈએ. 'તસ્ય' 'તેના' શબ્દથી (એમ કહેલું છે કે) ભગવાનની ઈચ્છાથી સેવામાં આસક્તિવાળાનો અને કથામાં આસક્તિવાળાનો કોઈપણ પ્રસંગે નાશ થતો નથી, એટલે તેના માર્ગનું ફલ પ્રાપ્ત થવામાં વિઘ્ન આવતું નથી. એવી 'મમ મતિઃ' મારી માન્યતા છે. તેથી પોતાના મતમાં ફલમાં વિલંબ ન થવાનું કારણ કહેવાથી, ફલ પ્રાપ્ત થવામાં સંદેહ રહેતો નથી એમ કહેલું છે. ૯

એવી રીતે પહેલાના (નવમા) શ્લોકમાં સેવામાં આસક્તિવાળાનું અને

કથામાં આસક્તિવાળાનું ફલ કહીને, કદાચ કોઈ પણ સેવામાં આસક્તિવાળા (અથવા) કથામાં આસક્તિવાળા ભક્તને જોઈને પોતે પણ આસક્તિ વિના માત્ર ઉત્સાહને લીધે સેવા કરવા ઈચ્છે, તેને વિઘ્ન (થવાનું) સંભવે છે. તે સમ્બન્ધમાં વિઘ્નનું સ્વરૂપ અને તે દૂર કરવાનો પ્રકાર નીચેના શ્લોકમાં કહે છે :

**બાધસમ્ભાવનાયાં તુ નૈકાન્તે વાસ ઈષ્યતે ।**
**હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ ।।**

('બાધસંભાવનાયાં') વિઘ્ન સંભવે ત્યારે ('તુ') તો ('એકાન્તે') એકાંતમાં ('વાસઃ') રહેવાનું ('ન ઈષ્યતે') ઈચ્છવા યોગ્ય નથી ('તુ') પરન્તુ ('હરિઃ') હરિ ('સર્વતઃ') સર્વતરફથી ('રક્ષાં') રક્ષણ ('કરિષ્યતિ') કરશે. (તેમાં) ('સંશય') સંશય ('ન') નથી. ૧૦

વિઘ્ન સંભવે ત્યારે (આ શ્લોકમાં કહ્યો તેથી) જુદા પ્રકારે વિઘ્ન ન રહે તેવું થતું નથી, એમ 'તુ' 'તો' શબ્દથી કહેલું છે. સેવા કરવામાં દૃઢ આસક્તિ નહીં હોવાને લીધે થયેલ દુઃખથી, અથવા ભોગમાં આસક્તિ હોવાને લીધે વિઘ્ન થવાનો સંભવ હોય ત્યારે, પોતાની સેવા કરવાની અશક્તિથી થતી ગ્લાનિને લીધે ''મારાથી સેવા થતી નહીં હોવાથી મારે ઘરનો ત્યાગ કરી એકાંતમાં ભગવાનનાં નામનું સ્મરણ વગેરે કરવાં જોઈએ'' એવી માન્યતાથી જો એકાંતમાં રહેવા ઈચ્છે, તો તેવાએ પણ સેવાનો ત્યાગ કરીને એકાંતમાં રહેવું યોગ્ય નથી, એમ 'એકાંતમાં રહેવાનું ઈચ્છવા યોગ્ય નથી'' શબ્દોથી (એકાંતમાં રહેવાની) મના કરે છે. સેવા તજીને તેણે એકાંતમાં રહેવું ઈચ્છવા યોગ્ય નથી, સેવા કરવી એ જ ઈચ્છવા યોગ્ય છે.

ઉદ્વેગ વગેરેથી વિઘ્ન થતાં સેવા કેવી રીતે થઈ શકે એવી શંકા થાય, તેનું સમાધાન શ્લોકના ઉત્તરાર્ધથી કરે છે. ઉદ્વેગ વગેરે સહન કરીને પણ જો સેવા જ કરે તો તેનો સેવા (કરવા)નો આગ્રહ જોઈને, ભગવાન્ પોતાનું સર્વ દુઃખ હરવાનું સામર્થ્ય પ્રકટ કરીને, સેવા નહીં થવા દેનાર ઉદ્વેગ વગેરે દૂર કરીને સેવા ઉત્તમ પ્રકારે જ કરાવશે, એમ જણાવવા, ''પરન્તુ હરિ સર્વ તરફથી રક્ષણ કરશે. (તેમાં) સંશય નથી'' એમ કહેલું છે. 'સંશય નથી' એમ કહ્યું, તેનો અર્થ એવો છે કે જો આ વિષયમાં સંશય કરે, તો ભગવાન્ પણ રક્ષણ ન કરે. તેથી જ ગીતામાં પણ ભગવાને કહેલું છે કે ''સંશયવાળાનો વિનાશ થાય છે''. તેથી આ વિષયમાં



સંદેહવિનાનો થઈ, ''ભગવાન્ રક્ષણ કરશે જ'' એવી માન્યતાથી જો સેવા કરે, તો ભગવાન્ પણ રક્ષણ કરે છે જ, એમ જણાવવા ''(તેમાં) સંશય નથી'' એમ કહેલું છે. જુદા પ્રકારે રક્ષણ થતું નથી એમ જણાવવા 'તુ' 'તો' શબ્દ યોજેલ છે. કથામાં આસક્તિવાળાને પણ વિઘ્ન થવાનું સંભવે ત્યારે પહેલાં (ઉપર) કહી તેવી જ વ્યવસ્થા છે એમ જાણવું. ૧૦

એવી રીતે પોતાના માર્ગની ભક્તિની વૃદ્ધિનો પ્રકાર કહી, નીચેના શ્લોકમાં તેનો ઉપસંહાર કરે છે–

**ઈત્યેવં ભગવચ્છાસ્ત્રં ગૂઢતત્વં નિરૂપિતમ્ ।**
**ય એતત્ સમધીયીત તસ્યાપિ સ્યાદ્ દઢા રતિઃ।।૧૧।।**

('એવં') એવા પ્રકારે ('ગૃઢતત્વં') છૂપા તત્વવાળું ('ભગવચ્છાસ્ત્રમ્') ભગવાનનું શાસ્ત્ર ('ઈતિ નિરૂપિતમ્') સંપૂર્ણ કહેલું છે. ('યઃ') જે ('એતત્') આનો ('સમધીયીત') સારી રીતે અભ્યાસ કરે ('તસ્ય') તેને ('અપિ') પણ ('દઢા') દઢ ('રતિઃ') (ભગવાનમાં) સ્નેહ ('સ્યાત્') થાય છે. ૧૧

'ઈતિ' શબ્દ સમાપ્તિ દર્શાવવા યોજેલ છે. 'એવમ્' કહેલા પ્રકારથી પુરુષોત્તમમાં ભક્તિની વૃદ્ધિનો બોધ કરવાના પ્રકારનું શાસ્ત્ર 'કહેલું' એટલે સમજાવેલું છે, એવો અર્થ છે. 'છૂપા તત્વવાળું' વિશેષણથી શાસ્ત્રનું સ્વરૂપ કહેલું છે. 'ગૂઢં' એટલે અત્યન્ત છૂપું 'તત્વં' વાણીથી ન વર્ણવાય તેવું, માત્ર અનુભવથી જણાય તેવું સ્વરૂપ છે જેનું, તેવું (શાસ્ત્ર) કહેલું એટલે સમજાવેલું છે, એવો અર્થ છે. એ પ્રમાણે શાસ્ત્રનું સ્વરૂપ જણાવીને, આનો અભ્યાસ કરનારને પણ જે પ્રકારે આ માર્ગનું ફલ પ્રાપ્ત થાય છે, તેવા પ્રકારના અભ્યાસનું સ્વરૂપ ઉત્તરાર્ધથી કહે છે. 'જે' એમ સામાન્ય રીતે કહ્યું, તેથી અહીં (અભ્યાસ કરનારનો અમુક) વર્ણ અથવા આશ્રમ જોઈએ, એવો નિયમ ન હોવાનું કહેલું છે. 'આ' ભક્તિવર્ધિનીરૂપ શાસ્ત્રનો ''સારી રીતે અભ્યાસ કરે'' એમ અભ્યાસ સારી રીતનો કહ્યો, તેથી માત્ર પાઠ કરવાનો નથી, પરન્તુ શબ્દે શબ્દના અર્થનો અભિપ્રાયપૂર્વક વિચાર કરીને અભ્યાસ (કરવાનું) કહેલું છે. એવી રીતે વિચાર કરીને અભ્યાસ કરવામાં આવે ત્યારે, તેમાં સમજાવેલ વિષયના નિરંતર અનુસંધાનથી અન્તઃકરણનો દોષ દૂર થતાં, તે માર્ગનું સ્વરૂપ હૃદયમાં પ્રકટ થવાથી, તે માર્ગ માત્ર પુરુષોત્તમમાં જ રચ્યા-પચ્યા રહેવાનો

હોવાથી, તેની મારફત પોતાને પણ તેમની સ્ફૂર્તિ થવાથી ભક્તિમાર્ગના આચાર્યશ્રીનો અંગીકાર પ્રાપ્ત થયેલ હોવાથી, તેવા (ભક્ત)ને પણ 'સુદૃઢા' અત્યન્ત નિશ્ચલ 'રતિઃ' રસભાવવાળો સ્નેહ થાય છે, એવો અર્થ છે. ૧૧

પિતાના ચરણના નખરૂપ દીપકથી જેની બુદ્ધિનો પ્રકાશ થયેલો છે તેવા, પોતાના આચાર્યચરણના નામવાળા મેં ભક્તિવર્ધિનીનું વિવરણ કરેલું છે. ૧

પિતાના ચરણકમલે મને કૃપાથી જેવી (તેવી) બુદ્ધિ આપેલી છે, તેથી મેં ઘણાં દુર્લભ ભક્તિની વૃદ્ધિ કરનારાં શાસ્ત્રનું વિવરણ કરેલું છે. ૨

જો કે ઈશ્વરના વાક્યો સદા પોતાની મેળે સમજી ન શકાય તેવાં છે, છતાં પણ સમજાય તેવું વિવરણ તેમની કૃપાથી કરેલું છે, બીજા પ્રકારે કરેલું નથી. ૩

જો અહીં વિવરણમાં બુદ્ધિના દોષથી ભૂલ થયેલી હોય તો પોતાના (સેવકો) પ્રતિ દયાલુ આચાર્યચરણ ક્ષમા કરો. ૪

ભક્તિવર્ધિનીનું[3] જે વિવરણ શ્રીવલ્લભે રચ્યું તે પણ સર્વ લોકમાં ભક્તિની વૃદ્ધિ કરનારું થયું એ આશ્ચર્યકારક છે. ૫

**ઈતિ માત્ર શ્રીપિતાના ચરણમાં ચિત્ત રાખનાર શ્રીવલ્લભે રચેલી ભક્તિવર્ધિનીની ટીકા સમાપ્ત.**

૧. ભક્તિવર્ધિની શ્લોક ૨

૨. ( ) આ કૌંસવાળો ભાગ મૂળ ટીકાનો નથી, પરન્તુ પાછળથી કોઈએ નોટ કરેલી હોય તેમ જણાય છે. કેટલાક પુસ્તકોમાં આ ભાગ નથી. એમ રા. તેલીવાળાની નોટ છે.

૩. આ શ્લોક પાછળનો (પાછળથી કોઈએ ઉમેરેલો) છે.)



# ભક્તિવર્ધિની ભૂમિકા

શાસ્ત્રી છગનલાલ અમરજી

આ જગતમાં દુઃખની નિવૃત્તિ અને સુખ ની પ્રાપ્તિપૂર્વક પોતાની સ્થિતિ સર્વકાલમાં રહે એવી પ્રાણી માત્રને ઈચ્છા રહે છે. પરન્તુ તેવી સ્થિતિ ક્યા ઉપાયથી અને કેવી રીતે થાય તેનો યોગ્ય રીતે યત્ન આ જીવ પોતાના અજ્ઞાનને લીધે કરી શકતો નથી. જો કે લોકો સુખની વૃદ્ધિમાટે યત્ન કર્યા કરે છે તો પણ યથાર્થ સુખ પ્રાપ્ત ન થતાં ઉલટું સુખને બદલે દુઃખ પ્રાપ્ત થાય છે માટે એવો ઉપાય શોધવો જોઈએ કે જેમાં દુઃખસંવલિત સુખ પ્રાપ્ત ન થાય પણ યથાર્થ નિત્યસુખ પ્રાપ્ત થાય. તે વિષયપર વિચાર કરતાં વેદાદિ સર્વશાસ્ત્રોમાં 'પ્રેય' અને 'શ્રેય' એવા બે પદાર્થો કહેલા છે તેમાં પ્રેય એને કહેવાય છે કે જે પ્રારમ્ભમાં તો સુખરૂપ તથા પ્રિય લાગે પરન્તુ પરિણામમાં તે જ પદાર્થથી દુઃખ પ્રાપ્ત થાય. વળી તે સુખ પણ દુઃખસંવલિત હોય તથા તે સુખની સ્થિતિ પણ બહુ કાલ સુધી રહે નહિ તે 'પ્રેય' કહેવાય છે. જેમકે આ લોકમાં દેહ, સ્ત્રી, પુત્ર, ગૃહ, ધન અને રાજ્યાદિ તથા પરલોક માં સ્વર્ગલોકાદિ એ સર્વની ગણના પ્રેયમાં થાય છે.

શ્રેય એ કહેવાય છે કે પ્રારમ્ભમાં તેને પ્રાપ્ત કરતાં તો બહુ શ્રમ થાય છે પણ તે(શ્રેય) પ્રાપ્ત થયા પછી તો તે સુખ એવું હોય છે કે જેમાં દુઃખ લેશ માત્ર પણ રહેતું નથી. અને તે સુખ સદા સર્વકાળમાં નિત્ય રહે છે. તે જ શ્રેયની પ્રાપ્તિ થવામાટે શ્રીકૃષ્ણભગવાને ઉદ્ધવજીને (ભાગ.પુરા.૧૧।અ.૨૦)માં કહ્યું છે કે

**''યોગાસ્રયો મયા પ્રોક્તા નૃણાં શ્રેયોવિવિત્સયા,**
**જ્ઞાનં કર્મ ચ ભક્તિશ્ચ નોપાયોઽન્યોઽસ્તિ કુત્રચિત્''**

અર્થ : મનુષ્યોના કલ્યાણ કરવાની ઈચ્છાથી મેં જ્ઞાન, કર્મ અને ભક્તિ એમ ત્રણ યોગ વેદાદિ શાસ્ત્રદ્વારા કહ્યા છે તે ત્રણ યોગ સિવાય બીજો કોઈ ઉપાય કોઈ સમયમાં પણ શ્રેય પ્રાપ્તિનો નથી.

એ પ્રમાણે શ્રેયની પ્રાપ્તિના કર્મ, જ્ઞાન અને ભક્તિ એમ ત્રણ ઉપાયો કહ્યા જે છે તેમાંથી કોઈ પણ એક માર્ગનું યથાર્થ રીતે સાધન કરે તો શ્રેય પ્રાપ્ત થાય એમ ઉપર કહેલા શ્લોકના અર્થથી સાધારણ રીતે સમજી શકાય છે. પરન્તુ તેમ

નથી, એ ત્રણે માર્ગોના અધિકારીઓનું વિવેચન પણ ત્યાંજ અનુપદ શ્રીકૃષ્ણભગવાને જ કહેલ છે. જેમ કે કહ્યું છે કે

**નિર્વિણ્ણાનાં જ્ઞાનયોગો ન્યાસિનામિહ કર્મસુ,**
**તેષ્વનિર્વિણ્ણચિત્તાનાં કર્મયોગસ્તુ કામિનામ્,**
**યદચ્છયા મત્કથાદૌ જાતશ્રદ્ધસ્તુ યઃ પુમાન્ઃ,**
**ન નિર્વિણ્ણો નાતિસક્તો ભક્તિયોગોઽસ્ય સિદ્ધિદઃ''**

અર્થ : આ શ્રેયની પ્રાપ્તિ કરવાના સાધનોમાંથી જ્ઞાનયોગ તે પુરુષોને સિદ્ધિ આપનારો છે કે જે પુરુષો કર્મમાં દઢ વૈરાગ્યવાળા છે અને સર્વ ઇન્દ્રિયોની વૃત્તિઓને છોડી સર્વનો ત્યાગ કરનારા છે. જે પુરુષોનું ચિત્ત કર્મમાં વૈરાગ્યવાળું થયું નથી અને અન્તઃકરણમાં અનેક પ્રકારની કામનાઓ રહેલી છે એવા પુરુષોને કર્મયોગ સિદ્ધિને આપનારો છે. અને જે પુરુષોને કર્મમાં વૈરાગ્ય થયેલ નથી તેમ કર્મમાં અતિ આસક્તિ પણ નથી એવો જે પુરુષ મારી ઇચ્છાથી મારી કથાના કીર્તન અને શ્રવણાદિક માં શ્રદ્ધાવાળો થયો છે તેને ભક્તિયોગ સિદ્ધિ આપનારો છે.

એ પ્રમાણે ત્રણે માર્ગના અધિકારીઓના ત્રણ પ્રકારના સ્વરૂપ ભિન્ન-ભિન્ન કહ્યાં છે. તે પરથી સ્પષ્ટ સમજવામાં આવે છે કે દઢ વૈરાગ્યયુક્ત પુરુષ જ્ઞાનનો અધિકારી છે. જે પુરુષના ચિત્તમાં વૈરાગ્ય નથી અને અનેક કામનાયુક્ત જેનું ચિત્ત છે તે પુરુષ કર્મનો અધિકારી છે. અને જે પુરુષને દઢ વૈરાગ્ય નથી, તેમ કામનાઓમાં પણ અતિ આસક્તિ નથી, તેવા પુરુષો ભક્તિના અધિકારી છે. એ પ્રમાણે ત્રણે પ્રકારના અધિકારીઓના સ્વરૂપનો વિચાર કરતાં હાલના કલિકાલના સમયમાં તો વિશેષે કરી પ્રાયઃ ભક્તિ માર્ગના જ અધિકારી જોવામાં આવે છે.

આ ઉપરથી એમ સમજવાનું નથી કે ''સત્યયુગાદિ કરતાં કલિયુગ હીન છે તેથી તેમાં જીવો પણ હીન અધિકારવાળા જ ઉત્પન્ન થાય છે તેથી તેના અધિકારને અનુસારે હીનસાધનરૂપ ભક્તિ બતાવેલી છે. પણ સત્યયુગાદિમાં તો ઉત્તમ અધિકારવાળા જીવો ઉત્પન્ન થતા હતા. તેને માટે તો કર્મ, જ્ઞાન, સાઙ્ખ્ય, યોગ અને તપ આદિ ઉત્તમ સાધનો શાસ્ત્રમાં કહ્યાં હશે. અને તે સાધનોથી જ વેદાદિ સર્વ શાસ્ત્રોક્ત મુખ્ય ફલ થતું હશે'' એમ સમજવાનું નથી. કારણ કે કર્મ, જ્ઞાન અને યોગ આદિ સર્વ સાધનો ભક્તિની અપેક્ષા રાખે છે. ભક્તિ વગર તે-તે સાધનો પણ



કર્મ, જ્ઞાન, સાઙ્ખ્યય અને યોગાદિ પ્રતિપાદક શાસ્ત્રોમાં કહેલ ફલને પણ સિદ્ધ કરી શકતાં નથી તો વેદાદિ સર્વશાસ્ત્રોક્ત મુખ્ય ફલને તો કેમ જ સિદ્ધ કરી શકે?

તે કર્મ, જ્ઞાન, સાઙ્ખ્ય અને યોગાદિ દરેક સાધનોથી સિદ્ધ થતાં ફલોનું તારતમ્ય સઙ્ક્ષેપથી નીચે દર્શાવીએ છીએ. તે ઉપરથી વાચકવર્ગને સારી રીતે સમજવામાં આવશે.

**કર્મમાર્ગ :**

શ્રૌત અને સ્માર્ત એમ બે પ્રકારના કર્મો છે તેમાં શ્રૌત કર્મના વિષયમાં નીચે લખ્યા પ્રમાણે સમજવું.

૧. અગ્નિહોત્ર, ૨. દર્શપૂર્ણમાસ, ૩. ચાતુર્માસ્ય, ૪. પશુ અને ૫. સોમ એ પાંચ પ્રકારના યજ્ઞો શ્રૌતકર્મ કહેવાય છે.

તે કર્મના આધિદૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિક એવા ત્રણ પ્રકારના ભેદ છે.

**આધિદૈવિક :** *''યજ્ઞો વૈ વિષ્ણુઃ''* એ શ્રુતિ પ્રમાણે યજ્ઞ એ વિષ્ણુનું સ્વરૂપ છે. તેમજ *''યજ્ઞેન યજ્ઞમયજન્ત દેવાઃ''* એ શ્રુતિ તથા (ભાગ.પુરા.૨।૬।૨૬) *''પુરુષાવયવૈરેતે સમ્ભારાઃ સમ્ભૃતા મયા''* એ બ્રહ્માજીના વાક્ય પ્રમાણે યજ્ઞના સ્રુક્ અને સ્રુવાદિ યાવત્ સાધનો તથા યજ્ઞમાં ઈજ્ય ઈન્દ્રાદિ યાવત્ દેવતાઓ યજ્ઞપુરુષરૂપ વિષ્ણુ ભગવાન્‌ના અવયવરૂપ હોવાથી વિષ્ણુરૂપ છે. તેથી સાધન સહિત યજ્ઞનું આધિદૈવિક સ્વરૂપ વિષ્ણુ જ છે.

**આધ્યાત્મિક :** યજ્ઞમાં અગ્નિ, ઈન્દ્ર, સૂર્ય અને વરુણ ઈત્યાદિ યજ્ઞમાં ભાગ લેવાવાળા દેવતાઓ યજ્ઞનું આધ્યાત્મિક સ્વરૂપ છે.

**આધિભૌતિક :** યજ્ઞના આરમ્ભથી લઈને યજ્ઞની સમાપ્તિ સુધી જે ક્રિયા થાય છે તે યજ્ઞનું આધિભૌતિક સ્વરૂપ છે.

**સ્માર્તકર્મ :**

૧. ગર્ભાધાનાદિ સોળ સંસ્કાર

૨. સન્ધ્યોપાસનાદિ નિત્યકર્મ

૩. નિત્યશ્રાદ્ધ

૪. સાત પ્રકારના પાકયજ્ઞ અને

૫. પાપોનું પ્રાયશ્ચિત એ પાંચ પ્રકારના સ્માર્તકર્મો છે.

૧. ઔપાસનહોમ ૨. વૈશ્વદેવ ૩. પાર્વણ શ્રાદ્ધ ૪. અષ્ટકા ૫.માસિકશ્રાદ્ધ ૬. સર્વબલિ અને ૭. ઈશાનબલિ એ સાત પ્રકારના પાકયજ્ઞો કહેવાય છે.

એકાદશ્યાદિક વ્રત કરવાં અને પુષ્કરાદિ તીર્થોમાં જવું ઈત્યાદિ બોધ જે સ્મૃતિઓમાં કરેલો છે, તે પૂર્વના ઋષિઓનો સદાચાર જોઈ કરેલો છે અને તેનું મૂલ પુરાણો છે. તેમાં એમ સમજવાનું છે કે અગ્નિહોત્રીને અગ્નિ છોડીને પરદેશ જવાનો નિષેધ છે. તેથી અગ્નિહોત્રીને તીર્થમાં જવાનો વિધિ નિત્ય નથી. તેમજ અગ્નિહોત્રી તથા બ્રહ્મચારી ને ઉપવાસ કરવાનું વિધાન નહિ હોવાથી તેને માટે વ્રત નિત્ય નથી. પરન્તુ જેઓ વેદના વિધિ પ્રમાણે અગ્નિહોત્ર કરતા નથી અને વિધિ પ્રમાણે બ્રહ્મચર્ય વ્રતમાં સ્થિત નથી તેવાઓને માટે તો એકાદશી વિગેરે વ્રતો તથા તીર્થાદિક માં જવું એ નિત્ય છે. વ્રત અને તીર્થાદિક ની ગણના પણ સ્માર્ત ધર્મમાં કરેલી છે.

ઉપર કહેલાં શ્રૌત અને સ્માર્તકર્મો પાછાં નિત્ય અને કામ્ય એમ બે પ્રકારનાં છે.

**નિત્યકર્મ :** જે કર્મ નહિ કરવાથી પ્રત્યવાય લાગે અને યથોક્ત કર્મ કરવાથી શ્રેયની પ્રાપ્તિ થાય તેને 'નિત્યકર્મ' કહેવાય છે.

**કામ્યકર્મ :** જે કર્મ કોઈ કામનાથી કરવામાં આવે તે 'કામ્યકર્મ' કહેવાય છે.

તેથી જ શ્રુતિઓમાં *''યાવજ્જીવમ્ અગ્નિહોત્રં જુહુયાત્''* અને *''અગ્નિહોત્રં જુહુયાત્ સ્વર્ગકામઃ પ્રજાકામઃ પશુકામઃ'' ''યાવજ્જીવં દર્શપૂર્ણમાસાભ્યાં યજેત'' ''પ્રતિસંવત્સરં જ્યોતિષ્ટોમેન યજેત'' ''સોમેન યજેત સ્વર્ગકામઃ''* ઈત્યાદિ



શ્રુતિઓમાં નિત્ય અને કામ્ય એમ બન્ને પ્રકારનાં કર્મોનો બોધ કર્યો છે અને તેના તે યજ્ઞો જો કામનાથી કરવામાં આવે તો તે કામ્ય પણ થાય છે. તે યજ્ઞો કરનાર અધિકારીના ઉત્તમ, મધ્યમ અને હીન એમ ત્રણ ભેદ છે.

**ઉત્તમાધિકાર :** *''સર્વં ખલ્વિદં બ્રહ્મ''* ઈત્યાદિ ઉપનિષદ્પ્રસિદ્ધ શુદ્ધ અદ્વૈત શબ્દજ્ઞાનવાન્ ભગવાન્‌ના નિશ્વાસ રૂપ વેદની *''યાવજ્જીવમ્ અગ્નિહોત્રં જુહુયાત્''* ઈત્યાદિક આજ્ઞાથી પોતાનું આવશ્યક નિત્ય કર્તવ્ય કર્મ માની કામના રહિત થઈ; યજ્ઞ એ વિષ્ણુનું સ્વરૂપ છે, યજ્ઞના સ્રુક-સ્રુવાદિ યાવત્ સાધનો તથા યજ્ઞમાં ઈજ્ય ઈન્દ્રાદિ યાવદ્ દેવતાઓ પણ યજ્ઞપુરુષના અવયવરૂપ હોવાથી વિષ્ણુરૂપ જ છે એવું યજ્ઞનું આધિદૈવિક સ્વરૂપ યથાર્થરીતે સમજીને યથાર્થ વેદોક્ત વિધિ પ્રમાણે યજ્ઞ કરે છે તેનો યજ્ઞ આધિદૈવિક થાય છે અને તેઓ આધિદૈવિક યજ્ઞ કરનાર પુરુષ ઉત્તમ અધિકારી છે. ઉત્તમ અધિકારીના ઉદાહરણમાં બ્રહ્માજી તથા પ્રજાપતિઓ મુખ્ય છે.

**મધ્યમાધિકારી :** યજ્ઞએ વિષ્ણુરૂપ છે. યજ્ઞના સ્રુક્-સ્રુવાદિ સઘળાં સાધનો તથા યજ્ઞમાં ઈજ્ય ઈન્દ્રાદિ દેવતાઓ યજ્ઞપુરુષ વિષ્ણુ ભગવાન્‌ના અવયવરૂપ હોવાથી વિષ્ણુરૂપ છે એવું જ્ઞાન ન હોય તેમજ ઉપનિષદ્પ્રસિદ્ધ શુદ્ધ અદ્વૈતજ્ઞાન પણ ન હોય છતાં વેદની આજ્ઞાથી પોતાનું અવશ્ય નિત્ય કર્તવ્યકર્મ માની નિષ્કામ થઈ યથાર્થ વેદોક્ત વિધિ પ્રમાણે યજ્ઞમાં ઈજ્ય, ઈન્દ્ર અને વરુણ વગેરે દેવતાઓને જ કેવલ પ્રસન્ન કરવામાટે જે પુરુષ યજ્ઞ કરે છે તેનો યજ્ઞ આધ્યાત્મિક થાય છે. આધ્યાત્મિક યજ્ઞ કરનાર પુરુષ મધ્યમાધિકારી છે. મધ્યમાધિકારીના ઉદાહરણમાં બલિ અને પૃથુ વગેરે છે.

**હીનાધિકારી :** શાસ્ત્રમાં કહેલ સ્વર્ગલોકનું સુખ સાંભળીને તે સુખ પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય, ત્યારે એ સ્વર્ગ સુખ કેમ મળે એની મીમાંસા કરતાં *''અગ્નિહોત્રં જુહુયાત્ સ્વર્ગકામઃ'' ''દર્શપૂર્ણમાસાભ્યાં સ્વર્ગકામો યજેત'' ''જ્યોતિષ્ટોમેન સ્વર્ગકામો યજેત''* ઈત્યાદિક શ્રુતિઓ અનુસાર અગ્નિહોત્રાદિક કર્મ કરવાથી સ્વર્ગ લોક પ્રાપ્ત થશે એમ સમજીને અગ્નિહોત્રાદિક કર્મમાં પ્રવૃત્ત થયો હોય પરન્તુ યજ્ઞ એ વિષ્ણુરૂપ છે, યજ્ઞના સાધન સ્રુક્-સ્રુવાદિ તથા તે યજ્ઞમાં ઈજ્ય ઈન્દ્ર-વરુણ વગેરે દેવતાઓ સર્વ યજ્ઞરૂપ વિષ્ણુના અવયવરૂપ હોવાથી વિષ્ણુરૂપ છે,

એવું જ્ઞાન ન હોય તેમજ ઉપનિષદ્ સિદ્ધ શુદ્ધ અદ્વૈતજ્ઞાન પણ ન હોય, એવો પુરુષ જે યજ્ઞ કરે તો તેના દ્વારા કરાતું યજ્ઞ આધિભૌતિક થાય છે. આધિભૌતિક યજ્ઞ કરનાર પુરુષ હીનાધિકારી છે. હીનાધિકારીનાં ઉદાહરણમાં હાલના અધિકારીઓ છે.

ઉપર ત્રણ પ્રકારના અધિકારીઓ કહ્યા તે જે અગ્નિહોત્રાદિ પાંચ યજ્ઞો નિત્ય કહ્યા છે તે કરનારાઓના ભેદ સમજવા પરન્તુ તેમાં એટલું સમજવાનું છે કે જે હીનાધિકારી છે તે તો સ્વર્ગલોકાદિકની કામનાથી યજ્ઞ કરે છે અને સ્વર્ગાધિક લોક તો અદષ્ટ પદાર્થ છે. તેમાં તેનું ચિત્ત સંશયવાળું હોવાથી તેના ચિત્તમાં એવા પ્રકારની શઙ્કા રહે કે તે યજ્ઞો કરવાથી મને સ્વર્ગાદિક મળશે કે નહિ? તે શઙ્કાની નિવૃત્તિમાટે યજ્ઞોના અઙ્ગોના વિષયમાં પણ કામનાના ભેદોથી ભિન્ન-ભિન્ન કર્તવ્ય લખેલું છે. જેમકે *''ચમસેન અપઃપ્રણયેત્ ગોદોહનેન પશુકામસ્ય મૃણ્મયેન પ્રતિષ્ઠાકામસ્ય કાંસ્યેન બ્રહ્મવર્ચસકામસ્ય''* ઈત્યાદિક શ્રુતિઓમાં પશુ વિગેરેની કામનાથી યજ્ઞમાં અપેક્ષિત દૂધમાટે ગોદોહન કરતાં જલપ્રોક્ષણ કરતી વખતે ભિન્ન-ભિન્ન કામનાવાળાઓને માટે ભિન્ન-ભિન્ન પાત્રોનું વિધાન કરેલું છે. તે પ્રમાણે યજ્ઞના દ્રવ્યો, સંસ્કાર અને કર્મ માં પણ ભિન્ન-ભિન્ન વિધાન છે. તે પ્રમાણે કરવાથી તે-તે ફલ સિદ્ધ થઈને યજ્ઞ પૂર્ણ થાય છે. એટલે હીનાધિકારીને એ યજ્ઞ કરવાથી મને સ્વર્ગાદિ અવશ્ય પ્રાપ્ત થશે એમ દઢ વિશ્વાસ બેસે છે. તે ઉપરથી તેના મનમાં એવો વિચાર થાય છે કે જ્યારે યજ્ઞના અઙ્ગરૂપ કર્મમાં પશુ અને પુત્રાદિ પ્રાપ્ત કરવાનું સામર્થ્ય છે ત્યારે તે નિત્ય યજ્ઞમાં કામના શા માટે કરવી. એમ સમજી એના મનમાં વૈરાગ્યનો અંશ આવે છે. તેમ કરતાં-કરતાં હીનાધિકારી પણ ક્રમે કરીને મધ્યમાધિકારી તથા ઉત્તમાધિકારી થાય છે. એવા અભિપ્રાયથી વેદે સ્વર્ગાદિકામના વાળાઓને માટે પણ એ નિત્ય યજ્ઞોનું વિધાન કરેલું છે, તેથી સ્વર્ગાદિ કામનાઓનો ભેદ પણ નિત્ય યજ્ઞ કરનારાઓના ભેદમાં હીનાધિકાર તરીકે ગણેલો છે.

હવે જે *''શ્યેનેન અભિચરન્ યજેત''* ઈત્યાદિ શ્રુતિઓમાં શત્રુ મરણાદિ લૌકિક કામનાઓ માટે વેદમાં જે વિધાન કરેલું છે તેનો અભિપ્રાય એવો છે કે જેઓની ઈશ્વર તથા વેદ વાક્યો ઉપર અલ્પ આસ્થા છે તથા જે લોકોને દઢ આસ્થા નથી તેવા ક્ષુદ્રાધિકારીઓને વેદવાક્યોપર દઢ આસ્થા બેસાડવામાટે *''શ્યેનેન અભિચરન્ યજેત''* ઈત્યાદિ શત્રુમારણાદિ લૌકિક ક્ષુદ્ર કામનાઓ પણ સિદ્ધ થવામાટે યજ્ઞ કરવાનું



વેદે વિધાન કરેલું છે. તે પ્રમાણે શ્યેનયાગાદિ કરવાથી શત્રુમારણાદિ ક્ષુદ્ર કામનાઓ પણ સિદ્ધ થાય છે. એટલે તેને વેદોક્ત કર્મ કરવાથી અવશ્ય ફલ પ્રાપ્ત થાય છે એવા પ્રકારની દઢ આસ્થા તેના મનમાં બેસે છે. તે ઉપરથી તે વેદોક્ત દૃષ્ટ ફલ આપનાર સકામ કર્મ કરવા લાગે છે. તે પછી જે-જે લૌકિક કામનાઓ માટે વેદોક્ત કર્મ કરે છે તે-તે કર્મોનું તેને ફલ મળતું જાય છે. એમ કરતાં-કરતાં સ્વર્ગાદિ અદષ્ટ ફલ આપનાર જ્યોતિષ્ટોમાદિ યજ્ઞો કરવામાં પણ તેની આસ્થા બેસી તે યજ્ઞો કરવા લાગે છે. એટલે તેને ક્ષુદ્રાધિકારમાંથી હીનાધિકાર પ્રાપ્ત થાય છે. એવા અભિપ્રાયથી જ વેદે લૌકિક ક્ષુદ્ર કામનાઓ માટે પણ શ્યેનયાગાદિનું વિધાન કરેલું છે.

આ ઉપરથી એટલું સમજવાનું છે કે વેદનો અભિપ્રાય નિષ્કામ કર્મ કરાવવાનો જ છે સકામ કર્મ કરાવવાનો નથી. પરન્તુ સર્વ લોકો નિષ્કામ હોતા નથી, તેથી જો વેદ સકામ કર્મ કરવાનો બોધ કરે નહિ અથવા તે સકામ કર્મ કરવાનું ફલ પણ આપે નહિં તો વેદ વાક્યોપરથી લોકોને વિશ્વાસ ઉઠી જવાનો પ્રસઙ્ગ આવે એટલે ક્રમે કરીને નિષ્કામ કર્મ કરવા સુધીની કક્ષાને કોઈ પણ પહોંચી શકે નહિ, તે ઉપરથી નિષ્કામ કર્મો કરવાનું વેદે જે વિધાન કરેલું છે તે પણ વ્યર્થ જાય તે માટે વેદે સકામ કર્મો કરવાનું વિધાન કર્યુ છે.

કેટલાએક આ વિષયમાં એમ કહે છે કે વેદનો અભિપ્રાય સકામ કર્મો કરાવી તેનું ફલ આપવાનો નથી. પરન્તુ જેમ જ્વરાદિ રોગની નિવૃત્તિમાટે બાળકને નિમ્બ વિગેરે કડવું ઔષધ પીવડાવવું હોય ત્યારે તેની માતા કે દિ પિતા મોદક ખવડાવવાનો બાળકને લોભ આપીને તે કડવું ઔષધ પીવડાવે છે અને પછી ''મોદક કાગડો લઈ ગયો'' એમ કહીને તે મોદક ખાવાની વાતને ઉડાવી દે છે તે પ્રમાણે વેદ પણ ફળ થવાનો બોધ આપીને અન્તઃકરણની શુદ્ધિમાટે કર્મ કરાવે છે, બાકી કાંઈ પણ ફલ આપતો નથી. કારણ કે વેદનો અભિપ્રાય અન્તઃકરણની શુદ્ધિમાટે વેદોક્ત કર્મ કરાવવાનો છે પણ ફલ આપવાનો નથી. એ પ્રમાણે જેઓ કહે છે તેઓના કહેવા પ્રમાણે જો વેદનો અભિપ્રાય માનવામાં આવે તો તેમાં બે મોટા દોષો આવે છે. અને તેમાં એક તો વેદ પ્રતારણ કરવા (છેતરવા) માટે તે-તે સકામ કર્મનું ફલ મળવાનો મિથ્યાબોધ કરે છે. એમ વેદ ઉપર મિથ્યાકથન કરવાનો આરોપ આવે છે. અને બીજો દોષ એ આવે છે કે જેમ બાળકને એક દિવસ મોદક આપવાનો લોભ દેખાડી ઔષધ

પીવડાવીએ પણ જો મોદક આપીએ નહિ તો બીજે દિવસે તે બાળક મોદકનો લોભ આપ્યા છતાં પણ ઔષધ પીએ નહિ. કારણ કે તેને માતા-પિતાના વચન ઉપરથી વિશ્વાસ ઉઠી જાય છે. તેમજ દૃષ્ટ ફલ આપનાર પુત્રેષ્ટિ તથા કારીરી આદિ યાગોનું વિધાન વેદે કરેલું છે તે યજ્ઞો પુત્ર વગેરેની કામનાવાળા પુરુષો કરે અને તેઓને પુત્ર વગેરે ફલોની પ્રાપ્તિ થાય નહિ એટલે વેદ વાક્યોપરથી તેઓનો વિશ્વાસ ઉઠી જવાથી તેઓ વેદોક્ત કર્મ કરે જ નહિ. તેથી વેદોક્ત સકામ કર્મ કરાવવાનું પૂર્વ મીમાંસામાં જે વિધાન છે તેમાં લોકોની પ્રવૃત્તિ કુણ્ઠિત થાય. માટે આ બે મોટા દોષોને લીધે વેદોક્ત સકામ કર્મનું ફલ મળતું નથી એમ જે કેટલાક લોકોનું કહેવું છે તે યોગ્ય નથી. પણ અમારા શ્રીવલ્લભાચાર્યચરણોએ સકામ કર્મ કરવાવાળાઓ નિષ્કામ કર્મ કરવા સુધીની કક્ષાને પહોંચે તેવો અભિપ્રાય જે ઉપર દર્શાવેલો છે તેજ યોગ્ય છે.

ઉપર ઉત્તમ, મધ્યમ અને હીન એમ ત્રણ પ્રકારના જે અધિકારીઓ કહ્યા છે તેમાંથી ઉત્તમ અધિકારીને તો સાક્ષાત્ યજ્ઞપુરુષ વિષ્ણુભગવાન્‌ની અભિવ્યક્તિ (અર્થાત્ સાક્ષાત્ દર્શન) થાય છે. મધ્યમ અધિકારીઓને અન્તઃકરણ શુદ્ધ થઈ બીજા જન્મમાં શુદ્ધ અદ્વૈત જ્ઞાન પ્રાપ્ત થાય છે. અને હિનાધિકારીને સ્વર્ગલોકની પ્રાપ્તિ થાય છે.

ઉપર પ્રમાણે સઙ્ક્ષેપથી કર્મમાર્ગનું સ્વરૂપ બતાવ્યું. તે ઉપરથી વાચક વર્ગના સમજવામાં આવ્યું હશે કે કર્મમાર્ગથી ઉત્તમ, મધ્યમ, હીન અને લૌકિક ક્ષુદ્ર ફળો પ્રાપ્ત થાય છે. તે પણ જ્યારે કર્મ કરવાની શરૂઆતમાં ''હરિઃ ૐ વિષ્ણુઃ ૐ વિષ્ણુઃ ૐ વિષ્ણુઃ ૐ'' ''અપવિત્રઃ પવિત્રોવા'' ઈત્યાદિ વિષ્ણુસ્મરણ કરીને જ સન્ધ્યાવન્દનથી લઈને સોમાન્ત કર્મનો આરમ્ભ થાય છે. તે પછી દરેક કર્મના મધ્યમાં મન્ત્રોચ્ચારણમાં અથવા તો કોઈ પ્રકારની ક્રિયામાં કાંઈ પણ જ્ઞાતાજ્ઞાત ભૂલ-ચૂક થઈ જાય તો તેના દોષની નિવૃત્તિમાટે પણ કર્મ કરવાના સર્વ આર્ષ ગ્રન્થોમાં હરિસ્મરણ તથા વિષ્ણુસ્મરણ કરવાનું જ વિધાન છે. તેમજ દરેક કર્મોના અન્તમાં સમાપ્તિ વખતે ''યસ્ય સ્મૃત્યા ચ નામોક્ત્યા'' અને ''પ્રમાદાત્ કુર્વતાં કર્મ'' વિગેરે શ્લોકોથી સાઙ્ગ કર્મની પૂર્ણતા થવામાટે પણ શ્રીવિષ્ણુભગવાન્‌ની જ પ્રાર્થના કરવામાં આવે છે. એમ સાધારણ રીતે પણ વિચાર કરતાં સ્મરણાત્મક તથા વન્દનાત્મક ભક્તિ સિવાય કોઈ પણ કર્મની પૂર્ણતા થતી નથી એ વાત શાસ્ત્ર સિદ્ધ છે. તેથી



કર્મમાર્ગમાં પણ ભક્તિની અપેક્ષા રહે છે. તેમજ કર્મમાર્ગમાં ઉત્તમ અધિકારવાળાને જે સાક્ષાત્ યજ્ઞપુરુષ વિષ્ણુભગવાન્‌ના દર્શનરૂપ ફલ થાય છે તે તો સ્પષ્ટ ભક્તિનું જ કાર્ય છે. ભક્તિ સિવાય બીજાં કોઈ સાધનોથી ભગવાન્‌ની અભિવ્યક્તિ અર્થાત્ સાક્ષાત્કાર થતો નથી. જેમકે ગીતાજી અધ્યાય ૧૧માં ''નાહં વેદૈર્ન તપસા'' એ શ્લોકમાં વેદ અને વેદોક્ત તપ વગેરે સઘળાં સાધનોથી પોતાના દર્શનનો નિષેધ કરીને કેવલ અનન્ય ભક્તિથી જ પોતાના દર્શન થવાનું શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે. તે ઉપરથી એમ સિદ્ધ થાય છે કે કર્મ કરનાર ઉત્તમાધિકારીના અન્તઃકરણમાં પણ યજ્ઞપુરુષ વિષ્ણુભગવાન્‌ની અભિવ્યક્તિ (દર્શન) થવાની ઉત્કટ ઇચ્છા હોય છે ત્યારે જ યજ્ઞપુરુષ વિષ્ણુનો સાક્ષાત્કાર થાય છે. એ પણ ભક્તિનું જ સ્વરૂપ છે. તે ઉપરથી એમ સિદ્ધ થયું કે કર્મમાર્ગના ઉત્તમ અધિકારવાળાના કર્મનું ફલ ભક્તિના આધિક્યથી જ થાય છે. અને મધ્યમ તથા હીનઅધિકારવાળાના કર્મની પૂર્ણતા પણ સ્મરણાત્મક તથા વન્દનાત્મક ભક્તિથી જ થાય છે તેથી કર્મમાર્ગમાં પણ ભક્તિની જ ગરજ રહે છે.

એ પ્રમાણે ભક્તિની સહાયતાથી જ કર્મમાર્ગ સિદ્ધ થાય છે. તે કર્મના ઉત્તમ અધિકારવાળાએ આધિદૈવિક કર્મ કર્યું હોય ત્યારે તેને સત્ત્વગુણના અધિષ્ઠાતા યજ્ઞપુરુષ વિષ્ણુની અભિવ્યક્તિ થાય છે. પણ પૂર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મ શ્રીકૃષ્ણની અભિવ્યક્તિ થતી નથી. અને તેને ફલ પણ અર્ચિરાદિમાર્ગદ્વારા ક્રમમુક્તિ થાય છે, સદ્યોમુક્તિ થતી નથી.

**જ્ઞાનમાર્ગ :**

હવે જ્ઞાનનું સત્ય સ્વરૂપ, જ્ઞાનમાર્ગમાં પણ ભક્તિની અપેક્ષા રહે છે કારણ કે ભક્તિ સિવાય જ્ઞાન સિદ્ધ થતું નથી તે અને જ્ઞાનમાર્ગના ફળ વિષે સંક્ષેપથી બતાવવામાં આવે છે.

હવે જ્ઞાનમાર્ગ શું છે એ તો પહેલાં સમજવું જોઈએ. ''બ્રહ્મ સત્યં જગન્મિથ્યા'' એમ પ્રતિપાદન કરનાર ગ્રન્થોમાં જે સિદ્ધાન્ત બતાવવામાં આવ્યો છે તેને જ કેટલાક લોકો જ્ઞાનમાર્ગ સમજી રહ્યા છે. પરન્તુ વાસ્તવિક રીતે તે જ્ઞાનમાર્ગ નથી. કારણ કે સર્વત્ર વ્યાપ્ત અક્ષરબ્રહ્મનું યથાર્થ જ્ઞાન જેનાથી થાય તે જ્ઞાનમાર્ગ

કહેવાય. તે પ્રમાણે ''બ્રહ્મ સત્યં જગન્મિથ્યા'' એવો ઉપદેશ જે માર્ગમાં થાય છે તે માર્ગમાં જગતને રજ્જુમાં સર્પની માફક શુદ્ધ નિર્ગુણબ્રહ્મમાં કલ્પિત માનવામાં આવે છે, ત્યારે કલ્પિત જગતમાં બ્રહ્મની વ્યાપકતા સમ્ભવતી નથી. તેમ કલ્પના કરનાર કોણ? બ્રહ્મ અને જગત્ સિવાય ત્રીજો કલ્પના કરનાર સિદ્ધ થઈ શકતો નથી. તેમ રજ્જુમાં સર્પની ભ્રાન્તિ થાય છે પણ અશ્વની ભ્રાન્તિ થતી નથી. તેનું કારણ રજ્જુ અને સર્પ એ બન્નેનો સમાન આકાર છે તેથી થાય છે. તે પ્રમાણે શુદ્ધ નિર્ગુણ બ્રહ્મને તો તે નિરાકાર માને છે તો તેમાં જગતની ભ્રાન્તિ શી રીતે થઈ શકે? કારણ કે જગત્ અને બ્રહ્મનો સરખો આકાર નથી. તેમ પ્રથમ સત્ય સર્પ જોયેલો છે તેની ભ્રાન્તિ અન્ધકારાદિ દોષને લઈને તેના આકાર સરખી રજ્જુમાં થાય છે તે પ્રમાણે શુદ્ધ નિર્ગુણબ્રહ્મમાં જગતની ભ્રાન્તિ જો થઈ તો તે સત્ય જગત્ ક્યારે અને ક્યા સ્થળમાં જોયું હતું કે તેની ભ્રાન્તિ બ્રહ્મમાં થઈ? તેમ સત્ય જગતનો આકાર તથા શુદ્ધ બ્રહ્મનો આકાર શું સમાન હતો અને ભ્રાન્તિ થવામાં કારણરૂપ અન્ધકાર જેવો દોષ ક્યો આડો આવ્યો કે જેનાથી ભ્રાન્તિ થઈ? ઈત્યાદિ સવાલો પૂછવામાં આવે તો તેઓ એ વિષયમાં કાંઈ પણ જવાબ દઈ શકતા નથી, તેથી આડા-અવળા કુતર્કો કરવા માંડે છે. તેમજ વેદની જ આખી શ્રુતિ હોય તેમાંથી આગળ-પાછળના વાક્યોને મૂકી દઈ *'તત્ત્વમસિ'* કે *'અહં બ્રહ્માસ્મિ'* એટલા ચાર-પાંચ અક્ષરના કકડાને મહાવાક્ય માની તથા ઉપક્રમોપસંહાર મેળવ્યાની દરકાર રાખ્યા વગર જ પોતાનો સિદ્ધાન્ત સિદ્ધ કરવા માગે તો તે સિદ્ધાન્ત વેદના અર્થ પ્રમાણે ખરો ગણાય નહિ. માટે તે ખરો જ્ઞાનમાર્ગ કહેવાય નહિ ખરો જ્ઞાનમાર્ગ તો એ કહેવાય કે *''સર્વં ખલ્વિદં બ્રહ્મ''* (આ જેટલું દેખાય છે તે સર્વ બ્રહ્મ છે) એમ શાણ્ડિલ્ય વિદ્યામાં અને *''પુરુષ એવેદં સર્વં યદ્ ભૂતંયચ્ચ ભાવ્યમ્''* (આ સર્વ દેખાય છે તે જે થઈ ગયું છે તે અને જે થવાનું છે તે સર્વ પુરુષ-બ્રહ્મ જ છે) એમ પુરુષસૂક્તમાં નિરૂપણ કર્યું છે તે પ્રમાણે આ સર્વ પ્રપઞ્ચ તથા નામરૂપાત્મક પ્રપઞ્ચ બ્રહ્મરૂપ છે એવું શુદ્ધ અદ્વૈત જ્ઞાન થાય તે જ ખરેખરું જ્ઞાન કહેવાય છે. તે જ્ઞાનની સાથે પણ ગીતાના તેરમા અધ્યાયમાં લખ્યા પ્રમાણે શ્રીકૃષ્ણના અનન્ય યોગથી (બીજા દેવથી ભક્તિનો અંશ પણ હૃદયમાં આવે નહિ તે પ્રમાણે) અવ્યભિચરિત અર્થાત્ કોઈ દિવસ પણ ચિત્ત જેમાંથી ચલાયમાન થાય નહિ તેવી ભક્તિ હોવી જોઈએ. કારણ કે ગીતાજીના તેરમાં અધ્યાયમાં સાતમા શ્લોકથી આરમ્ભીને અગીઆરમાં શ્લોક સુધી જ્ઞાનનાં લક્ષણો કહ્યાં છે કે :



*અમાનિત્વમ્ અદમ્ભિત્વમ્ અહિંસા ક્ષાન્તિરાર્જવમ્।*
*આચાર્યોપાસનં શૌચં સ્થૈર્યમ્ આત્મવિનિગ્રહઃ।।૭।।*
*ઈન્દ્રિયાર્થેષુ વૈરાગ્યમ્ અનહઙ્કાર એવ ચ।*
*જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિ-દુઃખ-દોષાનુદર્શનમ્।।૮।।*
*અસક્તિરનભિષ્વઙ્ગઃ પુત્ર-દાર-ગૃહાદિષુ।।*
*નિત્યં ચ સમચિત્તત્વમ્ ઈષ્ટાનિષ્ટોપપત્તિષુ।।૯।।*
*મયિ ચાનન્યયોગેન ભક્તિરવ્યભિચારિણી।*
*વિવિક્તદેશસેવિત્વમ્ અરતિર્જનસંસદિ।।૧૦।।*
*અધ્યાત્મજ્ઞાનનિત્યત્વં તત્ત્વજ્ઞાનાર્થદર્શનમ્।*
*એતજ્જ્ઞાનમ્ ઈતિ પ્રોક્તમ્ અજ્ઞાનં યદતોઽન્યથા।।૧૧।।*

એ તમામ જ્ઞાનના લક્ષણોની સાથે શ્રીકૃષ્ણમાં અવ્યભિચારિણી ભક્તિ હોવી જોઈએ એમ લખ્યું છે. અને તેમ થાય ત્યારે જ તે જ્ઞાન કહેવાય અને તેથી વિપરીત હોય તો તે અજ્ઞાન કહેવાય છે. માટે જ્ઞાનમાં પણ સાધનરૂપ ભક્તિની અપેક્ષા રહે છે. તે જ્ઞાનના ફલ ઉપર દૃષ્ટિ કરીએ તો તે બાબત અથર્વવેદમાં ૩।૨।૬ કહેલ છે કે

*''વેદાન્તવિજ્ઞાનસુનિશ્ચિતાર્થાઃ સન્ન્યાસયોગાદ્ યતયઃ શુદ્ધસત્ત્વાઃ,*
*તે બ્રહ્મલોકે તુ પરાન્તકાલે પરામૃતાત્ પરિમુચ્યન્તિ સર્વે''*

અર્થ : જેઓનું અન્તઃકરણ સન્ન્યાસના યોગથી શુદ્ધ થયું છે. વેદાન્તના વિજ્ઞાનથી જેઓએ સારી રીતે અર્થનો નિશ્ચય કર્યો છે એવા યતિઓ બ્રહ્મલોકમાં રહે છે. અને તેઓ બ્રહ્માજીનું આયુષ્ પુરું થતી વખતે જ્યારે બ્રહ્માજીનો મોક્ષ થાય છે ત્યારે બ્રહ્મલોકમાં રહેલા જ્ઞાનીઓ પણ મુક્ત થાય છે.

સ્મૃતિમાં પણ કહેલ છે કે

*''બ્રહ્મણા સહ તે સર્વે સમ્પ્રાપ્તે પ્રતિસઞ્ચરે,*
*પરસ્યાન્તે કૃતાત્માનઃ પ્રવિશન્તિ પરં પદમ્''*

અર્થ : જ્યારે પ્રાકૃતિક લય થાય ત્યારે (બ્રહ્માજીનો પણ લય થાય છે) બ્રહ્માજીની સાથે ભગવાન્માં અન્તઃકરણ રાખવાવાળા બ્રહ્મલોકમાં રહેલા સઘળાઓ પરપદમાં પ્રવિષ્ટ થાય છે. અથવા મુક્ત થાય છે.

એ પ્રમાણે જ્ઞાનીઓને ફલ થવાનું કહેલ છે ત્યાં દૃઢ વૈરાગ્યથી અન્તઃકરણ શુદ્ધ થતાં સન્ન્યાસ ગ્રહણ કરીને જેઓ વેદાન્તનું જ્ઞાન પ્રાપ્ત કરે ત્યારે જ તેઓને તે રીતે અર્થનો નિશ્ચય થાય. તેવા જ્ઞાનીઓને બ્રહ્મલોક (સત્યલોક)ની પ્રાપ્તિ થાય અને જ્યારે બ્રહ્માજીનું આયુષ્ સમાપ્ત થાય ત્યારે તેને મુક્તિ થાય. ત્યારે તેમની સાથે બ્રહ્મલોકમાં રહેલા સઘળા જ્ઞાનીઓ પણ મુક્ત થાય છે. એટલે મોક્ષરૂપ ફલ જ્ઞાનીઓને લાંબે વખતે મળે છે અને તે મોક્ષ પણ અક્ષરબ્રહ્મમાં લયરૂપ થાય છે, અક્ષરાતીત પરબ્રહ્મ પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણમાં થતો નથી.

શ્રીકૃષ્ણ તો અક્ષરાતીત છે. જેમકે અથર્વવેદીય મુણ્ડકોપનિષદ્ના દ્વિતીય મુણ્ડકમાં બીજી શ્રુતિ કહે છે કે

*''દિવ્યોહ્યમૂર્તઃ પુરુષઃ સબાહ્યાભ્યન્તરોહ્યજઃ,*

*અપ્રાણોહ્યમનઃ શુભ્રોહ્યક્ષરાત્ પરતઃ પરઃ''*

અર્થ : દિવ્ય, અમૂર્ત (અપરિચ્છિન્ન) બહાર તથા ભીતર રહેલા, અજન્મા, પ્રાણ તથા મન વગરના, સ્વચ્છ, સર્વ ભૂત-પ્રાણી માત્રથી પર, અક્ષર અને અક્ષરથી પણ પર એવા પુરુષ છે. કઠોપનિષદ્ પ્રથમાધ્યાય તૃતીયવલ્લીમાં પણ કહ્યું છે કે

*''મહતઃ પરમવ્યક્તમ્ અવ્યક્તાત્ પુરુષઃ પરઃ,*

*પુરુષાન્નાપરં કિઞ્ચિત્ સા કાષ્ઠા સા પરાગતિઃ''*

અર્થ : મહત્તત્ત્વથી પર અવ્યક્ત (અક્ષરબ્રહ્મ) છે તથા અવ્યક્તથી પર પુરુષ છે. અને પુરુષથી પર બીજું કાંઈ નથી. એટલે તે પરપુરુષ જ છેલ્લી દિશા તથા ગતિ છે.

આ શ્રુતિમાં 'અવ્યક્ત' શબ્દથી પણ અક્ષરબ્રહ્મ જ બતાવેલ છે. આ પ્રકારે આ શ્રુતિમાં પરમગતિરૂપ અક્ષરથી પર જે પુરુષ કહેલ છે તે કોણ? એમ જાણવાની ઈચ્છા થાય તો તે જાણવામાટે શ્રીકૃષ્ણે ગીતાજીના ૧૫ મા અધ્યાયના ૧૮ મા શ્લોકમાં કહ્યું છે કે

*''યસ્માત્ ક્ષરમતીતોહમ્ અક્ષરાદપિ ચોત્તમઃ,*

*અતોઽસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ''*

અર્થ : ક્ષર (સર્વ ભૂત-પ્રાણી માત્ર) ને અતિક્રમણ કરીને હું રહ્યો છું અને અક્ષરબ્રહ્મથી પણ હું ઉત્તમ છું. તેથી લોકમાં અને વેદમાં 'પુરુષોત્તમ' એવા નામથી પ્રસિદ્ધ છું.



ઉપરોક્ત શ્લોકમાં પોતાના સ્વરૂપને અક્ષરાતીત કહેલું છે. અને તેથી પોતાને પુરુષોત્તમપણું કહેલું છે. તે ઉપરથી એમ સમજવાનું છે કે જ્ઞાનીઓને અક્ષરની પ્રાપ્તિ થાય છે, પુરુષોત્તમ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થતી નથી. શ્રીકૃષ્ણની પ્રાપ્તિ તો ગીતાજીના ૮ મા અધ્યાયના શ્લોક ૨૨માં લખ્યા પ્રમાણે ભક્તિથી જ થાય છે. તે શ્લોક નીચે પ્રમાણે છે.

*''પુરુષઃ સ પરઃ પાર્થ! ભક્ત્યાલભ્યસ્ત્વનન્યયા''*

અર્થ : તે પર પુરુષ અનન્યભક્તિથી પ્રાપ્ત થાય છે. માટે જ્ઞાન કરતાં ભક્તિ ઉત્તમ છે તેથી જ જ્ઞાન થયા પછી બ્રહ્મરૂપ થાય અને ત્યારે પછી જ પરાભક્તિને પ્રાપ્ત થાય છે.

ગીતાજી ૧૮।૫૪ માં લખ્યું છે કે

*''બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાઙ્ક્ષતિ,*

*સમઃ સર્વેષુ ભૂતેષુ મદ્ભક્તિં લભતે પરામ્''*

અર્થ : બ્રહ્મભૂત, પ્રસન્નચિત્તવાળો, શોકરહિત, ઈચ્છાવગરનો અને સર્વ પ્રાણીમાત્રમાં સમાન દૃષ્ટિ રાખનાર એવો પુરુષ મારી પરાભક્તિને મેળવી શકે છે.

ત્યાર પછીના શ્લોકમાં

*''ભક્ત્યા મામ્ અભિજાનાતિ યાવાન્ યશ્ચાસ્મિ તત્ત્વતઃ,*

*તતો માં તત્ત્વતો જ્ઞાત્વા વિશતે તદનન્તરમ્''*

એમ ભક્તિથી અભિજ્ઞાન થવાનું લખ્યું છે. તે શ્રીકૃષ્ણે પોતાના સ્વરૂપનું જ્ઞાન ભક્તિથી થાય છે એમ કહ્યું છે પણ અક્ષરબ્રહ્મના સ્વરૂપનું જ્ઞાન ભક્તિથી થાય છે એમ કહ્યું નથી. કારણ કે અક્ષરબ્રહ્મનું જ્ઞાન કહેવાનું હોત તો કેવલ 'જાનાતિ' એમ કહેત, 'અભિજાનાતિ' એમ કહ્યું છે તે ન કહેત. તે પોતાનું અક્ષરાતીત પુરુષોત્તમરૂપ જાણવાનું કહ્યું છે. તેથી આ શ્લોકના ઉત્તરાર્ધમાં ''તતોમાં તત્ત્વતો જ્ઞાત્વા'' એમ 'મામ્' એ શબ્દ મૂકીને સ્પષ્ટ પુરુષોત્તમનું જ સ્વરૂપ જણાવ્યું છે. તેથી જ આગળ તે જ્ઞાનને ૬૩મા શ્લોકમાં ગુહ્યથી પણ અત્યન્ત ગુહ્ય કહ્યું છે.

તેનો અભિપ્રાય એવો છે કે સર્વત્રવ્યાપક અને સર્વ વિરુદ્ધધર્મના આશ્રયરૂપ અક્ષરબ્રહ્મનું સ્વરૂપ સઘળા લોકો જાણતા નથી. તેથી જ તેમાં દ્વૈત અને અદ્વૈત વિગેરે જુદી-જુદી રીતે એક-બીજાથી વિરુદ્ધ અભિપ્રાય જેને કહેનારા વાદો જગતમાં

ચાલી રહ્યા છે. અક્ષરબ્રહ્મનું સ્વરૂપ ગુહ્ય હોવાથી કોઈના સમજવામાં આવતું નથી તેથી વાદો ચાલી રહ્યા છે. અક્ષરબ્રહ્મનું સ્વરૂપ ગુહ્ય છે તો તેનાથી પણ ગુહ્ય સ્વરૂપ અક્ષરાતીત પરબ્રહ્મ પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણનું છે. તે સ્વરૂપ ભક્તિ સિવાય બીજા કોઈ સાધનથી જાણી શકાય તેવું નહિ હોવાથી ગુહ્યથી પણ અતિશય ગુહ્ય છે. તેથી તેને *"ગુહ્યાદ્ ગુહ્યતરમ્"* એમ કહ્યું છે. અને અભિજ્ઞાન પણ તે સ્વરૂપને જાણવાનું નામ છે. માટે *"ભક્ત્યા મામ્ અભિજાનાતિ"* એ શ્લોકમાં અક્ષરબ્રહ્મના જ્ઞાનનો ગન્ધ પણ આવી શકે તેમ નથી. અક્ષરબ્રહ્મનું જ્ઞાન તો પુરુષોત્તમસ્વરૂપના અભિજ્ઞાનથી ઘણે નીચે દરજ્જે રહી જાય છે. કારણ કે *"બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા"* એ શ્લોકમાં લખ્યા પ્રમાણે જીવને અક્ષરબ્રહ્મનું જ્ઞાન થયા પછી તે જીવ બ્રહ્મભૂત થાય છે ત્યાર પછી કઠ તથા મુણ્ડક ઉપનિષદ્‌માં *"યમેવૈષ વૃણુતે તેન લભ્યઃ"* એ શ્રુતિમાં કહ્યા પ્રમાણે એ પરમાત્મા પરબ્રહ્મ પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણ (આ જીવ મારો છે એમ ) જે જીવનો સ્વીકાર કરે છે તેનાથી જ તે મેળવી શકાય છે. તેથી જેના ઉપર શ્રીકૃષ્ણનો અનુગ્રહ થાય તેને પરાભક્તિ પ્રાપ્ત થાય છે. અને પરાભક્તિ પ્રાપ્ત થયા પછી ઉપરની શ્રુતિના ઉત્તરાર્ધમાં *"તસ્યૈષ આત્મા વિવૃણુતે તનું સ્વામ્"* (જે જીવનો શ્રીકૃષ્ણ ભગવાન્ 'આ મારો છે' એમ સ્વીકાર કરે છે તેને એ પરમાત્મા શ્રીકૃષ્ણ પોતાનું સ્વરૂપ યથાર્થ રીતે પ્રકાશિત કરે છે) એ શ્રુતિમાં કહેલા અનુગ્રહીત જીવને પૂર્ણપુરુષોત્તમ પરબ્રહ્મ શ્રીકૃષ્ણનું જ્ઞાન થાય છે. તેથી જ તેનું નામ 'અભિજ્ઞાન' કહ્યું છે. એ 'અભિ' ઉપસર્ગનું સ્વારસ્ય છે. આ સમ્પૂર્ણ કથનનું તાત્પર્ય એ સિદ્ધ થયું કે પરાભક્તિ જ્ઞાન કરતાં પણ ઉત્તમ છે. ગીતાજી તથા શ્રીમદ્‌ભાગવતમાં સાઙ્ખ્ય તથા યોગ એક કહીને સદ્યોમુક્તિ તથા ક્રમમુક્તિ કહેલી છે. તેમાં સદ્યોમુક્તિ ચતુર્થાશ્રમમાં જ થાય છે. માટે સન્ન્યાસ ગ્રહણ કરી મનની વૃત્તિ સર્વમાંથી છોડી અહન્તા અને મમતા નો ત્યાગ કરી ભગવાન્‌નો આવિર્ભાવ થવામાટે ઉત્તમ યોગમાં રહીને અન્તર્નિષ્ઠ થઈ અસમ્પ્રજ્ઞાત સમાધિસ્થ થઈને દેહપાત પર્યન્ત રહે તો અને બાહ્ય પદાર્થના દર્શનની સમ્ભાવના રહે તો પણ તેમાં અન્તર્નિષ્ઠા રાખીને જો દેહપાતપર્યન્ત રહે તો દેહપાત થયા પછી તે સદ્યોમુક્ત થાય. કારણ કે તેવી નિષ્ઠાવાળાના અન્તઃકરણમાં ભગવાન્‌નો આવિર્ભાવ થાય છે. ભગવાન્‌નો આવિર્ભાવ થાય તે દેહપાત પર્યન્ત રહેશે કે નહિ એવો સંદેહ રહેતો હોય તો અપાનવાયુને ઉંચો ખેંચી તે-તે સ્થાનમાંથી તે-તે વાયુને એકન્દર કરતો શ્રીભાગવત દ્વિતીયસ્કન્ધમાં કહ્યા પ્રમાણે બ્રહ્મરન્ધ્રમાંથી વાયુને કાઢી નાંખી દેહત્યાગ કરે તો



સદ્યોમુક્તિ થાય અને બાહ્ય પદાર્થના જ્ઞાનયુક્ત રહીને જે યોગે કરીને ભગવાન્‌નાં દર્શન કરતો હોય તે જ્ઞાનનિષ્ઠ થઈને પણ પરમ વૈરાગ્યયુક્ત સન્ન્યાસી મરણ પર્યન્ત યોગજ્ઞાનનો અભ્યાસ કરતો રહે અને યોગથી દેહ ત્યાગ કરે તો ક્રમમુક્તિને પ્રાપ્ત થાય. *"વૈરાગ્યં સાઙ્ખ્ય-યોગૌ ચ તપો ભક્તિશ્ચ કેશવે"* (વિદ્યાના પાંચ પર્વ છે ૧.વૈરાગ્ય, ૨.સાઙ્ખ્ય ૩.યોગ ૪.તપ અને ૫.સાધનરૂપ ભક્તિ.) એ નિબન્ધની કારિકામાં કહેલ વિદ્યાના પઞ્ચમપર્વાત્મક ભક્તિ પણ સાથે હોય તે સાઙ્ખ્ય તથા યોગ નું સદ્યોમુક્તિ તથા ક્રમમુક્તિ રૂપ ફલ કહ્યું છે.

કેવલ સાઙ્ખ્યમાં બે બાબત મુખ્ય જોઈએ. તેમાં એક તો દેહાદિ સઙ્ઘાતથી ભિન્નપણાથી આત્માનું જ્ઞાન થવું જોઈએ અને અહઙ્કાર સર્વથા નિર્મૂલ થવો જોઈએ. એ બે બાબત થયા પછી ગીતાજીમાં *"નૈવકિઞ્ચિત્ કરોમીતિ"* ઇત્યાદિ શ્લોકમાં કહ્યા પ્રમાણે તેવી બુદ્ધિ રહે અને જગતમાં દઢ વૈરાગ્ય થાય એવી રીતે જીવતાં સુધી એક ધારણાથી રહે તો અવિદ્યાથી મુક્ત થાય. એટલે જન્માન્તરમાં જ્ઞાની થઈને ઉત્પન્ન થાય.

યાવજ્જીવન કેવલ યોગાભ્યાસ કરતાં-કરતાં જ્ઞાનનો ઉદય થાય અને યોગબલથી દેહને છોડે તો અવિદ્યાથી મુક્ત થાય.

ઉપર પ્રમાણે કેવલ સાઙ્ખ્ય તથા યોગ નું ફલ કહેલ છે. ભક્તિ તથા જ્ઞાન નાં અઙ્ગ સિવાયના સાઙ્ખ્ય તથા યોગ નિષિદ્ધ છે તેથી વ્યાસસૂત્રના સ્મૃતિપદમાં સાઙ્ખ્યને અવૈદિક સિદ્ધ કરી સાઙ્ખ્યનો નિષેધ કરેલો છે. પરન્તુ અનિષિદ્ધ સાઙ્ખ્ય વિદ્યાનું પર્વ હોવાથી બ્રહ્મવાદમાં પ્રથમ સૃજેલા પદાર્થોની જે સઙ્ખ્યા બતાવી છે તે સઙ્ખ્યાને બતાવનાર સાઙ્ખ્ય બ્રહ્મવાદમાં જ પ્રવિષ્ટ થાય છે માટે સ્વતન્ત્ર સાઙ્ખ્ય પ્રમાણભૂત નથી પણ બ્રહ્મવાદમાં સૃષ્ટિના પ્રારમ્ભમાં ભગવાન્‌ના સ્વરૂપાત્મક અઠ્ઠાવીશ તત્ત્વો પ્રથમ ઉત્પન્ન થયાં તે સાઙ્ખ્ય મન્વાદિ સત્પુરૂષોએ માનેલું છે. તે સાઙ્ખ્યનું સ્વરૂપ શ્રીભાગવતના દ્વિતીયસ્કન્ધમાં પણ લખેલું છે તે અઠ્ઠાવીશ તત્ત્વો નીચે પ્રમાણે સમજવાં.

૧. પ્રકૃતિ ૨. પુરુષ ૩. મહત્તત્વ ૪. અહઙ્કાર ૫. શબ્દ ૬. સ્પર્શ

૭.રૂપ ૮. રસ ૯. ગન્ધ ૧૦. શ્રોત્ર ૧૧. ત્વચ્ ૧૨. નેત્ર ૧૩. જિહ્વા ૧૪. ઘ્રાણ ૧૫. મન ૧૬. વાણી ૧૭. હસ્ત ૧૮. ચરણ ૧૯. ઉપસ્થ ૨૦. ગુદા ૨૧.આકાશ ૨૨. વાયુ ૨૩. તેજ ૨૪. જળ ૨૫. પૃથ્વી ૨૬. સત્ત્વગુણ ૨૭.રજોગુણ અને ૨૮. તમોગુણ.

આ અઠ્ઠાવીશ તત્ત્વો ભગવદ્રૂપ પ્રથમ ઉત્પન્ન થયાં છે તેમાં ભગવાન્‌ની સત્તા હોવાથી તેઓનું 'તત્ત્વ' એવું નામ છે. તે તત્ત્વોમાંથી સર્વ સૃષ્ટિ થઈ છે. તે તત્ત્વો ભગવાન્‌ની સત્તા વગર કાર્ય કરવાને અસમર્થ હોવાથી તેઓએ શ્રીભાગવત તૃતીય સ્કન્ધમાં ભગવાન્‌ની સ્તુતિ કરી છે. ત્યારે ભગવાને તે તત્ત્વોને એકઠાં કરી સૃષ્ટિ કરવાની સત્તા તત્ત્વોમાં ધરી, તેથી તે તત્ત્વો સૃષ્ટિ કરવાને સમર્થ થયાં. માટે તે તત્ત્વો ભગવાન્‌ની શક્તિરૂપ હોવાથી તેનો સમાવેશ બ્રહ્મવાદમાં જ થઈ જાય છે. માટે સાઙ્ખ્ય શાસ્ત્ર જુદું પ્રમાણરૂપ નથી.

તેવી જ રીતે ચિત્તવૃત્તિના નિરોધરૂપ યોગ પણ ભગવાન્‌નું ધ્યાન કરવામાટે ઉપયોગમાં આવે છે તે યોગ પ્રમાણ છે. બાકી જે સ્વતન્ત્ર ફળના સાધકપણાથી સિદ્ધિના કારણરૂપ છે તે યોગનું સાધન કરવાથી અણિમા, મહિમાદિક સિદ્ધિઓ મળે છે. તે યોગનો તો ''એતેન યોગઃ પ્રત્યુક્તઃ'' એ સૂત્રથી નિષેધ કરેલો છે. ત્યાં આજના સમયમાં દેહ, ઇન્દ્રિયો, લક્ષ્મી અને પ્રતિષ્ઠા વગેરેને સિદ્ધ કરનાર યોગ નિષિદ્ધ હોય એમાં તો કહેવું જ શું? માટે સાઙ્ખ્ય અને યોગ એ બન્ને શાસ્ત્રો સ્વતન્ત્રપણાથી શ્રેયને પ્રાપ્ત કરી શકે તેમ નથી. માટે સાઙ્ખ્ય તથા યોગ વિદ્યા (જ્ઞાનના) પર્વરૂપ થાય છે. અથવા તો ''બિભર્તિ સાંખ્ય-યોગં ચ દેવો મકરકુણ્ડલે'' એ શ્રીભાગવતના દ્વાદશસ્કન્ધમાં તાન્ત્રિક પરિચર્યાના પ્રસઙ્ગમાં કહ્યા પ્રમાણે ભગવદ્‌ભક્તિમાં ઉપયોગી થાય તો જ શ્રેયઃસાધનમાં સહાયભૂત થાય. તેથી શ્રીકૃષ્ણભગવાને એકાદશસ્કન્ધના વીશમા અધ્યાયમાં શ્રેયના સાધકપણાથી કર્મ, જ્ઞાન અને ભક્તિ એમ ત્રણ જ યોગ કહ્યા છે. તેમાં સાઙ્ખ્ય તથા યોગ ની ગણના કરી નથી.

ઉપર કહ્યા પ્રમાણે શ્રેયની પ્રાપ્તિ કરવાના કર્મ, જ્ઞાન, સાઙ્ખ્ય અને યોગ એ માર્ગોમાં પણ સાધનરૂપા ભક્તિની શ્રવણાદિ અઙ્ગોમાંથી કોઈ પણ અઙ્ગ સાથે



હોય ત્યારે જ કર્માદિકથી શ્રેયની પ્રાપ્તિ થાય છે. આ પરથી એટલું તો સિદ્ધ થાય છે કે કર્મ અને જ્ઞાન વગેરે સઘળા શ્રેયનાં સાધનરૂપ ઉપાયોમાં પણ સાધનરૂપ ભક્તિના શ્રવણાદિક અઙ્ગોમાંથી કોઈ પણ અઙ્ગોની જ્યારે સહાયતા હોય ત્યારે જ કર્માદિક શ્રેયના સાધન થઈ શકે છે, તે સિવાય કર્માદિમાર્ગ શ્રેયઃસાધક થઈ શકતા નથી, એ તો સધનરૂપા ભક્તિના અઙ્ગનું ફળ છે. ત્યારે ફલરૂપા ભક્તિની મહત્તા વિષે તો શું જ કહેવું? તેથી કર્મજ્ઞાનાદિ માર્ગો કરતાં ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે. માટે શ્રીઆચાર્યચરણોએ ભક્તિ વધારવામાટે 'ભક્તિવર્ધિની' ગ્રન્થમાં ઉપાયો કહ્યા છે.

δδδσδδδ

# ભક્તિવર્ધિની.

**વિભિન્ન પ્રાચીન ટીકાઓના સમન્વય સાથે વિવેચન.**

શ્રીમદ્વલ્લભાચાર્યચરણ પોતાના માર્ગમાં અઙ્ગીકૃત જીવો કે જેઓ સ્વમાર્ગીય ભક્તિની વૃદ્ધિનો પ્રકાર જાણતા નથી તે જણાવવામાટે ભક્તિની વૃદ્ધિના પ્રકારને બતાવવાની પ્રતિજ્ઞા કરે છે.

યથા ભક્તિઃ પ્રવૃદ્ધા સ્યાત્ તથોપાયો નિરૂપ્યતે ।

**અર્થ :** જે કરવાથી ભક્તિ અત્યન્ત વધતી થાય તેવો ઉપાય આ ગ્રન્થમાં નિરૂપણ કરવામાં આવે છે.

**વિવેચન :** જે સાધન કરવાથી પોતે પ્રવર્તાવેલ પુષ્ટિભક્તિમાર્ગરૂપ ભક્તિ અત્યન્ત વૃદ્ધિને પામે તેવો પ્રકાર બતાવનાર ઉપાય (સાધન)નું આ ગ્રન્થમાં નિરૂપણ કરવામાં આવે છે.

**શઙ્કા :** ભક્તિની ઉત્પત્તિના પ્રકારો પુરાણાદિકમાં કહેલા જ છે અને ભક્તિ ઉત્પન્ન થયા પછી તેની વૃદ્ધિ તો વગર કહે પણ થઈ શકે છે. જેમ શ્રીમદ્ભાગવત ૧૦।૪૭ માં ઉદ્ધવજીએ શ્રીગોપીજનોને કહેલ છે કે

*''દાન-વ્રત-તપો-હોમ-જપ-સ્વાધ્યાય-સંયમૈઃ।*
*શ્રેયોભિર્ વિવિધૈશ્ચાન્યૈઃ કૃષ્ણે ભક્તિર્હિ સાધ્યતે''*

અર્થ : દાન, વ્રત, તપ, હોમ, જપ, સ્વાધ્યાય (વેદાધ્યયન) સંયમ અને બીજા વિવિધ પ્રકારના કલ્યાણકારક સાધનોથી શ્રીકૃષ્ણમાં ભક્તિ મેળવી શકાય છે.

તે જ પ્રમાણે ભાગવતના ૧૧।૧૯।૨૦-૨૩ માં શ્રીકૃષ્ણભગવાને ઉદ્ધવજીને આજ્ઞા કરી છે કે

*''શ્રદ્ધાऽમૃતકથાયાં મે શશ્વન્ મદનુકીર્તનમ્,*
*પરિનિષ્ઠા ચ પૂજાયાં સ્તુતિભિઃ સ્તવનં મમ,*
*આદરઃ પરિચર્યાયાં સર્વાઙ્ગૈરભિવન્દનમ્,*
*મદ્ભક્તપૂજાભ્યધિકા સર્વભૂતેષુ મન્મતિઃ,*



*મદર્થેષ્વઙ્ગચેષ્ટા ચ વચસા મદ્ગુણેરણમ્,*
*મય્યર્પણં ચ મનસઃ સર્વકામવિવર્જનમ્,*
*મદર્થેऽર્થપરિત્યાગો ભોગસ્ય ચ સુખસ્ય ચ,*
*ઈષ્ટં દત્તં હુતં જપ્તં મદર્થં યદ્વ્રતં તપઃ,*
*એવં ધર્મૈર્ મનુષ્યાણામ્ ઉદ્ધવાત્મનિવેદિનામ્,*
*મયિ સઞ્જાયતે ભક્તિઃ કોऽન્યોऽર્થોऽસ્યાવશિષ્યતે''*

અર્થ : મારી અમૃતરૂપ કથામાં શ્રદ્ધા, હમેશાં મારું કીર્તન, મારી સેવામાં અત્યન્ત નિષ્ઠા, સ્તોત્રોથી મારી સ્તુતિ, સેવામાં આદર, આઠે અઙ્ગોથી પ્રણામ, મારા ભક્તોની વિશેષ પૂજા, સર્વપ્રાણીઓમાં હું છું એવી બુદ્ધિ, પોતાના અઙ્ગોની ચેષ્ટા મારેમાટે, વચનોથી મારા ગુણો ગાવા, મનને મારામાં લગાડવું તથા તેને સઘળી સાંસારિક ઈચ્છાથી નિરાશ રાખવું. મને મેળવવામાટે પૈસા-ભોગ-સુખનો ત્યાગ, મને મેળવવામાટે યજ્ઞ-દાન-હોમ-જપ-તપ-વ્રત કરવા. ઉદ્ધવ! આત્મનિવેદન કરનારા મનુષ્યોના ઉપરના ધર્મોથી મારામાં ભક્તિ ઉત્પન્ન થાય છે અને તેમ થવાથી તેનો કયો પુરુષાર્થ સિદ્ધ થવા પામતો નથી? (અર્થાત્ સઘળા પુરુષાર્થો સિદ્ધ થાય છે).

પ્રથમસ્કન્ધમાં પણ

*''યસ્યાં વૈ શ્રૂયમાણાયાં કૃષ્ણે પરમપૂરુષે,*
*ભક્તિરુત્પદ્યતે પુંસઃ શોક-મોહ-ભયાપહા''*

(ભાગ.પુરા.૧।।૭।૭)

જે ભાગવત સંહિતાને સાંભળતાં પરમ પુરુષ શ્રીકૃષ્ણભગવાન્માં શોક, મોહ અને ભય નો નાશ કરનારી ભક્તિ ઉત્પન્ન થાય છે.

શ્રીમદ્ભગવદ્ગીતામાં પણ

*''બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાંક્ષતિ,*
*સમઃ સર્વેષુ ભૂતેષુ મદ્ભક્તિં લભતે પરામ્''*

અર્થ : બ્રહ્મરૂપ થયેલો અને પ્રસન્ન મનવાળો (માણસ) અપ્રિય વસ્તુ જો પોતાને પ્રાપ્ત થાય તો તેને માટે શોક કરતો નથી અને પ્રિય વસ્તુ મેળવવાની ઈચ્છા રાખતો નથી અને તે સર્વ પ્રાણીઓ ઉપર સમાન બુદ્ધિ રાખનારો હોવાથી મારી પરાભક્તિને મેળવી શકે છે.

દ્વએ પ્રમાણે ભક્તિની ઉત્પત્તિના પ્રકારો તો કહેવામાં આવ્યા જ છે.

જો કે ભક્તિની ઉત્પત્તિના પ્રકાર ઉપર લખ્યા પ્રમાણોથી શાસ્ત્રમાં કહેલા છે છતાં તેમાં ભક્તિની વૃદ્ધિ થવાનો પ્રકાર કહ્યો નથી; માટે તે વૃદ્ધિનો પ્રકાર કહેવામાટે શ્રીઆચાર્યચરણનું કહેવું સમ્ભવે છે એમ પણ કહી શકાય તેમ નથી. કારણ કે ભક્તિની વૃદ્ધિ થવાનો પ્રકાર તૃતીય સ્કન્ધના ૫।૪૫ માં તત્ત્વોની સ્તુતિમાં કહેલ છે

*''પાનેન તે દેવકથાસુધાયાઃ પ્રવૃદ્ધભક્ત્યા વિશદાશયા યે,*
*વૈરાગ્યસારં પ્રતિલભ્ય બોધં યથાઞ્જસાઽન્વીયુરકુણ્ઠધિષ્ણ્યમ્''*

અર્થ : દેવ! તમારી કથારૂપ અમૃતના પાનથી ઘણી વધેલી ભક્તિથી જેનાં અન્તઃકરણો શુદ્ધ થયેલાં છે તેઓ વૈરાગ્યરૂપ જેમાં સાર છે એવાં જ્ઞાનને પ્રાપ્ત થઈને અનાયાસે અવિનાશી સ્થાનકને પ્રાપ્ત થયેલા છે.

આ શ્લોકમાં કથામૃતના પાનથી જ ભક્તિની વૃદ્ધિ થવાનું લખ્યું છે. તેથી ભક્તિની વૃદ્ધિના પ્રકાર પણ શાસ્ત્રમાં કહેલા જ છે તેનાથી જ ભક્તિની ઉત્પત્તિ તથા વૃદ્ધિ થાય તેમ છે ત્યારે શ્રીઆચાર્યચરણે ''ભક્તિની વિશેષ વૃદ્ધિ થાય તેવો ઉપાય નિરૂપણ કરીએ છીએ'' એવી પ્રતિજ્ઞા શા માટે કરી?

ઉત્તર : આનું સમાધાન એવી રીતે સમજવું કે શાસ્ત્રમાં કહેલાં સાધનોથી જે ભક્તિ ઉત્પન્ન થાય તેને મર્યાદામાર્ગીય ભક્તિ સમજવી. કારણ કે શાસ્ત્રમાં કહેલ સાધનો તેમાં કહેલી મર્યાદા પ્રમાણે કરવામાં આવે ત્યારે તે ભક્તિ ઉત્પન્ન થાય અને શ્રીઆચાર્યચરણોનો અભિપ્રાય શુદ્ધ પુષ્ટિમાર્ગીય ભક્તિની વૃદ્ધિ જીવોને થાય, તેવા ઉપાયો બતાવવાનો છે. તે શુદ્ધ પુષ્ટિમાર્ગીય ભક્તિ કારણ વગર પ્રભુમાં દઢ પ્રેમ થાય, જેમાં લૌકિક-વૈદિક આવરણો કાંઈ પણ પ્રતિબન્ધ ન કરે તેવી ભક્તિ જીવોને થાય અને તે વૃદ્ધિ કેમ પામે તેવા ઉપાયો નિરૂપણ કરવાનો છે. એટલે શુદ્ધ પુષ્ટિમાર્ગીય ફળ દેવામાં સન્મુખ થાય તેવા પ્રકારના સાધનોનું નિરૂપણ કરવામાં આવે છે. તે સાધનો સમજવાથી મર્યાદામાર્ગીય ભક્તિના સાધનો, મર્યાદાભક્તિનું સ્વરૂપ મર્યાદામાર્ગીય ભક્તિનું મુક્તિરૂપ ફળ કે જે શાસ્ત્રમાં જોવામાં આવે છે, તેના કરતાં પુષ્ટિમાર્ગીય ભક્તિનાં સાધનો, પુષ્ટિમાર્ગીય ભક્તિનું સ્વરૂપ, પુષ્ટિમાર્ગીય ભક્તિનું ફળ



એ બધું જ વિલક્ષણ છે એમ સમજવામાં આવે તેવી રીતના સાધનોનું પ્રતિપાદન કરાય છે. એમ શ્રીગોકુલનાથજી પોતાની ટીકામાં અભિપ્રાય જણાવે છે.

શ્રીપુરુષોત્તમજી પોતાનો અભિપ્રાય જણાવે છે કે ભગવાને એકાદશ સ્કન્ધના ૧૪।૨૦ માં કહ્યું છે કે

*''ન સાધયતિ માં યોગો ન સાઙ્ખ્યં ધર્મ ઉદ્ધવ!*
*ન સ્વાધ્યાયસ્તપસ્ત્યાગો યથા ભક્તિર્મમોર્જિતા''*

અર્થ : ઉદ્ધવ! વધેલ ભક્તિ જેમ મને મેળવી આપે છે તેમ યોગ મને મેળવી આપતો નથી. તેમજ સાઙ્ખ્યશાસ્ત્ર, અમુક ધર્મો, સ્વાધ્યાય(વેદાધ્યયન), તપ અને દાન પણ મારી પ્રાપ્તિ કરાવી શકતાં નથી.

અહીં જો કે યોગ, સાઙ્ખ્ય અને અમુક ધર્મ વગેરે મારી પ્રાપ્તિ કરાવી શકતાં નથી એમ લખ્યું છે. તો પણ તેનો અભિપ્રાય યોગ વગેરે બતાવેલાં આ શ્લોકમાંના સાધનો જ મારી પ્રાપ્તિ કરાવી શકતાં નથી એટલો જ નથી પરન્તુ ભક્તિ સિવાયનાં બીજાં જે કોઈ પણ સાધનો છે તે પણ મારી પ્રાપ્તિ કરાવી શકતાં નથી એવો છે. તેથી જ ''યોગ વગેરે સઘળા ઉપાયો મારી પ્રાપ્તિ કરાવી શકતાં નથી'' એમ કહીને ''વધેલી ભક્તિ જ મારી પ્રાપ્તિ કરાવી શકે છે'' એમ કહ્યું છે.

ભગવાને ''ન સાધયતિ'' એ શ્લોકમાં ભક્તિનું વિશેષણ 'ઊર્જિતા' એવું મૂકેલું છે. તો ત્યાં ઊર્જિતપણું શું કહેવાય? એવી આકાંક્ષા થાય ત્યાં જે વધેલપણું તે જ ઊર્જિતપણું કહેવાય એમ નિશ્ચય કરીને શ્રીઆચાર્યચરણો પોતાના ભક્તોને માટે ભક્તિના વધવાનો ઉપાય કહેવાની પ્રતિજ્ઞા 'યથા ભક્તિઃ' થી કરે છે.

'ભક્તિ' શબ્દ માહાત્મ્યનું જ્ઞાન થયા પછી જે સુદઢ અને સર્વથી અધિક સ્નેહ પ્રભુમાં થાય છે તેમાં રૂઢ છે. એટલે સામાની મોટાઈનું જ્ઞાન થયા પછી જ તેમાં જે સુદઢ અને સર્વથી અધિક સ્નેહ થાય છે તે જ ભક્તિ કહેવાય છે.

*''માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ સુદઢઃ સર્વતોઽધિકઃ,*
*સ્નેહો ભક્તિરિતિ પ્રોક્તસ્ તયા મુક્તિર્ન ચાન્યથા''*

સામાની મોટાઈ જાણ્યા પછી તેમાં મજબૂત અને સહુથી વધારે જે સ્નેહ થાય છે

તે 'ભક્તિ' કહેવાય છે અને તે ભક્તિથી મુક્તિ થાય છે, તે સિવાય મુક્તિ થતી નથી. આ પઞ્ચરાત્ર સ્મૃતિથી તથા ''સા પરાનુરક્તિરીશ્વરે'' ઈશ્વરમાં જે પરમ પ્રીતિ તે 'ભક્તિ' કહેવાય છે. આ શાણ્ડિલ્યસૂત્રમાં કહેલ ભક્તિના લક્ષણથી તથા ''રતિર્ દેવાદિવિષયા ભાવ ઈત્યભિધીયતે'' દેવ વગેરેમાં જે પ્રીતિ થાય તેને 'ભાવ' કહેવાય છે. એ ભાવનું સ્વરૂપ બતાવનારી સ્મૃતિથી એવું સમજાય છે કે 'સ્નેહ' નામનું તત્ત્વ, જ્ઞાન વગેરેથી વિલક્ષણ, કોઈક જાતનો મનનો ધર્મ છે. ''હું પ્રસન્ન થાઉં છું'', ''હું રાજી થાઉં છું'' અને ''હું સ્નેહ રાખું છું'' એવા અનુવ્યવસાયથી પણ સ્નેહ મનઃપ્રત્યક્ષથી અનુભવી શકાય છે એમ શાણ્ડિલ્યસૂત્રના ભાષ્યમાં સ્વપ્નેશ્વરાચાર્યે કહ્યું છે.

હવે આ સ્થળે સ્નેહને જ ભક્તિ કહી છે તેથી સ્નેહ અને ભક્તિ જુદાં નથી એમ શઙ્કા કરવી નહિ કારણ કે

*''ગોપ્યઃ કામાદ્ ભયાત્ કંસો દ્વેષાચ્ ચૈદ્યાદ્યો નૃપાઃ,*
*સમ્બન્ધાદ્ વૃષ્ણયઃ સ્નેહાદ્ યૂયં ભક્ત્યા વયં વિભો''*

અર્થ : યુધિષ્ઠિર! ગોપીઓ કામથી, કંસ ભયથી, શિશુપાળ વગેરે રાજાઓ દ્વેષથી અને યાદવો સમ્બન્ધથી ભગવાન્‌ને પામ્યા છે. તમો સ્નેહથી ભગવાન્‌ને પામ્યા છો અને અમો ભક્તિથી ભગવાન્‌ને પામ્યા છીએ.

સપ્તમસ્કન્ધના નારદજીના આ વાક્યમાં ભક્તિ અને સ્નેહ નો જે ભેદ બતાવવામાં આવ્યો છે તેની સાથે વિરોધ આવી જશે. પૂર્વોક્ત પઞ્ચરાત્ર સ્મૃતિ વગેરેમાં સ્નેહનાં જે (માહાત્મ્યજ્ઞાનપૂર્વક, સુદૃઢ અને સર્વથી અધિક એ ત્રણ) વિશેષણો મૂકવામાં આવ્યા છે તે પણ વ્યર્થ જશે. માટે 'ભક્તિ' શબ્દ, ઉપર કહેવામાં આવેલ વિશેષણથી યુક્ત, સ્નેહમાં જ રૂઢ છે, કેવલ સ્નેહમાં રૂઢ નથી એમ નિશ્ચય થાય છે.

ભક્તિના સમ્બન્ધમાં વિચાર ચલાવીએ તો ''ભજ્ સેવાયામ્''. 'ભજ્' ધાતુનો અર્થ સેવા થાય છે. 'ભજ' ધાતુને 'ક્તિન્' પ્રત્યય લગાવવાથી 'ભક્તિ' શબ્દ સિદ્ધ થાય છે. 'ભાવ' એટલે ક્રિયાનું સામ્ય સમજવું. પ્રકૃતિ અને પ્રત્યય એ બન્ને સાથે મળીને જ અર્થ કરે છે. અને તે બન્નેમાં એટલે કે પ્રકૃતિ-પ્રત્યયમાં પણ



પ્રત્યયની જ મુખ્યતા છે એવો વૈય્યાકરણ લોકોનો નિયમ છે. માટે ધાતુના અર્થથી જાણી શકાય એવી જે પ્રધાનભૂત ક્રિયા છે તેમાં જ ભાવનું પર્યવસાન છે. પ્રધાનભૂતક્રિયા એ મનનો ધર્મ છે. ''અન્યત્રમના અભુવન્ અશૃણવમ્, અન્યત્રમના અભુવં નાપશ્યમ્'' ''મારું મન બીજે સ્થળે હતું એટલે હું સાંભળતો ન હતો; મારું મન બીજી તરફ હતું એટલે હું જોઈ શકતો નહિ હતો'' એ વાજસનેય શ્રુતિમાં મનની પ્રધાનતા બતાવવામાં આવી છે એટલે મનની ક્રિયાનું જ પ્રધાનપણું માનવું એ યોગ્ય છે. તેથી તનુ-વિત્તના વિનિયોગરૂપી સેવાથી જણાતી મનથી થતી પ્રેમરૂપા ક્રિયા તે 'ભક્તિ' કહેવાય છે.

શ્રવણ-કીર્તન-સ્મરણ વગેરે નવ(પ્રકારની ભક્તિ)માં પણ 'ભક્તિ' શબ્દ પારિભાષિક છે.

*''શ્રવણં કીર્તનં વિષ્ણોઃ સ્મરણં પાદસેવનમ્,*
*અર્ચનં વન્દનં દાસ્યં સખ્યમ્ આત્મનિવેદનમ્,*
*ઈતિ પુંસાર્પિતા વિષ્ણોઃ ભક્તિશ્ચેન્ નવલક્ષણા''*

અર્થ : ભગવાન્‌નું શ્રવણ, તેમનું કીર્તન, તેમનું સ્મરણ, તેમના ચરણનું સેવન, તેમનું પૂજન, તેમને પ્રણામ કરવા, તેમનું દાસપણું, તેમની મિત્રતા અને આત્મનિવેદન એ પ્રમાણે ભગવાન્‌માં નવ લક્ષણવાળી ભક્તિ પુરુષ અર્પણ કરે તો...

એ સપ્તમસ્કન્ધમાં પ્રહ્લાદના વાક્યથી 'ભક્તિ' શબ્દ અમુક અર્થમાં પારિભાષિક છે એમ સિદ્ધ થાય છે. બીજા કેટલાક લોકો તો ઉપાસનાના પર્યાયમાં 'ભક્તિ' શબ્દનો ઉપયોગ કરે છે. નૈયાયિકો તો પોતાને સેવ્ય જ્ઞાન હોવાથી તેને જ ભક્તિ કહે છે. તેઓના મતમાં તો અમુક જાતની બુદ્ધિ જ ભક્તિ કહેવાય છે. વાસ્તવિક રીતે તો પુષ્ટિમાર્ગે સ્વીકારેલાં પ્રેમસહિત શ્રવણ અને કીર્તન વગેરે નહિ હોવા છતાં પણ માત્ર નામના અને તે પણ પ્રેમ વગરના શ્રવણ અને કીર્તન ને લઈને નૈય્યાયિક વગેરે લોકો જે ભક્તિ સ્વીકારે છે તો તે ભક્તિ મુખ્ય નહિ પણ ગૌણી સમજવી. કારણ કે બતાવવામાં આવેલી સ્વીકારેલી ભક્તિમાં માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ અને સર્વથી અધિક સ્નેહનું નામ 'ભક્તિ' છે. એમ નારદપઞ્ચરાત્રના વચનથી માહાત્મ્યજ્ઞાન પૂર્વક સુદૃઢ અને સર્વથી અધિક સ્નેહમાં 'ભક્તિ' શબ્દ રૂઢ છે એમ બતાવ્યું છે. તેવી રીતે રૂઢિ વગેરે જણાવનારાં પ્રમાણોનો અભાવ છે.

શ્રીભાગવતના તૃતીયસ્કન્ધના પચીશમાં અધ્યાયમાં

*''કાચિત્ ત્વય્યુચિતા ભક્તિઃ કીદશી મમ ગોચરા''*

અર્થ : આપને વિષે યોગ્ય ભક્તિ કઈ છે કે જે મારાથી થઈ શકે? એ દેવહૂતિના પ્રશ્નમાં શ્રીકપિલ દેવજીએ

*''દેવાનાં ગુણલિઙ્ગાનામ્ આનુશ્રાવિકકર્મણામ્,*
*સત્ત્વએવૈક મનસો વૃત્તિઃ સ્વાભાવિકી તુ યા,*
*અનિમિત્તા ભગવતિ ભક્તિઃ સિદ્ધેર્ગરીયસી,*
*જરયત્યાશુ યા કોશં નિગીર્ણમનલો યથા''*

અર્થ : વૈદિકકર્મવાળા, સત્ત્વગુણના ચિહ્નવાળા દૈવી જીવના મનની વૃત્તિ સ્વાભાવિક સત્ત્વોપાધિક ભગવાન્‌માં જ નિમિત્ત વગર જે રહે છે તે ભક્તિ સિદ્ધિથી પણ મોટી છે. જે ભક્તિ જેમ જમવામાં આવેલ પદાર્થને જઠરાગ્નિ બાળી નાંખે છે તેમ લિઙ્ગ શરીરને બાળી નાંખે છે.

આ શ્લોકમાં ભક્તિનું સ્વરૂપલક્ષણ અને કાર્યલક્ષણ સમજાવ્યા છે. ''એકાગ્રમનવાળા પુરુષની ઈન્દ્રિયોની સ્વાભાવિકી અને નિમિત્ત વગરની સત્ત્વોપાધિક ભગવાન્‌માં જે નિષ્ઠા છે'' એમ કહી ભક્તિનું સ્વરૂપલક્ષણ સમજાવ્યું અને ''ભક્તિ લિઙ્ગશરીરને બાળી નાંખે છે'' એમ કહીને ભક્તિનું કાર્યલક્ષણ સમજાવ્યું. તેમાં સત્ત્વોપાધિક ભગવાન્‌માં નિષ્ઠાનું કહ્યું છે તે કપિલદેવજીએ સાઙ્ખ્યને અનુસારે કહ્યું છે. પરન્તુ ખરી રીતે મૂલરૂપ ભગવાન્‌માં મનની સ્વાભાવિકી વૃત્તિ થાય તેનું નામ 'ભક્તિ' છે એમ શ્રીઆચાર્યચરણોએ શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરી છે.

ઓગણત્રીશમાં અધ્યાયમાં તો ''ભક્તિયોગો બહુવિધઃ'' ભક્તિયોગ ઘણા પ્રકારનો છે એ શ્લોકથી પુરુષના સ્વભાવના ભેદથી થયેલ માર્ગના ભેદથી ભક્તિયોગ ઘણા પ્રકારનો છે એમ પ્રતિજ્ઞા કરીને સાત્ત્વિક, રાજસ અને તામસ એવા ભેદથી ત્રણ પ્રકારનો છે એમ કહીને વળી ત્રણ શ્લોકોથી ભક્તિયોગ ત્રણ ગુણોના મિશ્રણથી નવ પ્રકારનો થાય છે એમ કહીને

*''મદ્ગુણશ્રુતિમાત્રેણ મયિ સર્વગુહાશયે,*
*મનોગતિરવિચ્છિન્ના યથા ગઙ્ગામ્ભસોમ્બુધૌ,*
*લક્ષણં ભક્તિયોગસ્ય નિર્ગુણસ્ય હ્યુદાહૃતમ્''*



અર્થ : મારા ગુણોના શ્રવણ માત્રથી બધાના અન્તઃકરણમાં રહેલ મારામાં, જેમ ગઙ્ગાના પ્રવાહની સમુદ્રમાં અવિચ્છિન્ન ગતિ થાય છે તેમ, અવિચ્છિન્ન ગતિ થાય. આ ભક્તિ નિર્ગુણભક્તિ કહેવાય છે. આ શ્લોકથી કેવળ ભગવાન્‌ના ગુણ સાંભળવાથી જે ભાવ ભગવાન્‌માં અવિચ્છિન્ન મનની ગતિને ઉત્પન્ન કરે છે તે ભાવ નિર્ગુણભક્તિયોગરૂપ કહેવાય છે.

તે પછી

*''અહૈતુક્યવ્યવહિતા યા ભક્તિઃ પુરુષોત્તમે,*
*સાલોક્ય-સાર્ષ્ટિ-સામીપ્ય-સારૂપ્યૈકત્વમપ્યુત,*
*દીયમાનં ન ગૃહ્ણન્તિ વિના મત્સેવનં જનાઃ''*

અર્થ : શ્રીપુરુષોત્તમમાં નિષ્કામ, વ્યવધાન વગરની તથા અખણ્ડ જે ભક્તિ થાય તેવી ભક્તિ કરનારા ભક્તોને સાલોક્ય(એક લોકમાં રહેવાનું) સાર્ષ્ટિ(ભગવાન્‌ના જેવી સમૃદ્ધિ) સામીપ્ય(ભગવાન્‌ની સમીપ રહેવું) સારૂપ્ય(ભગવાન્‌ના સરખું રૂપ) અને એકત્વ(ભગવાન્‌માં મળી જવું) એ મુક્તિઓમાંથી કોઈક મુક્તિ હું દેવા માગું છું તો પણ, મારા સેવન વગર, તેઓ કોઈ પણ મુક્તિને ગ્રહણ કરતા નથી.

આ પ્રમાણે દોઢ શ્લોકથી કાલ અને કર્મ ના વ્યવધાનરહિત શ્રીપુરુષોત્તમ વિષયક અને પોતાની મેળે પુરુષાર્થરૂપ જે સેવા તે આત્યન્તિકી ભક્તિ કહેવાય છે. અહીં આ 'ભક્તિ' શબ્દ પ્રેમરૂપ સેવામાં યોગરૂઢ ગ્રહણ કરેલ છે. એમ સાલોક્ય વગેરે ઉપર કહેવામાં આવેલી મુક્તિઓના અનાદરથી નિશ્ચય થાય છે.

આ જ ભક્તિયોગ એકાદશસ્કન્ધના બારમાઅધ્યાયમાં ભગવાને ઉદ્ધવજીને કહ્યો છે કે

*''કેવલેન હિ ભાવેન ગોપ્યોગાવઃ ખગામૃગાઃ,*
*યેઽન્યે મૂઢધિયો નાગાઃ સિદ્ધામામીયુરઞ્જસા''*

અર્થ : ગોપીઓ, ગાયો, પક્ષીઓ, હરિણીઆઓ અને જે બીજા મૂઢબુદ્ધિવાળા નાગો સિદ્ધ થઈને અનાયાસે મને પામી ગયા છે... વગેરે વચનોથી ભગવાને ભક્તિયોગ પર જ ભાર આપ્યો છે. એ પ્રમાણે 'ભક્તિ' શબ્દના અનેક અર્થો છે.

અહીં એવી શઙ્કા થાય કે તો પ્રસ્તુત પ્રકરણમાં 'ભક્તિ'નો કયો અર્થ

વિવક્ષિત છે? ત્યાં કહેવામાં આવે છે કે એકાદશસ્કન્ધમાં ભગવાને જે અત્યન્ત છાનો અને સત્સઙ્ગથી જ મળી શકે એવો જે ભાવ કહ્યો છે તે જ ભાવ શ્રીમદાચાર્યચરણોએ ભગવાન્‌ની આજ્ઞાથી કહેલો છે. કારણ કે સિદ્ધાન્તમુક્તાવલિમાં ''ચેતસ્તત્પ્રવણં સેવા'' ચિત્તનું ભગવાન્‌માં પરોવાઈ જવું એ સેવા કહેવાય છે એમ કહ્યું છે અને તેના વિવરણમાં શ્રીગુંસાઈજીએ પણ

*''તા નાવિદન્ મય્યનુષઙ્ગબદ્ધ-ધિયઃ સ્વમાત્માનમદસ્તથેદમ્,*
*યથા સમાધૌ મુનયોઽબ્ધિતોયે નદ્યઃ પ્રવિષ્ટા ઈવ નામરૂપે''*

અર્થ : જેમ મુનિ લોકો સમાધિમાં કાંઈ પણ જાણી શકતા નથી અને જેમ સમુદ્રના પાણીમાં મળતી નદીઓ પોતાના નામ તથા રૂપ ને જાણતી નથી તેમ મારામાં સ્નેહથી પોતાની બુદ્ધિને જોડનાર તે શ્રીગોપીજનો હું મથુરાજી ગયો ત્યારેદ્ર મારા વિરહથી મારામાં જ ચિત્ત લાગી ગયેલ હોવાથીદ્ર પોતાના આત્મા, પરલોક તેમજ આ લોક ને પણ જાણતાં નહિ હતાં.

આ શ્રીભાગવતના એકાદશસ્કન્ધના બારમા અધ્યાયનું વાક્ય મૂકેલું છે. પ્રસ્તુત ગ્રન્થમાં પણ ભાગવતના ચૌદમાં અધ્યાયના વાક્યમાં કહેલ ભગવાન્‌ના ભક્તોનો સઙ્ગ, ભગવદ્ગુણોનું શ્રવણ અને કીર્તન રૂપ સાધનોનો સમાવેશ થાય છે.

ચૌદમા અધ્યાયમાં કહેલા સાધનો બારમા અધ્યાયમાં કહેલ ભાવના સાધનો શી રીતે થઈ શકે? એવી શઙ્કા નહિ કરવી. કારણ કે ચૌદમા અધ્યાયમાં આવેલ ભાવ જ 'ભક્તિ' શબ્દથી કહેવાય છે. બારમા અધ્યાયમાં

*''ન રોધયતિ માં યોગો ન સાઙ્ખ્યં ધર્મ એવ ચ,*
*ન સ્વાધ્યાયઃ તપસ્ત્યાગો નેષ્ટાપૂર્તં ન દક્ષિણા''*

અર્થ : મને યોગ વશ કરી શકતો નથી તેમજ સાઙ્ખ્ય, અમુક ધર્મો, વેદાધ્યયન, તપ, દાન, યજ્ઞો અને જલાશય ખોદાવવાં તથા દક્ષિણા આવપી વગેરે મને વશ કરી શકતાં નથી.

અહીંયા પણ ''યોગ વગેરે સાધનો પણ મને પહોંચાડી શકતાં નથી'' એમ કહ્યું છે. વળી ''ન સાધયતિ માં યોગઃ'' અહીંયા પણ ઉપલા શ્લોકને મળતી જ પ્રતિજ્ઞા કરી છે. માટે ભક્તિ જ શ્રેષ્ઠ છે એવો નિશ્ચય થાય છે. એટલે હવે તે



ભાવની જે પૂર્વાવસ્થા કે જે સામાની મોટાઈ જાણ્યા પછી સુદૃઢ અને બધા કરતાં અધિક જે સ્નેહ થાય છે તે 'ભક્તિ' કહેવાય છે.

એ પ્રમાણે પઞ્ચરાત્રના વાક્યમાં જે ભક્તિ કહેવામાં આવી છે તે ભક્તિ અહીં વિવક્ષિત છે તે ભક્તિના પહેલાં કહેલ રૂપની વૃદ્ધિમાટે જ પ્રયત્ન કરવામાં આવ્યો છે. એટલે તે ભક્તિ જેમ અને જે પ્રકારથી વધતી થાય તેવા પ્રકારથી ઉપાયનું નિરૂપણ કરવામાં આવે છે.

શ્રીગોકુલાનથજી જણાવે છે કે પહેલા કહેવામાં આવેલ સાધનોના સમુદાયને જ કહે છે.

શ્રીપુરુષોત્તમજી જણાવે છે કે એ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને અધિકારીના ભેદથી બન્ને પ્રકાર કહેવાની ઈચ્છાથી મુખ્યઅધિકારીને અધિકારના બલથી જ ભક્તિની વૃદ્ધિ તો સિદ્ધ જ છે એટલે મુખ્યઅધિકારીમાટે ઉપાય કહ્યા વગર પહેલાં મધ્યમઅધિકારી માટે 'બીજભાવે' એ અર્ધ શ્લોકથી ઉપાય કહે છે

**બીજભાવે દૃઢે તુ સ્યાત્ ત્યાગાત્ શ્રવણ-કીર્તનાત્‌॥૧॥**

**અર્થ :** બીજભાવ દૃઢ થયા પછી ભક્તિ થવામાં બીજા સાધનોની શઙ્કા મટાડીને ત્યાગથી (અને) શ્રવણ કીર્તનથી (ભક્તિ વધે છે).

**વિવેચન :** અહીં શ્રીગોકુલનાથજી એવો અભિપ્રાય જણાવે છે કે આ શ્લોકમાં બીજભાવ દૃઢ થવાનું લખ્યું છે તે શુદ્ધપુષ્ટિમાર્ગીય શ્રીઆચાર્યના અનુગ્રહપૂર્વક સ્વમાર્ગના પ્રકાર પ્રમાણે સર્વ ભગવાન્‌ને નિવેદન કર્યા પછી (અર્થાત્ બ્રહ્મસમ્બન્ધના મન્ત્રોનો ઉપદેશ ગ્રહણ કર્યા પછી) ભગવાન્ તે જીવનો અઙ્ગીકાર કરે એ બીજભાવનું સ્વરૂપ સમજવું.

બીજભાવની દૃઢતાનું લક્ષણ એવી રીતે સમજવું કે બ્રહ્મસમ્બન્ધ મન્ત્રનો ઉપદેશ ગ્રહણ કર્યા પછી નિરન્તર એક ભગવાન્‌ને જ પરાયણ થઈને પુષ્ટિમાર્ગમાં સ્થિતિ રહે ત્યારે બીજની દૃઢતા થઈ એમ સમજવું. મૂલમાં 'તુ' અવ્યય લખ્યો છે

તે બીજા માર્ગોનાં સાધનો કરતો ન હોય અને સ્વમાર્ગીય સાધનોમાં તત્પર હોય ત્યારે ભક્તિ અત્યન્ત વધેલી થાય.

ભક્તિ વધવામાં સ્વમાર્ગીય બીજાં સાધનો બતાવે છે ''ત્યાગાત્ શ્રવણ-કીર્તનાત્'' એટલે સ્વમાર્ગીય સાધન સિવાયના બીજાં સાધનોના ત્યાગથી તેમજ સ્વમાર્ગીય ભગવદ્ધર્મના શ્રવણથી તથા ભગવદ્ગુણોના કીર્તનથી સ્વમાર્ગીય ભક્તિની વૃદ્ધિ થાય છે. અહીં શ્રવણ તથા કીર્તન સાથે કહેલાં છે તે ઉપરથી બન્ને એક જાતનાં હોવાં જોઈએ એવો તાત્પર્ય છે. એટલે કે સ્વમાર્ગીય ગ્રન્થોમાં જેવું ભગવદ્ધર્મનું નિરૂપણ કર્યું છે તેનું શ્રવણ કરીને તે ધર્મોનું સ્વરૂપ બરાબર સમજીને તે પ્રમાણે બીજાને તે ધર્મો કહી સંભળવવા, તેનું નામ 'કીર્તન' છે. તેવી રીતનાં શ્રવણ અને કીર્તન કરવામાં આવે તો તેનાથી ભક્તિની વૃદ્ધિ થાય.

અહીં શ્રીપુરુષોત્તમજી એવો અભિપ્રાય જણાવે છે કે શ્રીભગવાન્ના અનુગ્રહથી થયેલ બીજરૂપ ભાવ, એટલે પ્રેમ આગળ કહેવામાં આવશે તે પ્રમાણે, દૃઢ થાય ત્યારે ભક્તિની વૃદ્ધિ થાય. મૂલમાં 'તુ' અવ્યય લખ્યો છે તે બીજાં સાધનોથી ભક્તિનો બીજભાવ દૃઢ થઈ શકે છે એવી શઙ્કાની નિવૃત્તિમાટે છે. એટલે કે આ ગ્રન્થમાં કહેલાં સાધનો સિવાય બીજાં સાધનોથી ભક્તિનો બીજભાવ દૃઢ થતો નથી પરન્તુ આ ગ્રન્થમાં કહેલા સાધનો કરે ત્યારે, ત્યાગથી શ્રવણ-કીર્તન કરે ત્યારે તેનાથી બીજભાવ દૃઢ થાય છે. એટલે ભગવાન્ના વિરહનો અનુભવ કરવામાટે 'સન્ન્યાસનિર્ણય' ગ્રન્થમાં જે પ્રકાર કહેલો છે તે પ્રકારે વાસના સહિત પરિગ્રહનો પરિત્યાગ કરીને શ્રવણ સહિત જે કીર્તન કરવામાં આવે છે તેનાથી ભક્તિની વૃદ્ધિ થાય છે. અહીં શ્રવણ પછી કીર્તન કહેલું છે તેથી શ્રીભગવાન્ના સ્વરૂપ, ગુણ અને લીલા નું જે શ્રવણ કરેલું છે તેની ભાવના એ કીર્તનથી પહેલાં અર્થના બળથી મળી શકે છે. એટલે સ્વરૂપ, ગુણ તથા લીલા નું જે શ્રવણ કર્યું છે તેની ભાવના કરતાં-કરતાં કીર્તન કરવું. એ જ અભિપ્રાયથી 'સન્ન્યાસનિર્ણય' ગ્રન્થમાં શ્રીઆચાર્યચરણોએ આજ્ઞા કરી છે કે ''*ભાવો ભાવનયાસિદ્ધઃ સાધનં નાન્યદિષ્યતે*'' ભાવનાથી ભાવ સિદ્ધ થાય છે. બીજાં સાધનોથી ભાવ સિદ્ધ થતો નથી. એટલે સ્વરૂપ, ગુણ અને લીલા ની અન્તઃકરણમાં ભાવના કરવાથી પ્રભુમાં ભાવ સિદ્ધ થાય છે. ભાવ સિદ્ધ કરવામાટે બીજું સાધન નથી તેમ 'નિરોધલક્ષણ' નામના ગ્રન્થમાં પ્રથમથી



શ્રીભગવાન્માં લાગેલા વ્રજવાસીઓનો ભાવ પ્રાપ્ત થવાની આકાંક્ષા નિરૂપણ કરી છે તે પરથી એવું સિદ્ધ થાય છે કે ૧ ત્યાગ, શ્રીભગવાન્ના સ્વરૂપ-ગુણ-લીલાનું ૨ શ્રવણ, તેની ૩ ભાવના અને તેનું ૪ કીર્તન એ ચાર સાધનોથી ભક્તિ પ્રવૃદ્ધ થાય છે. એ જ વાત 'નિરોધલક્ષણ' ગ્રન્થમાં શ્રીઆચાર્યચરણોએ ''મહતાં કૃપયા યાવત્'' એ શ્લોકથી આરમ્ભીને ''તદ્ધ્યાસોઽપિ સિધ્યતિ'' ત્યાં સુધીના શ્લોકો સુધી ફલના અનુભવપર્યન્ત નીચે પ્રમાણે વિસ્તારથી નિરૂપણ કર્યું છે.

*મહતાં કૃપયા યાવદ્ ભગવાન્ દયયિષ્યતિ।*
*તાવદાનન્દસન્દોહઃ કીર્ત્યમાનઃ સુખાય હિ॥૪॥*
*મહતાં કૃપયા યદ્વત્ કીર્તનં સુખદં સદા।*
*ન તથા લૌકિકાનાં તુ સ્નિગ્ધ-ભોજન-રૂક્ષવત્॥૫॥*
*ગુણગાને સુખાવાપ્તિર્ ગોવિન્દસ્ય પ્રજાયતે।*
*યથા તથા શુકાદીનાં નૈવાત્મનિ કુતોઽન્યતઃ॥૬॥*
*ક્લિશ્યમાનાન્ જનાન્ દૃષ્ટ્વા કૃપાયુક્તો યદા ભવેત્।*
*તદા સર્વં સદાનન્દં હૃદિસ્થં નિર્ગતં બહિઃ॥૭॥*
*સર્વાનન્દમયસ્યાઽપિ કૃપાનન્દઃ સુદુર્લભઃ।*
*હૃદ્ગતઃ સ્વગુણાન્ શ્રુત્વા પૂર્ણઃ પ્લાવયતે જનાન્॥૮॥*
*તસ્માત્ સર્વં પરિત્યજ્ય નિરુદ્ધૈઃ સર્વદા ગુણાઃ।*
*સદાનન્દઃ પરૈર્ ગેયાઃ સચ્ચિદાનન્દતા તતઃ॥૧૦॥*
*અહં નિરુદ્ધો રોધેન નિરોધપદવીંગતઃ।*
*નિરુદ્ધાનાં તુ રોધાય નિરોધં વર્ણયામિ તે॥૯॥*
*હરિણા યે વિનિર્મુક્તાસ્તે મગ્ના ભવસાગરે।*
*યે નિરુદ્ધાસ્ત એવાત્ર મોદમાયાન્ત્યહર્નિશમ્॥૧૧॥*
*સંસારાવેશદુષ્ટાનામ્ ઇન્દ્રિયાણાં હિતાય વૈ।*
*કૃષ્ણસ્ય સર્વવસ્તૂનિ ભૂમ્ન ઈશસ્ય યોજયેત્॥૧૨॥*
*ગુણેષ્વાવિષ્ટચિત્તાનાં સર્વદા મુરવૈરિણઃ।*
*સંસારવિરહ-ક્લેશૌ ન સ્યાતાં હરિવત્ સુખમ્॥૧૩॥*
*તદા ભવેત્ દયાલુત્વમ્ અન્યથા ક્રૂરતા મતા।*
*બાધશઙ્કાઽપિ નાસ્ત્યત્ર તદ્ધ્યાસોઽપિ સિધ્યતિ॥૧૪॥*

અર્થ : મોટાઓની કૃપાથી જ્યારે ભગવાન્ દયા કરશે ત્યારે આનન્દના

સમૂહરૂપ ભગવાન્ (નું કીર્તન કરવામાં આવતું હોય ત્યારે કીર્તન કરવામાં જે આનન્દ આવે છે તે) સુખરૂપ થાય છે. ભગવાન્‌ના ભક્તોના દર્શનમાત્રથી જેમને મોટો ઉત્સવ લાગતો હોય અને હંમેશાં ભગવાન્‌ના આવેશથી પોતે ઉત્સવરૂપ હોય એવો અન્તરઙ્ગ ભક્ત મહાન્ કહેવાય છે. કારણ કે એવા ભક્તોની કૃપાથી ભગવાન્ જ્યારે દયા કરે છે ત્યારે પોતે પ્રકટ થઈને પોતાના સ્વરૂપનો આનન્દ આપે છે. ત્યારે જેઓને ઘણી ભક્તિ થઈ છે એવા ભગવદીયના સઙ્ગથી જેમનું કીર્તન કરવામાં આવે છે એવા પ્રભુ સાક્ષાત્ એઓનાં અન્તઃકરણમાં પ્રકટ થઈને તેઓની સઘળી ઇન્દ્રિયોની આસક્તિને પોતાના સ્વરૂપમાં લગાવીને તેઓને સુખ આપે છે. શ્રીભગવાન્ પોતાનું કીર્તન કરનારને આનન્દ આપે છે તે ભગવાન્‌ના ગુણ ગાવા જોઈએ(૪).

જેમ ઘી વગેરે પદાર્થોથી બનેલ સ્નિગ્ધભોજન શરીરની સઘળી ઇન્દ્રિયોને પોષણ આપે છે. એવું પોષણ ઘી વગરના લુખ્ખા પદાર્થો આપી શકતા નથી. તે પ્રમાણે મોટાઓની કૃપાથી ભગવાન્‌નું કીર્તન જેવું સુખ આપે છે એવા સુખને સંસારમાં આસક્ત લોકોનું કીર્તન આપી શકતું નથી(૫).

ભગવાન્‌ના ગુણ ગાવામાં નિરોધને પામેલા ભક્તોને જેવું સુખ થાય છે એવું સુખ શુકદેવજી વગેરેને આત્માનન્દમાં પણ થયું નથી. તો પછી ભક્તિથી રહિત લોકોને તો ક્યાંથી જ થાય?

શુકદેવજીએ પોતે પણ શ્રીભાગવતમાં કહ્યું છે કે જો કે હું નિર્ગુણબ્રહ્મમાં નિષ્ઠાવાળો છું તો પણ ભગવાન્‌ની લીલાથી મારું ચિત્ત ખેંચાયું છે તેથી હું શ્રીભાગવતને ભણ્યો છું આ પરથી એમ સિદ્ધ થાય છે કે આત્મસુખ કરતાં પણ ભગવાન્‌ના ગુણ ગાવામાં આનન્દ વધારે છે.

અથવા તો શુકાદિકને ગોવિન્દના ગુણગાનમાં જેવી સુખની પ્રાપ્તિ થાય છે તેવી આત્મામાં પણ સુખપ્રાપ્તિ થતી નથી. તો બીજાથી તો સુખની પ્રાપ્તિ ક્યાંથી જ થાય?(૬)

જ્યારે પોતાનું શરણ લેનારાઓને ભગવાન્ અત્યન્ત ક્લેશયુક્ત દેખે છે ત્યારે તેઓ કૃપાયુક્ત થઈને, સદા આનન્દરૂપે હૃદયમાં બિરાજનારાં પ્રભુ,



પોતાના સ્વરૂપને બહાર પ્રકટ કરે છે.

એટલે સાક્ષાત્ સ્વરૂપનો સમ્બન્ધ હોવાને લીધે તેમના દર્શનની અભિલાષા ઉત્પન્ન થાય છે. એટલે ઘણી આર્તિ (વિરહ)થી ક્ષણે-ક્ષણે જાગરણ, સ્વપ્ન અને સુષુપ્તિ ની અવસ્થાના ભેદથી ક્લેશનો અનુભવ કરનારા પોતાના ભક્તોને જોઈને જ્યારે પ્રભુ કૃપા કરે છે ત્યારે ભક્તોની તે-તે ઇન્દ્રિયોમાં સર્વાંશે આનન્દનું પોષણ કરીને તથા તેઓને ભાવાત્મક બનાવીને સર્વાંશે પૂર્ણ અને સદા આનન્દરૂપ પ્રભુનું સ્વરૂપ ભક્તોના હૃદમયાં જે બિરાજે છે તે સ્વરૂપને બહાર પ્રકટ કરી ભક્તોને ભજનાનન્દનો અનુભવ કરાવે છે(૭).

પ્રભુ સર્વાનન્દમય છે તો પણ તેમનો કૃપારૂપી આનન્દ અત્યન્ત દુર્લભ છે. ભક્તો જ્યારે ગુણોનું ગાન કરતા હોય ત્યારે હૃદયમાં બિરાજમાન પ્રભુ પોતાના ગુણનું શ્રવણ કરી પૂર્ણ થઈને પોતાના ભક્તોને પોતાના આનન્દમાં નિમગ્ન કરે છે. એ આનન્દ પ્રભુની કૃપાથી જ પ્રાપ્ત થાય છે બીજાં કોઈ સાધનોથી પ્રાપ્ત થતો નથી(૮).

શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે પ્રભુએ નિરોધમાર્ગમાં મારો અઙ્ગીકાર કર્યો છે તેથી સર્વેન્દ્રિયોનો પ્રભુમાં નિરોધ થયો છે. અર્થાત્ સર્વ ઇન્દ્રિયો પ્રભુમાં લાગી ગયેલ હોવાથી બહારના અનુસન્ધાન રહિત થઈ ગઈ છે. તેથી કોઈ ભાગ્યવાન્ ભક્તને ઉદ્દેશ કરીને કહે છે કે મારા કહ્યા પ્રમાણે જેઓ સર્વ ઇન્દ્રિયથી પ્રભુમાં નિરોધ પામેલા છે તેઓને પ્રભુમાં દૃઢ નિરોધ સિદ્ધ કરવામાટે નિરોધનું સ્વરૂપ વર્ણવું છું(૯).

માટે પ્રભુમાં નિરોધ પામેલા ભક્તોએ વાસના સહિત અહન્તા-મમતાના સર્વ પાત્રોનો ત્યાગ કરીને સદાનન્દ એવા શ્રીકૃષ્ણને પરાયણ થઈ પ્રભુના ગુણોનું સર્વદા ગાન કરવું અથવા તેવા નિરુદ્ધ ભક્તોએ શ્રીકૃષ્ણપરાયણ ભક્તોની સાથે સર્વદા પ્રભુના ગુણનું ગાન કરવું. તેમ કરવાથી સચ્ચિદાનન્દ બ્રહ્મરૂપ તે ભક્ત થાય છે. એટલે જ્ઞાનમાર્ગમાં જે બ્રહ્મરૂપ થવું પરમ ફલરૂપ છે તે નિરોધ પામેલા ભક્તોને ભગવાન્‌ના ગુણગાન સમયે આનુષઙ્ગિક રીતે ફળ પ્રાપ્ત થઈ જાય છે(૧૦).

પ્રભુએ જેઓને છોડી દીધા છે તેઓ સંસારસાગરમાં મગ્ન થયા છે અને જેઓનો નિરોધ(પુષ્ટિ)માર્ગમાં અઙ્ગીકાર કર્યો છે તેઓ રાત્રિ-દિવસ

પ્રભુના આનન્દને પ્રાપ્ત થાય છે. અહીં રાત્રિ-દિવસ આનન્દ પ્રાપ્ત થાય છે એમ કહેવાથી એક ક્ષણ પણ આનન્દરહિત રહેતા નથી એવો આશય છે(૧૧).

અહન્તા-મમતાત્મક સંસારના આવેશેથી દુષ્ટ થયેલી ઇન્દ્રિયોના હિતને માટે સર્વાત્મભાવથી સર્વત્ર સ્ફુરાયમાન થતા એવા પોતાના સ્વામી શ્રીકૃષ્ણ પોતાનું સર્વસ્વ છે એમ સમજીને ઇન્દ્રિયોની મમતાના પાત્રરૂપ સર્વ પદાર્થોને ભગવાન્‌માં લગાવી દેવા.

એટલે સર્વ ઇન્દ્રિયો પણ ભગવાન્‌માં લાગી જાય. બીજા જ્ઞાનાદિ માર્ગમાં ઇન્દ્રિયો તથા તેઓની મમતારૂપ પાત્રોનો ત્યાગ કરે ત્યારે આત્મસુખનો અનુભવ થાય છે. તે ત્યાગ કરવો બહુ મુશ્કેલ પડે છે. જ્યારે આ માર્ગમાં તો ઇન્દ્રિયોનો ત્યાગ કરવો પડતો નથી પણ ઇન્દ્રિયો કે જે સંસારના વિષયમાં લાગેલી છે તેને ત્યાંથી ખેંચીને પ્રભુમાં લગાવવાની છે. તેથી સર્વ ઇન્દ્રિયોથી પ્રભુના આનન્દનો અનુભવ થાય છે. તેમાં ફક્ત સંસારના વિષયોમાંથી ખેંચીને પ્રભુમાં લગાવવામાં જે મહેનત છે તેટલી જ મહેનત છે, પછી તો તે જ ઇન્દ્રિયોથી અખણ્ડ આનન્દનો અનુભવ લેવાય છે. તેમ કેવલ આત્મા (ઇન્દ્રિયોવગર) આનન્દનો અનુભવ કરી શકતો નથી તેથી ઇન્દ્રિયોવગર જ કેવલ આત્માથી જ આનન્દનો અનુભવ કરવો એ તો મનોરથ માત્ર જ છે. આ માર્ગમાં તો અનુભવ કરાવનાર ઇન્દ્રિયોની દુષ્ટતા મટાડીને સંસારના વિષયોમાંથી છોડાવીને પ્રભુમાં લગાડી દેવાથી સર્વ ઇન્દ્રિયોથી પ્રભુના આનન્દનો અનુભવ લઈ શકાય છે. માટે જ્ઞાન માર્ગમાં આત્મસુખના અનુભવ કરવા કરતાં આ માર્ગમાં અલૌકિક ઇન્દ્રિયોથી પ્રભુના ભજનાનન્દનો અનુભવ કરવો એ અત્યન્ત વિશેષ છે(૧૨).

મુર દૈત્યના વૈરી એવા જે શ્રીકૃષ્ણ તેમના ગુણોમાં જેઓનું ચિત્ત નિરન્તર પ્રવિષ્ટ થયું છે તેઓને અહન્તા-મમતાત્મક સંસાર કે ભગવાન્‌ના વિરહ નો ક્લેશ થતો નથી, તેમને ભગવાન્‌ની માફક સુખ જ થાય છે.

સંસારિક પદાર્થો છોડવાનું દુઃખ પણ તેમને થતું નથી. કારણ કે પ્રપઞ્ચની વિસ્મૃતિ થઈને ભગવાન્‌માં આસક્તિ થાય ત્યારે નિરોધ થયો



કહેવાય છે. તેવી રીતના નિરોધને પ્રાપ્ત થયેલા ભક્તોને સંસારના વિષયો છોડવાનો ક્લેશ થતો નથી. આ શ્લોકમાં ‘‘હરિની પેઠે સુખ થાય છે’’ એમ કહ્યું છે તેથી એમ સૂચન કર્યું છે કે જેમ હરિ સર્વના દુઃખોનું હરણ કરનાર છે તેવી રીતે તેમનામાં આસક્તિ પણ લૌકિક સંસારની નિવૃત્તિ કરી તેના દુઃખને મટાડનાર છે(૧૩).

એવી રીતે ગુણગાન જ્યારે સિદ્ધ થાય ત્યારે પ્રભુની દયાલુતા સમજવી અને એમ ન થાય તો ક્રૂરતા માનવમાં આવે છે. અહીં બાધ થવાની કાંઈ શઙ્કા પણ કરવાની નથી. જેમ પ્રથમ સંસારના વિષયમાં દેહ તથા ઇન્દ્રિયોનો અધ્યાસ હતો તે જ્યારે છૂટી ગયો ત્યારે તેવો જ અધ્યાસ પ્રભુમાં થાય છે એવી રીતનો સ્વરૂપાત્મક નિરોધ જ્યારે સિદ્ધ થાય ત્યારે જ પ્રભુનું દયાળુપણું કહેવાય, નહિ તો ક્રૂરતા કહેવાય.

આ શ્લોકમાં ‘ક્રૂરતા’ પદ મૂકી એવો અભિપ્રાય પણ સૂચન કર્યો છે કે પ્રભુએ જે જીવનો (આ જીવ મારો છે એવી રીતે) પોતાનાપણાથી અઙ્ગીકાર કર્યો છે તે જીવ પ્રભુને જ પ્રિય લાગે એવા પોતાના ધર્મરૂપ કૃત્યમાં પ્રવૃત્ત થાય નહિ ત્યાં સુધી પ્રભુ તે જીવ ઉપર ક્રોધિત રહે છે. માટે જેમ પ્રભુએ પોતાપણાથી જીવનો અઙ્ગીકાર કર્યો છે તેમ તે અઙ્ગીકૃત જીવે પણ ‘‘આ પ્રભુ મારા સ્વામી છે’’ એમ સમજીને તે આપણી પર જેમ પ્રસન્ન થાય તેવાં કૃત્યોમાં જ પ્રવૃત્ત રહેવું જોઈએ. તો જ ઉપર પ્રમાણે પ્રભુની દયા જીવ ઉપર સિદ્ધ થાય. પણ પ્રભુએ પોતાપણાથી અઙ્ગીકાર કર્યા છતાં પણ જીવ પોતાના ધર્મમાં પ્રવૃત્ત રહે નહિ તો પછી તેની ઉપર પ્રભુનો ક્રોધ થવો જ જોઈએ. માટે એ પ્રમાણે પોતાના ધર્મથી જે જીવ વર્તતો હોય તેને કોઈ રીતે બાધની શઙ્કા રહેતી નથી અને તેવી રીતે વર્તનારને જેમ પ્રથમ સંસારનો અધ્યાસ હતો તેમ નિરોધ પામ્યા પછી શ્રીપુરુષોત્તમનો અધ્યાસ થાય છે(૧૪).

ઉપર પ્રમાણે ‘નિરોધલક્ષણ’ ગ્રન્થમાં દર્શાવ્યા પ્રમાણે ભગવાન્‌ના સ્વરૂપ, ગુણ અને લીલા ની ભાવના સહિત કીર્તન કરવાથી ભક્તિ પ્રવૃદ્ધ થાય છે. તેમાં ફલનો જે અનુભવ થાય છે ત્યાં સુધી નિરોધલક્ષણમાં બતાવી આપ્યું છે.

અહીં પ્રાચીન ટીકાકારો 'બીજભાવ'નો અર્થ એવો કરે છે કે પુષ્ટિમાર્ગીય આચાર્યોના અનુગ્રહપૂર્વક આત્મનિવેદન કર્યા પછી ભગવાન્ અઙ્ગીકાર કરે છે તેને 'બીજભાવ' કહેવાય છે. અને બીજાઓ એમ કહે છે કે ભક્તિના અસાધારણ કારણરૂપ ભગવાન્નો અનુગ્રહ હોય તે 'બીજભાવ' કહેવાય છે. કેટલાક વળી ભગવાન્માં થયેલા સ્નેહને પણ બીજભાવ કહે છે.

મૂળશ્લોકમાં 'ત્યાગ'પદ લખ્યું છે તેનો અર્થ ભગવાન્ સિવાયનો ત્યાગ કરવો એમ કેટલાક કહે છે. બીજાઓ એમ કહે છે કે ભક્તિમાર્ગ સિવાયનાં બીજા સાધનોનો ત્યાગ કરવો. અને વળી કેટલાક તો એમ કહે છે કે ભક્તિમાર્ગના વિરોધી બીજાના ભજનાદિકનો ત્યાગ કરવો. એમ જુઓ જુદો-જુદો અભિપ્રાય કહે છે. તેઓના મતમાં ઘરમાં સ્થિતિ રાખીને ત્યાગ કરવાનું આવે છે અને મારા(શ્રીપુરુષોત્તમજીના) અભિપ્રાય પ્રમાણે ઘરમાં સ્થિતિ નહિ રાખીને ત્યાગ કરવો એટલે ઘરનો ત્યાગ કરવો એટલો ભેદ છે એમ શ્રીપુરુષોત્તમજી આજ્ઞા કરે છે. આ પરથી એવું જણાય છે કે ગૃહમાં રહીને ઉપર પ્રમાણે ભાવ સિદ્ધ થતો હોય તો ઘરનો ત્યાગ કરવાની આવશ્યકતા નથી અને તેમ જો ન થાય તો ઘરનો ત્યાગ કરવાની આવશ્યકતા છે (૧).

શ્રીગોકુલનાથજી હવે પછીના શ્લોકની ઉત્થાનિકા કરતાં જણાવે છે કે જો કે પહેલાં ભક્તિના બીજની દઢતાનો પ્રકાર કહેવામાં આવી ગયો છે જ તો પણ કોઈ વખતે બીજા વ્યાસઙ્ગને લીધે વિઘ્નો આવવાનો સમ્ભવ રહે છે. માટે બીજા વ્યાસઙ્ગનો અભાવ કરીને ભક્તિના બીજની દઢતા શી રીતે સિદ્ધ થાય તે માટે ભગવાન્ના ભજનરૂપ બીજો પ્રકાર શ્રીઆચાર્યચરણ કહે છે.

શ્રીપુરુષોત્તમજીમહારાજ નીચલા શ્લોકની ઉત્થાનિકામાં જણાવે છે કે હવે પછી કનિષ્ઠ અધિકારીમાટે ભક્તિનો પ્રકાર કહેવાની ઈચ્છાથી પહેલાં ભક્તિના બીજની દઢતાનો પ્રકાર કહે છે.

**બીજદાર્ઢ્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ।**
**અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ॥૨॥**



**અર્થ :** ઘરમાં જ સ્વધર્મથી રહીને બીજની દઢતાનો પ્રકાર તો (નિરૂપણ કરાય છે). ધર્મથી નિવૃત્ત નહિ થઈને પૂજાવડે શ્રવણ-કીર્તન વગેરે કરીને શ્રીકૃષ્ણને ભજે (સેવે).

**વિવેચન :** આ શ્લોકમાંના 'તુ' શબ્દથી એમ જણાવે છે કે ઘરમાં સ્વધર્મ પ્રમાણે પોતાનું જીવન જીવતાં ભક્તિના બીજની દઢતાનો જે પ્રકાર કહેવામાં આવ્યો છે તે સિવાય ભક્તિના બીજની દઢતા મેળવવામાટે બીજો કોઈ પ્રકાર નથી.

પોતાના માર્ગ પ્રમાણે ભગવદ્ભજન તો ઘરમાં રહેવા સિવાય સમ્ભવતું નથી. માટે પહેલાં ઘરમાં રહીને જ ધર્મમાં રહેવાનું કહે છેઃ ભગવાન્ના ભજનને અનુકૂલ ઘરમાં રહીને શ્રીકૃષ્ણને ભજવા. આહીં 'સ્વધર્મ'પદથી વર્ણાશ્રમના ધર્મો કહેવાનો અભિપ્રાય નથી કારણ કે વર્ણાશ્રમધર્મ તો વર્ણાશ્રમને લઈને નિત્ય પ્રાપ્ત જ છે. માટે કેવળ ભક્તિમાર્ગના ધર્મના વિચારમાં ફરીને વર્ણાશ્રમના ધર્મો કહેવાનું પ્રયોજન નથી. માટે વર્ણાશ્રમના ધર્મો કહેવાનો શ્રીઆચાર્યચરણનો અભિપ્રાય નથી કિન્તુ સ્વમાર્ગીય ભગવદ્ધર્મ કહેવાનો શ્રીઆચાર્યચરણનો અભિપ્રાય છે. આનું એક કારણ એ પણ છે કે વર્ણાશ્રમ ધર્મને સ્વધર્મ કહી શકાતો નથી. આનાથી એ સમજાય છે કે ધર્મ બે પ્રકારનો છેઃ એકનું પર્યવસાન શરીરમાં છે અને બીજાનું પર્યવસાન આત્મામાં છે. તેમાં સન્ધ્યાવન્દનથી આરમ્ભીને યજ્ઞપર્યન્ત વર્ણાશ્રમધર્મનું પર્યવસાન શરીરમાં જ છે. કેમકે ઈન્દ્રલોકાદિક ભોગની પ્રાપ્તિ યજ્ઞાદિકથી થાય છે. ભોગની સમાપ્તિ થયા પછી ''ક્ષીણે પુણ્યે મર્ત્યલોકં વિશન્તિ'' પુણ્યનો ક્ષય થાય પછી મર્ત્ય લોકમાં આવે છે એમ ભગવદ્ગીતાનું વાક્ય છે. તેથી વર્ણાશ્રમના ધર્મોનું શરીરને સુખ થવામાં જ તાત્પર્ય છે આત્માને પરલોક પ્રાપ્ત કરાવનાર વર્ણાશ્રમધર્મ નથી. વળી, 'સ્વધર્મ'માં 'સ્વ'પદ મુખ્યત્વે આત્માના અર્થમાં છે. ગૌણપણાથી તે દેહને કહેનારો છે માટે 'સ્વધર્મ' પદથી આત્માને સુખ આપનાર તે ખરું સુખ કહેવાય છે. તેવો સ્વધર્મ તો ભગવદ્ધર્મ જ છે. તે બાબત શ્રીમદ્ભાગવત ૭।૯માં પ્રહ્લાદજીનું વાક્ય છે કે *''યદ્યજ્જનો ભગવતે વિદધીતમાનં તચ્ચાત્મને પ્રતિમુખસ્ય યથા મુખશ્રીઃ''* (જેમ મુખની શોભા પ્રતિબિમ્બને મળે છે તેમ ભગવાન્ને આપેલું માન આત્માને મળે છે) એમ કહ્યું છે. ત્યાં પણ ભગવદ્ધર્મનું ફલ આત્માને પ્રાપ્ત થાય છે એમ કહીને ભગવદ્ધર્મનું પર્યવસાન આત્મામાં કહ્યું છે. તેમ શ્રીભાગવતના દશમસ્કન્ધના તામસ પ્રકરણાન્તર્ગત ફલ પ્રકરણમાં પણ રાસમણ્ડલમણ્ડનરૂપ

શ્રીગોપીજનોએ કહ્યું છે કે *''કુર્વન્તિ હિ ત્વયિ રતિં કુશલાઃ સ્વઆત્મન્નિત્યપ્રિયે પતિસુતાદિભિરાર્તિદૈઃકિમ્''* અર્થ : ડાહ્યા માણસો નિત્યપ્રિય આત્મારૂપ તમારે વિષે પ્રીતિ કરે છે, પીડા આપનાર પતિ-પુત્ર વગેરેથી શું છે?.

મૂળ શ્લોકમાં 'સ્વધર્મતઃ' એ પદમાં તસિલ્ પ્રત્યયાન્ત અવ્યય હોવાથી જે ધર્મમાં વિકાર ન આવે તેવા ધર્મનું સૂચન કર્યું છે. માટે જેમ અવ્યયમાં કોઈ પ્રકારનો વિકાર થતો નથી, તેમ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શુદ્ર ગમે તે વર્ણનો કે ગમે તે આશ્રમનો હોય તેમાં વિકાર નહિ પામતાં તેનો તે ધર્મ રહે એવો તો ભગવદ્ધર્મ જ છે. વર્ણાશ્રમના ધર્મો તો દરેક વર્ણમાં તથા દરેક આશ્રમમાં જુદા-જુદા હોવાથી વિકૃત છે. માટે 'સ્વધર્મ' પદથી ભગવદ્દર્મ જ સમજવાનો છે.

શ્રીપુરુષોત્તમજી પોતાનો અભિપ્રાય બતાવે છે કે ભક્તિનું બીજ પહેલાં કહેવામાં આવ્યું છે તેને મજબૂત કરવાનો પ્રકાર હવે કહેવામાં આવશે. ગૃહસ્થાશ્રમમાં રહીને પ્રથમથી જ સિદ્ધ વર્ણાશ્રમના ધર્મથી નહિ ખસતાં

*''આચાર્ય કુલાદ્ વેદમ્ અધીત્ય ગુરોઃ કર્માતિશેષેણાભિસમાવૃત્ત્ય કુટુમ્બે શુચૌ દેશે સ્વાધ્યાયમ્ અધીયાનો ધાર્મિકાન્ વિદધદ્ આત્મનિ સર્વેન્દ્રિયાણિ સમ્પ્રતિષ્ઠાપ્ય અહિંસન્ સર્વાણિ ભૂતાનિ અન્યત્ર તીર્થેભ્યઃ સ ખલ્વિદં વર્ત્તયન્ યાવદાયુષં બ્રહ્મલોકમ્ અભિસમ્પદ્યતે. ન સ પુનરાવર્તતે''*

અર્થ : આચાર્યકુલની પાસે જઈ, બ્રહ્મચર્ય રાખી, અઙ્ગો સહિત વેદ ભણી, ગુરુની સેવારૂપ કર્મ કરતાં બચતા સમયમાં વેદના અઙ્ગસહિત રહસ્યને અર્થજ્ઞાનપૂર્વક સમજી, વિદ્યા સમાપ્ત કરી, વેદ અને શાસ્ત્ર પ્રમાણે વિવાહ કરી, કુટુમ્બમાં રહી, પવિત્ર સ્થાનમાં જે ગુરુ પાસે વેદ વગેરેનો અભ્યાસ કર્યો છે તેનું પરિશીલન કરી, ગૃહસ્થાશ્રમ વિહિત ધર્મો પાળી, પુત્રો તથા શિષ્યો ને ધર્મના આચરણમાં જોડી, સર્વ ઇન્દ્રિયોના વ્યાપારને પરમાત્મામાં જોડી, પોતાના સર્વ કર્મો પરમાત્માને અર્પણ કરી, ભિક્ષા વગેરે ઉપાર્જન કરવાના કાર્ય સિવાય બીજાં કોઈ કાર્યમાટે કોઈને કાંઈ પણ જેમ પીડા ન થાય તેવી રીતે પોતાનું આયુષ રહે ત્યાં સુધી વર્તે અને પોતાના પુત્ર વગેરે પરિજનને પણ તેવો ઉપદેશ કરીને વર્તાવે તો તે પુરુષ દેહાન્ત થયા પછી ભગવાન્‌ના લોકને પ્રાપ્ત થાય છે. તે પુરુષનું અહન્તા-મમતાત્મક સંસારમાં ફરી આવર્તન થતું નથી.



આમ છાન્દોગ્ય શ્રુતિ કહે છે. ઉપરની શ્રુતિમાં ગૃહસ્થાશ્રમમાં રહી સઘળી ઇન્દ્રિયોના સઘળા પ્રકારના વ્યાપારોને ભગવાન્‌માં જોડવાનું કહ્યું છે. તે જ્યારે ગૃહસ્થાશ્રમમાં રહીને ભગવત્સેવા કરે ત્યારે જ જોડાય. માટે ગૃહસ્થાશ્રમમાં રહીને વર્ણાશ્રમ ધર્મનું આચરણ કરવું તે પણ ભક્તિના અઙ્ગપણાથી જ કરવું એવો વેદ અને શાસ્ત્ર નો સિદ્ધાન્ત છે એમ સિદ્ધ થાય છે. તેથી જ શ્રીકૃષ્ણ ભગવાને (ભાગ.પુરા.૧૧।૧૮।૪૭ માં) ઉદ્ધવજીને આજ્ઞા કરી છે કે

*''વર્ણાશ્રમવતાં ધર્મ એષ આચરલક્ષણઃ,*
*સ એવ મદ્ભક્તિયુતો નિઃશ્રેયસકરઃ પરઃ''*

અર્થ : વર્ણાશ્રમવાળાઓનો જે આચારલરૂપ ધર્મ છે તે જ ધર્મ જો મારી ભક્તિયુક્ત હોય તો ઉત્તમ કલ્યાણને કરનારો છે. (અર્થાત્ મોક્ષને આપનારો છે).

ઉપરના શ્લોકમાં શ્રીકૃષ્ણભગવાને આચારરૂપ વર્ણાશ્રમવાળાના ધર્મને ભક્તિના અઙ્ગપણાથી કહેલ છે. પરન્તુ શ્રુતિ-સ્મૃતિમાં કહ્યા પ્રમાણે વર્ણાશ્રમધર્મ આજના સમયમાં યથાર્થ રીતે બની શકે એવા નથી. તેથી સ્મૃતિઓમાં વર્ણાશ્રમના જે આપત્તિધર્મો કહેલા છે જેમ કે બ્રાહ્મણને આપત્તિનો સમય જ્યારે પ્રાપ્ત થાય ત્યારે ક્ષત્રિયો-વૈશ્યોની આજીવિકાથી પોતાનો નિર્વાહ કરે. એમાં વૈશ્યની આજીવિકા કરતાં પણ રસવિક્રયાદિક કરે નહિ. એ જ રીતે ક્ષત્રિય તથા વૈશ્ય માટે પણ આપત્તિના ધર્મ પ્રમાણે વર્તવાનું સમજી લેવું. આશ્રમના ધર્મોમાં પણ આપત્તિના કારણથી અગ્નિહોત્રાદિક નિત્યયજ્ઞો કરવાનું બની શકે નહિ તો પણ બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્યોએ પોત-પોતાના વેદ તથા શાખા પ્રમાણે સન્ધ્યાવન્દન, બ્રહ્મયજ્ઞાદિ પઞ્ચમહાયજ્ઞ, નિત્ય તર્પણ, બલિ, વૈશ્વદેવ, શ્રાદ્ધ અને દાનાદિક નિત્યકર્મો કરવાં. આ બધા વર્ણાશ્રમના ધર્મો ભક્તિના અઙ્ગપણાથી કરવા.

અહીં એવી શઙ્કા નહિ કરવી કે શ્રુતિ, સ્મૃતિ તથા શ્રીભાગવત માં શ્રીકૃષ્ણભગવાન્‌ને આજ્ઞા કરી છે તે પ્રમાણે વર્ણાશ્રમના ધર્મો આજના સમયમાં બની શકે તેવા નથી તેથી ભક્તિનું અઙ્ગ શિથિલ થયું ત્યારે અઙ્ગવગરની ભક્તિ કેમ ફલિત થશે? આ વિષયમાં એમ સમજવું કે શ્રીભાગવતના સપ્તમસ્કન્ધમાં નારદજીએ યુધિષ્ઠિર રાજાને ''સ્વધર્માચરણં શક્ત્યા'' (પોતાની શક્તિ પ્રમાણે સ્વધર્મનું આચરણ કરવું) એ પ્રમાણે કહ્યું છે. તે જ પ્રમાણે શ્રીઆચાર્યચરણોએ 'તત્ત્વદીપનિબન્ધ'

ગ્રન્થના સર્વનિર્ણય પ્રકરણના ભક્તિ પ્રકરણમાં સ્વીકારેલું છે. તેથી યથાશક્તિ સ્વધર્માચરણ કરવામાં પણ ભક્તિના અઙ્ગની ન્યૂનતા આવતી નથી. માટે દેશ-કાળ અનુસાર પોતાથી બની શકે તેટલા વર્ણાશ્રમના ધર્મનું આચરણ કરતો પૂજાદ્વારા શ્રવણાદિક નવ પ્રકારની ભક્તિથી શ્રીકૃષ્ણનું ભજન(સેવન) કરે. તેનો પ્રકાર નીચે પ્રમાણે સમજવો.

શ્રીમદ્વલ્લભાચાર્યચરણોએ વેદ અને શાસ્ત્રો ના પ્રમાણોથી ભાવનાયુક્ત પુષ્ટિભક્તિમાર્ગીય પ્રેમરૂપ સેવાનો જે પ્રકાર બતાવ્યો છે તે પ્રમાણે સવારે મઙ્ગલાથી લઈ રાજભોગ પર્યન્ત તથા સાંજે ઉત્થાપનથી શયન સુધી દીનતા પૂર્વક સદાનન્દ પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણની પરમપ્રેમથી ઋતુ પ્રમાણે સેવા કરવી.

શ્રીકૃષ્ણની સેવા કરતાં નીચે લખ્યા પ્રમાણે પોતાના અન્તઃકરણમાં ભાવના રાખવી.

શ્રીગુરુદેવે વેદ અને શાસ્ત્રો ની રીતિ પ્રમાણે પુરુષોત્તમ પ્રતિષ્ઠા (સ્વરૂપમાં શ્રીપુરુષોત્તમનો આવિર્ભાવ) કરી કૃપા કરી જે ભગવત્સ્વરૂપ પધરાવી આપ્યું છે તે સાક્ષાત્ પરબ્રહ્મ પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણ જ છે; સ્વરૂપના જે શ્રીહસ્ત છે તે સાક્ષાત્ શ્રીકૃષ્ણના જ શ્રીહસ્ત છે. સ્વરૂપના જે ચરણારવિન્દ છે તે સાક્ષાત્ શ્રીકૃષ્ણના ચરણાવિન્દ છે. એમ સ્વરૂપના સર્વ અવયવોને સાક્ષાત્ શ્રીકૃષ્ણના જ અવયવો સમજવા. અને તેઓ મને સાનુભાવતા(સાક્ષાત્કાર) બતાવતા નથી તે મારા પ્રેમની જ ન્યૂનતા છે એમ વિચારી શ્રીપ્રભુનો સાક્ષાત્કાર થવાની મનમાં આર્તિ રાખી ખેદ કરવો.

શ્રીકૃષ્ણ સાક્ષાત્ પરબ્રહ્મ હોવાથી તેમના અંશરૂપ સર્વ જીવો તેમના સહજ દાસ છે અને શ્રીકૃષ્ણ સર્વના સહજ સ્વામી છે તેથી સહજદાસરૂપ સર્વ જીવોને શ્રીકૃષ્ણની સેવા કરવી એમ અવશ્ય કર્તવ્યત્વ સિદ્ધ થાય છે. તેથી મારે પણ દાસભાવથી તેમની સેવા અવશ્ય કર્તવ્ય છે એમ સમજી સર્વદા સેવા કરવી.

અખિલબ્રહ્માણ્ડના નાયક શ્રીકૃષ્ણભગવાન્ યોગીઓ તથા જ્ઞાનીઓ ની મુક્તિના સ્થાનરૂપ અક્ષરબ્રહ્મથી પણ પર છે તેમની સાક્ષાત્ સેવા કરવી. અને તે



સેવા સ્વતન્ત્ર પુરુષાર્થરૂપ છે એમ સમજી સેવા કરવી.

સેવા કરવામાં પોતાની સ્વાર્થદષ્ટિ અણુમાત્ર પણ રાખવી નહિ પણ નિષ્કામ થઈને શ્રીહરિની સેવા કરવી.

ઉપર પ્રમાણે ભાવના રાખી ભગવત્સેવા કરવાથી સેવા કરનારને સેવા કરતાં-કરતાં શ્રવણ વગેરે નવ પ્રકારની ભક્તિ આવી જાય છે જેમકે સેવાના સમયમાં તે-તે સમયની સેવાના ભાવયુક્ત કીર્તન કરાતા હોય છે. તેનું શ્રવણ કરવાથી સેવામાં જ શ્રવણભક્તિ આવી જાય છે.

સેવા કરનાર સેવા કરતી વખતે સેવાની ભાવનાના શ્લોકો તે-તે સમયના ભાવના અષ્ટછાપ ભગવદીયોના કીર્તનો તથા શ્રીયમુનાષ્ટકાદિ સ્તોત્ર-પાઠો કરે છે તે કરવામાં જ કીર્તનભક્તિ આવી જાય છે.

સેવા કરતી વખતે ભગવાન્ના સ્વરૂપ, ગુણ અને લીલા નું સ્મરણ થાય છે તેમાં સ્મરણભક્તિ આવી જાય છે.

સેવાના કાર્યમાં પગે ચાલીને જવું તથા ભગવત્સ્વરૂપના ચરણસ્પર્શ કરવામાં પાદસેવનરૂપ ભક્તિ આવી જાય છે.

પઞ્ચામૃતસ્નાન; હિણ્ડોલા, રથ અને દોલ વગેરેનો અધિવાસન; સઙ્કલ્પ; દેવોત્થાપન; ધૂપ-દીપ અને શઙ્ખોદક વગેરે નિત્ય અને વર્ષમાં તે-તે સમયમાં થાય છે. તે કરવામાં અર્ચનરૂપ ભક્તિ આવી જાય છે.

પ્રથમ મન્દિર ખોલતી વખતે અક્ષરધામરૂપ મન્દિરને દણ્ડવત્ કરી મન્દિરની ભીતર જઈ તે-તે સમયમાં શ્રીહરિને સાષ્ટાઙ્ગ દણ્ડવત્ કરવામાં આવે છે તો તેમાં વન્દનભક્તિ આવી જાય છે.

મન્દિરનું માર્જન, વસ્ત્રપ્રક્ષાલનાદિક તથા ભગવદુપભોગ પછી બચેલા

ભુક્તશિષ્ટ અન્ન-વસ્ત્ર, પુષ્પની માલા, ચન્દન વગેરેથી જ પોતાનો નિર્વાહ અને અનન્યતા થી સેવા કરવામાં દાસ્યભક્તિ આવી જાય છે.

કોઈ પણ પ્રકારની પ્રેરણા વગર પોતાના પ્રિયનું હિત કરવું. તે સખ્યધર્મ કહેવાય છે. તેવી રીતે તે-તે દેશ-કાલ અને ઋતુ ને અનુકૂલ, જેમકે શીતકાલમાં રૂ વગેરેના વસ્ત્રો, અઙ્ગીઠી, રૂના પડદા તથા શીતકાલાનુકૂલ ભોગસામગ્રી; અને ઉષ્ણકાલમાં મલમલના ઝીણાં વસ્ત્રો, ચન્દન, લેપન, સુગન્ધી વાળા-ખસના પડદા, ફુઆરા તથા ઉષ્ણકાલાનુકૂલ ભોગસામગ્રી; નિત્ય પ્રાતઃકાલમાં મઙ્ગલાથી શયન સુધી ઉત્તમ પકવાન્ન, દૂધ, દહીં, માખણ-મિશ્રી વગેરે અનેક પ્રકારની ભોગસામગ્રી શ્રીપ્રભુને અર્પણ કરવામાં આવે છે તેમાં સખ્યરૂપ ભક્તિ આવી જાય છે. કારણ કે જે-જે પોતાને પ્રિય તથા લોકમાં જે સારો પદાર્થ કહેવાતો હોય તે પોતાના પ્રિય મિત્રને આપવામાં આવે છે એમ લોકમાં સિદ્ધ છે. તે પ્રમાણે જે લોકમાં અત્યન્ત ઈચ્છિત હોય અને જે-જે પદાર્થ પોતાને અત્યન્ત પ્રિય હોય તે-તે પદાર્થો પોતાના પ્રાણપ્રિય ભગવાન્‌ને અર્પણ કરવા. જેમકે (ભાગ.પુરા.૧૧।૧૧।૪૧) શ્રીકૃષ્ણભગવાને ઉદ્ધવજીને કહ્યું છે કે

*''યદ્યદ્ ઈષ્ટતમં લોકે યચ્ચાતિપ્રિયમાત્મનઃ।*
*તત્તન્ નિવેદયન્ મહ્યં તદાનન્ત્યાય કલ્પતે''*

તેમજ 'તત્ત્વદીપનિબન્ધ'ના સર્વનિર્ણય પ્રકરણમાં શ્રીઆચાર્યજીએ કહ્યું છે કે

*યદ્યદ્ ઈષ્ટતમં લોકે યચ્ચાતિપ્રિય માત્મનઃ*
*યેન સ્યાન્ નિર્વૃતિશ્ચિત્તે તત્ કૃષ્ણે સાધયેદ્ ધ્રુવમ્''*

ઉપર પ્રમાણે ઉત્તમોત્તમ પોતાને જે પ્રિય પદાર્થ હોય તે શ્રીહરિને અર્પણ કરવામાં આવે છે તેમાં સખ્ય આવી જાય છે.

દેહ, પ્રાણ, ઈન્દ્રિયો અને અન્તઃકરણ તેમજ સ્ત્રી, પુત્ર, ગૃહ, આપ્ત અને વિત્ત એ સર્વે ભગવત્સેવામાં ઉપયોગી કરાય છે તેમાં નિવેદનભક્તિ આવી જાય છે.

એ પ્રમાણે ભગવત્સેવા કરવામાં શ્રવણાદિ નવપ્રકારની ભક્તિ આવી જાય



છે. તેથી શ્રીઆચાર્યચરણોએ ''પૂજયા શ્રવણાદિભિઃ કૃષ્ણં ભજેત્'' એમ આજ્ઞા કરી છે.

અહીં ''પૂજયા શ્રવણાદિભિઃ'' એ શ્લોકમાં 'પૂજા' શબ્દથી ઉપલબ્ધ ઉપચારોથી જે સેવન કરવામાં આવે છે તે કહેવાય છે. અને 'અર્ચન'થી સ્વરૂપને સ્નાન કરાવવું તથા અલઙ્કાર ધરાવવા એ પ્રકારનું જે સેવન કરવામાં આવે છે તે કહેવાય છે. કારણ કે મળી શકતા ઉપચારોથી જે સેવન કરવામાં આવે છે એવા અર્થમાં જ 'પૂજન' શબ્દનો પ્રયોગ જોવામાં આવે છે.

પ્રથમ ભગવાન્‌ના અનુગ્રહથી ઉત્પન્ન થયેલ અને નહિ ઉત્પન્ન થયેલ ભક્તિને આ સાધનમર્યાદાથી વધારવી. જો કે શ્રવણાદિક નવમાં 'પૂજા' શબ્દથી અભિન્નાર્થપર્યાયરૂપ અર્ચન આવી જાય છે તો પણ અર્ચન અને પૂજન માં કેટલુંક ઉપર કહેવામાં આવેલું વૈષમ્ય છે એ બતાવવાની આવશ્યક્તા હોવાથી અને અર્ચન તથા પૂજન એ બન્ને જુદી-જુદી રીતે અમુક ધોરણે અમુક જાતના વિશેષ ફલને આપનારાં છે એમ બતાવવામાટે જુદાં લખવામાં આવ્યાં છે.

હવે આ સ્થળે ''આચાર્ય કુલાદ્ વેદમ્ અધીત્ય'' એ શ્રુતિ વાક્યથી સમજાવવામાં આવતા પ્રકારવાળા વર્ણાશ્રમધર્મનો હમણાં અભાવ હોવાથી ભજન કરવાનું અમુક અઙ્ગ ખામી ભરેલું છે એમ શઙ્કા નહિ કરવી. કારણ કે સપ્તમસ્કન્ધમાં ''સ્વધર્માચરણં શક્ત્યા'' (શક્તિપ્રમાણે વર્ણાશ્રમના ધર્મો પાળવા) એ નારદજીના વાક્યથી તેમજ નિબન્ધમાં આચાર્યચરણોએ પણ ''સ્વધર્માચરણં શક્ત્યા'' એમ સ્વીકાર કર્યો છે તેથી વર્ણાશ્રમના ધર્મો શક્તિ પ્રમાણે પાળતાં છતાં પણ વર્ણાશ્રમના ધર્મનો હમણાં અભાવ હોવાથી ભજન કરવાનું અમુક અઙ્ગ ખામી ભરેલું છે એવી રીતનો જે દોષ પ્રથમ મૂકવામાં આવ્યો છે તો તે દોષનો પરિહાર પણ પ્રતિબન્ધ વગરનો છે.

શ્રીગોકુલનાથજીમહારાજ પોતાનો અભિપ્રાય જણાવે છે કે જે ભગવદ્ધર્મ 'સ્વધર્મ'થી સમજવાનો છે. તે સ્વધર્મ ક્યો એવી આકાંક્ષા થાય તો તેને માટે કહ્યું છે કે ''અવ્યાવૃત્તોભજેત્ કૃષ્ણમ્''. અવ્યાવૃત્ત થઈને એટલે કે ભગવદ્ ભજનને

અનુકૂળ થવામાં આડાં આવતાં આવરણો રહિત થઈને શ્રીકૃષ્ણ ભગવાન્‌ને ભજે. અહીં ''શ્રીકૃષ્ણભગવાન્‌ને ભજે'' એમ જે કહ્યું છે તેમાં 'શ્રીકૃષ્ણ' શબ્દ ફલવાચક છે. માટે ''આ ભજન મારું ફલરૂપ છે'' એમ જાણીને ભજન કરવું, નહિ કે સાધન બુદ્ધિથી! જો કે અગાડી ''લભતે સુદૃઢાં ભક્તિમ્'' (સુદૃઢ ભક્તિને પામે છે) એ શ્લોકથી અલૌકિક દેહ મળ્યા પછી સાક્ષાત્ શ્રીપુરુષોત્તમના ભજનને જ ફલરૂપપણું ઠરાવવામાં આવ્યું છે. એટલે આધુનિક ભજનનો તો સાધનપણામાં સમાવેશ થાય છે. કારણ કે પુષ્ટિમાર્ગમાં શ્રીપુરુષોત્તમ જ સેવ્ય છે એટલું જ નહિ પણ આધુનિક ભજનમાં અલૌકિક દેહની સમ્પત્તિ નથી તો પણ આધુનિક ભજનનું શ્રીપુરુષોત્તમ ગામી જ છે એટલે કે આધુનિકો દ્વારા થતી સેવા પણ ફળરૂપ જ છે તેમ જણાવવામાટે કહ્યું છે કે આ મારું ભજન ફલરૂપ છે એમ જાણીને ભજન કરવું.

આ સ્થળે એવી શઙ્કા થાય છે કે સેવાને જ સાધનરૂપ તથા ફળરૂપ માનવું એ શી રીતે સમ્ભવે? એ શઙ્કા બરાબર છે પણ આ પુષ્ટિમાર્ગીય ફળ બીજા સાધનોથી મેળવી શકાય એમ નથી. એટલે શ્રીપુરુષોત્તમનું ભજન જ સાક્ષાત્ પુષ્ટિમાર્ગીય ફળને આપનારું છે. જેમકે મહારાજાઓ સોનું અને રત્ન વગેરેને જ ધારણ કરે છે. તેમના વપરાશમાં આવતાં પાત્રો પણ સોના અને રત્નોના હોય છે. તેઓના ખજાનામાં સઙ્ગ્રહ પણ સુવર્ણ અને રત્નાદિક નો જ હોય છે કારણ કે મહારાજા સઘળાં કરતાં અધીક છે અને સોનું પણ સઘળી બીજી ધાતુ કરતાં કિમતી છે. તેમ પુષ્ટિમાર્ગીય ફળ પણ બીજા ફળ કરતાં બહુ જ કીમતી છે. એવું ઉંચું ફળ મેળવવામાટે સાધનો પણ સર્વથા ઊંચા જ હોવા જોઈએ. એટલે હવે સર્વથી કિમતી સાધન શું છે? એવો વિચાર કરવામાં આવે તો બીજા કોઈ પણ સાધનો ભગવત્સેવાથી ઉત્કૃષ્ણપણું ધરાવતાં નથી એટલે સર્વથી ઉત્કૃષ્ટ સાધનરૂપ પણ ભજન છે અને સર્વથી ઉત્કૃષ્ટ ફલરૂપ પણ ભજન જ છે એમ માનવાથી એક જ ભજનને સાધનરૂપ તથા ફલરૂપ કેમ માની શકાય એ શઙ્કાને ઉભી થવાનો વખત રહેતો નથી.

હવે આગળ સેવાનો પ્રકાર કહે છે ''પૂજયા શ્રવણાદિભિઃ''. અહીંયાં 'પૂજા' શબ્દથી તન્ત્રમાં કહેલ પ્રકારવાળી પૂજા વિવક્ષિત નથી. કારણ કે પહેલાં 'કૃષ્ણ' પદથી સદાનન્દ ફલરૂપ શ્રીપુરુષોત્તમ લેવા એમ કહેવામાં આવ્યું છે. અને તન્ત્રમાં કહેલ પૂજાનું તાત્પર્ય શ્રીપુરુષોત્તમની વિભૂતિમાં જાય છે. પણ સાક્ષાત્



શ્રીપુરુષોત્તમના ભજનના પ્રકારમાં પૂજાની પણ ગણના કરવામાં આવી છે. અને તે પૂજા શુદ્ધપુષ્ટિમાર્ગની જ છે એમ સમજવું. તેથી જ શુદ્ધપુષ્ટિમાર્ગને જાણનારાઓએ શ્રીભાગવતના દશમસ્કન્ધના પ્રમેય પ્રકરણના સાતમા અધ્યાયમાં ભગવાન્‌ના ગુણ ગાવામાં હરિણીઓનો પ્રેમ બતાવીને પછી તેણીઓના પ્રેમપૂર્વક જોઈ રહેવાનો જ પૂજાપણામાં સ્વીકાર કર્યો છે. માટે ''પૂજાં દધુઃ વિરચિતા પ્રણયાવલોકૈઃ'' (હરિણીઓ સ્નેહપૂર્વક જોઈને પોતે પૂજા કરે છે એમ જણાવવા લાગી) એમ કહ્યું છે. તેથી ભાવપૂર્વક શ્રીકૃષ્ણનું દર્શન અને સેવા કરવી એજ પૂજાથી ભજન કર્યું કહેવાય છે. આ ભાવ જણાવવા અહીં આ પુષ્ટિમાર્ગીય ભજનના સાધનરૂપ પૂજા છે એમ 'પૂજયા' થી કહ્યું છે.

પુષ્ટિમાર્ગમાં જે ભજન છે તે જ સેવા કહેવાય છે. 'પૂજા' શબ્દમાટે કેટલાક ટીકાકારો એમ વ્યાખ્યાન કરે છે કે જે સેવા સ્નેહરહિત થાય તે 'પૂજા' કહેવાય છે. પરન્તુ એ વ્યાખ્યાન વિચાર પાસે ટકી શકે એમ નથી. કારણ કે પૂજામાર્ગ અને ભક્તિમાર્ગ નો પારસ્પરિક ભેદ જ સ્નેહરહિત સેવાને પૂજામાર્ગ તરીકે સ્વીકારે છે. આચાર્યચરણોએ તો પોતે પ્રકટ કરેલ શુદ્ધપુષ્ટિમાર્ગમાં અઙ્ગીકાર કરેલા સ્વકીય જીવોમાં પોતે પ્રકટ કરેલ શુદ્ધપુષ્ટિમાર્ગની ભક્તિની વૃદ્ધિમાટે ભક્તિવર્ધિનીરૂપ શાસ્ત્ર બનાવ્યું છે. અને તે શાસ્ત્રમાં શુદ્ધ પુષ્ટિમાર્ગમાં અઙ્ગીકાર કરેલા જ જીવો અધિકારી છે તે સિવાય બીજા અધિકારી નથી. એટલે એવા અનઅધિકારી લોકો પણ શ્રીઆચાર્યજીની કૃપાથી શુદ્ધપુષ્ટિમાર્ગીય થઈ શકે છે તો અનધિકારી લોકો પણ પુષ્ટિમાર્ગમાં દાખલ થઈને જે સેવા કરે છે તે સેવા ભલે સ્નેહસહિત હોય અથવા તો સ્નેહરહિત હોય તો પણ તેનું તાત્પર્ય શ્રીપુરુષોત્તમમાં જતું હોવાથી ભક્તિમાર્ગીય જ ગણાય છે, તે સેવા પૂજામાર્ગીય ગણાય નહિ. વળી વસ્ત્રો, અલઙ્કારો વગેરે ધરાવવારૂપ જે પ્રકારો પૂજામાર્ગમાં પણ દેખાય છે તે પ્રકારો જો કે પુષ્ટિમાર્ગની સેવાના ધોરણને જ અનુસરનારા છે તો પણ ભક્તિમાર્ગના ધોરણ સિવાયના પૂજામાર્ગના ધોરણોનું તાત્પર્ય શ્રીપુરુષોત્તમની વિભૂતિમાં જ જાય છે. એટલે ભક્તિમાર્ગના ધોરણો સિવાયના પૂજામાર્ગના ધોરણો પણ ભક્તિમાર્ગના ધોરણની નકલ કરી સાદૃશ્ય ધરાવતાં હોય તો માત્ર તેટલાથી તેઓ ભક્તિમાર્ગના ધોરણમાં આવી શક્તાં નથી. કારણ કે ભક્તિમાર્ગ અને પૂજામાર્ગ નો ભેદ જ પોત-પોતાના ધોરણોની ભિન્નતા સ્વીકારે છે. વળી જે-જે માર્ગનો હોય તે-તે માર્ગમાં રહીને પોતે ભગવદ્ધર્માદિક કરે તો તે તન્માર્ગીય જ ગણાય છે. જેમકે

''પ્રમાદાત્ કુર્વતાં કર્મ'' (પ્રમાદથી કર્મ કરતા લોકોને યજ્ઞ, તપ અને જપ વગેરેમાં જે ખામી આવે છે તે વિષ્ણુસ્મરણથી પુરી પડે છે) એ સ્થળે કર્મની સાઙ્ગતા જાળવવામાટે કરવામાં આવતું વિષ્ણુસ્મરણ કર્મમાર્ગનું જ ગણાય છે. અને ''યસ્ય સ્મૃત્યા ચ નામોક્ત્યા'' (યજ્ઞ વગેરેમાં જે ભૂલચૂક થાય તે વિષ્ણુસ્મરણથી અથવા તો તેમના નામોચ્ચારણથી બધું સરખું થઈ જાય છે) વગેરે શ્લોકથી વિષ્ણુસ્મરણ વગેરે પણ કર્મમાર્ગીય જ છે. નવધા ભક્તિના સાદશ્ય માત્રથી ભક્તિમાર્ગના ગણાય નહિ. તે જ પ્રમાણે પોત-પોતાના માર્ગોમાં રહીને કરવામાં આવતું ભગવદ્ધર્માદિક પણ તે-તે માર્ગનું જ ગણાય છે...

એ પ્રમાણે સેવામાં ઉપયોગી પૂજા કહીને તેમાં ઉપયોગી શ્રવણ વગેરે પણ કહે છે 'શ્રવણાદિભિઃ' (શ્રવણાદિકથી). સેવા કર્યા પછી બચતા વખતમાં બીજો વ્યાસઙ્ગથી બચવામાટે શ્રવણ વગેરે કરવાનું કહ્યું છે. 'શ્રવણાદિભિઃ' માંના 'આદિ' શબ્દથી કીર્તન-સ્મરણ અને ચિન્તન પણ સમજવાં. એ પ્રમાણે આવરણરહિત ભજનનો પ્રકાર કહીને કોઈ વખતે ભગવાન્ની સેવા કરવા જતાં પ્રતિબન્ધો ઉભાં થાય તો પણ સઘળાં દુઃખને હરનાર ભગવાન્માં ચિત્ત લગાવીને જ પ્રતિબન્ધોને દૂર કરવાં એમ હવે કહે છે.

શ્રીપુરુષોત્તમજી આગળના શ્લોકની ઉત્થાનિકા બાંધતા લખે છે કે એ પ્રમાણે ''અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણમ્'' એ શ્લોકથી સેવાનો એક પ્રકાર કહેવામાં આવ્યો, હવે પછી પોતે સ્ત્રીરહિત હોવાથી અથવા તો બીજા કોઈ કારણે (એટલે સેવા કરવાની મદદ લેવામાં ઉપયોગી સ્ત્રી વગેરે સાહિત્યોના અભાવને લીધે) ઉપર બતાવવામાં આવેલ સેવા કરવામાં અશક્ત નીવડે તો ત્યાં સેવા કરવાનો બીજો પ્રકાર કહે છે કે

*વ્યાવૃત્તોઽપિ હરૌ ચિત્તં શ્રવણાદૌ યતેત્ સદા।*
*તતઃ પ્રેમ તથાસક્તિઃ વ્યસનં ચ યદા ભવેત્॥૩॥*
*બીજં તદ્ ઉચ્યતે શાસ્ત્રે દઢં યન્ નાપિ નશ્યતિ॥*

અર્થ : પ્રતિબન્ધવાળો હોય તો પણ શ્રીહરિમાં ચિત્ત લગાવીને હમેશાં શ્રવણ વગેરેમાં



યત્ન કરે. પછી જ્યારે પ્રભુમાં પ્રેમ થાય, આસક્તિ થાય અને વ્યસન થાય તેને ભક્તિશાસ્ત્રમાં દઢ બીજ કહેવાય છે કે જે કોઈ પણ પ્રકારે નાશ પામતું નથી.

વિવેચન : શ્રીગોકુલનાથજી પોતાનો અભિપ્રાય જણાવે છે કે પ્રતિબન્ધોને દૂર કર્યા પછી બચતા સમયમાં આગળની માફક શ્રવણ વગેરે માટે યત્ન કરવો. એ પ્રમાણે ભક્તિમાર્ગની ભક્તિની વૃદ્ધિનાં સાધનો કહીને હવે ભક્તિની વૃદ્ધિનો પ્રકાર કહે છે ''તતઃ પ્રેમ...''. પહેલાં પ્રેમ એટલે સ્નેહનો અઙ્કુર ઉત્પન્ન થાય છે. તે પછી પ્રેમની પ્રૌઢ અવસ્થા આવ્યા પછી પ્રભુમાં આસક્તિ થાય છે અને ચિત્ત ભગવત્સ્વરૂપમાં લાગીને તેમાંજ પરાયણ થાય છે. ચિત્ત આવી પ્રૌઢ અવસ્થામાં આવ્યા પછી વ્યસન થાય છે. 'વ્યસન'નો અર્થ ભગવાન્ સિવાય ક્યાંય રહી શકાય નહિ એમ સમજવો. જેમકે શ્રીભાગવતના દશમસ્કન્ધમાં કહ્યું છે કે

*''ગોપીનાં પરમાનન્દ આસીદ્ ગોવિન્દ દર્શને।*
*ક્ષણં યુગશતમિવ યાસાં યેન વિનાઽભવત્''*

અર્થ : શ્રીગોપીજનોને ભગવાન્ના દર્શનમાં અતિ આનન્દ થવા લાગ્યો કે જેઓને શ્રીભગવાન્ વગર એક ક્ષણ પણ સેંકડો યુગ જેવી જણાવા લાગી.

એવું વ્યસન જ્યારે થાય છે ત્યારે બીજભાવ દઢ થાય છે. એ પ્રમાણે વ્યસન સુધી બીજની દઢતાનો પ્રકાર કહીને હવે આગળ બીજનું દઢપણું નિરૂપણ કરે છે ''બીજમ્ તત્...''. પહેલાં કહેવામાં આવેલું તે બીજ વ્યસન થયા પછી દઢ થાય છે એમ ભક્તિશાસ્ત્રમાં કહેવાય છે.

હવે બીજની દઢતાનું લક્ષણ કહે છે કે ''યન્ નાઽપિ નશ્યતિ''. જે દઢ બીજ કોઈ પણ નાશ કરનારાં લૌકિક દુઃસઙ્ગ વગેરે અને અલૌકિક કાલ વગેરેથી પણ નાશ પામતું નથી.

શ્રીપુરુષોત્તમજી અભિપ્રાય જણાવે છે કે સ્ત્રીનો નાશ થયે ગૃહસ્થાશ્રમનો ભઙ્ગ થવાથી પ્રતિબન્ધવાળો હોઈને સ્ત્રીની ખામીને લીધે સેવા કરવાથી અટકે અને પોતાની અશક્તિથી વર્ણાશ્રમના ધર્મને પાળી ન શકે તો પણ પાપને નાશ કરનારા પ્રભુમાં ચિત્ત લગાવીને શ્રવણાદિમાટે યત્ન કરવો.

આ શ્લોકમાં 'સદા' એમ કહ્યું છે તેનો અર્થ નિરન્તર અથવા તો વારંવાર સમજવો.

એટલે હવે મધ્યમ અને કનિષ્ઠ અધિકારીમાં જે સેવકર્તાને સાધન અને પરિજનોનો સહયોગ છે તેને તો ભગવાન્‌ની સેવા અને શ્રવણાદિક એ ભક્તિના બીજને દઢ કરવાના સાધન છે. અને જેને સેવાના સાધન અને પરિજનોનો સહયોગ નથી તેને તો ભગવાન્‌ના ચિન્તનપૂર્વક શ્રવણાદિક કરવા એ જ ભક્તિનાં બીજને દઢ કરનું સાધન છે. આ તાત્પર્ય મનમાં રાખીને 'નિરોધલક્ષણ' નામના ગ્રન્થમાં વિસ્તારથી જણાવવામાં આવ્યું છે.

*સંસારાવેશદુષ્ટાનામ્ ઈન્દ્રિયાણાં હિતાય વૈ।*
*કૃષ્ણસ્ય સર્વવસ્તૂનિ ભૂમ્નઃ ઈશસ્ય યોજયેત્।।૧૨।।*
*ગુણેષ્વાવિષ્ટચિત્તાનાં સર્વદા મુરવૈરિણઃ।*
*સંસારવિરહ-ક્લેશો ન સ્યાતાં હરિવત્ સુખમ્।।૧૩।।*
*તદા ભવેત્ દયાલુત્વમ્ અન્યથા ક્રૂરતા મતા।*
*બાધશઙ્કાઽપિ નાસ્ત્યત્ર તદધ્યાસોઽપિ સિધ્યતિ।।૧૪।।*
*ભગવદ્ધર્મસામર્થ્યાદ્ વિરાગો વિષયે સ્થિરઃ।*
*ગુણૈર્ હરેઃ સુખસ્પર્શાત્ ન દુઃખં ભાતિ કર્હિચિત્।।૧૫।।*

અર્થ : સંસારના આવેશથી દુષ્ટ થયેલી ઈન્દ્રિયોના હિતને માટે સકલ ઈન્દ્રિયો સહિત આ લોક તથા પરલોક ની વસ્તુનો સુખરૂપ અને સર્વનિયન્તા શ્રીકૃષ્ણભગવાન્ સાથે સમ્બન્ધ કરાવીને તેને શ્રીભાગવાન્‌માં લગાવવાં (૧૨).

હમેશાં ભગવાન્‌ના ગુણ ગાવામાં ચિત્ત લગાવનારાઓને સંસાર અને વિરહ નો ક્લેશ થતો નથી, ભગવાન્‌ની માફક સુખ થાય છે. એટલે ખુબ જ આસક્તિથી જો ભગવાન્‌ના ગુણોનું ગાન કરે તો તેમાં ચિત્ત લાગી જાય છે(૧૩).

જ્યારે ગુણગાન સિદ્ધ થાય ત્યારે પ્રભુની દયા થાય. એમ જો ન હોય તો તેમની ક્રૂરતા કહેવાય. એમાં કાંઈ બાધની શઙ્કા નથી. એ પ્રમાણે અત્યન્ત વિરહથી ઉત્પન્ન થયેલા તાપરૂપ આસક્તિથી સઘળી ઈન્દ્રિયોના પ્રપઞ્ચના અધ્યાસથી રહિત થાય છે(૧૪).

ભગવાન્‌ના ધર્મના બળથી વિષયોમાં દઢ વૈરાગ્ય થાય છે. અને પ્રભુના ગુણગાનરૂપ સુખસ્પર્શ થતાં દુઃખનું ભાન રહેતું નથી(૧૫).



અહીં શ્રીગોકુલનાથજી હવે પછીના શ્લોકની ઉત્થાનિકામાં જણાવે છે કે લૌકિકમાં પ્રીતિ વગેરેનો જેવી રીતે નાશ થાય છે તેનો પ્રકાર કહે છે. ભગવાન્‌માં સ્નેહાદિકની ઉત્પત્તિ થવામાં ત્રણ પ્રતિબન્ધો છેઃ ૧.ભગવાન્ સિવાયના પદાર્થોમાં સ્નેહ, ૨.ગૃહમાં આસક્તિ અને ૩.ભગવાન્ સિવાય પણ સમય વીતાવી શકવો. આ ત્રણનો ક્રમે કરીને નાશ થાય તેવો ઉપાય શ્રીઆચાર્યજી બતાવે છે.

**સ્નેહાદ્ રાગવિનાશઃ સ્યાદ્ આસક્ત્યા સ્યાદ્ ગૃહારુચિઃ।।૪।।**
**ગૃહસ્થાનાં બાધકત્વમ્ અનાત્મત્વં ચ ભાસતે।।**
**યદા સ્યાદ્ વ્યસનં કૃષ્ણે કૃતાર્થઃ સ્યાત્ તદૈવ હિ।।૫।।**

**અર્થ :** પ્રભુમાં સ્નેહ થતાં ઘરમાં પ્રીતિનો નાશ થાય છે અને આસક્તિ થતાં ઘરમાં અરૂચી તેમજ ઘરમાં રહેલાઓ પોતાના જેવા પ્રભુમાં ભાવવાળા ન હોય તો તેઓ મારા ભાવના બાધક છે અને ભગવત્સમ્બન્ધી નથી એમ ભાસે છે. અને જ્યારે ભગવાન્‌માં વ્યસન(બન્ધાણ) થાય ત્યારે જ કૃતાર્થ થઈ જાય છે.

**વિવેચન :** શ્રીગોકુલનાથજી જણાવે છે કે પહેલાં તો ગમે તેવી રીતે સ્નેહનાં અઙ્કુર થોડા ઉત્પન્ન થયાં હોય તો પણ ભગવાન્ સિવાય બીજામાં રાગ થતો નથી. અને તે પછી જ્યારે આસક્તિ થાય છે એટલે પ્રૌઢ ભાવ થાય છે ત્યારે ઘરમાં રહેલી આસક્તિનો નાશ થાય છે. ભગવાન્‌માંની આસક્તિથી ઘરમાંની આસક્તિ ચાલી જાય છે. ભગવાન્‌માં આસક્તિ થયા પછી ઘરમાં અરુચીનાં બે કારણો છે એમ કહે છે. ''ગૃહસ્થાનામ્ ઈતિ''. ઘરમાં રહેનારા સ્ત્રી અને પુત્ર વગેરે 'ગૃહસ્થ' કહેવાય છે. તેઓને પ્રભુમાં પોતાના જેવો ભાવ નહિ હોવાથી તેઓની સાથેનો સમ્બન્ધ પોતાના ભગવદ્ભાવનો નાશ કરનાર છે એમ સ્ફુરણ થવાથી તેઓમાં અરુચિ થાય છે. માટે કહ્યું છે કે ''બાધકત્વમ્ ભાસતે''.

શઙ્કા : જો કે સ્ત્રી-પુત્ર વગેરે પોતાના ભાવના બાધક છે એમ કહેવામાં આવ્યું છે તો પણ *''નવા અરે પુત્રાણાં કામાય પુત્રાઃ પ્રિયા ભવન્તિ કિન્તુ આત્મનઃ કામાય પુત્રાઃ પ્રિયા ભવન્તિ''* (અરે પુત્રોપર જે પ્યાર છે તે પ્યાર પુત્ર નિમિત્તે નથી પણ પુત્રોમાં ભગવાન્ હોવાને લીધે પુત્રો પ્યારા લાગે છે) વગેરે શ્રુતિથી પુત્રાદિકમાં પોતાનો ભગવદીયપણાથી સમ્બન્ધ રહ્યો છે માટે તેઓમાં પ્રિયપણાનું પણ ભાન

થાય છે. માટે સર્વાંશે તેઓ આપણને બાધક નહિ થાય દ્રએ શઙ્કા દૂર કરવામાટે ભગવાન્‌માં આસક્ત ભક્તને પુત્રાદિક ''મારા છે'' એવી સ્ફુરણા નહિ હોવાથી તેઓમાં પ્રિયપણું ન થાય તે પ્રકાર કહે છે ''અનાત્મત્વં ચ ભાસતે''.

પોતાને ભગવાન્‌માં આસક્તિ હોવાથી અને ભગવાન્ જ ઉપાધિ રહિત પરમ સ્નેહાસ્પદ હોઈને તેમનામાં જ તેને પોતાપણું લાગે છે, તેવું પોતાપણું પોતાનામાં પણ લાગતું નથી. માટે જે લોકો ભગવદીય હોય તેઓમાં જ તેને પોતાનો સમ્બન્ધ જણાય છે, દેહસમ્બન્ધીમાં પોતાપણાનો ભાસ થતો નથી. જો તેઓ ભગવદીય હોય તો તેમાં આત્મસમ્બન્ધીપણું લાગે છે નહિંતો તો બાધકપણું જ ભાસે છે.

આમ ઘરમાં અરુચિ થવાના બે કારણો કહીને તેના સ્નેહની વૃદ્ધિ પામવાની છેલ્લી દશા કહે છે કે જે સમયે શ્રીકૃષ્ણમાં વ્યસન થાય છે એટલે તેમના દર્શન-સ્પર્શ-સેવાદિ વગર તથા તેમના સમ્બન્ધ વગર રહી શકાય નહીં એવું વ્યસન થાય છે ત્યારેજ ભક્ત કૃતાર્થ થાય છે. અર્થાત્ ભક્તિમાર્ગમાં ઈચ્છિત એવા સાક્ષાત્ ભગવાન્‌ની સાથે સમ્બન્ધ થવારૂપ ફલને સમ્પાદિત કરે છે. એ ભાવ ભગવાન્ જ તેને આપે છે. એવા ભાવવાળાને પોતાના સમ્બન્ધરૂપ ફલ ભગવાન્ આપે એ યુક્ત જ છે આ જાણવામાટે મૂલમાં 'હિ' શબ્દ મૂક્યો છે.

આ સ્થલે શ્રીપુરુષોત્તમજી એવો અભિપ્રાય જણાવે છે કે ભક્તિ સ્નેહનું સ્વરૂપ છે તે પ્રથમથી દર્શાવી ગયા છીએ. પ્રભુમાં સ્નેહરૂપ ભક્તિ પ્રભુના અનુગ્રહથી થાય છે. તે કોઈનામાં વગર કારણે જ સહસા ભગવાન્‌માં સ્નેહ બન્ધાઈ જાય છે અને કોઈનામાં તો શ્રવણાદિ સાધનદ્વારા કારણ વગર ભગવાન્‌માં સ્નેહ પ્રકટ થાય છે.

તેમાં કંઈ કાર્ય કરવા માટે પ્રતિબન્ધ કરીને તેની નિવૃત્તિ પણ ભગવાન્ જ કરે છે. તેમાં પણ લૌકિકપણું અને વૈદિકપણું લોકસઙ્ગ્રહમાટે તેનામાં જોવામાં આવે છે અને વૈષ્ણવપણું સહજ જોવામાં આવે છે. તેથી 'પુષ્ટિપ્રવાહમર્યાદા' ગ્રન્થમાં પુષ્ટિજીવનું લક્ષણ કહેલું છે તે તેનામાં સિદ્ધ રહે છે. તે પરથી એમ સમજવાનું છે



કે જેનામાં સાધનદ્વારા ભક્તિ પ્રકટ થયેલી જોવામાં આવે છે તે પ્રકટ ભાવરૂપ નથી પણ મનમાં ભાવરૂપે રહે છે. તેથી પૂજાદિક સાધનોનું અનુષ્ઠાન કરવામાં આવે ત્યારે પ્રેમાસક્તિ-વ્યસનના ક્રમથી પ્રકટ થાય છે. તેના ભાવની સાત અવસ્થા ભાવને જાણનારાઓએ કહેલી છેઃ

| | | |
|---|---|---|
| ૧.ભાવ | ૨.પ્રેમ | ૩.પ્રણય |
| ૪.સ્નેહ | ૫.રાગ | ૬.અનુરાગ અને |
| ૭.વ્યસન | | |

કહેવાય છે. તેમાં પ્રથમ બીજની અભિવ્યક્તિનો પ્રકાર કહીને તે પછી ''તતઃ પ્રેમ'' એમ કહીને પ્રેમ થવાનું કહ્યું છે. તે પરથી પ્રથમ ભાવ થઈ પછી પ્રેમ, પ્રણય અને સ્નેહ એ ત્રણ અવસ્થા ક્રમે કરીને જ્યારે થાય છે ત્યારે ભગવદ્ - શ્રવણાદિક સિવાય બીજામાં પ્રીતિ હોય તેનો નાશ થાય છે એમ સૂચન કર્યું છે. તે પરથી એમ સમજાવાનું છે કે ભગવાન્‌ના ગુણગાન શ્રવણાદિક સિવાય બીજામાંથી પ્રીતિ નિવૃત્ત થાય છે ત્યારે ભાવ, પ્રેમ, પ્રણય અને સ્નેહ એ ચાર અવસ્થા તેમને સિદ્ધ થઈ એમ સમજવું. અને જ્યારે આસક્તિ થાય ત્યારે રાગ અને અનુરાગ એ બે અવસ્થા સિદ્ધ થઈ એમ સમજવું. પ્રભુમાં જ્યારે આવી આસક્તિ થાય ત્યારે ગૃહાદિકમાં આકાઙ્ક્ષા રહેતી નથી. ગૃહાદિક ઉપેક્ષા કરવા જેવું થાય છે. તે આસક્તિનું સ્વરૂપ બતાવે છે કે ઘરમાં રહેલા સ્ત્રી-પુત્રાદિક ચેતન અને વસ્ત્રાભરણાદિક અચેતન એ સર્વનું ભગવાન્‌માં સમર્પણ કરેલું હોવાથી આ ભગવાન્‌ના છે એમ અનુસન્ધાન રહે છે. તો પણ કોઈ અંશથી પોતાના છે એવું પણ અનુસન્ધાન રહેવાથી જેટલા અંશમાં પોતાપણાનું અભિમાન રહે છે તેટલા અંશમાં શ્રવણાદિક સાધનોમાં તે બાધક છે એમ પોતાને ભાસે છે. કેમકે સ્વભાવભેદથી જુદા-જુદા કર્મમાં પ્રવૃત્તિ થવાનો સમ્ભવ રહે છે. તેને લીધે પોતે સર્વ ભગવાન્‌ને અર્પણ કરેલ છે છતાં કોઈ સમય તેનો ભગવાન્ સિવાય બીજામાં વિનિયોગ થાય ત્યારે તેની ચિન્તા નહિ કરવાનું 'નવરત્ન' ગ્રન્થમાં કહ્યું છે તો પણ તેનામાં પોતાપણાનું અભિમાન સર્વાંશે નિવૃત્ત થયેલું નહિ હોવાથી પરવશપણાથી તેની ચિન્તા થવાનો સમ્ભવ રહે છે. તેથી જે સમયમાં તેવી ચિન્તા થાય તે સમયમાં શ્રવણાદિકમાં ચિત્ત રહે નહિ તેથી તેને બાધકપણું રહે છે. પ્રભુ સિવાય બીજામાં વિનિયોગ થનાર સ્થૂલ શરીર અને લિઙ્ગ શરીર ના જે ધર્મો છે તેનો વિનિયોગ બીજે થયો ત્યારે જીવની અનુસ્મૃતિ પણ તેની પાછળ ચાલી જાય છે. તેથી તેમાં આત્મધર્મ ગૌણપણાથી રહે છે. એટલે મૂર્ખ જેમ

પથ્થર જેવો જડ કહેવાય છે તેમ ભગવાન્‌માં જેનો વિનિયોગ થતો નથી તેવા ચેતન તથા અચેતન માં અનાત્મપણું ભાસે છે. એવી રીતે બાધક અને અનાત્મપણા નું ભાન છે તે આસક્તિની દઢતાને સમ્પાદન કરે છે.

એવી રીતે પ્રેમ અને આસક્તિ થયા પછી પ્રભુસમ્બન્ધિ ગુણગાન સિવાય રહી શકે નહિ એવી દશા થાય તે વ્યસનનું સ્વરૂપ છે. તેમાં પણ ભગવાન્‌ના ગુણ અને લીલાદિક ની પ્રધાનતા મટી જઈને શ્રીકૃષ્ણના સ્વરૂપમાટે જ જ્યારે વ્યસન થાય ત્યારે તે કૃતાર્થ થાય છે. 'કૃતાર્થ' શબ્દનો અર્થ એવો થાય છે કે ઘણાં સાધનોથી જે પદાર્થ સિદ્ધ થાય છે તે પદાર્થ તેણે સિદ્ધ કર્યો છે. એટલે ગુણ અને લીલાદિક ની પ્રધાનતાને છોડી દઈને કેવલ પ્રભુના સ્વરૂપમાં જ વ્યસન(બન્ધાણ) થાય છે તે વ્યસનનો ઉત્કર્ષ બતાવનાર લક્ષણ છે. તેવું વ્યસન કૃપા કરીને પ્રભુ સ્વયં દાન કરે છે ત્યારે પ્રાપ્ત થાય છે તે સર્વાત્મભાવનું સ્વરૂપ છે. તેનું વિવેચન વ્યાસસૂત્રના તૃતીયાધ્યાયના તૃતીયપાદના 'પ્રદાનવત્' એ સૂત્રના ભાષ્યમાં કહેલું છે. તે પરથી દૈન્યપૂર્વક શરણ ભાવનાથી ભગવત્સ્વરૂપમાં જ લાગી જવાપણું રહે એ વ્યસનના ઉત્કર્ષનું લક્ષણ છે(૪-૫).

શ્રીગોકુલનાથજી હવે આવનાર શ્લોકની ઉત્થાનિકામાં જણાવે છે કે એ પ્રમાણે વ્યસનવાળા ભક્તની યોગ્યતા, તેનો ભાવ અને તેના ફળ નું નિરૂપણ કરીને હવે આગળ તેવા વ્યસનીની શી વ્યવસ્થા થાય છે તે કહે છેઃ

**તાદશસ્યાપિ સતતં ગૃહસ્થાનં વિનાશકમ્।।**
**ત્યાગં કૃત્વા યતેદ્ યસ્તુ તદર્થાર્થૈકમાનસઃ।।૬।।**
**લભતે સુદઢાં ભક્તિં સર્વતોઽપ્યધિકાં પરામ્।।**

**અર્થ :** તેવાને પણ ઘરની સ્થિતિ હંમેશાં ભાવની બાધક છે. જે ઘરનો ત્યાગ કરીને તે ભગવાન્‌માટે જ પ્રયોજનવાળું છે કેવલ મન જેનું એવો થઈને યત્ન કરે તો સુદઢ અને સહુથી અધિક પરાભક્તિને પામે છે.

**વિવેચનઃ** તેવા ભાવવાળાને પણ હમેશાં ઘરમાં રહેવું એ સત્સઙ્ગના અભાવને લીધે



તેના ભાવનો નાશ કરનાર સાબિત થઈ શકે છે. જે જેનો વિઘાતક હોય તે તેની પાસે ઉભવાને શક્તિમાન્ નથી. માટે જ ફલપ્રકરણમાં ''પર્દામ્બુજાક્ષ...'' એ શ્લોકમાં ગોપીજનોએ કહ્યું છે કે ''જ્યારથી આપના ચરણતલનો સ્પર્શ કરવા લાગ્યાં ત્યારથી જ અમો બીજાની પાસે ઉભવાને શક્તિ ધરાવતાં નથી''. આજ બાબત શ્રીમહાપ્રભુજીએ સ્ફુટ કરી છે કે જેમ દેહાભિમાની પોતાના દેહનો નાશ કરનાર વાઘ હોવાથી તેની પાસે ઉભવાને શક્તિમાન્ નથી તે જ પ્રમાણે પોતાના ભાવનો બાધ કરનારની પાસે તેવા ભાવવાળો ઉભો રહી શકતો નથી. માટે કહ્યું છે કે ''તાદશસ્યાપિ...''. પહેલાં કહેવામાં આવેલ ભાવવાળાને ઘરમાં રહેવાનું પોતાના ભાવનું નાશ કરનાર હોવાથી તેમાં રહેવું અશક્ય છે એમ માની તે ઘરનો ત્યાગ જ કરે છે. ઘરનો ત્યાગ કર્યા પછી યત્ન જ કરવો પણ બીજા કોઈ પણ રીતે વખત ગુમાવવો નહિ. તેવા ભક્તને જીવન શી રીતે પસાર કરવું તે કહે છે કે ભગવાન્‌માટે જ પોતાના મનને રાખનારો થઈને ભક્તિની વૃદ્ધિમાટે યત્ન કરવો જોઈએ. ભગવાન્‌માટે જ પોતાના મનને રાખનારો થઈને તે અત્યન્ત દઢ ભક્તિને પામે છે.

પહેલાં તે ભક્તની છેવટના વ્યસન સુધીની તથા કોઈથી પણ નાશ કરી ન શકાય એવી ભક્તિને કહીને ફરીથી જે ''તદર્થાર્થૈકમાનસઃ'' (ભગવાન્‌માટે જ પોતાના મનને રાખનારો થઈને) એમ જે કહ્યું છે છતાં પણ ''લભતે સુદઢાં ભક્તિમ્'' એમ જે કહેવામાં આવ્યું છે તેનો એવો અભિપ્રાય છે કે તેનાથી પણ સુદઢ એટલે અત્યન્ત દઢ, સર્વથી પણ અધિક, સર્વાત્મભાવરૂપ ભક્તિ, જે સાક્ષાત્ સ્વરૂપાનુભવરૂપ ફલને આપનારી છે, તે ભક્તિને મેળવે છે. એટલે તેવા ભાવવાળો જે ભક્ત છે તેને પ્રથમ કહેલ અતિવિઘાઢભાવે કરીને વિદ્યમાન દેહના ગયા પછી લીલોપયોગી એવા અલૌકિક દેહને પામીને સાક્ષાત્સ્વરૂપ સમ્બન્ધી ફલને મેળવે છે. તે ફલરૂપ ભક્તિનું સ્વરૂપ કહે છે કે સાલોક્યાદિ ચાર પ્રકારની મુક્તિની અપેક્ષાએ પણ તે ભક્તિ ઉત્તમ છે. તે પરાભક્તિ કહેવાય છે. એટલે અગણિતાનન્દરૂપ શ્રીપુરુષોત્તમમાં જ તે ભક્તિનું પર્યવસાન છે.

અહીં શ્રીપુરુષોત્તમજી એવો અભિપ્રાય જણાવે છે કે બધું છોડીને ભગવત્સ્વરૂપમાં જ પરાયણ એવો ભક્ત છે તેને નિરન્તર ઘરમાં રહેવું એ તેવી ભગવત્પરાયણતાનો નાશ કરનાર છે. તે વિષે શ્રીભાગવતના એકાદશસ્કન્ધમાં શ્રીકૃષ્ણ

ભગવાને ઉદ્ધવજીને ભક્તિનું માહાત્મ્ય કહ્યું છે કે

*''બાધ્યમાનોऽપિ મદ્ભક્તો વિષયૈર્ અજિતેન્દ્રિયઃ,*
*પ્રાયઃ પ્રગલ્ભયા ભક્ત્યા વિષયૈર્ નાભિભૂયતે''*

અર્થ : મારો ભક્ત અજીતેન્દ્રિય હોય, તેથી વિષયોવડે બાધ કરાતો હોય તો પણ ભક્તિ વધારે હોવાથી ઘણું કરીને વિષયોવડે પરાભવ પામતો નથી.

ઈત્યાદિક શ્લોકોથી ભક્તિનું માહાત્મ્ય કહીને બે શ્લોકોથી કહ્યું છે કે

*''સ્ત્રીણાં સ્ત્રીસઙ્ગિનાં સઙ્ગં ત્યક્ત્વા દૂરત આત્મવાન્,*
*ક્ષેમે વિવિક્ત આસીનશ્ચિન્તયેન્ મામ્ અતન્દ્રિતઃ,*
*ન તથાऽસ્ય ભવેત્ ક્લેશો બન્ધશ્ચાન્યપ્રસઙ્ગતઃ,*
*યોષિત્ સઙ્ગાત્ યથા પુંસો યથા તત્સઙ્ગિસઙ્ગતઃ''*

અર્થ : સ્ત્રીઓનો તથા સ્ત્રીનો સઙ્ગ કરનારાઓના સઙ્ગને દૂરથી છોડીને ધૈર્યવાળો થઈને, ઉપદ્રવરહિત એકાન્ત સ્થળે બેશી, આલયસ્યરહિત થઈને મારું ચિન્તન કરે. (તેમ કરવાનું કારણ બતાવે છે કે) જેવો ક્લેશ અને બન્ધ સ્ત્રીઓના સઙ્ગથી અથવા તો સ્ત્રીઓના સઙ્ગીના સઙ્ગથી થાય છે. તેવો ક્લેશ અને બન્ધ બીજા પ્રસઙ્ગોથી થતો નથી એમ કહ્યું છે.

ત્યાં સ્ત્રી વગેરેના સઙ્ગનો પરિત્યાગ કરીને ઉપદ્રવરહિત એકાન્ત સ્થલમાં બેશી રહીને પોતાનું ચિન્તન કરવાનું કહ્યું છે તેથી સ્ત્રીનો સઙ્ગ તથા સ્ત્રીઓનો સઙ્ગ કરનારાઓને સઙ્ગ ક્લેશ તથા બન્ધ થવાનું કારણ છે એમ કહ્યું છે. તેથી તેવા ભગવત્પરાયણ ભક્તે નિરન્તર ગૃહસ્થિતિ ત્યાગ કરવા યોગ્ય જ છે. તે એવી રીતે કે ઘરમાં રહેતો હોય ત્યારે વચમાં-વચમાં ઘરમાંથી નીકળીને જ્યાં ભગવાન્નું સાન્નિધ્ય હોય (એટલે ભક્તિનો પ્રચાર જ્યાં વિશેષ ચાલતો હોય) ત્યાં જઈને ભગવાન્ના દર્શન તથા સેવા વગેરે કરીને ગૃહસ્થિતિને શિથિલ કરે. એટલે ઘરમાં મન લાગેલું હોય તેને ક્રમે કરીને ઓછું કરે ત્યારે ગૃહસ્થિતિનો ત્યાગ થાય.

એવી રીતે ભક્તિનું બીજ દૃઢ થયું હોય તે નભી શકે તેવો પ્રકાર કહ્યો.

હવે પછી ત્યાગ અને શ્રવણ-કીર્તનથી ભક્તિની વૃદ્ધિનો પ્રકાર પ્રથમથી



કહ્યો છે તેનું પ્રતિપાદન કરે છે. ત્યાગ કરીને ભગવાન્ જ એક પ્રયોજન છે એવું મન રાખીને ભક્તિની વૃદ્ધિ થવામાટે જે યત્ન કરે છે તે સુદૃઢ અને સર્વથી અધિક એવી પરાભક્તિને મેળવે છે. આનો અભિપ્રાય એવો છે કે 'સન્ન્યાસનિર્ણય' ગ્રન્થમાં ''ભગવાન્ના વિરહના અનુભવ સારું કરાતો પરિત્યાગ વખણાયો છે'' ઈત્યાદિક શ્લોકથી આરમ્ભદશામાં જે પ્રકારનો ત્યાગ કહ્યો છે તે પ્રકારનો ત્યાગ કહીને જેવો પોતાનો અધિકાર હોય તે પ્રમાણે શ્રવણ અને કીર્તન વડે ભક્તિની વૃદ્ધિ થવાનો યત્ન કરે. તે પણ કેવલ ભક્તિની વૃદ્ધિ થવાનું જ તાત્પર્ય મનમાં રાખે નહિ પણ શ્રીકૃષ્ણ છે પ્રયોજન જેનું એટલે પ્રભુનું સ્વરૂપ માત્ર જ જેનું ફલ છે એવી ગુણાતીત ભક્તિના ફલરૂપ તે ભગવાન્ તેમાં જ છે કેવલ મન જેવું એવો થઈને ભક્તિની વૃદ્ધિ થવામાટે યત્ન કરે. એટલે ભગવાન્ને સિદ્ધ કરી આપે એવી ભક્તિમાટે યત્ન ન કરે પણ ભગવાન્ના સ્વરૂપના દર્શનની આર્તિ મનમાં રાખીને જ યત્ન કરે તો તેને કોઈ પણ પ્રતિબન્ધ કરી શકે નહિ, એવી સમગ્ર ભક્તિ કરતાં અધિક અને 'નિરોધલક્ષણ' ગ્રન્થમાં કહેલ એવી અત્યન્ત વૃદ્ધિ પામેલી એવી પરાભક્તિને મેળવે છે. આમ કહેવાનો અભિપ્રાય એવો છે કે ભગવાન્નાં દર્શન કરવાની ઈચ્છા સિવાય બીજી કાંઈ પણ અપેક્ષા ન હોય તેને પરાભક્તિ પ્રાપ્ત થાય છે.

હવે આગળના શ્લોકની ઉત્થાનિકા કરતાં શ્રીગોકુલનાથજી જણાવે છે કે ભક્તિમાર્ગમાં અનુકરણ કરનાર કોઈ પણ ભક્ત ક્યારેક આગળ કહેલ ત્યાગનું સ્વરૂપ જાણ્યા વગર ''હું પણ ગૃહાદિકનો ત્યાગ કરીને ભક્તિની વૃદ્ધિને સિદ્ધ કરીશ'' એવો વિચાર કરીને જો ગૃહાદિક છોડવાની ઈચ્છા કરે છે તો તેનો નિષેધ કરે છે.

**ત્યાગે બાધક ભૂયસ્ત્વં દુઃસંસર્ગાત્ તથાન્નતઃ।।૭।।**

**શબ્દાર્થ :** ત્યાગ કરવામાં દુષ્ટ માણસનો સંસર્ગ (સમ્બન્ધ) થવાથી તથા અન્ન (દોષ)થી બાધકપણું છે.

**વિવેચન :** ત્યાગનું સ્વરૂપ ઉપર બતાવ્યું છે તેને જાણ્યા વગર ગૃહાદિકનો જે ત્યાગ કરે છે તેને ભક્તિની વૃદ્ધિના સાધનોમાં બાધક ઘણું હોવાથી ફલ સિદ્ધ થતું નથી. અને પ્રથમ જે ત્યાગ ઉપર કહેલ છે તેમાં તો વ્યસનપર્યન્ત પહોંચેલો હોવાથી, જેનો

નાશ થતો નથી તેવું ભક્તિનું બીજ દૃઢ થયેલું હોવાથી, તેનું બાધક કોઈ થતું નથી એમ ઉપર જણાવેલ છે તે ઉપરથી એમ સમજવાનું છે કે ઉપર જે ત્યાગ કહેલ છે તેમાં તો બાધ થવાનો સમ્ભવ જ નથી. પણ તેવા ત્યાગનું સ્વરૂપ જાણ્યા વગર (વ્યસનપર્યન્ત પહોચેલો ન હોય અને) સાધારણ ભક્ત ત્યાગ કરી ભક્તિની વૃદ્ધિ સિદ્ધ કરવાની ઈચ્છા કરે તેને બાધક ઘણું હોવાથી ફલ સિદ્ધ થતું નથી.

બાધક બતાવે છેઃ લૌકિક આસક્તિવાળાનો સઙ્ગ થાય તે પોતાના ભાવનો બાધક છે. તેમ તેને શ્રીભગવાન્‌માં વ્યસન થયેલું નહિ હોવાથી લૌકિકાસક્તનો સઙ્ગ ભગવદ્‌ભાવમાં આડો આવવાથી તેણે ત્યાગ કરેલ નથી તેથી શરીર નિર્વાહમાટે જ્યાં-ત્યાં અન્ન ભક્ષણ કરવું જોઈએ તે ભગવત્સમર્પિત અન્ન સર્વત્ર મળે નહિ અને અસમર્પિત અન્ન ખાવું પડે તે અસમર્પિત અન્ન દોષવાળું હોવાથી તે અન્ન ખાવાથી પોતાની બુદ્ધિ નષ્ટ થઈને પોતામાં બહિર્મુખતા આવે. કાચી અવસ્થામાં ત્યાગ કરનારને ઇન્દ્રિયોનો નિગ્રહ થયેલ ન હોય તેથી બીજા પણ અનેક દોષો થવાનો સમ્ભવ છે જ. તો પણ દુઃસઙ્ગ અને અન્નદોષ એ બહુ પ્રબલ દોષ હોવાથી તે બન્ને દોષો જ અહીં ગણેલા છે.

અહીં શ્રીપુરુષોત્તમજી આગળના શ્લોકની ઉત્થાનિકામાં અભિપ્રાય જણાવે છે કે ભક્તિની વૃદ્ધિના સ્વરૂપ પર્યન્ત ભક્તિની વૃદ્ધિનો ઉપાય કહીને તેમાં પ્રતિબન્ધ થાય અને ત્યાગ કરવાનો અધિકાર ન હોય છતાં ત્યાગ કરે તો તેમાં બાધક ઘણું થાય તે કહે છેઃ તેવા અનધિકારી ત્યાગ કરે તો તેમાં કાલ અને અદષ્ટાદિકૃત દુષ્ટ સંસર્ગથી તથા પ્રાણનું પોષણ કરનાર અન્નાદિકથી ભક્તિની વૃદ્ધિ થવામાં બાધક ઘણું છે(૭).

હવે આગળના શ્લોકની ઉત્થાનિકા કરતાં શ્રીગોકુલનાથજી જણાવે છે કે અધિકાર વગરનાને ત્યાગ કરવામાં બાધક ઘણું છે એમ કહ્યું ત્યારે તેવા અધિકાર વગરનાને દોષ લાગે નહિ તેવી રીતે કાલ નિર્વાહ કેમ કરવો? એમ જાણવાની ઈચ્છા થાય ત્યાં કહે છેઃ

**અતઃ સ્થૈર્યં હરિસ્થાને તદીયૈઃ સહ તત્પરૈઃ।**
**અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દૂષ્યતિ।।૮।।**



**શબ્દાર્થ :** કેમકે હીન અધિકારીઓને ગૃહત્યાગ કરવામાં બાધક ઘણું છે માટે હરિસ્થાન (એટલે જ્યાં સેવાનો પ્રકાર સારી રીતે ચાલતો હોય તેવા વ્રજ, તિરુપતિ, જગન્નાથજી, પંઢરપુર, દ્વારકા જેવા ભગવત્સ્થાનમાં, ભગવાન્‌માં પરાયણ એવા ભગવદીયોની સાથે તેમનાથી બહુ દૂર નહિ અથવા બહુ પાસે નહીં, કે જેથી ચિત્તમાં તેમના વિષે દોષ આવે, તેવી રીતે રહેવું.

**વિવેચન :** ઉપર કહ્યા પ્રમાણે હીનાધિકારીઓ ગૃહત્યાગ કરીને બહાર રહેવાની ઈચ્છા કરે તો તેમાં બાધકપણું છે માટે દોષ લાગવાની સમ્ભવાના છે. તેથી દોષ લાગે નહિ તેવી રીતે કાલનો નિર્વાહ કરવામાટે પોતે ભક્તિમાર્ગીય હોવાથી વ્રજ, તિરુપતિ, જગન્નાથજી, પંઢરપુર, દ્વારકા જેવા સ્થાનો કે જ્યાં પ્રભુ બિરાજે છે ત્યાં રહેવું. ત્યાં રહેવાનો પ્રકાર કહે છે કે ભગવદીઓની સાથે રહેવું. તેમાં પણ જેઓ ભગવત્સેવા અને ભગવદ્‌ગુણ શ્રવણાદિકમાં પરાયણ હોય તેવા ભગવદીયોની સાથે રહેવું.

એવા પ્રકારે સ્થિતિ રહે નહિ તો તેમાં પણ દુઃસઙ્ગ થવાથી પ્રથમ જે પોતાની શ્રીભગવત્પરાયણ બુદ્ધિ થઈ હોય, તેનો પણ નાશ થવાનો સમ્ભવ છે તેથી પોતાના જીવનની જ વ્યર્થતા થાય. માટે ઉપર કહ્યા પ્રમાણે હરિસ્થાનમાં રહેવું એમ જણાવ્યું છે.

હવે ઉપર કહેલા પ્રકારે નિરન્તર સ્થિતિ રહી શકે નહિ ત્યારે ચિત્તમાં દોષ થવાનો સમ્ભવ રહે. માટે ચિત્તમાં દોષ ન થવા સારું બીજા પ્રકારે પણ સ્થિતિ કરવાનો પ્રકાર કહે છેઃ ''અદૂરે...''. એટલે ઉપર કહેલાં હરિસ્થાનથી થોડા અન્તરાયવાળા સ્થાનમાં અથવા 'વિપ્રકર્ષે' એટલે તે સ્થાનથી પણ કાંઈક દૂર સ્થાનમાં રહેવું. ત્યાં રહીને પણ ભગવદીઓની સાથે સઙ્ગ તો રાખવો જ જોઈએ. તેનું કારણ એ છે કે અત્યન્ત સમીપમાં રહે તો કોઈ વખતે અવજ્ઞા થવાનો સમ્ભવ રહે. તે વિષે કહ્યું છે કે

*''અતિપરિચયાદ્ અવજ્ઞા સતતગમનાદ્ અનાદરો ભવતિ।*
*મલયે ભિલ્લાપુરંઘ્રી ચન્દનતરુમ્ ઇન્ધનાનિ કુરુતે''*

અર્થ : અતિ પરિચય થવાથી અવજ્ઞા થાય છે. અને નિરન્તર જવાથી અનાદર થાય છે. (જુઓ) મલયાચલમાં રહેનાર ભીલડીઓ ચન્દનના વૃક્ષને પણ બાળવામાટે

વાપરતી હોય છે. તેવી રીતે ભગવદીયોની પાસે અત્યન્ત સમીપમાં રહેવાથી તેની મોટાઈ હીનાધિકારીના મગજમાં રહે નહિ તે સારું થોડે દૂર રહી તેમનો સઙ્ગ કરવો. પરન્તુ ભગવદીયોનો સઙ્ગ સર્વથા છોડવો નહિ.

એવી રીતે ત્રણ પ્રકારે સ્થિતિ કરવાનો પ્રકાર કહીને તેમાંથી નિકળેલો સાર કહે છે કે જેવી રીતે ચિત્ત દૂષિત થાય નહિ એવા ઉપર દર્શાવેલા પ્રકારે; અથવા તો પોતાના મનને ઇચ્છિત એવા પ્રકારથી રહે તો પણ ચિત્તમાં ભગવાન્થી બહિર્મુખ થવારૂપ દોષ આવે નહિ તેવી રીતે રહેવું. અર્થાત્ અન્તઃકરણમાં ભગવદીયો ઉપર દોષબુદ્ધિ આવે તો પણ ભગવદીયોનો સઙ્ગ છુટી જાય અને ભગવદીયોની આપણા ઉપર દોષદષ્ટિ થાય તો પણ તેઓનો સઙ્ગ છુટી જાય. ભગવદીયો ઉપર દોષબુદ્ધિ ન થાય અને જો તેમના ઉપર દઢભાવ રહે તો તેઓ ખરા ભગવદ્ ધર્મનો ઉપદેશ કરે એટલે ભગવાન્થી બહિર્મુખ થવાય નહિ. માટે તેઓથી બહિર્મુખ થવાય નહિ તેવી રીતે રહેવું(૮).

અહીં શ્રીપુરુષોત્તમજી એવો અભિપ્રાય કહે છે કે ઉપર પ્રમાણે ભક્તિની વૃદ્ધિ પર્યન્ત ઉપાય કહીને તેમાં પ્રતિબન્ધ થાય અથવા તો તેમાં અધિકાર ન હોય તો તેના અનુકલ્પરૂપ (તેના બદલામાં) બીજો ઉપાય કહે છેઃ અનધિકારીને જે ત્યાગ કરવાનો છે તેમાં કાલાદિકૃત દુષ્ટ સંસર્ગથી તથા પ્રાણપોષક અન્નાદિકથી બાધક ઘણું છે માટે હરિસ્થાનમાં રહેવું. શ્રીકૃષ્ણ ભગવાને પણ ''મન્નિકેતન્તુનિર્ગુણમ્'' (મારું સ્થાન તો નિર્ગુણ છે) એમ એકાદશસ્કન્ધમાં ઉદ્ધવજીને કહેલ છે તેથી હરિસ્થાનમાં દેશદોષનો અભાવ હોવાથી તેમાં રહેવું.

હરિસ્થાનમાં કેવી રીતે રહેવું તે કહે છેઃ ત્યાં પણ હરિમાં પરાયણ ભગવદીયોની સાથે રહેવું. એટલે ભગવદીયો જેમ અનન્યતાથી સેવા કરતા હોય તેમ પોતે પણ અનન્યતાથી સેવા કરે એમ સૂચવ્યું છે. તેથી અતિ સાવધાન, પરસ્પર સ્નેહયુક્ત અને લૌકિકદષ્ટિ જેઓની નથી એવા ભગવત્સેવકોના પરાયણ થઈને રહેવું. તેવી રીતે રહેવાથી દુષ્ટ સંસર્ગ થાય નહિ અને (તેઓ પાસેથી મળેલ) પ્રસાદાદિકથી અથવા તો પરોપકારી વૃક્ષ તુલ્ય સ્વભાવવાળા વૈષ્ણવાદિક પાસેથી ભિક્ષાથી (મળેલાં અન્નવડે) દેહનો નિર્વાહ થવાથી અન્નદોષ પણ લાગે નહિ એટલે ભક્તિની વૃદ્ધિ



થાય. શ્રીભાગવતના દશમસ્કન્ધમાં નલકૂબર અને મણિગ્રીવ ના પ્રસઙ્ગમાં વૈરાગ્યાદિકથી જે ત્યાગનો નિર્ણય કરેલો છે તેનો પ્રકાર કહેલ છે એમ પણ જણાવેલ છે. તેવી રીતે પણ થઈ શકે નહિ તો તેના અનુકલ્પરૂપ બીજો ઉપાય કહે છેઃ અથવા તેવી રીતે સ્થિતિ રાખવામાં પ્રકાર કહે છે કે ભગવન્મન્દિર અને ભગવદીય થી અદૂર(નજીક) અથવા તો દૂર રહીને જેવી રીતે સેવા કરવાથી પોતાને સેવામાં અભિમાન થાય નહિ અને ભગવદીયોમાં નિકૃષ્ટબુદ્ધિ, વિરુદ્ધબુદ્ધિ, દોષદષ્ટિ અથવા તો ક્ષોભાદિકથી ચિત્ત દૂષિત થાય નહિ તેવી રીતે રહેવું(૮).

હવે આગળના શ્લોકની ઉત્થાનિકા કરતાં શ્રીગોકુલનાથજી જણાવે છે કે ઉપર પ્રથમ ભક્તિની વૃદ્ધિનો પ્રકાર તથા ભક્તિની વૃદ્ધિની પરમકાષ્ઠા કહીને તેનાથી સિદ્ધ થનાર ફલ કહ્યું. ત્યાર પછી ભક્તિની વૃદ્ધિના સાધનનો પ્રકાર જાણ્યાવગર ''ગૃહનો ત્યાગ કરીને હું ભક્તિની વૃદ્ધિ સિદ્ધ કરીશ'' એવો વિચાર કરી ત્યાગ કરવામાં જે પ્રવૃત્ત થયો હોય તેને બાધની સમ્ભાવના જો થાય તો તેનું નિરાકરણ કરીને ફલની સિદ્ધિ થવામાટે તેવા અનાધિકારીને સ્થિતિનો પ્રકાર કહીને હવે આ શ્લોકમાં શુદ્ધ પુષ્ટિમાર્ગીય ભકત જે બે સ્વધર્મમાં આસકત હોય તેને પુષ્ટિમાર્ગીય ફલની સિદ્ધિ થાય છે એમ બતાવવામાટે કહે છેઃ

**સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્ દઢા ભવેત્।**
**યાવજ્જીવં તસ્ય નાશો ન ક્વાપીતિ મતિર્મમ।।**

**શબ્દાર્થ :** જે ભકતની સેવા અને કથા માં અથવા તો કેવળ કથામાં જીવન પર્યન્ત દઢ આસક્તિ થાય તેનો ક્યાંયે પણ નાશ (ખરાબી) ન થાય એવી મારી માન્યતા છે.

**વિવેચન :** શુદ્ધ પુષ્ટિમાર્ગીય શ્રીઆચાર્યજીએ પ્રકટ કરેલા પ્રકારથી સેવા કરવામાં અને સેવાના અવકાશમાં પુષ્ટિમાર્ગીય ભગવલ્લીલાની કથામાં જેને આસક્તિ થાય એટલે ચિત્તના વ્યાસઙ્ગપૂર્વક જેનો દઢ આગ્રહ જીવન પર્યન્ત બંધાય તો તેનો કોઈ દેશમાં કે કોઈ કાલમાં નાશ ન થાય. અર્થાત્ તેના ભાવનો નાશ થાય નહિ. તે ભાવ તેને ફલ સિદ્ધ કરનારો થાય છે. ''સેવાયાં વા'' અને ''કથાયાં વા'' એમ વિકલ્પથી બન્ને કહેલ છે, માટે ભગવદિચ્છાથી કોઈને સેવામાં જ દઢ આસક્તિ થાય છે અને

કોઈને તો તેમની લીલાના શ્રવણ-કીર્તનમાં જ દઢ આસક્તિ થાય છે. પરન્તુ તે આસક્તિ જીવન પર્યન્ત રહેવી જોઈએ, થોડો કાલ પુરતી ન હોવી જોઈએ. ભગવદિચ્છાથી જે સેવામાં આસક્ત હોય અથવા તો કથામાં આસક્ત હોય તેનો ક્યારે પણ નાશ થતો નથી. એટલે પુષ્ટિમાર્ગીય ફલની પ્રાપ્તિ થવામાં અન્તરાય થતો નથી એવી મારી માન્યતા છે. અહીં શ્રીઆચાર્યચરણોએ પોતાની મતિ કહેવાથી ફલનો વિલમ્બ નહિ થવામાં કારણપણું જણાવીને ફલની પ્રાપ્તિ થવામાં નિઃસન્દિગ્ધપણું પણ દર્શાવ્યું છે(૯).

અહીં શ્રીપુરુષોત્તમજી ઉત્થાનિકાથી આરમ્ભી એવો અભિપ્રાય જણાવે છે કે જો કાળ કે અદષ્ટાદિક દોષથી તેવા ભગવદીયોનો સઙ્ગ થાય નહિ તો તેના અનુકલ્પરૂપે બીજો પ્રકાર કહે છેઃ તેવા ભગવદીયોનો સઙ્ગ ન હોય તો પણ જો નજીકમાં અથવા તો થોડે દૂર સેવામાં દઢ આસક્તિ થાય, જે બીજા મશ્કરી કરે અથવા તો તિરસ્કારાદિક કરે તો પણ આસક્તિ ન્યૂન ન થાય; તે જ રીતે કથા શ્રવણમાં કે કીર્તનમાં દઢ આસક્તિ થાય તે પણ 'યાવજ્જીવન' અટલે જ્યાં સુધી સામર્થ્ય હોય ત્યાં સુધી રહે, થોડોક વખત ન રહે, તો તે સેવા કરનાર કે શ્રવણ-કીર્તન કરનાર નો આ લોકમાં યથાધિકાર સ્વરૂપમાં કે સાધનમાં પરાયણ રહેવારૂપ સ્થિતિમાંથી નાશ થાય નહિ. અને પરલોકમાં પણ અધિકાર પ્રમાણે ફલમાં પ્રતિબન્ધ થાય નહિ. દઢ કથાસક્તિનો પ્રકાર શ્રીભાગવતના દશમસ્કન્ધમાં પ્રક્ષિપ્ત અધ્યાયના ત્રીજા અધ્યાયમાં બ્રહ્માજીની સ્તુતિમાં શ્રીઆચાર્યચરણે નિર્ણય કરેલ છે કે

*જ્ઞાને પ્રયાસમુદપાસ્ય નમન્ત એવ*
*જીવન્તિ સન્મુખરિતાં ભગવદીયવાર્તામ્,*
*સ્થાને સ્થિતાઃ શ્રુતિગતાં તનુવાઙ્મનોભિર્*
*યે પ્રાયશોઽજિતજિતોપ્યસિ તૈસ્ત્રિલોક્યાત્*

અર્થ : જે ભક્તો જ્ઞાનમાં મહેનત કરવાનું છોડી દઈને પોતાના સ્થાનમાં રહેલા સત્પુરુષોએ ઉચ્ચારેલી (એટલે મહેનત વગર) કાનમાં આવેલી કાયા, વાણી અને મન થી આપ શ્રીકૃષ્ણની વાર્તાને નમન કરતા જ જીવે છે તેઓથી, જો કે આપ ત્રિલોકીમાં અજીત છો તો પણ, ઘણું કરીને જીતાયેલા છો એમ બ્રહ્માજીએ કહેલ છે.

આની સુબોધિનીમાં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે સર્વ જીવોને



પુરુષાર્થની સિદ્ધિમાટે શાસ્ત્રાદિકમાં પ્રસિદ્ધ અને સુગમ આ એક માર્ગ છે. આમાં પ્રથમ પોતાના સ્થાનમાં રહેલાઓને જીવિકામાટે જે કાર્ય કરવાનું છે તે સ્વતઃ સિદ્ધ થયા કરે છે. અને સત્પુરુષો ભગવાનની આજ્ઞાથી સર્વત્ર પરિભ્રમણ કર્યા કરે છે. તેઓનું એ જ કાર્ય છે. ભગવદ્ગુણગાનમાં તે સત્પુરુષો મુખર જ હોય છે. તેમાં પણ કથામાં જાણીને કહેવું એવો કાંઈ નિયમ નથી. ભગવદીયો બસ એટલું જ વિચારે છે કે વાર્તા ભગવત્ સમ્બન્ધવાળી હોવી જોઈએ પછી તે યુક્તિવાળી હોય કે યુક્તિ વગરની હોય તે કાંઈ વિચારતા જ નથી. તેથી તેઓ ભગવત્ કથામાં મુખર હોય છે. તેમાં પણ અનાયાસ કથા કાયા, વાણી અને મન વડે નમન કરવા યોગ્ય છે એટલે તે કથાને અનુસરનારાં પોતાનાં કાયા, વાણી અને મન રાખવાં, તેમાં વિરોધ કરવો નહિ, એટલું જ કૃત્ય માત્ર જેમાં સાધન છે એવું જીવન જ રહે; બાકી કર્મ કરવા વગેરેની પણ કાંઈ જરૂર ન રહે. (એ એક સુગમ માર્ગ છે). અહીં ઘણું કરીને "આપ જીતાયેલા છો" એમ કહીને તેવી રીતની કથામાં આસક્તિ સિવાય બીજો ભાવ કરે નહિ એમ જણાવે છે. કાલાદિક હોવાથી અથવા બીજો ભાવ થાય નહિ તે તેઓનું જીવન સફલ થાય. આગળ ઉત્પન્ન થનારા જીવોનો નિસ્તાર આ પ્રકારે જ થવાનો છે. વળી સેવામાં દઢ આસક્તિનો પ્રકાર પણ ત્યાં જ નીચેના શ્લોકમાં દર્શાવ્યો છે.

*"પુરેહ ભૂમન્ બહવોઽપિ યોગિનઃ ત્વદર્પિતેહા નિજકર્મલબ્ધયા,*
*વિબુધ્ય ભક્ત્યૈવ કથોપનીતયા પ્રપેદિરેઞ્જોઽચ્યુત તે ગતિં પરામ્"*

અર્થ : હે વ્યાપક! પૂર્વે અહીં ઘણા યોગીઓ પણ આપને અર્પણ કરેલ પોતાની સર્વ ચેષ્ટારૂપ પોતાના કર્મથી પ્રાપ્ત થયેલી કથાથી સમીપમાં લાવેલી ભક્તિએ કરીને આપની પરાગતિને જાણી, વગર મહેનતે આપની ગતિને પ્રાપ્ત થયા છે.

આ શ્લોકના શ્રીસુબોધિનીજીમાં શ્રીઆચાર્યચરણ એવો અભિપ્રાય જણાવે છે કે વ્યાપક! પૂર્વે વિદ્યમાન એવા આ માર્ગમાં પણ ઘણું કરીને યોગીઓ યોગે કરીને જેઓએ ભક્તિનું સામર્થ્ય સ્થિર કરેલું છે એવા અને તેથી જ આપમાં જેઓએ સર્વ ચેષ્ટાઓ અર્પેલી છે. એ જ સમર્પણ લક્ષણ કર્મે કરીને અથવા તો આપની સેવારૂપ કર્મે કરીને પ્રાપ્ત થયેલી ભક્તિવડે જ આપની ગતિનું સ્વરૂપ જાણીને અચ્યુત! (કોઈ પ્રકારે પોતાના સ્વરૂપમાંથી ખસતા નથી. એવા શ્રીકૃષ્ણ!) આપ જે માર્ગે પધારો છો તે આપની ગતિને પ્રાપ્ત થયા છે પછી તેમની પાછળ ચાલનારાઓને કોઈ પ્રકારની

ચિન્તા રહેતી નથી. એટલે વગર મહેનતે જ પરા એટલે લોકાતીત એવી ગતિને પ્રાપ્ત થયા છે. માટે આત્મજ્ઞાન કરતાં પણ આ માર્ગ જ ઉત્તમ છે. આ અભિપ્રાયમાં બીજાઓની સમ્મતિ નથી પણ શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે એવી મારી મતિ છે.

શ્રીગોકુલનાથજીઃ ગયા શ્લોકમાં જેઓ સેવામાં આસક્ત હોય અથવા તો કથામાં આસક્ત હોય એ બન્ને ભક્તોને શું ફલ થાય છે એ વિષે કહીને, વખતે કોઈ ભક્ત બીજા કોઈ ભક્તને સેવા કે કથા માં આસક્ત જોઈને પોતે પણ, ભગવત્ સમ્બન્ધી કાંઈ પણ નાજુક લાગણી નહિ ધરાવતાં છતાં, ફક્ત ઉત્સાહથી દેખાદેખી સેવા કરવાની ઈચ્છા ધરાવે તો શું તેનો બાધ સમ્ભવે છે? એવી શઙ્કા થાય તો બાધનું સ્વરૂપ અને તેને અટકાવવાનો પ્રકાર કહે છેઃ

**બાધ સમ્ભાવનાયાન્તુ નૈકાન્તે વાસ ઈશ્યતે।**
**હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ।।૧૦।।**

**શબ્દાર્થ :** બાધની સમ્ભાવના હોય તો એકાન્તમાં વાસ ઈચ્છનીય નથી. ભગવાન્ તો ચોતરફ રક્ષા કરશે જ એમાં સંશય નથી.

**વિવેચન :** કોઈ પણ જાતની માનસિક ફિકરથી અથવા તો સાંસારિક ભોગમાં આસક્તિને લીધે જો બાધનો સમ્ભવ જણાતો હોય અને તેને લીધે પોતે પોતાને સેવા કરવામાં અશક્ત જુએ અને તેથી ''મારાથી સેવા બની શકતી નથી'' એમ પોતાનું મન દુભાતું જોઈને ''મારે ઘરનો ત્યાગ કરીને એકાન્તમાં ભગવાન્‌ના નામ સ્મરણ વગેરે કરવાં જોઈએ'' એવા વિચારથી જો એકાન્તમાં રહેવા ઈચ્છે તો તેવાને એકાન્ત વાસ કરવો યોગ્ય નથી. જે એકાન્ત સ્થિતિમાં સેવાનો બુદ્ધિપૂર્વક ત્યાગ કરવામાં આવે તેવી એકાન્ત સ્થિતિની મના કરે છે કે ''નૈકાન્તે વાસ ઈષ્યતે''. એટલે સેવા છોડીને તેને એકાન્તવાસ ઈષ્ટ નથી. મતલબ કે સેવા કરવાની વાત જ અમોને ઈષ્ટ છે.

પણ કોઈ જાતની માનસિક ફિકરથી આપણને કાંઈ અડચણ આવે તો સેવા શી રીતે શક્ય બની શકે? એવો સવાલ ઉભો થાય ત્યાં તેનું સમાધાન આપે



છે કે ''હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ''. જો માનસિક ફિકર વગેરેને પણ સહન કરીને સેવામાં જ તત્પર થાય તો ભગવાન્ પોતાના ભક્તનો સેવાનો આગ્રહ જોઈને તેના સઘળાં દુઃખોને નાશ કરવાની પોતાની શક્તિને જાહેરમાં મૂકી, સેવાની વિદ્યાથી માનસિક ફિકર વગેરેને દૂર કરી, સેવાની સમ્પત્તિને જ પૂરી પાડે છે એમ જણાવવામાટે કહે છે કે ''હરિસ્તુ સર્વતો રક્ષામ્''. આ શ્લોકમાં ''ન સંશયઃ'' એમ કહ્યું છે તેથી એમ બતાવવા માંગે છે કે આ વિષયની સત્યતા સામે કોઈ પણ શક લાવે તો ભગવાન્ પણ તેનું રક્ષણ કરતા નથી. માટે જ ગીતાજીમાં પણ ભગવાને કહ્યું છે કે ''સંશયાત્મા વિનશ્યતિ'' (સઙ્ગીન વિષય સામે શઙ્કાશીલ નજરે જોનારો માણસ નાશ પામે છે). માટે આ વિષયમાં સન્દેહ રહિત થઈને ''ભગવાન્ રક્ષા કરશે જ'' એવી બુદ્ધિથી જો તેમની સેવા કરે તો ભગવાન્ પણ તેની રક્ષા કરે છે જ એ સમજાવવામાટે ''ન સંશયઃ'' એમ કહ્યું છે. આ રસ્તા સિવાય બીજા કોઈ પણ રસ્તાથી આપણને રક્ષણ મળતું નથી એમ બતાવવામાટે શ્લોકમાં 'તુ' શબ્દ મૂક્યો છે. સેવાપરાયણની માફક કથાપરાયણને પણ જો બાધની સમ્ભાવના હોય તો પહેલાં કહેવામાં આવેલી વ્યવસ્થા જ ધ્યાનમાં રાખવી જોઈએ.

શ્રીપુરુષોત્તમજીઃ જો બીજભાવની દઢતા થઈ હોય અથવા તો ન થઈ હોય તો પણ પહેલાં કહેવામાં આવેલ બીજભાવને દઢ કરનારાં સાધનો મેળવવામાં કાળ અથવા તો અદષ્ટ વગેરે આડાં આવતાં હોય અને તેને લીધે સાધનો કરવામાં વખતે જો અશક્તિ થાય ત્યાં બીજો ઉપાય કહે છેઃ ''બાધસમ્ભાવનાયાન્તુ...''.

મુખ્ય કલ્પ તો ભગવાન્‌ની કૃપાથી જ સિદ્ધ થાય છે માટે તેમાં તો બાધની સમ્ભાવના જ નથી કારણ કે ''તદા ભવેદ્ દયાલુત્વમ્'' એમ નિરોધ લક્ષણમાં ઠરાવવામાં આવ્યું છે. અને ભગવાન્‌ની દયા ન હોય તો તેમાં પ્રતિબન્ધનો સમ્ભવ છે. અને વળી ''ત્યાગે બાધક ભૂયસ્ત્વમ્'' વગેરે શ્લોકથી કહેલ, હવે કરવામાં આવનાર અથવા તો હમણાં કરવામાં આવતા, ત્યાગમાં જો કોઈ બાધક આવે તો તેનો નાશ કરવામાં કઈ ભાવના કરવી? આ સવાલ ઉંચા દરજ્જાનો છે. આવા વિચિત્ર સંયોગમાં એકાન્તમાં રહી ભગવાન્‌ના સ્થાન વગેરેમાં રહેવાનું ઈષ્ટ નથી. પણ ઘરમાં અથવા તો ગમે તે બીજે સ્થળે રહીને ભગવાન્‌ની જ શરણભાવના કરવી. ''હરામ્યઘં યત્ સ્મર્તૃણામ્'' (મારું સ્મરણ કરનારાઓના પાપને ધોઈ નાખું છું) એ મહાભારતના વાક્યથી તથા ''સર્વધર્માન્ પરિત્યજ્ય'' (સઘળા ધર્મોને છોડી તું મારી

શરણે આવ) એ શ્રીભગવદ્ગીતામાં ભગવાન્‌ના વાક્યથી પણ ભગવાન્ જ ચોતરફ રક્ષા કરશે. આ અમારી માન્યતામાં મજબૂત વિશ્વાસ રાખવો, નહિ કે સંશયવાળો વિશ્વાસ, એમ જણાવવામાટે શ્લોકમાં 'તુ' શબ્દ મૂકવામાં આવ્યો છે.

''ન સંશયઃ'' ભગવાન્ રક્ષા કરશે જ એમાં સંશય નથી. આ વિષયનું અવલોકન કરતાં પહેલાં કહેવામાં આવેલી પદ્ધતિ પ્રમાણે ભક્તિમાર્ગમાં પ્રવૃત્તિ કરવી જોઈએ એ વાત સિદ્ધ થાય છે. અને તેમાં જો બાધ આવે તો અનુકલ્પને અનુસરવું. તેમાં પણ જો બાધ આવે તો અનુકલ્પનો પણ અનુકલ્પ કરવો. અને તેમાં પણ જો બાધ આવે તો ભગવાન્‌ની શરણે જવું કે જે સઘળાઓના અનુકલ્પરૂપ કહેવાય છે. અનુકલ્પમાં પણ પહેલાં જ સેવા વગેરેનો ત્યાગ કરીને પ્રવર્તવું નહિ. કારણ કે ભગવાન્‌ની ઈચ્છા સમજવાને આપણે અશક્ત છીએ.

શ્રીગોકુલનાથજીઃ એ પ્રમાણે પોતાના માર્ગની ભક્તિને વધારવાનો પ્રકાર કહીને હવે તે વિષયનો નીચેના શ્લોકથી ઉપસંહાર કરે છે.

**ઈત્યેવં ભગવચ્છાસ્ત્રં ગૂઢતત્ત્વં નિરૂપિતમ્।**
**ય એતત્ સમધીયીત તસ્યાપિ સ્યાદ્ દઢા રતિઃ।।૧૧।।**

**શબ્દાર્થ :** એ પ્રમાણે ગૂઢ તત્ત્વવાળું ભગવાન્‌નું શાસ્ત્ર નિરૂપણ કર્યું, જે આ શાસ્ત્રને જાણે છે તેને પણ ભગવાન્‌માં દૃઢ રતિ થાય છે.

**વિવેચન :** 'ઈતિ' શબ્દ સમાપ્તિમાં છે. એ પ્રમાણે ભગવાન્ શ્રીપુરુષોત્તમની ભક્તિને વધારવાની શિખામણ આપનારું આ શાસ્ત્ર છે એમ સિદ્ધ કર્યું. હવે શાસ્ત્રના સ્વરૂપને બતાવે છે? 'ગૂઢતત્ત્વમ્' અત્યન્ત છાના તત્ત્વવાળું એટલે વાણીથી કહી શકાય નહિ એવું, મતલબ કે કેવળ અનુભવથી જાણવા યોગ્ય સ્વરૂપવાળું નિરૂપણ કર્યુ છે.

એ પ્રમાણે શાસ્ત્રનું સ્વરૂપ નિરૂપિત કરીને આ શાસ્ત્રના અધ્યયન કરનારને પણ જેમ આ માર્ગનું ફળ સિદ્ધ થાય તેવા પ્રકારના અધ્યયનનું સ્વરૂપ કહે છેઃ ''ય એતત્...''. અહીં 'યઃ' એમ મોઘમ કહ્યું છે, તેથી એમ જણાય છે કે આ શાસ્ત્રના અધ્યયનમાં વર્ણાશ્રમાદિ નિયમ આડે આવતો નથી. એટલે ગમે તે માણસ આ



શાસ્ત્રનું અધ્યયન કરી શકે એમ છે. અહીં 'અધીયીત'ની આગળ જે 'સમ્' ઉપસર્ગ મૂક્યો છે તે એમ જણાવે છે કે અધ્યયનમાં કેવળ પાઠમાત્ર ન જોઈએ પણ દરેક શબ્દનો અર્થ અને તેના અભિપ્રાયના વિચાર પૂર્વક અધ્યયન કરવું જોઈએ. એ પ્રમાણે વિચાર પૂર્વક અધ્યયન કરવાથી આ ગ્રન્થે પ્રતિપાદન કરવા ધારેલ વિષયનું નિરન્તર અનુસન્ધાન રહે છે અને તેથી અન્તઃકરણના દોષો મટીને તે માર્ગના સ્વરૂપનું હૃદયમાં સ્ફુરણ થાય છે કે જે માર્ગની નેમ ભક્તોને શ્રીપુરુષોત્તમ ભગવાન્‌ના સ્વરૂપમાં પહોંચાડવા તરફની છે. આનું અધ્યન કરનારને પણ પ્રભુમાં અત્યન્ત નિશ્ચલ રતિ થાય છે. મતબલ કે રસના અનુભવ યુક્ત સ્નેહ થાય છે.

આ સ્થળે શ્રીપુરુષોત્તમજી એવો અભિપ્રાય ધરાવે છે કે એ પ્રમાણે ભક્તિને વધારવાનો સઘળો ઉપાય નિરૂપિત કરીને તેનો ઉપસંહાર કરતાં હવે તેના વિચારનું ફલ કહે છે : 'ઈતિ' શબ્દ સમાપ્તિમાં છે એ પ્રમાણે પહેલાં કહેવામાં આવેલ પ્રકારથી 'ભગવચ્છાસ્ત્રમ્' એટલે જે શાસ્ત્રનો ઉપદેશ શ્રીગીતાજીમાં, શ્રીભાગવતના એકાદશસ્કન્ધમાં તથા બીજે સ્થળે પણ કરવામાં આવ્યો છે એવું ભગવાન્‌નું શાસ્ત્ર, જો કે તે છાનું છે તો પણ, મેં પ્રકટ કર્યું છે. આ શ્લોકમાં 'અધીયીત' એમ ટૂંકું લખવું જોઈએ તે છતાં 'સમધીયીત' એમ લખ્યું છે તે એમ જણાવે છે કે તેનો વિચાર કરનારને પણ પ્રેમરૂપ રતિ મજબૂત થાય છે. અને તે રતિ મજબૂત થવાથી સંસારમાં થતા રાગનો નાશ થાય છે. અને તે સિવાયની પણ આપણને પડતી ખોટો ભગવાન્ પૂરી પાડશે જ. કારણ કે ''ન હ્યંગોપક્રમે ધ્વંસઃ'' એવું ભગવાન્‌નું વાક્ય છે. એટલે ટુંકામાં છેવટે એ સમજવાનું છે કે વખતો વખત આ શાસ્ત્રનો વિચાર કરવો જ જોઈએ.